## :: અનુક્રમણિકા ::


| ક્રમ | વર્ષ | અંક | વિષય | પે.નં. |
|---|---|---|---|---|
| ૧. | ૧૫ | ૨૦ | આત્માનું ક્રમિક ઉત્થાન કેવી રીતે ? | ૧ |
| ૨. | ૧૫ | ૨૧ | સંસારનું સ્વરૂપ | ૧૬ |
| ૩. | ૧૫ | ૨૨ | તથાભવ્યત્વ પકવવાના સાધનો | ૨૨ |
| ૪. | ૧૫ | ૨૨ | અરિહંત શરણ | ૨૮ |
| ૫. | ૧૫ | ૨૩ | સિદ્ધ શરણ | ૩૨ |
| ૬. | ૧૫ | ૨૩ | સાધુ શરણ | ૩૬ |
| ૭. | ૧૫ | ૨૪ | સર્વજ્ઞકથિત ધર્મનું શરણ | ૩૯ |
| ૮. | ૧૧ | ૩૪ | નમસ્કાર એટલે ! ધર્મ પ્રવૃત્તિના ચાર અંગ | ૪૩ |
| ૯. | ૧૧ | ૩૪ | ધર્મની આરાધનામાં જરૂરી ચાર તકેદારી | ૪૬ |
| ૧૦. | ૧૧ | ૩૪ | ધર્મની આરાધના અંગે બીજો મુદ્દો | ૪૯ |
| ૧૧. | ૧૧ | ૩૬ | આરાધનાની અનુમોદનાનું ફળ | ૫૧ |
| ૧૨. | ૧૧ | ૩૬ | આરાધનાને આત્મશુદ્ધિ સાથે સંબંધ | ૫૩ |
| ૧૩. | ૧૧ | ૩૭ | "ધાર્મિક પ્રવૃત્તિના ઊંડા સંસ્કાર કેમ પડે" | ૫૯ |
| ૧૪. | ૧૧ | ૩૭ | પાપની ઘૃણાના ઉપાય | ૬૨ |
| ૧૫. | ૧૧ | ૩૭ | ચિત્ત સ્થિર કરવાના ઉપાય | ૬૨ |
| ૧૬. | ૧૧ | ૩૭ | મુક્તિનો રાગ હોય એટલે શાનો રાગ ? | ૬૮ |
| ૧૭. | ૧૧ | ૩૮ | મુક્તિના રાગની પરીક્ષા | ૭૧ |
| ૧૮. | ૧૧ | ૩૮ | "પ્રીત કરતાં સોહિલી"નું રહસ્ય | ૭૪ |
| ૧૯. | ૧૧ | ૩૮ | મોક્ષરાગ ટકાવવો કેમ કઠિન ? | ૭૫ |
| ૨૦. | ૧૧ | ૩૮ | પાલકની ઘાણીમાં બાળમુનિ | ૭૭ |
| ૨૧. | ૧૧ | ૩૯ | નમસ્કારનું મહાત્મ્ય | ૭૯ |
| ૨૨. | ૧૧ | ૩૯ | માનવ સંબંધીઓ કેવા હોય ? | ૮૩ |
| ૨૩. | ૧૧ | ૩૯ | સમ્યગ્દૃષ્ટિની કુનેહ | ૮૭ |
| ૨૪. | ૧૧ | ૩૯ | જગતના રાહથી જૈનોનો રાહ જુદો છે | ૯૨ |
| ૨૫. | ૧૧ | ૪૧ | કર્મની વિચિત્ર વિટંબણા | ૯૯ |
| ૨૬. | ૧૧ | ૪૧ | ક્ષમાની ભાવનામાં શું શું આવે ? | ૧૦૧ |
| ૨૭. | ૧૧ | ૪૨ | ભીલડીનું દૃષ્ટાન્ત | ૧૦૯ |
| ૨૮. | ૧૧ | ૪૨ | જીવનનાં તુચ્છ રોદણાં | ૧૧૨ |
| ૨૯. | ૧૧ | ૪૨ | ક્રિયામાં ભાવનું ભારે મહત્ત્વ | ૧૧૪ |
| ૩૦. | ૧૧ | ૪૩ | ક્રિયાને અનુરૂપ શુભ ભાવ | ૧૧૫ |
| ૩૧. | ૧૧ | ૪૩ | શુભ ભાવ કેમ જળવાય ? | ૧૧૮ |
| ૩૨. | ૧૧ | ૪૩ | 'સત્' એટલે ? | ૧૧૮ |
| ૩૩. | ૧૧ | ૪૩ | રાગનો તાપ કેમ નથી લાગતો ? | ૧૨૪ |
| ૩૪. | ૧૧ | ૪૬ | મીઠા વિષય કડવા શાથી ? | ૧૨૫ |
| ૩૫. | ૧૧ | ૪૬ | બહિર્આત્મા તથા અંતરઆત્માની સહેલી વ્યાખ્યા | ૧૩૨ |
| ૩૬. | ૧૧ | ૪૬ | પુણ્યે દીધી સગવડનો ઉપયોગ | ૧૩૪ |
| ૩૭. | ૧૧ | ૪૭/૪૮ | દાનવીર જગડુશા | ૧૩૯ |
| ૩૮. | ૧૧ | ૪૭/૪૮ | ઉદારતાની ૩ ચાવી | ૧૪૩ |
| ૩૯. | ૧૧ | ૪૭/૪૮ | જૈનનું હૃદય | ૧૪૭ |
| ૪૦. | ૧૧ | ૪૭/૪૮ | અર્જુનનો વૈરાગ્ય | ૧૪૯ |
| ૪૧. | ૧૧ | ૪૭/૪૮ | પાપની કાયરતા શી ખોટી ? | ૧૫૧ |
| ૪૨. | ૧૧ | ૪૭/૪૮ | અંગત વિરોધની લડાઈ અનુચિત | ૧૫૬ |
| ૪૩. | ૧૨ | ૧ | **શ્રી પંચસૂત્રની પાંચ વસ્તુઓ** | ૧૫૭ |
| ૪૪. | ૧૨ | ૧ | ભાવધર્મના પાયામાં ભવવૈરાગ્ય | ૧૬૧ |
| ૪૫. | ૧૨ | ૧ | શ્રીકાન્તશેઠનું દૃષ્ટાંત | ૧૬૨ |
| ૪૬. | ૧૨ | ૨ | વિષયો પરાયા કરવા શું કરવું ? | ૧૭૦ |
| ૪૭. | ૧૨ | ૨ | ધર્માત્માને ઠગવામાં મહાપાપ | ૧૭૨ |
| ૪૮. | ૧૨ | ૨ | માયાવી-વૃત્તિ ખતરનાક | ૧૭૩ |
| ૪૯. | ૧૨ | ૩ | ધર્મી હૃદયની મુખ્ય વિશેષતા | ૧૭૫ |
| ૫૦. | ૧૨ | ૩ | પાપ સાથે સગાઈ | ૧૭૯ |
| ૫૧. | ૧૨ | ૪ | શ્રાવકનો ભવ્ય ઉપદેશ | ૧૮૩ |
| ૫૨. | ૧૨ | ૪ | ચોરીના રસનાં દારુણ પરિણામ | ૧૮૪ |
| ૫૩. | ૧૨ | ૫ | ભવાભિનંદીપણાનો પહેલો દોષ **ક્ષુદ્રતા** | ૧૮૯ |
| ૫૪. | ૧૨ | ૫ | નિર્નામિકા અને લલિતાંગ દેવ | ૧૯૫ |
| ૫૫. | ૧૨ | ૬ | ચોરી બંધ કેમ ? | ૧૯૯ |
| ૫૬. | ૧૨ | ૬ | મીઠાઈ ત્યાગવા માટે વિચારવાના ૯ મુદ્દા | ૨૦૧ |
| ૫૭. | ૧૨ | ૭ | શ્રીકાન્ત ચોરી કરવા જાય છે | ૨૦૮ |
| ૫૮. | ૧૨ | ૮ | ક્ષુદ્ર બાબતને મહત્ત્વ ન આપો... | ૨૧૮ |
| ૫૯. | ૧૨ | ૮ | ગુણ બીજનું ફળ સાધુ ધર્મ | ૨૨૫ |
| ૬૦. | ૧૨ | ૮ | સાધુધર્મની પરિભાવના એટલે શું ? | ૨૨૬ |
| ૬૧. | ૧૨ | ૯ | ભાગ્ય અને ભવિતવ્યતા સામે ધારણા શું કરે ? | ૨૨૮ |
| ૬૨. | ૧૨ | ૯ | જીવન-કર્તવ્યો | ૨૩૩ |
| ૬૩. | ૧૨ | ૧૦ | ધર્મની સગવડે દુનિયાદારી | ૨૪૦ |
| ૬૪. | ૧૨ | ૧૦ | ક્ષીરકદંબક ઉપાધ્યાય | ૨૪૬ |
| ૬૫. | ૧૨ | ૧૧ | ખીમચંદની મમતા | ૨૪૯ |
| ૬૬. | ૧૨ | ૧૨ | આવશ્યક ચાર ચીજ | ૨૫૫ |
| ૬૭. | ૧૨ | ૧૨ | ધર્મક્રિયામાં આંતરભાવ માટે શું કરવું ? | ૨૫૯ |
| ૬૮. | ૧૨ | ૧૩ | દોષ-બાહ્યભાવ-આંતરભાવ : નિષ્ફળારંભ | ૨૬૪ |
| ૬૯ | ૧૨ | ૧૩ | ધર્મગુણ સિદ્ધિના ચાર અંગ | ૨૬૯ |
| ૭૦. | ૧૨ | ૧૩ | વિલંબ કરીને સાધના કેમ નહિ ? | ૨૭૧ |
| ૭૧. | ૧૨ | ૧૪ | ગુણનો સાપેક્ષભાવ | ૨૭૫ |
| ૭૨. | ૧૨ | ૧૪ | સાધર્મિક એ પૂજ્ય સંઘનું અંગ છે | ૨૭૬ |
| ૭૩. | ૧૨ | ૧૪ | ક્ષમા માટે શું વિચારવું ? | ૨૭૯ |
| ૭૪. | ૧૨ | ૧૪ | અંતરાત્માનાં લાભમાં શું આવે ? | ૨૮૧ |
| ૭૫. | ૧૨ | ૧૫ | **સાપેક્ષભાવ - ૫ પ્રકારે** | ૨૮૨ |
| ૭૬. | ૧૨ | ૧૫ | સાપેક્ષભાવ | ૨૮૭ |
| ૭૭. | ૧૨ | ૧૬ | શ્રીકાન્તની સંક્ષેપમાં કથની | ૨૯૪ |
| ૭૮. | ૧૨ | ૧૬ | રાજાનો સાપેક્ષભાવ | ૨૯૬ |
| ૭૯. | ૧૨ | ૧૭ | ગાળ-દેનાર મા-દીકરાનું દૃષ્ટાંત : ૫ કારણ | ૩૦૧ |
| ૮૦. | ૧૨ | ૧૭ | ભવિતવ્યતાનો પ્રભાવ | ૩૦૫ |

# આત્માનું ક્રમિક ઉત્થાન કેવી રીતે ?

**અવ્યવહાર રાશિ :-**

શ્રી 'યોગદૃષ્ટિસમુચ્ચય' નામના શાસ્ત્રમાં આ જ વાત કરી છે કે, જીવ પહેલી યોગદૃષ્ટિમાં ત્યારે જ પ્રવેશ પામી શકે છે કે જ્યારે એ ઓઘદૃષ્ટિમાંથી બહાર નીકળે છે. ઓઘદૃષ્ટિ એ અનાદિ અનંતકાળથી ભવાભિનંદીપણાને લીધે, અર્થાત્ કેવળ જડ-રસિકતાને લીધે જ છે. એ આત્માને સરાસર બાદ રાખી કેવળ જડના તરફની દૃષ્ટિ છે.

જડદૃષ્ટિ પર અનાદિકાળથી અનંતાનંત પુદ્ગલપરાવર્ત કાળ સૂક્ષ્મ નિગોદમાં પસાર કરતો રહ્યો છે. નિગોદ એટલે સાધારણ વનસ્પતિકાય જીવનું અતિ સૂક્ષ્મ શરીર, કે જેમાં, ભૂત ભવિષ્ય કાળના સર્વ મુક્ત આત્માઓની સંખ્યા કરતાં પણ અનંતગુણી સંખ્યામાં જીવો હોય છે. એ જીવોનું આયુષ્ય માત્ર અંતર્મુહૂર્તઃ અને કેટલીકવાર તો ક્ષુલ્લક ભવ તરીકે શ્વાસોશ્વાસમાં ૧૭ ઉપરાંત ભવ પણ થાય ! તે ય એટલું બધું અત્યલ્પ આયુષ્ય પણ સર્વ નારકીઓથી અનંતગણા દુઃખવાળા !! આ બધો ય અનંતો કાળ એકલા સૂક્ષ્મ નિગોદના જ અવતાર. બીજો બાદર નિગોદ કે પૃથ્વીકાયાદિનો વ્યવહાર જ નહિ. તેથી તેને અવ્યવહાર રાશિનો જીવ ગણાય છે. એ અનંતા જીવોના દરેકના કર્મ જુદા, એની ભેગા એકજ શરીરમાં અનંતીવાર પુરાઈ અનંત દુઃખ વેઠવાના ! આવી દુઃખદ સ્થિતિના કાળ આપણા જીવે અનંતા પસાર કર્યા છે, એ જો લક્ષમાં લેવાય તો અહીં મળેલ અનુપમ કલ્યાણકર તત્ત્વ-દૃષ્ટિના સંયોગોનું મહત્વ સમજી એ સંયોગોનું સુંદર ફળ ઉપજાવી લેવા સત્પુરુષાર્થમાં લાગી જવાય.

**વ્યવહાર રાશિ :-**

એવી અનાદિથી ચાલતી એક સરખી સૂક્ષ્મ નિગોદની પરંપરામાંથી છૂટવાનું, સંસારમાંથી કોઈ એક જીવ મોક્ષ પામે ત્યારે, જેની ભવિતવ્યતા પાકી હોય તે જીવને થાય છે. પછી બાદર નિગોદ-વનસ્પતિકાય દા-ત-કંદમૂળ, લીલ, સેવાળ, ફૂગ વગેરેમાં તેમજ પૃથ્વીકાય આદિ સ્થાવર કાયમાં તેમજ દ્વીન્દ્રિયાદિ ત્રસકાયમાં જીવને ચઢવાનું પડવાનું, ભટકવાનું થયા કરે છે. હવે એ વ્યવહાર રાશિનો જીવ ગણાય એમાં અનંત જન્મ મરણાદિ દુઃખો અનુભવવા પડે છે ! પ્રાપ્ત જીવનની બાજી હારે તો નીચેની યોનિમાં જાય, અને જીતે તો ઊંચે ચઢે છે. આ હાર-જીતમાં ક્યારેક મનુષ્ય જન્મ પણ મળી જાય છે. એવું અનંતીવાર બને છે. છતાં જીવનની



બાજી હારવાના પ્રતાપે પાછું ચોરાશી લાખને ચક્કરે ચઢવાનું થાય છે. એમાં સૂક્ષ્મ નિગોદમાં જાય, છતાં હવે એ વ્યવહાર રાશિનો જ જીવ ગણાય.

**કૃષ્ણપક્ષ ચરમાવર્ત :-**

જીવનની બાજી હારવાનું શાથી ? જીવ કેવળ ભવાભિનંદી, માત્ર પુદ્ગલ-રસિયો, એકલી વિષય-તૃષ્ણા સ્વાર્થ અને અહંત્વના આવેશમાં જ લયલીન રહે છે. એ સ્થિતિમાં જીવ કૃષ્ણપક્ષીય જ બન્યો રહે છે. એ કદાચ સ્વર્ગાદિ-સુખની અભિલાષાએ ચારિત્ર લઈ કઠોર ક્રિયા પણ આદરે છે, છતાં આત્મ સ્વસ્થતાનો ઝાંખે શુકલપક્ષ પણ એને બિચારાને સાંપડતો નથી. એ તો જ્યારે મોક્ષ પામવાને હવે એકજ પુદ્ગલ પરાવર્તકાળ બાકી હોય એવા કાળમાં જીવ આવી જાય, પછી જ પ્રાપ્ત થાય છે. આને ચરમાવર્ત કાળ પણ કહે છે. ચરમાવર્ત કાળમાં આવવાનું જીવની પોતાની કોઈ હોશિયારી કે પુરુષાર્થથી નથી થતું, કિન્તુ પોતાનો અનાદિ સિદ્ધ ભવ્યત્વ-સ્વભાવ હોવો, તથા અનાદિથી અહીં સુધીનો તેટલો કાળ પસાર થવો આ બે તત્ત્વોના પ્રભાવે થાય છે.

**ભવ્યત્વ એ મોક્ષમાર્ગ માટેનો પાસપોર્ટ :-**

ભવ્યત્વ એટલે મોક્ષ પામવાની યોગ્યતા. જેમ નદીની રેતી ઘડો બનવા માટે અયોગ્ય છે; કુંભારના ઘરે પડેલી માટી ઘડો બનવા માટે યોગ્ય છે અને ઘડો બનશે; ત્યારે દૂર જંગલમાં પડેલી માટી યોગ્ય છતાં એને સામગ્રી ન મળવાથી એનો ઘડો બનવાનો નથી; એવી રીતે જગતમાં કેટલાય જીવો મોક્ષ પામવાને સર્વકાળ માટે તદ્દન અયોગ્ય છે તે અભવ્ય છે; બીજા અનાદિ નિગોદમાંથી બહાર નીકળી મોક્ષ પામવાની દિશામાં છે એ યોગ્ય છે, તે ભવ્ય કહેવાય; જ્યારે યોગ્યતા છતાં જ નથી; તે જાતિભાવ યાને મોક્ષે જવાનો પાસપોર્ટ એક મફત બક્ષીસ મળેલ છે ! માત્ર એને પકવવાની જ અર્થાત્ મોક્ષમાર્ગની સ્ટીમરમાં બેસવાની જરૂર છે. જો મફતમાં મળેલ આ પાસપોર્ટનું મૂલ્ય ન સમજાય, ને એને પકવવા પ્રયત્ન જ ન કરાય, તો એ કેટલી બધી કરૂણ દશા કહેવાય ? એટલું ખરું કે મોક્ષે જવા પૂર્વના છેલ્લા પુદ્ગલપરાવર્ત કાળમાં જ આ પકવવાનું કાર્ય થઈ શકે છે.

**સહજમલ-હ્રાસનાં ૩ લક્ષણ :-**

પરંતુ છેલ્લા પુદ્ગલપરાવર્ત યાને ચરમાવર્તમાં આવવા છતાં નિયમ નથી કે તરત જ મોક્ષમાર્ગ સાધવા માંડે. એ માટે તો યોગદૃષ્ટિમાં આવવું પડે. એ સારુ ઓઘદૃષ્ટિમાંથી બહાર નીકળવું પડે. ત્યારે એ પણ નિયમ નથી કે ચરમાવર્ત કાળમાં પ્રવેશ કરતાં જીવ તરત જ ઓઘદૃષ્ટિમાંથી બહાર નીકળે. હા, એ નિયમ ખરો કે ઓઘદૃષ્ટિમાંથી બહાર નીકળી યોગદૃષ્ટિમાં આવવાનું તો તે ચરમાવર્ત યાને છેલ્લા

પુદ્ગલ-પરાવર્ત કાળમાં જ બને. કોઈને તરત જ બને, કોઈને કાળ પસાર થાય પછી પણ બને પરંતુ સહજ મળના નોંધપાત્ર હ્રાસથી આ વસ્તુ બને છે. અનાદિના તીવ્ર રાગદ્વેષનો આત્મા પર જામ થયેલો મળ એ **'સહજ મળ'** છે. ચરમાવર્તમાં એનો નોંધપાત્ર હ્રાસ પ્રાપ્ત થાય છે. ત્યાં દુઃખી જીવો પર દયા, ગુણવાન પર દ્વેષનો અભાવ અને ઔચિત્ય એ ત્રણ લક્ષણ પ્રગટ થાય છે. આમાં ગર્ભિત રીતે આત્મા તરફ દૃષ્ટિ ઊભી થઈ હોય છે, એમાં સદ્ગુરૂઓનો ઉપદેશ વગેરે નિમિત્ત મળતાં આત્માને ભવની ભયંકરતા સમજાય છે, એ જંજાળમાંથી મુક્ત શુદ્ધ થવાનાં સ્વરૂપ પર દૃષ્ટિ પડે છે, અને એની રુચી ઊભી થાય છે. મોક્ષ તરફની આ દૃષ્ટિ છે.

**પહેલી ૪ યોગદૃષ્ટિ : માર્ગાનુસારિતા :-**

અલબત હજી તત્ત્વની સુંદરતાની તેવી સમજ નથી એટલે એને તત્ત્વરુચિ નથી થઈ. પરંતુ (૧) પૂર્વનો ચાલી આવતો તત્ત્વનો દ્વેષ શાંત થાય છે; પછી (૨) તત્ત્વની જિજ્ઞાસા જાગે છે; બાદ (૩) તત્ત્વ સાંભળવાની ઈચ્છા રૂપ શુશ્રૂષા જાગે છે. એ પછી (૪) તત્ત્વ-શ્રવણ કરે છે. આ ક્રમશઃ પહેલી ચાર યોગદૃષ્ટિમાં આરોહણરૂપ છે. એથી સંસારની નિર્ગુણતા-અપકારકતાનો ખ્યાલ આવે છે. તેથી એના પ્રત્યે નફરત છૂટે છે. મનને એમ થાય છે કે 'ક્યાં સુધી આ વિષમય ભવ-ચક્રમાં ભમ્યા કરવાનું' તાત્પર્ય, (i) સંસારના આભાસરૂપ સુખો ઉપરથી આસ્થા બહુમાન ઊઠી જાય છે એમ (ii) એ વૈરાગ્ય યાને ભવ નિર્વેદ પામ્યો ગણાય. વળી એને સંસારના કારણભૂત પાપસેવન કરવામાં એવી હોંશ નથી રહેતી. તેમજ (iii) હવે એ ઉચિત પ્રવૃત્તિઓવાળો બને છે. આ ત્રણ લક્ષણની સ્થિતિમાં જીવને અપુનર્બંધકપણું પ્રાપ્ત થયું હોય છે.

**અપુનર્બંધક એટલે** દુઃખદ મોહનીય કર્મની ૭૦ સાગરોપમ કોડાકોડી સ્થિતિ જેવી ઉત્કૃષ્ટ સ્થિતિ હવે ફરીથી ન બાંધે એવી દશા, એના યોગે દયા, દાન, ત્યાગ, તપસ્યા, દેવ-ગુરુ-સેવા, વ્રતનિયમ વગેરેનો અંશે પુરુષાર્થ કરે એ સત્ પુરુષાર્થ છે, પાપ પુરુષાર્થ મટી ધર્મ-પુરુષાર્થ બને છે.

ધર્મપુરુષાર્થ જીવના અન્યાય-અનીતિ, અનુચિત વ્યય, ઉદ્ભટવેશ, વગેરે દોષો અટકાવી દઈ માર્ગાનુસારી જીવનના ન્યાય-સંપન્નતા, માતા-પિતાની પૂજા, અતિથિસેવા, જ્ઞાનવૃદ્ધ અને ચારિત્રશીલની ભક્તિ, આંતરશત્રુનો નિગ્રહ, ઈન્દ્રિયો ઉપર અંકુશ, દયા-પરોપકાર-સૌમ્યતા-ધર્મશ્રવણ, ઈત્યાદિ ગુણ ભર્યું જીવન ખડું કરે છે.

અહીં યોગની પહેલી ચાર દૃષ્ટિમાં પૂર્વે કહ્યા તે અદ્વેષ-જિજ્ઞાસા-શુશ્રુષા-શ્રવણ, ઈત્યાદિ ગુણ ભર્યું જીવન ખડું કરે છે.

અહીં યોગની પેલી ચાર દૃષ્ટિમાં પૂર્વે કહ્યા તે અદ્વેષ-જિજ્ઞાસા-શુશ્રુષાની સાથોસાથ,



અનુક્રમે (૧) અહિંસા સત્ય-નીતિ-સદાચાર-પરિગ્રહ પરિમાણ, એ **'યમ'** અને (૨) તપ-સ્વાધ્યાય-ઈશ્વરધ્યાન-શૌચ-સંતોષ, એ **'નિયમ'** તથા (૩) પદ્માસન, યોગમુદ્રા વગેરે **'આસન'** અને (૪) બાહ્યભાવનું રેચક (ત્યાગ) તથા આંતરભાવનું પૂરક, અને એનું જ કુંભક (પ્રગટીકરણ અને સ્થિરતા) એ **'પ્રાણાયામ'** સાધવામાં આવે છે.

**૫ યોગબીજ :-**

વળી અહી યોગ દૃષ્ટિમાં (૧) વીતરાગનું શુભચિંતન અને પ્રણામ, (૨) આચાર્ય સેવા, (૩) સહજ ભવોદ્વેગ, (૪) અભિગ્રહો, ને (૫) શાસ્ત્ર લખાવવા વંચાવવાદિ, એ પાંચ યોગબીજ સંગૃહીત કરવામાં આવે છે.

**યથાપ્રવૃત્તકરણ : ગ્રંથિભેદ :-**

ઉપર કહેલ આત્મદૃષ્ટિ અને દુઃખી પ્રત્યે દયાથી માંડી પ્રાણાયામ વગેરે સુધીના સદ્ગુણ ને સત્પ્રવૃત્તિ એ બધું જીવને જે શુભ ભાવ શુભ વીર્યોલ્લાસથી પ્રાપ્ત થાય છે, એ 'યથાપ્રવૃતકરણ' કહેવાય છે. એ થવા છતાં પછી રાગદ્વેષની નિબિડ ગાંઠ અર્થાત્ 'ગ્રંથિ' ભેદવા જે અપૂર્વ બળ ઊલસવું જોઈએ, યાને 'અપૂર્વકરણ' કરવું જોઈએ, તે ઝટ પ્રાપ્ત થતું નથી. આ ગ્રંથિભેદ કરનારું અપૂર્વકરણ ઘણું દુર્લભ છે એ ચરમાવર્તના પાછલા અર્ધ ભાગમાં જ પ્રાપ્ત થાય છે. કેમકે તે પૂર્વે તો ભલે ચરમાવર્તના પૂર્વાધમાં મોક્ષદૃષ્ટિ જાગી છતાં જીવને અસત્ તત્ત્વના યાને મિથ્યામતના રાગનું જોર રહે છે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૫,અંક-૨૦,તા.૨૮-૧-૧૯૬૭**

એ પાછલા અર્ધમાં આવે ત્યારે જ કપાય, ત્યારે જ ગ્રંથીભેદ થાય. ખૂબી તો એ છે કે એમ તો મોક્ષદૃષ્ટિ વિના સંસાર સુખના આશયથી કઠોર ચારિત્રધર્મનું પાલન પણ અ-ચરમાવર્ત કાળમાં જીવ કરે છે. પરંતુ એ સરવાળે ભવભ્રમણનું જ પોષક બને છે.

**સાંસારિક સુખના ઈરાદે કરેલા ધર્મથી અનર્થ :-**

ત્યારે, મોક્ષ માટેની શુદ્ધ સાધના કેટલી બધી કપરી છે ! કેટલી દુર્લભ છે ! કેટકેટલો વીર્યોલ્લાસ માગે છે ! એમાં તો આશંસા એક માત્ર આત્મહિતની જ રખાય. પણ જીવની મૂઢતા તો એવી હોય છે કે હજી ય સાંસારિક સુખ-સન્માનના ઉદ્દેશથી કપરાં કષ્ટ સહવા ને અનહદ ગુલામી કરવા તૈયાર ! પરંતુ પોતાના આત્મહિત માટે જ એ કરવામાં એને વાંધા પડે છે ! આ કેવું આશ્ચર્ય કે નાશવંત કાયા અને માયા પાછળ તૂટી મરાય, અવિનાશી આત્મા પાછળ વાતે ય નહિ ! તો એનું પરિણામ

પણ કેટલું બધું દુઃખદ આવે છે ! નરક-તિર્યંચાદિ ગતિઓના જાલિમ દુઃખભર્યા ભવચક્રમાં પાછું ભમ્યા જ કરવાનું ! ભમ્યા જ કરવાનું !

**અંગારમર્દક આચાર્ય** અભવી છે. અભવીને આત્મદૃષ્ટિ જ ન જાગે, 'મોક્ષ હોઈ શકે જ નહિ,' એવી એની સજ્જડ માન્યતા હોય. છતાં એ સ્વર્ગાદિની ઈચ્છાથી ઉગ્ર કષ્ટમય ચારિત્ર પાળે, મોક્ષમાર્ગનાં શાસ્ત્ર પણ ભણે, તપ પણ કરે, કિન્તુ, એ બધું સ્વર્ગાદિ સુખ માટે એટલે સરવાળે મીંડું ! દીર્ઘ દુઃર્ગતિઓમાં દટાઈ જવાનું ! આ આચાર્યે પોતાના બાહ્ય ત્યાગ અને ઉપદેશથી પ્રતિબોધી ૫૦૦ શિષ્યો કરેલા. પછી એમને એ શાસ્ત્રો ય ભણાવે, શાસ્ત્રમાં શ્રદ્ધા ય કરાવે ! પરંતુ પોતાને દેવાળું. એક દિવસ બહારથી કોઈક ગીતાર્થ મુનિ પધાર્યા, એમણે આચાર્યની આંતરિક અભવ્ય જેવી સ્થિતિ પરખી; કોલસી પથરાવેલ જગા પર રાતના આચાર્ય એકલા ચાલતા નિર્દયપણે શું બોલતા હતા તે ગુપ્તપણે એમના મુનિઓને બતાવ્યું ! પગ નીચેની કોલસીના કચુડ કચુડ અવાજ પર આચાર્ય બોલ્યા 'વાહ મહાવીરના જીવડા ! વાહ શું તમારું સંગીત સરસ ! લો, લો, કરો સંગીત;' એમ કહી એના પર એ નિર્ઘૃણપણે ચાલતા ! એથી બીજે દિવસે ૫૦૦ શિષ્યો ગુરુને અભવ્ય જાણી છોડી ગયા. પછીના ભવમાં એ ૫૦૦ રાજકુમાર થયેલા. એક વાર ક્યાંક પ્રસંગ પર ગયેલા તે રસ્તામાં એક ઊંટ જોયું કે જે અતુલ વેદનાની તીણી ચીસ નાખી રહ્યું હતું ! એની પીઠ પર સારી રીતે ભાર, ઉપરાંત ગળે પણ ભાર લટકાવેલા ! માલિકના કેટલા સોટા ખાધેલા ! ને શરીર પણ માખીઓ - જીવાતના ચટકાથી પીડાતું હતું ! પેલા પાંચસોને આ ઊંટ પ્રત્યે પૂર્વના સંબંધથી કુદરતી વિશેષ લાગણી થઈ આવી. વિશિષ્ટ જ્ઞાની ગુરુને પૂછતાં એમણે કહ્યું, 'આ પૂર્વ ભવે તમારો ગુરુ અંગારમર્દક આચાર્ય હતો. અભવી હોઈ ચારિત્ર પાળવા છતાં આત્મગુણ-આત્મહિત સાધવાની વાત નહિ, તેથી અહીં મહાપીડા પામી રહ્યો છે, ને શાશ્વતકાળ સંસારમાં ભટક્યા કરશે !'

**ધર્મ-સાધનાનો દુર્લભ પુરુષાર્થ-કાળ :-**

કેવી દુર્દશા ! એક મન સુધારવાની વાત નહિ, તેથી મોક્ષાર્થ સાધનામાં કોઈ પગથિયાં રચાય નહિ. માનવ ભવે શુદ્ધ ધર્મ આરાધનાનો અતિ દુર્લભ પુરુષાર્થ-કાળ મળવા છતાં આ તુચ્છ ઇન્દ્રિયોના તર્પણમાં અને મૂઢ મનના અસદ્‌ગ્રહોમાં એને વેડફી નાખવાની મહામૂર્ખાઈ છે. આ ધર્મારાધનના પુરુષાર્થ-કાળનું એટલું બધું મહત્ત્વ છે કે **'ધર્મબિંદુ'** શાસ્ત્ર કહે છે કે માતાપિતાની આજ્ઞાનું પાલન એ એક આદરણીય કર્તવ્ય છતાં જો એ ધર્મવિરોધી આજ્ઞા હોય તો એનું પાલન નહિ કરવાનું, પણ ધર્મ-પુરુષાર્થ જ અબાધિત રાખવાનો; કેમકે સંસારમાં અતિ દુર્લભ એ ધર્મારાધનનો પુરુષાર્થકાળ અહીં પ્રાપ્ત થયો છે.



**સમ્યગ્દર્શન :-**

છેલ્લા અર્ધપુદ્‌ગલ પરાવર્તમાં જ આ પુરુષાર્થ વિકસ્વર બની અપૂર્વકરણરૂપ થઈ રાગદ્વેષની નિબિડ ગાંઠ ભેદે છે, ગ્રન્થિભેદ કરે છે. ત્યાં ઉત્કટ ભવવૈરાગ્ય સાથે મોક્ષાભિલાષા અને જિનોક્ત યાને સર્વજ્ઞકથિત તત્ત્વ પર અનન્ય શ્રદ્ધા પ્રગટ થઈ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. એ પ્રશમ-સંવેગ-નિર્વેદ-અનુકંપા-આસ્તિક્ય એ પાંચ લક્ષણથી અલંકૃત હોય છે. બીજા પણ તત્ત્વ-પરિચય, કુદૃષ્ટિ જનસંસર્ગત્યાગ, જિનેશ્વરદેવનાં શાસન અંગે મન-વચન-કાયશુદ્ધિ વગેરે વગેરે અનેક ગુણોથી એ વિભૂષિત હોય છે.

**મહાપ્રભાવી આરાધક ભાવ :-**

સમ્યક્ત્વ પામ્યા પછી પણ ખૂબ સાવધાની જરૂરી છે. જેથી આરાધકભાવ નાશ પામી વિરાધકભાવમાં ન પડાય. સમ્યગ્દર્શનના પાયામાં વીતરાગ સર્વજ્ઞ શ્રી જિનેશ્વર ભગવંતની આજ્ઞાનું બંધન હૈયે ધરવાનું હોય છે, તે ઠેઠ વીતરાગ બનવા સુધી અણીશુદ્ધ ધરવું જોઈએ છે. **'ધમ્મો આણાએ પડિબદ્ધો'** ધર્મ શું ? જિનાજ્ઞા ફરમાવે તેજ ધર્મ. માટે શુદ્ધ ધર્મ તો આજ્ઞામાં જ સંબંધિત છે. સમ્યક્ત્વ અવસ્થામાં પહેલે તબક્કે કાંઈ જિનાજ્ઞાના બધા વિધાનો પાળવાનું નથી બનતું, છતાં એને આજ્ઞાનું બંધન તો આટલું હોય છે કે 'જિનની આજ્ઞા જ તારણહાર છે, જિનવચને કહ્યું તે જ બરાબર છે, એજ કર્તવ્ય છે, બાકી બધું અનર્થરૂપ છે.' તેથી જિનોક્ત માર્ગની આરાધના તરફ હૃદયનો અપેક્ષાભાવ હોય છે. એ જ આરાધકભાવ. જિનાજ્ઞા અમલમાં ઓછી ઊતરે એ હજી બનવા જોગ છે, પરંતુ દિલ જિનાજ્ઞાની પ્રત્યે સાપેક્ષ જોઈએ; મનનું વલણ એ હોય કે 'આદરણીય, ઉપાદેય, કર્તવ્ય તો જિનાજ્ઞા જ છે. ક્યારે મારાં એવાં અહોભાગ્ય જાગે કે જીવન જિનાજ્ઞાપાલનમય બને !' આ આરાધનાની અપેક્ષા એ આરાધક ભાવ કહેવાય એ બહુ મહત્ત્વનો છે.

**સાનુબંધ ક્ષયોપશમ :-**

આ જિનાજ્ઞાના ઊંચા ઉપાદેયભાવ કર્તવ્યભાવ હૈયે વસ્યા હોવાથી વીર્યોલ્લાસ જાગતાં બધા યા થોડા અંશે આજ્ઞાના વિધિ-નિષેધના પાલનમાં જે જીવ આવે છે, એ અનુક્રમે સાધુ યા શ્રાવક બન્યો કહેવાય.

અહીં સાવધાની બહુ રાખવાની છે; કેમકે જગતના સંયોગો અને કર્મના ઉદય એવા વિચિત્ર છે કે આરાધના ભૂલાવી નાખે ! એટલે જ જો એવા બાધક સંયોગોથી દૂર રહેવાય, સાવધાન રહેવાય, અને કર્મના ઉદયને બદલે ક્ષયોપશમ ટકાવી રખાય તો આરાધના અને આરાધકભાવ ચાલુ રહી શકે.

**અનાયતન-ત્યાગ :-**

જિનાજ્ઞાની આરાધના અને આરાધકભાવ એ મોહનીય આદિ કર્મના આંશિક નાશથી પ્રાપ્ત થાય છે. પરંતુ જો આ ક્ષયોપશમ સાનુબંધ યાને અનુબંધવાળો અર્થાત્ પરંપરા ચલાવનારી બીજશક્તિવાળો હોય તો ઉત્તરોત્તર ક્ષયોપશમ ચાલુ રહે છે. તેથી આરાધના અને આરાધકભાવ બંને ટકે છે. પણ જો નિરનુબંધ હોય તો ક્ષયોપશમ ટકતો નથી; તેથી એ નષ્ટ થતાં પાછો કર્મનો ઉદય ચાલુ થઈ જાય છે ! એથી એવા કર્મોદયથી જીવ વિરાધના અને આગળ વધીને વિરાધકભાવમાં ચડી જાય છે. આનો અર્થ એ, કે ગુણ ટકાવવો હોય તો ક્ષયોપશમ ટકાવવો જોઈએ, અને એનાં માટે અનાયતનનાં સેવન આદિથી દૂર રહેવું જોઈએ. **'અનાયતન'** એટલે **આયતન**થી વિરુદ્ધ દેશ-કાળ-નિમિત્ત. અર્થાત્ ગુણના શોષક સ્થળ, સમય, કે નિમિત્ત એ અનાયતન; દા.ત. બ્રહ્મચર્ય પાળવું હોય તો વેશ્યાવાડાના રસ્તેથી ગમનાગમન કરવું કે એકલી સ્ત્રીવાળા સ્થાનમાં ઊભા રહેવું, યા સ્ત્રી સંબંધી કથા કરવી, એ અનાયતન કહેવાય. એમ ત્યાગીને ભોગવિલાસનાં સ્થાન એ અનાયતન ગણાય. એમ સમ્યગ્દર્શન માટે મિથ્યાદૃષ્ટિના પરિચય અને એમના ઉપદેશ-શ્રવણ એ અનાયતન છે. દાનની રુચિ સામે કૃપણોનો પરિચય એ અનાયતન; કેમકે એ વાતો એવી કરે છે કે જે સાંભળતાં સાંભળતાં દાનના પરિણામ મંદ પડી જાય. માટે આવાં અનાયતનથી દૂર રહેવાય તો જ સાનુબંધ ક્ષયોપશમ ટકે.

**સાનુબંધ ક્ષયોપશમના ઉપાય :-**

(૧) અનાયતનોનો ત્યાગ બરાબર જાળવવો.

(૨) વારંવાર પોતાની ચિત્ત-પરિણતિનું અવલોકન યાને તપાસ પણ કરતા રહેવું જોઈએ કે એ મન કોઈ અશુભ વિચાર અને અશુભ લાગણીઓમાં તો નથી ખેંચાતું ને ? સાથે

(૩) ગુણની સહજ સુંદરતાનું સચોટ ભાન સાથે હાર્દિક રૂચિભર્યું આકર્ષણ સહેજે રહેવું જોઇએ. એમ

(૪) એથી વિપરિત દોષોની ઘૃણા પણ જીવતી જાગતી રાખવાની.

(૫) ગુણપોષક સ્થાન અને નિમિત્તોનું સેવન પણ ચાલુ રહેવું જોઇએ એવો સત્સંગ અને કલ્યાણમિત્રનો યોગ બરાબર રાખવો પડે, વગેરે....

આવી બધી તકેદારીથી કર્મનો ક્ષયોપશમ સાનુબંધ બને છે, ટકે છે, તેથી આરાધના અને આરાધક ભાવ સલામત રહે છે.

કદાચ સંયોગ-પરિસ્થિતિ કે અશક્તિવશ જિનાજ્ઞાની આરાધના ચૂકાઇને વિરાધના ઊભી થાય છે એવું દેખાય, ત્યાં પણ દિલમાં આરાધકભાવ તો બરાબર જાગ્રત રાખવાનો.



દિલને કમમાં કમ એટલું તો જરૂર લાગે કે 'જિનની આજ્ઞા તો અમુક જ વાત ફરમાવે છે. હું કમનસીબ છું કે એ પાળી નથી શકતો. બાકી પાળવું તો એ જ પ્રમાણે જોઇએ. જે એ પાળે છે તેને ધન્ય છે, અને મારી જાત માટે ઇચ્છું કે એ પ્રમાણે જ પાળનારો બનું.' આમ જિનાજ્ઞા પ્રત્યે સચોટ અપેક્ષા ભાવ એ આરાધક ભાવ ટકાવે છે. ઉપેક્ષા થાય તો આરાધકભાવ જાય.

**નંદ મણિયારનો આરાધકભાવ નષ્ટ :-**

આરાધક ભાવ નાશ પામે તો જીવનું ભારે પતન થાય છે. નંદ મણિયાર એ શ્રી પાર્શ્વનાથ ભગવાનના શાસનનો એક શ્રાવક, પણ કલ્યાણમિત્રરૂપ સદ્‌ગુરુ અને ધર્મી શ્રાવકોનો સંગ ચૂક્યો, મિથ્યાત્વીઓના સંગમાં પડ્યો, તો ધીરે ધીરે શ્રાવકપણાના ગુણ અને આચાર ચૂકતો ગયો. એકવાર એને પર્વતિથિએ પૌષધ-ઉપવાસમાં રાતના તૃષા લાગી, મન વિકલ્પમાં ચડ્યું કે ' જે પ્રવાસી માણસો અને ઢોર દૂરથી ગરમીમાં ચાલીને આવતા હશે એમને તરસની કેટલી બધી પીડા થતી હશે ! ત્યારે મારા પૈસા શું કામના !

બસ, નગર બહાર એક સરસ વાવ બંધાવું.' આ વિચારમાં પૌષધની પ્રતિજ્ઞા, શ્રાવકપણાનાં વ્રત, અસંખ્ય અપકાય જીવોને એમાં ઉત્પન્ન થતા બીજા અગણિત ત્રસ જીવોની દયા વગેરે ચૂક્યો ! અને પાછું આ વિચારમાં કાંઇ ખોટું લાગ્યું નહિ, તેથી જિનાજ્ઞાનો અપેક્ષાભાવ ગયો ! આરાધક ભાવ નાશ પામ્યો ! પછી તો પાછો જે એણે પોતે વાવડી બંધાવી એની અનુમોદનાના પાપમાં પડ્યો ! બસ એ નંદ મણિયાર મરીને એજ વાવડીમાં દેડકા તરીકે ઉત્પન્ન થયો ! ત્યાં લોકોને 'વાહ નંદ મણિયારે કેવી સરસ વાવ બંધાવી !' એ વારંવાર સાંભળતાં એને પૂર્વજન્મનું સ્મરણ થયું, અને એને ત્યાં ખ્યાલ આવ્યો કે 'અરે ! મેં આરાધના સાથે આરાધક ભાવ પણ ગુમાવી વિરાધના અને વિરાધકભાવ અપનાવ્યો તેથી આ તિર્યંચ યોનિમાં પટકાયો !' હવે એ દેડકો ભારે પશ્ચાતાપ કરે છે. પછી તો મહાવીર પ્રભુ ત્યાં પધાર્યા જાણી પ્રભુ પાસે જતાં ઘોડાના પગ નીચે છુંદાયો; આરાધક ભાવમાં મરીને દેવ તરીકે ઉત્પન્ન થઇ ત્યાં પ્રભુના સમવસરણમાં આવ્યો ! આમ વિરાધક ભાવે એને તિર્યંચ ગતિમાં ડુબાડ્યો અને એમાંથી આરાધક ભાવે એને તાર્યો. પણ એ તો સારું થયું કે તિર્યંચના ભવમાં એને જાતિસ્મરણ જ્ઞાન થયું તો સમજ્યો ! નહિતર તિર્યંચના ભવમાં એકવાર ગબડ્યા પછી કઇ દશા ?

**પ્ર.**- તો તો પછી આરાધક ભાવ જરૂરી. આરાધનાનું શું કામ ?

ઉ.- એટલું ભૂલવાનું નથી કે આરાધનાથી તો આરાધક ભાવ આવે છે, ટકે છે અને વધે છે માટે આરાધનાની મનમાં જરાય ઉપેક્ષા નહિ લાવવાની. 'એના

વિના ચાલે, એ ન હોય તો ય કાંઇ બહુ વાંધો નહિ, એ તો શક્તિ અને ભાવના હોય તો કરીએ,' આવા આવા લોચા નહિ વાળવાના. નહિતર આરાધના વિના તો વિરાધનાના પાપમાં પડવાથી એનો રસ જાગી જતાં આરાધક ભાવ પણ ચાલ્યો જાય અને વિરાધક ભાવમાં પડી જવાય. ખરેખર જો આરાધક ભાવ હોય તો આરાધના શક્તિ-સંયોગો મુજબ કર્યા વિના દિલને ચેન જ ન પડે; અને જેમ જેમ આરાધના થતી જાય તેમ તેમ આરાધક ભાવ વધતો જાય.

જગદ્ગુરુ મહાવીર પરમાત્મા એ ત્રેવીસમા ભવે પ્રિયમિત્ર નામના ચક્રવર્તી થયા. ત્યાં એમણે એક ક્રોડ વર્ષ ચારિત્રની આરાધના કરી. તે ચક્રવર્તીપણે મહાલેલા સુંવાળા સુકોમળ શરીરે, ચક્રીપણાની વૈભવ-વિલાસ ફગાવી દઇને, એવી એવી જોરદાર કરી કે એમાં આરાધક ભાવ સારી રીતે ખૂબ પુષ્ટ થતો ગયો. પછી દેવલોકમાં જઇ આવી પચીસમા ભવે નંદન રાજાના ભવમાં એમણે દીક્ષા લીધી. એક લાખ વરસ ઉગ્ર ચારિત્ર ઉપરાંત લાખે ય વરસ માસખમણના પારણે માસખમણ, એમ ૧૧ લાખ ૮૦ હજાર ઉપર માસખમણોની અત્યંત ઉગ્ર તપસ્યાની અને અરિહંતાદિ વીસ સ્થાનકની આરાધના કરી ! એથી એવો અદ્ભુત આરાધક ભાવ વધાર્યો કે એમાં તીર્થંકર-નામ કર્મનું સર્વશ્રેષ્ઠ પુણ્ય ઉપાર્જ્યું ! જેથી પછી સ્વર્ગમાં જઇ માનવ જન્મે ચારિત્ર અને ઉત્કટ આરાધના સાથે આરાધક ભાવ વધારતાં પરાકાષ્ઠાએ વીતરાગ સર્વજ્ઞ ચરમ તીર્થપતિ શ્રી મહાવીર સ્વામી થયા !

**રાગ એ દ્વેષ કરતાં પ્રબળ દોષ કેમ ?**

સંસારનું મૂળ રાગ છે.એના લીધે દ્વેષ વગેરે અનેક દોષો ઊભા થાય છે. રાગ એ દ્વેષ કરતાં ય કેમ ભયંકર છે, પ્રબળ દોષ છે, એ અનેક કારણોએ સિદ્ધ વાત છે.

(૧) રાગનો નાશ દશમા ગુણસ્થાનકને અંતે થાય, દ્વેષનો નાશ નવમા ગુણસ્થાનકે થાય. આ સૂચવે છે કે જ્યારે દ્વેષનો નાશ કરે એવી આત્મવિશુદ્ધિ કરતાં અધિક આત્મવિશુદ્ધિ અર્થાત્ અધ્યવસાયની વિશુદ્ધિ હોય, ત્યારે જ રાગનો નાશ થાય.

(૨) દ્વેષનું મૂળ રાગ છે. ક્યાંક રાગ છે, માટે એની ખાતર બીજો દ્વેષ જાગે છે. રાગ એ દ્વેષનો બાપ છે.

(૩) દ્વેષ કાઢવો સહેલો, કેમકે દ્વેષમાં કાળે કાળે ઘસારો પડે, પણ રાગમાં વૃદ્ધિ થતી જાય છે.

(૪) રાગનું આયુષ્ય દ્વેષ કરતાં ઘણું મોટું.

(૫) દ્વેષ ભૂલવો સહેલો, પણ રાગ ભૂલવો કઠિન. હદ કરતાં વધારે



ભોજન કર્યું. ઝટ ભોજન ઉપર દ્વેષ થાય પણ જરા વાર થઈ ભૂખ લાગી એટલે દ્વેષ ભૂલાઈ રાગ થતાં વાર નહિ. દ્વેષ થાય તોય રાગ જલ્દીથી ન ભુલાય, અંદર બેઠો હોય.

(૬) દ્વેષ કર્કશ લાગે, રાગ મીઠો લાગે. રાગનો રંગ લાલચળક, દ્વેષનો રંગ કાળો, રાગ પાછળ હર્ષ ને દ્વેષ પાછળ ખેદ, એવા અનુભવો સિદ્ધ છે.

(૭) દ્વેષ કરવો પડે છે; જ્યારે રાગ સહેજે થઈ જાય છે.

(૮) હજીય સમજુ માણસને કદાચ દ્વેષ ગમતો નથી, અયોગ્ય લાગે છે, પણ રાગ અયોગ્ય લાગતો નથી. કેમ કે

(૯) દ્વેષથી પરિણામે નુકશાન સમજાય છે; રાગથી નુકશાન થાય છે તે સમજાતું જ નથી ! હજીય દ્વેષ ભયંકર લાગે, રાગ ભયંકર લાગતો નથી. રાગમાં ખરાબી જણાતી નથી.

(૧૦) 'દ્વેષ ન કરીશ,'- એમ હજીય જગત કહે છે, 'રાગ ન કરીશ,'- એમ જગત નથી કહેતું. વીતરાગનું શાસન એ કહે છે.

(૧૧) દ્વેષ દુર્ધ્યાન કરાવે છે એમ હજીય લાગે, પણ રાગ તેથી વધારે દુર્ધ્યાન કરાવે છે. એમ લાગતું નથી.

(૧૨) દ્વેષ જાણકારીમાં પેસે છે, રાગ બિન જાણકારીમાં પેસે છે. દ્વેષ-ગુસ્સો થતાં માલુમ પડે છે, માટે તો એ ઢાંકવા મોઢાનો, આંખનો દેખાવ પ્રયત્નથી ફેરવી નાખવો પડે છે !, પણ રાગ પેસતા એ દુશ્મન તરીકે, કે દુર્ગુણ તરીકે માલુમ જ પડતો નથી ! ઊલટું સહેજે ખુશીનો દેખાવ થાય છે.

(૧૩) દ્વેષ હિંસા સુધી પહોંચે છે ખરો, પરંતુ તે કરવા પૂર્વે જીવ જો પરિણામ વિચારશે તો કદાચ પસ્તાશે અને હિંસાથી અટકશે. રાગ તો ઠેઠ આત્માની ભાવ-હિંસા સુધી પહોંચશે, અને અટકવાની વાત નહિ !

(૧૪) રાગ કરનારે અને રાગના પાત્રને બંનેને ભાવથી સ્વાત્મ હિંસા થાય છે, અને એની પાછળ અનેકાનેક આરંભ-સમારંભ, જૂઠ, અનીતિ વગેરેનાં લખલૂટ પાપ થાય છે છતાં એની સૂઝ પડતી નથી, પડશે પણ નહિ.

(૧૫) રાગમાં બંને ભાન વિના ફસાય છે, કોઇ પશ્ચાત્તાપ નહિ; દ્વેષની પાછળ બંનેને ભાન અને પસ્તાવાનો અવકાશ રહે છે.

(૧૬) દ્વેષનું પાત્ર આપણા પ્રત્યે દ્વેષી તરીકે રહે તે ગમતું નથી, પણ રાગનું પાત્ર આપણા પ્રત્યે અખંડ રાગી રહે એવું જોઈએ છે. અર્થાત રાગીપણું છૂટતું ય નથી, અને રાગીપણું છૂટે તે ગમતું ય નથી.

(૧૭) દ્વેષ ભસીને કાટનારો કૂતરો છે, જ્યારે રાગ વહાલથી પગ ચાટીને

ફૂંકી ફૂંકીને બચકું જોરથી ભરનારો છે. પહેલાં ખબર જ ના પડે, પણ સંયોગોના વિયોગ રાગની ખબર પડે, ને ત્યારે રાગથી ભારે શોક ઊછળે છે.

(૧૮) રાગના પાત્ર માટે કેઇ પાપ અને ઘસાવાનું કરી છૂટે છે. દ્વેષ પોષવા તો ઘસારો ય ન વેઠે.

(૧૯) દ્વેષ દુર્ગુણ છે એ હજી ખબર હશે, પણ રાગ એ આત્માનો સ્વભાવ નથી, કિંતુ દુર્ગુણ છે, એ ખબર નથી.

(૨૦) દ્વેષ દીર્ઘકાળ રહે તે કેટલીક વાર ગમતું નથી, પણ રાગ લાંબો રહે તે ગમે છે.

(૨૧) છતાં એક જ વસ્તુ પર રાગ કાયમ ટકતો નથી; કારણ કે એ સ્વભાવ નથી વળી રાગને વફાદાર રહી શકતા નથી. તો જ્યારે રાગને વફાદાર રહી શકાતું નથી, ત્યારે રાગ ધરવો શા માટે ? એનું કારણ જણાતું નથી, અને રાગ કર્યા વિના રહી શકાતું નથી. છોડવો પડશે એ ચોક્કસ છે.

(૨૨) દ્વેષ હજી ય પાછળથી ચેતાવી દે છે; જ્યારે રાગ ઊંઘાડી દે છે.

(૨૩) રાગ સર્વથા ભયંકર છે ! તે ગયો એટલે બધી ભયંકરતા ગઈ. ક્રોધ, માન, માયા, બધાય રાગની સેવામાં, અને રાગને મજબૂત કરનારા,

(૨૪) રાગને લીધે મિથ્યામતિ ટકે, અને મિથ્યાત્વથી રાગ પોષાય. રાગની વસ્તુ પ્રાપ્ત કરવા, સાચવવા, ભોગવવા, ક્રોધ, માન, માયા, અને લોભ છૂટથી કરાય છે. રાગના પાત્ર પર કાં કામવાસના, કાં સ્નેહ, કાં દૃષ્ટિરાગ રહેવાનો; રાગની વસ્તુ અંગે હાસ્ય અને આનંદ (રતિ), ઉદ્વેગ (અરતિ) અને શોક, રાગની વસ્તુ અંગે ભય... એમ રાગ પાછળ તોફાન ઘણાં ! દ્વેષ પાછળ એટલાં ન પણ હોય.

(૨૫) આઠ કર્મની જડ મોહનીય, અને મોહનીયની જડ રાગ. મોહનીયની બધી પ્રકૃતિના મૂળમાં રાગ. તીવ્ર કોટિનો રાગ ન જાય ત્યાં સુધી મિથ્યાત્વ પણ ન જાય.

(૨૬) રાગનો પક્ષપાત ભારે હોય છે. પક્ષપાતવાળો રાગ એ તીવ્ર રાગ છે. જે કષાય હિતકારી લાગે, કર્તવ્ય લાગે,'કેમ ન કરીએ ? એમાં શું થઇ ગયું ?' એમ ભાસે; અંતરના ઉંડાણમાં પણ એ ખૂંચે તો નહિ, કિન્તુ રૂચે, એ તીવ્ર કષાય અનંતાનુબન્ધી કષાય છે. એ હોય ત્યાં સુધી સંસારનો રસ અને અતત્ત્વનો દુરાગ્રહ હૃદયમાંથી ખસે નહિ.

એ અંધ રાગવાળો તો કહે છે, 'પત્ની ઉપર, પુત્ર ઉપર રાગ કરીએ તો શું વાંધો ? ત્યાં રાગ ન કરીએ તો શું ત્યાં ઝઘડીયે ?'



પણ તેના જવાબમાં એમ પૂછીએ કે દુનિયામાં હિંસા, જૂઠ, ચોરી કોના માટે થાય છે ? એ જ પત્ની-પુત્ર માટે ને ? એની સાથે લડો નહિ, પણ અંધ રાગ ઓછો કરો તો જીવનમાં દુર્ગુણો અને દુષ્કૃત્યોના ગુના ઓછા થાય. હિંસા, જૂઠ, ચોરી દુનિયા ઉપરથી ઓછી થાય તે સારું, કે વધે તે સારું ? જગત શેનાથી સુખી ? જો હિસાદિ ઓછા થાય તો સુખી, તો એ માટે એ હિંસાદિના મૂળ કારણભૂત રાગને દબાવવો જ જોઇએ.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૫,અંક-૨૧,તા.૪-૨-૧૯૬૭**

(૨૭) હિંસા, જૂઠ, ચોરીમાં સહાયક તરીકે દ્વેષ કરતાં રાગ વધારે. ચોરી કરાવી કોણે ? રાગે કે દ્વેષે ? દુનિયામાં કોઈને દુઃખી જોવા છતાં તેનું દુઃખ ઓછું કરવા શા માટે યત્ન નથી ? ધનના અને કુટુંબના રાગને અંગે જ.

(૨૮) દાનાદિ પરમાર્થ ચૂકાવે છે કોણ ? રાગ જ ને ? એ જ રાગને લીધે પછી ગરીબ પર દ્વેષ થાય છે, કહે 'તગડો થઈને માગે છે ? મજૂરી કરવી નથી' ઇત્યાદિ. એમ દેવભક્તિ, સંઘભક્તિ વગેરે ચુકાવનાર રાગ છે. શરીરના રાગે ત્યાગ, તપ થતા નથી.

(૨૯) અનીતિ કરી પચીસ-પચાસ રૂા. મળતા હોય તો કોના અંગે મેળવાય ? રાગના અંગે કે દ્વેષના અંગે ? દુનિયામાં તોફાન મૂળ રાગના જ છે. રાગ મોળો પડે, તો પાપ ઓછા થઈ જાય.

(૩૦) શિષ્ટ જનતા કદાચ દ્વેષમાં ડાહી હશે, પણ રાગમાં તો પાગલ જ છે.

(૩૧) જીવનમાં મહાન દોષોને પોષી પોષી અનાદિ ભવભ્રમણ કરાવનાર રાગ છે.

(૩૨) વિવેકી પાસે અવિવેકના કૃત્ય રાગ કરાવે છે.

(૩૩) બળિયો ય જીવ રાગ પાસે માયકાંગલો ?

(૩૪) દુઃખની હોળી સળગાવનાર રાગ છે.- માટે દુન્યવી ફરજોનું માપ રાગાંધ થઈને ન કાઢવું. આશ્રિતનું પોષણ વગેરે કરવામાં રાગાંધ ન થવું. રાગ ઓછો થશે તો ગેરવાજબી જરૂરિયાત આપો આપ ઓછી થશે, રાગ છે ત્યાં સુધી જ અનુચિત વર્તાવ અને હિંસાદિનાં પાપ છે.

**રાગ બે જાતના છે; ૧. પ્રશસ્ત, ને ૨. અપ્રશસ્ત,** અર્થાત્ સારો અને નરસો. પ્રશસ્ત રાગ બંધન-કર્તા નથી, બંધનથી છોડાવનાર છે. પ્રશસ્ત રાગ એ ઔષધની જેમ અપ્રશસ્ત રાગના રોગથી છોડાવે છે. પછી એ આપોઆપ છૂટી જઈ વીતરાગતા આવે છે. પ્રશસ્ત રાગ એટલે દેવ ગુરુ-ધર્મ પર રાગ, સમ્યક શાસ્ત્ર,

તીર્થ, પર્વ, ધર્મ ક્ષેત્ર, આત્મગુણ વગેરે પર રાગ, તેથી પાપનો બંધ નહિ, પણ પુણ્યોપાર્જન થાય છે. ત્યારે અપ્રશસ્ત રાગ, ખોટી આશંસા યાને દુન્યવી રાગ પાપની કમાઈ કરાવે છે. પ્રશસ્ત રાગ તો અપ્રશસ્ત રાગને નબળા પાડે છે. પ્રશસ્તમાં ધર્મ-લેશ્યા છે. ધર્મની લેશ્યા ધર્મનો અનુરાગ કરાવે. ધર્મરાગ એટલે ધર્મની લેશ્યાવાળો રાગ એ પાપોને કાપી આત્માનો વિકાસ સાધે. અપ્રશસ્ત રાગ એટલે પાપની લેશ્યાવાળો રાગ એ પ્રશસ્તનો દેખાવ કરે તેથી પ્રશસ્ત ન થાય. જાતનો ગુંડો હોય, પણ શાહુકારના કપડાં પહેરી લે, તેથી શાહુકારમાં ન ખપે. ગુંડાગીરીની દિશા ફેરવે, ધંધો ફેરવે, વૃત્તિ પલટે, તો લોકો એનો વિશ્વાસ કરે. દીકરા ઉપર, સ્ત્રી ઉપર, પ્રશસ્ત રાગ ત્યારે કહેવાય કે જ્યારે સ્નેહરાગ અને કામરાગ જતો કરી શુદ્ધ સાધર્મિકનો અને મોક્ષ-કુટુંબીનો જ નીતરતો રાગ આવે. સાધુ ઉપર પણ અપ્રશસ્ત રાગ સારો નહિ. 'આ સાધુ વાસક્ષેપ સારો નાખે છે, ફાયદો થાય તેવો,' એમ માની સાધુ પર રાગ કરે તો એ અશુભ રાગ બની જાય. સંસારના લાભની અપેક્ષાએ કે હાસ્યાદિ મોહની વૃત્તિના પોષણની દૃષ્ટિએ, રાગ કરવો તે અપ્રશસ્ત રાગ છે. સંસારથી નિસ્તાર પામવા મુક્ત થવા માટે, અને તેના ઉપાયમાં જોડાવા બદલ જે રાગ કરાય તે પ્રશસ્ત રાગ. એથી ધર્મ લેશ્યા અને ધર્મનો રાગ વધતો જાય. જેટલી ધર્મ-લેશ્યાની માત્રા અને વેગ (Degree, Force) ઓછા, તેટલું પુણ્ય કાચું બંધાય; અને જેટલી ધર્મ-લેશ્યાની માત્રા અને વેગ વધારે એથી સુખસામગ્રી પણ ઊંચી જોરદાર મળે, ને તે સંકલેશ વિનાની હોય.

**શાલિભદ્રને** લેશ્યા ઊંચી હતી તો દેવતાઈ નવ્વાણું પેટીઓ રોજની મળતી છતાં, એનો રાગ-સંકલેશ નહિ એટલે જરાકમાં એ ત્યજીને ઊંચી ધર્મની લેશ્યાથી ચારિત્ર લીધું અને પાળ્યું ! ઊંચી ધર્મલેશ્યાવાળો અધુરી સાધનાનો ખપ ન કરે. શાલિભદ્રે ગયા ભવમાં ખીર વહોરાવ્યા પછી ય ગુરુમહારાજ ઉપર પ્રશસ્ત રાગનો પ્રવાહ એવો કે પેટમાં પછી શૂલની પીડા થતી હતી તો પણ સગી માને ભૂલી, એના ચિત્તમાં એકલા ગુરુની યાદ હતી ! એને પેટમાં શૂળ વખતે માતા હાથ ફેરવતી હશે, સેવા કરતી હશે, પણ તે વખતે માતાને યાદ નહિ કરતાં ધ્યાન એક માત્ર ગુરુમાં અને દાન કરાવવાના ગુરુના ઉપકારમાં - 'અહો ! મારા ઉપકારી ગુરુએ કેવો મને તાર્યો' આ ક્યારે આવ્યું ? માતાએ ફરી ખીર આપી-ખવરાવી તે લક્ષમાં નહિ. પણ ગુરુના પાત્રે ગઈ તે લક્ષમાં ! 'કેવો સુંદર યોગ ! ખીર ! અને દાનમાં ! તે ય મહાત્માને !' આવી હૃદયમાં દાનધર્મની વહી રહેલી અનુમોદના આ પ્રશસ્ત રાગ, ને તેથી ઉચ્ચ વૈભવી સામગ્રીનો ધણી બન્યો ! પણ એ સામગ્રી પાપાનુબંધી નથી, સંકલેશકારી નથી, મોહમાં અંધ નથી કરતી. તેથી શાલિભદ્રને



જ્યારે 'માથે એક મોહગ્રસ્ત માનવરાજા પોતાની જેમ જ બે હાથ બે પગવાળો છતાં ધણી છે,' એવી ખબર પડી કે રત્નાદિએ છલકાતી નવ્વાણું પેટી કથીરની લાગી ! 'ખામીવાળી આ પુણ્યાઈ ન જોઈએ. મહાવીરપ્રભુ સિવાય બીજો માલિક ન જોઈએ,' એમ વિચારી ઋદ્ધિને છોડી, સ્ત્રીઓને છોડી, વહાલી માતાને છોડી, વીતરાગ પ્રભુ મહાવીર ભગવાનનાં ચરણ પકડ્યાં, ચારિત્ર લીધું, અને તર્યા ! પ્રશસ્ત રાગ તારે, અપ્રશસ્ત રાગ મારે.

(૩૫) રાગ કરતાં દ્વેષ ખરાબ લાગે છે; પણ વસ્તુતઃ દ્વેષ કરતાં રાગ ભયંકર છે. રાગ આત્મામાં જડ વસ્તુની પ્રત્યે આકર્ષણનો ભાવ પેદા કરે છે, આત્માને ખેંચે છે; જ્યારે, દ્વેષ આત્માને વસ્તુથી દૂર ખસેડે છે.

**આમ અનેક દૃષ્ટિથી રાગ એ દ્વેષ કરતાં ખૂબ જ બળિયો અને મહાન અનર્થકારી છે.** તેમજ એમાં બીજા દૂષણો બલાત્ પોષાય છે. માટે રાગ કાઢ્યો એટલે બીજા દોષો તો ગયા જ. એટલે પ્રભુનું 'વીતરાગ' એવું વિશેષણ કહ્યું. રંગે તે રાગ. આત્મા જેનાથી રંગાય છે તે રાગ. આત્માને વસ્તુ પ્રત્યેના આકર્ષણના રંગથી રંગે છે માટે તે રાગ. 'દ્વેષ' શબ્દ દ્વિષ્ ધાતુ- 'અપસંદ પડવું, અઠીક લાગવું, અણગમો કરવો' એના પરથી બન્યો છે. રાગ ગયો એટલે દ્વેષ તો ગયો જ છે. વીતરાગ એટલે જેને ઈષ્ટ તરફ આકર્ષણ નથી, અને એ જ વીતદ્વેષ છે, તેથી અનિષ્ટ પ્રત્યે અપ્રીતિ-અનાદરનો ભાવ મુદ્દલ નથી. અર્થાત્ જેને ઈષ્ટ અને અનિષ્ટ ઉપરથી આદર અને અણગમો ચાલ્યો ગયો છે તે વીતરાગ. એમને મોહ પણ નથી, તેથી એ વીતમોહ પણ છે.

**મોહની રાગ-દ્વેષ કરતાં વિશેષ ભયાનકતા**

'મોહ' એટલે અજ્ઞાન, મિથ્યાજ્ઞાન, વિપર્યાસ, મૂઢતા, મિથ્યાત્વ, દુરાગ્રહ, અસત્ આગ્રહ, વ્યુદ્ગ્રહ વગેરે. રાગ, દ્વેષ બે મહાન ડાકુ આત્માને કબજે કરી આત્માના પોતાના અસલી સ્થાન (મોક્ષ)થી એને પરાઙ્મુખ રાખે છે. આ બે ડાકુ સાથે મોહ વળી ગજબનો લૂંટારો છે.

રાગ ભસ્યા વિના ફુંકી ચાટીને બચકું ભરે છે, દ્વેષ ભસીને બટકું ભરે છે,

જ્યારે મોહ અંધારામાં રાખીને કરડ્યા પછી ય કરડનાર તરીકે ઓળખાવા દેતો નથી.

રાગ-દ્વેષમાં આ કૂતરો છે એમ માલુમ પડે, મોહમાં કૂતરો છે એમ ખબર જ ના પાડે. મોહ કૂતરાને બકરું દેખાડે, સાપને દોરડું માની હાથમાં પકડાવે. 'દુનિયામાં જો કાંઈ કિંમતી છે તો તે જડ છે, શબ્દાદિ વિષયો, ધન, કુટુંબ, કાયા, ઘર, દુકાન વગેરે જ મહત્ત્વના છે, તે જ શ્રેષ્ઠ છે, તે જ સર્વસ્વ છે, તે જ

હિતકારી છે.' એવું એવું મોહ એને મનાવે છે. મોહાંધને મન કિંમત જડની. એની આગળ આત્મા કોઈ વસ્તુ જ નહિ. એ જડથી જ જીવી જડથી જ મરે; આ બધા ચાળા મોહના છે. **'આત્માને માટે દેહ છે'** એ વસ્તુ ભૂલી 'દેહ છે, તે જ વસ્તુ છે, માટે એની જ કાળજી કરવી' એમ માને. આત્મા માટે દેહને માનવાને બદલે દેહને ખાતર જ આત્મા સમજે.

જેટલો મોહ જીતવો મોંઘો છે, મોહથી જીતાવું તેટલું જ સહેલું છે. મોહ ન હોત, ને એકલા રાગદ્વેષ હોત તો, એ કરડી ખાનારા કૂતરાને ઓળખત. તો કૂતરા ઉપર વિશ્વાસ ન રાખત. મોહ કૂતરાને બકરો દેખાડે છે. તેથી બચકું બીજાએ ભર્યું હશે એમ નિશ્ચિતપણે બળાત્કારે મનાવે છે. બકરું કરડે ? કૂતરાને બકરું દેખાડવું તે મોહનું કામ. મોહ પ્રતિકૂળતાને અનુકૂળતારૂપે દેખાડે છે, અને અહિતને હિત તથા હિતને અહિતરૂપે સચોટ મનાવે છે. એ જગતના ભયંકર ત્રાસ, આયાસ અને વેદનાને પણ આનંદ મનાવે; જેમ, કોઈ દારૂ પીધેલાને તમાચો મારે તોય એ હસે છે ! ગંધાતી ગટરને સુખનો સાગર માને છે ! તે પ્રમાણે ગંધાતી ગટર જેવી કાયાને ઉપરના મઢેલા ચામડાનો મોહ ખુબસુરત મનાવે છે. મોહ ? વાહ ! તારી માયા !

મોહ આત્માને ભયંકર નુકશાન તો કરે જ છે, પણ નુકશાનને પાછો લાભમાં ખતવે છે. મોહને કાબૂમાં લો તો જ રાગ કાબૂમાં આવે. જીવ મોહ છે ત્યાં સુધી જ આનંદથી રાગ કરે છે અને રાગને હિતકારી માને છે. આત્મામાંથી મોહ એટલે મિથ્યામતિ ખસી ગયા પછી તો રાગને દુશ્મન દેખશે. રાગ કરતાં કાળજું કંપશે.

મોહ ભાન રહેવા દે નહિ; દોષને ગુણમાં ખતવી એના બચાવ જ કરાવે ! કોઈ આપણી ચીજ માગીને લે તે ખમાય, ભૂલમાં લે તેય ખમાય, પણ ઉપાડી જાય, આંચકી લે, ખૂંચવી લે અને પાછો પોતાને એનો હકદાર માને તે નથી ખમાતું; ગુંડાગીરી લાગે છે. 'ચોરી કરે અને પાછો શાહુકારીનો ફાંકો ? આ તો હદ થઈ' એમ થાય છે. બસ, મોહ આ કોટિનો ગુંડો, લુંટારો છે; એ ગુણોને આંચકી લે છે. છતાં એને એવો માનવાને બદલે પરમ મિત્ર માનીએ છીએ ! એ જ આપણી ગમારી છે. રાગદ્વેષના દૂષણની ઓળખાણ હજી હોય, દૂષણ તરીકે હજી માનવાનું બને, પણ મોહ દૂષણને દૂષણ તરીકે નહિ માનવા દેતાં, ગુણની મહોરછાપ મારી આપે છે !

આમ મોહથી દોષને દોષ તરીકે ન માનવો, ને ઊલટું દોષ પર ગુણનું લેબલ લગાડવું તે મહાભયંકર ! દળેલા મીઠાના ડબા પર ખાંડનું લેબલ મારી, પછી તે દૂધમાં નંખાય તો શું થાય ? દૂધ બગડી જાય. દોષના ડબા ઉપર ગુણનું લેબલ મારવાથી તેના તેના સંપર્કમાં આવતી ગુણકારી વસ્તુ દોષરૂપ થઈ જાય છે.

એક માણસ અભિમાની છે, પણ પોતે દોષિત છતાં જાતને ગુણવાન માને



છે. 'હું સમજુ છું, હું કાંઈ મૂર્ખ નથી, ભોંઠ નથી.' વગેરે અભિમાનથી પોતાના દોષ ઉપર ગુણનું લેબલ લગાડે; હોય પ્રમાદી, વાતોડીયા અવસ્થા, તથા ધર્મ પ્રત્યે અને આત્મહિત પ્રત્યે બેપરવાહી, ને પાછો તે ઉપર લેબલ મારે સાવધાનીનું આત્મ જાગૃતિનું ! ગુરુ ઘણું કહે પણ અભિમાન એને સત્ય વસ્તુ સમજવા જ ન દે. હોય અલ્પજ્ઞ અને જાણે પોતાને જ્ઞાનનો મહાસાગર માને. આવાને આત્મદોષના સ્પષ્ટીકરણની, પોતાની અધમ દશાના ખ્યાલની કે ત્યાગ-વૈરાગ્યની વાત પણ ન સ્પર્શે કેમકે મોહના ઘરનું હુંપદ છે, જાગૃતિ નથી આ ઘોર નિંદ્રા છે. અહંભાવનો ખોટો ખ્યાલ છે એ ખ્યાલ તેને 'અનંતજ્ઞાની આગળ હું કાંઈ વિસાતમાં નથી.' એ સમજવા નથી દેતો. હોય કૃપણતા દોષ પણ એને કરકસર નામનો ગુણ માને. હોય ખરાબ ગુસ્સો, પણ માને પ્રશસ્તદ્વેષ ! 'હું તો હિતનું કહું છું, હિત માટે કરું છું, એમ માને !

આ મોહમૂઢતા છે. એ ઓછી થાય તો ગુણ સમજે, ને અવગુણ કાઢવા કોશિશ થાય, તથા ગુણકારી વસ્તુના સંપર્કથી ગુણનું ગ્રહણ કરાય. મોહમૂઢતા અહંભાવ ને કુમતિ જાય તો આત્માનું સ્વરૂપ સમજાય. ગુણદોષનો વિવેક થાય, દોષ ઉપર ગુણનું લેબલ ન લગાવાય. સમજે કે 'પુણ્ય જાગ્રત હશે તો દોષ પણ લોકમાં ગુણ તરીકે ખપશે ખરા, પણ દોષ તે દોષ જ, ગુણ તરીકે દોષનું સેવન મહાભયંકર પરિણામ લાવશે.

એ અહંભાવ-મોહમૂઢતા છોડી સર્વજ્ઞનું ઉપશમ-વિરાગકારી શાસન સેવે તો જ દોષની પિછાણ અને નિકાલ થાય. બહાર પ્રત્યેના ઉઘાડા ડોળાથી તો બહારની આળપંપાળ વધશે, અને દોષો ગુણ નહિ થાય. જીવને કહો કે 'બચાવ તરીકે આગળ ધરેલા અને પોષેલા દોષ નહિ તજે તો ભારે થઈ પડશે ! સમજ સમજ, વીતરાગનું શાસન છોડી, મોહના જોરે જગતની શાબાશીની ઘેલછા પાછળ, મનઃકલ્પિત ખોટા સુખ પાછળ, ને સગવડ સાહ્યબીના ખોટા કદાગ્રહ પાછળ, તારા હાથે તારા આત્માને ગુણથી દૂર-અલગ કરી રહ્યો છે ! અને આત્માને દોષોમાં ડુબાડી રહ્યો છે ! માટે મોહનો ત્યાગ કર. એ માટે નિર્મોહી પરમાત્માની અહર્નિશ નિરંતર ઉપાસના કર.'

## • સંસારનું સ્વરૂપ •

પંચસૂત્રના પહેલા સૂત્રમાં મુક્તિની સાધનાના પ્રથમ પગથિયા તરીકે બતાવેલ જે પાપનાશ, તેના ઉપાય કહેવા છે તે એટલા જ માટે કે પાપના ઉચ્છેદથી સંસારનો ઉચ્છેદ થાય, એ સંસાર કોનો છે ? ક્યારનો છે ? કેવી રીતે થયેલો

છે ? અને કેવા સ્વરૂપ અને પરિણામવાળો છે ? એ આ સૂત્રમાં બતાવ્યું છે. જીવનો સંસાર અનાદિ છે.

**જીવ એટલે આત્મા.** 'અતતિ' યાને ભિન્ન-ભિન્ન પર્યાયો (અવસ્થાઓ)માં સતત ચાલે તે 'આત્મા'. એ આત્મદ્રવ્ય અનાદિકાળથી છે, સનાતન છે; પણ નહિ કે નવું જ ઉત્પન્ન થાય છે. શરીરથી આત્મા ચૈતન્ય તદ્દન નવું ઉત્પન્ન થાય એવું નથી. કેમકે પૂર્વે જે અવસ્થા અસત્ હોય, તે કદીય ઉત્પન્ન થઇ હયાતિમાં આવી શકે નહિ, તેમ અહીં પણ પંચભૂતના સમૂહથી આત્મા નવો જ ઉત્પન્ન થતો મનાય નહિ. માટીના પિંડામાં અપ્રગટરૂપે ઘડો છે, તો જ તેના ઉપરની ક્રિયાથી ઘડો પ્રગટ થાય છે. તંતુમાં અપ્રગટરૂપે પણ ઘડો નથી તેથી તંતુ-ક્રિયાથી કદીય ઘડો પ્રગટ થતો નથી. તેવી રીતે પૃથ્વી આદિ પંચભૂતમાં અપ્રગટરૂપે ચૈતન્ય છે જ નહિ, તેથી એમાં નવું જ પ્રગટ ન થાય, આત્મા તેનાથી ઉત્પન્ન થયો એમ ન કહેવાય. આ સિદ્ધાંતને સત્કાર્યવાદ કહે છે. સ્યાદ્વાદની શૈલીએ તો સદસત્કાર્યવાદ છે, અર્થાત દા.ત. માટીમાં ઘડો કથંચિત સત્ છે, એટલે કે સત્ પણ છે, અને અસત્ પણ છે. અણઘડાયારૂપે સત્ છે, ઘડાયેલા ગોળાકારરૂપે અસત્ છે. જ્યારે તંતુમાં ઘડો સર્વથા અસત્ છે. આત્મા પણ સર્વથા અસત્ માનીએ તો કદીય પ્રગટ થાય નહિ માટે આત્મા અનાદિ કાળનો અને જડ ભૂતોથી તદ્દન જુદી જાતનો સિદ્ધ થાય છે. એ આત્મા પોતાના પ્રદેશો ઉપર કર્મના યોગે શરીર રચે છે.

**પ્ર.**- પંચભૂતોના સમુદાયની વિશિષ્ટ શક્તિથી ચેતના કેમ ઉત્પન્ન ન થાય ?

**ઉ.**- આવી કોઇ વિશિષ્ટ શક્તિ છે, એમાં પ્રમાણ શું ? કેમકે તમે તો પ્રત્યક્ષવાદી, એટલે દેખાય એટલું જ માનનાર; તેથી અદૃશ્ય શક્તિ માનો નહિ; અને પ્રત્યક્ષ શક્તિ ભૂતોમાં દેખાતી નથી. ચેતના જે દેખાય છે, તે ક્યાંથી આવી તેનો તો પ્રશ્ન છે. ને જો અદૃશ્ય શક્તિ માનો તો અદૃશ્ય આત્માજ કેમ ન માનવો ? વળી શરીરમાં જ એ માનવી છે તો મરેલા શરીરમાંયે પાંચ ભૂત તો છે, પછી એમાં કેમ ચેતના નહિ ? માટે કહો કે આત્મા એક સ્વતંત્ર વસ્તુ છે, તે અનાદિ સત્ છે, શરીર સાથે માત્ર તેનો સંબંધ થાય છે, એટલું જ; તેને જ જન્મવું કહે છે.

**સંસારનું સ્વરૂપ :-** જેમ આત્મા અનાદિકાળનો છે, તેમ જીવનો ભવ (સંસાર) પણ અનાદિ છે. તે 'સંસાર' એટલે આત્માની પલટતી રહેતી અશુદ્ધ અવસ્થા, મનુષ્યાદિ ગતિ, શરીર, વગેરે વિભાવ દશા કોઇ કાળે જીવ તદ્દન શુદ્ધ હતો ને ત્યારે સંસાર હતો જ નહિ' એવું નથી. નહિતર પહેલાં શુદ્ધ ને પછી એકાએક અશુદ્ધ થયો કહો, તો કારણ વિના કાર્ય થયું ! પણ કારણ વિના કદી કાર્ય બને નહિ.

જેમાં પ્રાણીઓ કર્મને પરવશ મનુષ્ય, દેવ આદિ રૂપે થાય છે એવા આ



સંસારને ભવ કહે છે. તે સંસાર પણ અનાદિકાળથી કર્મસંયોગથી ચાલ્યો આવે છે. અનાદિની વસ્તુ અનાદિની ચાલી આવતા કારણોએ હોય; નહિતર તો જો કોઇક વખતે આત્મા કર્મસંયોગથી રહિત હોત, તો તે શુદ્ધ હોત; પણ પછી તો શુદ્ધ આત્માને મુક્તિ પામેલા જીવની જેમ, કદીએ સંસાર શરૂ થવાનું કાંઇજ કારણ નથી, તેથી સંસાર થાય જ શી રીતે ? વર્તમાન સંસારનું અને શરીર-ઈન્દ્રિય-પ્રાણ વગેરેનું કારણ પૂર્વના બાંધેલા કર્મ છે, જેવાં જેવાં પૂર્વ કર્મ, તેવું તેવું શરીર વગેરે મળે માટે શરીરાદિ એની પૂર્વના કર્મને આધીન છે. ત્યારે તે કર્મ, શરીર વગેરે સંસારના ભાવોને લીધે રચાયેલાં છે. તે શરીરાદિ એની પૂર્વના બાંધેલા કર્મથી મળેલા. તે કર્મ તેથી પૂર્વના શરીર દ્વારા અને તે શરીર પૂર્વના કર્મ દ્વારા... આ રીતે પૂર્વ પૂર્વ કાળનો વિચાર કરતાં સંસાર અને કર્મસંયોગોનો પ્રવાહ અનાદિ સિદ્ધ થાય છે. યુક્તિસિદ્ધ આ અનાદિતા ન માનતાં, 'ક્યારેક શરૂઆત તો થઈ જ હોય ને ?' આવો દુરાગ્રહ રાખવો ખોટો છે, મનમાની કલ્પના કરવી તે યુક્તિરહિત છે. કેમકે એમ તો તે તદ્દન આદ્ય શરૂઆતને કારણ વિનાની માનવી પડશે, અને તે ખોટું છે. જગતમાં કારણ વિના કાર્ય બની શકતું જ નથી. કોઈ પણ કર્મ-સંયોગ કે સંસાર, વ્યક્તિગત રીતે ઉત્પન્ન થવાવાળો હોઈ, જરૂર પ્રારંભવાળો છે; છતાં, એની પૂર્વે એના કારણ તરીકે બીજો એવો સંસાર અને કર્મ-સંયોગ હતો જ એ અનિવાર્ય છે. એમ પૂર્વે પૂર્વે વિચારતાં સંસાર એ પ્રવાહથી અનાદિનો સિદ્ધ થાય છે. અર્થાત્ સંસાર થવાની ક્રિયા અનાદિથી ચાલુ છે. જેમ કોઈ પણ સમય, ઘડી, વર્ષ વગેરે કાળ ઉત્પન્ન થવાવાળો છે, છતાં આવા કાળનો પ્રવાહ અનાદિથી ચાલુ છે; તેવું સંસાર માટે સમજવું.

આ સંસાર દુઃખરૂપ, દુઃખફલક અને દુઃખાનુબંધી છે.

**(૧) દુઃખરૂપ** કહ્યું તે સૂચવે છે કે સંસાર દુઃખવાળો છે એમ નહિ, પરંતુ ખુદ દુઃખ છે, દુઃખસ્વરૂપ છે એમાં દેખાતું વિષયસુખ એ ખરેખર દુઃખ છે, સુખાભાસ છે; કેમકે, જેમ ખસ, દાદર, કે ખરજવામાં ઉપડેલી ચળના દુઃખ પર ખણવાથી તે દુઃખનો ક્ષણિક પ્રતિકાર અને ક્ષણિક સુખાભાસ લાગે છે, પણ પછી વિશેષ દુઃખ થાય છે, તેમ પૂર્વે ઉત્પન્ન થયેલાં તૃષ્ણાની ચળના દુઃખનો વિષયસંપર્કથી ક્ષણિક પ્રતિકાર અને ક્ષણિક વિષયસુખ ભાસે છે; પરંતુ પછી ચળની જેમ ભયંકર નવી તૃષ્ણા ખણજ અને નવા દુઃખને જગાવનાર બને છે એટલે, વસ્તુગત્યા સંસારની કોઈ વાત એવી નથી કે જે દુઃખરૂપ ન હોય. અથવા જન્મ, જરા, મૃત્યુ, રોગ, શોક, એ જ મહાન દુઃખ છે, એટલે એમાં સમાયેલ વિષયસુખ દુઃખ જ ગણાય. દા.ત. નજર કેદમાં પુરાયેલ રાજાને બંગલો-પકવાન્ન-સંગીત બધું દુઃખરૂપ જ લાગે છે. તો સંસાર આવો જ છે.

(૨) **વળી સંસાર દુઃખફલક** એ રીતે કે સંસાર ભવાન્તરમાં બીજી ગતિમાં જન્મ, જરા, મૃત્યુ રોગ, શોક વગેરે આપે છે, તેથી ફલરૂપે (પરિણામે) પણ સંસાર દુઃખ આપનારો છે. આનું કારણ એ છે કે પૂર્વ કર્મના હિસાબે અવશ્ય વેદ્ય એવા આ જન્મ-જીવન-જરા-મૃત્યુ વગેરે એવી રીતે વિતાવાય છે કે એમાંથી નવો જન્માદિરૂપ સંસાર પાછો દુઃખરૂપ ખડો થાય છે માટે સંસાર એ ફળમાં પણ દુઃખ આપનારો છે.

(૩) **તે સંસાર દુઃખાનુબંધી** છે, અર્થાત્ સંસારનું ફળ દુઃખ પણ એકવાર આવી પતી જાય એમેય નહિ, પણ અનેક જન્મોનાં દુઃખની પરંપરા સર્જે છે; અર્થાત્ (૧) અનેક ભવો સુધી વેઠવા પડે એવા કર્મોને તથા (૨) અનેક ભવોમાં જઈને નવાં નવાં અશુભ કર્મ ઊભાં કરે એવાં કર્મ-બીજોને વર્તમાન સંસાર પેદા કરતો હોવાથી જન્મ વગેરે દુઃખોની પરંપરાને ચલાવનારો પણ છે, એટલે કે સંસાર દુઃખોની પરંપરાને ચલાવનારો પણ છે, એટલે કે સંસાર દુઃખાનુબંધી છે.

આ જોતાં, અહો ! આપણો જીવ ક્યારનોય છે ! એને ભટકવાનું કેવા અનાદિ અનંતકાળથી ચાલુ છે ! અને કેવા ઘોર દુઃખો અનંતકાળથી એ વેઠી રહ્યો છે ! છતાં હજી આવા કારમા સંસારથી અરે! એ થાક્યો નથી ? થાક્યો હોય, કંટાળ્યો હોય, તો સંસારનો અંત લાવવા કેમ કટીબદ્ધ ન થાય ? અનંતકાળના લેખામાં અતિઅલ્પ કાળવાળો આ માનવભવ કઈ ગણતરીમાં ? એવા અલ્પકાળમાં કષ્ટ વેઠી સંયમ સાધી લે તો શું બગડે ? છતાં મૂઢ જીવ પૂર્વની જેમ અનંતા જન્માદિ દુઃખોની પરંપરા ઊભી થાય એવું જ કરવામાં રચ્યો પચ્યો રહે છે ! એથી અફસોસ ! મહામૂલા ઉત્તમ માનવ જીવનને વેડફી રહ્યો છે ! કેટલી બધી કિંમત ખર્ચીને આ ભવ હાથમાં આવ્યો છે, એનું એને ભાન નથી. તેથી તેનો કેવો ઘેલો ઉપયોગ કરે છે ! એ લાખોના હીરાથી મૂઠી મમરા ખરીદવાની જેમ તુચ્છ અને આત્મઘાતક વિષયસુખો ખરીદવામાં માનવભવનો ઉપયોગ કરી રહ્યો છે ! અહા હા હા ! જીવ ! જરા થોભ, વિચાર કે ત્યારે હવે આ સંસાર ટાળવાનો ક્યારે ?' એ ટાળવો હોય તો એના ઉપાય છે. પણ એ ઉપાય ચોક્કસ રીતે સાધવા જોઈએ.

**સંસારોચ્છેદક ઉપાય સાધવાની રીત :-**

સંસારનો ઉચ્છેદ (નાશ) જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપ શુદ્ધ ધર્મથી થાય. પણ તે ધર્મ
(૧) ઔચિત્ય સાથે (૨) સતત (નિરંતર) દીર્ઘકાળ
(૩) સત્કાર સહિત, અને (૪) વિધિપૂર્વક સેવાય તો.





એમ ન માનવું કે વ્રતધારી ગૃહસ્થ શ્રાવકથી અને તેથીયે ઉતરતા અવ્રતી ગૃહસ્થથી આવી આરાધના શે થાય ? થાય, અભિગ્રહ (પ્રતિજ્ઞા)ના પાલનથી થાય અર્થાત્ પોતાની કક્ષાની દર્શન-જ્ઞાન-ચારિત્રની વિવિધ આરાધના પ્રતિજ્ઞા સાથે કરવાથી થાય. આ ચાર રીતનો થોડો વિચાર કરીએ.

(૧) **સર્વત્ર ઔચિત્યનું પાલન** જીવનમાં ન હોય તો શુદ્ધ પણ ધર્મની સાધના આત્માના અનાદિના કુસંસ્કારો મિટાવી દેવા સમર્થ નથી બનતી. અનુચિત આજીવિકા અને અયોગ્ય વર્તાવ આત્માને કઠોર રાખે છે; અને કઠોર આત્મામાં સમ્યગ્દર્શન વગેરે ગુણો પરિણમતા નથી, આત્મા સાથે એકમેક થતા નથી. જેમ ઘડો-કુંડું-કલાડું વગેરે ભિન્નભિન્ન આકૃતિના પરિણામ (ઘાટ) કઠણ માટી પર ઉતારી શકાતા નથી, પરંતુ ટીપાઈ-ટીપાઈને કૂણી બનેલી માટી પર જ શક્ય છે; તેવી રીતે અયોગ્ય વર્તનથી કઠણ રહેલા આત્મા માટે સમજવું. જ્ઞાન-દર્શન-ચારિત્ર એ પણ આત્માના પ્રદેશે પ્રદેશ પર ઉતારવાનો પરિણામ છે. તે ત્યારે જ ઊતરે કે, જો આત્મા ઔચિત્યના પાલનથી મુલાયમ બને. ઔચિત્ય જાળવવામાં આત્માને વધુ પડતો લોભ, ગુસ્સો, અહંભાવ, ક્ષુદ્રતા વગેરે તજવા પડે છે, તેથી આત્મા પોચો પડે છે.

(૨) **સતત દીર્ઘકાળ** ધર્મસેવન એટલા માટે જરૂરી છે કે ભૂતકાળમાં અનંત ભવોમાં મિથ્યાત્વની અજ્ઞાનની તથા હિંસાદિ પાપોની અને ઇન્દ્રિયોની અવિરતિની સતત ધારાબદ્ધ પાપપ્રવૃત્તિએ આત્મામાં મિથ્યાત્વ, મૂઢ દશા, અજ્ઞાન અને પાપપ્રવૃત્તિ દૃઢ કર્યા છે. આને મિટાવવા માટે પ્રતિપક્ષી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મલ પ્રવૃત્તિ જીવનમાં દીર્ઘકાળ અને તે ય સતત આચરાવી જોઈએ. શરીરમાં દીર્ઘકાળથી ગાઢપણે વ્યાપી ગયેલ રોગને દૂર કરવા જેમ ઔષધનું સેવન લાંબો સમય સતત કરવું પડે છે, તેવું જ મિથ્યાત્વાદિ ગાઢ સંસાર-રોગને દૂર કરવા સમ્યગ્દર્શનાદિ સતત દીર્ઘકાળ આચરવા જોઈએ.

(૩) **સત્કાર :-** વળી તે ધર્મનું સેવન સત્કાર સાથે એટલે કે હૃદયના આદર-બહુમાન સાથે થવું જોઈએ. જીવે સંસાર-રોગને વધારનાર મોહને આદર સાથે સેવ્યો છે, માટે જ સંસારમાં અનેક કષ્ટ અને ત્રાસ વગેરે અનુભવવા છતાં સંસાર પરનો મોહ, જેમ બહુ સત્કારેલા પુત્ર પરથી મોહ ન ખસે તેમ, ખસતો નથી, અને સંસાર ઉપર ઉદ્વેગ થતો નથી. એ તો મોક્ષ સાધક સમ્યગ્દર્શનાદિ ધર્મ પણ હૃદયના બહુમાન સાથે જો આચરાય તો જ મોક્ષપ્રીતિ વધે, મોહમાયા ઘટે, અને ક્રમે કરીને સંસાર રોગ નાબૂદ થાય. વાત સાચી છે કે શેઠની નોકરી સતત સેવવા

છતાં નોકર બહુમાન ન ધરાવતો હોય. તો તેની કિંમત નથી અંકાતી; એને સારો લાભ નથી મળતો અથવા, પત્નીની પતિ પ્રત્યેની સતત પણ આદર વિનાની સેવા પતિને (આકર્ષી) આવર્જી શકતી નથી એમ આદર બહુમાન વિના ધર્મ સેવાય તો એની દિલમાં સગાઈ થતી નથી; એટલે પ્રતિપક્ષી મિથ્યાત્વ-કષાય વગેરેનું હૃદયમાંથી સ્થાન મટીને ધર્મ સ્થાન પામી શકતો નથી.

(૪) **વિધિ-** આ ઉપરાંત ધર્મ-શ્રવણમાં વિધિનું પાલન જરૂરી છે. આદરપૂર્વક અને સતત પણ સેવા કરનારો પુત્ર જો વિધિસર સેવા ન કરે, તો અવિવેકીપણાને લઇને પિતાને તેટલા પ્રમાણમાં આવર્જી શકતો નથી. ઔષધ પણ સતત અને બહુમાનપૂર્વક સેવાવા સાથે તે સમય, તે તે અનુપાન, તે તે કુપથ્યનો ત્યાગ વગેરે વિધિપૂર્વક સેવાવું જોઇએ છે; નહિતર તે રોગને ન કાઢી શકે. રાજાની સરભરા પણ આદર ઉપરાંત વિધિને ય જરૂર માગે છે. તેવી જ રીતે ભવરોગને કાઢનાર ધર્મ-ઔષધનું સેવન શાસ્ત્રે કહેલી વિધિ મુજબ થવું જોઇએ.

અહીં **ઔચિત્યમાં** આજીવિકાનો યોગ્ય વ્યવસાય, ઉચિત લોકવ્યવહારનું પાલન, ઉચિત રહેણીકરણી, ઉચિત ભાષા અને ભોજન, કુટુંબ-વડીલ-મિત્રમંડળ વગેરે સાથે ઉચિત વર્તાવ, આમ બધે જ ઔચિત્ય જોઇએ.

**સાતત્યમાં** દર્શન-જ્ઞાન-ચારિત્રની તે તે વૃત્તિઓ જીવનમાં નિત્ય નિયમિત પણે લાંબો સમય સળંગ ચાલવી જોઇએ, કે તેથી એના સંસ્કારો પર સંસ્કારો દઢ થતા જાય.

**આદરમાં** તે તે ધર્મ અને ધર્મી પર રત્નના નિધાનની જેમ પ્રીતિ, તેમની વાર્તા પર રાગ, તેમની નિંદાનું અશ્રવણ, નિંદકની દયા, સંસારની બીજી કોઇ પણ વસ્તુ કરતાં તે ધર્મની અધિક કદર, ધર્મ પામવાની અતિ આતુરતા, પામવા માટે વિશિષ્ટ ઉદ્યમ, પામતાં સંભ્રમ અને રોમાંચનો અનુભવ, તથા પામ્યાનો એટલો આનંદ કે પોતાના જીવનને એથી જ મહા ભાગ્યવંત માને, અને તેને કોઇ બાધ ન આવે તેવી કાળજી રાખે.

**વિધિમાં** શાસ્ત્રે બતાવેલ તે તે કાળ, સ્થાન, આસન, મુદ્રા, આલંબન વગેરેનું પાલન જોઇએ. જ્ઞાન-દર્શન-ચારિત્રના આઠ આઠ પ્રકારોના આચારોનું તેમજ તપના બાર આચારોનું આસેવન; વળી આ ધર્મ વિનાના આત્માઓ ઉપર ભાવ દયા; તથા ધર્મ પામેલા ઉપર સહર્ષ પ્રેમ-ઇત્યાદિ વસ્તુઓ પણ આંતરિક ધર્મસિદ્ધિની વિધિમાં ગણાવી શકાય.

**અભિગ્રહનું મહત્ત્વ :-**

આ સ્થિતિ ઊભી કરવા, જીવનમાં તે અંગેના અભિગ્રહો (પ્રતિજ્ઞા) લઇને



એનું પાલન ખૂબ જ ઉપયોગી થાય કેમકે, અભિગ્રહથી ધર્મ સતતપણે જીવનમાં ટકે છે. ધર્મ પૂર્વે કહેલ સમ્યગ્દર્શનાદિરૂપ સમજવો. આવા શુદ્ધ ધર્મની સમ્યક્ પ્રાપ્તિ એટલે કે એવો નાશ કે જેની પછી ફરીથી તે પાપ ઊભું ન થાય, બંધાય નહિ, એ રીતનું દૂરીકરણ. આવા પાપનાશને કરવા માટે તથાભવ્યત્વ (સ્વભાવ), કાળ, નિયતિ (ભવિતવ્યતા), કર્મ (પુણ્ય-પાપ) તથા પુરુષાર્થ, એ પાંચ કારણોનો સમવાય (અનુકુળ સંયોગ) જોઇએ. આમાં તથાભવ્યત્વનો પરિપાક કરવાથી બીજા કારણ અનુકૂળ બની આવે છે.

**તથાભવ્યત્વનું સ્વરૂપ :-** 'ભવ્યત્વ' એટલે સામાન્યથી કોઇપણ ભવ્ય જીવની મોક્ષ પામવાની યોગ્યતા; અને 'તથાભવ્યત્વ' એટલે વિશિષ્ટ ભવ્યત્વ; તે તે ભવ્ય જીવની મોક્ષ પામવાની વૈયક્તિક યોગ્યતા. ભવ્યત્વથી તથાભવ્યત્વને જુદું કહેવાનું કારણ એ છે, કે સામાન્યથી સર્વ ભવ્યોમાં ભવ્યત્વ સ્વભાવ સરખો હોવા છતાં મુક્તિ એક સરખી રીતિએ થતી નથી, કિન્તુ જુદા જુદા કાળે, જુદી જુદી સામગ્રી પામીને અને ભિન્ન ભિન્ન રીતે ધર્મબીજની પ્રાપ્તિ થઇને થાય છે. તે પણ મોક્ષ પર્યંત બીજની ઉપર અંકુરાદિના વિકાસથી મોક્ષ થાય છે. એ વિચિત્રતા વસ્તુના સ્વભાવની (ભવ્યત્વની) વિચિત્રતા વિના ન બની શકે. જુદી જુદી વ્યક્તિઓનું આ જુદું જુદું ભવ્યત્વ એ જ તે તે વ્યક્તિનું તથાભવ્યત્વ.

આ તથાભવ્યત્વ એ સાધ્ય વ્યાધિ જેવું છે. રોગ અસાધ્ય હોય તો નાઈલાજ. પણ સાધ્ય હોય તો સાધનોથી એ રોગ પકવીને, અંતે આરોગ્ય થયેથી, અંત પામે છે. તેમાં તથાભવ્યત્વ પણ ઉપાયોથી સંપૂર્ણ પાકી શકે છે, અને અંતે ભાવ-આરોગ્ય જે મોક્ષ, તે પ્રાપ્ત થતાં તથાભવ્યત્વ અંત પામે છે. આ તથાભવ્યત્વના પરિપાક માટે પંચસૂત્રકાર મહર્ષિ ત્રણ સાધનો બતાવે છે.

**(૧) ચતુઃશરણ-ગમન (૨) દુષ્કૃતગર્હા (૩) સુકૃતાનુમોદન**

આ ત્રણથી તથાભવ્યત્વ પાકવા માંડે એટલે પાપકર્મ મહામોહનો નાશ થાય; એથી મોક્ષમાર્ગની સાધના થવા માંડે; એમ કરતાં સંપૂર્ણ કર્મનો ક્ષય થવાથી સંસારનો ઉચ્છેદ થાય, એટલે મોક્ષ થાય.

## • તથાભવ્યત્વ પકવવાનાં સાધન •

(i) તથાભવ્યત્વનો વિપાક (પરિપાક) કરવાનાં સાધનો ત્રણ છે. પહેલું સાધન અરિહંત, સિદ્ધ, સાધુ અને સર્વજ્ઞભાષિત ધર્મનું સાચું શરણ સ્વીકારવું તે, એક માત્ર રક્ષણ સ્વીકારવું તે.

**જગતનાં બીજાં ધન-માલ-પરિવારનાં શરણાં એ ઉપચારથી શરણાં છે, અર્થાત્ કહેવાતાં શરણાં છે, સાચાં શરણ નહિ.** કેમ કે,

(૧) તે સ્વીકાર્યા પછી ખરું રક્ષણ મળતું નથી, હંમેશની આપત્તિ ટળતી નથી;

(૨) એટલે ફરી ફરી તે શરણાંની અપેક્ષા રહે છે, વળી

(૩) તેમાં થાપ ખાવાનો સંભવ છે, ને

(૪) પરિણામે તો જીવની અવશ્ય નિરાધાર અને દુઃખદ સ્થિતિ છે.

જ્યારે આ શરણમાં સાચાં અને સચોટ રક્ષણ મળે છે, એ સર્વ પ્રકારની આપત્તિઓથી બચવાનો શ્રેષ્ઠ ઉપાય છે, અને તે પામ્યા પછી કદી ધોખાનો સંભવ નથી. તેમજ પછી ભવિષ્યમાં વારે વારે શરણાં લેવાં પડતાં નથી કેમ કે ક્રમે કરીને આત્મા તેનાથી જરૂર સંસારથી મુક્ત થઈ જાય છે.

(ii) તથા ભવ્યત્વને પકવવાનું બીજું સાધન દુષ્કૃતગર્હા, યાને આ ભવમાં અને પરભવમાં કરેલા દુષ્કૃત્યોની પશ્ચાત્તાપપૂર્વક ગુરુ-સાક્ષીએ નિંદા કરવી તે છે. આમાં 'તે દુષ્કૃત્યો જરાય કર્તવ્ય નથી, અરે ! મેં એ ખોટું કર્યું છે.' તેવી બુદ્ધિ સાથે, 'તે મિથ્યા થાઓ' એવી હાર્દિક ભાવના જાગ્રત રહે છે. ગુરુની સાક્ષીએ આ દુષ્કૃત્યોનું યથાસ્થિત નિવેદન, અને 'અહો ! આ મેં ખોટું કર્યું !' એવો સ્વહૃદયે પશ્ચાત્તાપ જુગુપ્સા એ રૂપી ગર્હા, આ બે પૂર્વે બંધાયેલ કર્મના અનુબંધોને તોડવામાં અપ્રતિહત (સચોટ) શક્તિ ધરાવે છે. કર્મના અનુબંધ એટલે કર્મમાં રહેલી પોતાના ઉદય વખતે નવા કર્મબંધ પરંપરા ચલાવવાની બીજ-શક્તિ.

(iii) ત્રીજું સાધન સુકૃતની આસેવના. એટલે કે અરિહંતાદિ આત્માઓની ઉત્તમ ગુણોની અનુમોદનાનું આસેવન. અહીં 'આસેવન' શબ્દથી અનુમોદન એટલા માટે લીધું કે અનુમોદન જો વિવેકવાળું, એટલે કે દંભ વિનાનું અને વસ્તુની કદર (મૂલ્યાંકન) વાળું હોય, સાથે નિયમિત થતું હોય, તો આત્મામાં અખંડ શુભ અધ્યવસાયને અવશ્ય સાધી આપે છે. જ્યારે, સારી પ્રવૃત્તિને જાતે કરવામાં કે બીજા પાસે કરાવવામાં નિશ્ચિતપણે તેવા ભાવની સિદ્ધિ થાય જ એવું હંમેશા નથી બનતું. અનુમોદનામાં તો મન-વચન-કાયા ત્રણેનીય પ્રસન્નતા જોઈએ; અને તે આત્મામાં મહાન શુભ પરિણતિને જગાડ્યા વિના રહેતી નથી. પુણ્ય કે પાપ ત્રણ રીતે થાય, સ્વયં કરવાથી, બીજા પાસે કરાવવાથી, કે જાતે અનુમોદવાથી. આમાં ઉત્તમ (શુભ) અનુષ્ઠાનોની અનુમોદના એ પણ એક પ્રકારનું આસેવન છે, એક પવિત્ર કાર્ય છે. તેથી વિશુદ્ધ ભાવો હૃદયમાં જાગે છે.

આ ત્રણે ઉપાયો ઔષધની જેમ ઔચિત્ય, સતતપણું, સત્કાર અને વિધિથી સેવાતાં, સાધ્યરોગની જેમ તથાભવ્યત્વનો પરિપાક કરે છે; અને તે પરિપાક થતાં, પાપ કર્મ નાશ પામી, શુદ્ધ ધર્મની ભાવથી પ્રાપ્તિ થઈ ક્રમશઃ સંસારનો ઉચ્છેદ થાય છે. જે કારણ થકી આ ત્રણ સાધનોથી અવશ્ય દુઃખમય, દુઃખફલક, અને



દુઃખાનુબંધી સંસારના નાશરૂપ પ્રસ્તુત તત્ત્વની સિદ્ધિ થાય છે, એટલા જ માટે મોક્ષાર્થી ભવ્ય જીવે એ ઉપાયોનું સેવન હંમેશા કરવું જોઈએ.

**તે પણ પ્રશસ્ત પ્રણિધાન** યાને એકાગ્રતા, ભાવ વિશુદ્ધિ અને કર્તવ્યના નિશ્ચય સાથે કરવું જોઈએ; અર્થાત્ જ્યારે જ્યારે એ કરાય ત્યારે ત્યારે સુંદર પ્રણિધાન સાથે કરવું જોઈએ, કેમ કે કાર્ય-સિદ્ધિમાં પ્રણિધાન એ સાધનાનું પ્રધાન અંગે છે. કહ્યું છે કે, પ્રણિધાનથી કરેલું કર્મ ઉત્કટ વિપાકવાળું માન્યું છે; કેમ કે, એના અવશ્ય અનુબંધ પડે છે, અને એથી એ આગળ પ્રવૃત્તિ વગેરે યોગસિદ્ધિ સુધી પહોંચાડે છે. 'ષોડશક' શાસ્ત્રમાં સાધક માટે પ્રણિધાન-પ્રવૃત્તિ-વિઘ્નજય સિદ્ધિ એ ક્રમ બતાવ્યો છે, તે પ્રણિધાન અતિ આવશ્યક્તા સૂચવે છે.

**શાલિભદ્રના જીવે** પૂર્વભવમાં થોડું પણ દાન કર્યું, ગુરુનો સત્કાર કર્યો અનુમોદના કરી યાવત્ અંતકાળે ગુરુનું અને ત્યાગ ધર્મનું શરણ સ્વીકાર્યું, આ બધું એવા પ્રણિધાનથી કર્યું કે પરભવે રોજની અમૂલ્ય નવ્વાણું દેવતાઈ પેટી ઉપરાંત એનોય ત્યાગ અને પ્રભુનું શરણ મળ્યું !

હવે ધ્યાનમાં રાખવું, કે જો તીવ્ર સંકલેશ એટલે કે રાગદ્વેષનો અનુભવ થઈ આત્માને અતિ હર્ષ કે ઉદ્વેગ, રતિ કે અરતિ, યા મદ-તૃષ્ણાદિ વગેરે થતા હોય તો આ ત્રણ ઉપાયનું સેવન વારંવાર કરવું જોઈએ. બાકી સંકલેશ ન હોય અને સ્વસ્થતાએ કાળ પસાર થતો હોય, ત્યારે પણ રોજ ત્રણ સંધ્યાએ તો આ ત્રણ સાધન અવશ્ય સેવવા જોઈએ.

આમાં પહેલો ઉપાય 'ચાર શરણાં' કેવી રીતે સ્વીકારવાં તે બતાવે છે. અહીં એ ખાસ સમજવાનું છે કે આ જીવે આમ તો ચાર શરણાં સ્વીકારવાનો દેખાવ ઘણી વખત કર્યો હશે. કેમ કે શાસ્ત્ર જ્યારે કહે છે કે, આ જીવે અનંતીવાર ધાર્મિક દ્રવ્ય ક્રિયાઓ કરી તો પછી એમાં ચારિત્ર જેવી કષ્ટમય જીવનચર્યાએ પણ પહોંચેલા જીવે શું ચાર શરણાં સ્વીકારવાની ક્રિયા નહિ કરી હોય ? કરી હશે, છતાં પાપપ્રતિઘાત થયો નહિ. એ સૂચવે છે કે સાચો શરણ-સ્વીકાર જ કર્યો નથી. આપણે સામાન્યથી એમ કહીએ કે 'મારે અરિહંતનું શરણ છે, સિદ્ધનું શરણ છે,' એટલા માત્રથી ઉપાયભૂત શરણાંનો સાચો સ્વીકાર થતો નથી.

**પ્ર.**- ત્યારે, 'એમાં શું કરવાનું બાકી રહે છે કે જેથી આપણે ભાવથી શરણ સ્વીકાર્યાં એમ કહી શકાય ?

**સાચા શરણ સ્વીકારનું સ્વરૂપ :-**

**ઉ.**- અહીં સમજવાનું છે, કે ગ્રંથકાર જે અરિહંત પરમાત્માદિ ચારનું શરણું આપણી પાસે સ્વીકારવા ઇચ્છે છે. ત્યાં પોતે તે અરિહંતદેવ, સિદ્ધ ભગવાન

વગેરેના અમુક અમુક ચોક્કસ વિશેષણો કહે છે, અને આપણે તે તે વિશેષણોની શ્રદ્ધા સાથે શરણું સ્વીકારવું જોઈએ, એ સૂચિત થાય છે. હવે જો શરણું સ્વીકારવાની અભિલાષાવાળો તે તે વિશેષણોની શ્રદ્ધા નહિ કરે તો સાચું શરણું નહિ થાય. તે તે વિશેષણો એમનામાં યથાસ્થિત છે એવું શ્રદ્ધાથી ત્યારે માન્યું ગણાય કે જો એમનાથી અન્યમાં તે વિશેષણો ઘટે એવા નથી બલ્કે તેથી વિપરીત સ્થિતિ છે, એવું હૃદયે સચોટ વસી જાય. તાત્પર્ય એ છે કે જેમનું શરણું સ્વીકારીએ છીએ, તેમનામાં મુખ્યપણે તે ગુણો સચોટ રીતે માનવા જોઈએ, અને અન્યમાં તે ગુણો નથી બલ્કે વિપરીત દોષો છે, એ પણ હૃદયનાં ઊંડાણમાં ઠસેલું હોવું જોઈએ. આમ કરવાથી સાચી રીતિએ તે તે ગુણોથી સંપન્ન શ્રી અરિહંતદેવ વગેરે જ સાચું શરણું આપનારા લાગશે; અને જીવ પણ એક માત્ર તેમનું જ શરણું સ્વીકારશે, એટલું જ નહિ, પણ આવું શરણ પામ્યાથી પોતાની જાતને મહા ભાગ્યશાળી સમજશે. પોતે આ શરણારૂપી રત્નનું મહાનિધાન પામ્યો એનું એને ગૌરવ રહેશે. એની આગળ કોઈ સાંસારિક અનુકૂળતા ઓછી પણ મળી હશે, તેને બહુ વિસાતમાં નહિ ગણે, ને તેથી એને ઓછું નહિ લાગે. **શરણું પામ્યાથી એને સઘળું મળ્યું એમ લાગશે;** સાથે હૃદયમાં ખાતરી થતી જશે કે હવે મારે સંસારમાં દીર્ઘ ભ્રમણ હોય જ નહિ, પણ જલ્દીથી મુક્તિ પ્રાપ્ત થવી જ જોઈએ. આ વસ્તુ હૃદયમાં સ્પર્શી એટલે શું થયું ? કહો કે એણે ભવરુચિ અને મિથ્યાત્વ જેવા આશ્રવો કે જે અશુભ કર્મના અનુબંધ કરાવનારા છે, તેને ત્યજી દીધા, આ રીતે પાપપ્રતિઘાત થયો. એટલે ગુણોના બીજનું આધાન થતાં શી વાર ? અરિહંતદેવ આદિના શરણાંનો સ્વીકાર આત્માને કેટલો મસ્ત રાખી પાપપ્રતિઘાતાદિ કરવામાં અતિ ઉપયોગી બને છે એ આપણને સુલસા શ્રાવિકાના એક પ્રસંગમાં જોવા મળે છે.

**સુલસા શ્રાવિકાનો શરણ-સ્વીકાર :-**

વિશ્વહિતકારી મહાવીર પ્રભુને અંબડ પરિવ્રાજક સુલસાના ગામ જતાં પૂછે છે,'પ્રભુ ! કાંઇ આજ્ઞા ?' પ્રભુ કહે 'ત્યાં સુલસાશ્રાવિકાને ધર્મના ખબર પૂછજો' અંબડના મનમાં આશ્ચર્ય થયું કે 'આખા નગરમાં પ્રભુને એક બાઇ સુલસા જ ભક્ત જડી ? ત્યારે એનો ધર્મરાગ કેવોક હશે ? મારે એનું પારખું કરવું જોઇએ.'

અંબડે ત્યાં જઇ સુલસાના ઘરે પરિવ્રાજકના જ વેશે પ્રવેશ કર્યો, સુલસાએ વેશ પરથી કોઇ મિથ્યાદૃષ્ટિ કુગુરુ સમજી એનો આદર ન કર્યો અરે ! મોઢું ફેરવી લઇ સામું પણ જોયું નહિ. એના મનને નિશ્ચિત હતું કે 'મારે અરિહંત અને નિર્ગ્રન્થ મુનિનું શરણ છે એ જ પૂરતું છે, એ જ તારણહાર છે, સંસારભય નિવારક છે. પછી મારે કુદેવ-કુગુરુની શી આશ કે એમનું સન્માન કરું ? રાગી-



દ્વેષી દેવ અને અભ્યંતર મમતાદિની ગ્રન્થિવાળાં ગુરુનાં પોકળ શરણાં શા ધરવા ?'

અંબડે જોયું 'છે તો પાકી ! છતાં વિશેષ પારખું કરું' એ હતો વિદ્યાવાળો તે એણે ક્રમશઃ નગરના એકેક દરવાજા બહાર ઠાઠબંધ બ્રહ્મા-મહેશ-વિષ્ણુ અને ૨૫માં તીર્થકરના રૂપ વિકુર્વ્યા, દરેક પ્રસંગે આખું નગર જોવા ઉલટ્યું, લોકમાં ચોમેર 'વાહ ! ભગવાન સાક્ષાત્ પધાર્યા ! અહો ! અહો !' થઇ રહ્યું ! હર્ષઘેલી પાડોશણો સુલસાને લઇ જવા ઘણું ય મથી, પરંતુ સુલસાને એ જોવાનો કોઇ જ ઉમળકો નહિ, તે એ ન જ ગઇ ! એને મન એક અરિહંતનું જ શરણ એટલું દૃઢ ચોક્કસ છે કે 'મારા એક નાથ અરિહંત મહાવીરના આંતર દર્શનમાંથી પરવારું તો બીજા હાલતુ-ફાલતુને જોવા જાઉં ને ? ને બીજામાં જોવા જેવું છે પણ શું ? સકલ કલ્યાણનું એક કારણ માત્ર અરિહંતદેવ છે. અનંતજ્ઞાન અનંત સુખભર્યા સર્વસિદ્ધો એમની ઉપાસનાથી જ થયા છે. એમના જ શાસનને સાધુ મહાત્માઓ આરાધે છે. એમણે ભાખેલો ધર્મ જ શ્રેષ્ઠ મંગળ છે. મારે તો એ અરિહંત, સિદ્ધ, સાધુ અને આર્હત્ધર્મ જ શરણ હો.'' બસ, એમાં કાંઇ અધુરું એને લાગતું જ નથી કે જે પૂરવા બીજે મન લઇ જવું પડે. બીજી આતુરતા પણ કરવામાં સમ્યગ્દર્શન મેલું દેખે છે, પછી એ જોવા જાણવાની વાતેય શી ?

અંબડે આને એકે ય દરવાજે જોઈ નહિ, સમજી ગયો કે પ્રભુએ કાંઈ કાચી પોચીને ખબર નથી પૂછાવરાવી, એના મનને થયું કે 'ખરેખર ! પ્રભુએ મારા સમ્યક્ત્વને વિશેષ નિર્મળ કરવા માટે જ મારા દ્વારા આ સુલસાને ખબર પૂછાવરાવી લાગે છે. અહો ! પ્રભુનો કેવો મહાન ઉપકાર ! 'લાવ ત્યારે એના પુણ્યદર્શન કરી પ્રભુએ કહ્યા મુજબ ખબર પૂછું.'

બસ, અંબડ હવે શ્રાવકનો વેશ સજી કપાળમાં તિલક સાથે સુલસાને આંગણે જઈ ઊભો. સુલસા શ્રાવકને જોઈ તરત જ સામે ગઈ.

'પધારો પધારો' કરી ઘરમાં લાવી બેસાડે છે.

કહે છે 'ધન્ય ભાગ્ય ! અમારા જેવા રંકનું ઘર પાવન કીધું !' વાણી વગેરે ઘરે છે. પૂછે છે 'આપનું શુભ નામ ? કયા નગરના વાસી, ? અહીં પધાર્યા છો તો અમારા સરખી શી આજ્ઞા છે ?'

અંબડ કહે 'હું તમારા પર પ્રભુ મહાવીરનો સંદેશ લાવ્યો છું.'

એટલું સાંભળતાં તો સુલસા રોમાંચ અનુભવે છે ! ગળગળી થઈ કહે છે, 'હેં ! મારા ધર્મઉપગારી વીર પ્રભુનો મને સંદેશો ? અહાહા ! કહો, જલ્દી, કહો, મારા જેવી રાંકડીને પ્રભુએ શું ફરમાવ્યું છે ?'

અંબડ કહે છે કે 'અહીં હું આવતો હતો ત્યારે પ્રભુને મેં કામકાજ પૂછ્યું.

પ્રભુએ શ્રીમુખે મને કહ્યું ત્યાં સુલસાને ધર્મ-પ્રવૃત્તિ પૂછજો !'

બસ, એટલું સાંભળતાં તો સુલસા પાણી પાણી થઈ ગઈ ! ઝટ ઊભી થઈને પ્રભુ જે દિશામાં વિચરતા તે દિશામાં પોતે પ્રભુને મનમાં લાવી પંચાંગ પ્રણિપાત વંદના કરે છે, અને બોલી ઊઠે છે કે

'પ્રભુ ! આ તો આપની કેટલી બધી દયા કે પાપઘરમાં બેઠેલી મને યાદ કરી !! મારી ખબર પૂછાવરાવી ? શી મારી લાયકાત ? છતાં મારા પર આટલી બધી કરુણા ?'

બોલતાં બોલતાં એની આંખે પ્રભુના અનહદ ઉપકારના ઝળઝળિયાં આવી ગયાં ! રડતી રડતી કહે છે,

'નાથ ! તમે ચિરંજીવો. અહો ! તમારે મોટા મોટા ગણધર મહારાજા ને ઇંદ્રો જેવા સેવક ! કેવા એ સુયોગ્ય ! અને ક્યાં પાપ ભરેલ રાંકડી હું ? છતાં મારા પર આ દયા ? પ્રભુ હવે તો ઠેઠ સુધી દયા કરજો કે જેથી સંયમમાં ચડી જઈ આપના જ એક આધારે ભવપાર કરી જાઉં.' આંખમાંથી પાણી ટપકી રહ્યા છે, અને વારંવાર પ્રભુને નમન કરે છે.

અંબડ આ જોતાં પાણી પાણી થઈ ગયો ! કહે છે, 'સુલસા ધન્ય છે તમારા અવતારને કે આટલી જ્વલંત શ્રદ્ધા ભગવાન મહાવીર પ્રભુ પર રાખો છો ! અને એ જ જગતમાં સારભૂત માની બીજી કોઈ તુચ્છ આશંસા આતુરતા તમારા મનમાં ઊઠતી જ નથી ! ચારે દરવાજે તમારા પારખા માટે મેં જ દેવોનાં રૂપ વિકુર્વેલા. તમે સંસારમાં બેઠા છો છતાં જરાય એ જોવા લોભાયા નહિ ! પ્રભુને તમારું આ આત્મસમર્પણ ખરેખર આશ્ચર્યકારક છે ! એને મારા ક્રોડ ક્રોડ વંદન છે !' બસ એમ કહીને અંબડ પોતાના સમ્યક્ત્વને નિર્મળ કરતો ત્યાંથી ચાલી નીકળ્યો.

## (૧) અરિહંત શરણ

અરિહંતનું શરણ આ, કે એ જ તારણહાર લાગે, સકળ સુખનું બીજ લાગે, એ જ સર્વ ભયોથી મુકાવનાર લાગે. એ જ દર્શનીય, વંદનીય અને સેવનીય લાગે. મન કહે કે

**જગતમાં અરિહંતથી વધીને જોવાલાયક કોઈ ચીજ નથી. વંદન કરવા યોગ્ય કોઈ દેવ નથી, સ્તુતિ-ગુણગાન કરવા યોગ્ય અરિહંતની તોલે કોઈ વિભૂતિ નથી.** એમનું શરણ સ્વીકાર્યાથી હૈયાને ભારે હુંફ હોય કે હવે સર્વ ભયો ગયા ! હવે તો એમનામાં ભળી જાઉં, જીવનને એમના સંપૂર્ણ આદેશમય કરી દઉં ! બસ, હવે તો સંસારથી આમ છૂટી જાઉં !'

**શરણ સ્વીકારવાનું દૃષ્ટાન્ત :-**

અહીં એક વસ્તુ એ ધ્યાનમાં રહે કે શરણને સ્વીકાર આ રીતે થાય. દા.ત.



કોઈ માણસ જંગલમાં ધન લઈને ચાલ્યો જતો હોય, એમાં એની પાછળ ખૂની લુંટારાઓ પડે, ત્યારે એ કેટલા બધા ભયથી દોડતો હોય ? હવે જો તે વખતે સામેથી કોઈ શસ્ત્રધારી રક્ષકો મળી જાય તો એ કેટલી આજીજીથી એમનું શરણું માંગે ? એમાં જો પેલાઓ કહે કે 'તું ફીકર ન કરીશ. કોની તાકાત છે તને કાંઈ હાનિ કરી શકે ?' એમ જો આશ્વાસન મળે છે તો આનાં મન પર પેલાઓના શરણ-સ્વીકારવાને કેવો ગદ્‌ગદભાવ આવી જાય છે. ગદ્‌ગદ દિલથી કેવું એમનું શરણું સ્વીકારે છે.

એવી રીતે આપણને લાગવું જોઈએ કે 'આ સંસાર-અટવીમાં કર્મ અને કષાયોરૂપી લૂંટારાઓથી આપણે પીછો પકડાયેલા છીએ. એમાં આત્મ-ધનનો નાશ અને દુ:ખદ મોત પર મોત નક્કી છે. આ સ્થિતિમાં જ્યારે આપણને ચોક્કસ રૂપે બચાવી શકનાર અરિહંતાદિ ચારની જો પ્રાપ્તિ થાય છે, તો પછી આપણે અવશ્ય તેમના શરણે જઈએ, પ્રાર્થના કરીએ, 'હે અરિહંતાદિ ! મારે કેવળ આપનું જ શરણું છે. બીજો કોઈ મારે આધાર નથી કોઈ મારો રક્ષણહાર નથી, બેલી નથી, નાથ નથી. આપ જ મારે પ્રાણ-શરણ-નાથ છો.'

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૫,અંક-૨૩,તા.૧૮-૨-૧૯૬૭**

હૃદયમાં કર્મ અને કષાયના તીવ્ર ભય સાથે આ શરણું સ્વીકારવામાં આવે, અર્થાત્ 'અરિહંતા મે શરણં' એ શરણું બોલતાં જ, (૧) એક બાજુ કર્મકષાયની ભયંકર જુલ્મ-ઝડીનો ત્રાસ દેખાય. અને (૨) બીજી બાજુ અરિહંતાદિ ચારનું એમાંથી બચવાનું અકાટ્ય સામર્થ્ય અને (૩) એ બચાવની આપણે માટે અત્યંત આવશ્યક્તાનો ખ્યાલ આવે. આમ કર્મકષાયનો ભય અને એથી મુક્ત કરનાર અરિહંતાદિ ચાર પ્રત્યે રક્ષણની તીવ્ર શ્રદ્ધા તથા એમના શરણની ગરજ, એ ત્રણ ભેગા થઈને સાચો શરણનો ભાવ ઊભો થાય.

**શરણ સ્વીકારવાનો ઉચ્ચ ભાવ લાવવા એક અદ્‌ભુત ઉપાય આ છે,-** એ વિચારવા જેવું છે, કે મરણ શય્યાએ પડેલો માણસ કેટલા ગદ્‌ગદ અને કકળતા હૃદયે અરિહંતાદિનું શરણું લે છે. પોતાના માનેલાં બધાં જ સગાં સ્નેહી અને કાયા સુધીની બધી માલમિલકત વગેરે કોઈ જ પોતાને રક્ષણ આપી શકતા નથી,' એ નજરોનજર દેખાય છે. પોતાને હવે તરતમાં પરલોકમાં જવાનું છે, એ હકીકત મન સામે તરવરી રહી છે. વળી જીવનભર આચરેલા પાપો પર દિલ કકળતું છે. આ પરિસ્થિતિમાં દેખાય છે કે પરલોકમાં રક્ષણ આપી શકે તો તે માત્ર અરિહંતાદિ

ચાર છે. બસ, આવા અંતકાલે સ્વીકારાતાં શરણની જેમ જ ચાલુ જીવનમાં પણ એ પરિસ્થિતિ મનમાં લાવી, વળી, 'કોને ખબર પછીની ઘડીએ હું જીવંત હોઈશ કે કેમ ?' એમ સમજીને એ જ પ્રમાણે ગદ્ગદભાવ વગેરે સાથે શરણ સ્વીકારવાં જોઈએ.

**તે તે વિશેષણથી શ્રદ્ધા :-** અહીં અરિહંત ભગવાનનું શરણ સ્વીકારવામાં આવે છે. પંચસૂત્રમાં **'જાવજ્જીવં મે...'** એ પાઠમાં અરિહંત પ્રભુના વિશિષ્ટ વિશેષણો છે. તેના દ્વારા તે તે વિશેષણના ભાવ મુજબ એમના પ્રત્યે સચોટ શ્રદ્ધા અને અતિશય આદરવાળા બનવાનું છે એ ભૂલવાનું નથી; તો જ શરણ સ્વીકાર્યું સફળ થાય.

**શરણમાં પ્રતિજ્ઞા :-**

આમાં મૂળ વસ્તુ આ છે કે 'જીવનભર અર્હન્ત ભગવંતો મારે શરણ હો' આ એક જાતની પ્રતિજ્ઞા જેવું છે. જો સામાન્ય ભાવના રૂપ અભિલાષા હોત, તો તે તો ભવાંતર માટે પણ કરી શકત, પરંતુ યાવજ્જીવની મર્યાદા ન બાંધત. જ્યારે અહીં મર્યાદા બાંધી છે તે ભવાન્તરમાં અજ્ઞાનતાએ કદાચ ભંગ ન થઈ જાય એ હેતુએ; અને ભંગના ભય પ્રતિજ્ઞામાં હોવાનું ગણાય, પણ અભિલાષામાં નહિ. એટલે શરણ સ્વીકારનારે ધ્યાનમાં એ રાખવાનું કે આ જીવનનાં અંત સુધી હવે એમનું શરણ મૂકાય નહિ, અને બીજાનું શરણ સ્વીકારાય નહિ.

**અરિહંત એ 'અરુહંત' 'અરહંત, પણ કહેવાય છે.**

એમાં 'અરુહંત' એટલે જેમનામાં રાગદ્વેષાદિ બીજ ન હોવાથી કર્મ-અંકુર નથી ઊગતો તે. 'અરહંત' એટલે રહ-રહસ્ય વિનાના અર્થાત્ જેમને જગતની ત્રણે કાળની કોઈ વાત ગુપ્ત નથી તે. 'અરિહંત' એટલે અષ્ટ પ્રાતિહાર્યની ઋદ્ધિને જ અર્હ છે-યોગ્ય છે. ભગવંત એટલે ભગ અર્થાત્ પરમ ઐશ્વર્ય-રૂપ-કાન્તિ-યશ-જ્ઞાન-ધર્મવાળા.

**એ 'પરમ ત્રિલોકનાથ' છે**, દુન્યવી (લૌકિક) નાથ કદાચ આ લોકના કેટલાક ભયમાંથી બચાવે; જ્યારે આ ત્રણે લોકનાં શ્રેષ્ઠ લોકોત્તર નાથ દુર્ગતિના ભયથી બચાવે છે. ભાવી દીર્ઘ સંસારથી બચાવે છે, જુગ જુગની જન્મ-જરા મૃત્યુની જટિલ જંજાળમાંથી સંરક્ષે છે.

**'પ્રભુ પરમત્રિલોકનાથ' વિશેષણની શ્રદ્ધા મનાવે છે કે,**

"હું નાથ તો અરિહંતને જ માનું. હજી જગતમાં કોઈ કરોડોની ઋદ્ધિ આપી દરિદ્રતાથી બચાવે, ઔષધ આપી રોગથી બચાવે, સહારો આપી નિરાધારતાથી બચાવે, સેવા કરી અગવડથી બચાવે, રક્ષણ આપી ચોર-ડાકુથી બચાવે, પણ તેથી શું બહુ રીઝવાનું ? એથી કાંઈ અસાધ્ય રોગ, દુર્વાર જરા કે જાલિમ મરણનો ભય



ટળ્યો ? ફરી નવાં જન્મ-મરણાદિ ટળ્યાં ? દુર્ગતિને તાળાં લાગ્યાં ? સદ્ગતિ નક્કી થઈ ? ભવિષ્યના કારમા રોગ દુઃખ-દારિદ્ર્ય-દુર્ભાગ્યાદિ દૂર થયાં ? ના, એ કરવાની તાકાત તો મારા અર્હંત દેવાધિદેવમાં જ છે. ક્યાં સમર્થ ત્રિલોક નાથ ! અને ક્યાં આ સ્વયં અનાથ !"

કમઠના કાષ્ઠમાંથી પાર્શ્વપ્રભુએ બળતા સાપને બહાર કઢાવ્યો. નવકાર મંત્ર અપાવ્યો, સાપે પણ પ્રભુનું શરણ લીધું, તો મરીને એ ધરણેન્દ્ર થયો ! દુર્ગતિ ટળી. ભવની પરંપરા સુધરી ! અરિહંત વિના આ કોણ કરત ?

**'અનુત્તર-પુણ્ણ-સંભારા' :-**

એ પ્રભુ સર્વ પુણ્યોમાં શ્રેષ્ઠ પુણ્ય જે તીર્થંકર નામકર્મ, તે અને શ્રેષ્ઠ યશ-સૌભાગ્ય-આદેયાદિ પુણ્યના પ્રાગ્ભારવાળા છે. એના યોગે, એ માતાના ગર્ભમાં આવે ત્યારથી, ઇંદ્રોના અચળ સિંહાસનો ધ્રુજી ઊઠે ! જન્મકાળે જ દિક્કુમારીઓ અને ઇંદ્રો દેવો સાથે પ્રભુના જન્માભિષેક ઊજવે ! જન્મથી જ સુગંધી શ્વાસોશ્વાસ ! રોગ પરસેવા વિનાની કંચન જેવી કાયા ! અદશ્ય આહારાદિ-વિધિ ! ગાયના દૂધ જેવું અબિભત્સ રુધિર ! પ્રભુ આ અતિશયવાળા ! કેવળજ્ઞાન-કાળે અપૂર્વ અષ્ટ પ્રાતિહાર્ય અને સમવસરણની ઋદ્ધિવાળા ! તેમજ અનેક દેવન્દ્રો-નરેંદ્રોથી સેવાતા તથા કુલ ચોત્રીસ અને વાણીના પાંત્રીશ અતિશયવાળા એ પ્રભુ બને છે ! જગતનાં બીજાં પુણ્ય આ પુણ્ય આગળ શી વિસાતમાં ?

ભરત ચક્રવર્તીના પુત્ર મરીચિએ ઋષભદેવ પ્રભુનું સમવસરણની અલૌકિક સમૃદ્ધિનું પુણ્ય જોઈ આ વિચારમાં ચઢ્યા, તો જગતનાં પુણ્ય પર વૈરાગ્ય થઈ ગયો અને પ્રભુ પાસે દીક્ષા લીધી. ભવોના અંતે એ મહાવીર પ્રભુ થયા !

**'અચિંત્ય પુણ્ય પૂંજવાળા પ્રભુ' એ વિશેષણની હાર્દિક શ્રદ્ધા** કરી પ્રભુનાં શરણે જવામાં આપણે પણ પ્રભુ બની શકીએ છીએ એ આ પુણ્યની વિશિષ્ટતા છે. 'તો બીજાં પુણ્યના સ્વાગત, સન્માન કે ગીતગાન હવે શા સારુ મને ખપે ? ઓહો ! કેવા ઉત્તમ પુણ્યને ધરાવતા દેવાધિદેવની પ્રાપ્તિ મને થઈ ! આ પુણ્ય જોઈ જગતમાં બીજે આકર્ષણ જેવું છે જ શું ? જીવનમાં મારે તો આ પુણ્યવંતા અરિહંત જ નાથ હો,' આ શ્રદ્ધા-આશંસા સાથે શરણ સ્વીકાર જોઈએ.

**'ક્ષીણ-રાગદ્વેષ મોહાઃ' :-**

વળી રાગ, દ્વેષ અને મોહ અર્થાત્-ઈષ્ટ પ્રત્યે આસક્તિ, અનિષ્ટ પ્રત્યે અરુચિ અને અજ્ઞાન મિથ્યાજ્ઞાન જેમનાં અત્યંત ક્ષીણ થઈ ગયાં છે, એવા તે પ્રભુનું મારે શરણ હો. મારા પ્રભુ ભક્તો પરના રાગવાળા કે શત્રુ પરના દ્વેષવાળા નહિ, તેજોલેશ્યા મૂકનાર ગોશાળા પર વીર પ્રભુએ દ્વેષ ન કર્યો. મહાભક્ત ગૌતમ પર

રાગ ન કર્યો. તેમજ એમનું કોઈ પણ કથન અજ્ઞાનતાભર્યું નહિ કેમકે એ વીતરાગ સર્વજ્ઞ છે. એવા બીજા દેવ નહિ, એ તો એજ. એવા નાથને શરણે જવાથી સમ્યગ્જ્ઞાન અને વૈરાગ્યની જરૂર પ્રાપ્તિ થાય. એટલે પ્રભુનાં આ વિશેષણની શ્રદ્ધા કરી જ્ઞાન-વૈરાગ્યની આશંસાથી જ એમનું શરણ કરવાનું. વળી કેવાં ?

**'અચિંત્ય ચિંતામણી'** 'અચિંત્ય' કેમ કહ્યું ? એટલા માટે કે ચિંતામણી તો આપણે ચિંતવ્યા-ધાર્યા મુજબનું જ ફળ આપે, અને તે પણ લૌકિક યાને આ લોક પૂરતું જ ફળ, જ્યારે પરમાત્મા તો ચિંતન-ધારણાથી પણ પર (ઉત્કૃષ્ટ) એવા અકલ્પ્ય અનંત સુખમય મોક્ષ પર્યંતના ફળોને આપનારા છે. 'આવા અચિંત્ય ચિંતામણિરૂપ પ્રભુને પ્રાપ્ત કર્યા પછી જો એ મોક્ષ સુધીનાં ફળ આપે છે, તો બીજી કઈ સિદ્ધિ ન કરી આપે ? એમનાથી સારું બધું જ સિદ્ધ થાય.' આ શ્રદ્ધા સાથે પ્રભુનું શરણ વારંવાર સ્વીકાર્યા કરવાનું; અને સાથે સચોટ માન્યા કરવાનું કે 'હવે મારે બીજે બહુ ફાંફા મારવાની જરૂર નથી. મારું સારું પ્રભુથી થવાનું જ છે. વળી પછી હવે મારે શી ન્યૂનતા છે કે હું દુન્યવી કોઈ અગવડ આપત્તિના પ્રસંગમાં ઓછું માનું અને દુઃખી થાઉં ? વળી,

**'ભવજલધિ પોતઃ'** :-

અરિહંત ભગવાન સંસારથી પાર ઉતારનારા હોવાથી ભવસાગરમાં જહાજ સમાન છે. એમના શરણે રહેલો હું જરૂર ભવસાગરને તરવા મથીશ એવા મારા કોડ છે. ભવ એટલે ચતુર્ગતિ રૂપ સંસાર. તેમ, વિષય અને કષાયો, તથા અનાદિની આહારાદિ સંજ્ઞાઓ વગેરે પણ ભવ છે. પ્રભુ એ બધાથી જીવને છોડાવે છે. માટે આ વિશેષણની શ્રદ્ધાએ સુખ-વૈભવભર્યા પણ સંસારને ભીષણસાગર જેવો લેખી, પ્રભુને એથી સમર્થ બચાવનાર માનીને એમનું શરણ સ્વીકારવાનું.

**'એગંત સરણા'** :-

ભગવાન અરિહંત દેવો જ એકાંતે શરણ કરવા યોગ્ય છે, કેમ કે ભેદભાવ વિના પોતાના અપરાધી કે નિરપરાધી સર્વે આશ્રિતના સર્વ હિતના કરનારા છે. એમના જેવો સર્વ-કલ્યાણ કરવાનો મહાન-ઉપકાર બીજો કોણ કરી શકે એમ છે ? જગતના પૃથ્વીકાય અપ્કાય આદિ એકેદ્રિંય સુધીના જીવોની ઓળખ આપવાનું અને દયા કરવાનું તીર્થંકર ભગવાને શિખવાડીને ભવ્ય જીવોને એ જીવોની રક્ષા કરતા કર્યા છે. એટલું એ ઝીણા જીવોનું પણ ભાન કરાવવાનું ને હિત કરવાનું બીજા કોણે કર્યું છે ? અને એ જો બીજો કોઈ તેવો નથી; તો એવા બીજાઓનું શરણું પણ હૃદયમાં કેમ રખાય ? રાખવાની જરૂર શી ? માટે, **'અરહંતા શરણં.'**

અર્થાત્ અશોક વૃક્ષ, સુરપુષ્પ વૃષ્ટિ વગેરે અષ્ટમહાપ્રાતિહાર્યરૂપી પૂજાને



લાયક એવા અર્હંત ભગવંતો મારે જાવજ્જીવ શરણ છે, આશ્રય છે; એમનો જ મારે આધાર છે. જગતનાં કહેવાતા, કલ્પિત કે નામના શરણ પર મને શ્રદ્ધા નથી. તેથી તેવા નામના શરણભૂત શેઠ, મિત્રો, કુટુંબ, ધન, સત્તા વિગેરેમાંનું કોઈ અવસરે મને સહાય ન કરે તો પણ હું દુઃખી ન થાઉં, ચિંતા ન કરું; કેમ કે હું જાણું છું કે એ સાચાં શરણ જ નથી. મેં તો એકમાત્ર દેવાધિદેવને સાચાં અનન્ય શરણ તરીકે ધાર્યા છે, અને એ મારા દિલમાં છે ત્યાં સુધી મને કોઈ ભય કે આપત્તિ નથી. પૂર્વના તીવ્ર કર્મના ઉદયે કદાચ પ્રતિકૂળતા આવશે તો પણ નાથના શરણના પ્રતાપે, તે કાયમી અંત પામવા માટે જ બનશે; અર્થાત્ એમાંથી હવે નવા કર્મનો ફણગો નહિ ફૂટે, કર્મની ધારા અટકી જશે, અને દુઃખનો સદાને માટે અભાવ થશે.'

શ્રીપાલકુમારને કેટલીય આપત્તિ આવતી ગઈ, ધવલશેઠના પ્રપંચે દરિયામાં પટકાવાનું ય આવ્યું ! તો પણ એને મન તો એક અરિહંતાદિ નવપદનું શરણ ! જેના પ્રભાવે મગરમચ્છે તરાપાની માફક પીઠ પર લઈ એવા થાણા બંદરે ઉતાર્યા કે જ્યાં રાજકન્યાના પતિ તરીકે બનાવવા આને લેવા માટે રાજાના માણસો આવી લાગ્યા ! શ્રીપાલ આ શરણના પ્રતાપે નવ ભવની સમૃદ્ધિ જોવા પર મોક્ષની અનંત સમૃદ્ધિને વરવાના છે.

## (૨) સિદ્ધ શરણ

હવે શ્રી અર્હંત પ્રભુની જેમ શ્રી સિદ્ધ ભગવાનનું શરણ સ્વીકારવાનું છે. તે સિદ્ધ ભગવાન કેવા છે ?

**'પહીણજરામરણા'**

જેમને કર્મ, જન્મ, વિગેરે બીજ જ નહિ હોવાથી જરા (વૃદ્ધાવસ્થા) અને મરણરૂપી અંકુર પણ એના અત્યંત ક્ષીણ થઈ ગયા છે, કે જેથી એ ફરી કદીએ જીવને સ્પર્શી શકે નહિ એટલે, સદાને માટે અક્ષય સ્થિતિવાળા શ્રી સિદ્ધો બન્યા છે. આ વિશેષણની શ્રદ્ધા સાથે સિદ્ધ ભગવંતનું શરણું લેવાથી મનને એમ થાય કે,

'અહો ! આ કેવી સુંદર અવસ્થા ! આ વિચિત્ર વિશ્વની રંગભૂમિ પર વિદુષક (ભવૈયા)ની જેમ નવનવી ગતિના વેશમાં જન્મવું ! પુદ્ગલના લોચા લેવા તથા શરીરાદિના ઘાટ બનાવવા-પોષવાની કારમી કષ્ટમય મહેનત કરવી ! પણ પાછા ઘસાતા જવું અને ઘરડા થઈ મરવું ! એટલે એ બધું લુપ્ત ! ત્યાં પૂર્વની બધી મહેનત અને એનું ફળ-સગવડ એળે ! અને એમાં બાંધેલા પાપ માથે ! આ બધી વિટંબણાનો કાયમી અંત આવે તો પછી પીડા જ શી ?

**સંસારના બીજા ત્રાસ તો પછી, પણ માત્ર વારંવાર પરાધીનપણે જન્મવું પડે**

**છે એ પણ વિવેકીને શરમાવનારું લાગે છે.**

**નાના બાળ રાજકુમાર અઈમુત્તા** મહાવીર પ્રભુ પાસેથી સમજી આવ્યા કે સંસારના પાપથી ફરી ફરી જન્મવા-મરવાનું છે, ચારિત્રથી કર્મ ખપાવી સિદ્ધ બન્યા પછી કદી જન્મ મરણ નહિ, તો ઘરે આવી માતાને એ સમજાવી ચારિત્ર લીધું, અને મોક્ષ પામ્યા, સિદ્ધ થયા. સિદ્ધ પ્રભુની અક્ષય સ્થિતિનો મીઠો ખ્યાલ જીવને પોતાના જન્મ-મરણાદિ પ્રત્યે ઘૃણા ઉપજાવે છે, અને 'મને ક્યારે એવી મનોરમ અક્ષય સ્થિતિ મળે !' -એવો કોડ ઉત્પન્ન કરે છે, એમને જન્મ અટકવાનું કારણ એ છે કે-

એ સિદ્ધ ભગવંતો **'અવેઅ-કમ્મ-કલંકા'** કર્મકલંકથી રહિત થયેલા છે તેથી સ્ફટિકવત્ અત્યંત નિર્મલ થયેલા છે. શ્રદ્ધાળુને જગતની ઋદ્ધિ-સિદ્ધિ આપનારાં કર્મ પણ આત્માના કલંક રૂપે ભાસે છે. કર્મ-કલંકને દૂર કરનારા જીવો જ ખરેખર મહાવીર અને વિક્રમશાળી છે, કેમ કે કર્મનો અહિંસા-સંયમ-તપથી, સર્વનાશ કરવાનું કાર્ય અત્યંત કપરું છે. કર્મ જવાથી સિદ્ધ કેવા બન્યા ? તો કે,

**'પણટ્ઠવાબાહા'** સર્વ પીડા, નડતર, વગેરે અત્યંત નાશ પામી ગયા હોવાથી શ્રી સિદ્ધો સર્વથા બાધારહિત બનેલા છે. એ સર્વ પ્રકારની ઊંચીનીચી વિષમતા, સ્વરૂપ-હાનિ, વિભાવ વગેરેથી પર છે. અર્થાત્ એ શરીર, કર્મ આદિથી તદ્દન રહિત હોવાથી એમને યશ-અપયશ, માન-અપમાન, શાતા-અશાતા ઈષ્ટ-અનિષ્ટ વગેરે વિષમતા નથી; નિજનું અનંતજ્ઞાન સુખાદિમય સ્વરૂપ પૂર્ણ ખીલ્યું હોઈ સ્વરૂપ હાનિ નથી; તેમજ રાગ-દ્વેષ-અજ્ઞાન, હાસ્ય-શોક-ભય, દીનતા-મદ-માયા, કામ-ક્રોધ વગેરે વિભાવ નથી. આવા સિદ્ધ પ્રભુને હું શરણે જાઉં છું. એમ સમજીને કે 'કર્મ છે ત્યાં સુધી જ બાધા અને વિષમતા છે. નિર્બાધ સ્થિતિ માટે નિષ્કર્મ સ્થિતિ જોઈએ; તેથી બાધાથી આકુળ-વ્યાકુળ થવા કરતાં કર્મથી જ આકુળ-વ્યાકુળ થઈ કર્મના અંતનો યત્ન કરું.' વળી શુદ્ધ સ્વરૂપવાળા બનેલા શ્રી સિદ્ધો ન્યાય-દર્શનના કહેવા મુજબ જ્ઞાન રહિત નથી, અજ્ઞાન નથી, પણ.

**'કેવળવરનાણદંસણા'** ઉત્તમ કેવળ (સંપૂર્ણ) જ્ઞાન અને કેવળદર્શનને ધરનારા સર્વજ્ઞ અને સર્વદર્શી છે. કેમ કે જ્ઞાન-દર્શન તો આત્માનો સ્વભાવ જ છે. તેથી તો એ ચેતન છે, નહિતર એનું ચૈતન્ય શું ? આ જ્ઞાન એટલે જ્ઞેય માત્રને જાણે. ત્રણે કાળના સમસ્ત ભાવ જ્ઞેય છે, તો તદ્દન આવરણ રહિત બનેલ જ્ઞાન જગતના સર્વ ભાવો કેમ ન જાણે ? જગતના સર્વ ભાવોને તટસ્થપણે (રાગદ્વેષ વિના) જોવા જાણવાની આ કેવી મઝેની રમણતા ! મને પણ ક્યારે શુદ્ધ જ્ઞાન દશા મળે ! વળી

**'સિદ્ધિપુર-નિવાસી'** મિથ્યામતાનુસારે માન્યાની જેમ મુક્ત આત્મા જગદ્વ્યાપી



નહિ, પણ લોકાંતે સિદ્ધશિલા ઉપર નિવૃત્ત-નગરીનાં નિવાસી છે.

ત્યાં **'નિરુવમ-સુહસંગતા'** અનુપમ સ્વાધીન સુખથી પરિવરેલા છે. કોઈ વિષય કોઈ કાળ, કોઈ સંયોગ કે કોઈ પરિસ્થિતિની આ અનંત સુખને અપેક્ષા નથી. અસાંયોગિક, નિત્ય, સહજઆનંદના ભોક્તા શ્રી સિદ્ધ વિભુ છે. અહો ! અમારા સાપેક્ષ સુખની યાને વિષય સાપેક્ષ, સમય સાપેક્ષ, સંયોગ સાપેક્ષ અને પરિસ્થિતિ સાપેક્ષ સુખની તુચ્છતા, ક્ષણિકતા અને દુઃખ પરિણામિતાદિ ક્યાં ? અને ક્યાં એ નિરપેક્ષ અનંત આનંદની વાત ? એ અનંત આનંદ પામવા અમારે અનંત આનંદમય શ્રી સિદ્ધ પ્રભુનું શરણ છે.

**કરકંડુ રાજાએ પુષ્ટ બળદને પછી જીર્ણ થયેલો જોઈ એને એ વિચાર આવ્યો કે 'અરે ! ત્યારે અમારી ય આ સ્થિતિ થવાની છે, પછી ક્યાં સંસાર સુખ રહેવાનાં ? યુવાની, સંપત્તિ અને આરોગ્યને સાપેક્ષ આ સુખમાં શું પડ્યા રહેવું ? કેમ કે એ જુવાની વગેરે વિનશ્વર હોઈ તત્સાપેક્ષ સુખ પણ વિનશ્વર ! સાચાં સુખ તો સિદ્ધ અવસ્થાના' એમ કરી સિદ્ધ-શરણરૂપે ચારિત્ર લીધું.**

**પ્રવૃત્તિ માત્રનું પ્રયોજન ઈષ્ટની સિદ્ધિ છે, અને જીવને ઈષ્ટ એકાંત સુખ છે. શ્રી સિદ્ધ પરમાત્માને અનંત સુખ સિદ્ધ છે; એટલે હવે એ 'સવ્વહા કયકિચ્ચા' સર્વ પ્રકારે કૃતકૃત્ય છે, સિદ્ધ પ્રયોજનવાળા બન્યા છે. હવે એમને કોઈ પ્રયોજન બાકી નથી. તેથી કોઈ પ્રવૃત્તિ સાધવાની નથી.**

એવા એ સિદ્ધ ભગવંતો **શ્રેષ્ઠ મોક્ષતત્ત્વરૂપ છે;** કેમ કે (૧) જગતમાં તત્ત્વ બે, -જડ અને જીવ. જડ કરતાં જીવ ઉત્તમ છે. કારણ કે કોઈ જડ કદી શાશ્વત શુદ્ધ નથી બની શકતું; જ્યારે જીવ એવો શાશ્વત શુદ્ધ બની શકે છે; કે જેથી પછી કદી ય અશુદ્ધ ન થાય. વળી (૨) જીવ તત્ત્વમાંય સિદ્ધ-બુદ્ધ-મુક્ત જીવો બીજાં કરતાં શ્રેષ્ઠ છે, કેમ કે તે સર્વથા કર્મ કલંકથી રહિત છે. (૩) વળી નવ તત્ત્વમાં અંતિમ સાધ્ય મોક્ષ તત્ત્વ છે. તે મોક્ષ સિદ્ધ સ્વરૂપ છે. માટે ય સિદ્ધો પરમ તત્ત્વરૂપ છે. એમનાથી ઊંચુ કે એમના સમાન બીજું કોઈ તત્ત્વ નથી. એ એવા સંપૂર્ણ કૃતાર્થ છે કે એમને મોક્ષ મળ્યા પછી કોઈ મેળવવાનું બાકી રહેલું નથી. હવે એમને શરીર નથી, ઇંદ્રિયો નથી, ભૂખ નથી, તરસ નથી, હાજત નથી, ખણજ કે વેદના નથી, ઇચ્છા નથી, અજ્ઞાન નથી. એથી શું કરવાનું બાકી રહે ? માટે 'મારે એ સિદ્ધો જ શરણ છે. એ જ સેવ્ય છે, એ જ ધ્યેય છે, પ્રાપ્ય છે, ને સ્તુત્ય છે;' -આમ સિદ્ધનું શરણ લેવાનું.

# (૩) સાધુ શરણ

ત્રીજા નંબરમાં સાધુ મહાત્માનું શરણ લેવાનું છે. 'કેવળ સિદ્ધ ભગવંતો જ શરણ નહિ કિંતુ સાધુ મહાત્માઓ પણ મારે શરણ છે.' તે સાધુ ભગવંતો કેવા છે ?'

**'પ્રશાંત અને ગંભીર આશયવાળા છે.'** ક્ષમાને ધારણ કરનારા હોવાથી એમના ચિત્તનો પરિણામ (અવસ્થા) પ્રશાંત છે, પણ ઉછળતો ધમધમતો નથી. માટે જ એ ક્ષમાશ્રમણ કહેવાય છે. તેમજ એમની ચિત્તવૃત્તિ અગાધતાને લીધે ગંભીર છે. પણ છીછરી અને ક્ષુદ્ર નથી. તુચ્છ વિચાર, તુચ્છ ગણતરી, તુચ્છ લાગણી એમને નથી. સાચા સુખનું આ કેવું સુંદર સાધન ! પામર પ્રાણી આવેશને વશ થઈ ક્રોધમાં ધમધમતા પહેલાં તો જાતે જ દુઃખી બને છે. વળી બીજાને દુઃખી કરે છે ને પરિણામે પણ દુઃખને નોતરે છે. ક્ષમાશીલ મનુષ્ય આવેશને રોકી ઠરેલ ચિત્તવાળો બનેલો હોઈ કોઈપણ આંતરિક ક્લેશનો ભોગ નથી પોતે બનતો; અને નથી બીજાને બનાવતો. એ તો કર્મના વિચિત્ર નાટકને નિહાળતો આપત્તિમાં પણ સાચી પ્રસન્નતા અનુભવે છે. એથી અવસરે બીજાને પણ ધાર્મિક અને પ્રશાંત બનાવી દે છે ! યશોધર ચરિત્રમાં પ્રસંગ છે.

**સુદત્ત મુનિવર** નગર બહાર ધ્યાનમાં ઊભા છે. રાજા શિકારે જવા નીકળેલો. મુનિને જોઈ અપશુકન માનીને એમના પર શિકારી કૂતરા છોડાવે છે. કૂતરા પ્રશાંત મુનિની નજીક પહોંચતાં જ એમના તપ-સંયમની પ્રભાથી અંજાઈ જઈ શાંત થઈ ઊભા રહી ગયા ! રાજા ક્ષોભ પામ્યો. ત્યાં એક શ્રાવકના કહેવાથી સમજ્યો કે 'આ તો મોટા રાજકુમાર હતા; ને મહાત્યાગી સાધુ બનેલ છે,' એટલે રાજાને ભારે પસ્તાવો થયો કે 'હું કૂતરાથી ય ગયો ? બસ આપઘાત કરું !' જઈને મુનિની ક્ષમા માંગે છે. પ્રશાંત મુનિ જરા પણ ક્રોધ કે અરુચિ બતાવ્યા વિના એને પ્રોત્સાહક ધર્મોપદેશ આપી મહાન ધર્માત્મા બનાવે છે.

એમ, મુનિ ગંભીર આશય ગંભીરતાને લીધે અકાર્યોથી બચી જઈ મૃદુભાવને ટકાવી રાખે છે. ત્યાં અહંભાવ અને ગર્વના પણ ઉકળાટ ક્યાંથી ઊભા જ થઈ શકે ? જગતની કર્મજનિત આપત્-સંપત્‌ની મહાન વિચિત્ર ઘટનાઓ આ સાગર-ગંભીર ચિત્તને ન ડહોળી શકે. વિસ્મય ન પમાડી શકે; તુચ્છ વિચારાદિમાં ન તાણી શકે; કિન્તુ ઊલટ એ ઘટનાઓ એવા ગંભીર ચિત્તમાં શાંત પણે સમાઈ જઈને તાત્ત્વિક વિચારણાને વેગ આપીને આત્માને વધુ ઓજસ્વી બનાવે છે. તેથી આત્મામાં કષાયની લાગણીઓ પરિણતિઓ કે વિષયની તુચ્છ વિચારણાઓ-ગણતરીઓ જન્મતી નથી. આ સાધુ ભગવંતો વળી,



**'સાવજ્જજોગ-વિરયા'** સાવદ્ય યોગથી વિરામ પામેલા છે. સાવદ્ય એટલે પાપ. પાપવાળો વ્યાપાર. તે સાવદ્ય વ્યાપાર એટલે પાપ પાપવાળો વ્યાપાર. તે સાવદ્ય વ્યાપાર કરવારૂપ, કરાવવારૂપ અને કોઈ કરે તેમાં અનુમતિરૂપ એમ ત્રણ પ્રકારે હોય. સાવદ્ય વ્યાપાર તે સાંસારિક કથલો છે, ઘર, કુટુંબ અને આરંભપરિગ્રહની રામાયણ-રૂપ છે, એનાથી સાધુ ભગવંતો સર્વથા ફારેગ થયેલા છે, એટલે ષટ્કાય જીવના સંહારમય કે મોહમૂઢતામય એ હિંસાદિ પાપ વ્યાપારો હવે નથી તો એમને સ્વયં કરવાના, કે નથી બીજા પાસે કરાવવાના; એટલું જ નહિ પણ બીજા કરે તેમાં પોતાની ખુશી ભાગ કે સંમતિ સરખી પણ નહિ. આમની પાસેથી આપણા સાવદ્ય કાર્યમાં સંમતિની પણ આશા ન રખાય, તો સાવદ્ય કરાવવાની વાત જ ક્યાં ?

નગર બહાર પધારેલા આચાર્ય મહારાજને કુમારપાળના મંત્રી હવેલીમાં પધરાવી કહે છે 'સાહેબ ! આ હમણાં હવેલી બંધાવી.' મહારાજ મૌન રહે છે; એટલે મંત્રી હવેલીમાં પધરાવી કહે છે 'સાહેબ ! આ હમણાં હવેલી બંધાવી.' મહારાજ મૌન રહે છે; એટલે મંત્રી પૂછે છે;

'કેમ ભગવંત ! કંઈ બોલ્યા નહિ; ?

ત્યારે સાથેના મુનિ કહે છે 'મહેતા ! તમારે પાપના-સાવદ્યના કાર્યમાં સાધુની સંમતિ જોઈએ છે ? ન મળે; સંમતિ તો ધર્મકાર્યમાં મળે.'

તરત મંત્રી સમજી જઈ કહે છે, 'લો-સાહેબ, ત્યારે આજથી આ ધર્મનું સ્થાન, પોષધશાળા !'

હવે આચાર્યદેવ કહે છે,-'આમાં ધર્મ-સાધનાઓ સારી થશે !'

સંમતિ ધર્મ કાર્યમાં આપી. આમ મન વચન કાયાયે પાપથી સર્વથા નિવૃત્તિને સાધુ-જીવનના એક અંગ તરીકે ધારણ કરવા સાથે, શુભ પ્રવૃત્તિરૂપ બીજા અંગને પાળનારા હોય છે. તે માટે કહ્યું;

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૫,અંક-૨૪,તા.૨૫-૨-૧૯૬૭**

**'પંચવિહાયાર-જાણગા'** જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર- એ પાંચ પ્રકારના આચારના સમ્યગ્જ્ઞાતા, અર્થાત-જ્ઞ-પરિજ્ઞા અને પ્રત્યાખ્યાન-પરિજ્ઞાવાળા; એટલે કે જાણનારા અને પાળનારા હોય છે. એમાં એમને સમ્યક્શાસ્ત્રજ્ઞાન, સમ્યગ્દર્શન, પંચમહાવ્રતમય સમ્યક્ચારિત્ર બાહ્ય-આભ્યન્તર તપ અને એ ચારેમાં પ્રબળ વીર્યોત્સાહના જ પોષક-સમર્થક-વર્ધક વિવિધ આચારો જ

પાળવાના હોય છે. આવું સુંદર આત્મોપકારી અને પરને લેશ પણ પીડા નહિ આપનારું જીવન સ્વયં જીવવા ઉપરાંત, તે મહર્ષિઓ

**' પરોપકારમાં પણ રક્ત '** હોય છે. અવસર આવ્યે ભવ્ય જીવોને માત્ર પવિત્ર નિષ્પાપ જીવનનો ઉપદેશ કરી દોષત્યાગ અને ગુણ પ્રાપ્તિમાં ઉત્સાહિત કરે છે; યોગ્ય જીવોને સાધુપણું પળાવી પરનો ઉત્તમ ઉપકાર કરનારા આ મુનિવરો જ છે.

એમનો ઉપકાર (૧) પોતાને અને બીજાને માટે એકાંતિક છે, એટલે કે અપકાર(અહિત)ના લેશ વિનાનો કેવળ શુદ્ધ ઉપકાર છે; તથા તે ઉપકાર (૨) આત્યંતિક એટલે કે છેલ્લો છે; અર્થાત જે ઉપકારની પછી હવે બીજા ઉપકારની અપેક્ષા નહિ રહે; કેમકે જીવ આ દોષત્યાગ-ગુણપાલનના ઉપકારથી અંતે અનંત સુખ પ્રાપ્ત કરી હંમેશ માટે કૃતકૃત્ય બનશે; એવો એમનો ઉપકાર છે.

**નાસ્તિક રાજા પ્રદેશીએ** 'સાધુ-સંન્યાસી તો લોકોને ધર્મ-તપ-દાન-વ્રતાદિ કરાવી દુઃખી કરે છે' એમ માની એમને નગરમાં આવતા બંધ કરેલા. પરંતુ શાણા મંત્રીની ગુપ્ત યોજનાથી કેશીગણધર મહારાજ ત્યાં ઉદ્યાનમાં પધાર્યા. રાજા એ જાણી એમને વાદથી નિરુત્તર કરી રવાના માટે ઘોડે ચઢીને ત્યાં ગયો, અને રોફથી કહે છે,-

'આ શું ધતીંગ માંડ્યું છે ? શાનો ધરમ ? શાનો આત્મા ? આત્મા ધર્મ પાપ વગેરે ખરેખર વસ્તુ હોત તો તમારા હિસાબે મારો પાપી બાપ નરકમાંથી અને મારી ધર્મી મા સ્વર્ગમાંથી આવીને મને સલાહ આપત પરંતુ એવું કાંઈ બન્યું નથી. એટલે આત્મા, ધર્મ વગેરે કલ્પિત છે. બોલો શો જવાબ છે ?'

કેશીગણી મહારાજે જરા વિસ્મિત કે ક્ષુબ્ધ થયા વિના એને આત્મા, ધર્મ, પાપ, સ્વર્ગ, નરક વગેરેની એવી તાત્ત્વિક વિચારણા આપી કે રાજા પગમાં પડી રુદન કરતો ક્ષમા જ માગે છે ! અને મહાન આસ્તિક શ્રાવક બની અંતે પહેલા દેવલોકમાં સૂર્યાભવિમાનનો માલિક મહાન જિનભક્ત દેવ થાય છે. સાધુનો રાજા ઉપર કેટલો ભવ્ય ઉપકાર થયો કે રાજા હવે ક્રમશઃ મોક્ષ પામી કૃતકૃત્ય બનશે ! વળી તે સાધુ ભગવંતો,

**' પઉમાઈ નિદંસણા '** યાને કમળ, શરદઋતુનાં નિર્મળ પાણી, વગેરેના દૃષ્ટાંત જેવા (ઉપમાવાળા) છે. જેમ કાદવમાં ઉત્પત્તિ અને જલમાં વાસ હોવા છતાં કમલ એ બંનેને સ્પર્શ પણ કર્યા વિના ઊંચે રહે છે, તેમ સાધુ ભગવંતો કામથી જન્મેલા અને ભોગથી ઉછરેલા છતાં, કામ-ભોગ બન્નેને સ્પર્શ્યા વિના નિર્વાસનામય જીવન જીવે છે. એવી જ રીતે સ્વરૂપે નિર્મળ, મીઠાં, અને શાંત એવા શરદઋતુના સરોવરની જેમ સાધુ ભગવંતો પણ ઉપશમથી સ્વચ્છ, કરુણાથી મધુર અને તૃપ્તિ-ગાંભીર્યથી ભર્યા-હૃદયવાળા યાને પવિત્ર, દયાળુ, ગંભીર અને



શાંત હોય છે. આમનો સત્સંગ કેવો આલ્હાદકારી, શીતળ અને અનંત ગુણાવહ બને ! 'એવા મહર્ષિના શરણે જઈને ક્યારે હું પણ કમળ-દૃષ્ટાંતનું જીવન જીવું !' એ ભાવ શરણ લેતાં લાવવાનો.

તે મુનિમહંતો સંસારની કામભોગની ગલીચવૃત્તિ-પ્રવૃત્તિમાત્રથી અલગ બનીનેય પાછા નિષ્ક્રિય અને એદી નથી, પરંતુ

**'ઝાણજ્ઝયણ-સંગયા'** ધ્યાન અને અધ્યયનમાં લીન છે.

**' ધ્યાનથી સંગત ' એટલે** (૧) જિનાજ્ઞાની અતિ નિપુણતાદિ, (૨) રાગદ્વેષાદિ આશ્રવોના અપાય-અનર્થ, (૩) જ્ઞાનાવરણીયાદિ કર્મના વિપાક, તથા (૪) લોક-સંસ્થાન લોક-સ્થિતિ, એ વિષયો અથવા દ્રવ્ય-પર્યાય પૈકી એક વિષય ઉપર એકાગ્ર ચિત્તના અનુબંધ (ફોરવણી, વિકાસધારા) વાળા છે.

અથવા, ૨૫ મહાવ્રત-ભાવના, ૪ મૈત્રી આદિ અને ૧૨ અનિત્યાદિ શુભ ભાવના પૈકી ગમે તે ભાવનાના એક વિષય ઉપર એક પ્રશસ્ત એકાગ્ર વિચારસરણી કે જ્યાં બીજા ત્રીજા વિચારોનો વ્યાક્ષેપ (ડહોળામણ) નહિ, તે ધ્યાનવાળા છે.

અથવા સમસ્ત ક્રિયા-માર્ગમાં એકાગ્ર શુભ ચિત્તરૂપી ધ્યાનવાળા છે.

વળી, 'અધ્યયન સંગત' એટલે જ્ઞાનયોગ,-સમ્યક્ શાસ્ત્રોની વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપેક્ષા, અને ધર્મકથા એ પાંચના આત્મલક્ષી સતત અભ્યાસમાં પરોવાયેલા રહે છે. જીવનમાં અધ્યયન અને ધ્યાનની જ મુખ્ય પ્રવૃત્તિ મુક્તિનો આસ્વાદ અહીં કરાવે છે. એવા સાધુપુરુષો વળી

**'વિસુજ્ઝમાણભાવા'**- શાસ્ત્રવિહિત (શાસ્ત્રે ફરમાવેલા) સમિતિ-ગુપ્તિ-સ્વાધ્યાય-આવશ્યક વગેરે અનુષ્ઠાનોથી આત્માના ભાવને ઉત્તરોત્તર વિશુદ્ધ કરનારા હોય છે. જેમ હિંસા-જૂઠ-જુગાર-નિંદા-પરિગ્રહ-વિષયસેવા આદિ ક્રિયાથી હૈયાના ભાવ ક્રૂર-નિષ્ઠુર-માયાવી આદિ બને છે, તેમ આ સમિતિગુપ્તિ, શાસ્ત્ર-વ્યવસાય; પ્રતિક્રમણ પડિલેહણ આદિ ક્રિયાઓથી ભાવ શુદ્ધ શુદ્ધત્તર બને એ સહજ છે.

**'અહો ! માનવભવની આ કેવી સુંદર સફળતા ! સાચે જ, અનંતકાળથી કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, હાસ્ય, શોક, રતિ, અરતિ વગેરે મહામલીન ભાવોથી અત્યંત ખરડાયેલા આત્માનું સંશોધન-વિશુદ્ધિકરણ શ્રી જિનાજ્ઞાકથિત પ્રશસ્ત વૃત્તિઓ અને પ્રવૃત્તિઓના ત્રિકરણ યોગના પાલનરૂપી જલથી જો અહીં નહિ કરવામાં આવે, અર્થાત્ મલીન ભાવોનો નાશ અને પ્રતિપક્ષી બ્રહ્મચર્ય, ક્ષમા આદિ વિશુદ્ધ ભાવોને આત્મસાત્ કરવાનું અહીં ન કર્યું, તો પછી બીજા કયા ભવમાં કરી શકાશે ? ધન્ય છે તે નિર્ગ્રંથ ગુરુદેવોને, જેમણે એ સંશોધનમાં સારું જીવન અર્પ્યું છે ! એવા એ મુનિઓ,**

**'સાધુ'** છે. સમ્યગ્દર્શન-જ્ઞાન ચારિત્ર-તપથી માત્ર મુક્તિને સાધનારા હોવાથી સાધુ કહેવાય છે- 'તે મારે જાવજ્જીવ શરણ આશ્રય ભૂત હો. આવા મહાન આત્માઓના શરણે જનારને એટલું તો જરૂર હૃદયનું વલણ બને કે જીવનના આદર્શો, જીવન જીવવાની વસ્તુઓ તથા પદ્ધતિઓ, લાભ-અલાભના લેખાં, ભય-નિર્ભયતાની ગણતરીઓ, વગેરે જગત કરતાં વિલક્ષણ અને મહાત્માઓની જે હોય છે, તેને અનુસરનારી જોઈએ.

## (૪) સર્વજ્ઞકથિત ધર્મનું શરણ

હવે ચોથું શરણ બતાવે છે. **'તથા'** એટલે એકલું સાધુનું શરણ સ્વીકારું છું એમ નહિ પરંતુ કેવલી ભગવંતે પ્રરુપેલા શુદ્ધ ધર્મનું પણ હું શરણ સ્વીકારું છું તે ધર્મ કેવો છે ?

**'સુરાસુરમણુઅ-પૂઈઓ'** સુરો યાને જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોથી, તથા અસુરો એટલે ભવનપતિ અને વ્યંતર દેવોથી, તેમ ખેચર મનુષ્યો અર્થાત્ ગગનગામી વિદ્યાધરોથી પૂજાએલો છે.

**આ વિશેષણ એ શ્રદ્ધા કરાવે છે કે,**

'જગતની ઋદ્ધિ, સમૃદ્ધિ વગેરેના આપનારા શેઠ, શાહુકાર કે રાજા કરતાં આ ધર્મ મારે અધિક માન્ય છે; કેમ કે આ ધર્મ તો દેવોને પણ માન્ય અને પૂજ્ય છે. આવા અતિ પૂજ્ય ઉચ્ચત્તમ ધર્મનું શરણું પામ્યાનું મને ગૌરવ છે. મારું અહોભાગ્ય છે કે મને આવા શુદ્ધ ધર્મને માનવા પૂજવાનું મળ્યું !' વળી **'મોહતિમિરંસુમાલી'** - આ ધર્મ મોહરૂપી અંધકારને હટાવવા માટે સૂર્ય સમાન છે.

**'મોહ' એટલે** સત્-અસત્ના, સાચા-ખોટાના, તારક-મારકના, હિત-અહિતના, સ્વ-પરના, કાર્ય-અકાર્યના ઈત્યાદિના વિવેકનો અભાવ, અને એથી આત્માની થતી મૂઢ અવસ્થા. એ મોહ, ખરેખર ! વસ્તુનું સાચું દર્શન યાને ઉદાસીન તટસ્થ નિષ્પક્ષપાત દર્શન નથી કરવા દેતું; એટલે કે વસ્તુની રાગદ્વેષથી અકલંકિત એવી સાચી સમજને આવરે છે. માટે મોહ એ અંધકાર તુલ્ય છે.

શ્રુત (શાસ્ત્રબોધ), સમ્યક્ત્વ અને ચારિત્રરૂપ ત્રિપુટીધર્મ આત્મામાં સૂર્યવત પ્રકાશી એ મોહને દૂર કરે છે. તેથી હવે જગતની વસ્તુઓનું સાચું સ્વરૂપ આત્મામાં ભાસે છે આ પ્રતાપ ધર્મનો છે. 'આવા ધર્મનું શરણું તે ઈચ્છાએ કરું છું કે અંશે પણ આવો ધર્મ પ્રાપ્ત થતાં અંશે પણ આત્માની મૂઢ દશા અવશ્ય નબળી પડે.' વળી

આ ધર્મ **'રાગદ્દોસવિસપરમમંતો'** રાગદ્વેષ રૂપી વિષ (ઝેર)ને દૂર કરવા માટે શ્રેષ્ઠ મંત્ર સમાન છે. જેમ ઝેરથી પ્રાણીનું મૃત્યુ થાય છે, તેમ રાગદ્વેષથી આત્માનું ભાવમૃત્યુ થાય છે; અર્થાત્ ભાવપ્રાણ જે જ્ઞાનાદિ, તે બંધ પડે છે. સાથે જ એ



રાગદ્વેષથી બંધાયેલા તીવ્ર કર્મોને લઈને જીવને ભાવી સંસારમાં ભવે ભવ મૃત્યુ પામવું પડે છે. માટે રાગદ્વેષ એ વિચિત્ર ઉગ્ર ભયંકર ઝેર છે. ધર્મ એનો ઘાત કરે છે; માટે ધર્મ એ ઝેરની સામે મંત્રતુલ્ય છે.

**આવા ધર્મનું શરણું તે શ્રદ્ધા માગે છે કે,**

'જો આત્મામાં ધર્મની સાચી સ્પર્શના કરવી હશે તો મારે રાગદ્વેષને પૂર્વની જેમ પાળી પોષી શકાશે નહિ, પણ ઓછા કરવા પડશે. અહો ! કેવો સુંદર આ ધર્મ ! કે એ પ્રાપ્ત થતાં રાગદ્વેષ રૂપી ઝેર અને એથી ચડેલી મૂર્ચ્છા ઊતરી જાય.'

સાથે, એ પણ ખરું કે ધર્મનું આવું સ્વરૂપ હોવાથી જ ધર્મને શરણે જનારો (૧) ધર્મ સેવતાં કોઈ વિષયાશંસા કે માનાકાંક્ષા ન રાખે, કેમ કે એ આશંસા તો રાગવિષને પોષનારી છે; (૨) વળી જો બીજાઓની ધર્મપ્રવૃત્તિમાં કદાચ ધર્મવૃત્તિને બદલે રાગનાં તાંડવ જુએ તો તેમાં એ ભળે નહિ, એમાં એનું દિલ ઠરે નહિ; તેમજ (૩) સાંસારિક પ્રવૃત્તિમાં રાગદ્વેષના તોફાનોમાં પોતે સપડાતો હોય ત્યાં એમ થાય કે 'અરે ! આવો મહામંત્ર સમો શુદ્ધ ધર્મ મારી પાસે છતાં હજી રાગ દ્વેષના ઝેર આત્મામાં ઘાલી રહ્યો છું. એ કેવું મારું દુર્ભાગ્ય ! ક્યારે આ શરણાંનો સાચો સ્વીકાર મને શુદ્ધ ધર્મની સ્પર્શના કરાવી રાગદ્વેષથી બચાવી લે !'

વળી આ ધર્મ સર્વજ્ઞ ભગવાનનો કહેલો હોઈ,

**'હેઊ સયલકલ્લાણાણં'** દેવ-મનુષ્યની સારી ગતિ, યશ અને શાતા વગેરે યાવત્ મોક્ષ સુધીનાં સકલ કલ્યાણોનું સચોટ સાધન છે. આ વિશેષણ સૂચવે છે કે અધર્મ એટલે કે હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહ વિગેરે તથા ક્રોધાદિ કષાયો, મિથ્યાત્વ, અને કુશાસ્ત્રો ઈત્યાદિ કલ્યાણનાં સાધન નથી. કદાચિત્ અજ્ઞાનવશ કષાય-પરિગ્રહાદિ કોઈનું આલંબન લીધું હોય, તો પણ એને કલ્યાણના સુખનાં સાધન (કારણ) તરીકે હરગીજ ન મનાય.

**'સમસ્ત કલ્યાણ અને સુખનું સાધન તો સર્વજ્ઞકથિત ધર્મ જ; -આ શ્રદ્ધાથી જ ધર્મનું શરણું સફળ થાય.'** જેમ, સાચા વૈદ્યને 'હું તમારે શરણે છું' એમ કહેનારો દરદી જરૂર માને છે કે બીજા ખોટા વૈદ્ય તથા દોષપોષક વસ્તુ આરોગ્યના હિતકારી નથી, બલ્કે હિતનાં ઘાતક છે, (અવરોધક છે) અથવા જેમ કોઈ મોટા માણસને શરણે ગયેલો દુઃખી દરિદ્ર સમજે છે કે આમનાથી જ મારી દરિદ્રતા ને દુઃખ ટળશે; અથવા લૂંટારાના ત્રાસથી બચાવી શકે એવા રક્ષકોના શરણે જનારો એનાં બહુમૂલ્ય આંકે છે; એવી રીતે જેના વડે એમ મનાય કે -'ધર્મ એ સર્વ કલ્યાણનું કારણ છે, માટે ધર્મને શરણે જાઉં છું' એને મન ધર્મનાં મૂલ્ય અગણિત હોય. એ સમજી જ રાખે કે,-

'ખાવું-પીવું એ ધર્મ નથી, પણ ત્યાગ-તપ એ ધર્મ છે.' તેથી જ કલ્યાણ

ત્યાગ-તપમાં છે, ખાવા, પીવામાં નહિ;

● પુણ્યના ચોપડે ત્યાગ તપ જમે થાય છે, ખાવા-પીવાનું નહિ;

● અનાદિની ખાવાપીવાની લત ત્યાગ-તપથી જ મટે, પણ ખાવાપીવાથી નહિ.

● અનેક પ્રકારના રાગદ્વેષના સંકલેશ, વિહ્વળતા, કુવિચારો, અતૃપ્તિ, અધીરાઈ વગેરે તોફાન ખાનપાન પાછળ છે; ત્યાગ તપમાં તો એ બધાની શાન્તિ !

● માનવ-જીવનની મહત્તા ત્યાગ તપમાં છે, ખાવાપીવામાં નહિ.

● પરલોક ઉજળો ત્યાગ-તપથી બનશે, અનેક પાપો ત્યાગ-તપથી અટકશે, સદ્વિચારણાઓ ત્યાગ-તપથી ખીલશે, નિર્વિકારતા ત્યાગતપથી આવશે, રગડા ઝઘડા ત્યાગતપથી અટકાવાશે.

● આ અને ભાવીના અનેક સુખો ત્યાગ તપ-રૂપ ધર્મથી જ થશે પણ રંગરાગ અને ભોગથી નહિ.

● ધર્મનું શરણું લેતાં જરૂર સચોટપણે હૃદયમાં ભાસવું જોઈએ કે 'આના સિવાય બીજી કોઈ વસ્તુથી મારું કોઈ કલ્યાણ નથી, ભલું નથી.'

**કુમારપાળ : જૈનધર્મની મહત્તા સકલકલ્યાણ હેતુતાથી :-**

સર્વજ્ઞ શ્રી તીર્થંકર ભગવાને જે ધર્મશાસન સ્થાપ્યું છે, એ સકલ કલ્યાણ યાને ઠેઠ વીતરાગ સર્વજ્ઞતા સુધીના સમસ્ત શુભ ભાવોને પ્રગટ કરનારું છે. એવા ધર્મશાસનની રૂએ શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજે રાજા કુમારપાળની શ્રદ્ધા મજબૂત કરી.

બન્યું એવું કે એક યોગી દેવબોધિએ રાજાને યોગમાયાથી મહાદેવ સાથે એના પિતા હાજરાહજૂર બતાવ્યા, ને ત્યાં પિતાએ કહ્યું : 'જો કુમારપાળ ! આ શંકર ભગવાનની ભક્તિથી હું સ્વર્ગ પામ્યો, તો તું પણ આ દેવને જ માનજે-પૂજજે.'

પછી કુમારપાળે હેમચંદ્રસૂરિજીને પૂછતાં એમણે રાજાને એના પૂર્વજોની પરંપરા ચોવીસ તીર્થંકર ભગવાનની પૂજા કરતી બતાવી ! ને એ પૂર્વજોએ રાજાને જૈનધર્મ જ આરાધવા કહ્યું. રાજા વિચારમાં પડ્યો, ત્યાં સૂરિજીએ કહ્યું ;

'રાજન ! પેલીય યોગમાયા; ને આ પણ યોગમાયા. ખરી રીતે તો વીતરાગ સર્વજ્ઞ ભગવાને કહેલો ધર્મ જ સકલ કલ્યાણનું, સકલ શુભ ભાવોનું કારણ હોઈ માન્ય છે. એ યુક્તિસિદ્ધ છે, માટે જ એ શરણ કરવા યોગ્ય છે.'

રાજા જૈનધર્મમાં સ્થિર શ્રદ્ધાવાળો બન્યો. એણે જૈન ધર્મમાં વ્રત નિયમ,



આચાર-અનુષ્ઠાન ને સુકૃત-સદ્ગુણોથી જીવનને એવું ગૂંથી લીધું કે સર્વત્ર સ્વ-પરને કલ્યાણભૂત દયા-વૈરાગ્યાદિ શુભ ભાવોમાં એ રમતા રહેતા. વળી,

ધર્મ **'કમ્મવણ-વિહાવસૂ,'** -જ્ઞાનાવરણાદિ કર્મરૂપી વનને બાળી નાખવા માટે ધર્મ અગ્નિ સમાન છે. આ શ્રદ્ધાથી જાગતો ખ્યાલ જોઈએ કે

'કર્મ વનમાં દુઃખના-કલેશનાં જ ફળો નીપજે છે. સર્વજ્ઞ-કથિત શુદ્ધ ધર્મના અભાવે આત્મા એમાં વન ફાલ્યું-ફુલ્યું છે, અને અનાદિ અનંતકાળથી જીવને એનાં દુઃખરૂપી કડવાં ફળો ચખાડ્યાં કરે છે. દુઃખ એ કાંઈ આત્માનો સ્વભાવ નથી. એ તો કર્મના ઉદયે આવે છે. ત્યારે કર્મો હિંસાદિ-પાપોથી જન્મે છે. સર્વજ્ઞે કહેલો શુદ્ધ અહિંસાદિ ધર્મ આ કર્મ વનને બાળી ભસ્મીભૂત કરે છે. પછી દુઃખનું નામ પણ નથી રહેતું. પછી તો સ્ફટિકવત્ નિર્મળ આત્મામાં અનંતજ્ઞાન અને અનંત સુખની શાશ્વત જ્યોતિ ઝગમગે છે. અહો ! કેવો સુંદર ધર્મ ? હું એને સાધું તો મારા કર્મ ખપી જ જાય; એથી જ કર્મ ખપે.'

વળી, આ ધર્મ **'સાહગો સિદ્ધભાવસ્સ'** સિદ્ધપણાનો એટલે કે મુક્તિનો સાધક છે. સંપાદક છે. ધર્મ વિના સિદ્ધિ નથી. તેમજ ધર્મ હોય તો સિદ્ધિ તરફ અવશ્ય પ્રયાણ હોય. અર્થાત્ જેમ જેમ ધર્મ સાધે, તેમ તેમ એ જીવ વીતરાગ-દશા, અસાંયોગિક આનંદ (નિવૃત્તિનું સુખ), શુદ્ધ જ્ઞાનદૃષ્ટિ, વગેરેની નિકટ જઈ રહ્યો હોય. એ શ્રદ્ધા રાખી આવા ધર્મનું 'હું યાવજ્જીવ શરણ સ્વીકારું છું,' એમ શરણ સ્વીકારવાનું.

### હવે વિશેષ જાણવા

અહીં ચારે શરણાનું કાર્ય એક સરખું છે, તેથી એકને બદલે ચાર શરણાં કરવામાં પરસ્પરનાં કાર્યોનો વિરોધ નથી આવવાનો. વળી **અરિહંત** વીતરાગ છે, અને વીતરાગતાના ઉપદેશક છે. **સિદ્ધ** પ્રભુ પણ વીતરાગ અને સર્વથા મુક્ત છે. **સાધુ** એકમાત્ર વીતરાગતાના સાધક છે, ને ધર્મ વીતરાગતાનો ઉપાયભૂત છે. એમ ચારેય, ૧. માર્ગદર્શક, ૨. ધ્યેય આલંબન, ૩. માર્ગસાધક આલંબન, તથા ૪. માર્ગસાધન હોવાથી વીતરાગ બનવામાં ઉપયોગી છે માટે ચાર શરણમાં અન્યોન્ય વિરોધ નથી.

**(હવે વિશેષ જાણવા વાંચો 'ઉચ્ચ પ્રકાશના પંથે' શ્રી પંચસૂત્ર વિવેચન)**

# શ્રી 'પંચસૂત્ર' મહાશાસ્ત્ર ભાગ-૧

## નમસ્કાર એટલે ! ધર્મ પ્રવૃત્તિનાં ૪ અંગ

પરમ ઉપકારી શાસ્ત્રકાર મહર્ષિ ચિરંતન આચાર્ય મહારાજશ્રી અનાદિ અનંત કાલથી સંસારમાં ભટકતા જીવને અનંતકાલથી સુખ મેળવવાની મહેનત છતાં સુખ મળતું નથી અને મહેનત માથે પડે છે તે સ્થિતિમાંથી ક્યા ક્રમે, ક્યા માર્ગે અને કઈ રીતિએ એ પુરુષાર્થ કરી જીવ મુક્તિ સુધી પહોંચી શકે તે બતાવવા, શ્રી પંચસૂત્ર નામના મહાન શાસ્ત્રની રચના કરે છે. સૂત્રની ભાષા જોતાં એમ લાગે છે કે એના રચનારા આચાર્ય ભગવાન કોઈ પૂર્વધર મહર્ષિ હોવા જોઈએ. ઉપરથી જોતાં આ શાસ્ત્રમાં ઝટ ન સમજાય એવી ઊંડી તત્ત્વની વાતો નહિ દેખાય, સહેલાઈથી સમજી શકાય એવું આ શાસ્ત્ર છે. છતાં તેના પર ૧૪૪૪ શાસ્ત્રના પ્રણેતા આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે એક ટૂંકું વિવેચન લખ્યું છે, તે ઉપરથી એ સૂત્રમાં કેવા ગંભીર ભાવો ભરેલા હશે અને એ ભાવો જીવનમાં કેવા અતિ ઉપયોગી હશે તેનો ખ્યાલ આવી શકે તેમ છે. શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ એક સમર્થ શાસ્ત્રજ્ઞ અને શાસ્ત્રોના રચયિતા, એ જ્યારે આના માટે આવો પ્રયત્ન કરે ત્યારે સમજાય છે કે એ વસ્તુ ગહન હોવી જોઈએ. શ્રી પંચસૂત્ર જેવા શબ્દથી નાના શાસ્ત્ર પર આમનું વિવેચન, એ એનું અર્થ-ગૌરવ બતાવે છે.

અનેક વાક્યોનો સમૂહ તે એક સૂત્ર. પાંચ સૂત્રો એટલે પાંચ પ્રકરણો. પાંચ પ્રકરણોનો આ ગ્રંથ બનેલો છે. એક પછી બીજું, પછી ત્રીજું, એમ પ્રકરણો પણ યોગ્ય ક્રમે ગોઠવાયેલ છે. એ ક્રમ એ રીતે કેમ એ પણ વિવેચનકાર બતાવવાના છે. પ્રકરણના વિષયો પણ બહુ જ વિચારણાવાળા અને જીવનમાં વાસ્તવિક ઉપયોગી છે. પ્રકરણના વિષયોનો ક્રમ પણ બહુ યુક્તિબદ્ધ છે. અનાદિ મિથ્યાત્વમાં પડેલો જીવ, એકલા મિથ્યાત્વનો નહિ પણ આઠ જાતિના કર્મનો નાશ કરીને, અસલ શુદ્ધ આત્મા સ્વરૂપ પામે, મુક્તિ સ્થાને બિરાજે. વચ્ચે શું શું પગથિયાં ચઢવા જેવાં છે, વગેરે વાત આવવાની છે.

ઘણીવાર સાંભળીએ છીએ મુક્તિનો રાજમાર્ગ-ધોરી રસ્તો સર્વ વિરતિ ચારિત્ર છે. દેશવિરતિ એ ગલીકુંચીનો-કેડીનો માર્ગ છે, પણ એને ય રાજમાર્ગે તો જઈને મળવું પડે. સીધા મોક્ષે ન જવાય. કોઈ પુણ્યશાળી કઠિન ધોરી માર્ગે જાય પણ અસમર્થ હોય તે દેશ વિરતિની કેડીથી રાજમાર્ગે જઈ મળે. પંચસૂત્રકાર મોક્ષની



વાત કહે છે એટલે એમાં એમને ચારિત્ર લાવવું પડે. તો એ લાવે જ છે. ચારિત્રની વાત લાવતાં પૂર્વ ચારિત્ર પહેલાંની યોગ્યતા તથા વિધિ કઈ જોઈએ તે બતાવવાના છે. આ રીતે મુખ્ય પાંચ સૂત્રોમાં પાંચ વસ્તુ આવવાની છે.

આ ગ્રંથ પર શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ વિવેચન લખે છે. એ વિવેચન નિર્વિઘ્ને પૂર્ણ થાય માટે પહેલાં મંગળ કરે છે. **કોઈપણ શુભ કાર્યમાં પ્રથમ મંગલ કરવું એ શિષ્ટ પુરુષોનો આચાર છે. શુભ કાર્યમાં વિઘ્ન ઘણાં. એ વિઘ્ન ટાળવા મંગલ જોઈએ.** અશુભ કાર્યને વિઘ્ન ઓછાં નડે, શુભને વિઘ્ન નડે છે. જીવ પાપ કરે એ તો જાણે કર્મને તથા સંસારને ફાવતી વાત છે, એટલે વિઘ્ન હોય તોય જાણે એ ઉઠાવી લે છે. સાચું બોલવામાં વિઘ્ન; જૂઠામાં નહિ ! સારાં કાર્યો મોહરાજાને ન પાલવે, માટે જાણે એ એમાં નવાં નવાં વિઘ્નો ઊભાં કરે છે. તો અહીં મંગળ એટલા માટે કર્યું કે જેના પ્રભાવે વિઘ્નો તૂટે.

મંગલમાં કાં તો દેવાધિદેવ પરમાત્માનાં સ્મરણ, વંદન-નમસ્કાર હોય, 'આવા આવા અતિશય,' એમ સ્તુતિ-ગુણગાન હોય; કાં તો જીવનમાં તરવાના મુખ્ય આધારભૂત જ્ઞાનની સ્તુતિ-ગુણગાનાદિ હોય. પરમાત્માની તથા જ્ઞાનની એટલી તાકાત છે કે એનાં શરણ લેનારનાં, સ્મરણ કરનારનાં, નમસ્કાર કે ગુણગાન કરનારનાં જન્મોજન્મનાં પાપોનો ધ્વંસ કરી નાખે. આજે એ ચમકારો ન દેખાય તેમાં પાત્રની ખામી છે : આલંબનની જરાય નહિ.

ગ્રંથકાર કહે છે, '**प्रणम्य परमात्मानं महावीरं जिनेश्वरं.**' પરમાત્મા શ્રી મહાવીરદેવ કે જે શ્રી જિનેશ્વર છે તેમને નમસ્કાર કરીને સત્ એવા પંચ સૂત્રની વ્યાખ્યા સંક્ષેપથી કરું છું.' મંગલ સાથે જ, પંચસૂત્રની વ્યાખ્યા રચવાની પ્રતિજ્ઞા બતાવે છે.

આત્મા જેમને નમસ્કાર કરે છે તેમના મહાન ઉત્કર્ષનો તથા પોતાના અપકર્ષનો, પોતાની નીચી સ્થિતિનો ખ્યાલ હોવો જોઈએ, તો તે નમસ્કાર ભાવભર્યો બને. આ નમન **'Good bye,' 'Good morning'** કે 'સાહેબજી બાવા !' જેવું નહિ પણ ભાસ થાય કે, 'એ ઊંચા, હું નીચો.' ભાસ કેવો ? 'આ પરમાત્મા મોહનીય કર્મનો નાશ કરી અનંત ગુણ સંપન્ન બન્યા ! તે જ કર્મથી હું અનંતા દોષમાં ખદબદું છું. પરમાત્મા અનંત ગુણવાળા. હું અનંતા દોષવાળો આ વાત નજર સામે ખડી થાય ત્યાં પ્રેરણા અને સાવધાની મળે છે.'

જુઓ નમસ્કારની ક્રિયા સામાન્ય જેવી દેખાય, પણ એમાં કેવું ભવ્ય તત્ત્વ છે !

**નમસ્કારમાં શું કરવાનું ? :-**

નમસ્કારમાં બે કાર્ય કરવાનાં છે, -૧. દ્રવ્ય સંકોચ અને ૨. ભાવસંકોચ.

**દ્રવ્ય સંકોચ** એટલે ગાત્રોનો સંકોચ કરી, ચોક્સ પ્રકારની કરાતી મુદ્રા, જેમાં બે હાથ જોડાય. કોણી પેટ આગળ, અને જોડેલા હાથ નમાવેલ મસ્તક આગળ રખાય તથા વાણી નમસ્કાર સિવાય બીજેથી સંકોચી લેવાય. **ભાવસંકોચ** એટલે મનનો સંકોચ. મનને બીજેથી સંકોચીને નમસ્કરણીય દા.ત. દેવાધિદેવની ઊંચી સ્થિતિ અને આપણી નીચી સ્થિતિમાં જોડી વંદન ક્રિયામાં પરોવવાનું. આ બંને જરૂરી છે. દ્રવ્યસંકોચ હોય પણ ભાવસંકોચ ન હોય તો એ કોરી દ્રવ્યક્રિયા બને, ભાવાનુષ્ઠાન નહિ. ત્યારે ભાવસંકોચ તો કર્યો પરંતુ હાથ પગ વગેરે ગમે તેમ રેઢિયાળ સ્થિતિમાં રાખ્યા, તો એમાં તો ઊલટું અનાદર વગેરે થાય. પૂજ્યને 'વંદે, નમામિ, નમો' વગેરેમાંનું કાંઈક કહેવા દ્વારા કરવા ગયા નમસ્કાર, પણ સાથે અનાદર કરતા આવ્યા. માટે મુદ્રા બરાબર જોઈએ. સાથે ભાવસંકોચમાં આત્માના ભાવને પૌદ્‌ગલિક આશંસાથી વાળી લઈ અર્થાત્ એને અટકાવી, એમ બીજા ત્રીજા વિચાર બંધ કરી દઈ, 'અહો, આ પૂજ્ય કેવા ઊંચા ! હું કેવો નીચો ! એમને મારી અતિ નમ્રતાપૂર્વક વંદના છે' -આ ભાવ દિલમાં જાગ્રત કરવાનો છે.

**નમસ્કારથી પહેલી પ્રેરણા :-**

નમસ્કરણીયનો ઉત્કર્ષ અને આપણો અપકર્ષ, આ બે વસ્તુ આપણા મનમાં લાવવી, એનું ઘણું મહત્ત્વ છે. એથી આપણી જાતની ન્યૂનતા-અધમતાનો ખ્યાલ આવે છે, અને આપણે જાગ્રત થવાનું મળે છે. અહીં અરિહંત ભગવાન મહાવીર-સ્વામીને નમસ્કાર કરવાનો છે, તો મહાવીર પ્રભુની કેટકેટલી અદ્‌ભુત વિશેષતાઓ, એમનો ત્યાગ, એમની સહિષ્ણુતા, એમની સૌમ્યતા, એમની કરુણા, એમનું જ્ઞાન-ગાંભીર્ય, દેવતાઈ ઘોર ઉપસર્ગમાં ય સાધનામાં જ લીનતા વગેરે જ. સામે આપણી અનંતગુણી ન્યૂનતાનો ખ્યાલ આપણને પ્રેરણા આપે છે. મનને થાય કે,-

'ચાલ ઊઠ જીવ ! ભગવાન પણ એક દિ' તારી જેમ સંસારમાં, મોહમાં, અનંત દોષોમાં ફસાયેલા હતા છતાં પુરુષાર્થ કરીને એમાંથી એ સર્વથા છૂટ્યા છે. તો તું પણ પુરુષાર્થ કરીને કેમ ન છૂટી શકે ? એમાં પાછું આવા ભગવાનનું આલંબન મળ્યું છે, તો એમને નજર સામે રાખી પુરુષાર્થ ખેડ, પરાક્રમ કર.'

**નમસ્કારથી બીજી સાવધાની** એ મળે છે કે, જ્યારે એમ ખ્યાલ આવ્યો કે પ્રભુ અનંતા ગુણોથી ભરેલા અને હું અનંતા દોષોએ ખદબદતો છું, ત્યારે જાતની ખુમારી યા જશ લેવાની વાત ક્યાં ઊભી રહે ? જીવની આ જુગજૂની કુટેવ છે કે પૂજ્ય પુરુષોનું, ઉપકારી પુરુષોનું થોડું પણ સેવાકાર્ય કરીને જાતે શાબાશી લેવા જોઈએ છે, જાતનો યશ ગાવા જોઈએ છે. દા.ત. એમ ગાવાનું મન થાય છે કે 'આ આંગી મેં કરાવી, મેં પૂજા ભણાવી, મંદિર-ઉપાશ્રયનું ફલાણું કાર્ય મેં કરી



આપ્યું...' અહીં જો પોતાની અનંતા દોષોથી ખદબદતી સ્થિતિનો ખ્યાલ હોય તો જશ પોતાને આપવાનું મન થાય કે પ્રભુને ? ગુરુને ? કોણ કહે 'અલ્યા તું કોણ કે જશ પરમાત્માને આપવાને બદલે જાત ખાતે જમા કરી રહ્યો છે ? તારી ધર્મપ્રવૃત્તિમાં શું ઠેકાણું છે ?' આમ કોણ કાંડું ઝાલીને પૂછનાર છે ? એક પ્રભુના દર્શન કે પ્રભુને નમસ્કારની આરાધના કરવામાં પણ ઘણી ઘણી ખામી છે; એવું બીજી ય આરાધનાઓમાં ખામી છે, ત્યાં ખુમારી શી કે આ ધર્મનું કામ મેં કર્યું ?

**ધર્મની આરાધનામાં જરૂરી ચાર તકેદારી :-**

આપણને એમ થાય કે 'ધર્મની આરાધના અમે સારી કરીએ છીએ' પણ આ દાવો રાખતાં પહેલાં એ વિચારવાનું છે કે,

(૧) આરાધનાના રંગઢંગ કેવા હોવા જોઈએ ? શાસ્ત્રો શું કહે છે ?

(૨) આરાધનાની પૂર્વભૂમિકા કેવી અને પાછળ એની કેવી અધિક ઉત્સાહપ્રેરક અનુમોદના ?

(૩) આરાધનાને અને આત્મશુદ્ધિને કેવો સંબંધ ?

(૪) આરાધનાનો પડઘો દુન્યવી પ્રવૃત્તિ અને ઇન્દ્રિયવિષયોની પ્રવૃત્તિ પર કેવો પડે છે ?

આવું ઘણું ઘણું વિચારવા જેવું છે. એમાં જો સત્ય આત્મનિરીક્ષણ થાય તો પછી ઊભા રહી જવું પડે, ખોટા આરાધકપણાના દાવા-અહંકાર અને સંતોષ હેઠા ઊતરી જાય, અને ધર્મપ્રવૃત્તિમાં કેટકેટલા સુધારા કરવા જેવા છે એનું ભાન થવા સાથે એ સુધારા માટે દિલથી પુરુષાર્થ થાય. દેવદર્શનાદિ ધર્મ કરતાં કરતાં વર્ષો ગયાં, સુધારો કેમ વધતો આવતો નથી ? કહો, કાં તો ખબર નથી કે આમાં હજી ઘણી ઘણી સુધારણાઓ કરવા યોગ્ય ઊભી છે, અગર ખબર છે તો પણ અત્યલ્પ અને સાવ લૂલી-લંગડી, બોડી-બોબડી આરાધના પર ભારે આત્મસંતોષ છે, ધર્મ કર્યાનો અહંભાવ છે, દાવો છે. નહિતર આટલી બધી ઉપેક્ષા થાય ? એવું ને એવું જ લૂલુ-લંગડું ચાલે ? નિશાળમાં તાલીમ લેતો વિદ્યાર્થી આગળ આગળ વધતો જાય છે. દસ વરસમાં તો કેટલો બધો આગળ વધી ગયો હોય છે ! ત્યારે અહીં ધર્મની તાલીમ લેવામાં કાંઈ જ આગળ વધવાનું નથી ? હવે જરા જોઈએ કે ધર્મની આરાધનામાં કેટકેટલું જોઈએ છે. હવે ક્રમસર આ ચાર મુદ્દા જોઈએ.

**(૧) આરાધનાના રંગઢંગ અંગે :-**

૧. શાસ્ત્ર સામાન્ય રૂપ કહે છે,-

**आदरः करणे प्रीतिरविघ्नः संपदागमः ।**
**जिज्ञासा तज्ज्ञसेवा च सदनुष्ठानलक्षणम् ॥**

અર્થાત્ સમ્યગ્ ધર્માનુષ્ઠાનમાં આ જોઈએ,-

(૧) આદર, એટલે કે દૃઢ પ્રયત્ન; તે પણ લૂખા દિલનો યા કોઈના બળાત્કારને લીધે નહિ કિન્તુ સાથે,

(૨) કરવાની પ્રીતિ, સહજ રુચિ જોઈએ; વળી તે પણ એવા શુદ્ધ હૃદય અને શુભ ભાવોલ્લાસ તથા ભાવ મંગળ કરવાપૂર્વક હોય કે જેથી

(૩) વિઘ્નોનો અભાવ રહે. એમાં,

(૪) આત્મિક સંપત્તિ આવતી રહે; ગુણોની વૃદ્ધિ થયા કરે.

(૫) જે અનુષ્ઠાન કરવું છે તેના સંબંધમાં શાસ્ત્ર શું શું કહે છે તેની પહેલાં જિજ્ઞાસા રહે. મન સંતોષ ન વાળી લે યા મૂઢ ન બને કે 'આપણે તો ક્રિયા કરવી તે કરવી, વિશેષ જાણવા કરવાનું કાંઈ રહેતું નથી.' આ નહિ; નવું નવું જાણવાની ધગશ રહે, જેથી જાણકારી આવતી રહે તો અનુષ્ઠાન વિશેષ ચોખ્ખું અને ભાવવૃદ્ધિ વાળું બને.

(૬) આ જિજ્ઞાસાની તૃપ્તિ થાય એટલા માટે તે વિષયના જ્ઞાતા ગુરુની સેવા જોઈએ. એ હોય તો ગુરુ પ્રકાશ આપે, બોધ કરાવે.

**૨. વિધિની ચોકસાઈ :-**

ધર્મપ્રવૃત્તિમાં શાસ્ત્રે કહેલી તે તે આરાધનાની વિધિ કેટલી સાચવીએ છીએ તે પણ જોવું જોઈએ, દેખાય છે એમાં ઢંગધડો ? દા.ત. ચૈત્યવંદનમાં એની બરાબર મુદ્રા, કે ઢીંચણ પર ખડા હોઈએ, યા ડાબો ઢીંચણ જરા ઊંચો રાખી જમણા ઢીંચણની એડી ઉપર રહ્યા હોઈએ, બે હાથની કોણી પેટ પર હોય, અને અંજલિ મુખ આગળ રાખી હોય પણ ઢીંચણના ટેકા ઉપર કે નીચે ખોળા પર નહિ, દૃષ્ટિ ફિક્સ પ્રભુની સામે જ હોય અને ઠેઠ સુધી પ્રભુને જોતી હોય; ચિત્ત ક્યાંય બીજે ન લઈ જતાં અખંડ ચૈત્યવંદનના છેડા પર્યંત એમાં જ લાગેલું રહે. હૈયું ગદ્ગદ હોય, વાણી શુદ્ધ અક્ષરની અને જેના પર ભાર આપવા જેવો હોય તેના પર ભારવાળી, તથા નાભિમાંથી ઝણઝણાટીવાળી નીકળતી હોય, ઇત્યાદિનું કેટલું ઠેકાણું છે ? એમ દેવદર્શનની વિધિમાં, સામાયિક-પ્રતિક્રમણ-સ્વાધ્યાયની વિધિનું સાંગોપાંગ પાલન કેવું અને કેટલું થાય છે ? એવાં બીજાં અનુષ્ઠાનો, તથા દાન-શીલ-તપ વગેરે ધર્મની સાધના કરતાં વિધિ બરાબર જાળવવાની ચોક્સાઈ કેટલી ?

હવે આ જોઈએ તો આપણામાં, ક્યાં સતત ચાલુ રહે છે ? માત્ર અનુષ્ઠાનનો પ્રયત્ન રહે છે, બાકી એ ક્રિયા કરતાં કરતાં જૂના થઈ ગયા, એનો અભ્યાસ થઈ ગયો પછી પણ એવી સુંદર કરણપ્રીતિ, ભાવોલ્લાસ, ગુણવૃદ્ધિ, જિજ્ઞાસા વગેરે એકસરખા ચાલુ જ રહે એ ક્યાં નક્કી છે ? વિધિનું યથાર્થ પાલન ક્યાં છે ?



૩. ત્યારે બીજી રીતે જોતાં ક્રિયાના આઠ દોષ,-ખેદ, ઉદ્વેગ, ક્ષેપ, ઉત્થાન, ભ્રાન્તિ, અન્યહર્ષ, રોગ અને આસંગ એને દૂર જ રખાતા હોય, જરાય આપણા આત્માને અડવા ન દેતા હોઈએ પણ દાવો ક્યાં રાખી શકીએ એમ છીએ ?

૪. વળી ભૂમિકામાં ઇન્દ્રિયવિષયોના આગ્રહ, ક્રોધ-ખણજ વગેરે પાપવિકારો સતત દૂર રાખવાનું અને ઔદાર્ય, દાક્ષિણ્ય, પાપજુગુપ્સા, નિર્મળબોધ વગેરે આત્મ-આરોગ્ય સતત જાળવવાનું નક્કી ક્યાં રાખ્યું છે ?

૫. એથી પણ આગળ જુઓ કે પ્રણિધાન, પ્રવૃત્તિ અને ત્રિવિધ વિઘ્નજયને ક્રિયામાં બરાબર સાચવીએ જ છીએ એવું કહી શકીએ ? પહેલા નંબરમાં પ્રણિધાનનો જ વાંધો ! કેમ કે મન તદર્થને અર્પિત જોઈએ અર્થાત્ ક્રિયાના વિષયને એવું સમર્પિત રહે કે એમાં કોઈ બીજો વિચાર ન ઘૂસે, તેમજ વિશુદ્ધ ભાવના પ્રબળ પણે વર્ત્યા કરે. ત્યારે, એ ક્યાં નક્કી છે ? બીજા ત્રીજા વિચારો આવી જવાની તો ફરિયાદ ઊભી જ છે ! વળી પ્રણિધાનના સ્વરૂપમાં પરોપકારવૃત્તિ અને હીન કક્ષાના જીવો પર ભાવદયા વહેતા રહે એ સ્થિતિ ક્યાં છે ? દા.ત. આપણે દર્શન-પૂજા કરતાં બીજાને અંતરાય ન કરીએ, સ્તવન-ચૈત્યવંદનમાં આપણા અવાજથી બીજાના અવાજને ઢાંકી ન દઈએ, એ પરોપકારવૃત્તિ, તેમજ બીજા અણસમજુ ક્રિયા કરનારા ભૂલભાલ કરે ત્યાં એના પર રોષ ન કરતાં કરુણાભર્યા દિલે એને સમજાવીએ અગર ન સમજાય તેમ હોય તો ય દિલ દયાભર્યું રાખતા હોઈએ એ ક્યાં નક્કી છે ? એમ આગળ સમ્યક્ પ્રવૃત્તિ અને વિઘ્નજયનાં લક્ષણ બરાબર જળવાવાનો દાવો રાખતાં વિચારવું પડે એમ છે.

૬. બીજી રીતે જોઈએ તો પ્રાથમિક ઇચ્છાયોગમાં પણ પ્રમાદથી કદાચ શાસ્ત્રોક્ત વિધિ બરાબર ન સાચવતા હોઈએ, પરંતુ પ્રસ્તુત ધર્મયોગની ધર્મક્રિયાની કોઈપણ માનાકાંક્ષાદિ વિનાની તીવ્ર વિશુદ્ધ અભિલાષા વર્તતી હોય, ધર્મક્રિયા સંબંધમાં આગમ શું કહે છે તે સાંભળી કરીને બરાબર જાણી લીધું હોય પણ એ ય ક્યાં નક્કી છે ? અથવા,

૭. ભાવથી આરાધના માટે તચ્ચિત્ત તન્મન, તલ્લેશ્ય...બનવાનું; અર્થાત્ જે આરાધના ચાલતી હોય એના સામાન્ય, વિશેષ બંને સ્વરૂપમાં ચિત્ત તન્મય હોય, તથા લેશ્યા પણ એને યોગ્ય પ્રવર્તતી હોય, દા.ત. પોતાનાં પાપ આલોચવાની યાને પ્રગટ કરવાની તથા પાપની નિંદા કરવાની ક્રિયા હોય તો હૈયે પોતાના પાપી આત્મા પ્રત્યે જુગુપ્સાનો ભાવ ઝગમગતો હોય. દાનની ક્રિયામાં અપૂર્વ લાભ મળી રહ્યાનો સંભ્રમ હર્ષોલ્લાસ ઊછળતો હોય. સમગ્ર આરાધનામાં આ તચ્ચિત્ત, તન્મન, તલ્લેશ્યા ચાલુ જોઈએ. આપણામાં એ ક્યાં અખંડ છે ?

એમ, કાર્યોત્સર્ગની સાધના વખતે શ્રદ્ધા, મેધા, ધૃતિ, ધારણા, અનુપ્રેક્ષાના સજાગ સાધન સાથે ચોક્કસ પ્રકારનું એકસરખું, જેવી 'અપ્પાણં વોસિરામિ' પ્રતિજ્ઞા કરી તે રીતે, અખંડ ચાલુ રહે, વચમાં કોઈ લેશ માત્ર બીજો વિચાર ન પેસતો હોય એ દાવો ક્યાં રખાય એમ છે ?

આમ ધર્મ-આરાધનાના રંગઢંગ શાસ્ત્રે કહ્યા મુજબના કેવા અને કેટલા બરાબર સાચવવાનો દાવો રાખી શકીએ ? જો ઠેકાણાં નહિ, તો ભગવાન આગળ શા ગુમાન ધરાય ? ત્યારે,

**(૨) ધર્મની આરાધના અંગે બીજો મુદ્દો :-**

ધર્મ-આરાધના અંગે બીજા મુદ્દા તરીકે એની પૂર્વભૂમિકા અને પછીની અનુમોદના કેવી ઉત્સાહપ્રેરક બની રહે છે ? એ જોવાનું. દા.ત. પ્રતિક્રમણ ધર્મની આરાધનામાં પૂર્વભૂમિકા તરીકે પ્રતિક્રમણ કરવાની અને પાપોનો હૃદયદ્રાવક પશ્ચાત્તાપ-જુગુપ્સા જગાડવાની તાલાવેલી એવી જાગી ગઈ હોય કે બહારની પ્રવૃત્તિમાંથી જીવ ઊંચો થઈ 'હવે ક્યારે પ્રતિક્રમણ શરૂ કરી દઉં' એમ થયા કરતું હોય. તેમજ પ્રતિક્રમણ ક્રિયાને યોગ્ય દિલ બનાવી દીધું હોય; મન પણ બીજાં લફરાં હેઠાં ઉતારી ફોરું બનાવ્યું હોય; આ પૂર્વ અવસ્થાની અત્યંત જરૂર છે. કેમ કે એથી પછી ક્રિયા શરૂ થાય ત્યારથી માંડીને જ મન એમાં ભળી જાય, ભાવિત બનતું જાય, અને કમમાં કમ એ ક્રિયા વખતે નવાં કર્મ બાંધવાથી સાવધાન રહે.

એમ વીતરાગ પ્રભુનાં દર્શન, પૂજા ભક્તિ માટે જવું છે તો તે માટે મન અનુકૂળ અને ઉત્સાહભર્યું બનાવી દીધા પછી જ્યારે દર્શન વગેરેની ક્રિયા શરૂ કરી ત્યારથી પ્રભુના વીતરાગતા અને વિશ્વકરુણા-ગુણ પરનું ભારે આકર્ષણ રહેવાથી કોઈ પણ રાગાદિ દોષો, સ્વાર્થ વૃત્તિ, કઠોર સ્વભાવ. ઈત્યાદિને ત્યાં જગા આપવા તૈયાર ન હોય. તૈયાર કરેલી પૂર્વ ભૂમિકાની ઘેરી અસર પડે છે. આ જો હોય, તો મંદિરમાં રગડો ઝગડો કે રાગના ચાળા અથવા સ્વાર્થની રમત જેવું કાંઈ નભી શકે ? એમ, પ્રતિક્રમણમાં ય તેવું કાંઈ બને ? યા સામાયિકમાં બેસતાં પહેલેથી સમભાવના અને હિંસાદિ પાપોથી છુટકારાના ઓરતા કરી રાખ્યા હોય તો એ સામાયિક કેવા ઢંગનું થાય ?

પણ જો આના બદલે ઠેઠ ક્રિયા શરૂ કરે ત્યાં સુધી મન ઉપાધિઓની જળો-જથાવાળું અને રાગ, સ્વાર્થ અહંકારાદિથી ભરચક વ્યાપ્ત હોય તો પછી એ મન ક્રિયામાં શી રીતે તન્મય થવાનું ? પાપઘૃણા, સમભાવ, વીતરાગભક્તિ, પરાર્થવૃત્તિ વગેરેને કેટલું અનુકૂળ બની શકવાનું હતું ? એના વિરોધી દોષોને ત્યાં ઊભા ન થવા દેવા તરફ કેટલું સાવધાન બન્યું રહેવાનું હતું ?



એમ, દાનનો ધર્મ કરવા પહેલેથી દાનની લાલસા અને દાનના ભાવની ભૂમિકા ન બનાવી હોય તો એ દાનની ક્રિયામાં રંગ અને ઢંગ સુંદર કોટિના શી રીતે હોઈ શકવાના ?

પૂર્વભૂમિકા તો પહેલી જરૂરી છે. એક નવકારવાળી ગણવી છે તો તેના માટે પણ હૃદય-મન તેના ઝોકવાળું ને તેના ભાવની લાલસાવાળું પહેલાં ઊભું કરવું પડે. એના બદલે માળા ગણવાની ઠેઠ શરૂઆત સુધી મન બીજી ત્રીજી બાબતોથી વિહ્વળ હોય, બીજા ત્રીજા રાગાદિમાં ડૂબેલું હોય, તો શી રીતે એ શુભ ક્રિયામાં મન ઓતપ્રોત થવાનું ?

હવે વિચારવા જેવું છે કે અમે ક્રિયા આરાધના સારી કરીએ છીએ એવો દાવો કરવા પૂર્વે શું આવી પૂર્વ અવસ્થાનું ઠેકાણું છે ?

આ થઈ પૂર્વ ભૂમિકાની વાત.

ત્યારે શુભ ક્રિયા પત્યા પછી એની અનુમોદના, એમાં થયેલા ભક્તિભાવ, સમભાવ, પાપઘૃણા વગેરેના લાભની અનુમોદના પણ બહુ જરૂરી છે; કેમ કે એથી એ પવિત્ર ક્રિયા અને ભાવોનું મમત્વ વધતું આવે છે, અને તેથી ફરીથી એ સાધનાનો પ્રસંગ આવતાં મન નવી જ સ્ફૂર્તિથી. નવી જ હોંશ અને બળથી કામ કરવાનું. એ શુભ ક્રિયા અને ભાવોનું વારંવાર અનુમોદન થતું રહેતાં જીવને એનો રસ એટલો બધો વધવાનો કે પછી ધર્મની આરાધના વખતે મનની એકાગ્રતા સારી જામતી જવાની.

ફરિયાદ તો કરો છો કે પ્રભુ દર્શનમાં, પૂજા ભક્તિમાં સામાયિકમાં, જાપમાં ઈત્યાદિમાં મન કેમ એકાગ્ર નથી બનતું ? કેમ બીજા ત્રીજા વિચારોમાં મન દોડી જાય છે ? પરંતુ અહીં આ તપાસો કે ક્રિયાની પૂર્વભૂમિકા અને ઉત્તર કાર્ય રાખ્યું છે ખરું ? જો ના, તો મન શી રીતે તન્મય બને ?

**પ્ર.**- પણ ધર્મક્રિયા તો અમે ચાહીને હોંશથી કરીએ છીએ ને ? તો મન કેમ એમાં તલ્લીન ન બને ?

**ઉ.**- એનું કારણ તપાસો. જો એવી હોંશ અને ચાહના છે તો પૂર્વ ભૂમિકા કેમ ઊભી નથી કરાતી ? છોકરાને શાળામાં પરીક્ષા આપવા જવું હોય, કે મોટાને કોરટમાં સાક્ષી દેવાની હોય, તો ત્યાં મન પહેલેથી કેટલી તૈયારીઓ કરે છે ! એવું શું અહીં ન થાય ? એમ સારો લાભ થયા પછી એની મનમાં અનુમોદના કેટલી બધી ચાલે ! એટલે તો એક પરીક્ષા ધાર્યા કરતાં સારી પસાર કર્યા પછી વિદ્યાર્થીનો આગળ ભણવામાં રસ અને પ્રયત્ન વધી જાય છે. એવું ધર્મક્રિયાઓ પાછળ ભરપૂર અનુમોદન હોય તો રસ એકાગ્રતા કેમ ન વધવા લાગે ?

ત્યારે સ્થિતિ એવી દેખાય છે કે મંદિરમાં કોઈ સારાં પ્રભુદર્શન પામ્યા, કે સારી પ્રભુભક્તિ-ગુણગાન થયાં, એમ મનને લાગ્યું પણ ખરું, પરંતુ મંદિરની બહાર નીકળ્યા પછી મનમાં જાણે એનું કોઈ સ્વપ્નું ય નથી રહેતું એટલું બધું બહારમાં મન લયલીન બની જાય છે ! બહારમાં દોડાદોડ કરે છે ! અથવા કદાચ યાદ આવે તો એમ યાદ આવે છે કે 'બીજાઓએ પ્રભુની અંગરચના કરેલી પણ મારી અંગરચના કોઈ અવલ હતી ! મેં સ્તવન ગાયું એમાં બીજા ઠરી જ ગયા, શાંત રીતે સાંભળવા લાગ્યા !' અથવા ધર્મના વિષયમાં ભાષણ કર્યું હોય તો 'મારા ભાષણે લોકોને ધ્રુજાવી મૂક્યા !' અથવા ધર્મની ટીપમાં ભર્યું હોય તો મેં પહેલ કરીને ટીપમાં લખાવ્યું પછી ટીપ આગળ ચાલી શકી ! આ બધું શું છે ? સુકૃતની આરાધનાને બદલે 'અહં' ની અનુમોદના, આવી આપણી આરાધના એ સારી આરાધના, એમ ને ?

**સાચી અનુમોદના :-**

ખરી રીતે તો એમ થવું જોઈએ, 'અહો ! કેવી ધન્ય ઘડી, કેવો પ્રભુનો ઉપકાર કે મને અંગરચનાનો લાભ મળ્યો ! મારી પાપ લક્ષ્મી એટલી લેખે લાગી !' 'વીતરાગ પ્રભુનાં ગુણ-ગાન થયાં તો જીભ એટલી કૃતાર્થ થઈ ! સ્તવનમાં ભગવાનના કેવા સુંદર ગુણ ઉતાર્યા છે ! 'ભાષણમાં કેવી સુંદર તન્મયતા ધર્મના તત્ત્વમાં કરવાની મળી ! અહો જિનશાસનની કેવી બલિહારી ! કેવી અનન્યલભ્ય વિશેષતાઓ એમાં ભરી છે !' એમ, 'ટીપમાં કેવો મજેનો પહેલો લાભ મને આપ્યો ! સંઘ કેવો ઉપકારી કે સમૂહ-છાયા પાડી દાનની પ્રેરણા આપે છે ! આવી સુકૃત-આરાધના ન હોય તો લક્ષ્મી કેવી ગોઝારી નીવડે ! ધન્ય પ્રભુ, અને ધન્ય એમનો મોક્ષમાર્ગ !' -આવી આવી અનુમોદનામાં શું શું આવ્યું ? ક્યાંય અહંત્વ નહિ કિન્તુ ભગવાન, એમનો ધર્મ, સંઘ, સુકૃત વગેરે અનુમોદનીય તત્ત્વો.

**આરાધનાની અનુમોદનાનું ફળ :-**

આની વારંવાર અનુમોદના રહે, એમાં વપરાયેલ જીવનભાગ અને પુણ્યશક્તિઓ જ સાચી લેખે લાગી એમ થયા કરે, તો નવી આરાધના માટે જોમ મળે તેમજ, એ સિવાય પાપમાં વપરાતા જીવન સમય અને આપણી જ પુણ્યશક્તિઓ બદલ ખેદ થાય. હવે એ પાપમાંથી ઓછું કરવાનું દિલ અને પ્રયત્ન થાય. **ધર્મની વારંવારની અનુમોદના ધર્મનું આકર્ષણ વધારે છે, પાપનું આકર્ષણ ઘટાડે છે,** જીવનમાં ધર્મને સાર અને ધન વગેરેને અસાર મનાવે છે.



**ચેતવણી :-**

અહીં એક ધ્યાન રાખવાનું છે કે આપણી સુકૃતારાધનાની અનુમોદના કરવાની તે આપણાં મનોમન કરવાની, દિલની અંદર અંદર જ કરવાની પણ બહાર બીજાની આગળ જરાય ગાવાની વાત નહિ.

**જાત-પ્રશંસામાં અનર્થ :-**

**પ્ર.**- માનસિક અનુમોદના થઈ શકે અને વાચિક ન થઈ શકે એનું શું કારણ ? એમાં શો દોષ લાગી જાય ?

ઉ.- દોષ અહંત્વનો લાગવા સંભવિત છે. મોઢેથી બીજા આગળ મેં આમ કર્યું, આ સરસ સુકૃત કર્યું એ કહેવામાં અનુમોદના જાતની થવાનો મોટો પ્રસંગ છે, કેમ કે બીજાને જણાવવા બતાવવાની તાલાવેલી છે. મનોમનની અનુમોદનામાં તો એ વસ્તુ નથી, પણ જગતના દુષ્કૃતોની સામે આ ધાર્મિક સુકૃતની બલિહારી યાદ કરવી છે. તે ય એના હર્ષોલ્લાસમાંથી પ્રગટે છે; અહોભાગ્ય જાગ્યા સમજીને એ થાય છે. દુષ્કૃતોમાંથી બચી મહાભાગ્યે સુકૃત આચરવા મળ્યાનો ઊછળતો આનંદ એ કરાવે છે. ત્યારે વાચિકમાં એ વસ્તુ ફરી જાય છે, અહંત્વને, જાતને આગળ કરવાનું થાય છે એ ખતરનાક છે; કેમ કે ઉત્તમ સુકૃતનું જાણે જાતની વડાઈમાં વેચાણ થાય છે; સુકૃતને આત્મપ્રશંસામાં વટાવાય છે. બસ, પત્યું. પછી એના ઊંચા ફળ સુધી પહોંચવાનું ક્યાં રહે ? શાસ્ત્રો તો સ્વોત્કર્ષ-જાતબડાઈ ગાવામાં 'નીચ ગોત્ર' પાપ બંધાવાનું કહે છે. ક્યારે બંધાય ? અશુભ ભાવ દિલમાં જાગે ત્યારેસ્તો ! એટલે હવે એ જુઓ કે એ અશુભ ભાવના લીધે બીજાં પણ અશાતા વેદનીય, અપશય-દૌર્ભાગ્ય વગેરે પાપકર્મ બંધાવાનાં ! આ બધું બરાબર નજર સામે રખાય, તો આત્મપ્રશંસા ગાવાનું સાહસ કેમ થાય ?

આત્મપ્રશંસાનો વિકલ્પ જ ના ઊઠે અને માત્ર દુષ્કૃતોની સામે સુકૃત થયાનો હર્ષ મનમાં તરવરે, વારંવાર સ્ફુરી આવે, તો એ સુકૃતના પક્ષપાતને દૃઢ કરી સુકૃતનાં ફરી આચરણની ઊર્મિ જગાડે છે; તાલાવેલી પ્રગટાવે છે. દુન્યવી કોઈ ધન-કમાઈ, અનુકૂળ પરિવાર-પ્રાપ્તિ, માન-સત્તા-હોદ્દાની કમાઈ થવા પર કેમ વારંવાર મનમાં એની અનુમોદના થઈ આવે છે ? એ બહુ ગમે છે માટે. તેમ, સુકૃત, બહુ ગમે તો અનુમોદના જરૂર થયા કરે.

બાકી સ્વસુકૃતની બહાર પ્રશંસા કરવા જેવી નથી. વિચારો, સુકૃત-આચરણનું મહત્ત્વ છે ? કે એના આધાર પર થતી સ્વ-પ્રશંસાનું ? મન ક્યાં હરખાય છે ? સુકૃત થયું એના પર ? કે એ દ્વારા આપણે બીજાને સારા લાગીએ, આપણું સારાપણું પ્રગટ થાય તે પર ? જો જાતને આગળ લાવવાનો ઈરાદો નહિ હોય તો

તો બીજાને પ્રેરણા અર્થે કેવળ સુકૃત કાર્યના ગુણગાન ગાઈ શકાય છે. આપણી જાતને વચમાં લાવવાનું શું કામ છે ?

સામાને અનુમોદના કરાવવી હોય તો એમ કહી શકાય કે ભાગ્યશાળી જીવો આવા ઉત્તમ સુકૃતની કેવી સુંદર આરાધના કરે છે ! પોતાનાં તન-મન-ધનને કેવા ઊંચા સુકૃત દ્વારા સફળ કરી રહ્યા છે ! ધન્ય છે એમના જીવને ! ધન્ય સુકૃત !...' આમ જાતને સહેજ પણ સ્પર્શ્યા વિના સુકૃતપ્રશંસા શું ન કરી શકાય ?

પરંતુ જાતને આગળ લાવવાના, કે જાતનું સારાપણું દેખાડવાના ઈરાદા વિના 'મેં આ કર્યું, મને આ સુકૃતનો લાભ મળ્યો...' આવું બોલવાનું શી રીતે બને ? આત્મશ્લાઘા-આત્મપ્રશંસા ત્યાં કામ કરી રહી હોય છે. પણ અફસોસી એ છે કે પોતાની વડાઈ ગાતાં પોતાને એ વિચાર નથી રહેતો કે 'હું એક બાજુ તો સુકૃત કરી આવ્યો, પણ બીજી બાજુ એના જ ઉપર સ્વપ્રશંસા અને અહંત્વ-અભિમાનનું દુષ્કૃત કરી રહ્યો છું ! જાતની વડાઈ ગાવા પાછળ અહંત્વ કામ કરી રહ્યું હોય છે, ગુમાન ભાગ ભજવી રહ્યું છે. નહિતર તો હું તો ન ગાઉં પણ કદાચ સામેથી કોઈ મારી વડાઈ ગાવા આવે, તો મારે કહી દેવું જોઈએ કે 'મહાનુ-ભાવ ! આ શું બોલ્યા ? સુકૃત સાચું કરનાર મહાપુરુષો જુદા ! હું તો કહેવાતા સુકૃત પાછળ કેટલાય છૂપા દોષ-દુષ્કૃત્યોનો ભરેલો અધમ આત્મા છું. ક્યાં એ ઊંચા પવિત્ર પૂર્વ-પુરુષો અને ક્યાં હું એક હલકો મલિન માણસ !' આ નથી આવડતું અને પ્રશંસાથી ફુલાઈ જવાય છે, 'મેં કાંક કર્યું છે.' એમ લાગે છે એ અહંત્વનું સૂચક છે, ગર્વનું કાર્ય છે. ગર્વ કરવો એ દુષ્કૃત છે. સુકૃતનો મહાન લાભ લીધા ઉપર દુષ્કૃતનું પાપ કોણ સુજ્ઞ કરે ?

માટે જ સ્વપ્રશંસાના પાપમાં કદી પડવું નહિ, અને આંતર સુકૃત-અનુમોદના જરૂર કરવી. જેથી આરાધના કર્યા પછી એની સુવાસ મનમાં એવી મહેકતી રહે કે આરંભ-પરિગ્રહ-વિષયનાં પાપ જે થાય તે નીરસપણે થાય, કૂચા જેવા લાગે, હૈયું બોલે કે ક્યાં એ સુંદર સુકૃત અને ક્યાં આ કચરા કાર્યવાહી !'

આ થઈ આરાધનાના પૂર્વે એની તાલાવેલી અને પછી એની અનુમોદનાની વાત. હવે ત્રીજો મુદ્દો.-

**(૩) આરાધનાને આત્મશુદ્ધિ સાથે સંબંધ :-**

ધર્મની આરાધના અંગે ત્રીજી તકેદારી આ રાખવાની છે કે એને આત્મશુદ્ધિ સાથે ઘનિષ્ઠ સંબંધ હોવો જોઈએ. આમાં બે વસ્તુ વિચારવાની છે;-એક તો આરાધના કરવા જઈએ છીએ તે વિશુદ્ધ આશયથી ને ? અને બીજું એ કે આરાધના કરતાં કરતાં આત્માના પરિણામ નિર્મળ, વધુ નિર્મળ કરવા તરફ મુખ્ય લક્ષ છે ને ?



આ બંને બાબત ખૂબ મહત્ત્વની છે; કેમ કે આ સંસારમાં ધર્મનું કોઈ પ્રયોજન હોય તો આ જ છે કે આત્મા ધર્મ વિના અર્થાત્ ધર્મને વિસારીને ઊલટું જે કાંઈ પાપસ્થાનક મન, વચન અને કાયાથી સેવી રહ્યો છે તે એને પોતાને જ મોહના કુસંસ્કાર અને કર્મના લેપથી મલિનતા લગાડી રહી છે. આમ સતત અશુદ્ધ બન્યો રહ્યો છે તેથી જ સંસાર-ભ્રમણ ચાલ્યું આવ્યું છે. એટલે હવે એ ન્યાય પ્રાપ્ત છે કે જો આત્માના એ મળને ઓછો કરી શુદ્ધ બનાવવામાં આવે તો સંસારભ્રમણ ઘટતું આવે. આ વસ્તુ ધર્મથી સિદ્ધ થાય છે.

આત્માનો આ મળ ઓછો કરવો એટલે એક બાજુ મોહના સંસ્કાર ઓછા કરવાના, અને બીજી બાજુ આત્મા પર ચઢી ગેયલા અસંખ્ય જન્મોના કર્મના થોક ઘટાડી નાખવા સાથે નવા કર્મકચરાની આવક બને તેટલી ઓછી થવા દેવાની. આમાં મોહના સંસ્કારને ભૂંસવા માટે પહેલું કાર્ય તો આશયશુદ્ધિનું કરવાનું. દિલ પવિત્ર બનાવવું જોઈએ, સ્વાર્થભરી સાંસારિક લાલસાઓ, અહંત્વ, અને દંભ એ દિલને અપવિત્ર કરે છે. એટલે દિલને પવિત્ર કરવા માટે સાંસારિક સુખ-માન-પાન વગેરેને તુચ્છ લેખવા, પરમાર્થવૃત્તિ, પરાર્થવૃત્તિ-સેવાવૃત્તિ, પ્રેમ-દયાભાવ અને નિષ્કપટ સરળતાને પોતાના કરવા. આનો વર્તમાન જીવન પર પણ સુંદર પડઘો પડે છે.

**અમેરિકામાં એક માનસશાસ્ત્ર પાસે એક** બાઈ ફરિયાદ કરતી આવે કે 'આ જુઓને હું આખા કુટુંબની કેટલી સેવા બજાવું છું. પરંતુ મારી સાસુ તો મને ટોણાં જ માર્યા કરે છે ! મારા ધણી પણ મને તિરસ્કારની દૃષ્ટિથી જુએ છે. બીજાઓને પણ હું કડવી લાગું છું.'

માનસશાસ્ત્રી પૂછે છે, 'પણ એમાં તમારો કોઈ દોષ નથી ?'

પેલી કહે, 'મારો દોષ ? હું તો એમનાં કેટલાં બધાં કાર્ય બજાવું છું. એને દોષરૂપ કહેવું હોય તો કહો.'

'ઠીક છે તમે સેવા કરો છો, પરંતુ (૧) તમારા દિલમાં એ લોકો પ્રત્યે દ્વેષ ધિક્કારની લાગણી છે ને ?'

(૨) બીજું, તમને તમારું અહંત્વ ઘવાતું લાગે છે માટે આટલો ઉકળાટ થાય છે ને ?

(૩) ત્રીજું, આમાં ક્યાંય તમે ભગવાનની શક્તિ પર શ્રદ્ધા અને ભગવાનને પ્રાર્થના કરવાનું રાખ્યું છે ખરું ?

માનસશાસ્ત્રીના આ સવાલ પર બાઈ વિચારમાં પડી ગઈ. એને લાગ્યું કે બીજાઓમાં હું દોષ જોઉં છું, પરંતુ મારામાં આ દોષ પડ્યા છે એની કલ્પના જ

મને ક્યાં આવે છે ? સમાધાન મેળવવા તો એ આવી જ હતી એટલે એણે પૂછ્યું કે 'તો હવે મારે શું કરવું તે બતાવો.'

પેલા ભાઈએ કહ્યું, 'પહેલાં તો તમે તમારા મનમાંથી બીજા પ્રત્યે દ્વેષ, ઈર્ષ્યા, અને તિરસ્કાર, તથા તમારી જાત માટે નિરાશા, અહંત્વ વગેરેની અંધકાર-મય લાગણીઓ દૂર હટાવી દ્યો. એની જગાએ ઈશ્વરશક્તિ પર શ્રદ્ધા, બીજાઓ પ્રત્યે વિશુદ્ધ પ્રેમ, સહાનુભૂતિ, અને મદદરૂપ થવાની લાગણી ઊભરાવો. એક રસોઈ પણ કરો તે વખતે એમાં જેમ બીજા મસાલા ઉમેરો છો તેમ આ પ્રેમ અને સહાયતાનો મસાલો ભભરાવો. કહો, આજે તમને બધાને આનંદ આપે એવી રસોઈ તૈયાર કરું છું. આ જમતાં જરૂર તમને આનંદ થશે. સાથે ભગવાનને પ્રાર્થના કરો કે પ્રભુ ! આ રસોઈ બધાને ગમો. તારી શક્તિથી એ અવશ્ય એમને આનંદ આપશે. પ્રભુ ! બધા પ્રત્યે મને પ્રેમ આપ, બધાને હું મદદગાર થાઉં એવું કર. મને પાકો વિશ્વાસ છે કે તું એમ કરશે જ.' આ સાથે જ તમારા બધા વ્યવહાર પ્રેમ, આનંદ, સહાયતા-સહાનુભૂતિની લાગણીથી ભર્યા ભર્યા કરી દો. ઈશ્વરીય શક્તિ બધું સારું કરશે એવો અટલ વિશ્વાસ ધરો. બસ, જાઓ અંધકાર ફગાવી દઈ પ્રકાશભર્યું હૃદય કરીને અહીંથી ઊઠો.'

માનસશાસ્ત્રીના આ માર્ગદર્શનની એ બાઈ પર જાદુઈ અસર થઈ. ખેદ, નિરાશા, ધિક્કાર, અસૂયા વગેરે લઈને આવેલી એ હવે ઉત્સાહ, આશા, પ્રેમ, અને ઈશ્વરીય શક્તિ પર શ્રદ્ધાથી તરબોળ હૃદય કરીને ઊઠી. 'તમે આજે મારા પર અનહદ ઉપકાર કર્યો, આજે મને નવી દુનિયા દેખાડી ! બસ મારો ઉકળાટ શમી ગયો છે. અને હવે હું તમારા ચીંધેલા માર્ગે પ્રયત્ન કરીશ,' કહીને ગઈ.

ઘરે જઈને અખતરો શરૂ કર્યો. કહેવાની જરૂર નથી કે કુટુંબ પર એની ચમત્કારિક અસર થઈ. બધાનો બાઈ પ્રત્યે પ્રેમ અને બાઈના કાર્યની સુંદર પ્રશંસા, કદર જાગતી થઈ ગઈ.

**આશયશુદ્ધિ એક મહાન ચીજ :-**

એટલે પહેલું જરૂરી એ જ કે મૂળમાં દિલમાંથી દ્વેષ, તિરસ્કાર, અહંત્વ, દંભ વગેરે દોષ નીકળી આશય પવિત્ર બનવો જોઈએ. એમાં પ્રેમ, સદ્ભાવ, સહાનુભૂતિ, પરમાત્મા શક્તિ પર શ્રદ્ધા. નિરહંકારિતા, નિખાલસતા રમતા થઈ જાય. પરંતુ આટલેથી નહિ ચાલે. કેમ કે આટલું હોવા છતાં જો વિષયલંપટતા હશે, ઈન્દ્રિયોનાં સુખોની લુબ્ધતા હશે, તો પણ આત્મશુદ્ધિ નહિ થાય. કેમ કે સંભવ છે કે દુન્યવી સુખો શાંતિથી સારી રીતે ભોગવવા મળે એ માટે એના ઉત્તમ સાધન તરીકે પેલા પ્રેમ, સદ્ભાવ વગેરે ગુણો અપનાવાય, પણ તેથી શું વળે ?



આશય તો મલિન જ રહ્યો. વિનશ્વર ભૌતિક સુખોની લાલસામાં મનુષ્યેતર વિશાળ પ્રાણીગણપ્રત્યે દયા, એની અહિંસા, અને ત્યાગ-તપસ્યા, આત્મહિત ચિંતા વગેરેને અવકાશ નહિ મળે.

**માનસશાસ્ત્રીઓના સાયન્સમાં અને એમ તો ખ્રિસ્તી ધર્મમાં આ મહાન તત્ત્વ ખૂટે છે.** એટલે જ ભલે એમના સિદ્ધાન્ત અનુસાર દ્વેષ તિરસ્કાર વગેરે દૂર કરી પ્રેમ પ્રાર્થના વગેરે કરવા ઉપર શાંતિભર્યું ગૃહસ્થ જીવન બનાવ્યું, પરંતુ દુન્યવી આરંભ-સમારંભ, પરિગ્રહ-સંગ્રહ, પરિવારાદિ પર આસક્તિ, મમતા વગેરે કરવામાં કશું એમને ખોટું લાગતું નથી. એમ, માંસાહારાદિ અભક્ષ્યનું ભક્ષણ, જીવહિંસા...વગેરે પાપો ખુશમિશાલ કરે છે. 'આ બધાં પાપોનો પરલોકમાં એકેન્દ્રિયાદિ યોનિઓમાં જવાબ દેવો પડે છે,' એવો કોઈ વિચાર નથી. આ જીવનમાં વ્રત, નિયમો, યાવત્ સર્વથા નિષ્પાપ સર્વ વિરતિમય જીવન પર ચડવાનું છે એ તરફ પણ કોઈ જ નજર નથી. એટલે જ માનવપ્રેમ, માનવદયા અને માનવસહાનુભૂતિ એ જ જીવનની ચરમસીમા માનવાથી એનાથી આગળ ઉચ્ચ કક્ષાઓ પ્રત્યે સરાસર ઉપેક્ષા છે, ઈન્કાર જેવું છે. આવી આવી જબરદસ્ત ત્રુટિઓ ત્યાં રહેલી છે. માટે એના પર મોહી પડવા જેવું નથી.

છતાં, અલબત્ત પ્રેમ, દયા, સહાનુભૂતિ, પરમાત્મ શ્રદ્ધા વગેરે પણ લાભકારી છે, અને તેથી બીજાઓ પર દ્વેષ, તિરસ્કાર, સ્વાર્થાંધતા, અહંત્વ વગેરે હટાવી દઈ પ્રેમભાવ, દયાભાવ, વગેરેથી હૃદય ભર્યું ભર્યું રાખવું. અતિ અતિ આવશ્યક પવિત્ર આશય ખૂબ ખૂબ જરૂરી છે. ઉપરાંત વૈરાગ્ય આદિ પવિત્ર ભાવો પણ હૃદયમાં રમતા રહેવા જોઈએ.

ધર્મની આરાધના કરીને પાપસ્થાનકની વૃત્તિઓ તોડવાની છે, તે વસ્તુ પહેલાં હૃદય પવિત્ર બને તો બની આવે. એટલે હવે જુઓ કે ધર્મની આરાધનાને આત્મશુદ્ધિ સાથે ગાઢ-ઘનિષ્ઠ સંબંધ રાખવો જ જોઈશે.

આ ત્રીજા મુદ્દા માટે એક તો આરાધના કરવી જોઈએ તે કરવાનું પવિત્ર આશયથી હોવું જોઈએ. સામાન્ય રીતે હૃદય વિષયવૈરાગ્ય, સંસાર-અરુચિ, જીવમાત્ર પ્રત્યે પ્રેમભાવ, દયાભાવ વગેરે વાળું રહે અને વિશેષમાં આરાધના કરવાના ઉદ્દેશમાં તુચ્છ પૌદ્ગલિક સુખો, માન, સત્કાર, કીર્તિ વગેરે મલિન ભાવો ન રાખતાં આત્મશુદ્ધિનો અને આત્માની ઉન્નતિનો પવિત્ર ઉદ્દેશ રહે.

બીજી વાત એ છે કે જ્યારે આવો જ મહાન ઉદ્દેશ રાખ્યો ત્યારે એ અતિ આવશ્યક બને છે કે ધર્મની આરાધના કરતાં કરતાં આત્મશુદ્ધિ થતી આવે છે ને ? એ ખાસ જોવું રહે. ધર્મક્રિયામાં મને માન મળ્યું કે નહિ, મારી ક્રિયા બીજાને સારી

લાગી કે નહિ, આનાથી પુણ્ય મળશે કે નહિ-આવું કોઈ જ ન વિચારતાં 'મારા આત્મા પર આ ક્રિયાની અસર થાય છે ને ? આત્માની મોહમૂઢતા, વિષયાંધતા, અને ક્રોધાદિ કષાયોના આવેશ ઓછા થતા આવે છે ને ? એ તરફ પાકું લક્ષ જોઈએ.'

યાદ રાખજો જૈન ધર્મની પ્રત્યેક ક્રિયા આ તાકાત ધરાવે છે કે આત્માની અશુદ્ધિઓ ઓછી કરી શુદ્ધિને લાવતી જાય, પરંતુ એનો આપણને ખપ હોય તો થાય.

**ભિખારીને ટુકડો** રોટલો આપો એ અનુકંપાની શુભ ક્રિયામાં પણ આ કરવાની તાકાત છે. જો આટલું વિચારાય કે 'આ બિચારો ભૂખ્યો છે, એને ખાવાનું આપું. મારે ભોગવવાની કોઈ વડાઈ નથી, અને બધું એક દિવસે મૂકીને જ જવાનું છે.' આ શું કર્યું ? દિલમાં કરુણાભાવ, દાનવૃત્તિ, સ્વાર્થકાપ અને અનિત્ય ભાવના ઊભી કરી. એ પવિત્ર ભાવો છે. અનુકંપા દાનની ક્રિયામાં પણ એ પ્રગટે છે. એમ,

**દેવાધિદેવનાં દર્શન,** નવકારની માળા ગણવાનું, ઈત્યાદિ ક્રિયામાં પણ એ ક્રિયા વખતે વીતરાગનાં દર્શન-સ્મરણથી 'અહો હું નાદાન કેવો રાગી-દ્વેષી, આ પ્રભુ કેવા વીતરાગ !' વગેરે વિચાર રખાય તો એ રાગદ્વેષને કંઈક પણ હચમચાવે છે, કંપ લગાડે છે.

**એમ, બીજી પણ** પ્રભુભક્તિ, ગુરુ-ઉપાસના, ત્યાગ, તપસ્યા, વ્રતનિયમ, વગેરે ધર્મક્રિયાઓની આરાધનામાં દિલના મલિન ભાવોને ઓછા કરી પવિત્રભાવો જગાવવા-વધારવાની તાકાત છે; પરંતુ એ આત્મશુદ્ધિ કરવાની જાગૃતિ રહ્યા કરે, ખ્યાલ હોય, એની ધગશ હોય, તો જ બનવાનું છે.

ત્યારે જો આત્મશુદ્ધિ કરતા ન આવડે, ક્રિયા વખતે મન મૂઢ રહે, આત્મશુદ્ધિ મેળવવા અને તૃષ્ણા મૂર્ચ્છા મદ અહંત્વ વગેરે ઓછા કરવા તરફ લક્ષ જ ન રહે તો એ ક્રિયા કેવી વેઠ ? વિના માલ ફેરવેલી કેવી ઘંટી-ઘાણી ? અથવા, ઊલટું વિષયોના રંગ તથા કષાયોના આવેશ પોષાય, તો એ કેટલી મોટી મૂર્ખાઈ ગણાય ? સંસારની ક્રિયાઓમાં તો એ પાપ ચાલુ છે, પણ તરણતારણ ધર્મક્રિયા મળી છતાં એના દ્વારા પણ પાપ ચાલુ એ જીવની મહાન કમનસીબી, મહામૂઢતા લેખાય. આવો ઉચ્ચ ભવ અને ઉચ્ચ શાસનની ક્રિયા મળવા છતાં આત્મશુદ્ધિ કરવાનું ન આવડ્યું તો પછી તો ક્યાં એની શક્યતા જ રહેવાની.

આત્મશુદ્ધિ જેવી બીજી કમાઈ નથી, બીજો કોઈ લાભ નથી. અનાદિ કાળથી આત્મઘરમાં પેંધી ગયેલ કચરાને દૂર કરવા જેવું બીજું કોઈ કાર્ય નથી, ફળ નથી. ધર્મની આરાધના કરતાં કરતાં એ કરતા આવીએ અને આત્મશુદ્ધિ વિકસાવતા આવીએ એ સર્વ શ્રેષ્ઠ લાભ છે, ધર્મનું પ્રત્યક્ષ જોરદાર ફળ છે. એટલે આરાધના કરતાં કરતાં એનું ખાસ લક્ષ રહ્યા કરવું જ જોઈએ.



(૪) **ધર્મની આરાધના અંગે ચોથો મુદ્દો** એ જોવાનો છે કે એની બીજી સાંસારિક પ્રવૃત્તિઓ પર અસર કેવી પડે છે.

અર્થાત્ આ જોવા જેવું છે કે સાંસારિક પ્રવૃત્તિઓની છાયા ધાર્મિક પ્રવૃત્તિ પર પડે છે કે ધાર્મિકની છાયા સાંસારિક પર ?

સંસારની પ્રવૃત્તિની ધાર્મિક ક્રિયા પર છાયા એટલે એની બૂરી ખાસિયતો અહીં ધાર્મિક પ્રવૃત્તિમાં પણ ઝળહળે. દા.ત. સાંસારિક બાબતોમાં રોફ અભિમાનથી કામ કરવાની ટેવ છે, તો એ જ પ્રમાણે જો ધાર્મિક પ્રવૃત્તિ વખતે પણ દમામ, અહંકારાદિ કરવા જોઈતા હોય, મન એમ કહેતું હોય કે 'આપણે કાંઈ કોઈના દબાયેલા રહીએ નહિ' ઈત્યાદિ, તો સાંસારિક પ્રવૃત્તિની છાયા ધાર્મિક પ્રવૃત્તિ પર પડી કહેવાય. એથી ઊલટું જો ધાર્મિક પ્રવૃત્તિ ખૂબ વિનય, નમ્રતા અને સંવેગ-વૈરાગ્ય સાથે થતી હોય, અને એથી જીવને એમ થાય કે 'આ મારે વળી બહાર સંસારમાં મદ-અહંકારાદિ કરવા શોભતા હશે ? એક તો મૂળે સંસારની પ્રવૃત્તિ તો પાપરૂપ છે જ, એમાં વળી મદ-અહંકારાદિના પાપ કાં ઉમેરું ?' એમ વિચારી એ દોષો ઓછા કરતો આવે, તો એ ધાર્મિક પ્રવૃત્તિની અસર સાંસારિક પ્રવૃત્તિ પર પડી ગણાય.

એવી રીતે સંસારની પ્રવૃત્તિમાં ઇન્દ્રિયોની ગુલામી અને વિષયલંપટતા, લાલચુડાપણું, વગેરે રહેતું હોય અને પછી ધાર્મિક પ્રવૃત્તિ કરવાનો પ્રસંગ આવે, દા.ત. ભગવાનના દર્શન-પૂજનમાં જોડાય, ત્યાં પણ જો એ ચક્ષુ વગેરે ઇન્દ્રિયો જોર કરે, વિષયલંપટ બને, અને પરસ્ત્રી વગેરે ઉપર નજરો નાખ્યા કરે, બેઠો બેઠો ભગવાનનાં ફૂલોની કે ધૂપની સુગંધ લીધા કરે, પ્રભુના દાગીના જ જોયા કરે, સંગીતનો આલાપ જ ધ્યાનમાં લીધા કરે અથવા પ્રભાવવાનું લાલચુડાપણું રાખ્યા કરે, તો એમાં સાંસારિક પ્રવૃત્તિની છાયા ધાર્મિક પ્રવૃત્તિ પર પડી ગણાય.

એથી ઊલટું, ધાર્મિક પ્રવૃત્તિ બહુ સારા ભક્તિભાવ, અરિહંતના ગુણોની વિચારણા, ખૂબ સંવેગ અર્થાત્ ધર્મપ્રીતિ-મોક્ષપ્રીતિ અને વૈરાગ્યભરી કરે, પછી બહાર સાંસારિક બાબતો વખતે પેલાના સંસ્કારથી એમ થાય કે 'હે જીવ ! આ હવે ઇન્દ્રિયોનની ગુલામી શી ? વિષયોની આટલી બધી લંપટતા એ લાલચુડાપણું શું ? તું અરિહંતને ભજનારો ! તને એ નાથ, નાથનું જીવન અને નાથની હિતશિક્ષા જો ગમી, તો હવે બીજું શાનું ગમવું જોઈએ ? મુક મુક, ઘેલછા મુક, વિષયો ગોઝારા છે, અને ઇન્દ્રિયો તારી જ-તારા કબજાની જ ગણાય છતાં એ ભયંકર દુશ્મનનું કામ કરી રહી છે ! એ વિચારી એનાં તર્પણ કરવાં રહેવા દે.' આવું કાંક થાય, વિષયરંગ ઓછા થાય, ઇન્દ્રિયોને બહારને બદલે અંદરમાં વાળ્યા કરવાનો પ્રયત્ન થાય, તો એમાં ધાર્મિક પ્રવૃત્તિની છાયા સાંસારિક પ્રવૃત્તિ પર પડી ગણાય.

વાત આ છે, કે જેની પ્રવૃત્તિના સંસ્કારો જોરદાર એની અસર બીજી પ્રવૃત્તિ પર પડવાની. સિનેમા-ફિલ્મ જોઈ આવ્યો કે સ્ત્રીઓનાં છાપેલાં ચિત્ર ફોટા જોઈ આવ્યો યા સારાં ખાનપાન ટેસથી જમ્યો, અને એના ઊંડા સંસ્કાર મગજમાં ભરતો આવ્યો. તો પછી ધાર્મિક પ્રવૃત્તિ પર એની છાયા પડવાની એટલે રાગ, દ્વેષ, મોહનાં નાટક અહીં પણ ચાલવાનાં.

આ સૂચવે છે કે ધાર્મિક પ્રવૃત્તિની સાંસારિક પ્રવૃત્તિ પર અસર પાડવી હોય, તો **ધાર્મિક પ્રવૃત્તિ વખતે એના ઊંડા સંસ્કાર મન પર પડવા દો, અર્થાત્ ધર્મ-ક્રિયાના હેતુ, રહસ્ય વગેરેની ઘેરી અસર મનમાં લો. મનને એનાથી ભાવિત કરો.**

દાન દીધું તો દાનનો હેતુ સામા પરની દયા અગર ભક્તિ હોય, તેમજ દાનનું રહસ્ય પરિગ્રહસંજ્ઞા પર નફરત અને કાપ કહેવાય; તો એની ઘેરી અસર મન પર લેવાની; જેથી એ દુઃખીની દયા, પૂજ્યોની ભક્તિ તથા પરિગ્રહ પરની નફરત સાંસારિક વ્યવહારો પર ભારે છાયા પાડી, એ વ્યવહારને દયા-ઉદારતાભર્યો અને પૂજ્યોની ભક્તિભર્યો બનાવી દે.

પ્રભુભક્તિ કરો છો તો એના ઊંડા સંસ્કાર મન પર પાડો; ભક્તિના હેતુ અને રહસ્ય જાતની લઘુતા-નમ્રતા છે, 'આ જગતમાં પરમાત્માથી વધીને કાંઈ જોવાલાયક નથી. એમની ભક્તિથી વધીને કાંઈ કરવા જેવું કાર્ય અગર મેળવવા લાયક કોઈ ધનસંપત્તિ નથી,' એવી ગણત્રી હોય; એની છાયા સાંસારિક વસ્તુ પર પડીને ત્યાં લઘુતા-નમ્રતા, સાંસારિક વસ્તુ પર તુચ્છ ધનપણાની બુદ્ધિ ઊભી થઈ જાય, એટલે સાંસારિક પ્રવૃત્તિ લઘુતા-નમ્રતા વગેરે ગુણોવાળી બની જાય.

આવું બીજી પણ ધર્મક્રિયામાં સમજી રાખવાનું છે. ખૂબી તો એ છે કે ખરેખર જો ધર્મપ્રવૃત્તિનું વર્ચસ્વ અને ઊંડા સંસ્કાર આપણા જીવનમાં હોય તો એની અસરરૂપે માત્ર તેટલા જ ગુણો નહિ પરંતુ બીજા પણ ગુણોને પ્રેરણા મળે છે. તેથી સાંસારિક પ્રવૃત્તિમાં રસ સહેજે કમી થઈ જવાનો.

**'ધાર્મિક પ્રવૃત્તિના ઊંડા સંસ્કાર કેમ પડે ?'**

આવો પ્રશ્ન ઊઠવો સહજ છે. એનો ઉત્તર એ છે કે દુનિયાના દાખલાથી જુઓ કે એમાં શી રીતે ઊંડું સંસ્કરણ થાય છે. ઊંડા સંસ્કાર પડે છે.

સારા કે નરસા મિત્ર મળતાં એના સંસ્કાર દિલમાં ઊતરે છે. રખડેલના સંસર્ગમાં તેવા સંસ્કારથી વાસિત થાય છે; વ્યસનીના સંસર્ગમાં વ્યસનના સંસ્કારથી વાસિત બને છે. દુરાચારી-ઉદ્ધત અવિનયી-પ્રપંચી-ઉડાઉની સોબત હોય તો તે તે



ખાસિયતો જીવનમાં ઊતરે છે. એના બદલે જો સારા મહેનતુ, સારી પ્રવૃત્તિવાળા, સારી ટેવોવાળા, વિનયી-સરળ-સદાચારી-વિવેકીનો સંસર્ગ હોય તો જીવન તેવું ઘડાય છે.

**(૧) ખરાબ સંગ છોડો :-**

એ રીતે ધાર્મિક પ્રવૃત્તિના સારા સંસ્કાર પાડવા હોય તો સંગ સારો જોઈએ. સામા માણસના બોલ કેવા છે, આચરણ કેવાં છે, ટેવો કેવી છે, એ પરથી સમજી શકાય કે માણસ કેટલામાં છે. એનો સ્વભાવ કેવો છે અને સલાહ કેવી આપે છે એ ઉપરથી માપી શકાય કે આ સંગ કરવાલાયક અને વિશ્વાસ મૂકવા યોગ્ય છે કે નહિ. બહુ વાતોડિયા, સ્વભાવના ઉદ્ધત, ક્રોધી. શલ્ય રાખનાર, નિંદક વગેરે માણસો સંગ કરવા જેવા નહિ. એ પ્રપંચી, દુરાચારી, જૂઠાબોલા, સ્વાર્થી અને વિષયમૂઢ માણસોના સંસર્ગથી દૂર જ રહેવા જેવું. એમ ખરાબ ટેવોવાળા, કેવળ જડ પદાર્થોની જ વાતો કરનારા, આત્મહિતની વસ્તુને પણ જડના લાભમાં તાણી જનારા તથા વિષયકષાયની સલાહ આપનારા, પાપ-અહંત્વ-દાવપેચ વગેરેની સલાહ આપનારા, માણસોને તરત પરખી લઈ એના સંગથી આઘા ને આઘા રહેવા જેવું છે.

**કોનો સંગ સારો ?**

સંગ ખરાબ હોય, પછી ધર્મપ્રવૃત્તિ કરવા છતાં એની સારી અસર અને સારા ઊંડા સંસ્કાર પોતાના આત્મા પર પડતા નથી. માટે જ સંગ સારો જોઈએ. આધ્યાત્મિક, પરગજુ, વિનયી, દેવગુરુ પર બહુમાનવાળા, ધર્મનિષ્ઠ, સુશીલ ઉદાર માણસો; એમ, સ્વભાવે સારા સૌમ્ય, સત્યપ્રિય અને ધાર્મિક વૃત્તિવાળા, સારી ટેવોવાળા, તથા સારી સલાહ આપનારા માણસોના જ સંગ રાખવા જોઈએ. સદ્ગુરુઓના સત્સંગ વિશેષ રાખવાના. એમાં પણ સાવધાની તો રાખવી જ જોઈએ.

**ગુરુ ક્યા સારા ? :-**

ગુરુઓને એમના બોલ, એમની વાતોથી પરખી લેવા જોઈએ. જોવું જોઈએ કે એ શુદ્ધ આત્મહિતની જ વાત કરે છે ને ? આત્મહિતની એટલે ? એ જ કે આપણા રાગદ્વેષ ઓછા થાય, વિષયોનાં આકર્ષણ મોળાં પડે, આહારસંજ્ઞા અને રસગૃદ્ધિ પર કાપ પડે, ક્રોધાદિ કષાયો દબાય એવું બને, સર્વત્ર ગુણના પૂજારી બનાય, પાપના રસ ઘસાય અને ધર્મનો રસ વધે, રંગ વધે એની જ વાતો, પ્રેરણા, પ્રોત્સાહન આપે તે ગુરુઓના સંગ કરવા જેવા, નહિતર તો પછી જેવું કૂવામાં તેવું હવાડામાં આવે એમ, કહેવાતા ગુરુઓના હૈયે અને વાણીમાં રાગદ્વેષ, કષાયો, આહારાદિની સંજ્ઞાઓ, ઈર્ષ્યા, ગુણીદ્વેષ વગેરે રમતું હોય તો એમના સંસર્ગમાં આપણને પણ એવું જ મળવાનું, આપણાં હૈયે એવું જ આવવાનું.

**(૨) દિલ ધર્મી બનાવો :-**

બાકી સારાનો સંગ હોય તો આપણામાં સારું ધર્મી દિલ તૈયાર થાય છે, અને તેથી જે ધર્મપ્રવૃત્તિ કરીએ એ શુદ્ધ ધર્મી દિલથી થવાના યોગે, એના ઊંડા સંસ્કાર પડવાને અવકાશ રહે છે.

**ધર્મી હૃદયની બલિહારી છે.** હૃદય ધર્મી એટલે એવું કે એને પાપ પર ઘૃણા-અણગમો હોય અને દયા-દાનાદિ ધર્મ પ્રત્યે પ્રીતિ હોય. કદાચ ધર્મ કરે ઓછો એવું બને, પરંતુ દિલનું આકર્ષણ, દિલનો રાગ, દિલની ભૂખ જાગતી હોય. બધી ય ધર્મપ્રવૃત્તિ-ધર્મસાધના સારી સફળ થવાનો આ પાયો છે. મૂળમાં દિલ ધર્મી નથી પણ પાપરસિક છે તો ઉપર ગમે તેટલી ધર્મ-સાધના થાય એના ઊંડા ધર્મસંસ્કાર પડતા નથી, પુણ્યાનુબંધી પુણ્ય મળતું નથી. હાં, પાપનુબંધી પુણ્ય મળે; પરંતુ તેનાં ફળ જે મળે તે ઝેરના લાડુ જેવાં, કાળાં કેઈ પાપો ટેસથી કરાવી મોટી દુર્ગતિ સર્જે ! સંસ્કાર ધર્મના નહિ કિન્તુ પાપીદિલ પાપબુદ્ધિના યોગે પાપના પડ્યા હોય તેથી પુણ્યના ઉદય વખતે પોતાનો ભાવ ભજવે એમાં નવાઈ નથી; એ કેટલાંય પાપ-સાહસો કરાવે છે ! પછી એનાં ફળમાં તો દુઃખ જ વરસવાનાં ! ને છતાં પેલા પાપસંસ્કાર ત્યાં પણ કેડો મૂકવાના નહિ; એટલે નવા નવા પાપપુરુષાર્થ કરાવ્યા કરે છે. અહીં રાખેલા પાપી દિલની આ રામાયણ છે. માટે દિલ ધર્મી બનાવવાનું પ્રથમ નંબરે જરૂરી છે. એના પર જે ધર્મ-સાધના થાય એના ઊંડા ધર્મસંસ્કારનો વારસો ઊભો થવાને અવકાશ રહે છે.

અવકાશ એટલા માટે કહેવામાં આવે છે કે દિલ આમ તો ધર્મી છે. પરંતુ મન જો ચંચળ છે, અને ધર્મપ્રવૃત્તિ વખતે આડુંઅવળું ભટક્યા કરે છે, અરે ! ચાલુ ધર્મ મૂકીને બીજી ત્રીજી ધર્મપ્રવૃત્તિ-ધર્મવસ્તુઓમાં ગયા કરે છે તો પણ ચાલુ ધર્મપ્રવૃત્તિના ઊંડા ધર્મસંસ્કાર પડતા નથી. માટે ઊંડું સંસ્કરણ કરવું હોય તો મનની ચંચળતા અટકાવવી જોઈએ. મનને ચાલુ ધર્મપ્રવૃત્તિમાં સ્થિર રાખવું જોઈએ.

**પ્ર.**- પણ એ જ તો મુશ્કેલી છે કે મન સ્થિર નથી રહેતું; ગમે તેટલું રાખવા જઈએ તો પણ બહારમાં ચાલ્યું જાય છે. એનું શું કરવું ?

ઉ.- **જુઓ, ત્યારે મન સ્થિર ન રહેવાનાં બે કારણ છે :-**

એક તો દિલને બીજી વાતોનો રસ છે, માટે એમાં મન ઘસડાઈ જાય છે;

અગર એ જો નથી, તો બીજું એ કે ચાલુ ધર્મસાધનામાં મન કેમ ચિટકાવી દેવું એની પદ્ધતિ નથી આવડતી.

**(૩) પાપરસિકતા મૂકો :-**

આમાં પહેલા મુદ્દા અંગે તો આગળ કહી દીધું છે કે દિલ પાપી છે તો પાપનો રસ ચિત્તને પાપમાં તાણી જવાનો. ઇન્દ્રિયોના વિષયો જો ચિત્તને બહાર



તાણે છે, તો એ વિષયોના રસ હોયા વિના બને ? અને એનો રસ એટલે પાપનો રસ યાને પાપની રસિકતા નહિ તો બીજું શું છે ? એવું દિલ એ પાપી દિલ છે. માટે એને સુધારવા પાપની ઘૃણા અને હાડોહાડ અણગમો ઊભો કરો.

**પાપની ઘૃણાના ઉપાય :-**

એ કરવા. (૧) પાપનાં અહીં અને પરલોકમાં દુઃખદ પરિણામ, (૨) પાપી જીવોની દુર્દશા, (૩) એમાં માનવ જીવનની બરબાદી, (૪) એમાં હાથમાં આવેલા અચિંત્ય ચિંતામણિસમા પરમાત્મા અને એમના સર્વમંગળકારી શાસનને ખોઈ નાખવાની મહામૂર્ખતા...વગેરે જે થાય છે તે વિચારો, હૃદયના ઊંડાણથી વિચારો. વિચારી વિચારીને વિષય-કષાયનાં પાપ પ્રત્યે ઘૃણા ઊભી કરો. (૫) પાપને તુચ્છકારની દૃષ્ટિથી જોવા લાગો (૬) આત્માના મહાતારક અંગો, આત્માની મહાન ગુણસંપત્તિ અને નિર્મળતા આગળ એ વિષયો, એ અર્થ-કામ કાંઈ જ વિસાતમાં નથી, રાંકડા છે એવા ભાવ કેળવો.

**(૪) ધર્મ ચોક્કસ પદ્ધતિથી કરો :-**

હવે જો દિલ પાપરસિક નથી, ધર્મી છે, છતાં ચિત્ત ધર્મસાધનામાં સ્થિર નથી રહેતું તો સમજો કે સાધનાની પદ્ધતિ નથી આવડતી. જો કે ખરી રીતે તો દિલમાં પાપ પ્રત્યે ઉકળાટ ઉકળાટ હોય અને ધર્મની જોરદાર લગની હોય તો મનને અસ્થિર થવાનું કારણ નથી; કેમ કે જેની અત્યંત ભૂખ છે, એવો ધર્મ સાધવાનો હાથમાં આવ્યો છે પછી સહેજે મન એમાં ચોંટી જાય છતાં એટલી સ્થિતિ ન આવી હોય તે પણ ચોક્સ પ્રકારની પદ્ધતિ મનને સ્થિર રાખી શકે છે. દા.ત. એક મોટી ફરિયાદ નવકારવાળી ગણતાં બીજા વિચારો આવવાની હોય છે, ત્યાં આ ઉપાયો લેવાય.

**ચિત્ત સ્થિર કરવાના ઉપાય :-**


(૧) જેનો જાપ કરતા હોઈએ એના અક્ષરો જાણે વાંચીએ છીએ એ રીતે જાપ કરાય. અહીં ધ્યાન રાખવાનું કે પદનું સ્મરણ નહિ કરવાનું, ભલે આપણને યાદ છે. સામે શું લખ્યું છે તે વાંચવાનું. એ અક્ષરે અક્ષર વાંચવામાં ચિત્ત રોકાયેલું રહેવાથી બીજા વિચારમાં ચઢી શકતું નથી.

(૨) પદને બદલે પદના પદાર્થનું ચિત્ર મનની નજર સામે ખડું કરવું. એમાં પણ લક્ષ આકૃતિના મુખ ઉપર રાખવું. એ મુખની સૌમ્યતા, વૈરાગ્ય, વીતરાગતા, ઉદાસીનભાવ, વગેરે વચમાં વચમાં લક્ષમાં લેવા પ્રયત્ન રાખવો.

(૩) એક ત્રીજો પ્રકાર અદ્ભુત છે. એમાં તો આપણે અંદરમાં પણ બોલવાનું નહિ, કિન્તુ અંદરમાં કોઈ વ્યક્તિ જાણે બોલી રહી છે, એના હોઠ ફરકતા દેખાય

છે, અને એ પદ બોલે છે તે આપણે ત્યાં જ કાન ધરીને સાંભળીએ છીએ એનો પ્રત્યેક અક્ષર છૂટો છૂટો સ્પષ્ટ સાંભળતા હોઈએ એ રીતે-લક્ષ રાખવાનું. આમાં ઘણી એકાગ્રતા કેળવવી પડે છે, કેળવાઈ જાય છે. કેમ કે આમાં આપણા કાનનો ઉપયોગ અંદર વાળવો પડે છે. એક પણ અક્ષર સાંભળ્યા વિનાનો ન જાય એ જોવું પડે છે. અવાજ પણ જાણે સંગીતમય નીકળતો હોય એવો સંભળાય; પરંતુ એમાંય અક્ષરો તો સ્પષ્ટ સાંભળવાનો પ્રયત્ન રહે. આ માટે અંદરમાં કાનની પાસે જ બોલતી વ્યક્તિનું મુખ ધારવાનું.

(૪) જાપ ૧૦૮ કરવાનો હોય છે, તો જાણે સામે સમવસરણના ત્રણ ચોખંડા કિલ્લા છે, વચમાં નાનો, એની બહાર એથી મોટો, અને એનીય બહાર એથી પણ મોટો. આ દરેક કિલ્લાની ચાર રેખા છે. એ દરેક રેખા પર વચમાં દરવાજો છે. એની બે બાજુ પૈકી દરેક બાજુ પર ઉપર નીચે બે બે મીંડાં છે, કુલ ચાર; બે બાજુ કુલ આઠ, અને દરવાજા પર એક એમ દરેક રેખા પર કુલ નવ ત્રણે કિલ્લાની કુલ બાર રેખા પર ૧૦૮ મીંડાં થાય. એ દરેક મીંડામાં જાપનું પદ વાંચવાનું. તો નવકારવાળી કે આંગળીના વેઢાના ઉપયોગ વિના જ કિલ્લા પરની ધારણાથી ખુશીથી એકાગ્ર જાપ થઈ શકે. આમાં દરેક સ્થળ લક્ષ સાથે ધારવાનું છે તેથી મનને બીજે જવાનો અવકાશ નથી.





(૫) જેમ જાપ, તેમ ક્રિયામાં સૂત્ર બોલતી વખતે કે કાર્યોત્સર્ગમાં પણ મનની સામે અક્ષરો ધારવાના, અગર પદોનો ભાવ, પદોનો પદાર્થ ધારવાનો. પદ ધારવા હોય તો એકેક ગાથાનું એકેક કોલમ, એક ખસે બીજું નજર સામે આવીને ઊભું રહે, બીજું ખસીને ત્રીજું, એમ જોડે જોડે કોલમો આવતા જાય એમાં ગાથા વંચાય.

| | | |
|---|---|---|
| લોગસ્સ૰ | ઉસભ૰ | સુવિહિં૰ |
| ધમ્મ૰ | સંભવ૰ | સીયલ૰ |
| અરિહંતે૰ | પઉમપ્પહં૰ | વિમલ૰ |
| ચઉવીસં૰ | જિણં ચ૰ | ધમ્મં૰ |

(૬) પ્રભુદર્શનની ક્રિયામાં પ્રભુના મુખ પર ખાસ દૃષ્ટિ સ્થાપવાની. એમાં પણ પ્રભુનાં ચક્ષુ અને તંબોલના હોઠના ભાગ પર. પછી ત્યાં આપણી આંખના પડળ ઢાળી પડળની આરપાર પ્રભુને મનથી જોવાનો પ્રયત્ન કરવાનો. બરાબર ન દેખાય તો ફરીથી આંખ ખોલી પ્રભુને જોઈ લેવા, ફરી પડળ ઢાળી એની આરપાર જોવા. જ્યાં એ માનસિક દર્શન ઝાંખું પડે કે તરત આંખ ખોલી પ્રભુને જોઈ લઈને પાછા ઢાળેલા પડળની આરપાર જોવા. એમાં તો જાણે સાક્ષાત ભગવાન સાથે આપણે વાત કરતા હોઈએ, એમને વિનવતા હોઈએ એવું લાગશે. ચૈત્યવંદન વખતે પણ એ રીતે પ્રયત્ન કરી શકાય. આનો એક લાભ એ થવાનો કે મંદિરમાં આપણી આડે કોઈ માણસ ભગવાન સામે આવીને ઊભો તો આપણને એના પર દ્વેષ નહિ થાય; કેમ કે આપણને દર્શન અટકતું નથી, આપણી આંખ પર ઢાળી દીધેલ પડળમાંથી આપણે તો ભગવાન જાણે હૂબહૂ જોઈ શકીએ છીએ. પરંતુ એટલું ધ્યાન રાખવાનું કે પહેલા ભગવાનની મુખાકૃતિ ઝીણી ઝીણી વિગતો સાથે મનમાં ધારી લેવી જોઈએ.

(૭) ચૈત્યવંદનાદિ ક્રિયામાં સૂત્રની ગાથા પછી ગાથા અને સૂત્ર પછી સૂત્રના ભાવનું સળંગ ધારાબદ્ધ ચિત્ર મનથી ધારવાનું.

(૮) વ્યાખ્યાન સાંભળતાં એમાં જેમ જેમ ૧૦-૨૦ વાક્ય પછી કંઈક વિષય બદલાય, તેમ તેમ પૂર્વના વિષય સાથે કડી જોડવાની, કે એ બે વિષયને શો સંબંધ ? વળી નવો ત્રીજો વિષય આવે એટલે એની સાથે દ્વિતીય વિષયની કડી જોડવી, પાછા ત્રણેય વિષયનાં નામ મનમાં તપાસી જવાં. એમ આગળ એક વિષય વધે એટલે ચારેય વિષયનાં નામ જોઈ જવાનાં. વ્યાખ્યાન પૂર્ણ થાય એટલે કુલ મુખ્ય વિષયનાં નામ મનમાં તૈયાર હોય, તેથી પછી આખું વ્યાખ્યાન સંભારી શકીએ, બીજાને સંભળાવી શકીએ. આમાં પણ મન એકાગ્ર થાય છે.

વળી સાંભળતી વખતે એક પાકો સંકલ્પ જોઈએ કે 'વક્તાના મુખ સિવાય બીજે દૃષ્ટિ નાખવી જ નથી.' ડાફરિયાં મારવાનાં જ નહિ.

તેમ એ પણ છે કે વાક્ય પર વાક્ય સંભળાતું જાય તેમ તેમ પહેલા વાક્ય પછી બીજું વાક્ય આવ્યું એને પહેલા સાથે શો સંબંધ છે એ જોવાનું. અર્થાત્ પૂર્વે કહેલ વસ્તુનું બીજા વાક્યમાં કારણ બતાવ્યું કે કાર્ય બતાવ્યું ? યા તર્ક બતાવ્યો કે દૃષ્ટાન્ત ? એમ જે કહ્યું એનો સાર શો ? ભાવ શો ? આપણા જીવનને ક્યાં લાગું પડે ? એમાંથી ગ્રાહ્ય શું, આદરણીય શું, કે ત્યાજ્ય શું ? આ સમજતા જવાનું.

(૯) પુસ્તક વાંચતા હોઈએ એમાં પણ આ પદ્ધતિએ વાંચન થાય. પછી દરેક ફકરા કે પાનાની ટૂંકી સારભૂત નોંધ કરી લેવાય.

આવી આવી પદ્ધતિએ સાધના થાય તો મન એમાં તલ્લીન બની જાય, એકાગ્ર બન્યું રહે; અને એના ઊંડા સંસ્કાર પડે.

**(૫) ધર્મપ્રવૃત્તિમાં ગદ્ગદતા કેળવો :-**

ધર્મપ્રવૃત્તિના ઊંડા સંસ્કાર માટે વળી એ જરૂરી છે કે જેમ પહેલાં કહ્યું હતું કે સાંસારિક પ્રવૃત્તિઓના રસ ઓછા કરવા પડે, તલ્લીનતા-ગદ્ગદતા ઓછી કરવી પડે. તેમ ચાલુ ધર્મપ્રવૃત્તિમાં રસ સાથે ગદ્ગદપણું કેળવવું જોઈએ. ક્રિયા ગદ્ગદ થઈને કરો. એ માટે મનને એમ કાંક થાય કે 'અહો ! આ વિરાટ વિશ્વમાં પાપક્રિયાઓથી ભરચકભર્યા જીવનોમાં રખડતાં રખડતાં કેવો આ ધન્ય અવસર મળ્યો કે ધર્મક્રિયા હાથ લાગી ! કેવાં અહોભાગ્ય ! કેવી પ્રભુની કૃપા ! હું રાંક અને મને આ પવિત્ર ક્રિયા મળી ? આહાહા !' ભલે એક નાની પ્રભુ દર્શનની ક્રિયા, પણ તે ય ગદ્ગદ ભાવે થવી જોઈએ, એના આત્મામાં ઊંડા સુસંસ્કાર પડે છે. એમાં આત્મશુદ્ધિ થતી આવે છે.

આરાધના કર્યે જઈએ એની સાથે આ લક્ષ ચોક્કસ રાખવાનું કે 'એ એવી રીતે થતી જાય છે ને કે સાથે આત્માની શુદ્ધિ થતી આવતી હોય.' એ માટે,

**(૬) શુભ અધ્યવસાય (૭) સંજ્ઞાનિગ્રહ રાખો :-**

જેમ પહેલાં કહ્યું કે એકાગ્રતા અને ગદ્ગદ ભાવ જોઈએ તેવી રીતે શુભ અધ્યવસાયની છોળો ઉછાળવી જરૂરી છે; આહાર-વિષય-પરિગ્રહ-નિદ્રાની સંજ્ઞા તરફ ઘૃણા અને સંજ્ઞાનો નિગ્રહ કરવો જોઈએ. જો શુભ અધ્યવસાયો, અર્થાત્ દિલમાં શુભ ભાવો. શુભ ભાવના, શુભ વિચારો નહિ હોય તો એ ધર્મપ્રવૃત્તિ સારા સંસ્કાર નહિ રાખી શકે; ઊલટું ત્યાં અશુભ ભાવો વર્તતા હોવાથી એના ઊંડા કુસંસ્કાર નખાશે ! ત્યારે જો ધર્મપ્રવૃત્તિ વખતે આહાર-વિષયાદિ પ્રત્યે ઘૃણા અને એની સંજ્ઞા પર અંકુશ નહિ હોય તો એના વિચારો આવશે, સંજ્ઞા ઊછળશે.



એના પદાર્થ નજર સામે આવતાં કે સાંભળતાં મન એમાં રમવા માંડશે ! તેથી પણ ઊલટા સંસ્કાર પડવાના. માટે સંજ્ઞાઓનો નિગ્રહ પણ જોઈએ એથી ધર્મપ્રવૃત્તિના સારા સંસ્કાર પણ પડે, અને આત્મશુદ્ધિ થતી આવે. અલબત્ત એટલું લક્ષ રાખ્યા કરવું પડે કે ધર્મ કરતાં કરતાં રાગ-દ્વેષ, તૃષ્ણા-અહંકાર, ઈર્ષ્યા-અસહિષ્ણુતા, વાસના-વિકારો વગેરે ઓછાં થતાં આવે છે ને ?

ત્યારે જુઓ, **ધર્મપ્રવૃત્તિના ઊંડા સંસ્કાર પાડવા માટે,**

**૧. સત્સંગ ખૂબ રાખવો. કુસંગથી દૂર જ રહેવું.**

**૨. દિલ ધર્મી બનાવો.**

**૩. પાપરસિકતા મૂકો.**

**૪. ધર્મસાધના ચોક્કસ પદ્ધતિએ કરો.**

**૫. ધર્મસાધના ગદ્ગદભાવે કરો.**

**૬. શુભ અધ્યવસાય મનમાં રમતા રાખો.**

**૭. આહારાદિ-સંજ્ઞાઓનો નિગ્રહ કરો.**

આવી રીતે ધર્મની આરાધના થતી હોય, તો એના સંસ્કાર સારા ઘેરા પડેલા હોવાથી એની બાકીની સાંસારિક પ્રવૃત્તિ પર અસર પડે.

આપણો પ્રશ્ન આ હતો કે ધાર્મિક પ્રવૃત્તિની અસર સાંસારિક પ્રવૃત્તિ ઉપર પડે છે કે સાંસારિકની અસર ધાર્મિકની ઉપર ? જેનું સંસ્કરણ વધારે ઊંડું હશે એની બીજા ઉપર અસર પડવાની. સાંસારિક પ્રવૃત્તિઓમાં ખૂબ હોંશ, હૃદયસ્પર્શી આનંદ, જીવનની ધન્યતાની લાગણી. તુચ્છ સુખની લાલસા વગેરે હશે તો એ જીતી જશે. એના ઘેરા સંસ્કારો ધાર્મિક પ્રવૃત્તિ વખતે પણ ડખલ કરવાના; પૌદ્ગલિક અનુકૂળતા-પ્રતિકૂળતા પર ચોકસાઈ, વિષયસુખ પર દૃષ્ટિ, ક્રોધાદિ કષાયોનો ઉપયોગ, વગેરે હૃદયને પકડવાના. આ બધા દુર્ગુણો ધર્મપ્રવૃત્તિને અને ધર્મને કલંક લગાડે છે. લોક કહે છે 'જોયો આનો ધર્મ ? એક બાજુ સામાયિક-પડિક્કમણાં કરવાં છે, અને બીજી બાજુ ગુસ્સાનો પાર નથી ! જૂઠ તો કંઠમાં જ ભરાયેલું છે ! અનીતિ-અન્યાય વિના ચાલતું નથી !... આમનો ધર્મ જ આવો છે !' આમ લોક નિંદા કરે છે, સાથે ધર્મને વગોવે છે.

પરંતુ જો ધાર્મિક આરાધનાનું ઊંડું સુસંસ્કરણ હશે, તો આમ નહિ બને ઊલટું એની અસર સાંસારિક જીવન પર પડવાની. સંસારના જીવનમાં ઔચિત્યનું પાલન, કૃતજ્ઞતા, પરોપકાર, દયા-સત્ય-ન્યાયનીતિ, સદાચાર; સૌમ્યતા વગેરે ગુણો ઝળકતા રહેવાના.

માટે જ. ધર્મનું આ મહત્ત્વ છે કે એનો આશરો લેનારના જીવનમાં

**સમાધાનવૃત્તિ** હોય છે. અમેરિકામાં એક માનસશાસ્ત્રીએ આ હિસાબ કાઢ્યો છે. એ કહે છે કે મારી પાસે હજારો માણસોની પોતાના જીવનમાં પોતાના સગાંસબંધી તથા સંયોગો વગેરે અંગે ફરિયાદો આવેલી છે. એમાં જે બહુ મોટા ભાગની ફરિયાદો છે, તે ભાગ ચર્ચ-દેવળમાં નહિ જનારો અને ધર્મની પરવા વિનાનો છે. આ પરથી એ ફલિત થાય છે કે એવાઓમાં સમાધાનવૃત્તિ નથી. બનેલા અણગમતા પ્રસંગ પર મનને સમજાવી લેતાં એમને નથી આવડતું કે 'હોય, ભૂલ તો આપણે ય કરીએ છીએ, તો સામાની ય ભૂલ થઈ જાય એ બનવાજોગ છે.' ત્યારે ધર્મી જીવને એ આવડે છે, એથી એ મન વાળી લે છે કે 'આપણું ભાગ્ય નબળું હોય તો અનિષ્ટ પણ બને. એમાં ઝગડવાની જરૂર નથી. માટે ખમી ખાવું. સામા પર ઊતરી પડવાની જરૂર નહિ. નાહક કલેશ શા માટે વધારવો ? એનો સ્વભાવ ઓળખીને ચાલવું.' ધર્મપ્રવૃત્તિની આ સારી અસર કહેવાય.

ધર્મની આરાધના અંગે ચાર મુદ્દા વિચાર્યા :-

(૧) એ કરતાં એનાં શાસ્ત્રીય વિધિ-વિધાન, ચોકસાઈ, તચ્ચિત્ત-તન્મન-તલ્લેશ્યભાવ વગેરે સારી રીતે સાચવવા;

(૨) ધર્મ આરાધવા પહેલાં અને આરાધ્યા પછીની એને જરૂરી ભૂમિકા સાચવવી.

(૩) ધર્મપ્રવૃત્તિ કરતાં કરતાં આત્મશુદ્ધિ કરતા જવા પર ભારોભાર લક્ષ રહે. અને

(૪) ધર્મ-આરાધનાની સાંસારિક જીવન પર સારી અસર પડવી જોઈએ.

હવે આ વિચારવાનું છે કે આ ચાર વસ્તુનું આપણા જીવનમાં કેટલું ઠેકાણું છે ? જો એનું તેવું ઠેકાણું નથી, તો શાના ઉપર આપણે ગુમાન રાખી શકીએ કે 'મેં આવી સારી આરાધના કરી ?' આપણે તો અનંતા દોષોથી ભરેલા છીએ. હજીય કંઈક પણ સારું થતું હોય તો તેમાં પ્રભાવ અરિહંત ભગવાનનો છે, ગુરુ મહારાજનો છે. આરાધનાનો જશ એ ભગવાનને આપવાને બદલે આપણી જાતના ખાતે જમા કરવો એ કેવું ? ભગવાન એવા મહાપરાક્રમી, મહાગુણી અને મહાઉપકારી બન્યા હતા તો જ આપણે આ કરવા પામ્યા.

યોગ્ય વિચાર જોઈએ. ગમે તેવું પ્રભુ પાસે સુંદર ગાય, સુંદરમાં સુંદર પૂજા કરે, સુવર્ણનું મંદિર બનાવે, તો પણ 'હું કાંક છું,' એવી કલ્પના પણ ન થાય. આપણને મુક્તિમાં જવામાં કાંઈ વાર નથી, જો હૃદય પરમાત્મા તરફ ઢળી જાય. 'એ અનંતગુણી-હું અનંત દોષવાળો-હું ક્યારે એમની હરોળમાં મુકાઉં ! એમના શાશ્વત કાલના સંબંધમાં આવું,' બસ ! આ ભાવના આવે તો મુક્તિ જવામાં કંઈ વાર નહિ. અનંત પુદ્ગલ પરાવર્ત્ત નહિ, અનંત કાળચક્રવાળો એક પુદ્ગલ પરાવર્ત્ત



નહિ, અરધો પુદ્ગલ પરાવર્ત્ત નહિ, અનંત ઉત્સર્પિણી અવસર્પિણી નહિ, અસંખ્ય પણ નહિ. બસ ચાલ્યો ! આત્મા પરમાત્મા તરફ ઢળ્યો કે ચાલ્યો બે પાંચ ભવમાં મુક્તિમાં !

**પરંતુ અહંત્વ અને માનાકાંક્ષા પડતી મૂક્યા સિવાય હૃદય પ્રભુ પ્રત્યે ઢળવું કઠિન છે.**

શ્રી આનંદઘનજી મહારાજ કહે છે, **'ધાર તલવારની સોહિલી, દોહિલી ચૌદમા જિનતણી ચરણ-સેવા.'** જિનવરની સેવા તલવારની ધાર કરતાં દોહિલી છે, દુષ્કર છે. પરમાત્મા તરફ આત્મા ઢળવો, એની સેવામાં લીન થવું દોહિલું છે. તલવારની ધાર પર ચાલવામાં જોઈતી સાવધગીરી કરતાં કેઈ ગુણી સાવધગીરી સેવાની ધારમાં જોઈશે. માટે રાજીમતિ શ્રીનેમિપ્રભુને કહે છે- **'તમે મુક્તિ સાથે પ્રીત માંડી મને તરછોડી ! ઉતારી હું ચિત્તથી, મુક્તિ ધુતારી હેત,'** અમે તો સતી એ તો ગુણી; એને તો અનંત પતિ; મારે તો તમે એક. ખેર ! હું ન ગમી; મુક્તિ ગમી તો ભલે ! મને થાય છે, જેના અનંત પતિ તે પોતાના એક એક પતિની ખબર શું રાખતી હશે ? પણ હું તમને કહું છું, તમે વિચારજો જરા કે મુક્તિ સાથે પ્રીતિ કરવી સહેલ છે, પણ નભાવવી મહાકઠિન છે. મોક્ષનો રાગ ઊભો થવો જેટલો અઘરો નથી એટલો પછીથી ટકવો અઘરો છે.

ગુરુએ વૈરાગ્યનો જબ્બર ઉપદેશ વર્ષાવ્યો, નિર્ગુણ સંસારનું સચોટ ભાન કરાવ્યું કે આ સંસાર તો સુખમાં જીવને મ્હલાવી ખેદાન-મેદાન કરી નાખે છે ! તીર્થંકર જેવાના આત્મા પણ અનાદિ સંસારમાં રિબાયા હતા. એવા સંસારમાં જીવ ઘણું રૂલ્યો...' ઇત્યાદિ ઉપદેશ સાંભળી મનને થાય કે 'સંસાર ખોટો, મોક્ષ જોઈએ.' એ થયો મોક્ષનો રાગ : પણ અહીં જ ! નીચે ઊતરો નહિ એટલી વાર ! મુક્તિનો રાગ ઘર સુધી પહોંચવો કઠિન ! કેમ કે એ રાગને ઠેબે ચઢાવનારા વચ્ચે ઢગલાબંધ સંયોગ મળે એટલે પેલો રાગ અધ્ધર ઊડે !

**મુક્તિનો રાગ હોય એટલે શાનો રાગ ?**

મુક્તિ તે કે જ્યાં રસ, ઋદ્ધિ કે શાતાનું કોઈ તોફાન નથી. મુક્તિ તે કે જ્યાં કોઈ ખુમારી નથી રાખવાની. મુક્તિ તે કે જ્યાં દાવપેચ નથી રમવાના, જ્યાં ઇચ્છાનું નામ નથી, જ્યાં કોઈ અજ્ઞાનદશા નથી, હાસ્યાદિક ચેષ્ટા જ્યાં નથી. મુક્તિ તે કે જ્યાં કામના વિકાર નથી, જ્યાં કોઈ સ્નેહીસંબંધી પરિવાર નથી. જ્યાં છે તે વસ્તુ પર લેશ મમત્વ કે માલિકી નથી, સિદ્ધો રહે છે સિદ્ધશિલા પર, પણ એ એનો માલિકી હક રાખતા નથી. માલિક તો એમાંના એકેન્દ્રિય જીવો. એ શિલા સ્ફટિક રત્નની છે. એ શરીર છે એકેન્દ્રિય જીવોનું એમને મૂર્ચ્છા છે એ જ માલિકી;

પછી ભલે એ માલિકી મારનારી હોય ! દુનિયાનો કાયદો-**મરવાનું જડના માલિકને છે. જડના માલિક નથી એને મરવાનું નથી;** એને તો અજર-અમર બનવાનું છે. અંતિમ ભવનું મૃત્યુ એ કાંઈ જીવનું મૃત્યુ નથી, મોતનું મૃત્યુ છે. જીવનું તો અમરપણું શરૂ થાય છે. પણ ક્યારે ? જડની માલિકી છોડી ત્યારે. જડની માલિકીમૂર્ચ્છા નથી છોડવી. તો મૃત્યુ એક નહિ, મૃત્યુની હારમાળા ચાલુ રહેવાની, તિજોરીની, ઝવેરાતની, માલિકી છે ત્યાં ચોર-ડાકુના ભય છે, ચોર-ડાકુ મારે છે. એમ શરીરની માલિકી છે તો મૃત્યુ આવે છે. સિદ્ધ ભગવાનને કોઈ પર વસ્તુની માલિકી જ નથી તો સદા અમર છે. મુક્તિમાં કોઈ પણ પર ચીજ પર હક-દાવો જ નહિ.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"   વર્ષ-૧૧,અંક-૩૮,તા.૬-૭-૧૯૬૩**

આવી મુક્તિનો રાગ એટલે માલિકીનો રાગ કે ખાખી બંગાળીપણાનો રાગ ? લાગે છે ખરુ કે ચીજ ચીજ ઉપર માલિકી-હકદાવા રાખીએ છીએ એ આપણી જ જન્મ-મરણની પરંપરાને આપણે જ નક્કી કરીએ છીએ ? આ ભયંકર ભવાટવીમાં ભટકવાનું કોણ રજિસ્ટર્ડ કરી આપે છે ? કોઈ ઈશ્વર નહિ, કોઈ દુશ્મન નહિ, આપણી માલિકી, હકદાવા અને મૂર્ચ્છા. અરે ! અહીં પણ ભય, ચિંતા, સંતાપ, અને કષ્ટ-દુઃખનાં પોટલાં પણ એ જ ઊભાં કરે છે.

જ્યાં માલિકી સ્થાપી કે સમજો ભયને નોતરું આપ્યું. એનું કારણ એ છે કે જે જડ-ચેતનના સંયોગ થવા પર મૂર્ચ્છા સ્થપાય છે, એ નિશ્ચળ નથી, ચલ છે, અસ્થિર છે એવી ખબર છે, એટલે મનને એમ થાય છે કે એ ચાલી તો નહિ જાય ? કોઈ લૂંટી કે બગાડી તો નહિ નાખે ? આવો ભય થયા કરે છે.

એમ, મૂર્ચ્છા-માલિકી સ્થાપી ત્યાં એના પર કેટલીય વાતોની ચિંતા ઊભી થાય છે. માલિકી કરી નહોતી ત્યાં સુધી ચિંતા નહોતી. છોકરો નહોતો જન્મ્યો ત્યાં સુધી નચિંત હતા, જન્મ્યા પછી કેટલીક રકમની એની ચિંતા ઊભરાઈ પડે છે. પૈસા મળ્યા પછી એના અંગે ચિંતાઓ જાગી પડે છે.

સ્ત્રી પરણ્યા પછી મન પર એની માલિકી વસી જાય છે તો દેખો છો ને કે એના અંગે કેટકેટલી ચિંતાઓ મનને ઘેરી લે છે ? કહો ને કે એટલી બધી કે એવી ચિંતા જન્મદાતા ખુદ માતાપિતાની કદાચ કરી નહોતી ! એટલું જ નહિ કિન્તુ પત્નીની ચિંતાનું જોર અને પ્રધાનતા વધી જાય તો માતાપિતાની અવગણના ઊભી કરાવે છે !

વિચારો, માલિકીના ચડસમાં ઉપકારીઓની પણ અવગણના ઊભી થાય એ



કેવી આત્મખરાબી ! એ ઉપકારીઓના દિલ ભાંગી જાય, દિલને જીવનભરના કલેશ થયા કરે, એવું કરવું એ કેટલી બધી નિર્દયતા ! કેટલી નઠોરતા ! શું એમની આંતરડી વરસો સુધી કકળતી કરીને પોતે સાચી સુખશાંતિ પામી શકે ? આ બધું શેમાંથી ? પત્ની પર ઘેલી મૂર્ચ્છા-મમતા ઊભી કરી એમાંથી. એવી બીજી પણ વસ્તુઓની મૂઢ માલિકી કરવા પાછળ ઉપકારીઓ, ગુણિયલ આત્માઓ અને દયાપાત્ર જીવો પ્રત્યે પણ અનાદર, અવગણના, અપમાન, તિરસ્કારની લાગણી વગેરે કેઈ અનર્થ ઊભા થાય છે. માનવજીવનના આ મહાકલંક છે.

ત્યારે માલિકી-મૂર્ચ્છા એ સંતાપ પણ કેટલાય જન્માવે છે. બધું સદા સરખું તો ચાલતું નથી; એટલે જેના પર માલિકી સ્થાપી એમાં કોઈ વાંધાવચકા પણ ઊભા થઈ આવે છે. જુઓને આપણી જ કાયા, એના અંગે ફરિયાદો ક્યાં નથી ઊભી થતી ? વધુ કામ કરવું પડ્યું ને થાક લાગ્યો; ભૂખ લાગી ગઈ છે છતાં કોઈ કારણે જમવાનું ઝટ ન મળ્યું; માંકડ-મચ્છર, ઘામ-ઠંડી વગેરે કોઈ ઉપદ્રવ ઊભો થયો; આમ વાંધાવચકા ક્યાં આઘે લેવા જવા છે ? ઘણું ય નથી ઈચ્છતા પણ આવીને ઊભા જ રહે છે. એ આવે એટલે સંતાપ મનને પીડે છે. મન પર એનું દબાણ છે. તેથી જરાકશા વાંધાવચકામાં સંતાપ થતાં વાર નથી લાગતી.

ત્યારે જેના પર મૂર્ચ્છા ઊભી કરી એને મેળવવા પેદા કરવા પાછળ, સાચવવા-વધારવા પાછળ, અને ભોગવવા ઉપયોગ કરવા પાછળ કષ્ટ, તકલીફ વગેરે કેટલી, એ અનુભવ બહાર નથી.

મોક્ષમાં કોઈ માલિકી કરવાની નથી. એવા મોક્ષનો-મુક્તિનો રાગ એટલે માલિકી-મૂર્ચ્છા-રહિતપણાનો રાગ ! 'દુનિયાની આ માલિકી, મૂર્ચ્છા ઝેર છે. એનાથી છુટકારો મળે તો કેવું સારું !' -આ મોક્ષરાગ ? કે માલિકીનો રાગ ? એમ મુક્તિનો રાગ એટલે હાસ્યચેષ્ટાદિકનો રાગ ? કે ગંભીરતા અને ઉદાસીનપણાનો ? એમ કહેતા નહિ કે 'અમે ગંભીરતા અને ઉદાસીનતા સારી તો માનીએ છીએ, કિન્તુ હાસ્ય, ચેષ્ટા વગેરે થઈ જાય છે.' તો તો પછી એ તપાસો કે,

એમાંથી છૂટી છૂટીને ગંભીરતામાં આવવાનો પ્રયત્ન કેટલો છે ?

તેમજ, જે હાસ્યાદિ થયું એનો પશ્ચાત્તાપ કેટલો છે ?

**ઉદ્ધારની આ ત્રણ મહાન વસ્તુ છે,- દોષોથી બચવા માટે**

(૧) એક તો એમાંથી હાસ્યાદિમાંથી શક્તિનો ઉપયોગ કરીને ગુણમાં જવાનો પ્રયત્ન રાખ્યા કરો;

(૨) બીજું એ કે દોષ સેવતાં પહેલાં એ સેવવો પડે એનો સંતાપ, સેવતાં અને સેવ્યા પછી ભારે સંતાપ તથા દંડ રાખો.

(૩) ત્રીજું, બીજા સમયમાં પણ દોષોના ભયંકર નુકસાન અને મનુષ્યજીવનની એમાં નાલેશી-બરબાદીની તથા ગુણોની સુંદરતાની અને દીર્ઘકાળ સુખદ પરિણામની ભાવના કરો, વારંવાર કરો.

**મોક્ષનાં વિવિધ સ્વરૂપ :-** આ ત્રણેય કરવાના મૂળમાં મુક્તિના આ સ્વરૂપનો અર્થાત્ ત્યાં હાસ્યાદિ નથી પણ પૂર્ણ ગંભીરતા ઉદાસનીતા જ છે, એનો જ્વલંત રાગ જોઈએ અને હાસ્યાદિની નફરત જોઈએ, અરુચિ જોઈએ.

**મુક્તિના રાગની પરીક્ષા :-**

હવે દિલને પૂછો કે મુક્તિનો રાગ છે એટલે આ બેમાંથી શાનો રાગ છે ? એમ પૂછવાનું કે કામના વિકારોનો રાગ છે કે નીતરતા બ્રહ્મચર્યનો ? ક્રોધાદિ કષાયો તરફ ઝોક છે કે ક્ષમાદિ ગુણો તરફ ? રાગ આહારાદિનો કે અનશન વગેરેનો ? પરિગ્રહનો કે અપરિગ્રહપણાનો ? વિષયોના રાગનો કે ત્યાગનો ? બેમાંથી શું થાય એ ખરેખર પસંદ ? હૈયું શું કહે છે એ તપાસવા જેવું છે. એના પરથી નક્કી થશે કે ખરેખર સંસારનો રાગ છે કે મુક્તિનો.

મુક્તિમાં રસ-ઋદ્ધિ-શાતા નથી, ત્રણેયનો સરાસર અભાવ છે. તો મુક્તિનો રાગ કરવો હોય તો આ ત્રણેયના સરાસર ચાલ્યા જવા પર રાગ જોઈશે. શાતાનો પણ રાગ નહિ; એમ માનસન્માનનો પણ રાગ નહિ. મનને એમ થવું જોઈએ કે 'અરેરે ! મને રસ-ઋદ્ધિ-શાતા ગમે છે, માન-સન્માન પસંદ પડે છે, એ મારી કેવી મૂઢતા ! આ બલા છે; કેમ કે એ સ્થાયી ટકતા નથી, ટકવાના નથી. રસ-વિરસ, ઋદ્ધિ-નિર્ધનતા, શાતા-અશાતા, માન-અપમાન વગેરે દ્વંદ્વો (જોડકાં) એ બલા છે. એમાં મારા જીવને ફેંકાફેંક થવું પડે છે. ક્યારે એ બલા છૂટે ! બસ, ક્યારે એમાંથી છૂટી અસંગની મસ્તી અનુભવું !'

પ્રભુ પાસે 'શિવસુખ અમને આપો' માગો છો, એ વખતે શું માગી રહ્યા છો ? હાસ્ય ને તિરસ્કાર, હર્ષ ને દીનતા, માન ને અપમાન, શાતા ને અશાતા, ઈષ્ટ ને અનિષ્ટ, ઇત્યાદિ અનેકાનેક દ્વન્દ્વોથી છુટકારો જ ને ? એટલે હાસ્ય, હર્ષ, સન્માન, શાતા, વગેરે પણ જાય એવી, ન હોય એવી સ્થિતિ માગો છો ને ? કે પ્રભુને ઊઠાં ભણાવો છો ?

**મોક્ષની ઉતાવળ ખરી ? :-** નથી ને સીમંધર ભગવાન હાજરાહજૂર થાય, દેવો આવે, સમવસરણ મંડાય, પ્રભુ દેવોને હુકમ કરે 'જુઓ, કોણ કોણ મુક્તિના રાગી છે ? મોક્ષના રસિયા અહીં આવવા કોણ તૈયાર છે ? લાવો.' તો તમારી તૈયારી છે ને ? કે દેવોને શું કહી દો ખરા કે 'ના, ભાઈ, ના, હમણાં ને હમણાં મોક્ષની ઉતાવળ નથી, હજી સંસારનું આ કામ બાકી છે, પેલું બાકી છે, ઉપાધિ



છે, માટે હમણાં નહિ.'

**મોક્ષનો રાગ છે પણ ઉતાવળ નથી, એ રાગ કેવો ?**

**પુત્રમરણે શોક ક્યો ? :-** મોક્ષનો રાગ હોય એટલે પુત્રપરિવાર રહિતપણાની સ્થિતિનો જ રાગ ને ? તો અહીં કદાચ પુત્ર મરી ગયો, તો શું વિચાર આવે ? 'અહીં પાપ કરી દીકરો ઊભો કર્યો. ત્યારપછી પણ આજ સુધી કેવળ મોહથી છોકરાને પાપ શીખવ્યાં, છોકરા પાસે પાપ આચરાવ્યાં. પરલોકથી સારી ધર્મ મૂડી લઈને આવેલા એ બિચારા જીવને એની ધર્મમૂડીમાં જોરદાર ધર્મવેપાર કરાવી વધારો કરાવવાને બદલે ધર્મસંસ્કારની મૂડી ઘસાવી નાખી ! પાપમાં ને પાપમાં બિચારો એ ગભરૂ જીવ મરી ગયો ! આ મારું દુષ્કૃત્ય કેવું ! શોક તે પુત્રમરણનો કરું, કે પુત્રને પાપમાં રવાના કર્યાના દુષ્કૃત્યનો કરું ?' -આવો વિચાર આવે ખરો ?

**ધન જતાં ક્યો શોક કરવાનો ? :-** એમ કદાચ ધન ખોયું તો શોક ધન-વિયોગનો કરવાનો કે ધન પાછળ ઊભાં કરેલાં દુષ્કૃત્યનો કરવાનો ? ધન-માલ, પુત્ર-પરિવાર વગેરે કોઈ બલા મોક્ષમાં નથી માટે જ ત્યાં એના વિયોગનાં કોઈ દુઃખ નહિ. એવા મોક્ષનો રાગ એટલે આ ધન-માલ, અને પુત્રપરિવારાદિ મોહમાયાથી રહિતપણાની ઈચ્છા હોય.

**આબરૂ જતાં કેવો શોક ? :-** ત્યારે માણસને સારી આબરૂ જમાવ્યા પછી જો ગમે તે કારણે એને ધક્કો લાગી જાય છે તો શોકનો પાર રહેતો નથી. મોક્ષમાં આ શોક છે ? ના, ત્યાં કોઈ જશ-અપજશ જેવું છે જ નહિ પછી શોક શા માટે ? એટલે જ આબરૂ જતાં એમ થાય કે 'આ આબરૂ ગયાનું દુઃખ નથી, કિન્તુ એ હતી ત્યારે એની મમતા, ખુમારી અને અતિ હર્ષ કર્યાનું દુઃખ છે; કેમ કે એનાં અશુભ કર્મ અને કુસંસ્કાર આત્મામાં સ્થિર થઈ ગયા ! એ પાછા જાગીને નવાં અશુભ કર્મને ઊભાં કરશે ! ત્યાં મોક્ષ થવાનું ક્યાં રહ્યું ? ત્યાં તો સંસાર વધવાનું થયું !'

-મનને આવું કાંક થવું જોઈએ. અને એ થાય. પરંતુ મોક્ષનો રાગ હોય એટલે કે એ મમતા, ખુમારી, હર્ષ, શોક વગેરેથી મુક્તપણાનો રાગ હોય તો જ બને.

વિચારવા જેવું છે કે મુક્તિના રાગમાં મોહમાયાના સંબંધથી શું શાંતિ અનુભવવાનું આવે ? કે ભડકવાનું ? ભૂલશો નહિ કે મોક્ષમાં મોહમાયાના સંબંધ જ નથી, અને એ નથી માટે જ મોક્ષ છે. કેમ કે એ મોહમાયાના સંબંધમાં તો રાગદ્વેષનાં તોફાન છે. જેટલી એ વધારે તેટલાં રાગદ્વેષનાં તોફાન અને કર્મનાં બંધન વધારે. એક દીકરો હોય તો એકને જ પરણાવવા કરવાની ચિંતા; ચાર હોય તો ચારની. મોહમાયા વિનાની મુક્તિનો રાગ છે, તો એમાંની એક ચીજ ઓછી થતાં મન કહે, 'આ તો કુદરતે એવું કર્યું કે રાગ અને પાપની વસ્તુ ઓછી કરી

આપી ! સારું થયું એ.'

**સંસારનો રાગ હોય ત્યાં સુધી મુક્તિ ન મળે;** માટે મુક્તિના રાગને અખંડ રાખવા માટે સંસારની વસ્તુમાત્રના રાગની અકળામણ રહ્યા કરે.

**તોરણથી રથ ફેરી ગયા રે હાં :-**

નેમિનાથ પ્રભુએ સસરાના મુકામે ઠેઠ તોરણેથી રથ પાછો વળાવ્યો, એના પર રાજીમતીએ જે વેદના વ્યક્ત કરી છે એને મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે, જુઓ, સ્તવનમાં કેવી ગૂંથી લીધી છે ! અને એમાં મુક્તિના રાગ પર કેટલો બધો ભારે વિચાર મૂક્યો છે !

**કોઈના વાંકે કોઈને સજા ? :-**

નેમિકુમાર રથ પાછો વળાવે છે ત્યારે પહેલું તો રાજીમતી કહે છે 'અરે ! શું તમે નવ નવ ભવનો સ્નેહ તોડી પાછા ચાલ્યા જાઓ છો ? અને તે પણ હેં ? પશુના માથે દોષ દઈને ? અર્થાત્ તમારે સંબંધ તો મારી સાથે હતો તો વાંક મારો કોઈ બતાવ્યો હોત કે 'તું આવા દોષ-દુર્ગુણવાળી છે,' તો તો પાછા વાળવાને માટે એ સબળ કારણ ગણાત, પરંતુ આ તો હરણિયાનાં વચન પર તમે મને નિર્દોષ જ તરછોડી જાઓ છો ! કોઈના વાંકે કોઈને સજા ? એ કેટલું વાજબી ગણાય ? પણ હા, હરણિયાએ તો રામ-સીતાના વિયોગ કરાવ્યા છે, ને ચંદ્રને કલંકવાળો કર્યો છે !'

જોજો આ કેવી મુક્તિના રાગ તરફ જઈ રહી છે ! નેમિનાથ સ્વામીને એ કહે છે,-

'ઠીક છે, તમે કદાચ, મને લાગે છે કે, ભલે હરણિયાને દોષ દઈ પાછા ફરવાનું નહિ કરતા હો, પરંતુ પેલી મુક્તિના પ્રેમથી આકર્ષાઈને મને તરછોડી જતા હશો, પરંતુ હું તમને કહું છું કે એને ઓળખી લેજો. એ તો ધુતારી ગણિકા છે; એણે તો અનંતા સિદ્ધોને ધણી કર્યા છે. આવી સ્ત્રીની પાછળ તમે શો મેળ સાંધો છો ? અને મારી સાથેની પ્રીત છોડીને શું ચાલ્યા જાઓ છો ?'

હવે અહીં રાજીમતી આગળ જે કહે છે તે રહસ્ય ભર્યું છે. એ કહે છે.

**'પ્રીત કરંતા સોહિલી રે હાં, નિરવહતાં જંજાળ, મેરે વાલમા.**
**જેહવો વ્યાલ ખેલાવવો રે હાં, જેવી અગનની ઝાળ મેરે વાલમા.'**

-આ કડીનો ઉપરથી અર્થ આવો થાય,-

'તમે મારી સાથે પ્રીતિ જોડી, પરંતુ ટકાવવામાં પાછા પડી ગયા, કેમ કે પ્રીત ચીજ એવી છે કે કરવી સહેલી પરંતુ નિભાવવી કઠિન છે. કેવી કઠિન ? તો કે જેવો વ્યાલ એટલે કે સાપ ખેલાવવો, અથવા જેમ અગ્નિની ઝાળ સાથે રમત કરવી. આ તમને મુક્તિ સ્ત્રી પ્રેમ બાંધવા મળી એટલે એના ખેંચાયા મારી સાથેનો



પ્રેમ માંડેલો મૂકી દીધો.'

**'પ્રીત કરતાં સોહિલી' નું રહસ્ય :-**

ઉપરથી જોઈએ તો આ અર્થ દેખાય છે. પરંતુ એ જોવા જેવું છે કે રાજીમતી જે કહેતી આવી છે અને હવે જે કહેવાની છે કે તમે લગ્નના અવસર હાથ ઉપર હાથ ન આપ્યો તો ભલે, પરંતુ દીક્ષાના પ્રસંગે મારા મસ્તક પર આશીર્વાદનો હાથ જરૂર આપજો. એની સાથે પ્રીત કરતાં સોહિલીના અર્થની સંગતિ કેટલી થાય ? રાજીમતી કહેતી આવી છે કે નવ ભવની પ્રીત તોડી નાખો છો ? તે પણ હરણિયાના કારણે ? અથવા ધુતારી મુક્તિની પ્રીતિને વશ થઈને ? પણ હું સમજી ગઈ કે પ્રીત કરતાં સોહિલી... 'એમ કહીને કહેવું છે કે 'ખેર ! હું પણ તમારા હાથે દીક્ષા લઈશ.' આ કહેવા પૂર્વે શું કહેવું જરૂરી છે ? એ ખાસ વિચારો જેથી સળંગ ધારાબદ્ધ સંબંધવાળું કથન ચાલ્યું આવ્યું ગણાય ?

ત્યારે આ જોતાં 'પ્રીત કરતાં સોહિલી' વગેરેનું કથન મુક્તિ સાથેની પ્રીતિના હિસાબે લગાડવું પડે અર્થાત્ રાજીમતી કહે છે,-

'ભલે કદાચ અનંતા ધણીવાળી મુક્તિ સ્ત્રી સાથે તમે પ્રીતિ માંડી, પરંતુ તમારા એક હિતૈષી તરીકે હું તમને કહું છું કે મુક્તિ સ્ત્રી સાથે પ્રીતિ માંડવી સહેલી છે, પરંતુ નિભાવવી ભારે કઠિન છે. કેમ કે માંડવાનું તો કોઈ તેવો જોરદાર વૈરાગ્યનો ઉપદેશ સંભળાઈ જાય, યા સંસારની કોઈ દુઃખદ ઘટના દેખાઈ જાય, તો પણ બની શકે; પરંતુ પછી મોહનાં પ્રલોભનો વચ્ચે એ પ્રીતિ ટકાવી રાખવી કઠિન છે. તમે અમારી સાથે પ્રીત માંડ્યા પછી બીજે કદાચ આકર્ષાઓ તો પણ અમારો પ્રેમ તૂટે નહિ. એમ સતી તરીકે તમને તરછોડીએ નહિ. જ્યારે આ મુક્તિ એવી છે કે એ તો જરાક જુએ કે તમે એની સાથે સ્નેહ બાંધ્યા પછી બીજે આકર્ષાયા છો તો એ તમને તરછોડી દે, અરે ! તમે પોતે જ મુક્તિનો રાગ ટકાવી શકો નહિ. માટે એના કરતાં આ ઠીક છે કે તમે મારી સાથેની પ્રીત કાયમ રાખી પાછા વળો.'

આટલું કહ્યા પછી રાજુલ જ્યારે જુએ છે કે 'નેમિનાથ સ્વામીને એ મંજૂર નથી, અને એક માત્ર મોક્ષરાગ ટકાવી આત્માનું અનંત કલ્યાણ સાધવું છે,' તો પછી એ કહે છે કે મારે પણ એ જ મુક્તિનો રાગ મુબારક હો; અને ભગવાનની પાછળ હું પણ ચારિત્ર લઈશ, આત્મકલ્યાણ સાધીશ, અને ભગવાન મને ચારિત્ર આપશો, સારા ચારિત્રપાલનના આશીર્વાદ આપજો !

રાજીમતીના આગળ પાછળના કથનનો સળંગ સંબંધ વિચારીએ ત્યારે 'પ્રીત કરંતા સોહિલી' એ વચ્ચેની કડીનો આ ભાવ, આ રહસ્ય સમજાય છે કે-

'જ્યારે તમારે અનંત સિદ્ધોને વરેલી મુક્તિ પદની પ્રીતિના કારણે તમને એકને વરેલી મને છોડી જવી છે, તો પછી હું તમને કહું છું કે આ મુક્તિની ઉપર પ્રીતિ માંડવી સહેલી છે, પરંતુ પછી નિભાવવી બહુ કઠિન છે. ઝેરી ફણિધરને રમાડવા કે અગ્નિની ઝાળ પકડવા જેવી ભારે કષ્ટમય છે. એના કરતાં અમે સતીઓ સારી, અમારે તો તમારા એકના જ ઉપર પ્રીતિ અને તેમાં અમે ક્યારે ય રિસાઈએ નહિ, ત્યારે મુક્તિને તો રિસાતાં વાર નહિ. આમ છતાં જો મુક્તિની પૂંઠે જ જાવું છે, અને મારો હાથ પકડવો નથી, તો મારી વિનંતી છે કે તમે દીક્ષા લો પછી મને પણ દીક્ષા આપજો અને અત્યારે મારા હાથ ઉપર હાથ નહિ સહી, તો દીક્ષા અવસરે મારા મસ્તક ઉપર હાથ જરૂર દેજો.'

સ્તવનની કડીઓનો ક્રમસર ઉત્તરોત્તર સંબંધવાળો ભાવ વિચારવામાં આવે તો સહેજે 'પ્રીત કરંતા સોહિલી' નો પ્રસ્તુતમાં અર્થ 'મુક્તિ સાથેની પ્રીતિ માંડવી સહેલી છે...' એવો સંગત થાય છે.

**મોક્ષરાગ ટકાવવો કેમ કઠિન ? :-**

આ પરથી એ પ્રાપ્ત થયું કે મોક્ષરાગ નિભાવવો-ટકાવવો કઠિન છે. એનું કારણ આ જ છે કે મોક્ષ એટલે વિષયસુખ અને એના સાધનભૂત લક્ષ્મી આદિ વિનાની સ્થિતિ; રોફ-અહંત્વ-ઠસ્સો, માનપાન, લોકવાહવાહ ઈત્યાદિથી રહિત અવસ્થા. આના પર રાગ એટલે ? એ જ કે હૈયામાં એ વિષય સુખો અને એનાં સાધન તથા રોફ-ઠસ્સો-લોકવાહવાહ આદિ પ્રત્યે અભાવ ઊભો થઈ ગયો હોય. એટલે વીર્યોલ્લાસ ન હોય, તાકાત ન દેખાતી હોય એટલે એને છોડી દેવા હિંમત ન થતી હોય એ બને; પરંતુ એના પ્રત્યે હૃદયનો અભાવ તો જીવંત રહેવો જોઈએ. જો હૈયામાંથી અભાવ ખસી ગયો અને એ વિષયો પ્રત્યે સદ્‌ભાવ, આદર, નિર્ભીક આકર્ષણ ઊભાં થઈ ગયાં, તો સમજી રાખો કે મોક્ષનો રાગ ઉડ્યો !

ત્યારે એ પણ હકીકત છે કે કોઈ પણ ધર્મસાધનાના પાયામાં મોક્ષનો રાગ તો જોઈશે જ; પછી અતિ પ્રારંભિક અવસ્થામાં ભલે એ મોક્ષ પ્રત્યેના દ્વેષ-અણગમાના અભાવ સ્વરૂપ હોય. યોગની પૂર્વસેવામાં આ મુક્તિનો અદ્વેષ જરૂરી માન્યો છે. આપણે મોક્ષનો રાગ ઊભો કરવો છે. એ માટે આંખ સામે હિસાબ રાખવો પડશે કે મોક્ષમાં મનગમતા સ્નેહી, સારી ચાકરી કરનાર નોકર વગેરે કશું નથી, તો અહીં એ બધા પ્રત્યે હૈયે ગભરામણ હોય. મોક્ષ-વિરોધી પદાર્થ પર ભારોભાર અકળામણ હોય.

મોક્ષ વિરોધી પદાર્થ કે બાબતમાં અકળામણ હોય; અનુભવમાં લાગે કે ટાઢક નથી, ઘામ છે. પૂજામાં બોલો છો ને ?



**'શીતળ નહિ છાયા રે આ સંસારની.'**

એ બોલવાનું શી રીતે થાય છે ? ઉનાળાના દિવસે બપોરે કામ પડ્યે મકાનની અગાશીના તપેલા પતરા પર જવું પડ્યું, તો ગયા ય ખરા. ઉતાવળે કામ કરી આવી ય ગયા. પણ બોલાય છે 'પતરાં બહુ ઊનાં !', એ કેમ બોલો છો ? ઉદ્વેગભર્યા સૂરથી. તેમ અહીં 'સંસારની છાયા શીતલ નહિ' એ ઉદ્વેગ અને દિલના દર્દભર્યા અવાજથી બોલવાનું. એના બદલે હર્ષના આલાપ-લ્હેલાપથી બોલાય તો કેવું બેહૂદું લાગે ? એ તો એવી રીતે બોલવું જોઈએ કે બોલતાં-સાંભળતાં દિલમાં ઉદ્વેગનો, અકળામણનો અનુભવ થાય. એ શબ્દોમાં તો પ્રભુની આગળ સંસાર સામે દર્દભરી ફરિયાદ છે. એની રજૂઆત ક્યારે થાય ? મૂળમાં અંદરનું દિલ સંસારના તાપથી અકળાઈ ઉઠ્યું હોય; સંસારના સુખ પણ દુઃખરૂપ ને દુઃખફલક લાગ્યા કરતા હોય.

સંસાર પ્રત્યે અકળામણ પહેલી જરૂરી છે. માટે તો ભગવાનની અનેક કિંમતી દ્રવ્યોથી દ્રવ્ય-પૂજા અને ભાવભક્તિભર્યા નમુત્થુણં, સ્તવન વગેરેથી સ્તોત્ર પૂજા કર્યા પછી 'જય વીયરાય' સૂત્રમાં પહેલા માગણી 'ભવ નિવ્વેઓ' કહીને ભવનિર્વેદ-સંસાર કંટાળાની કરવામાં આવે છે. 'વીતરાગ ભગવાન ! તમારા પ્રભાવથી મને ભવનિર્વેદ થાઓ, સંસાર પર અભાવ જાગો, જાગ્યો રહો.' શું માગ્યું ? વિટંબણામય સંસાર પર અભાવ, સદ્‌ભાવ નહિ; અકળામણ. હૂંફ નહિ. સંસારમાં ક્યાંય-પૈસા-ટકા-પરિવારમાં, પ્રતિષ્ઠા-માનસન્માનમાં, રોષ-રોફ-સત્તામાં ઊંચી માનવ કે દેવની પણ ગતિમાં, -ક્યાંય ચેન ન પડે. દિલને હૂંફ-હાશ ન લાગે; કેમ કે બધું જ નાશવંત ! અકાળે ચાલી જતું ! દગાખોર ! જીવને કર્મના ભારથી ભારે કરી ભમાવનારું ! માટે જ એમાં બેચેની, ઉદ્વેગ, અભાવ, અકળામણ થયા કરે. આ થાય તો જ સંસારથી મુક્તિ થવા પર રાગ જન્મે. સંસાર પર અભાવ રહ્યા કરે તો જ મોક્ષનો રાગ ટકે.

**આંતર તપાસો :-**

તમે ધર્મીમાં ગણાઓ છો ને ? આ સાંભળો છો, એવામાં દીકરો તમારો અહીં સાંભળીને ઊભો થઈ રજા માગે કે 'બાપુજી ! આવા સંસાર પરથી મારી આસ્થા ઊઠી ગઈ છે. મારે સંસારનો ત્યાગ કરી મોક્ષ સાધક ચારિત્ર લેવું છે.' તો તમે એને શા જવાબ આપો ? એ જ ને કે 'વાહ ભાઈ ! ધન્ય તને. મને પણ સંસાર ખારો અગર લાગે છે; પણ હજી એના ત્યાગની હિંમત નથી થતી. તું ત્યાગ કરે એ ઉમદા વાત છે. મારી તને રજા છે.' અવો ઉત્તર હોય ? કે એના બદલે 'બેસ બેસ હવે લીધી દીક્ષા ! તારું મોઢું નથી કહેતું. શા માટે દીક્ષા લેવી

છે ?' આ ઉત્તર ? પેલો કહે 'મોક્ષ પામવા માટે;' ત્યાં બાપ જો કહે 'જોયો હવે મોક્ષ !' તો એ શું આવ્યું ? મોક્ષનો રાગ કે અરુચિ-દ્વેષ ? આંતર તપાસો.

**વિરોધી રાગ રોકવા શું કરવું ? :-**

બસ, મુક્તિની તમન્ના, મોક્ષરાગ, ટકાવવા આમ જ કઠિન છે. જ્યાં દુન્યવી સ્વાર્થભંગ થતો દેખાય છે અને એમાં જો મોક્ષની વાત વચ્ચે આવતી લાગે છે તો ત્યાં સ્વાર્થ-પ્રીતિના તાપમાં મોક્ષપ્રીતિ ઓગળી જતાં વાર નથી લાગતી ! મોક્ષ પ્રત્યે અરુચિ આવીને ઊભી રહે છે. માટે જ કહેવાય છે કે મોક્ષના વિરોધી તત્ત્વ પર ક્યારે ય રાગનો આવેશ લાવતા નહિ. એ માટે એના ભીતરી વિષમ સ્વરૂપ અને દીર્ઘ દુઃખદ પરિણામને નજર સામે બરાબર રાખ્યા કરજો. દુન્યવી સિદ્ધિઓમાં અકળામણ અનુભવજો, જેથી એના ભંગમાં એવી અકળામણ ન થાય કે જે મોક્ષરુચિને ખંડિત કરે.

મુક્તિનો રાગી તો દુનિયામાં દુન્યવી બાબતમાં વાંકુચૂકું થાય તો જરાય મૂંઝાય નહિ; કેમ કે એણે અનુકૂળ એવી પણ સંસારની વસ્તુ પરથી આસ્થા ઉઠાવી લીધી છે; પછી એમાં ગડબડ થાય તેથી શાનો મૂંઝાય ? એણે તો પહેલેથી સમજી જ રાખ્યું હોય છે કે 'સંસારનું હાંડલું એક દિ' ફૂટવાનું છે. ત્યાં વાંકુચૂકું થવું તો સહજ છે. એની શી કિંમત આંકવી'તી ?'

રાજીમતીએ નેમિનાથસ્વામીનો મોક્ષરાગ જોઈ પોતે પણ એવો જ મોક્ષરાગ ઊભો કર્યો. પછી ત્યાં સખીઓની બીજો પતિ કરવાની વાત સાંભળવા પણ તૈયાર નથી. 'મુક્તિ સાથે પ્રીત માંડવી સહેલી, નિભાવવી કઠિન,' એ જે નેમિનાથ સ્વામી પ્રત્યે બોલેલી તે પોતાના માટે પણ બરાબર સમજીને ચોક્કસ વિચારણા અને નિર્ધાર સાથે મોક્ષના રાગમાં દઢ બની છે. માટે તો નેમિનાથ ભગવાનને કેવળજ્ઞાન ક્યારે થાય અને દીક્ષા ક્યારે આપે એની રાહ જોઈ રહી છે, તથા પ્રભુને કેવળજ્ઞાનની ઉત્પત્તિ થતાં જ એમની પાસે જઈ ચારિત્ર અંગીકાર કરી લે છે. પછીથી રહનેમિનાં વિષય-પ્રલોભનને અવગણીને ઉપરથી રહનેમિને સંસારસુખના પાકા દ્વેષી બનાવી સંયમમાં સ્થિર કરે છે. **જે મુક્તિરાગી દેવલોકના વિમાનને તણખલા તુલ્ય અને દેવસુંદરીઓને નાગણસમી ગણે; એ મનુષ્યલોકનાં પ્રલોભનમાં તણાય ?** ના, જરાય નહિ.

**પાલકની ઘાણીમાં બાળમુનિ :-**

વાત આ છે કે મુક્તિ એટલે શું ? એનો પાકો અને બહોળો ખ્યાલ કરી મુક્તિ પર રાગ કરાય-કેળવાય, તો પછી દુન્યવી પ્રલોભનો પણ તુચ્છ લાગશે અને દુનિયામાં આવતાં કષ્ટ પણ મામુલી લાગી સહર્ષ વધાવાશે. કેમ વારુ ? એટલા જ



માટે કે કષ્ટથી કર્મ ખરે છે, કર્મ ખરી મોક્ષ નજીક આવે છે.

મુક્તિનો રાગ વધી ગયા પછી તો કાયાના ટૂકડા થાય તોય પરવા ન કરે. ખંધકસૂરિએ પાંચસોમા શિષ્ય, બાળમુનિને પાલકની ઘાણીમાં પિલાતાં સમજાવ્યું. 'મોક્ષ લેવો છે ? કાયાના છૂંદા થાય, પરવા નહિ ! કર્મ પર દ્વેષ કરી શકે. તે જ મુક્તિ પર રાગ કરી શકે. મુક્તિ એટલે કર્મનો ક્ષય-મુક્તિનો રાગ એટલે કર્મ પર ભારે દ્વેષ ! એટલે એને કર્મ તૂટવાના અવસરે પરમ આનંદ હોય; એ પાછી પાની ન કરે. ઘાણીમાં પિલાતાં અશાતા કર્મ ભોગવાઈને તૂટે છે. કર્મ તૂટે, કર્મ-દુશ્મન મરે, એટલે મુક્તિ મળે. છુંદાય છે કાયા, નહિ કે આત્મા ! આત્માનો નાશ (છૂંદો) કોઈ કરી શકે નહિ. ત્યારે કાયાનો છૂંદો કરી કર્મનાશ કરાવવા દ્વારા આત્માને કર્મરહિત કરનાર પાલક તો મહાઉપકારી છે. '

**“દિવ્ય-દર્શન”-“પ્રવચન મહોદધિ”   વર્ષ-૧૧,અંક-૩૯,તા.૧૩-૭-૧૯૬૩**

આપણને અતિ પ્યારી મુક્તિને એ પાલક બહુ નજીક ખેંચી લાવે છે. માટે એના પર જરાય દ્વેષ ન કરવો.' એમ ખંધકસૂરિ પ્રેરણા આપે છે.

બાળમુનિ સમજી જાય છે. મોક્ષના તીવ્ર રાગમાં નક્કી કરે છે કે મુક્તિ મેળવતાં કાયાના ટૂકડા થશે તો ય પરવા નહિ ! ખૂબ સમાધિ-સમભાવમાં ચઢ્યા, કેવળજ્ઞાન લઈ મોક્ષે પધારી ગયા.

એવો મુક્તિનો રાગ એકવાર થઈ જાય, દઢ થાય, બેડો પાર ! મુક્તિના રાગનો પ્રારંભ કરી મોક્ષ સુધી પહોંચવા શું શું કરવું એ સુંદર વાતો પંચસૂત્રમાં આવવાની છે. શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ મંગળ કરતાં પરમાત્માને નમસ્કાર કરે છે, શ્રી મહાવીર જિનેશ્વર દેવને નમે છે. 'આ પરમાત્માએ અનંતા દોષને ધક્કે ચઢાવ્યા; અનંતાગુણ પ્રગટ કર્યા ! હું હજી અનંતા દોષમાં ખદબદું છું ?' એવું ભાન રહે. હાસ્ય-રતિ-અરતિ-ભય-દીનતા વગેરે ગણીએ તો સો થાય પણ અનંતા કેવી રીતે, તથા સત્ એવા પંચસૂત્રની વ્યાખ્યાની પોતે પ્રતિજ્ઞા કરે છે ત્યાં 'સત્' વિશેષણ કેમ મૂક્યું, શી ગંભીરતા છે, વગેરેનું વિવેચન અવસરે.

**ગ્રંથ પ્રૌઢત્વનો વિચાર :-**

પરમ ઉપકારી શાસ્ત્રકાર ભગવાન શ્રી ચિરંતનાચાર્ય મહર્ષિએ 'સંસારની અંદરના ઘોર અંધકારમય માર્ગમાંથી આત્મા મુક્તિના અનંત પ્રકાશના માર્ગે કેવી રીતિએ આવી શકે, તે માર્ગ પર કેવી રીતિએ પ્રયાણ થઈ શકે, પરિણામે કેવા પ્રકારની મુક્તિ મળે, તે જણાવવા માટે શ્રી પંચસૂત્ર નામના ગંભીર ભાવવાળા

મહાન શાસ્ત્રની રચના કરી છે. આ એવું અદ્‌ભુત કોટિનું શાસ્ત્ર છે કે જેના પદેપદની વિચારણા જેમ જેમ કરતા જઈએ તેમ તેમ નવાં રહસ્યો મળે. પહેલાં ભલેને વાંચ્યું કે સાંભળ્યું હોય પણ ફરી વાંચીએ કે સાંભળીએ તો નવીન ભાવો સમજાય. એ પ્રૌઢ ગ્રંથ છે એટલે એના પદેપદનો ફરી ફરીને, ઠરી ઠરીને વિચાર કરવાનો છે.'

**નમસ્કારનું માહાત્મ્ય**

એ વિચાર કરવા માટે પંચસૂત્રની ટૂંકી ટીકા લખતાં શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ પ્રથમ મંગળ કરે છે. એમાં દેવાધિદેવ શ્રી મહાવીર પ્રભુને નમસ્કાર કરે છે. એ નમસ્કાર આત્માના વિશુદ્ધ કોટિના અધ્યવસાયનો હોય તો જ તે ભાવનમસ્કાર છે. એટલે એથી આત્મા એવા વિશુદ્ધ અધ્યવસાયવાળો બને છે. એમાં શું છે ? 'હે દેવ ! પરમાત્મા ! તું અનંતગુણવાળો, હું અનંત દોષવાળો !' એમાં પરમાત્મા તરફનો ગજબ કોટિનો ગુણાનુરાગ છે. 'અહો ! આવી ગુણમૂર્તિ મને પ્રાપ્ત થઈ !' આવા વિશુદ્ધ અધ્યવસાયથી જ્ઞાનાવરણીયાદિ કર્મનો નાશ થાય છે, એટલે ઈષ્ટ કાર્યની સિદ્ધિ થાય, ઉપરાંત બીજાંય કેટલાંય કર્મનો નાશ થાય છે.

**રાગ અનેક શી રીતે ? :-**

નમસ્કારમાં અરિહંત પરમાત્માને અનંત ગુણોથી સંપન્ન લીધા; એટલે નમસ્કાર કરનારે પોતાને અનંત દોષવાળો ગણાવ્યો.

**પ્ર.**- શી રીતે અનંતદોષ ? રાગ, દ્વેષ, કામ, ક્રોધ એમ તો દોષ ગણત્રીના છે તો અનંત શી રીતે ?

**ઉ.**- આ સમજવા એક રાગનો વિચાર કરો. નામથી રાગ એક પણ તે એક પ્રકારનો નથી. રાગ પણ અસંખ્ય કોટિના છે. એક ચીજ પર રાગ કર્યો. એમાં એના રૂપરંગનો રાગ કર્યો. હવે કોઈને સ્પર્શમાં ખરબચડી ચીજ ગમતી હશે અને એ ચીજમાં સુંવાળાશ હશે તો એ ચીજનું એને રૂપ ગમશે, સ્પર્શ નહિ ગમે. એ બતાવે છે કે, રૂપનો રાગ જુદો છે, સ્પર્શનો રાગ જુદો છે. એક ચોખંડી ચીજ જોઈ, હવે જેને ગોળાશ ગમતી હોય તેને ચોખંડાશ નહિ ગમે; તો ત્યાં સમજો કે એને રૂપ તથા સ્પર્શ ગમ્યો, પણ આકૃતિ નહિ. આ બધું એટલા માટે સમજાવાય છે કે વીતરાગ કેવા ગુણી, અને આપણે અનંત દોષવાળા કેમ, એનું ભાન આવે. તો અહીં એ આવ્યું કે રૂપનો, સ્પર્શનો અને આકૃતિનો રાગ જુદો જુદો. જેમ જેમ ઝીણા ઊતરો તેમ તેમ બધું બરોબર સમજાશે. કપડાં કે છપાઈ પર કોઈને ફૂલની બૂટી ગમે, કોઈને લાઈન બોર્ડર ગમે, તો એનો ય રાગ જુદો જુદો થયો. કોઈને અરધું રંગેલું ગમે, કોઈને ૦। રંગેલું ગમે, કોઈને ૦।। રંગેલું ગમે, કોઈને તમામ



રંગેલું ગમે, કોઈને સાફ પ્લેન ગમે. એનો અર્થ એ કે એ રાગ જુદા જુદા થયા. વીતરાગને આમાંનો એક રાગ નહિ, એ હૃદય કેટલું બધું પવિત્ર ! રાગવાળાનો તો મરો છે ! હમણાં અમુક પ્રકાર પર રાગ છે, પણ પછી એના પર જ અભાવ થાય છે, ને વળી નવીન તરેહ પર રાગ થાય છે ! વરસે-બે વરસે મોટરો બદલનારના હાલ જુઓ. એકેકી ચીજમાં અવાન્તર કેટલી ય બાબતોમાં રાગ જુદા જુદા હોય છે.

**રાગદ્વેષના પારાવાર પ્રકારનો વિચાર :-**

એક ચીજ આંખ સામે આવી ત્યાં સેંકડો પ્રકારના રાગ કેવી રીતે તે જુઓ દા.ત. નવું કપડું ઓઢ્યું; ત્યાં એની ફુમેફુમે રાગ જુદો જુદો છે. તાણાવાણા-તાંતણા ફુમો કેટલી ? માનો લાખ ફુમો ! તો લાખ રાગ સહેજ સહીવાળી ટાંક એક ફુમને અડી ગઈ, તરત બોલાય છે, 'અરે ! કોરું કડકડતું કપડું બગાડ્યું !' ૯૯૯૯૯ ફુમો કોરી છે, એક ફુમમાં શા સારું ઊંચો નીચો થાય છે ? એક ફુમનો ય રાગ આવો મૂંઝવી મારે છે ! એક મકાનના ખૂણેખૂણે, ચોરસેચોરસે રાગ જુદો. સો ચોરસા રંગ્યા, તેમાં ૯૯ સારા છે. એકમાં જરા કાળું કાજળ ઢળ્યું તો મનને થાય છે, 'આ કાળું ?' દિલ ડોલાયમાન થઈ જાય છે ! ચોરસે ચોરસે, અરે એના દશ્યે કણેકણે રાગ જુદો જુદો છે. એમાંનો એક પણ રાગ પોતાના વિષયમાં બગાડો નથી સહતો ! આપણો આત્મા મેરુથી દબાયો હોય તેમ રાગથી કેટલો દબાયો છે ! વિચારો જગતમાં ચીજો કેટલી, એના રાગ કેટલા ? આ તો માલિકીની વસ્તુના રાગની વાત થઈ. માલિકી વિનાની ચીજ લ્યો જે જોવા, સ્પર્શવા, સાંભળવા કે સૂંઘવા મળે છે ત્યાં ય રાગ કેટલો, દ્વેષ કેટલો ?

રાગ ભારોભાર ત્યાં દ્વેષ પણ ભારોભાર ! જેટલો એક પક્ષ રાગ, પ્રતિપક્ષે તેટલો દ્વેષ. ઊજળાશ ગમે છે; એટલે કાળાશ પર દ્વેષ છે. એક કાળું ટપકું પડ્યું, દ્વેષ થયો; બીજા કાળા ટપકે લાલ આંખ થાય છે. ત્રીજા ટપકે હાથ ઊંચો થાય છે, ચોથા ટપકે ધબ્બો પણ દેવાય છે. ટપકે ટપકે દ્વેષ વધે છે. બજારમાં ફરી આવ્યા ત્યાં ઢગલાબંધ વસ્તુઓ કે જેની સાથે પોતાને કોઈ નિસ્બત નથી, માલિકી સંબંધ નથી, એની પર પણ કેટકેટલા રાગ દ્વેષ કરીને અવાય છે એ તપાસો.

**'હું એક જાણું તાહરૂંજી નામ માત્ર નિર્ધાર !' :-**

આટલા બધા રાગ દ્વેષવાળા આપણે છીએ તો કોઈની ય સામે માથું ઊંચું રાખવાની, કે છાતી ઊંચી કરવાની આપણી કઈ લાયકાત ? અરિહંત પરમાત્મા પાસે આપણા આત્માની શી શાબાશી ગવાય ? કઈ વડાઈ લેવાય ? કશી જ નહિ. એટલા માટે ત્યાગ-માર્ગમાં ઝીલનાર, આચાર્ય શ્રી જ્ઞાનવિમલસૂરિજી જેવા પણ શ્રી

સીમંધર પ્રભુને વિનંતી કરતાં પોતાના દોષો ગાય છે : 'હે ભગવાન ! શું કહું ?' કહેતાં પાર આવે તેમ નથી. મેં દોષોમાં આડો આંક વાળ્યો છે. કોઈ બાબતમાં મારું ઠેકાણું નથી. માત્ર હું તો તમારી કરુણાનું પાત્ર છું. આપ મારા અપરાધ ગણશો નહિ. એની સામે જોયે મારો ઉદ્ધાર કરવા મન નહિ થાય. એકલા રાગદ્વેષ કહું તો તે ય અનંતા છે !'

**'તુમે જિમ જાણો તિમ કરોજી, હું નવિ જાણું રે કાંઈ !**
**દ્રવ્યભાવ સવી રોગનાજી, જાણો સર્વ ઉપાય કૃપાનિધિ ! સુણમોરી અરદાસ !'**

દ્રવ્યરોગ-ભાવરોગના સર્વ ઉપાય, હે કૃપાનિધિ ! તમારા હાથમાં છે : મને કાંઈ ગમ નથી પડતી.' વળી કહે છે-

**'હું એક જાણું તાહરૂંજી, નામ માત્ર નિર્ધાર.'**

દોષો એટલા બધા છે કે એને કાઢવાના ઉપાયમાં મારું ઠેકાણું નથી. તમારી આજ્ઞાના પાલનના મારા દાવાની ઠાંસ પણ મિથ્યા છે. મારી દશા કોરી વાતો કરનાર, કોરા રાગડા તાણનાર પણ અંતરથી શુષ્ક નાટકિયા ભાંડ ભવાયા જેવી છે.

**વિષયોની કલ્પનાએ કાળજું ભોંકાય છે ? :-**

હે પ્રભુ ! તમારી આરાધના, રાગદ્વેષરૂપી ચોટ્ટાને વશ કરવામાં, ને વશ કરવા યોગ્ય માનવામાં છે. પણ હું કંગાળ છું કે એ સ્થિતિ જીવનમાં નથી. રૂપ સારું જરા સામે આવે કે આંખ ઊંચી થાય છે, રસ સામે આવે કે કાળજામાં અંદર ટાઢકનો અનુભવ થાય છે ! સંસર્ગ છૂટવાની તો બહુ વાર ! તીવ્ર રાગ કેવો ! એના પરની શીતલતા છોડવી મુશ્કેલ છે. પૂછો આત્માને કે પાંચેય ઇન્દ્રિયોના સારા ગણાતા વિષયોની કલ્પના આવતાં કાળજું ભોંકાયાનો અનુભવ ક્યારેય થાય છે ? સો ટચના સોનાનું ચમક મારતું આભૂષણ નજર સામે આવ્યું, આત્માને કંપ થાય છે ! બહુ મુશ્કેલ છે. આનાથી કેઈગુણી કિંમતીમાં કિંમતી ચીજ પર પરમાત્માને સૂક્ષ્મમાં સૂક્ષ્મ રાગ નથી. કોઈ ભાતિનો રાગ નથી થયો ! એ પુરુષાર્થ કેવો ?

**અર્થીપણાની પરીક્ષા :-**

એ પરમાત્મ-સ્વરૂપમાં આત્માને એકમેક કરવા જીવનમાં યોગ્યતા કેવી જોઈએ ? જીવનમાં તેવું અર્થીપણું કેળવવું જોઈએ. આપણા અર્થીપણામાં ખામી છે. ઉત્તમમાં ઉત્તમ વસ્તુ આપણને અથડાઈ સરકી જાય છે. આપણને પરવા નથી. પડી નથી. ધૂળનો ખપ ન હોય, એટલે ગધેડાઓ પર ધૂળ લાદીને લઈ જતા હોય, તો જેમ લેવા દેવા નહિ, તેમ દેવની સેવાના, ગુરુના સમાગમના, ધર્મસાધનાના પ્રસંગોની ઘણીવાર ફોજની ફોજ પડખે થઈ પસાર થાય છે, પણ જાણે લેવા દેવા નહિ ! 'ભગવાન પધાર્યા હતા, ગયા !' બહુ થાય તો 'દર્શન ન થયા' બસ એટલું



જ. પણ 'કમાઈ આપનારો વેપારી આવ્યો હતો, તે ચાલ્યો ગયો' એમ સંભળાય તો, 'હેં ! ચાલ્યો ગયો ?' એ કેવું થાય ? જગતની વસ્તુને માટે આ જીવનું અર્થીપણું કેટલું છે ! એની સામે મોક્ષ માટે કેટલું ? મોક્ષનાં સાધન-ઉપાય-નિમિત્ત માટે કેટલું ?

**ધ્રાસ્કો પડે છે ? :-**

માટે એ જ વાત કહેવામાં આવી કે મુક્તિનો રાગ કરવો રહેલો છે, નિભાવવો મહા કઠિન છે. જ્યારે મોક્ષમાર્ગની સાધનાનો પ્રસંગ આંખ સામે જતો દેખાય, કોઈ જાગૃતિ છે ? અગર ભુલાય તો કલ્પાંત છે ? 'અરે ! તિથિ ભૂલ્યો !' 'રસ્તે દેરાસર આવ્યું અને ખ્યાલ ન રહ્યો !' 'ગામમાં આવેલા સાધર્મીની ભાળ ન લીધી !' 'સદ્ગુરુની ખબર અંતર ન લીધી !' એમ ધ્રાસ્કો પડે છે ખરો ? ખાવાનો કે પૈસા સમાલવાનો રસ મોળો પડે છે ?

**પાપાનુબંધી પુણ્ય જીવને ઘોર ચક્કીમાં પિસાવા ફેંકી દે છે ! :-**

પેલા શેઠને, પડિક્કમણું કરતાં. હાર ચોરાઈ ગયો. ધ્રાસ્કો પડ્યો ! પણ હાર ચોરાયાનો નહિ હોં ! 'અરે ! પુણ્યે મને બે પૈસા મળ્યા એવો હું, આ જતાં, જેને પડિક્કમણું કરતાં હાર લઈ જવાની, ચોરવાની સ્થિતિ આવે એવા સાધર્મીની દુઃખદ સ્થિતિની મેં ભાળ ન લીધી ? હું કેવો અકર્મી ! મારું તે પુણ્યાનુબંધી પુણ્ય કે પાપાનુબંધી પુણ્ય ?' પુણ્યે યોગે વિમાન દેખાય ? કે પિસાવાની ચક્કી ? જેવું પુણ્ય ! પાપાનુબંધી પુણ્યે શું મળે ? મમ્મણને શું મળ્યું ? ઋદ્ધિ કેટલી ? શ્રેણિકને કહેવું પડ્યું, 'માફ રાખ, મારી આખી રાજઋદ્ધિ આપું છતાં તારા (રત્ન) બળદનું એક શિંગડું થાય તેમ નથી !' એ મમ્મણનું હતું પાપાનુબંધી પુણ્ય; એટલે એને સીધું સાતમી નરકની ઘોર ચક્કીમાં પિસાવા લઈ ગયું. સીધા જ ત્યાં ! વચ્ચે કર્મની ગાડી રૂકે નહિ ! રૂકે તો કૂદી પડાય ને ?

**શાસનની બોલબાલા બોલાવવાનું મન ન થાય ?**

'મને ધર્મથી-પુણ્યથી સામગ્રી મળી છે તો જૈન શાસનની બોલબાલા બોલાવી દઉં,' એમ થાય છે ? કૈંક એવા છે, એક દીકરાનાં કે દીકરીનાં લગ્ન કરે તે 'કુટુંબની બોલબાલા બોલાવું.' એમ ધારીને એવા ઠાઠથી કરે ! 'કોને ત્યાં આવો માંડવો ?' નાથાલાલ પેથાલાલને ત્યાં !' 'મગનલાલ છગનલાલ ને ત્યાં !' આજનો મેનિયા જુદો છે. અસલના લોકો આડા-ટેઢા ખરચા નહોતા કરતા-લોકોના પેટમાં ઘી દૂધના માલ નાખતા. આ તો પાંચ હજાર ખરચે માંડવામાં ! જાણે રોનકદાર મકાન ! બોલબોલા માટે ! એ માંડવો કૈંકને રાગનાં ઝેર પીવરાવે ! જગતની કંગાલ બોલબાલાના માનવને કોડ થાય, તો જિનેશ્વરને પોતાના માનનારાને, એ જિનેશ્વર

દેવના શાસનની, પોતાની લક્ષ્મીથી બોલબાલા બોલાવવાનું મન ન થાય !

**શેઠે માગેલા પ્રાયશ્ચિત્તની અસર :-**

પેલા શેઠ એમ નથી બોલતા, કે 'પડિક્કમણું કરનારા બધા ચોરટા !' બીજો અધૂરો હોય તે એમ બોલે : મૂર્ખ એકને નહિ, બધાને ચોરટા કહે. કોઈને ચાર દીકરા હોય, એમાંનો એક ચોર હોય, એણે કાંઈ કોઈનું ચોર્યું હોય, જેનું ચોરાયું હોય એ બૂમ મારતો આવે. 'બહાર નીકળ-તારા દીકરાઓ ચોરટા છે ?' ત્યારે બાપ તરત બહાર નીકળે ને કહે- 'શું છે ?' ચોર એક છે, પોતે જાણે છે પણ પેલો બધાને ચોર કહે છે એ પાલવે ? અહીં પડિકમણામાં 'બધાને' કહેતાં વાર નહિ ! આ શેઠને તો સાધર્મીની ખબર ન લેવાવા બદલ કાળજે ઘા પડ્યો ! એ ઘા કોણે પડાવ્યો ? એ ભાવનાએ કે, 'માનવ જીવનમાં દેવ-ગુરુ-ધર્મની સાધનાની નદીઓ આપણી પાસે થઈને ચાલી જાય અને આપણે ઉપયોગ કર્યા વિના ચાલ્યા જઈએ ? કેવા અકર્મી !' બીજે દિવસે શેઠ તો વ્યાખ્યાન વચ્ચે ગુરુ પાસે પ્રાયશ્ચિત્ત લેવા ઊભા થયા. શાનું પ્રાયશ્ચિત્ત ? સાધર્મીની ખબર ન રાખ્યાનું ! હાર ઉઠાવી જનારો પણ આવ્યો હતો, આવ્યો હતો શાણપણથી ! ગેરહાજર રહે તો વહેમ આવેને ? આવેલો તો શાણપણથી, પણ એણે જ્યાં આ શેઠને ભર સભામાં પ્રાયશ્ચિત્ત માગતા જોયા કે, એના હૃદયના જાણે ટૂકડેટૂકડા થઈ ગયા : 'ધરતી માર્ગ આપે તો સમાઈ જાઉં,' એમ થયું, એને થયું, 'આ કેટલો દિલાવર ! હું કેટલો અધમાધમ ! આ શ્રાવકે જીવન અજવાળ્યું અને મેં કાજળનાં કુંડામાં બોળ્યું !' શેઠે માગેલા પ્રાયશ્ચિત્તની આ અસર થઈ.

**માનવ સંબંધીઓ કેવા હોય ? :-**

શેઠ તો ઘેર ગયા. હાર ઉઠાવી જનારો પણ હાર લઈને ત્યાં પહોંચી ગયો, બોલ્યો, 'શેઠ માફ કરો ! મારી મોટી ભૂલ થઈ ! લ્યો આપનો આ હાર.'

શેઠ કહે છે, 'ના ભાઈ ! ના, આ હાર મારો નથી.'

પેલો ગભરાઈને કહે છે, 'શેઠ ! સાચું કહું છું, મેં હાર બદલ્યો નથી. આ જ આપનો અસલી હાર છે.'

શેઠ કહે છે, 'અરે મહાનુભાવ ! હું ક્યાં બદલાયાનું કહું છું ? અમારો હાર ચોરાયો જ નથી.'

પેલો કરગરે છે, 'ભાઈસાબ ! આ હાર મારો નથી-આપનો છે.'

શેઠ : 'આવું ન બોલો-એ અમારો ન હોય,'

પેલો : 'શેઠ ! મશ્કરી ન કરો.'

શેઠ : 'એમ ન બોલો-અમારાથી આવું સંભળાતું નથી.'



પેલો હવે પાસે ઊભેલી શેઠાણી સામે જોઈ કહે છે.- 'જુઓને ! આ શેઠ હાર લેતા નથી : છે તમારો, મેં લીધો તે ભૂલ કરી છે.'

શેઠાણી : 'ના ! ના ! આ હાર અમારો ન હોય.'

આ તો બેય સામે જુએ પણ બેયના એક જ સૂર ! એક જ રંગ ! આત્મા એક, શરીર માત્ર જુદાં. દુનિયામાં મળેલા સંબંધીઓ જો સ્વર્ગના દરવાજા ખોલે, તો તો તે માનવ સંબંધીઓ જાણવા; પણ નરકનાં દ્વાર ખોલે તો તે પશુ સંબંધીઓ જાણવા. માનવ સંબંધીઓ ભેગા મળે ત્યાં સ્વર્ગના દરવાજા ખોલવાની પેરવી થાય : નરકના દરવાજા ખોલવાની પેરવી કરનાર તો તિર્યંચ પશુ જેવા ગણાય.

**સંસારરસિક અને મોક્ષરસિકની ઓળખ :-**

એવા માનવ સંબંધીઓવાળા કુટુંબમાં કુટુંબીઓને બદલે શ્રી સંઘની યાદ બહુ આવે, પૈસાને બદલે પ્રભુની આજ્ઞા યાદ આવે. પોતાની અને કુટુંબીઓની કાયાઓને બદલે આત્મા તથા પરમાત્મા યાદ આવે. જૈન બચ્ચો સંસારનો રસિયો ન હોય : મુક્તિનો રસિયો હોય. એક ઠેકાણે શાસ્ત્રકાર કહે છે-

**देहे द्रव्ये कुटुम्बे च, सर्वसंसारिणां मतिः ।**
**जिने जिनमते संघे पुनर्मोक्षाभिलाषिणाम् ॥**

મોક્ષના અભિલાષી જૈનની મતિ વારંવાર ક્યાં ઊતરે ? શ્રી જિનેશ્વરદેવ, શ્રી જિનમત તથા અરિહંત પરમાત્માએ સ્થાપેલા, ચતુર્વિધ સંઘ પર. એ જેનામાં નથી, તે સંસારરસિક. એની નજર પોતાનો દેહ, દ્રવ્ય અને પોતાના કુટુંબ ઉપર જ રમ્યા કરતી હોય. સંસારરસિક એટલે શ્રી જિનની મહાપવિત્ર કાયાને યાદ કરવાને બદલે ઘોર ગંદવાડથી ભરેલી પોતાની કાયા યાદ કરનારો ! અનંતકાળને ઉજાળનાર અને સંસારથી તારનાર જિન તત્ત્વો, દર્શન, જ્ઞાન, ચારિત્રને યાદ કરવાને બદલે અનંતકાલ સંસારમાં રખડાવનાર માટીના કૂકા યાદ કરનારો અને જિનેશ્વરે સ્થાપેલા આનંદકલ્યાણી સંઘને યાદ કરવાને બદલે પોતાના કથીર જેવા કુટુંબને યાદ કરનારો. બસ ! એણે કુટુંબ, કાયા અને કંચન, આ ત્રણ પર મતિ કેન્દ્રિત કરી છે. વિચારો તથા યોજના, બસ, દેહ, દ્રવ્ય તથા કુટુંબના જ ચાલે. ભવાભિનંદીના હૃદયનો પક્ષપાત ક્યાં ઊતરે ? દેહ, દ્રવ્ય તથા કુટુંબ પર ! શ્રી જિન, જિનમત તથા સાધર્મી માટે નહિ. 'ભગવાન માટે ૦। શેર દૂધ પણ શી રીતે લઈ જઉં, કુટુંબને જોઈએ ને ?' પક્ષપાત ક્યાં ઊતર્યો ? કુટુંબ પર 'ભગવાન પાસે ઊભા ઊભા ખમાસમણા શી રીતે દઉં ? કાયા ચાલવી જોઈએ ને ?' કાયાની સલામતી પહેલી ! જિનસેવાની પછી ! 'ગભારામાં શી રીતે રહું ! બફાઈ જવાય ! બહાર હવામાં નવકારવાળી ગણીશ ! ગભારામાં પૂજારી બધું કરશે.' પરમાત્મા

કાયમ બફારામાં રહે : એમની કાયાની કિંમત નહિ ! પોતાની કાયાની કિંમત !

**રોજિંદા જીવનમાં એક અતિ આવશ્યક :-**

શેઠ અને શેઠાણી બંને એક સરખા મોક્ષના વલણવાળા છે, મુખ્યપણે જિન-જિનમત-જિનસંઘને જ પોતાના માનનારા છે. એક સરખું વલણ એમ ને એમ નથી ઊભું થયું. પરસ્પરની રોજની વિચારણાથી થયું છે. જીવન જીવતાં રોજિંદા અનેક કામો કરવાં સૂઝે છે, કહો, એમાં આ એક ખચિત કાર્ય છે ખરું કે કુટુંબને પા કલાક પણ ધાર્મિક પ્રેરણા આપવી ? ના, એ સૂઝતું નથી, ને તુચ્છમાં તુચ્છ અને પરિણામે આત્મહિતઘાતક એવી જડ કાયા-કંચન-કુટુંબના હિતની વાતવસ્તુ અંગે રોજ ને રોજ કલાકો શું લગભગ આખો દિવસ વિચારણા ચાલે છે. એટલે જ એ તરફનો ઝોક, એ તરફનું વલણ જોરદાર રહ્યા કરે એમાં નવાઈ નથી.

**કોના ભોગે કોણ ? :-**

પરંતુ એ વિચારવા જેવું છે કે જિન, જિનમત અને જિનસંઘ તરફનાં વલણ ક્યારે ઊભા થવાનાં ? આરાધના-ઉપાસનાના અવસર મળતાં એની સામે કાયાદિનાં તર્પણ કરવાનું ગૌણ બની જાય, મહત્ત્વ વિનાનું બની જાય; જિન-જિનશાસન અને જિનસંઘની આરાધનાના ભોગે કાયાદિની સેવાસરભરા નહિ, પરંતુ કાયાદિના ભોગે જિન-જિનશાસન-જિનસંઘની આરાધના-સેવાશુશ્રૂષા કરવા લાગી જવાય, તે પણ હોંશે હોંશે, એવું હૃદય ક્યારે બનવાનું ?

**જડની લગની છોડવા ૬ વિચારણા :-**

જો મનને લાગી જાય કે કાયાદિની સેવા-સરભરા પાછળ.

(૧) કેવળ તુચ્છ ખણજ કામ કરી રહી છે,

(૨) અજ્ઞાન આવેશ ભાગ ભજવી રહ્યા છે,

(૩) ધૂળનાં ઘર બનાવવા જેવી બાળચેષ્ટા માત્ર છે,

(૪) રોજની રમત બીજા દિવસે શૂન્ય જેવી બની નવી વેઠ, નવી મજૂરી ખડી થાય છે, અને

(૫) એમાં આપણા સનાતન આત્માના રાગ-દ્વેષ તથા વાસના વિકાર વગેરે રોગો જરાય ઓછા કરવાને બદલે વધુ પુષ્ટ કરાતા જાય છે, તેથી

(૬) એકેન્દ્રિયપણામાંથી નીકળી યુગના યુગભરની ત્રાસભરી ચડ-ઊતર કરતાં કરતાં માંડ પ્રાપ્ત થયેલ આ માનવ અવતાર અને વિશિષ્ટ બુદ્ધિશક્તિ વેડફાઈ જઈ પાછા એકદમ જ નીચે એકેન્દ્રિયપણા સુધીની યોનિમાં પટકાઈ પડાય એવી કરુણ સ્થિતિ ઊભી થાય છે !

-આ બધું જો મનને તીક્ષ્ણપણે લાગી જાય, ને સાવધાની આવી જતાં ભય



ઊભો થઈ જાય, તો એ જડનાં ગાંડપણ હેઠાં મૂકી આત્મા અને આત્મહિતકારી વસ્તુનાં મમત્વ ઊભાં થાય, દૃષ્ટિ એની મુખ્ય બની જાય, જીવનનો મુખ્ય વ્યવસાય એની સેવાસરભરાનો ચાલુ થઈ જાય. આ ત્યારે જ બને કે આત્મા સંસારનો પક્ષપાતી મટે, ભવાભિનંદી મટે, પુદ્‌ગલાનંદી મટે, અને મોક્ષરસિક બને, સંસારથી ઉદ્વિગ્ન બને, આત્માની ચિંતાવાળો બને.

**કેવા કુટુંબ પર ચિત્ત ઠરે ? :-**

સંસારરસિક તથા મોક્ષરસિક, બેયના માર્ગ તથા લક્ષ્ય જુદા છે. એકનું લક્ષ્ય મોક્ષ : એકનું સંસાર. મોક્ષના લક્ષ્યવાળાનો પોતાની કાયાને બદલે પરમાત્મા પર, કુટુંબને બદલે શ્રી સંઘ પર તથા પૈસાને બદલે જિનમત-જિનાજ્ઞાપર પક્ષપાત ઊતરે. અને કોડ થાય. 'પરમાત્માની ભવ્ય આંગી કરું, શ્રી જિને સ્થાપેલા સંઘની સુંદર ભક્તિ કરું-નમસ્કાર કરું-ગુણગાન કરું, એમનાં તત્ત્વોનો-મતનો આદર કરું, બહુમાન કરું. મોક્ષનો રસિયો કુટુંબનાં ગુણગાન ન કરે : કુટુંબ શું અજવાળે ? એની દૃષ્ટિ સંઘને જોઈને ઠરે, કુટુંબના મોહને જોઈને બળે. જો કુટુંબ ભગવાનના સંઘ તરીકે હોય તો એને જોઈને દૃષ્ટિ ઠરે. શ્રાવિકાપત્ની સવારે રોજ યાદ આપે. 'આજે આ ધર્મ કરવાનો છે, આ વિગઈનો ત્યાગ કરવાનો છે, આ તપ કરવાનો છે, આજ આટલાં પાપ નથી કરવાનાં.' વગેરે, તથા રોજ રાત્રે હાજરી લે. 'પૈસા કમાયા પણ સાચાં-જૂઠાં કેટલાં કર્યાં ? આજ પાપ કેટલાં કર્યાં ? નોંધ રાખો.'-ભવની આલોચના લેવામાં એ નોંધ જોઈએ પણ આજ આલોયણા લેવી છે કોને ? શેની ? કદી લે તો બે પાંચ પાપની એક કીડી મરી, વિગઈ ભૂલથી ખવાઈ, એવી એવી જ, પણ છૂપે છૂપે સેવેલ માયા, દૃષ્ટિદોષ, ઘમંડ, વગેરેની કોણ લે ? કુટુંબ જૈન સંઘ (મોક્ષનો સંઘ) હોય તો મોક્ષરસિકનું ચિત્ત ઠરે, સંસારનો સંઘ હોય તો બળે. સંસારરસિક કુટુંબ વધારશો તો એ પાપ કરશે, અને પોટલું તમારા માથે ય ચઢાવશે !- 'લ્યો આ તમારા નિમિત્તે.' સાંસારિક જીવના તથા મોક્ષાભિલાષી જીવના માર્ગ જુદા છે.

**ચેહનાં લાકડાં કોને પૈસે ? :-**

પેલો હાર ઉઠાવનાર શેઠ શેઠાણી તરફ જોઈને કહે છે :- 'પડિકમણા વખતે હું હાર ચોરી ગયો હતો.'

શેઠ કહે- 'માફ રાખો ! એવું ન બોલો ! મારો સાધર્મી ચોરી કરે એ અમારાથી નથી સંભળાતું. ભૂલ અમારી છે કે જે પૈસા છેવટે ચેહમાં અગ્નિ મૂકનાર છે તે પૈસાથી અનંતકાલની શીતળતા આપનાર સાધર્મિક અને સાત ક્ષેત્રને ન સંભાળ્યા.' ચિતા કોના પૈસાથી થાય ? પોતાનાને ? પડોશી તો આવે વળાવવા;

પણ ખાંપણનો ફંડફાળો ન કરે. પોતાના ઘરથી જ એ ! કોઈ અનાથ મર્યો હોય તો વળી કાંક કરી ફૂંકી દેવરાવે. બાકી તો આપણને બાળવા લાકડાંની જોગવાઈ કોણ કરે ? પોતાની જ કમાઈના પૈસાને ? આ બરાબર ધ્યાનમાં રહે તો શ્રી જિનેશ્વરના શાસન માટે, પોતાના ભવિષ્ય કાળના અનંત પ્રકાશમય સુખના માર્ગ માટે ખરચવાનું મન કોને ન થાય ? કોને ન ગમે ? સામાન્ય હીણભાગીને એમ નહિ, પણ મહા હીણભાગીને જ એ ન ગમે.

**સમ્યગ્દષ્ટિની કુનેહ :-**

એટલા માટે જ આ ખૂબ ધ્યાનમાં રાખવા જેવું છે કે જાતે મોક્ષરસિક બનવાનું એટલું જ નહિ, પણ કુટુંબને ય મોક્ષરસિક બનાવવું જોઈશે; જેથી એ જિનસંઘ તરીકે લેખામાં આવે અને એની સંઘ તરીકેની સરભરા પાપરૂપ ન બને. સમ્યગ્દષ્ટિની આ નેહ છે. દેહ અને દ્રવ્ય માટે પણ આવું જ છે. દેહને પરમાત્મસેવાનું અંગ બનાવવાનું અને દ્રવ્યને જિનમતની આરાધનાનું અંગ બનાવવાનું.

**પ્ર.**- સાંસારિક જીવન છે એટલે દેહ, દ્રવ્ય અને કુટુંબ સાથે સંબંધ તો રહેવાનો છે; સંબંધ છે માટે એના તરફ દૃષ્ટિય જવાની છે. છતાં ભવાભિનંદી-પણામાંથી બચી મોક્ષરસિકતા ઊભી રાખવી હોય તો કોઈ રસ્તો છે ?

ઉ.- હા, એ ત્રણેય ને જિન-જિનમત-જિનસંઘના અંગરૂપ બનાવી દેવાય, એ અંગ તરીકે એના પર દૃષ્ટિ જાય તો ભવાભિનંદિતાને બદલે મોક્ષરસિકતા આવી ગણાય. સમ્યગ્દષ્ટિ જીવની આ કુનેહ-આ હોશિયારી ગણાય કે એ દેહાદિને સ્વતંત્રપણે સુખનાં સાધન બનાવવાને બદલે જિન-જિનમત-જિનસંઘના અંગ બનાવે, જેથી એના પર દૃષ્ટિ જાય એ ભવાભિનંદીના ઘરની ન બનતાં મોક્ષરસિકના ઘરની બને. એટલે જ દેહ પર દૃષ્ટિ જાય છે એ ઈન્દ્રિયોનાં વિષયસુખની દૃષ્ટિએ નહિ કિન્તુ પરમાત્મ-સેવાના અંગની દૃષ્ટિએ. આ પાકી સાવધાની રાખવાની, વારંવાર આ જાગૃતિ રાખ્યા કરવાની કે આ ઉત્તમ માનવદેહ પરમાત્મ-સેવા માટે ઉપયોગી છે, પણ નહિ કે જડસુખોની લહેર માટે. એને ખવરાવવું પડે છે, આજીવિકાના ધંધામાં જોડવું પડે છે, આરામ આપવો પડે છે. રોગમાં એની વિશેષ સંભાળ કરવી પડે છે, બધું ખરું, પરંતુ એ વિષયસુખનું સારું સાધન બન્યું રાખવા માટે નહિ, યા રોફ, સત્તા, સન્માન બજાવી લેવા માટે નહિ, તાત્પર્ય, વિષયકષાયનું સાધન બનાવવા નહિ, કિન્તુ પરમાત્માની સેવા બજાવવાનું એક અતિ ઉત્તમ સાધન મળ્યું છે તો એ ખરેખર સાધન બનાવી દેવા માટે જ એ બધી ભોજન-ધંધો વગેરે કાર્યવાહી બજાવી લેવાની. પક્વાન્ન જમતાં પણ એ લક્ષ નહિ કે 'વાહ ! શરીર સારું છે ને આ સ્વાદિષ્ટ જમણ મળ્યું છે, તો કેવો સરસ સ્વાદ લઈ શકાય છે,'-



ના, એ નહિ પરંતુ લક્ષ એ, કે 'ચાલો શરીરને શક્તિવર્ધક ભોજન મળ્યું છે, તો એથી ત્રિલોકનાથ અરિહંત પરમાત્માની ઠીકઠીક સેવા બજાવી લેવાશે આ કાયાથી આજે આટલું આટલું પરમાત્મ સ્મરણ-ભજન કરી લેવાનું, પરમાત્માની આજ્ઞા બજાવી લેવાની.' આ લક્ષ પણ કોરું વિચારરૂપ નહિ રાખવાનું, કિન્તુ અમલી બનાવવાનું; એ રીતની પ્રવૃત્તિ અવશ્ય કરવાની, જેથી મનને સંતોષ રહે કે શરીરને ભાડું કિંમતી આપ્યું એ નકામું ન જવા દીધું પણ લેખે લગાડ્યું. પક્વાન્ન તો રસનેન્દ્રિયનો વિષય છે, અને વિષયને આચારાંગશાસ્ત્ર કષાયનું સ્થાન કહે છે. **'जे गुणे से मूलट्ठाणे'** જે ગુણ એટલે કે કામગુણ શબ્દાદિ વિષય છે, તે સંસારમૂળ-કષાયનું સ્થાન છે, પરંતુ અહીં એના જ દ્વારા કષાયનો કચ્ચરઘાણ કરવાનો છે. વિચારવાનું છે કે 'મારા ભગવાન મહાવીરદેવે ચાર ચાર મહિનાના ઉપવાસ કરી શિથિલ પડેલી કાયાએ પણ અખંડ કાઉસ્સગ્ગ ધ્યાન, અને ઘોર પરીષહ-ઉપસર્ગ વેઠવાનું કર્યું હતું, તો હું સાજી સારી કાયાએ તો એ કરું, અરે ! એટલી ઉગ્ર સાધના નહિ તો શક્ય એવી મધ્યમ આરાધના તો કરી લઉં. છળ-પ્રપંચ, રોષ-રોફ, વૈર-વિરોધ, ઈર્ષ્યા-અસહિષ્ણુતા વગેરે કષાયોને ધક્કે ચઢાવી દઉં ! પક્વાન્ન મળ્યું છે, શરીર સશક્ત બને છે, તો એમાં તો જરૂર એ કષાયનિગ્રહરૂપી પરમાત્મસેવા બજાવી લઉં. સાજે સારે શરીરે એ નહિ કરું તો અશક્ત બીમાર શરીરે તો શું જ કરી શકવાનો હતો ?' આમ વિચારી એ પ્રમાણે અમલ કરવાથી કેવી ખૂબી થઈ, કે પક્વાન્નનો વિષય કષાયનું સ્થાન બનવાને બદલે કષાયનિગ્રહનું નિમિત્ત બનાવી દેવાયો. આ શિરસ્તો બીજે પણ પુણ્યની અનુકૂળતાઓમાં અજમાવવાનો.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૧,અંક-૪૦,તા.૨૦-૭-૧૯૬૩**

જુવો, આનો એ અર્થ સમજાતા નહિ કે 'તો પછી પક્વાન્ન વગેરે પુણ્યની સગવડોની મોજ ઉડાવતા રહેવાનું અને પરમાત્મ-સેવા, કષાયનિગ્રહ વગેરે સાધતા જવાનું;' ના, આ ઉપદેશ નથી કિન્તુ કહેવું એ છે કે મોહની અશક્તિવશ જો પુણ્યની સગવડો ભોગવ્યા વિના રહેવાતું નથી, તો કમમાં કમ આટલું તો કરવું જ જોઈએ કે એ ભોગવટાને પરમાત્મ-સેવા અને કષાયનિગ્રહમાં ઉતારવાનો એથી કાયા પરની દૃષ્ટિ પણ પરિણામે પરમાત્મા પરની દૃષ્ટિરૂપ બને. આ આવડે એ ભવાભિનંદિતા ટાળી મોક્ષરસિકતાને પોષનારું બને.

એ જ રીતે દ્રવ્ય પર દૃષ્ટિ ભવાભિનંદીપણાને પોષે એ માટે એને જિનમત-

જિનશાસન પર દૃષ્ટિરૂપ બનાવી દેવાની. સંસારી જીવન છે એટલે સંભવ છે દૃષ્ટિ ધન પર જાય, પરંતુ ધનને વિષયસુખના સાધન તરીકે નહિ કિન્તુ જિનમતની-જિનશાસનની આરાધનાના એક અંગ રૂપે જોતા બની જવાનું, અને જિનાજ્ઞાની આરાધનામાં ઉતારવાનું. પહેલા એને આરાધનાના એક અંગ તરીકે જ જોવાનો અભ્યાસ પાડી દેવો જોઈશે, પછી એનાથી આરાધના કરવાનો અભ્યાસ સરળ બનશે. ત્યારે અહીં એક સવાલ થશે,

**પ્ર.**- શાસ્ત્રે ધન એટલે કે અર્થને તો અનર્થનું મૂળ કહ્યું છે, પછી અહીં જિનમતની સેવાના અંગ તરીકે જોવાનું કેમ બને ? એને તો અનર્થ તરીકે જ જોવું રહે ને ?

**ઉ.**- અનર્થ તરીકે જ જોવું રહે એ વાત સાચી છે, છતાં એટલું જોઈ મૂકી પછી એને કાયા તથા કુટુંબના જીવનનિર્વાહના સાધન તરીકે માનવાથી કામ પતતું નથી. એનું કારણ એ છે કે એમાં તો પછી અનિષ્ઠ સ્વાર્થબુદ્ધિ હૈયામાં રમ્યા કરે છે. વળી સ્વાર્થરસિકતા છે માટે એ ધન મેળવવા-સંઘરવા-ટકાવવામાં અને ઉપભોગ કરવામાં મન એટલું મસ્ત રહે છે કે ધનનો સદુપયોગ કરવા તરફ લક્ષ જ જતું નથી. દેવ-ગુરુ ધર્મની સેવામાં એનો ઉપયોગ કરવો જ જોઈએ એ બંધારણ મન પર નહિ હોવાથી અને શક્ય છતાં તેવો ઉપયોગ કરવાનું નહિ રહેવાથી હૃદય દેવ-ગુરુ-ધર્મની તેવા નજીક આવવાનું બનતું નથી. કેમ કે દિલ તો એ ધન અને એ જેના ઉપયોગ માટે નક્કી કરી રાખ્યું છે તે કાયા અને કુટુંબની ઉપર જ ખાસ ઝુકેલું રહે છે. જેની પાછળ ભોગ અપાય, હૈયું ત્યાં જ ઝુકેલું રહે ને ? કાયા-કુટુંબ ખાતર ધનથી ઘસાવાનું રાખ્યું હોય અને પરમાત્મા તથા એમના શાસનની સેવામાં તેવો ધનનો ભોગ આપવાનું રાખેલું ન હોય તો સહજ છે કે હૈયું કાયા કુટુંબ તરફ ઝુકેલું છે, પરમાત્મા અને એમના શાસન તરફ નહિ. પછી ધનને અર્થને-અનર્થ માનવાની વાત તો મનમનામણાં જેવી રહે છે અને એના ભૌતિક ઉપયોગ તરફ ચિત્તની વ્યગ્રતા જામેલી હોય છે.

આ સ્થિતિ ટાળવા માટે આ ઉપાય છે કે ધનથી કાયાકુટુંબની સરભરા કરવાનું તો ગૌણપણે હોય અને જિન-જિનમતની સેવા કરવાનું મુખ્યપણે રખાય. ધન પર દૃષ્ટિ જાય તો એ રીતે જાય કે એને દેવ-ગુરુ-ધર્મની ભક્તિમાં અર્પવાનું છે. વળી એનાથી કુટુંબનું સાચવવા-કરવાનું છે તે પણ લોકમાં ધર્મની નિંદા ન થાય, ને એ કુટુંબીઓના દિલને ધર્મ પ્રત્યે ઘૃણા ન થાય, તથા એમના ચિત્તમાં ધર્મસમાધિ અને જીવનમાં ધર્મપ્રવૃત્તિ થતી રહે એ માટે કરવાનું છે. એટલે ધન સંબંધી દૃષ્ટિ પણ ધર્મની આસપાસ રમ્યા કરતી હોય. આ ક્યારે બને ? કહો,



જ્યારે ધનને પણ મુખ્યપણે કાયા કુટુંબના તરપણ-અંગ તરીકે નહિ કિન્તુ ધર્મની સેવાના અંગરૂપે જોયા કરાતું હોય.

માટે તો જુઓ કે પુણિયો શ્રાવક પોતાના અને પોતાની પત્નીના રોજના ઉપયોગને ગૌણ કરી રોજની જિનભક્તિ અને સાધર્મિક સેવાને મુખ્ય કરતો હતો. ધર્મ માટે ધન કમાવા નહોતો જતો, પરંતુ કમાયેલા ધનને ધર્મની સેવામાં અર્પવાનું મુખ્યપણે સમજતો હતો. એ ક્યારે બને ? કે અર્થને અનર્થરૂપ સમજવાથી હિતકારી ધર્મ માટે અનર્થભૂત અર્થ ઉપાર્જન કરવાની વાત નહિ; અને મળેલા અર્થ પર ધર્મનો આપણા પર મોટામાં મોટો ઉપકાર છે તેથી એની પ્રત્યે તન-મન-ધનથી કૃતજ્ઞતા બજાવવાની મુખ્ય દૃષ્ટિ રાખી હોય.

આ એક સુંદર વિવેક છે, સ્યાદ્વાદ દૃષ્ટિ છે, કે રાગાદિના વિષય તરીકે અર્થ અનર્થ છે, જિન-જિનશાસનની સેવાની દૃષ્ટિએ અનર્થરૂપ નથી. પૈસા ઉપર રાગ કરો, રાગના માર્યા આરંભ-સમારંભ-હિંસાદિ આચરો યા વિષયભોગ કરો, તો તે અનર્થરૂપ-નુકસાનકારી બને છે. અથવા અર્થના ઉપાર્જન-સંરક્ષણમાં અનેક પાપાચરણ અને લોભ-મમતાદિ કરાય છે. એમાંથી અનેક પાપોનો સંચય થાય છે એ અનર્થ છે. વળી પૈસાના સંબંધમાં અનેક પ્રકારે કલેશ, ઝગડા, પ્રપંચ વગેરે અનર્થ નીપજે છે. આમ રાગ-લોભ-મમતાદિ, હિંસા-જૂઠ ઇત્યાદિ તથા કલેશ-કંકાસ આદિ અનર્થને પ્રેરનાર પોષનાર પૈસા છે, માટે એને અનર્થ કહેવાય એ વાસ્તવિક છે.

પરંતુ પૈસા જો હાથ પર આવી ગયા છે, તો એના અંગે વિચાર આ રાખવામાં આવે કે 'કેમ હું આનાથી પરોપકાર કરું ! કેમ એ દેવ-ગુરુ-ધર્મની સેવામાં ઉપયોગી થાય !' આ ભાવના રખાય અને તેને શક્ય સફળ કરાય તો ત્યાં અનર્થ ન થયો, અર્થ અનર્થરૂપ ન થયો.

માણસ હજારો કે લાખો રૂપિયા ખર્ચી બંગલો બંધાવે છે તો એ અનર્થ છે; પરંતુ જો જિનમંદિર બંધાવે છે તો એ અનર્થ નહિ, કલ્યાણરૂપ છે. એમ પૈસાથી મોહવશ કુટુંબ આદિને જમાડે છે તો એ અનર્થ છે, પણ ધર્મરાગવશ સંઘ સાધર્મિકને જમાડે છે તો હિતરૂપ નીવડે છે. હોંશે હોંશે આ હિતપ્રવૃત્તિ કરવાનું ત્યારે જ બને કે પૈસાને જિન-જિનમત-જિનસંઘની અણમોલ સેવામાં જ ખરા ઉપયોગી તરીકે જોયા કરવાની દૃષ્ટિ હોય. આ રીતે દ્રવ્ય પર દૃષ્ટિ મોક્ષરસિકતા સૂચવે છે.

એવું જ કાયા અને કુટુંબ પર પણ ધર્મસેવામાં જ ખરું ઉપયોગી બનાવવા તરીકેની દૃષ્ટિ હોય તો એ દૃષ્ટિ સંસારવર્ધક નહિ પણ મોક્ષસાધક બને છે. 'મારું શરીર માંદું છે, ભૂખ્યું છે, થાકેલું છે,' એવા વિચાર આવ્યા કરે છે, પરંતુ સાથે

જ 'સાજું થાય તો મંદવાડનું દુર્ધ્યાન મટે, અસમાધિ મટે, જિન-જિનમત-જિનસંઘની સેવામાં વિશેષ ઉપયોગી કરું.'-આ દૃષ્ટિ રહ્યા કરે; એમ ભૂખ થાક વગેરેમાં ય એ દૃષ્ટિ રહ્યા કરે; તો ખરેખર દૃષ્ટિ જિન-જિનમત-જિનસંઘ ઉપર રાખી ગણાય. ત્યાં મોક્ષરસિકતા પોષાય છે.

આ હિસાબે કહેવાય છે કે સમ્યગ્દૃષ્ટિની આ કુનેહ છે કે એ દેહ-દ્રવ્ય-કુટુંબ પરની દૃષ્ટિને જિન-જિનમત-જિનસંઘ ઉપરની દૃષ્ટિરૂપ બનાવી દે છે; અને પછી ભાવી અનંત પ્રકાશમય સુખના માર્ગે એ બધાનો સદુપયોગ કરી મહા ભાગ્યવાન બને છે. પેલા શેઠ એ વસ્તુ સમજીને સાધર્મિક આગળ પોતાનો હાર ચોરાયાનું મંજૂર કરતા નથી.

વાત એ ચાલતી હતી કે આપણા દિલમાં ધર્મની તક ગુમાયાનો ખટકો થાય છે ? આપણા દોષોના અનહદ ભાર બદલ પરમાત્મા આગળ રોવાનું બની આવે છે ખરું ? મોટા આચાર્ય મહારાજાઓએ આત્મરુદન કર્યાં છે.

**જ્યાં રાગ વધારે, ત્યાં દ્વેષ અને કાણમોકાણ છે :-**

'મારા પરમાત્મા અને હું બે વચ્ચે કેટલું અંતર ? હું દોષોથી ખદબદી રહ્યો છું ! ઊભવાનું સ્થાન ક્યાં છે ? અમારા આચાર્ય ભગવંતે પ્રભુની જે સ્તુતિ કરી છે તેમાં આત્માના એકલા દોષો જ ગાયા છે. જાણે દોષોનો ભંડાર ! તો પછી અમારી તો કઈ દુર્દશાભરી સ્થિતિ'- આવો ભાવ જાગ્રત થાય ત્યારે પરમાત્માને નમસ્કાર કેવો થાય ? એ નમસ્કાર દિલનો, હૃદયના કોડનો થાય, 'ક્યારે નાથ ! હું તમારા જેવો થઈ જાઉં ! મારો આત્મા દોષે ત્રાસ્યો છે. રાગે મારું ખેદાન-મેદાન કર્યું છે. એ મને જંપવા નથી દેતો. દુઃખની ખાણ હોય તો રાગદ્વેષ છે. રાગદ્વેષ ન હોય તો દુઃખ નથી. દીકરો થયો રાગ થયો. જન્મનાં, લગ્નનાં વાજાં વગાડ્યાં. રાગ વધાર્યો. રાગનું તાંડવ કર્યું; તો મરે એટલે મોકાણ માંડવી પડે છે ! વાંઝિયાને શું કાણ ને મોકાણ ? કાણ મોકાણ જ્યાં રાગ છે ત્યાં છે. રાગ ન હોય ત્યાં કંઈ નથી. ઓછી સાધન-સામગ્રી હોય ત્યાં રાગ ઓછો, ઉપાધિ ઓછી. મોક્ષરસિક આત્મા ત્યાં પોતાની જાતને કૃતકૃત્ય-ધન્ય માને; સમજે કે 'રાગનાં બંધન અને શોક-લાવનારાં લફરાં ઓછાં !'

**જગતને ત્યાં શોક અને પોક હોય ત્યાં જૈનને ઘેર આનંદ મહોત્સવ હોય :-**

પેલા શેઠે બાળ વિધવા દીકરીની માગણીથી રળી આપતા મુનીમને છૂટો કરી પરદેશ મોકલ્યો, શેઠને શાંતિ વળી કે મારી ધર્મી દીકરીને હવે દુર્ધ્યાન નહિ થાય, અસમાધિ નહિ રહે, દીકરીને પણ આનંદ થયો, 'પાપની સામગ્રી ગઈ !' દુનિયાની દૃષ્ટિમાં વસ્તુ જાય ત્યાં શોક પોક હોય, પણ જૈનના ઘરે ત્યારે આનંદ



મહોત્સવ હોય, એ રાજી થાય, 'કંગાળ જીવ નહોતો જંપતો, હવે જંપશે.' દીકરો મરી જાય, માને- 'આ જીવ ધર્મ વિના મરી ગયો એ ખોટું થયું, પણ દીકરો દીકરો કરી હું ગાલે બચકાં ભરતો હતો તે હવે જંપીશ.' એમ પત્ની માટે 'જે પત્નીને જો જો કરવામાંથી ઘર બહાર નહોતો નીકળતો, એનું જ ધ્યાન, એનું જ મોં જોવાનું, એની જ વિચારણા. જાણે સ્વર્ગ પામી ગયો ! એની પાછળ ધર્મને સરાસર ભૂલ્યો. હવે એ પત્ની મરી, સાધના-ચારિત્ર વિના ગઈ તે ખોટું, પણ મારો જીવ હવે જંપશે,' -એમ આશ્વાસન રહે. જગતને રાગનાં સાધન ગુમાવાય, ત્યાં શોક પોક હોય. જૈનને રાગનાં સાધન જાય ત્યાં આનંદ ઉત્સવ હોય. કેટલી સુંદર દિવ્ય દૃષ્ટિ છે ! શોકને આશ્વાસનમાં, આનંદમાં ફેરવી નાખે છે !

**જગતના રાહથી જૈનનો રાહ જુદો છે :-**

હિસાબ ફેરવ્યા વિના કામ ન ચાલે. આજ સુધીના હિસાબમાં ક્યાં ? ઠેરના ઠેર ને ? નિગોદથી નીકળ્યા માણસ થયા-પાછા ત્યાં ! અનંતવાર મનુષ્ય થયા પાછા નિગોદમાં ગયા ! શાથી ? જગતના રાહે ચાલવાના કારણે. જગતના રાહને બદલે જિનનો રાહ પકડાય, હિસાબ ફરી જાય, ઊંધા ધોરણમાં રમવાનું મટી જાય, તો પછી પતન બંધ ! જિનના રાહ પાછળ સંતોષનો અનુભવ છે. કોઈ બહારનો ગાય- 'ઓહો ! આવું કુટુંબ-પૈસો ?' પણ એને આનંદ ન થાય. એ તો માયાને ઠગારી સમજી સાવધાન હોય. ગમાર હોય તો પ્રશંસા પચાવી ન શકે. સાંભળેલું પચાવવું કઠિન છે; ખાધેલું પચાવવામાં શાંતિ છે, તેમ સાંભળેલું પચાવવામાં શાબાશી છે.

જૈનનો રાહ આ છે કે જોવા-સાંભળવા-સંઘરવાનું મળે એને પચાવે; પણ એના પર આંધળા રાગ, ઉન્માદ ખોટા વિકલ્પોનું અજીર્ણ ન થવા દે.

**અશુભ ભાવો-વિચારો ટાળવા...**

આ જગતમાં જોવા સાંભળવાનું તો મળ્યા જ કરવાનું છે, પણ એ દર્શન-શ્રવણને પચાવતાં આવડવું જોઈએ. સારું ય મળે અને નરસું ય મળે, એમાંથી દિલમાં અશુભ ભાવ થતાં અટકાવી શુભ ભાવને જાગ્રત કરાય, તો એ દર્શન કે શ્રવણને પચાવ્યું ગણાય.

**આ શુભ ભાવની જાગૃતિ બહુ (૧) ઉપયોગી છે, (૨) કલ્યાણકારી છે, (૩) શાંતિ અર્પનારી છે.**

(૧) શુભ ભાવ જાગતા રાખવાથી ઉપયોગિતામાં પાપની અટકાયત, પુણ્યાનુબંધી પુણ્ય અને પૂર્વ પાપક્ષયનો લાભ મળે છે. ત્યારે,

(૨) કલ્યાણ તરીકે કુસંસ્કારો પાપસંજ્ઞાઓ અને કષાયોનો હ્રાસ થતો આવી

અપુનર્બંધકપણું, સમ્યગ્દર્શન, દેશવિરતિપણું, વગેરેના ગુણોની પ્રાપ્તિ, નિર્મળતા, સંવર્ધન થતું આવે છે. ત્યારે,

(૩) શુભ ભાવની જાગૃતિથી શાન્તિમાં ચિત્તના સંતાપ દૂર રહે છે, આકુળતા-વ્યાકુળતા આઘી જાય છે, દીનતા, નિરાશા, ફરિયાદ જ ફરિયાદ, ક્ષુદ્રતા, ઉગ્રતા, ઉકળાટ વગેરે તામસ તત્ત્વો દૂર હટી જઈ તૃપ્તિ, ઉત્સાહ, સમાધાન, ઉદારતા, સૌમ્યતા વગેરે આવીને ઊભા રહે છે. આ જ શાન્તિ છે. હૃદય શાન્ત એટલે દીનતા, નિરાશા, ઉકળાટ, રોષ, રોફ, ઉન્માદ વગેરે વિનાનું, અને ધૈર્ય, સ્થૈર્ય, સ્વચ્છતા, સૌમ્યતા, ક્ષમા, નમ્રતા વગેરે ગુણોવાળું. આવું હૃદય બન્યું રહે એ જ શાન્તિ અને સુખ છે. પૈસા ગમે તેટલા મળ્યા હોય. માન-પાન-પરિણામ બહુએ અનુકૂળ હોય, પરંતુ દિલ જો અધીરું, અસ્થિર, ઈર્ષ્યાળુ, સંતાપભર્યું વગેરે છે તો સુખી નથી; નિર્ભેળ આનંદમાં મસ્ત નથી; શાન્ત-પ્રશાન્ત નથી.

**રાજા વાલી** નાના રાજ્યનો અને ઓછી સંપત્તિ, ઓછા પરિવારનો માલિક છતાં શાંત અને સુખી હતો. રાજા રાવણ પાસે ભારે સંપત્તિ, મોટો પરિવાર અને મોટું રાજ્ય હતું છતાં એ અસ્વસ્થ, અશાંત હતો. તેથી જ દુઃખ અનુભવતો,- 'બસ ! આ વાલીનું અભિમાન મને પીડે છે ! એ કેમ મારી આજ્ઞા નીચે ન આવે ?'

વાલીને દૂત મોકલી કહેવરાવે છે 'આજ્ઞા માની લે'

પણ વાલી શાંતપણે કહે છે 'આપણો પરાપૂર્વનો સંબંધ મિત્રતાનો ચાલ્યો આવે છે, તે રાખવો હોય તો રાખ; બાકી સ્વામી-સેવકભાવનો નહિ બને.'

વાલી પાસે બળ છે, તાકાત છે, છતાં મનને એમ નથી થતું કે 'હું સ્વામી થાઉં અને રાવણને મારો સેવક, મારો આજ્ઞાધીન બનાવું;' કેમ કે એ શાંત છે. એને સ્વામીય નથી બનવું અને સેવકે ય નથી બનવું.

**પ્ર.**- સેવક નથી બનવું. એ અભિમાન નથી ? 'હું રાવણને ન નમું' એવા અભિમાનને લીધે અશાંત ન કહેવાય ?

**ઉ.**- ના, રાજા વાલીની ગણત્રી એ છે કે હું સેવક જિનરાજનો, દેવ-ગુરુ-ધર્મનો; મારા માલિક એ. એ સ્વામી મળ્યા પછી બીજાના ઓશિયાળા શા માટે કરું ? શા સારું દીનતા કરું ? તેમ દેવ-ગુરુ-ધર્મ માલિક મળ્યાથી મારે ઘણું ઘણું છે, પછી શા સારું મોટા રાજ્ય, પરિવાર અને સંપત્તિના અભરખા કરું ? ખોટી લપ વહોરું ? એટલે રાવણને મારે સેવક બનાવવાનું ય કામ નથી. 'આમ દેવ-ગુરુ-ધર્મને જ માથે રાખવામાં અભિમાન નહિ, પણ મહાતૃપ્તિ ઝળહળે છે, અને સામાની પ્રત્યે તુચ્છકાર નથી. અભિમાનમાં તો સામા પ્રત્યે તુચ્છકાર-તિરસ્કાર આવે છે. તૃષ્ણા ધગધગે છે. એ વસ્તુ રાવણમાં છે. એટલે જ વાલીના ઉત્તર ઉપર



ખળભળી ઊઠે છે,- 'બસ ! એને લડાઈમાં હરાવીને આજ્ઞાધીન બનાવું !'

જડ સંપત્તિ-સત્તાના ગર્વ એ માનકષાય છે, દેવ-ગુરુ-ધર્મની ટેક એ અભિમાન કષાય નહિ; કેમ કે પેલામાં બીજા પ્રત્યે તુચ્છ વલણ છે ત્યારે આમાં એ નથી. પેલામાં મળેલાને સંતોષ નથી આમાં એ છે. દુન્યવી સંપત્તિ-સત્તાના કેફમાં અશાંતિ છે, દેવ-ગુરુ-ધર્મની જ એક અનન્ય ટેકમાં મહાશાન્તિ છે, સ્વસ્થતા છે, તૃપ્તિ છે.

માટે જ જુઓ દૂત વાલી રાજાનું અપમાન કરે છે, છતાં વાલીને એમ નથી થતું કે 'લાવ જાઉં, રાવણને હરાવી એનું અભિમાન ઉતારી નાખું.' ત્યારે દૂતની હકીકત સાંભળી રાવણને એ થાય છે. બંનેમાં આ મહાન ફરક સૂચવે છે કે અભિમાન કોનામાં છે ને કોનામાં નથી. વાલી રાવણને નાદાન સમજી શાંત બેસે છે, રાવણ વાલીને અભિમાની સમજી લડવા-હરાવવા આવે છે. આ કાર્ય પરથી ય દેખાય છે કે કોણ અભિમાની છે.

રાવણે લડાઈ આપી, તો વાલીએ સેનાનું યુદ્ધ રોકી રાવણને એકલાને પોતાની સાથે લડવા પ્રેર્યો. રાવણ હાર્યો, વાલી જીત્યો ! છતાં હવે પણ રાવણને હકૂમતમાં રાખવા-આજ્ઞાધીન સેવક બનાવવા વાલીને ઈચ્છા નથી, કેટલી હદ સુધીની શાંતિ તૃપ્તિ અને સહિષ્ણુતા છે ! ઉપરાંત રાવણની આ મોહાધીન સ્થિતિ જોઈ વાલીની શાંતિ એટલી બધી વધી જાય છે કે એને આખા સંસાર ઉપરથી મન ઊઠી જાય છે, કર્મની વિટંબણા દેખી. રાજા રાવણ જેવા પર વિજયી બનેલ છતાં ત્યાં ને ત્યાં તૃષ્ણા માત્ર ફગાવી દઈ સંસાર ત્યજી ચારિત્ર લે છે.

શાન્તિ, સંતોષ આ ચીજ છે કે એ વિકસતી રહી સંસાર માત્રના ત્યાગ તરફ આગેકૂચ કરતી હોય; તૃષ્ણા-મૂર્ચ્છા-મમતાનું નામનિશાન કાઢી નાખવાના જોસવાળી હોય. વાલી રાજામાં આવી શાન્તિ હતી. તો વિજય મળવા છતાં અને રાવણ પગે પડવા છતાં વાલી મહાત્યાગના પંથે વળ્યા !

આ શાંતિ શી રીતે રહેતી હતી ?

કહો, શુભ ભાવની જાગૃતિથી.

આ નિરંતર જરૂરી છે કે ચિત્ત શુભ ભાવ ન ગુમાવે. ક્યારે ય અશુભ ભાવમાં ન ચઢી જાય. નહિતર કર્મનો હિસાબ રોકડો છે. અશુભ ભાવ કરો કે તરત જ અશુભ કર્મના જથ્થા આત્મા પર બંધાય છે. એમાં ઉધારો નથી. ચિત્તને ખરાબ ભાવમાં લઈ જવાથી બહાર વળવાનું કાંઈ જ ન હોય, છતાં પાપ બંધાવાનું નિશ્ચિત્ત છે. તે પણ જ્યાં સુધી અશુભ ભાવ ચાલ્યા કરે ત્યાં સુધી દરેકે દરેક સમયે અશુભ કર્મના નવા નવા જથ્થા આત્મઘરમાં લદાતા જાય છે ! એમ જ પૂર્વે એનાં પોટલાં ઊભાં કરી આ ભવમાં લઈ આવ્યા છીએ તેથી જ એક યા બીજા પ્રકારે પ્રતિકૂળતા આવ્યા જ કરે છે.

**અશુભ ભાવ એ કર્મરજને આવવા માટે બારીબારણું છે.** વા-વંટોળની ઋતુમાં ઘરમાં ધૂળના ઢગલા થાય છે, તે જોઈ ચિત્ત ખેદ અનુભવે છે કે 'આ કેટલો બધો કચરો !' અને બને તેટલાં બારી-બારણાં બંધ રાખવાનું કરાય છે. પરંતુ આત્મઘરનાં અશુભ વિકલ્પો, કષાયાદિ અશુભ ભાવો અને અવિરતિના અશુભ ભાવરૂપી બારીબારણાં ખુલ્લાં રાખ્યાથી આત્મઘરમાં પ્રતિસમય ભરાતા કર્મકચરાના ગંજના ગંજ પર કોઈ ખેદ નથી ! કોઈ ચમકારો-ચિંતા થતી નથી ! એ કેવી કમનસીબી છે ! કેટલી મૂર્ખતા છે ! એનો ખેદ જ નહિ પછી એ બારણાં બંધ કરવા તરફ લક્ષ અને પ્રયત્ન ક્યાંથી જ થાય ?

ખૂબી તો એ છે કે અશુભ વિકલ્પો બંધ કરવામાં કોઈ મોટું કષ્ટ નથી, કોઈ ખર્ચ નથી; પછી શા માટે એને અટકાવી ન દેવા ? અટકાવવા શું કરવાનું છે ? આ જ કે શુભ વિચારો, શુભ ભાવનાઓ, શુભ લાગણીને વહેતી રાખવાની છે. ત્યારે પ્રશ્ન થાય.

**પ્ર.**- આપણા વિચારો, વિકલ્પો, લાગણીઓ વગેરેને સતત શુભ રાખવા શું કરવું ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૧,અંક-૪૧,તા.૨૭-૭-૧૯૬૩**

ઉ.- એનો સાદો અને અત્યંત જરૂરી રસ્તો આ છે કે જ્યાં ક્યાંય ખોટા વિચાર, ખરાબ વિકલ્પ, મેલી લાગણી ઊભી થતી દેખાય કે તરત ત્યાં,

**'ચત્તારિ મે સરણં, અરિહંતા મે સરણં,**
**સિદ્ધા મે સરણં, સાહૂ મે સરણં, જિણ ધમ્મો મે સરણં.'**

યાદ કરવું અર્થાત્ પ્રાર્થના કરવી કે 'મારે ચારનું શરણ હો,-અરિહંતોનું મારે શરણ હો, સિદ્ધોનું મારે શરણ હો, સાધુઓનું મારે શરણ હો, સર્વજ્ઞ જિનેશ્વરોના કહેલા ધર્મનું મારે શરણ હો. હું મૂઢ છું, અજ્ઞાન છું, અશક્ત છું, મને વસ્તુના ઊંડા ભેદની કે લાંબા પરિણામની ખબર નથી, સારું કરવાની મારી બાહોશી નથી. હે અરિહંત નાથ ! તમે અચિંત્ય શક્તિ-અચિંત્ય પ્રભાવવાળા છો, મારે તમારું શરણ છે, તમારો એક આધાર છે. તમારા પ્રભાવે હું મૂઢ મટી સુજ્ઞ બનું ! સારું કરવાને બાહોશ બનું ! હે અનંત પરમેષ્ઠી ભગવંતો અને જિન પ્રવચન ! મારે વારંવાર આપનું શરણ હો'-આ પ્રમાણે નમ્ર અને ગદ્ગદ બની શરણું સ્વીકારાય તો ખરાબ વિકલ્પો અને અશુભ લાગણીઓને મોળી પાડી ક્રમશઃ અટકાવી શકાય. શાસ્ત્રે કહ્યું છે, '**ભુજ્જો ભુજ્જો સંકિલેસે**' રાગ, દ્વેષ, વગેરેના સંકલેશ થાય, અસત્ લાગણીઓ વિકલ્પો થાય ત્યારે વારંવાર ચાર શરણાં સ્વીકારવાં. આ એક ઉપાય છે.



બીજો ઉપાય એ છે કે જગતને નિહાળવું, જે કારણે જે નિમિત્ત પર આપણને ખરાબ વિચાર, ખોટા વિકલ્પ, વગેરે જાગે છે, એવાં તો શું પણ એથી ય મોટા પ્રબળ નિમિત્તો જગતમાં જીવોને મળ્યા છે, અને તેથી એ કેવા મહાદુર્દશા ભોગવે છે ! માનોને કે આપણી કોઈ એક ચીજ વસ્તુ કે પ્રસંગ કોઈએ બગાડ્યો અગર આપણા પોતાનાથી બગડ્યો, હવે તેના પર અસદ્ વિકલ્પ સ્ફુરે છે, ત્યાં જોવું કે જગતમાં લાખો કરોડો શું અસંખ્ય જીવોને આના કરતાં કેઈ ગુણી દુઃખદ સ્થિતિ છે, આપણે તો એક બગડ્યું પરંતુ બીજું કેટલું ય સારું છે, ત્યારે અગણિત જીવોને તો બિચારાને ઘણું ઘણું બગડેલું છે, ઘણી ઘણી ખામી છે, ખોટ છે, એ જોતાં આપણે મન શું બગાડવું ? શા ખોટા વિચાર કરવા ? શું આપણને મહાકિંમતી બુદ્ધિશક્તિ અને મન મળ્યું છે તે ખોટા લોચા વાળવા માટે ? કચરાપટ્ટી હલકા તુચ્છ વિચારો-વિકલ્પો કરવા માટે ?

ડહાપણ તો એ છે કે આના આ જ નિમિત્ત પર શુભ વિચારસરણી ચાલુ કરવી; અને તે શક્ય છે, સરળ છે. આપણે એ વિચારવું કે

(૧) સારું થયું આટલા જ નુકસાને પત્યું ! દા.ત. ખીસામાંથી પાંચ રૂપિયાની નોટ પડી ગઈ તો 'ભલું થયું કે સો રૂપિયાની નોટ ન પડી ગઈ !' અથવા 'લોકોને બીજાં કેટલાંય મોટમોટાં નુકસાન થાય છે તો મારે સારું છે કે એવું કાંઈ નથી બન્યું !'

(૨) બીજા રસ્તામાં એ વિચારવાનું કે 'કોને ખબર આ થોડુંક પણ નુકસાન થવામાં કુદરતનો કોઈ સારો સંકેત ન હોય ? કમમાં કમ મારે ઊકળી ન ઊઠવું, ખમી ખાવું, સમતા-સમાધિ રાખવી, એની કેળવણી કરવાનો જ આ પ્રસંગ ઊભો થયો માનું. નહિતર આમ સારા-સારીમાં તો આવો સમાધિ કેળવવાનો પ્રસંગ જ ક્યાં હતો ? પાંચ રૂપિયા ગુમાવીને પણ ધૈર્યને ચકાસવાનો, સહિષ્ણુતા કેળવી મનને બળવાન બનાવવાનો સુંદર અવસર મળે એ કેવોક ભાગ્યોદય ! **મન સુંવાળી સુંવાળી સ્થિતિ અને એમાં જ મોજીલું રહેવામાં તો સત્ત્વહીન બને છે, સાત્ત્વિક, કાઠું ને જોમવાળું નહિ.** એટલે જીવનમાં નુકસાની-પ્રતિકૂળતા-અગવડના પ્રસંગ આવે એ તો મનને બળવાન સત્ત્વશાળી અને ખડતલ બનવા માટે વધાવી લેવા જેવા છે. વિરોધ-કચકચ-ખેદ કરવા જેવા નહિ. શરીર બળવાન કરવા ઘણું મથીએ છીએ, ચીજ સારી ટકાઉ બનાવવા ભારે ખંતીલા રહીએ છીએ, તો પછી મનને સશક્ત જોમવાળું ક્યારે કરવાનું ? બીજું બધું ય સબળ હશે પરંતુ જો મન સબળું નહિ હોય તો જીવન ચિંતા-સંતાપ-દીનતાભર્યું બની રહેશે, ત્યારે જો બીજું નબળું છતાં મન જો સબળું હશે તો જીવન પ્રફુલ્લિત, ઉલ્લાસી અને બાદશાહી બને છે.

આવા જ મનમાં સાત્ત્વિક શુભભાવનાઓ ઉલ્લસે છે. શુભ વિચારોના કલ્લોલ ચાલી શકે છે.'

(૩) ત્રીજો રસ્તો એ છે કે જ્યારે ક્યારેક મનમાં અશુભ વિકલ્પ આવવા જાય કે તરત સ્વાત્માને એ કહેવું કે 'ઊભો રહે, ભવિતવ્યતા જ એવી હશે કે આમ બન્યું અગર બનવાનું છે; એમાં તારી વિચારની દખલ શું કામ આવવાની છે ?'

**ભવિતવ્યતાના પટ પર અંકિત થઈ ગયેલ ચિત્રોની હારમાળામાં તારું પીંછું ક્યાં અડી શકે એમ છે ?**

**ને નાહકનો શાના ખોટા અધિકાર રાખી રહ્યો છે કે મારી ધારણા મુજબ કેમ ન બને ?**

ભવિતવ્યતાને, તીર્થંકર ભગવાન જેવા કે જે કેવળજ્ઞાન વડે બધું પહેલેથી જાણતા હોય છે છતાં એ અટકાવી શકતા નથી, તો પછી તું કોણ માત્ર ? કાંઈ પણ મનને અનિષ્ટ એવું બન્યું એ જો ભવિતવ્યતાનો એક નિર્ધારિત પ્રસંગ છે, તો એમ બને એમાં ખેદ કચવાટ નકામા છે. વળવાનું-સુધરવાનું કાંઈ નહિ, ને વિચાર વિકલ્પો બગાડવામાં ઊલટું તારું પોતાનું જ બગાડવાનું છે. એના કરતાં એ જ પ્રસંગ પર સીધી વિચારસરણી શરૂ કર, તો કમમાં કમ તારા હૃદયને શાન્તિ, સમાધિ અને સ્ફૂર્તિનો અનુભવ તો મળે.'

(૪) ચોથી વાત એ છે કે ખોટા વિચાર-વિકલ્પ આર્તધ્યાનને પ્રેરનારા હોય છે. એને જ ધર્મધ્યાનના પ્રેરક કેમ ન બનાવી દેવા ? વિષયને જરાક વળાંક આપવાની જ જરૂર છે. દા.ત. રોગમાં 'હાય ! આ ક્યાં હું માંદો પડ્યો ? હવે કેમ આ રોગ જાય ? ક્યારે હું સાજો થઈશ ? મારું કામ કેટલું બગડી જાય છે !' આવી વિચારણા આર્તધ્યાનના ઘરની છે; એના બદલે મનને જો એમ થાય કે 'આ રોગ કર્મના ઉદય વિના નથી આવ્યો. મારાં કર્મના ઉદયથી જ આવ્યો છે. કર્મ જ ન હોય તો દુઃખ દેનાર કોણ છે ? દુઃખ આવે જ શાનું ? એ તો કર્મના વિપાકથી જ આવે છે. કર્મ બળવાન છે, એના વિપાક વિચિત્ર હોય છે. અશુભ કર્મનો કાળ પાકે એટલે ન ધારેલી રીતે વિપાકમાં આવી રોગ વગેરે દુઃખ આપે જ. માટે આમાં ઊંચા નીચા થવાની જરૂર નથી. સારું છે કે આ વિપાક પાછા કર્મને રવાના કરે છે. રોગ ભોગવીએ, દુઃખ સહીએ, એમાં અશુભ કર્મનું ઓછું જ થવાનું છે. એ કર્મ ઊભાં નથી રહેવાનાં. પછી ફિકર શી ?' ગુમડું પહેલાં પાકતું નહોતું એટલે પીડા નહોતી, હવે પાકે છે એટલે પીડા થાય છે, પણ એમાં તો ડાહ્યા માણસને નિશ્ચિન્તતા રહે કે 'હાશ ! ગુમડું હવે પાકવા માંડ્યું તો ફૂટીને મટી જશે.' ત્યાં પીડાની બહુ દરકાર નથી. એમ, રોગ વગેરે દુઃખમાં પીડાની બહુ દરકાર શા માટે



કરવી ? એમાં તો અજ્ઞાન મૂઢ દશા છે. કેમ કે ખરેખર ત્યાં કર્મનું ગુમડું પાકીને મટી જવાની અણી પર છે. તો તેથી પીડાની પોક મુકાય ?

આ સારી વિચારસરણી છે, પેલી આર્તધ્યાનના ઘરની એ પાપવિચારણા છે. બંનેમાં કેટલું મોટું અંતર છે ? અસત્ વિચાર-વિકલ્પોમાં મન અશાંત, અધીરું, અને કાયર કંગાળ બને છે. સારા વિકલ્પોમાં મન સ્વસ્થ શાંત ધૈર્યવાળું અને સાત્ત્વિક બને છે.

(૫) અશુભ વિચાર વિકલ્પો ટાળવા માટે પાંચમો રસ્તો એ છે કે એ જ વખતે મનને બીજી કોઈ જુદી જ સારી વિચારણામાં જોડી દેવું. દા.ત. કોઈ નવ તત્ત્વમાંના તત્ત્વની, અથવા કર્મની પ્રકૃતિ-રસ-સ્થિતિ-પ્રદેશની, બંધ-ઉદય-ઉદીરણા-સત્તાની યા ઘાતી અઘાતી, પરાવર્તમાન-અપરાવર્તમાન પુદ્ગલવિપાકી-જીવવિપાકી-આદિ, ધ્રુવ-બંધી, અધ્રુવ-બંધી વગેરેની વિચારણામાં મન પરોવી દેવાય. યા નવકાર મનમાં ગણતરીબદ્ધ ગણ્યે જવાય. અથવા કોઈ મહાપુરુષના જીવન પ્રસંગ વિચારાય.

(૬) ખોટા વિચારો રોકવા આ એક ખાસ કરવાની જરૂર છે કે હૈયાની લાગણીઓ, હૈયાના ભાવ સુધારવા જોઈએ; એ અશુભને એના પ્રતિપક્ષી શુભમાં ફેરવી નાખવાના. દા.ત. રાગ ઊછળવા જાય ત્યાં વૈરાગ્યભાવ, દ્વેષને બદલે ઉપશમભાવ, ક્રોધની જગાએ ક્ષમા-સમતા, અભિમાન આવવા જાય ત્યાં લઘુતા-નમ્રતા, માયાના સ્થાને સરળતા-નિખાલસતા, લોભને બદલે તૃપ્તિ-ધરપત-નિસ્પૃહતા, ઈર્ષ્યાની જગાએ મૈત્રી-ભ્રાતૃભાવ-પ્રેમ, પરદોષ દૃષ્ટિ અને નિંદા છોડી ગુણ ગ્રહણ-પ્રશંસા, શોકને બદલે જ્ઞાનદૃષ્ટિ...વગેરે વારંવાર કેળવવા તરફ ભારે લક્ષ, ખંત અને પ્રયત્ન રાખવો. વિચારવા જેવું છે કે જે જડ પદાર્થો ખાતર અશુભ ભાવો સેવાય છે, એ પદાર્થો પર આપણા જન્મ પહેલાં આપણો કોઈ અધિકાર તો હતો નહિ, અને આપણા મૃત્યુ પછી ય અધિકાર રહેવાનો છે નહિ, પછી વચ્ચેના ટૂંકાશા જીવનકાળમાં એવા તે શા અધિકાર રાખવા'તા, કે જેથી એ રાગાદિ ખરાબ ભાવો કરવા પડે ?

વાત આ ચાલે છે કે જગતના પામર જીવો કરતાં જિનના સેવકના રાહ જુદા હોય. એટલે જ જગત જ્યાં પોક મૂકે ત્યાં તમો જૈન જ્ઞાન-દૃષ્ટિ, શુભ વિકલ્પ અને લાભકારી, શાંતિકારી વિચારસરણીને જ અપનાવી બગડેલા ખરાબ અંશને બદલે સહેજે પ્રાપ્ત સારો અંશ મન પર લાવી મનને સ્વચ્છ રાખો. અત્યારે લોકો કહે છે 'વખત બહુ ખરાબ આવ્યો;' પણ જૈન સાવધાન હોય તો શું કહે ? એ જ કે 'આપણા દુષ્કર્મે જ આ સ્થિતિ છે, તો સારું છે આના દ્વારા એ અશુભ કર્મ ઓછાં થઈ રહ્યાં છે. વળી ધર્મની વિશેષ યાદ રહે છે, ભગવાનનું શરણું દિલના

દર્દથી લેવાય છે.' એને તો નરસામાંથી સારું જ લેવું છે. કદાચ કાંઈક ગુમાવ્યું, સ્નેહી ઊઠી ચાલતા થયા, તો આ 'રાગનાં સાધન ઓછાં થવાથી ધર્મની તક મળી' માને: 'મોહ-અધર્મ ઓછો થશે,' માને.

પેલી બાલ વિધવા સંતોષ અનુભવે છે, પાપની સામગ્રીરૂપ મુનીમ દૂર થવાથી. છ બાર મહિના નીકળી ગયા. વાત વિસારે પડી. ધર્મધ્યાન કરે છે. મુનીમ વિના પણ હવે ઘર તથા દુકાનનો વ્યવહાર ચાલી રહ્યો, વર્ષ દોઢ વર્ષ પસાર થયું, હવે એ વાતની કલ્પનાય નથી. બન્યું એવું કે ગામમાંથી માણસોનો સમૂહ-સંઘ તીર્થયાત્રાએ નીકળે છે. આને ય મન થયું જવાનું. ભગવાનની કલ્યાણક ભૂમિએ જવું, તીર્થભૂમિનો સ્પર્શ કરવો, એ પણ જીવનનો એક લહાવો છે. કેમ કે પવિત્ર પુદ્ગલોનો આત્માને સ્પર્શ મળે. વીતરાગના શીતલ આલંબનથી કષાયોની બળતરા ઓછી થાય, વિષયના કાજળ ઘટી જાય. તારે તે તીર્થ; તીર્થને આરો પણ કહે છે; એનાથી નદીમાં ઊતરાય. નદીમાં સ્નાન મળે, પાણીનું પાન મળે અને આરામ મળે; સ્નાનથી મેલ જાય, આરામથી થાક જાય, પાણીના પાનથી તૃષા જાય, સ્નાન-પાનથી ગરમી જાય. તીર્થ વિષયોની તૃષ્ણા કાઢે, કર્મનો મળ કાઢે, કષાયની ગરમી કાઢે, આ ત્રણ ઓછા થાય, માનો યાત્રા ફળી. પહેલાં ખાઉં ખાઉં થતું હોય, સારું સારું ખાવાની લગની થતી હોય, યાત્રાથી આંબેલ કરવાનું મન થાય, મોહનીય કર્મથી ચોપડાયેલા આત્માને ત્યાગ વૈરાગ્યથી લૂખો કરાય, તો તીર્થ-યાત્રા સફળ.

**કર્મની વિચિત્ર વિટંબણા**

પેલી બાલવિધવા સંઘ સાથે ગઈ, બધાં તીર્થ ફરી, સમેતશિખરે ય ગઈ. પાછા વળતાં જે ગામમાં મુનીમ હતો ત્યાં જ એનો મુકામ થયો ! અહીં મુનીમ છે, એ એને ખબર નથી. એ બહાર દર્શનાર્થે નીકળી, રસ્તામાં મુનીમ ભેગો થયો, બોલ્યો : 'ઓહો ! બહેન ! તમે અહીં ? ઘણા વખતે દર્શન થયાં !'

એને જોતાં એ ચોંકી. વહેવાર ભાઈ બહેનનો છે. મુનીમ એને બહેન ગણે છે. વિધવાને જ્ઞાનીનું વચન યાદ હતું, પાપની સામગ્રી પાસે ઊભું ન રહેવું જોઈએ, છતાં ઊભી રહી. પગથિયું ભૂલી. થયેલી ભૂલ કેટલી વધે એનું માપ નહિ.

હવે મુનીમે વિવેક શરૂ કર્યો. ક્યાં ઊતર્યા છો ?

'ધર્મશાળામાં.'

'એમ કેમ.' મારું ઘર છે ને ? ચાલો સામાન સાથે ત્યાં.'

વિધવા ભૂલ કરી રહી છે પણ અંદરમાં વસવસો છે. છે સાવધ, પણ ભાન નથી કે સામે કોણ છે, એ ભૂલ છે. ઊભા રહેવાની ભૂલનો એને ખ્યાલ નથી.



કર્મની એ વિટંબણા છે. જન્મોજન્મનાં ઉપાર્જેલાં, સંચિત કરેલાં પાપો ઉદયમાં આવ્યે આત્માને વિચિત્ર હાલતમાં મૂકી દે છે.

**તીર્થયાત્રા સફળ ક્યારે ? :-**

ત્યારે પ્રશ્ન થાય કે

**પ્ર.**- એવા તો કેઈ પાપના ઉદય આવે, પછી આત્માનું શું ચાલે ? બિચારો પડે જ ને ?

ઉ.- ના, એવો નિયમ નથી. જાગૃતિ, ઉપયોગ, સાવધાની રાખે અનાયતનથી પાછો હટી જાય, અનાયતન એટલે પાડનારાં સ્થાન-સંયોગ, એમાંથી બહાર નીકળી જાય, તો પેલાં કર્મનું કાંઈ ચાલે નહિ. તો શું એ ઉદયમાં ન આવે ? આવે, પણ નિષ્ફળ ઉદય. શાસ્ત્રમાં એને પ્રદેશોદય કહે છે, માત્ર પ્રદેશ-દળિયા ઉદયમાં આવે એટલું જ, રસ નહિ. પ્રદેશોદય થાય, રસોદય નહિ રસનો અનુભવ નહિ. એનું જ નામ નિષ્ફળ ઉદય. કર્મે એનો પ્રભાવ ન દેખાડ્યો. પણ ક્યારે ? આત્મા અનાયતન-અયોગ્ય-સ્થાનસંયોગમાંથી દૂર હટી ગયો ત્યારે. પુસ્તક વાંચતાં એમાં વિલાસી ભાગ આવ્યો, તો એ વાંચવાનું પડતું મૂક્યું, એનું નામ અનાયતનથી ખસી ગયો. એનું પરિણામ એ કે કામરાગાદિ મોહનીય કર્મના ઉદય થઈ મનમાં કામરાગાદિ જાગત તે અટક્યા. વિલાસી ન વાંચ્યું અને શુભ ભાવની જાગૃતિ ટકાવી રાખી એટલે પેલું કર્મ ઉદયમાં આવ્યું તો ય પ્રદેશોદયમાત્રમાં, પણ વિપાક ન દેખાડ્યો અને એમ જ ખરી ગયું. બાળ વિધવા પતન-સ્થાનસ્વરૂપ મુનીમ સામે ઊભી રહી છે, જવાબ દઈ રહી છે, તેથી કર્મની વિટંબણાનો ભોગ બને છે.

આત્મામાં અસંખ્ય જન્મોમાં કર્મનો સ્ટોક-જથ્થો તો ભરેલો જ છે. એવા જનમજનમનાં કર્મોની વિટંબણા ભારી છે. 'શું કરીએ સાહેબ ? કર્મનો ઉદય નડે છે,' જો આવા કંગાળ મૂઢ ઓઠાં ધરવા છે, તો સમજી રાખો કે ત્યાં પછી ખોટ નથી, જાતજાતનાં ને ભાતભાતનાં કર્મોના ઢગલે ઢગલા આત્મઘેર ખડકાયેલા પડ્યા છે; એના ઉદય જ જો ખપે છે તો જોઈએ તેટલા ઉદય મળશે. એ ભોગવતા રહેવાનું, નવાં કર્મ ઊભાં કરતા રહેવાનું. એ પાછાં ઉદયમાં આવતાં રહેવાનાં, પરંપરા ચાલુ રહેવાની ! ત્યાં ઊંચા આવવાનો અવકાશ રહે ? ના, એ તો શુભ ભાવ, જાગૃતિ, સાવધાની રાખ્યા કરો અને અનાયતનનો ત્યાગ કરતા રહો, તો જ બચાય, તો જ પેલાં કર્મ ગુપચુપ માત્ર પ્રદેશોદય બતાવી નિષ્ફળ ચાલ્યાં જાય. એ જો ન આવડ્યું તો જનમ જનમનાં વિચિત્ર કર્મોની વિટંબણા ભારી છે; એમાં સડ્યા કરવાનું. મૂઢ રમત કરતા રહેવાનું, અને દીર્ઘ સંસારમાં આથડ્યા કરવાનું જ ચાલુ રહેશે !

**ઉપયોગ ચુકાતાં ક્ષયોપશમ ડૂલ :-**

જ્ઞાની ભગવંતો કહે છે કે એક વાર શુભ પ્રવૃત્તિ કરી ભાવ શુદ્ધ બનાવ્યા ખરા, છતાં પછી એના વિશ્વાસે ન રહેતા કે હવે એ શુદ્ધભાવ એમ જ ટક્યા રહેશે, કેમ કે જનમ જનમ મોહના ખેલ કરી કરી એવાં કર્મ ઉપાર્જન કરેલાં આત્મખજાને ભર્યાં પડ્યાં છે કે એને નિમિત્ત મળતાં ઉદય પામી પેલા શુદ્ધભાવને એ દબાવી દે છે. શાસ્ત્રીય પરિભાષામાં કહીએ તો શુદ્ધ ભાવ એ મોહનીય કર્મનો ક્ષયોપશમ છે; એમાં ઉદય આવેલાં કર્મનો ક્ષય અને ઉદયમાં આવવા ડોકિયું કરી રહેલાં કર્મોનો ઉપશમ કરાય છે. પરંતુ તે આત્માની સતત જાગૃતિ હોય તો જ બને. જાગૃતિ ગઈ, ઉપયોગ ચુકાયો કે ઉદય પામવા તૈયાર રહેલ કર્મોનો ઉપશમ થવાને બદલે સીધો ઉદય જ થઈ જાય છે, એટલે ક્ષયોપશમ ડૂલ ! અર્થાત્ શુદ્ધભાવ નષ્ટ થઈ જાય છે.

**ક્રોધ રોકવા જાગૃતિ :-**

ક્રોધની ભયંકરતાનો ઉપદેશ સાંભળ્યો, ને ક્ષમા ગુણના મહાન લાભ સાંભળ્યા, અગર ક્રોધના ભયંકર પરિણામનો જાત અનુભવ કર્યો, ત્યાં દિલ નક્કી કરે છે કે 'હવે ક્રોધ નહિ કરવો, ક્ષમા જ રાખવી, ક્રોધ કરીને અહીંથી શું બાંધી જવાનું મળવાનું છે ? કશું નહિ; બધું અહીં ને અહીં જ પડી રહેશે. માન, કીર્તિ પણ ભૂંસાઈ જવાની છે. આપણને કોઈ જ યાદ કરવાનું નથી. તો પછી નકામો ક્રોધ કરીને શું ? હવે તો સૌની પ્રત્યે ક્ષમાભાવ હો.' -આમ નક્કી તો કર્યું, પરંતુ પછી એની ભાવના કરી કરીને જાગૃતિ પાકી રાખવી જોઈએ. સંસાર છે એટલે ગમે તે ગમે તે વિષમ પ્રસંગ ઊભો થવા પૂરો સંભવ છે. ત્યાં જાગૃતિ હોય કે 'મારે ક્રોધ નથી કરવાનો, મારે તો ક્ષમા જ રાખવાની છે, ક્રોધનાં બહુ માઠાં ફળ છે, આત્માને નકામો ઉકળાટ છે,' -આમ જાગૃતિ હોય તો જ ક્રોધ નહિ ઊઠવા દેવાય, ક્ષમા જાળવી રખાશે. પરંતુ એ જાગૃતિ જો ચૂક્યા, તો વિષમ કે પ્રતિકૂલ બનાવમાં ઝટ ક્રોધ ઊઠવા તૈયાર જ છે. ક્ષમા તો ક્યાંય અદશ્ય થઈ જવાની !

અવસર પર ક્ષમાની જાગૃતિ પૂર્વે ક્ષમાની વારંવાર ભાવના કરી હોય તો સુલભ બને છે.

**ક્ષમાની ભાવનામાં શું શું આવે ? :-**

ક્ષમાની ભાવનામાં ક્રોધના કેઈ પ્રકારનાં કટુ ફળ આત્માની અસ્વસ્થતા-પાગલતા, ઉત્તમ માનવકાળની બરબાદી અને પુરુષાર્થશક્તિનો ભયંકર દુરુપયોગ, -એ વિચારવાનું આવે છે.



સાથે, ક્ષમાનાં અતિ ઉત્તમ ફળ, આત્માની સ્વસ્થતા-સુજ્ઞતા, માનવકાળની સફળતા, અને પુરુષાર્થશક્તિનો કલ્યાણકારી સદુપયોગ, -એ વિચારવાનું.

મનમાં ભાવવાનું 'શા સારું હું આવા ક્રોધના અનર્થ વહોરું ? ક્ષમાના ઉત્તમ લાભ કેમ જ જતા કરું ? ક્રોધ કરવાથી તો જુગ-જૂની જામી પડેલી એની વાસના એના સંસ્કાર દઢ થાય છે. એ અહીં મોળા ન પાડું તો શું ભેંસના ભવમાં મોળા પાડીશ ?'

વૈરથી વૈર વધે. ક્રોધ વગેરે એવા દુર્ગુણ છે કે એનો સંગ કરવા જતાં એની આદત વધે છે માનવભવ એક એવો ભવ છે કે જ્યાં અનાદિની આ આદતોને ક્ષમાદિ સદ્ગુણોના રૂડા અભ્યાસથી વિસારે પાડી શકાય, ભૂંસી શકાય. માનવ જીવનની આવી દુર્લભ કિંમતી તકને શા સારું મોહનો ગુલામ બની ગુમાવી રહ્યો છું ?

મોહની ગુલામીમાં ક્રોધ કરી લાભ થવાનો દેખું છું પણ ખબર નથી કે લાભ તો ક્રોધના ઘરનો નહિ, પણ પુણ્યના ઘરનો છે. જે દિ' પુણ્ય ખૂટી ગયું તે દિ' ક્રોધ કરીશ તો પણ લાભ સુકાઈ જશે. લપડાક પડશે ! તો એવા પુણ્યના લાભ દુશ્મન ક્રોધને મ્હલાવીને શા માટે લેવા ? ઘરમાં સાપ હોય તો ઉંદરડા ન રહે; પરંતુ ઉંદરના ત્રાસથી મુક્ત થવાનો લાભ સાપને ઘરમાં ઘાલી લેવાનું કોણ પસંદ કરે ? સામો મને દબાવે છે, મારું નુકસાન કરે છે, એ ઉંદરનો ત્રાસ છે. એને અટકાવવા ક્રોધ કરવો એ સાપને ઘરમાં ઘાલવા જેવું છે એવી મૂર્ખાઈ શા માટે કરવી ?

ખરી રીતે તો ક્ષમાના સહારે નક્કર લાભ થાય છે. સામાના હૃદયમાં ચમત્કારિક પરિવર્તન થાય છે. કદાચ આપણું પુણ્ય કમી હોય, અગર સામો મહાદુર્જન હોય અને એનું દિલ પરિવર્તન ન પામે તો તો આપણા ક્રોધ કરવાથી પણ એ અંતરથી દબાવાનો નથી, પછી લાભ ક્યાં રહ્યો ? એ એની આદત મુજબ પ્રતિકૂળ વર્ત્યે જવાનો, અને આપણે આપણી આદત મુજબ ક્રોધ કર્યે જવાના સરવાળે શું ? ક્ષમા રાખી રહીએ તો આપણને ખરો આંતરિક લાભ મળે છે, અને સામાને વધુ ગુસ્સો કરવાનું આપણે નિમિત્ત નથી આપતા, એ લાભ પણ થાય છે. ત્યારે નુકસાન કે પ્રતિકૂળ થવા પર ક્ષમા રાખવાથી મન સાત્ત્વિક બને છે, બાહ્ય નુકસાનનાં નિમિત્ત પર આંતરિક નુકસાન ઊભું નથી કરતાં. ક્રોધ કરવાથી તે મૂર્ખાઈ થાય છે કે બાહ્ય નુકસાન તો થવાનું હતું તે થઈ ગયું, હવે ક્રોધથી આંતરિક નુકસાન ઊભું કરીએ છીએ, સત્ત્વ હણાય છે, કર્મ બંધાય છે, ક્રોધના સંસ્કાર તાજા થઈ પુષ્ટ થાય છે.

જીવન સારું જીવવું છે તો આ રીતે જ જીવાય કે જ્યાં આપણા પોતાના આત્માને આંતરિક અનેક નુકસાનોથી બચાવતા રહીએ.

આવી ભાવનાનો વારંવાર અભ્યાસ કરતા રહેવાય, તો ક્ષમાદિ, અવસર આવતાં, સાચવી શકાય. એવી ભાવના કરતા રહેવું એ કર્મના ક્ષયોપશમને ટકાવવાનો રસ્તો છે, એ જાગૃતિ છે. એમાં પૂર્વે એક વાર શુદ્ધ કરેલા ભાવ આગળ ને આગળ શુદ્ધ રહ્યા કરે છે.

**અશુભ વિકલ્પો રોકવા જાગૃતિ : શુભ ભાવના**

આ જાગૃતિની બલિહારી છે. પહેલાં કહ્યું તેમ અજ્ઞાન દુનિયાને જ્યાં શોકના પ્રસંગ છે, પોકના પ્રસંગ છે, કર્મબંધનના પ્રસંગ છે, ત્યાં જાગૃતિવાળા જૈનને આનંદના, ઉદાસીનતાના, મસ્તીના પ્રસંગ બને છે; નવાં અશુભ કર્મ અટકાવી, પૂર્વનાં અશુભ કર્મનો ક્ષય કરવાનું એને બને છે. કારણ કે જાગ્રત છે એટલે ગમે તેવા પ્રતિકૂલ બનતા કે અનિષ્ટ બનેલા પ્રસંગમાંથી એ સારું તત્ત્વ શોધી કાઢે છે. **આત્મ-જાગૃતિ આનું નામ છે કે દરેક પ્રસંગમાં જિનાજ્ઞાનુસારી શુભ ભાવનાનું વર્ધક તત્ત્વ શોધી કાઢી એના પર મનનો ઝોક રાખવામાં આવે.**

દાખલા તરીકે જોઈએ તો, કોઈ પૈસા કે આબરૂના જોર પર સન્માન મળી રહ્યું છે ત્યાં વિચારી શકાય કે પૈસા અને આબરૂ બંને ચંચળ તેમજ અમુક કક્ષાના છે, એટલે કાં એ નષ્ટ થતાં અગર લોકોને આપણાથી ચઢિયાતા પૈસા અગર આબરૂવાળો મળતાં આપણાં સન્માન ઊડી જવાનાં છે; માટે એવાં સન્માન ઉપર મોહિત થવાની કે છકી જવાની જરૂર નથી; અથવા સન્માન એ કોઈ આત્માનો ગુણ નથી કે પુણ્યનું કારણ નથી, તો પછી એના પર શું મોહવું ? એમ વિચારતા રહેવાય અને હૃદયમાં મોહ, અહંત્વ, વગેરે ઊઠતા અટકાવાય, તો એ આત્મજાગૃતિ રાખી ગણાય.

**અપમાનમાં શુભ ભાવના :-**

આનાથી ઊલટું આપણું ક્યાંક અપમાન, અવગણના થઈ છે. ત્યાં આત્મા જાગ્રત હોય તો એમ વિચારે કે 'આમાં દુઃખ લગાડવા જેવું છે શું ? ભૂતકાળનો દુઃખદ અનંતકાળ નજર સામે લાવું તો આ આપત્તિ શી વિસાતમાં છે ? કેમ કે સસ્તી ઘાસભાજીના અવતારે હું ટકાના ત્રણ શેરમાં તોલાયો છું, માટી-કીડા-કીડીના ભવમાં પગ નીચે આખો ને આખો કચરાયો છું. કૂતરા જેવા પશુના જન્મમાં કેઈ અપમાન-તિરસ્કાર પામ્યો છું, હલકા મનુષ્યના મજૂર-ગુલામ જેવા અવતારે કેઈ ટોણાં-મેણાં-ફિટકાર વેઠ્યા છે, તો એ બધાની આગળ આ શું વિસાતમાં છે ? અરે ! આજે મારી નજર સામે મોટા ભાગના મનુષ્યો પાર વિનાના અપમાન-તિરસ્કાર પામી રહ્યા છે, કરોડો પશુઓની દુર્દશા છે, અસંખ્ય ક્ષુદ્ર જંતુઓની આજના માનવ ગણાતા આગળ પણ કાંઈ જ જીવ તરીકે જાણે ગણતરી જ નથી. એના કરતાં તો હું કેટલીય સારી સ્થિતિમાં છું. ત્યાં એક નાનકડું અપમાન એ શું



મોટું દુઃખ છે ? કશું જ નહિ. ચાલવા દો કર્મના ખેલ. મારાં અશુભ કર્મ વિના તો આ કાંઈ જ બને નહિ. તો મોટો દોષ હોય તો તે અપમાન કરનારનો નહિ, પણ મારાં દુષ્કર્મનો છે. પણ એ વેઠી લેવાથી સીધેસીધાં રવાના થાય છે. તો એ સારું જ છે કે કર્મનો કચરો આવા પ્રસંગને પામીને જ ઓછો થવા સર્જાયેલો, તે ઓછો થઈ રહ્યો છે.'

**સત્ત્વ ક્યાં ખીલે છે ? :-**

વળી ખરું તો એ છે કે 'શું કરીએ ? આપણાં કર્મ એવાં,'-એવી દીનતા કરવાની પણ જરૂર નથી. અપમાન-અવજ્ઞા, દુઃખ તકલીફ વગેરે સહન કરવામાં તો આત્માના સત્ત્વવિકાસનો મહાન લાભ મળે છે. સત્ત્વ કાંઈ સુખશીલિયાપણામાં કે સુંવાળા રહી અનુકૂળતાઓ જ વધાવવામાં ખીલતું નથી. એમાં તો ઊલટું સત્ત્વ હણાય છે. એ તો હોંશપૂર્વક કઠિનાઈઓ અપનાવવામાં, સહર્ષ પ્રતિકૂળતાઓ વેઠવામાં અને દુઃખ-ત્રાસ-આપત્તિ-અપમાન, ઈચ્છાપૂર્વક ખમતા રહેવામાં જ સત્ત્વ ખીલે.

સત્ત્વની ખીલવટમાં આત્માની એવી શક્તિ વધે છે, કે જે ઉચ્ચ ધર્મસાધના અને ગુણસ્થાનકની વૃદ્ધિ સરળ કરી આપે છે. આવું કલ્યાણ સત્ત્વ જો અપમાન-અવગણના સહન કરવામાં ખીલતું જતું હોય તો તો એ તો મહાન કમાણીનો અવસર થયો, ત્યાં ખુશી થવાનું ? કે રોવાનું ? મારે રોવાની કોઈ જરૂર નથી. આવું બધું ખુશીથી ખમતો રહીને આ દુર્લભ અને મહા કિંમતી મનુષ્ય ભવ પૂર્ણ થતાં સુધીમાં તો મહાસત્ત્વ વિકાસ કરી લેવાનો.'

આ જાગૃતિમાં શું આવ્યું ? શુભ વિચારોનો ધોધ વહ્યો અને આત્મામાં શૂરાતન પ્રગટ્યું ખમી ખાવાનું ! વળી શોક-ઉદ્વેગ-દ્વેષ વગેરે દોષોની અટકાયત થઈ ગઈ ! અશુભ વિકલ્પો તો બિચારા ક્યાંય ભાગી ગયા !

**સત્ત્વની મહા જરૂર :-**

માનવ જીવનમાં સત્ત્વ ખીલવવાની બહુ જરૂર છે. તિર્યંચના ભવોમાં સહવાનું તો ઘણું મળે, પણ સત્ત્વની ખિલવટ ક્યાં રેઢી પડી છે ? કેમ કે ત્યાં સ્વેચ્છાપૂર્વક આનંદ માનીને સહવાની વાત નથી; કેમ કે તત્ત્વની સમજ નથી. પશુજીવનમાં પાપનો ઉદય છે એટલે અપમાન-તિરસ્કાર હજારો વેઠવાના; પણ સરવાળે શૂન્ય ! સત્ત્વની કોઈ કમાઈ નહિ ! કમાઈ કૂડા કષાયોના સંસ્કારોની ! ત્યારે અહીં જિનશાસન અને બુદ્ધિશક્તિ વિવેક શક્તિ મળ્યાથી સમજ અને વિવેક આવે છે, સહર્ષ સહવાનું કરીને સત્ત્વ-મહાસત્ત્વ ખીલવી શકાય છે. કર્મના ઉદયે સહન તો કરવું જ પડવાનું છે, પછી સહન કરવામાં સત્ત્વની મહાકમાણી થાય છે એમ માની કેમ આનંદપૂર્વક ન સહવું ? પૂર્વના મહાપુરુષોએ સહર્ષ સહવાનું કરીને સત્ત્વ

એવાં ખીલવ્યાં કે ત્યાં જ કેઈક તો એ સત્ત્વથી સર્વ કર્મનો ભૂકો કરી મોક્ષમાં સિધાવ્યા ! ત્યારે બીજાઓ સ્વર્ગે સંચર્યા !

ખંધકસૂરિના ૫૦૦ શિષ્ય શ્રી મુનિસુવ્રત ભગવાન પાસે રહેતાં ક્ષપકશ્રેણિ પર ન ચઢ્યા, પણ પાલક પાપીની ઘાણીમાં પિલાતાં ક્ષપકશ્રેણિ પર ચઢી ગયા. કેમ એમ ? કહો, ક્ષપકશ્રેણિમાં કર્મોનો કચ્ચરઘાણ કરવા સત્ત્વનો ઉત્કૃષ્ટ વિકાસ જોઈએ, અને તે સત્ત્વનો વિકાસ ઘાણીની કચરામણ-પિસામણ સહર્ષ સહવામાં ઊભો કર્યો. ઘાણીમાં છુંદાતાં છુંદાતાં સત્ત્વને વિકસાવતા ગયા. વિકસતા સત્ત્વે કષાયોનો નાશ કરવા માંડ્યો અને ગુણસ્થાનકની ઊંચી ઊંચી પાયરીએ ચઢાવવાનું કર્યું. તે ઠેઠ વીતરાગતા અને ઉપર સર્વજ્ઞતાએ પહોંચાડ્યા ! ત્યાં જ પછી સર્વ કર્મનો ક્ષય અને મોક્ષ થયો.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૧,અંક-૪૨,તા.૩-૮-૧૯૬૩**

ખંધકસૂરિ ચૂક્યા. સત્ત્વ ન વિકસાવી શક્યા અને અટકી પડ્યા. ધ્યાન રાખવાનું છે કે એમ તો એમણે ઘાણીમાં પિલાવાનું તો સહ્યું, પરંતુ પાલકે એમનું છેલ્લે છેલ્લે, બાળમુનિની પહેલાં પોતાને પિલવાનું, વચન માન્યું નહિ, આ પોતાના વચનની અવગણના થઈ તે સહી શક્યા નહિ. 'બસ ! આટલું ય મારું માનતો નથી ? બતાવું છું ત્યારે જોઈ લેજે !' આ ઉકળાટ થયો. પત્યું, માત્ર વચનનો અનાદર સહતાં ન આવડ્યો તો સત્ત્વ ન ખીલ્યું, કર્મ ન ખપાવી શક્યા, સંસારમાં અટકી પડ્યા.

**સ્વવચનનો અનાદર ન સહે એ ભયંકર :-**

વિચારજો પાંચસો મુનિઓને ઘાણીમાં પિલાઈ જવાની ઘોર વેદના વખતે પણ ભવ્ય નિર્યામણા કરાવી મોક્ષગામી બનાવનારા આચાર્ય ખંધકસૂરિ પોતે સત્ત્વ ગુમાવતાં સંસારે અટકી પડ્યા, અને તે સત્ત્વનાશ પણ એક માત્ર પોતાના વચનના અનાદરને ન સહી શકવાના કારણે ! આ કેટલું બધું દયાજનક ! પાલકે માન્યું હોત અને બાળમુનિની પહેલાં ખંધકસૂરિને પીલવા લીધા હોત તો કદાચ એ સત્ત્વ ખીલવી કર્મના ચૂરેચૂરા કરી મોક્ષે જાત, એમ કલ્પી શકાય; પરંતુ પેલાએ માન્યું નહિ, અવગણ્યું, એ અવગણના એમનાથી સહાઈ નહિ. બસ, તો ખલાસ ! એક નાનો અનાદર કે અપમાન સહવું નથી તો સત્ત્વ હણાશે. હણાયેલા સત્ત્વે કર્મના ભૂકા કરી રહ્યા ! નહિ કરી શકો.

બાહુબલીજીએ યુદ્ધભૂમિ પર ચક્રી ભરતની સામે વિજય હાથવેંતમાં છતાં



ત્યાં જ લોચ કરીને સંસાર ફગાવી સાધુ બન્યા. એવું સત્ત્વ ખીલવ્યું. પરંતુ હવે આગળ ? કેવળજ્ઞાની નાના ભાઈ મહારાજને જઈને વંદના કરવામાં નાનમ લાગી. આ નાનમ-લઘુતા સહી શક્યા નહિ, તો સત્ત્વ વિકસતું અટક્યું. ભલેને મહિનાના મહિના ત્યાં કાઉસ્સગ્ગ-ધ્યાને નકોરડા ઉપવાસે ઊભા, પરંતુ સત્ત્વ ખીલ્યું નહિ; કેમ કે પેલી નાના ભાઈ આગળની લઘુતા સહવી નથી. તો કર્મ જાણે કહે છે 'ઊભો રહે, સહવું નથી ને ? તો તારા સત્ત્વ-વિકાસની આડે અમે બરાબર ખડા છીએ.'

સહવાનું આવે ત્યાંથી ભાગવાનું મન થાય છે; પણ શું વિચાર આવે છે કે 'આ હું કેવો મૂર્ખ બની રહ્યો છું કે સત્ત્વવિકાસની મહાકમાઈ દેનારી સહનવૃત્તિને હડસેલી દઉં છું ?' ના, વિચાર નથી. વિચાર હોત તો શૂરવીર બની સહવા ખડા રહ્યા હોત, હોંશે હોંશે સહી લીધું હોત, સહન કરીને માન્યું હોત કે 'ધન્ય ઘડી ! આટલું સહીને સત્ત્વ કમાયો ! આમ સત્ત્વ ભેગું થતાં પરાકાષ્ઠાએ કર્મ ખપાવી વીતરાગ-સર્વજ્ઞ બની શકીશ.' પણ ક્યાં છે આનો વિચાર પણ ?

બાહુબલીજીએ લઘુતા માની લીધેલી હતી, સાચી નહિ, છતાં એવી પણ નાની લઘુતાને ન સહી શકવાથી ઉચ્ચ સત્ત્વવિહોણા ત્યાં ને ત્યાં જ બાર મહિના ઊભા રહ્યા. એ તો બેનો બ્રાહ્મી-સુંદરીએ આવી માન મુકાવ્યું અને એમને વિચાર આવ્યો કે 'અહો ! ભૂલ્યો હું ! માન-કષાય હોય ત્યાં કેવળજ્ઞાન કેવું ! જાઉં હમણાં જ જાઉં અને નાના ભાઈઓને વંદના કરું,' એમ વિચારી લઘુતા સહી-અપનાવી તો જ ત્યાં સત્ત્વ ઊછળ્યું, ને પગ ઉપાડતાં સત્ત્વની પરાકાષ્ઠાએ ઘનઘાતી કર્મોનો છૂંદો કરી નાખ્યો ! કેવળજ્ઞાન પામ્યા !

એક લઘુતા નહિ સહી શકવી, કે વચનની અવગણના ન સહન થવી, એ જો સત્ત્વને ખીલતું અટકાવે, તો પછી રકમબંધ વાતો સહન ન કરી શકીએ તો કઈ દશા ? માટે સમજો કે સત્ત્વને વિકસાવનારું સહન-કરવાનું મળે એ સહર્ષ સહીએ એમાં તો આપણે ગુમાવતા નથી, ન્યાલ થઈએ છીએ. એ તો પરલોકના સાવ અજ્ઞાન મૂઢ માણસોના હિસાબ છે કે 'એવા ખોટા શાના દબાઈ જઈએ ? ઠોંસાનો જવાબ ઠોંસાથી આપવો જોઈએ. અપમાન કરનારને રોકડું પરખાવી જ દેવાય...' આ હિસાબ ખોટા એટલા માટે છે કે એમાં સહર્ષ સહન કરવાનું તો દૂર રહ્યું. ઊલટું 'સહન કરીએ તો સારું' એટલું માનવાનું પણ નથી. એટલે જ ઊકળી ઉઠાય છે; પણ એ તામસીવેડા છે, તામસભાવની બોલબાલા છે, સત્ત્વની છાયા ય નથી.

સત્ત્વ તો જ ખીલે કે જો સહન કરવાનું સહર્ષ વધાવાય. જો સત્ત્વવિકાસની

મહાકમાઈ થાય છે એ વિચારથી આપત્તિ આનંદપૂર્વક સહાય, પછી શું અપમાન-અવગણના, કે શું ગરીબાઈ, શું રોગવ્યાધિ કે શું બીજાં દુઃખ, એને સત્ત્વવર્ધક માની સહન કરવામાં આવે, તો ત્યાં મન શુભ ભાવની જાગૃતિમાં છે; અશુભ વિકલ્પને સ્થાન નથી.

**કર્મહ્રાસનો શુભ વિચાર :-**

જેમ સત્ત્વકમાઈના હિસાબથી શુભ વિચાર રહે છે, તેમ કર્મ ઓછાં થવાની ગણતરી પર પણ શુભ વિચાર રહે છે. ત્યાં વિચારવાનું એ છે કે-જેવી રીતે એ વાત નક્કી છે કે પાપ કર્મના ઉદય વિના દુઃખ આવે જ નહિ, આપણાં અશુભ કર્મનો ઉદય હોય તો જ દુઃખ આવે, તેવી રીતે આ પણ નક્કી છે કે દુઃખ આપ્યા પછી એ પાપ કર્મ ઊભાં રહે જ નહિ; એ તો ખરી જ જાય. એનો અર્થ એ, કે દુઃખ ભોગવીએ એટલાં કર્મ ઓછાં જ થતાં આવે છે. જો દુઃખ ભોગવતાં ભોગવતાં કર્મભારમાં વધતું નથી પણ ઓછું ઓછું જ થતું આવે છે તો પછી ચિંતા શી ? શોક શો ? ઉદ્વેગ શાને ? આમ વિચારવાથી અશુભ વિકલ્પો અટકે છે.

**પૂર્વપુરુષોના દુઃખનો વિચાર :-**

વળી એ વિચારીએ કે 'રામચંદ્રજી, લક્ષ્મણજી અને સીતાએ કોઈ રાજરસાલા વિના, નોકરચાકર વિના, પૈસા ટકા કે ખાનપાનના ભાતા વિના, વનવાસમાં કેવાં દુઃખ સહ્યાં હશે ? નળદમયંતીએ રાજ્યપાટ ગુમાવ્યા પછી કેવાં દુઃખ સહ્યાં હશે ? હરિશ્ચંદ્ર અને તારામતીએ કેવાં ? સનત્કુમાર ચક્રવર્તી મુનિએ વિના દવા-ઔષધે સાતસો વર્ષ સુધી ભયંકર સોળ રોગોએ કેટકેટલી પીડા અનુભવી હશે ? આપણા પ્યારા પ્રાણનાથ પરમાત્મા મહાવીર પ્રભુએ ચારિત્ર લઈ સાડા બાર વર્ષ દેવતાઈ તથા મનુષ્ય-તિર્યંચના ત્રાસ ઉપદ્રવ કેવાક સહ્યા ? એમાં વળી ઉપરથી ઘોર તપસ્યા અને ખડા ખડા કાઉસ્સગ્ગધ્યાને રહેવામાં કેટકેટલું સહ્યું ? તો પછી એ બધી પીડા, દુઃખ આગળ મારું તે દુઃખ શી વિસાતમાં છે ? ઊલટું મારે તો ઘણું સારું છે,' -આ વિચારણા પણ શુભ વિચારની જાગૃતિ છે એથી અશુભ વિકલ્પો અટકે છે.

**દુઃખ છતાં આ જીવનમાં સારું કેટલું મળ્યું છે એનો વિચાર :-**

વળી દુઃખ, તકલીફ, પરાભવમાં મન બગાડીએ છીએ પરંતુ એ જોવું જોઈએ કે એ સિવાયનું બીજું સારું કેટલું મળેલું છે ? 'હાય ! મારી લોખંડી કાયા બગડી ગઈ !' એ રોતાં આવડે છે; પણ એ જોતાં નથી આવડતું કે 'અહો ! આમ છતાં કેવા લોખંડી ભગવાન મળેલા છે ! એમનું શુભ ચિંતન કરું તો મોહ અને કર્મની ભેખડો તૂટે છે. દુનિયામાં કરોડો માનવોને જે આ ભગવાન નથી મળ્યા તે



મને મળ્યા છે ! મારું કેવું અહોભાગ્ય !' તો કાયા બગડી પણ ભગવાન તો નથી બગડ્યા ને ? પછી રોવાનું શું ? વળી કુટુંબી કોઈ વાંકો થયો તો રોતાં આવડે છે પરંતુ એ જોવું જોઈએ કે 'આમ છતાં મારો ચતુર્વિધ સંઘ મારે કેવો સલામત છે ! ગુરુ કેવા સારા આશ્વાસન-અનુશાસન કરનારા મળ્યા છે ! તો શી ખોટ છે ?' એમ કદાચ ધન ઓછું થયું ગુમાવ્યું, પણ ભગવાનનો ધર્મ તો હાજર છે જ અને ધનના કરતાં ધર્મની કેટલી બધી ઉચ્ચ કક્ષા છે ! આ જો સલામત છે તો ધનને રોવું શું ? સારું પાસે છે તે જોવું હોય તો ક્યાં ઓછું છે ?

કહો મહાવિદેહ ક્ષેત્રમાં અત્યારે વિચરતા તીર્થંકર ભગવાન છે ખરા, પરંતુ અનંતાને મુક્તિ અપાવનાર શ્રી સિદ્ધગિરિ જેવું મહાતીર્થ છે ? ના, એ તમને મળ્યું છે કે નહિ ? એકવાર એને ફરસ્યા પછી ઘેર બેઠાં પણ રોજ સવારે આંખ મીંચી એની માનસિક યાત્રા કરો તો પણ લાભ કેટલા મહાન મળે ?

**'ઘેર બેઠા પણ એ ગિરિધ્યાવે,**
**શ્રી જ્ઞાન વિમળ સુખ પાવે રે...'**

'વિમળ' પદ વચમાં પડ્યું છે એ ઊમરા પરના દીવા જેવું છે બે ય બાજુના ઓરડામાં પ્રકાશ આપે. એમ 'વિમળ' પદ બંનેને લાગે, વિમળ એવું જ્ઞાન કેવળજ્ઞાન, અને વિમળ એવું સુખ મોક્ષસુખ આ મળે છે ! શાથી ? ઘેર બેઠા પણ શ્રી સિદ્ધગિરિ ધ્યાવવાથી. શી રીતે ધ્યાવવાનું ? એ રીતે, કે જાણે આપણે વિમળાચળની તળેટીએ પહોંચી ગયા, સામે મહાન ગિરિરાજ દેખાય છે, નમસ્કાર કરી ઉપર ચઢ્યા... આ બાબુના દેરામાં સૌમ્યમૂર્તિ શ્રી આદીશ્વરદાદા, પાસે સહસ્રફણા પારસનાથ બહાર અને પ્રદક્ષિણામાં બસ ભગવાન જ ભગવાન ! કેવા સુંદર વીતરાગભાવનાં બિંબો !...બારીમાંથી બહાર નીકળ્યા, ઉપર ચઢતાં, ઉપર ચઢતાં ચઢતાં,...આ પહેલો હડો,...બીજો હડો, ત્રીજો...આ કુંડ,...આ પગલિયાં...એમ ચઢતાં ચઢતાં હનુમાનના હડેથી જમણા વળ્યા, પહોંચ્યા નવ ટૂંકમાં...એકેક ટૂંક ફરસવા માંડી...આ નરસીનાથાની ટૂંક...આગળ ભરત મહારાજ મરુદેવા માતાને સમવસરણ તરફ લઈ જાય છે,...આ ચૌમુખજીની ટૂંક, કેવાં સુંદર ચારે બાજુએ ઊંચી ઊભણીનાં મનોહર બિંબ...પાછળ પાંચ પાંડવ...આગળ અજિત-શાંતિ...એમ બધે દર્શન કરતાં કરતાં, દરેક દરેક ભગવાનની મુખમુદ્રા જોતાં જોતાં 'નમો જિણાણં' 'નમો જિણાણં' ઉચ્ચારીએ...પછી આ ઉજમબાઈની ટૂંક,...હેમાભાઈની,... મોદીની,...બાલાભાઈની,...આ મોતીશાની,...નરસી કેશવજીની,...છેવટે દાદાની ટૂંક, ત્રણ પ્રદક્ષિણામાં કેવાં સુંદર સુંદર બિંબોનાં દર્શન...અહો ! આ મોટા આદેસર દાદા ! ધન્ય જીવન ! ધન્ય યોગ ! ધન્ય પ્રભુ !...' આમ માનસિક યાત્રામાં

ચઢ્યા, દર્શન-વંદન-સ્તુતિ-પૂજા-ચૈત્યવંદન-સ્તવન-બધું મનોગત કર્યું, અદ્‌ભુત લાભ ! ગમે તેવા દુઃખની સામે પણ આ ઉચ્ચ પ્રાપ્તિ હાજર જ છે, અને એની આગળ દુઃખ-તકલીફ-અગવડ તો તુચ્છ છે; એનાં રોદણાં શાં ?

સારું મળેલામાં કાંઈ એક સિદ્ધગિરિ જ છે ? ના, બીજાં તીર્થો-જિનમંદિરો, શાસ્ત્રો, નવકાર મહામંત્ર, અરિહંતાદિ નવપદ, અર્હદ્‌ભક્તિ-સામાયિક-વ્રતનિયમો, વગેરે કેટલું ય અચ્છું અચ્છું મળેલું છે. અરે, એકમાત્ર અનિત્યભાવના વગેરે શુભ ભાવનાઓની સુલભતા વિચારો, તો તે ય કેવી ઉમદા વસ્તુ મળી છે ! આની કદર નથી, આની હૂંફ નથી, આના પર આનંદના ઉછાળા નથી એટલે નાનકડા દુઃખ ઉપરે ય ઝટ રોદણું કરાય છે ! આ તો પેલી ભીલડી જેવું છે.

**ભીલડીનું દૃષ્ટાન્ત :-**

એક રાજાને દીવાન સાથે વિવાદ પડ્યો-

દીવાન કહે 'જાત તેવી ભાત પડે.'

રાજા કહે 'ના, એવું કશું નહિ, જાત હલકી હોય છતાં સંયોગ કેળવણી સારી આપીએ તો તે ઉત્તમ બને.'

દીવાન કહે છે 'મહારાજ ! આ જગતમાં જુઓ, કાચ પર ગમે તેટલું સંશોધન કરો, છતાં એ હીરો નથી બનતો. સૂતર ઉપર ગમે તેટલી કેળવણી કરો પણ એનું કાપડ રેશમી કાપડ જેવું મુલાયમ સુંવાળું નહિ થાય.'

રાજા કહે 'એ તો જડ વસ્તુ છે.'

દીવાન કહે- 'અરે ! જીવમાં જુઓ, ગધેડાને ગમે તેટલી કેળવણી આપો, તો ય તે ઘોડા જેવો ચાલાક અને શાણો નહિ થાય.'

રાજા કહે છે, 'પણ એ તો અજ્ઞાન પશુ છે.'

દીવાન- 'જંગલી ભીલને ગમે તેટલી કેળવણી આપો છતાં એ ખાનદાન રાજપુત્ર જેવો હોશિયાર અને વિવેકી નહીં બની શકે.'

ત્યારે રાજા કહે છે, 'દીવાનજી ! એ વાત રહેવા દેજો. અવસરે હું તમને બતાવી આપીશ.'

'વારુ મહારાજ !' કહી દીવાને ટૂંકે પતાવ્યું; કેમ કે આમેય સામાન્ય માણસને પણ આગ્રહની પકડ હોય છે, તો આ તો રાજા ! દુરાગ્રહ એમ ન છોડે. માટે ખોટી ખેંચ નકામી.

એકવાર રાજા જંગલમાં ગયેલ, ત્યાં એક ભીલડી જોઈ, પેલું દીવાનને બતાવી આપવાનું યાદ કરે છે, અને ભીલડીને રાજરાણી બનાવવાની મોટી મોટી લાલચ આપી રાજમહેલમાં લઈ આવે છે. લાવીને રાણીઓને હુકમ કરે છે કે આને નવરાવી



કરી ઊંચામાં ઊંચાં કપડાં પહેરાવીને તથા હીરામાણેકના દાગીનાથી શણગારી લાવો.'

રાજાનો હુકમ, એટલે રાણીઓએ તરત તહત્તિ કરી ભીલડીને રાજાએ કહ્યા પ્રમાણે તૈયાર કરી ઠઠારી-મઠારીને રાજા પાસે હાજર કરી.

હવે રાજા કહે છે, 'જુઓ, આ આજથી પટ્ટરાણી છે. તમારે બધીઓએ એની બરાબર સેવા કરવાની છે. એને બધી જાતનો વિવેક, શિક્ષણ આપવાનું, એની બધી આજ્ઞા ઉઠાવવાની, બધી વાતે સન્માનપૂર્વક એની સગવડ પહેલી સાચવવાની. આમાં જો ફેર પડ્યો છે, તો સમજી રાખજો મારા જેવો ભૂંડો બીજો કોઈ નથી.'

રાણીઓને આશ્ચર્ય તો થયું કે રાજા આજે આમ કેમ કરે છે. ભીલડી તે વળી મહારાણી ? પરંતુ બધી જાતવાન છે, ખાનદાન છે, વિનયવાળી છે, એટલે રાજાના હુકમ પ્રમાણે બધું બજાવે છે. ભીલડીને મહારાણી તરીકે સન્માને છે, સરભરા કરે છે, અને એક પ્રકારની શિખામણ સલાહ સૂચના આપે છે; વિવેક-વિનયના પાઠ ભણાવે છે.

દિવસો પસાર થઈ ગયા હવે રાજા મનમાં ખુમારી અનુભવે છે કે ભીલડીને કેવી રીતે સરસ ઘડી હોશિયાર બનાવી. મનને થાય છે કે દીવાનને હવે દેખાડું કે જુઓ જાત વિના પણ ભાત પડે છે કે નહિ ? એટલે દીવાનને લઈને એક વાર એ મહેલમાં આવે છે.

ભીલડી રાણી શિખવાડ્યા મુજબ ઊભી થઈ સત્કાર કરે છે 'પધારો.' રાજા અને દીવાન કોચ પર બેસે છે. રાજા એનો વિવેક જોઈ ખુશ થાય છે, એટલે એની સાથે હસી ખીલીને વાત કરે છે. વાતવાતમાં રાજાએ ભીલડીને પૂછ્યું 'કેમ, કહો જંગલ કરતાં અહીં કેટલી બધી મઝા છે ! તમારાં તો ભાગ્ય ખૂલી ગયાં ! બોલો હવે કોઈ વાતની કમી છે ? કહો, આ અહીં દાગીના બરાબર ને ?'

રાણી ભીલડી કહે છે, 'શું બરાબર ?'

'કેમ વળી ?'

'એમ જ, આ તમે હીરાના તો દાગીના આપ્યા, પણ પેલાં ઘાસનાં ગૂંથેલાં બલૈયાં ક્યાં આપ્યાં ?'

રાજા જરા ચમક્યો કે આ આવું કેવું બોલે છે ! દીવાનને શું લાગશે ? ખરે, બીજું પૂછું. પૂછે છે.

'એ તો ઠીક, પરંતુ આવી સોનેરી જડી ટીકી ટાંકેલી રેશમી સાડીઓ વગેરે તો મજેનું ને ?'

પેલી કહે છે, 'એકલી એને શું કરે ?'

'ત્યારે શું જોઈએ ?'

'જોઈએ ? પેલા ચણોઠી ટાંકેલા બદનિયા વિના શું શોભે ?'

રાજા આ સાંભળી ઝંખવાણો પડે છે પણ ડૂબતો તરણું પકડવા જાય એમ ફરી એક પ્રશ્ન પૂછે છે,-

'કહો, એ તો ઠીક, પણ ખાવાપીવામાં કેમ છે ?'

ભીલડી અહીં પણ ઝળકે છે,- 'કેમ શું ? એમ તો ઘેબર ને ખાજાં ને ગુલાબ જાંબુ, બધું ય મળે છે ખરું, પણ પેલાં બોરડીનાં ખાટાં ખાટાં બોર ક્યાં મળે છે ?'

રાજાના મોતિયા મરી ગયા; ચૂપ થઈ ગયો ! એટલે હવે દીવાન કહે છે, 'કેમ સાહેબ ! જાત તેવી ભાત પડે એ બરાબર ને ? કે જાત વિના ય ભાત પડે ખરી ?'

રાજા શું બોલે ? પણ ન્યાયી હતો, કબૂલ કર્યું 'દીવાનજી ! તમારી વાત સાચી, જાત તેવી જ ભાત પડે.' ભીલડીને કહી દે છે કે 'તમારી વાત સાચી તો હવે એમ કરો અહીં તો તમને આ લોકોએ ખાટાં ખાટાં બોર ને ચણોઠી ટાંકેલ બદનિયા વગેરે કાંઈ નહિ લાવી આપે. માટે સુખેથી જંગલમાં પધારો, ત્યાં એ બધું મળશે.' કપડાં ઊતરાવી એનાં જૂના કપડે એને માણસ સાથે જંગલ ભેગી કરાવી.

**અયોગ્ય કરતાં યોગ્ય પર મહેનત કરો :-**

રાજાના કોડ ઊતરી ગયા. એને સચોટ લાગ્યું કે અયોગ્યના ઉપર મહેનત કરવી નકામી છે. એમાં તો ઊલટું આપણી શક્તિ, સંપત્તિ અને સમયનો અપવ્યય થાય છે. પાછળથી ભોંઠા પડવાનું અને પશ્ચાત્તાપ કરવાનું બને છે. એના બદલે જો પાત્ર ઉપર કે યોગ્ય સ્થાને એ વ્યય કર્યો હોય તો લેખે લાગે છે, ઊગી નીકળે છે.

**ખોટા અભિમાનમાં ભોંઠા પડે :-**

પણ માણસને કેટલીક વાર અભિમાન થઈ જાય છે કે 'ફલાણાને હું કેમ ન સમજાવી શકું ? એમાં શું મોટી વાત છે ? મેં ઘણાને સમજાવ્યા છે, તો આને પણ આમ સમજાવી દઈશ. આને ન સમજાવી શકનારા પોતે જ માલ વિનાના છે, એમનું શું ગજું ? મારી તો આવડત છે, એટલે ગમે તેવાને સમજાવવામાં શો વાંધો આવે ?...' -પણ આવું અભિમાન ખોટું છે, કેમ કે **કાર્યમાત્રમાં ઉપાદાન એક મોટું કારણ છે,** અને એ અયોગ્ય હોય તો કાર્ય ન બની શકે. તે યોગ્ય ન હોય તો એકલું નિમિત્ત ગમે તેવું બળવાન પણ શું કરે ? તીર્થંકર ભગવાનની પણ દેશનાથી અભવ્યને બોધ નથી થતો. એટલે અહીં અભિમાન રાખીને કપાતરને સમજાવવા જાય છે, ત્યાં બહુ પ્રયત્ને પણ પેલો નહિ સમજવાથી આ અભિમાની ભોંઠો પડે છે; અભિમાન ખોટું ઠરે છે.



**પ્રશસ્ત અભિમાન :-**

ખરી રીતે, અભિમાન કરવું હોય તો ખોટા અભિમાનની સામે કરાય કે 'હું કાંઈ ખોટું અભિમાન કરું નહિ; મારા જ્ઞાનીઓએ ના પાડી છે તો હું શાનો ખોટો ગર્વ રાખું ?' -આ પ્રશસ્ત અભિમાન હોય તો ખોટા અભિમાનથી બચી જાય. અસ્તુ.

રાજાએ ભીલડીને કાઢી મૂકી; કેમ કે એનામાં રાજાએ આ જોયું કે ઉત્તમ વસ્તુઓ એને આપવા છતાં એણે હલકટ વસ્તુ ન મળવાનાં રોદણાં રોયાં. મેવા-પક્વાન્ન મળ્યા છતાં ખાટાં બોર ન મળ્યાની, રેશમી જરિયાન વસ્ત્ર મળ્યા છતાં ચણોઠી-ટાંકેલ બદનિયું ન મળ્યાની, તેમજ હીરામાણેકના દાગીના મળ્યા છતાં ઘાસનાં ગૂંથેલાં બલૈયાં ન મળ્યાની ફરિયાદ કરી. આ પરથી રાજાએ ભીલડીની હલકટતા એમ જ ઊભેલી જોઈ એની પાસેથી બધું સારું આપેલું પડાવી લઈ જંગલમાં રવાના કરી દીધી.

**જીવનાં તુચ્છ રોદણાં :-**

ત્યારે આપણા જીવની દશા વિચારવા જેવી છે કે એને ઉત્તમ દેવાધિદેવ, એમનું ધર્મશાસન તીર્થો, શાસ્ત્રો, સંઘ, નવકારમંત્ર, સામાયિકાદિ અને બીજી કેટલીય પુણ્યાઈ ખાનપાન વગેરેની મળ્યા છતાં એ બધાની આગળ તુચ્છ જેવી વસ્તુ ન મળ્યાની ફરિયાદ કર્યા કરે છે. 'મને ફલાણા બોલાવતા નથી, પત્ની અભિમાની છે, છોકરો એની માને જ જુએ છે, કપ્તું રાશિ નીકળ્યું, મોંઘવારી વધી ગઈ, ગરમી બહુ પડે છે, શરીર બરાબર ચાલતું નથી.' આવી આવી તો કેટલીય મુફલિસ ફરિયાદો કર્યા કરે છે. વાતવાતમાં મનને ઓછું આવે છે. શું આ રાજ-રાણી બની બેઠેલી જંગલની ભીલડી જેવી દશા નથી ? સારું, ઘણું સારું, કેટલું ય મળેલું મોજૂદ છતાં એની કદર નથી, અને તુચ્છનાં રોદણાં રોવાં છે ! આ કઈ અક્કલ ? કઈ બુદ્ધિમતા ?

**જુદાં જુદાં નરસામાં સારાં તત્ત્વ :-**

જીવને કોણ સમજાવે કે 'અલ્યા મૂરખ ! શરીર બરાબર નથી ચાલતું રુએ છે, પણ એ તો જો કે એમ છતાં જનાવરના તગડા શરીર કરતાં એ કેટલાગુણાં ઊંચાં કામ આપે છે ? છોકરો એની માને જુએ છે પણ છતાં તારા કામમાં આવે છે કે નહિ ? પત્ની અભિમાની છે, ખરી વાત પરંતુ તારું ઘર ચલાવે છે કે નહિ ? મોંઘવારી વધી ગઈ, છતાં પણ ભૂખ્યો તરસ્યો તો નથી સૂતો ને ? ફલાણા બોલાવતા નથી, પણ બીજા તો બોલાવનારા છે ને ? કદાચ ઘરના માણસ તારી સાથે બહુ બોલતા ન હોય તો તને એટલું રાગનું પાપ ઓછું પોષાશે ને ?'

**સહન કેમ થાય ? :-**

જીવનમાં જોવું હોય તો સારું તત્ત્વ જ નથી ? અરે, ખરાબ બનેલામાં પણ સારું તત્ત્વ છે; તે સિવાય પણ સારું કેટલું ય છે. એના પર બરાબર નજર રાખે તો કેટલું ય બગડેલું રોવાની વાત ન રહે. પણ ખરી વાત એ છે કે બગડેલું સહન કરવાનું સત્ત્વ નથી, એટલે વાતવાતમાં રોદણાં રોવાય છે; તુચ્છ વસ્તુનાં રોદણાંમાંથી ઊંચા અવાતું નથી.

આત્મહિતની સારી સાધનસામગ્રી મળ્યાનો મહા આનંદ ઊભો રાખી તુચ્છ જડનું બગડ્યાને સહન કરવાનું કરતા રહેવાય, તો એ સહન કરેલું સત્ત્વને ખીલવે છે; અને એમ સત્ત્વને ખીલવતાં ખીલવતાં એવી સ્થિતિ આવીને ઊભી રહે છે કે પછી સહન કરવું એટલે રમત વાત; સહેલું સરળ કામ બની જાય છે.

બાકી તો જો રોદણાં જ રોયા કરવાં છે, તો પછી એની જ ખોટી ચિંતાઓ અને ખોટી ગડમથલ મન અને તનને એવા પકડી રાખશે કે મળેલી ધર્મની આરાધનાની સામગ્રીને લેખે નહિ લગાડાય; લગાડવા માટે તન-મન તૈયાર જ નહિ હોય; અને કદાચ કાંક મામૂલી પુરુષાર્થ થશે તો તે તનનો, પણ મનનો નહિ; મન તો પેલી હોળીમાં પડ્યું હશે.

માટે રોદણાં ન રોવાં હોય તો બીજું સારું મળ્યા તરફ જ દૃષ્ટિ રાખો; એની જાગૃતિ રાખો. પશુ-પંખીની સ્થિતિ તો જુઓ. પંચેન્દ્રિય છે, મનવાળા છે, છતાં એ મનથી શત્રુંજયને સ્મરવાનું, નવકાર યાદ કરવાનું, સારી વૈરાગ્યની કે ધર્મની ભાવના ભાવવાનું એની પાસે ક્યાં છે ? એને તો દુઃખનાં રોદણાં છે. માનવભવે પણ એ જ પશુની દુર્દશા ? જાગૃતિ ને શુભમાં આત્માને ઉપયોગ રાખવાનો આ ભવ છે એ ન ભૂલો.

**સ્વાધ્યાયમાં ઉપયોગની સુલભતા :-**

આ તો જીવનના વિવિધ પ્રસંગોમાં જાગૃતિની અને ઉપયોગની વાત થઈ. હવે ધર્મની આરાધનામાં ઉપયોગનું મહત્ત્વ જુઓ. સાધુ જીવનમાં રોજની ચર્ચામાં સ્વાધ્યાયને બહુ મોટું સમય-પ્રમાણ આપ્યું છે. એનું કારણ, સ્વાધ્યાયના વિવિધ વિષયોમાં આત્માની જાગૃતિ સારી રહી શકે છે, એમાં જે લક્ષ ન રાખે એવા રેઢિયાળ આત્માની જુદી વાત, બાકી આરાધક આત્માને એમાં સારું ધ્યાન રહે છે. એટલો બધો સમય જો ક્રિયાઓ હોત તો એમાં અખંડ ઉપયોગ રાખવો કઠિન પડત. જાપ, પ્રતિક્રમણ વગેરેમાં આ અનુભવ છે ને કે ચિત્ત ચંચળ એમાંથી બહાર છટકી જાય છે ! ત્યારે સ્વાધ્યાયમાં નવું નવું જાણવા સમજવાનું છે એટલે ચિત્તને એ બાંધી રાખે છે, ચિત્તનો ઉપયોગ જાગતો રાખવો પડે છે, ખપી આત્માને સહેજે



ઉપયોગ જાગતે રહે છે.

**ક્રિયામાં ભાવનું ભારે મહત્ત્વ :-**

અલબત્ત આનો એ અર્થ નથી કે બીજી ક્રિયાઓમાં ચિત્તનો ઉપયોગ ન રહે તો ચાલે, ત્યાં પણ ચિત્તને બરાબર જાગતુ રાખતું જ જોઈએ. નહિતર શાસ્ત્ર કહે છે કે 'अणुवओगो दव्वं,' -ક્રિયામાં ચિત્તોપયોગ ન હોય એ ક્રિયા દ્રવ્યક્રિયા બને છે, પ્રાણ વિનાની શુષ્ક ક્રિયા. ભાવ એ પ્રાણ છે અને ભાવ ચિત્તના ઉપયોગથી આવે છે. મન જ બીજે રખડતું હોય કે શૂન્ય હોય તો ક્રિયામાં આત્માનો ભાવ ક્યાંથી પુરાય ? આત્માના ભાવમાં ક્રિયા શી રીતે ઊતરી શકે ? માટે, ધર્મની આરાધનામાં ભાવ પૂરવા હોય તો એમાં ચિત્તનો ઉપયોગ જાગતો જોઈએ. એના વિના તો જે ક્રિયા થાય તે, ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજ કહે છે કે, ઘાણીના બેલની ફરવા જેવી ક્રિયા થાય, જેમાં એ બિચારો આખો દિવસ ચાલ ચાલ કરે, પણ સાંજે ક્યાં ? તો કે ઠેરનો ઠેર ઘાણી પાસે જ. એટલું જો સીધી સડકે ચાલ્યો હોત તો માઈલો આગળ વધી જાત. ઉપયોગ વિનાની ક્રિયામાં એવું થાય છે. આંતરિક ભાવવિશુદ્ધિમાં એક કદમ પણ આગળ વધતો નથી.

આ કેટલું બધું શોચનીય છે કે આપણે કલાકોના કલાકો ખરચીએ એટલે સમય તો ખરચાય જ છે છતાં આત્માને બિચારાને કમાઈ કાંઈ થતી નથી ! પાછો આયુષ્યમાંથી ખરચાયેલો એટલો કાળ ગયો તે ગયો, પાછો વળવાનો નહિ, કે એને ફરીથી સુધારી શકીએ. ત્યારે શુભ ભાવનો અભ્યાસ કરવાનો આ કેવો સુંદર માનવકાળ ! એમાં વળી સહાયક કેવી સુંદર ક્રિયાઓ ! હવે એ કાળ અને એ સહાયક ક્રિયા બધું જ શુભ ભાવનો અભ્યાસ કર્યા વિના એમ જ એળે પસાર થવાનું થાય એ કેટલા દુઃખનો વિષય ?

**પુરુષાર્થકાળનો નાશ ન કરો :-**

ભૂલવા જેવું નથી કે આરાધનાનો ઉમદા પુરુષાર્થકાળ મળ્યો છે, એનો નાશ કરવાની ભયંકર ભૂલ ન થાય. હરઘડી જાગૃતિ રહેવી જોઈએ, ધગશ જોઈએ કે 'કેમ હું આવા સુંદર પુરુષાર્થકાળની પ્રત્યેક ક્ષણનો લાભ ઉઠાવું ! એક ક્ષણ પણ નકામી ન જવા દઉં ! જગતમાં ઋદ્ધિ-સંપત્તિ બધું મળે છે, આરાધનાનો પુરુષાર્થકાળ ક્યાં મળે ? વીતરાગ પ્રભુના ધર્મશાસન સાથેનો બુદ્ધિસહિત આવો પુરુષાર્થકાળ મળવો એ તો અથાગ ભાગ્યોદય પ્રગટાવવાની એંધાણી છે, મૂડી છે. મોટમોટા રાજામહારાજા અને શેઠ-શાહુકારોએ પણ વૈભવવિલાસના ભોગવટા વિસારી આરાધનાના પુરુષાર્થ-સદુપયોગ કરી લેવા કમર કસી છે, જબરદસ્ત પુરુષાર્થ અજમાવી ત્યાગ, તપસ્યા, વ્રત-નિયમ, જ્ઞાન-ધ્યાન-અનુષ્ઠાન, વગેરે સાધતાં મહાન આત્મ-

જાગૃતિપૂર્વક શુભ ભાવની ગજબ કોટિની વૃદ્ધિ કરી છે.'

જુઓ મહાન રાજા કુમારપાળ રાજ્ય પામ્યા પૂર્વે કઈ સ્થિતિમાં હતા ? અને ગુરુ શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજના પુણ્ય સમાગમે વીતરાગ પરમાત્માનું શાસન પામ્યા પછી કેટલું ગજબ પરિવર્તન !! શાથી ? શાસન પ્રાપ્તિથી આરાધનાના પુરુષાર્થકાળનું મહામહત્ત્વ સમજ્યા, ભડક્યા કે 'અરે ! આ પુરુષાર્થકાળ તો વહેતો ચાલ્યો ! જોતજોતામાં પૂરો થઈ જશે. જો એની પળપળનો ઉપયોગ ન કરી લઉં તો ભવાંતરે મારું શું થાય ? અહીં પુરુષાર્થકાળ મળવા છતાં એને વેડફી નાખું, એને સફળ ન કરી લઉં, તો પછી ભવિષ્યમાં મને ફરીથી આવો પુરુષાર્થકાળ મળવાની લાયકાત જ ક્યાં રહે ?' સમજીને મંડી પડ્યા ! કેવા ? ભલે જુદી જુદી આરાધનાના કાળ અમુક અમુક, પણ શુભ ભાવ તો ચોવીસે કલાક !

આ બહુ મહત્ત્વની વસ્તુ છે. દેવદર્શનાદિ ક્રિયારૂપ ધર્મ ચોવીસે કલાક ચાલુ નથી રહેતો, તો પછી પ્રશ્ન એ રહે કે

જેટલા કલાક એ બધી ધર્મક્રિયા નથી, એટલો સમય એ શું પુરુષાર્થકાળ નથી ? જો નથી તો આખો ય માનવજીવનકાળ એ આરાધનાનો પુરુષાર્થકાળ ક્યાં રહ્યો ? અને જો છે તો બાકીના કાળમાં પુરુષાર્થ કયો ?

આ પ્રશ્નનો ઉત્તર આ છે કે પહેલી વાત તો એ છે કે બાહ્ય ક્રિયા કરવા માત્રથી પુરુષાર્થ પતી જતો નથી, કિન્તુ માનસિક શુભ પુરુષાર્થ કરવાનો બાકી રહે છે. તે પણ ક્રિયાની સાથે જ ચાલવો જોઈએ. એ પુરુષાર્થમાં શું કરવાનું ? આ, કે ક્રિયામાં બરાબર ચિત્તના ઉપયોગની સાથે, એ ક્રિયાને અનુરૂપ માનસિક શુભ ભાવ પણ ક્રિયાની સાથોસાથ જાગતો જોઈએ. જેવી ક્રિયા તેવો શુભ ભાવ.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ''  વર્ષ-૧૧,અંક-૪૩,તા.૧૦-૮-૧૯૬૩**

### ક્રિયાને અનુરૂપ શુભ ભાવ :-

દાખલા તરીકે ક્રિયા પ્રભુની પૂજા, પ્રભુના ગુણગાન યા પ્રભુના નામસ્મરણની છે તો ચિત્તમાં ભક્તિની છોળો ઊછળે; પૂજા-ગુણગાન-સ્મરણ માટે આવા મહાન પ્રભુ મળ્યા એ બદલ ચિત્ત ગળગળું થઈ જાય; પીગળી જાય, જાણે પોકારે 'વાહ પ્રભુ ! તારો કેટલો બધો ઉપકાર કે તું મને મળ્યો ! તું કેવો ગુણભંડાર કે ઈન્દ્રો અને મોટા ભેજાબાજ પણ ગદ્‌ગદ થઈને તને ભજે ! મારા નાથ ! મારાં તન-મન-ધન બધું તને સમર્પિત છે. તું જગતનો તારણહાર, દીન દુઃખીનો દિલાસો, મોટી નરકની ભઠ્ઠી સુધીનાં દુઃખોને પણ તું મિટાવનારો છે !...'પ્રભુ પર અથાગ સ્નેહ,



અદનો સેવકભાવ. અમાપ બહુમાન, ઊભરાતી શ્રદ્ધા, અનુપમ આદરભાવ વગેરે ઝળકતા બની જાય, એ ભક્તિભાવ મનમાં જાગતો રહે.

ત્યારે જો ક્રિયા ગુરુવંદનની છે, ગુરુ પ્રત્યેના વિનયની છે, તો મન ગુરુના નિઃસ્વાર્થ અમાપ ઉપકારને લક્ષમાં લાવી આગળ કૃતજ્ઞભાવ અનુભવતું હોય. કૂવામાં પડેલા અંધાને બહાર કાઢી દિવ્યદૃષ્ટિ આપનારના જેવા ગુરુ લાગે, અને એ ઉપકાર મળવા બદલ ભારે આનંદ અનુભવે. ગુરુના સર્વાંશે ગુલામ જેવી નમ્રતા અને આજ્ઞાધીનતાનો ભાવ ઊછળતો રહે.

એમ, ક્રિયા જો પાપ આલોચવાની, પાપનું પ્રતિક્રમણ કરવાની ચાલતી હોય તો મન એ પાપ થઈ જવા બદલ અનહદ સંતાપ-પશ્ચાત્તાપ અનુભવતું હોય, પાપ પ્રત્યે અને પોતાની પાપી જાત પ્રત્યે ફિટકાર-તિરસ્કાર-જુગુપ્સા ઊભરાય. એક ખૂની બચવા માટે જે કકળતા દિલે ગુનાનો ઈકરાર કરે તેવું કકળતું મન રાખે. મનને સચોટ ભાસે કે હવે ફરી આ પાપ કરું નહિ.

એવી રીતે ક્રિયા જો સુપાત્રદાનની હોય તો મન મુનિના અહિંસાદિ મહાન ધર્મ તથા ક્ષમાદિ મહાન ગુણોની ભારે અનુમોદના ભર્યું અને મુનિ દાન સ્વીકારવાનો જે ઉપકાર કરે છે તેથી ભારે આભાર વ્યક્ત કરતું બને. ત્યારે જો સાધર્મિકભક્તિની ક્રિયા હોય તો એમના પ્રત્યે ભારે પ્રીતિ, આનંદ મનમાં ઊભરાય અને ભક્તિનો લાભ આપવા બદલ મન એમનો બહુ આભાર માને. તે સિવાય બીજા યાચક-ભિખારી વગેરેને દાન દેતાં પણ મન આ માને કે 'આ મારા પર દાન દેવરાવવાનો કેવો મહાન ઉપકાર કરી રહ્યા છે ! મારી ચીજ કેવી લેખે લાગી રહી છે ! એનો ભારે હર્ષભર્યો સંતોષ અનુભવે.'

ક્રિયામાં જો બ્રહ્મચર્ય હોય તો મન વિષયો પ્રત્યે ભારે સૂગ અનુભવે. જો તપ હોય તો આહારની સંજ્ઞા પ્રત્યે ઘૃણા અનુભવતું હોય. જો સામાયિક હોય તો સંસારના આરંભ-પરિગ્રહ વગેરે તથા મોહાંધ સંબંધો પ્રત્યે મનને ભારે અભાવ હોય, અરુચિ હોય.

મનના આવા ભાવ સાથે બધી ય ક્રિયામાં મનને સુકૃત કરવાનું મળ્યા બદલ અત્યંત હર્ષ હોય. એનાથી જ જીવન ધન્ય બનતું લાગતું હોય.

હવે જુઓ કે પુરુષાર્થ જ્યારે કેવળ બાહ્ય ધર્મક્રિયાનો નહિ, કિન્તુ સાથે સાથે માનસિક શુભ ભાવનો પણ કરવાનો છે, અને તો જ તે ક્રિયા સફળ થાય છે, ભાવની ઉચ્ચતાના પ્રમાણમાં ઊંચા લાભ આપે છે, એટલે કે શુભ ભાવનું બહુ મહત્ત્વ છે, ત્યારે ધર્મક્રિયા સિવાયના કાળમાં પણ પુરુષાર્થ શુભ ભાવનો રાખ્યા કરવો જોઈએ. સંસારની તે તે કાર્યવાહીમાં મન ન બગડે, રાગ-દ્વેષના સંકલેશવાળું

ન થાય, સ્વાર્થભાવના, મમતા, ઈર્ષ્યા, વૈર-વિરોધની ગાંઠ વગેરે અધમ ભાવવાળું ન બને, એનો સાત્ત્વિક પુરુષાર્થ જાગતો રાખવો જોઈએ. એ માટે ચિત્તને વૈરાગ્યભાવથી ભર્યું ભર્યું રાખવું; જીવો પ્રત્યે દ્વેષ નહિ પણ દયાભાવથી લચબચતું રાખવું; સેવા પરોપકારની ભાવનાવાળું સેવા-પરોપકારથી કૃતાર્થ બનવાની લાલચવાળું રાખવું, અને ગુણસંપત્તિ ભેગી કરવાની તત્પરતાવાળું રાખવું, આ બધાનો માનસિક પુરુષાર્થ સતત ચાલુ રહી શકે. અને આ જો હોય તો સંસારનાં કાર્યો વચ્ચે પણ સુકૃતના બાહ્ય પુરુષાર્થ થતા જાય.

મોંઘેરી પુરુષાર્થ-શક્તિ અને આરાધનાના મોંઘેરા પુરુષાર્થકાળને લેખે લગાડવા છે ? તો આ રીતે પ્રયત્ન ચાલુ ને ચાલુ રાખો. આ માનવભવમાં પ્રાપ્ત થયેલ મહાકિંમતી પુરુષાર્થકાળ ઊગી નીકળશે. દીર્ઘાતિદીર્ઘ કાળ સુધી ચાલે એવી ઉત્તમ ફળની પરંપરા નક્કી કરી આપશે.

સવાલ એ હતો કે 'ચોવીસે કલાક ધર્મપુરુષાર્થ કેવી રીતે ચાલે ?' એના ઉત્તરમાં એ જોયું કે ક્રિયા ચાલુ હોય ત્યારે પણ આંતરિક શુભ ભાવનો પણ પુરુષાર્થ જોઈએ, અને તે તો ધર્મક્રિયા સિવાયના કાળમાં ચાલી શકે. માનવજીવનનો આ કાળ કેવો સુંદર મળ્યો છે ! માનસિક પુરુષાર્થ મોજથી શુભ વિકલ્પ-વિચારોમાં ચોવીસે કલાક ચલાવી શકીએ ! અને એ પુરુષાર્થકાળનો નાશ થતો અટકાવી સફળ કરી શકાય.

દુનિયામાં જુઓ તે તે જાતના ખાસ કાળ હોય છે. તેને ચીવટથી તે તે રીતે ઉપયોગી બનાવાય છે. દા.ત. વિદ્યાર્થીને પરીક્ષાસમય આવે છે તો તે બીજું બધું ગૌણ કરી પરીક્ષા સારી રીતે પસાર કરવાની મહેનતમાં લાગી જાય છે; અને એ રીતે તે સમયનો ઉપયોગ કરી પરીક્ષામાં પાસ થાય છે. રૂના વેપારીને માગસરથી ફાગણ-ચૈત્ર સુધી વેપારની મોસમ, વેપારનો સમય આવ્યો લાગે છે, તો તેનો બરાબર ઉપયોગ કરી વેપારમાં મચી પડે છે અને બાર મહિનાની કમાણી કરી લે છે. એમ ધારાસભા વગેરેમાં મેંબર તરીકે ચૂંટાઈ આવવા માટે ઉમેદવારને ચૂંટણીકાળ આવે છે ત્યારે તેનો પૂરો ઉપયોગ કરી લેવા ચારેકોર ફરવા ભાષણો ઠોકવા, લોકોને મળવા-કરવા વગેરેમાં મચી પડે છે.

બસ આ રીતે મનુષ્યજન્મ પામેલાને આખું ય જીવન એ આરાધનાનો પુરુષાર્થ-કાળ છે, તો તેનો જોરદાર ઉપયોગ આરાધનાનો પુરુષાર્થ કરી લેવામાં કરવો જ જોઈએ. એમાં ય મુખ્ય જરૂરી શુભ ભાવને હૃદયમાં જાગતો રાખવાનો પુરુષાર્થ કરવાનો છે.

**શુભ ભાવ કેમ જળવાય ? :-**

અશુભ ભાવ દા.ત. કોઈના પર દ્વેષ, ઈર્ષ્યા યા વસ્તુ પર મૂર્ચ્છા, રાગ,



લોભ, અથવા ગર્વ દંભવૃત્તિ...વગેરે કોઈ અશુભ ભાવ જાગવા જાય ત્યાં એ વિચારવું કે શા સારું એ ઊંધું વેતરણ ? જ્યારે ક્યારે ય મોક્ષ લેવો છે તે તો શુભભાવની ખૂબ બધી ઉત્કૃષ્ટ વૃદ્ધિથી જ મળવાનો છે. હવે જો એ કાર્ય કરવું જ છે તો તો શુભ ભાવના માર્ગે આગળ ને આગળ વધવું જોઈશે. પરંતુ જેટલો અશુભ ભાવ થાય છે તેટલું એ માર્ગથી પાછું પડવાનું થાય છે. એથી તો સ્થિતિ એ થશે કે ફરીથી એ શુભ ભાવના સ્થળે આવવા બેવડી મહેનત પડશે. માણસ રણની મુસાફરીમાં માનો કે પૂર્વથી પશ્ચિમ તરફ જઈ રહ્યો છે. પંદર માઈલ આગળ વધી પણ ગયો છે. હવે સવારે ઊઠી વાદળિયા દિવસને લીધે દિશા ભૂલ્યો અને પાછો પૂર્વ તરફ ચાલ્યો, પાંચ માઈલ કાપી ય નાખ્યા પછી સૂર્ય દેખાયો કે બીજી રીતે એને ભૂલ ખબર પડી તો હવે એને પાછો ફરી પૂર્વના પંદર માઈલના સ્થળે પહોંચવા ડબલ મહેનત પડશે; ડબલ એ રીતે, કે નિસાસા અને થાકભર્યા પગલે તથા ધીમે ધીમે ચાલવાનું થશે. એમ અહીં પણ એના થાક અર્થાત્ કુસંસ્કારને લીધી હવે શુભ ભાવમાં જવાનું ધીમા અને શિથિલ વેગે થશે. તે પણ પૂર્વે મૂકેલા શુભ ભાવે પહોંચ્યા પછી જ એમાં આગળ વધવાની વાત. અશુભ ભાવ કરવામાં આવું ઊંધું વેતરણ છે; માટે શા સારુ એમાં પુરુષાર્થશક્તિને વેડફી નાખી નુકસાનમાં ઉતારવી ? અને ફરી શુભ ભાવ માટેની મહેનતને નકામી વહોરવી ? એના કરતાં અત્યારે જ મન મનાવી શુભ ભાવ ટકાવવો સારો. -આ વિચારથી એને જાળવી શકાય.

વાત આપણી પંચસૂત્રના મંગળ પર ચાલી છે. પરમાત્માને નમસ્કાર પરમાત્માના અનંત ગુણો તરફ આકર્ષાઈને છે, ત્યાં એમ થાય છે કે 'એ ભગવાન કેવા અનંતા ગુણોના સ્વામી ! અને હું કેવો અનંતા દોષોથી ભરેલ !' દોષો અનંતા કેવી રીતે ? આ બધી વિચારણા થઈ. એમાં રાજીમતીના દૃષ્ટાન્તથી રાગ કેવો નાજુક છે, અને એ મુક્તિનું વિવિધ સ્વરૂપ કેવું સમજી રાખવાનું ? એ બધું વિચાર્યું. એ વિચારવામાં શુભ વિકલ્પ કેમ ટકાવવા ? પુરુષાર્થકાળનો કેવો ઉપયોગ કરવો ? એ પણ જોયું. હવે અહીં શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ પંચસૂત્રની વ્યાખ્યા લખતાં મંગળાચરણમાં 'સત્પંચસૂત્ર' કહે છે, એ 'સત્'નો શો ભાવ છે એની વિચારણા હવે થશે.

**'સત્' એટલે ?**

અનંત ઉપકારી જિનેશ્વરદેવ ભગવાન શ્રી મહાવીર સ્વામીને પ્રણામ કરી, શાસ્ત્રકાર મહારાજ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી શ્રી પંચસૂત્ર નામના મહાન પવિત્ર શાસ્ત્ર પર વિવેચન કરતાં એ સૂત્રને 'સત્' વિશેષણ લગાડે છે. 'સત્' એવા પંચસૂત્રની સંક્ષેપથી વ્યાખ્યા કરીશ,' એમ તેઓ જણાવે છે. 'સત્' એટલે સત્ય અને

સુંદર, પ્રારંભિક દશાથી માંડી જીવનની અંતિમ સાધના સુધીનો તથા આત્માને અંતે સિદ્ધ થનારી વસ્તુના સ્વરૂપનો જે ચિતાર આ શાસ્ત્રમાં આપ્યો છે તે સત્ એટલે સત્ય અને સુંદર છે. એટલે એને કહેનાર શ્રી પંચસૂત્ર શાસ્ત્રને સત્ કહ્યું. તાત્પર્ય, અહીં કહેલ મોક્ષનો ક્રમબદ્ધ માર્ગ એ જ જગત્‌માં સત્ય અને સુંદર માર્ગ છે.

**આ સૂત્રે બતાવેલો માર્ગ સત્ય છે : સુંદર છે.**

મોક્ષનું નામ તો ઘણાય લે છે અને મોક્ષે જવાના ઉપાય તરીકે ઘણાઓ પોતાના શાસ્ત્રને આગળ ધરી એમાં કહેલ મોક્ષમાર્ગને ઓળખાવે છે; પણ ઇતરશાસ્ત્ર કરતાં અહીં વિશિષ્ટતા એ છે કે શ્રી પંચસૂત્રે બતાવેલો માર્ગ વાસ્તવિક સત્ય છે, સાથે સુંદર છે. જે માર્ગ સત્ય ન હોય ત્યાં ભૂલા પડવાનું થાય, સુંદર ન હોય તો એ લોકને આદરણીય ન બને. પંચસૂત્રમાં બતાવેલ માર્ગ સત્ય છે એટલે ભૂલા પડવાનું નથી. સુંદર છે એટલે અહીં પણ શાન્તિ અને સ્ફૂર્તિ આપે તેમ છે, ગ્રાહ્ય છે, જીવનમાં આચરી શકાય તેવો છે. 'ચાલો મોક્ષે જવાનો બીજો ઉપાય નથી, અને આ પસંદ તો નથી, પણ મને-કમને આને આદરવો.' એવું અહીં નથી; માર્ગ સુંદર છે; કારણ કે આમાં બતાવેલાં વિધિ વિધાનો, ભિન્ન ભિન્ન પ્રકારની તકેદારીઓ અને આચરણાઓ આચરવાથી આત્મા ભવિષ્યમાં મુક્તિનાં અનંત સુખો તો લેશે, શાશ્વતકાળ અનુભવશે, પણ અહીં ય એની વાનગી ચાખે છે. માટે એ માર્ગ સુંદર છે. જો આ વાત આપણને અનુભવમાં ન આવે તો એમાં સમજવું કે આપણી આચરણની ખામી છે. આ સૂત્રે બતાવેલો માર્ગ સત્ય અને સુંદર છે એમ 'સત્' વિશેષણ આપી શ્રી હરિભદ્રસૂરિ મહારાજ બતાવે છે. પાપ પ્રતિઘાતથી શરૂ કરી ઉચ્ચકોટિના સંયમ માર્ગ સુધી એવી એમાં અનેકાનેક વાતો મૂકી છે. એમાં એક વાત એવી ન મળે કે જેના પર મધ્યસ્થભાવે વિચાર કરનાર સહેજ પણ આક્ષેપ કરી શકે કે આવો તે મોક્ષ માર્ગ હોય ? -આમ તે મોક્ષ મળે ?' એવી એક વાત એમાં નહિ, કેમ કે એ સત્ય અને સુંદર વાતો છે.

શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ એમ ને એમ આકર્ષાયા હશે ? અનેકાનેક શાસ્ત્રબોધોના માંધાતા વિદ્વાન ચુસ્ત વૈદિક બ્રાહ્મણપણામાંથી જૈન શ્રમણપણામાં આવ્યા અને જૈન શાસ્ત્રો જોયાં, જૈન આચાર-વિચાર અનુભવ્યા, આવેલા હતા એક ગાથાનો અર્થ સમજવા, અને સમજ્યા હજારો ગાથાઓ સેંકડો શાસ્ત્રો ! સમજીને એવા આકર્ષાયા કે આમૂલચૂલ-પહેલેથી છેલ્લે સુધી, તેમ જ શું એક શાસ્ત્રમાં કે શું બીજાં શાસ્ત્રોમાં, અ-વિસંવાદી આત્મહિતકર પ્રતિપાદનો જોઈ નક્કી કર્યું કે સત્ અને સુંદર હોય તો આ જ છે.

**'સત્' છે એટલે કે** યથાર્થ છે, પરસ્પરમાં વિસંવાદ વિનાના છે. જેવા મુખ્ય



વિધિ-નિષેધ છે, તેવા જ આચાર-અનુષ્ઠાન છે, અને તે સંગત થાય એવા જ તત્ત્વસિદ્ધાન્તો છે. **'તપોધ્યાનાદિ કર્તવ્યમ્**-તપ, ધ્યાન વગેરે કરવાં' એ વિધિ. **'મા હિંસ્યાત્**-હિંસા ન કરવી, જૂઠ ન બોલવું...' એ નિષેધ, ત્યારે આચારમાં કોઈ જીવ ન મરે એ રીતે જોઈને ચાલવું તે ઈર્યાસમિતિ વગેરે સમિતિઓ તથા મનોગુપ્તિ વગેરે ગુપ્તિઓ : અનુષ્ઠાનમાં ષડ્ આવશ્યક-પ્રતિલેખનાદિ ક્રિયાઓ એ બધા જ વિધિ-નિષેધ સાથે સંગત થાય એવાં; વિધિ-નિષેધને પોષે એવાં.

નહિતર વિધિ બાંધે 'આત્મા વારે દૃષ્ટવ્યઃ' આત્મદર્શન કરવું; અને આચાર બતાવે 'અપુત્રસ્ય ગતિર્નાસ્તિ,-માટે લગ્ન કરવાં અને પુત્ર પેદા કરવો; નહિતર સદ્‌ગતિ ન મળે;' શું આ આત્મદર્શન સાથે સંગત છે ? આત્મદર્શનનું પોષણ કરે ? લગ્ન કરે, મનગમતું વિષયપાત્ર લઈ આવે, એટલે શું આત્મદર્શન વિકસે ? કે ચામડા-દર્શન ? વિષયક્રીડા કરે એટલે શું આત્મદર્શન વિકસે ? કે રાગ અને જડ વિષયના રસાસ્વાદ વિકસે ? પુત્ર જન્મે એટલે એના પર મમત્વ ઊભું થઈ આત્મ-મમત્વમાંથી એટલું ઘટે કે વધે ? આત્મદર્શનની ક્રિયામાં વધુ ઓતપ્રોત થાય ? કે ઊલટો હોય એમાંથી પાછો પડે ? કહો, આમાં વિધિ સાથે આ આચારને વિસંવાદ છે; માટે એ કથન સત્ નથી.

સત્ તે કે જ્યાં વિધિનિષેધને સંગત થાય એવા આચાર અનુષ્ઠાન હોય; તેમજ તત્ત્વસિદ્ધાન્ત પણ એવા જ હોય. એમાં શું શું આવે ? જીવ, અજીવ, આશ્રવ, સંવર વગેરે તત્ત્વ; અને સ્યાદ્વાદ-અનેકાંતવાદ વગેરે સિદ્ધાન્ત આનો જ અને વિધિનિષેધનો મેળ જામે છે. નહિતર તત્ત્વ તરીકે પારમાર્થિક એકમાત્ર બ્રહ્મ અને કલ્પિત અપારમાર્થિક અવિદ્યા-માયા બતાવવામાં આવે તો તેનો વિધિ 'આત્મદર્શન' સાથે કેટલા મેળમાં રહે ? કેમ કે જો શુદ્ધ બ્રહ્મ અર્થાત્ શુદ્ધ એક આત્મા જ વસ્તુ છે તો ત્યાં બીજું ભૂલી જવાનું શું ? કારણ, જ્યારે બીજી કોઈ વસ્તુ જ નથી તો પછી બીજાનાં દર્શન મૂકી આત્માનું દર્શન કરવાનું શું ? વળી કલ્પિત અતાત્ત્વિક અવિદ્યા જેવી ચીજ શું કે જે નિત્ય આત્મદર્શન રોકતું હોય ? રસ્તામાં કલ્પિત પથરો થોડો જ ઠોકર વગાડે છે !

**પ્ર.**- ઠોકર ન વગાડે પણ ઊભા તો રાખે ને ?

**ઉ.**- તે ઊભા કોણ રાખે છે ? પથરો નહિ, પથરાની કલ્પના, પથરો તો ત્યાં છે જ નહિ; આંખની ઝાંખને લીધે 'પથરો છે' એવી કલ્પના થઈ, ભ્રાન્ત જ્ઞાન થયું, તે ઊભા રાખે છે. જ્યારે અહીં તો તમે કહો છો ખુદ અવિદ્યા આત્મદર્શન રોકે છે. પણ એવી કલ્પિત અવિદ્યા કાંઈ જ ન કરી શકે.

**પ્ર.**- ભલે તેમ હો, કિન્તુ અત્યાર સુધી આત્મદર્શન નથી થયું તે તો કરવું

પડે ને ?

ઉ.- અહીં પણ તમે ભૂલ્યા ! જો આત્મા અનાદિ શુદ્ધ છે અને તે પ્રકાશસ્વરૂપ છે, તો આત્મદર્શન નથી થયું કેમ કહેવાય ? જો તમે શુદ્ધ આત્માને આત્મદર્શન થઈ શકવાનું કહેતા હો, તો તો તે અનાદિથી હોવું જોઈએ; અને જો કહો કે ના, શુદ્ધ બ્રહ્મ (આત્મા) તો નિર્ગુણ નિર્ધર્મક છે એટલે જ્ઞાનપ્રકાશ પણ એનો ગુણ કે ધર્મ નથી, તો તો પછી એને કદી ય આત્મદર્શન થઈ શકે જ નહિ. એટલે એનો પ્રયત્ન શા માટે ?

**પ્ર.**- અત્યારે ભ્રાન્ત અવસ્થા છે એટલે શુદ્ધાત્માનું દર્શન કરવાનો પ્રયત્ન કરવો પડે ને ?

ઉ.- આય ખોટું ! કેમ કે ભ્રાન્ત અવસ્થા કોને છે ? શુદ્ધ આત્માને ? ના, કેમ કે અનાદિ-શુદ્ધને ભ્રાન્તિ શી ? નિર્ગુણ-નિર્ધર્મકને તો શુદ્ધ જ્ઞાન પણ નહિ અને અશુદ્ધ જ્ઞાન-ભ્રાન્તતા પણ ન હોઈ શકે.

**પ્ર.**- શુદ્ધને ન હોય કિન્તુ અવિદ્યાથી અશુદ્ધ બનેલાને તો ભ્રાન્તિ હોય ને ?

ઉ.- ફરી પાછા ત્યાંના ત્યાં ? પહેલાં જ કહ્યું કે કલ્પિત પથરો અટકાયત ન કરી શકે કે ઊભા ન રાખી શકે તેમ કલ્પિત અતાત્ત્વિક અવિદ્યા પણ અશુદ્ધિ ન નિપજાવી શકે. માટે કહો કે કલ્પિત અવિદ્યા તત્ત્વને 'આત્મા વાડરે દૃષ્ટવ્ય : આત્મદર્શન કરવું જોઈએ.' એ વિધિ સાથે મેળ નથી.

જૈનદર્શન તો એવા કલ્પિત નહિ પણ ખરેખર વસ્તુસત્ જડકર્મતત્ત્વ, બંધતત્ત્વ, આશ્રવતત્ત્વ વગેરે માને છે, તેથી તેનો 'તપ-સ્વાધ્યાયાદિ કરવાં, શુદ્ધાત્મધ્યાન કરવું' એ વિધિ સાથે મેળ ખાય છે. એટલા જ માટે જૈન દર્શનમાંથી નીકળેલા જે ફતવા એમ કહે છે કે 'નિશ્ચય-વ્યવહાર બેમાં સાચો તો નિશ્ચય નય છે, વ્યવહાર નય તો અસદ્ભૂત એટલે ખોટો છે, માટે બાહ્ય ત્યાગ, તપસ્યા પૂજાભક્તિ વગેરે વ્યવહાર નિરર્થક છે માટે આત્માને કશો લાભ કરી શકતા નથી;' આવું કહેનારા અજ્ઞાન છે, નિશ્ચયમૂઢ છે, કેમ કે જો વ્યવહાર ખોટો છે, કલ્પિત છે, તો તો તે અદ્વૈતવાદી-એકશુદ્ધાત્મવાદીની અવિદ્યા જેવો થયો ! અને ત્યાં તો નિશ્ચય જ સાચો હોવાથી નિશ્ચયથી તો આત્મા શુદ્ધ જ છે એને વળી ત્યાગ, તપ, ભક્તિ નકામા શું, અને શુદ્ધાત્મદ્રવ્ય-ગુણ-પર્યાયનું દર્શન કામનું શું ? એટલે કલ્પિત નિશ્ચયપંથીને પણ વિધિ-નિષેધ સાથે તત્ત્વને મેળ નથી; માટે એ મત સત્ નથી.

સત્ હોવા માટે જેમ વિધિનિષેધને સંગત થાય એવાં આચાર-અનુષ્ઠાન અને તત્ત્વ બતાવ્યાં હોય તેમ સિદ્ધાન્ત પણ એવા જ હોવા જોઈએ કે વિધિનિષેધ ઘટી શકે. દા.ત. સ્યાદ્વાદ અનેકાન્તવાદનો સિદ્ધાન્ત હોય તો વિધિનિષેધ સંગત થઈ



શકે. અનેકાન્તના હિસાબે જીવ નિત્યાનિત્ય છે; પણ એકાન્તે નિત્ય કે એકાન્તે અનિત્ય-ક્ષણિક નહિ; આ માનવામાં આવ્યું હોય તો જ એ નિત્યાનિત્યમાંથી નિત્ય-કાયમના હિસાબે વિધિ મુજબ આચરનારો જીવ ઊભો છે એટલે એ વિધિસેવનના ફળને એ જ જીવ પામી શકે. એકાન્તે અનિત્ય હોય તો આચરનારો જીવ તો નાશ પામી ગયો હવે ફળ કોણ ભોગવે ? માટે નિત્ય એટલે કે ફળ ભોગવવા ટકવાવાળો જોઈએ. એમ સાથોસાથ એ અનિત્ય પણ જોઈએ કે જેથી પરિવર્તન આવી શકે. પહેલાં વિધિ-આચરણ નહોતું કર્યું, હવે કરે છે, એ પરિવર્તન છે, પૂર્વ અવસ્થા કરતાં જુદી અવસ્થા છે. તે તો પૂર્વનું અક્રિય સ્વરૂપ નષ્ટ થાય તો જ સક્રિય સ્વરૂપ આવીને ઘટી શકે. સ્વરૂપ નષ્ટ એટલે અનિત્યતા. એકાન્તે નિત્ય જ હોય તો પહેલાંનું સ્વરૂપ જાય નહિ, ને નવું આવે નહિ. આ હિસાબે વસ્તુ અનિત્ય પણ છે અને પહેલાં કહ્યું તેમ નિત્ય પણ છે, અર્થાત્ નિત્યાનિત્ય છે, આનું નામ અનેકાન્ત; પણ એકાન્ત નહિ. અનેકાન્તવાદના સિદ્ધાન્ત ઉપર જ વિધિનિષેધ ઘટી શકે છે; એકાન્તવાદી સિદ્ધાન્ત ઉપર નહિ. જૈનદર્શન જ આ અનેકાન્તવાદનો સિદ્ધાન્ત માને છે, માટે તે સત્ છે પંચસૂત્ર નામનું શાસ્ત્ર આ અનેકાન્તના સિદ્ધાન્તને અનુસરનારું છે, માટે તે સત્ છે.

આ તો એક જ ધર્મનાં શાસ્ત્રોની અંદર-અંદર વિસંવાદ ન હોય એ દૃષ્ટિએ 'સત્' ની વિચારણા થઈ. હવે બીજી રીતે જોઈએ તો સત્ એટલે યથાર્થ તત્ત્વ અને વાસ્તવ મોક્ષમાર્ગને કહેનાર. જીવ, અજીવ, પુણ્ય-પાપ, આશ્રવ-સંવર વગેરે તત્ત્વ યથાર્થ છે; એ વસ્તુ જગતમાં વિદ્યમાન છે. અને એના જ ધોરણ પર આ પંચસૂત્ર રચાયેલું છે. એમ તત્ત્વ એટલે દેવતત્ત્વ, ગુરુતત્ત્વ, અને ધર્મતત્ત્વ; એ યથાર્થ એટલે કે ખરેખર દેવત્વ, ગુરુત્વ અને ધર્મત્વવાળાં હોય. રાગદ્વેષાદિ અઢાર દૂષણોએ રહિત અને અનંતજ્ઞાનાદિ ગુણોથી સહિત હોય એ દેવ. પંચમહાવ્રતધારી જિનાજ્ઞાબદ્ધ હોય એ ગુરુ. વીતરાગ-સર્વજ્ઞે ભાખ્યો હોય તે ધર્મ. આ ત્રણ તત્ત્વને માન્ય રાખી પંચસૂત્ર રચાયું છે, માટે પણ એ સત્ છે.

બંને રીતનાં તત્ત્વ ઈતરનાં શાસ્ત્રોમાં નથી. જૈન ધર્મનાં શાસ્ત્રોમાં જીવોનાં સૂક્ષ્માતિક્ષ્મ અને ઠેઠ એકેન્દ્રિય જીવ સુધીના જીવોના ભેદનો વિસ્તાર છે તેવો ઈતરોમાં નથી. એમ ધર્માસ્તિકાય વગેરે અજીવોનું પણ પ્રતિપાદન નથી. ત્યારે પુણ્ય એટલે કે શુભ કર્મના ૪૨ પ્રકાર અને પાપ અર્થાત્ અશુભ કર્મના ૮૨ પ્રકાર એ લોકો બતાવી શકતા નથી. એવું મોક્ષ સુધીનાં તત્ત્વો પણ ત્યાં મળતાં છે નહિ. વળી નામથી તો એ જીવ, મોક્ષ વગેરે માને છે ખરા, પરંતુ એનાં ખરેખરાં સ્વરૂપવાળાં નહિ, તેમજ અનેકાન્ત ધર્મવાળા પણ નથી માનતા. શ્રી પંચસૂત્ર

આવાં તત્ત્વના આધાર પર રચાયેલું શાસ્ત્ર છે, તેથી એ 'સત્' શાસ્ત્ર છે.

સત્ એટલે સત્ય, સત્ એટલે સુંદર, સત્યની વાત થઈ. હવે સુંદરનો વિચાર કરીએ.

**સુંદર એટલે ? :-**

શ્રી પંચસૂત્ર નામનું શાસ્ત્ર સુંદર પણ છે. સુંદર એ રીતે કે તે જે માર્ગ બતાવે છે તે સુંદર છે, અર્થાત્ જીવનને શોભા આપનારો છે, અને જીવન સુખ-શાંતિભર્યું તથા ઉન્નતિ સાધનારું બને, અને પરિણામે સુંદર સદ્ગતિ, યાવત્ અનંત જ્ઞાન સુખાદિમય મોક્ષ નીપજે એવો એ માર્ગ છે. આ માર્ગની આરાધનામાં બીજા જીવો પ્રત્યે પણ કલેશરૂપ નથી બનાતું, ઊલટું યોગ્ય આત્માઓ જે સંપર્કમાં આવે એની પ્રત્યે મોક્ષ માર્ગની પ્રેરણા યા અનુમોદનાનું કારણ બનાય છે, માટે આ માર્ગ સુંદર છે. આવા માર્ગને કહેનારું 'પંચસૂત્ર' શાસ્ત્ર એ પણ સુંદર કહેવાય.

પંચસૂત્રમાં જે માર્ગ બતાવવામાં આવ્યો છે એ વીતરાગ-સર્વજ્ઞ પરમાત્માએ કહેલાં વચન અને માર્ગને અનુસરીને જ બતાવવામાં આવ્યો છે; અને વીતરાગ-સર્વજ્ઞ ભગવાનની આ વિશેષતા છે કે અસુંદર કહેવાનાં કારણભૂત રાગ, દ્વેષ અને અજ્ઞાન એમને છે નહિ, એટલે જે કહે છે તે સુંદર જ કહે છે, જગતને એકાન્તે હિતકારી જ કહે છે. એવા એમના સુંદર કથન પર મંડાયેલ પંચસૂત્ર પણ સહેજે સુંદર હોય એમાં કોઈ શંકા નથી.

જે વીતરાગ નથી, પૂર્ણજ્ઞાની નથી ત્યાં આ મોટો સંભવ રહે છે કે એ અસુંદર અને અસત્ય કહી નાખે. જૈનેતર દર્શનોમાં 'ભગવદ્ગીતા' નામના શાસ્ત્રને બહુ મહત્ત્વ અપાય છે. પરંતુ એના વિષય અંગે વિવાદ ઊભો થાય છે. એમનામાં જ કેટલાક કહે છે કે આ તો અધ્યાત્મગીતા છે, એટલે શ્રીકૃષ્ણ અર્જુન, કૌરવો વગેરે કોઈ મનુષ્યો નહિ, પણ અંતરાત્માના સારા નરસા આંતરિક કુટુંબનાં પ્રતીકો છે. કેમ કહેવું પડે છે ? દેખાય છે કે ગીતાના ઉપદેશ પછી પાંડવો જોરશોરથી કુરુક્ષેત્રના મેદાનમાં કૌરવો અને એમના પક્ષકારો સાથે ખૂનખાર જંગ ખેલે છે, અને એમાં લાખો મનુષ્યો તથા એમાં તો મહાન વિભૂતિઓ જેવી વ્યક્તિઓના કચ્ચરઘાણ નીકળે છે. જગતમાં આવી લડાઈઓ ઘણી થઈ અને થાય છે, એટલે આ થઈ એના પર બહુ વિચાર નથી. પરંતુ શ્રીકૃષ્ણને પરમાત્મા માની એમના ઉપદેશ ઉપર આ ઘોર સંગ્રામ થાય છે એટલે વિચાર કરવો પડે છે.

બોલો પરમાત્મા બોલે, બોધ આપે એ મોક્ષ માટે હોય ? કે સંસાર માટે ? મોક્ષ માટે જ ને ? મોક્ષ માટે બોધ એટલે આત્મામાં 'હું અને મારું' દઢ કરાવી થતાં આત્માના કર્મબંધન કાપનારો બોધ. ત્યારે સંસાર માટે બોધ એટલે



જડમાં જ 'હું અને મારું' દઢ મજબૂત કરાવી રાગ, દ્વેષ, હિંસા વગેરેને પ્રેરનારો બોધ. વિચારણીય થઈ પડે છે કે આવો બોધ આપનારને પરમાત્મા કહેવાય, અંતરાત્મા કહેવાય કે બહિરાત્મા ?

**બહિરાત્મા કોણ ? :-**

આત્માને ભૂલીને જેઓ જડની જ વાસનાથી ઘેરાયેલા છે, જે જડ કાયા અને જડ સરંજામમાં જ હું અને મારુંનો ભાસ કરે છે, જેના હૈયે જડનું જ પ્રાધાન્ય છે, અરે ! જેને મન જડ એ જ સર્વેસર્વા છે, એવા આત્માઓ બહિરાત્મા ગણાય. જડ કાયા, જડ બાહ્ય જગત, -આ જડમાં જ જેને 'હું અને મારું' હોય, વાતે વાતે એ તો એ જ જોશે કે કાયાને કેમ લાગે છે ? ભોજન કેવું છે ?...' ઇત્યાદિ.

ભવ્ય ગિરિરાજ પર ચઢતો હોય, ઉપરથી તાપ વરસતો હોય, અહીં કાયાનો રસિયો બાહ્ય તાપ જ જોશે, અંતર તાપના અંશેય નહિ જુએ. એ કહે છે 'પથરા બહુ તપી ગયા છે ! નીચેથી તપે, ઉપરથી તપે, ઊતરો ઝટ નીચે.' એ એ નથી જોતો કે તાપ કાયાને લાગે છે કે આત્માને ? તાપ કાયાને અને કકળાટ આત્મા કરે છે.

**પ્ર.**- પણ આત્માને ય તાપની પીડા લાગે એટલે કકળે તો ખરો ને ?

**ઉ.**- કકળવાનું કારણ બાહ્ય તાપ નથી, પણ આંતરિક શરીરરાગનો તાપ છે, ઈષ્ટના રાગનો તાપ, પ્રતિકૂળના દ્વેષનો તાપ દેખાતો નથી. દેખાય છે બાહ્ય તાપ ! ખરી રીતે આંતરિક રાગ-દ્વેષનો તાપ જો ન હોય તો બહારનું કશું મીઠું લાગવાનું કે કરડવાનું છે નહિ.

**રાગનો તાપ કેમ નથી લાગતો ? :-**

વાત એ છે કે રાગ, રતિ, આનંદ વગેરે એ તાપ છે, અંતરાત્માના તપારા છે, ઉકળાટ છે, એવું મગજમાં હજી બેસતું નથી. 'એ વળી તાપ શાના ?' -એમ મનને લાગે છે. એનું કારણ જાણો છો ? કારણ એ છે કે જીવને ઇન્દ્રિયોનાં તર્પણ બહુ મીઠાં લાગે છે. ઇન્દ્રિયો જો તૃપ્ત થતી હોય તો એ તો વહાલું હેમ માને છે; માટે રાગ તાપરૂપ નથી લાગતો. આ અભ્યાસ અનાદિ અનંતા કાળથી ચાલ્યો આવે છે. એટલા બધા જોરદાર અભ્યાસની આગળ નિઃસત્ત્વ અને મૂઢ જીવનું શું ગજું કે અહીં પણ ઇન્દ્રિયોની તૃપ્તિ કડવી વખ જેવી માની શકે ? એક આ જિંદગીમાં પણ વર્ષોનો જુગારી યા દારુડિયો કે અફીણિયો એ પોતાના વ્યસનના સેવનને મૂઢતાના કારણે મીઠું ધરાખ માને છે, કડવું માની શકતો નથી; પછી ભલેને કોઈ ગમે તેટલો હિતોપદેશ આપે, અગર નજર સામે વ્યસનના કેઈ અનર્થ નીપજતા જુએ ! એક બાજુ વ્યસનનો રસાસ્વાદ અને બીજી બાજુ મૂઢપણું, એ

કડવાશ સમજવા દેતા નથી. બસ, ઇન્દ્રિયોના વિષયાસ્વાદ અને મૂઢતા આ કામ કરે છે કે વિષયોની કડવાશને સમજવા દેતા નથી.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૧,અંક-૪૬,તા.૨૪-૮-૧૯૬૩**

**મીઠા વિષય કડવા શાથી ? :-**

**પ્ર.**- પણ ઇન્દ્રિયોને વિષયો ને વિષયનો સ્વાદ ખરેખર મીઠો મજેનો લાગતો હોય, પછી એને કડવો શાનો સમજાય ?

ઉ.- સમજાય, સમજવો હોય તો. દુશ્મનના ઘેર જમણમાં બીજા ત્રીજા દબાણને લીધે ભાણું માંડવું પડ્યું હોય તો જીભને પક્વાન્નનો સ્વાદ શું મીઠો નથી લાગતો ? લાગે છે; છતાં હૈયાથી એને કડવો અણગમતો સમજે છે ને ?

અરે ! ઘરમાં જ પકવાન્ન હોય, જમવાની હોંશ થઈ હોય, પાટલે ય બેઠા, પણ એટલામાં ગમે તે કારણે ઘરવાળા સાથે ખટરાગ થયો, જોરમાં જામી, પછી પાડોશીએ આવી શાંત તો પાડ્યા પણ પછી એ જ વહાલું લાગેલું પકવાન્ન કડવું લાગે છે ને ? જીભને કેવું લાગે ? મીઠું ધરાખ ! પણ જીવને કેવું લાગે ?

**ઇન્દ્રિયો કરતાં જાત પર વધુ દૃષ્ટિ :-**

કોઈ રાજા પર બીજા રાજાએ ચઢાઈ કરી એને જીતીને પોતની નજરકેદમાં રાખ્યો હોય, ત્યાં એને પોતાના રાજ્યમાં લઈ જઈ એક મહેલમાં રાખ્યો. અને ખાનપાન ઊંચી કોટિના આપ્યા; છતાં એ નજરકેદી રાજાને એ મેવા-મસાલાવાળા ભોજનમાં મીઠાશ લાગે કે કડવાશ ? કડવાશ જ લાગે. એકલા એમાં જ નહિ, મહેલ, બગીચા, સુગંધ, સંગીત, મખમલની ગાદીઓ,- બધામાં જ કડવાશ લાગે. ઇન્દ્રિયોને ભલે સારું સારું મળ્યું છે, પરંતુ અત્યારે એના મન પર એક જ વાત છે કે હું મોટો રાજા પણ અત્યારે કેદી છું; પ્રજાનો એક ગરીબ માણસ પણ જે કેદમાં નથી તે કેદમાં હું છું. બગીચાની બહાર હરવા-ફરવાની પણ મનાઈ છે; સ્ત્રી પુત્ર વગેરે પરિવારને મળવા કે વાત કરવાનું મળે નહિ ! આમાં શી મારી કિંમત ? શું સ્વાતંત્ર્ય ? શી સુખ શાન્તિ ?' શું થયું આ ? એને ઇન્દ્રિયો કરતાં પોતાની જાત ઉપર વધારે દૃષ્ટિ ગઈ, જાતની કિંમત-સ્વાતંત્ર્ય અને સુખશાન્તિ તરફ ઇન્દ્રિયોનાં તર્પણ, ઇન્દ્રિયોની મજા કરતાં મુખ્ય દૃષ્ટિ રહી; તેથી અહીં પાંચે ઇન્દ્રિયોના મન ગમતા વિષય મોંઘેરા મળ્યા છતાં એમાં કડવાશ લાગે છે. કદાચ જો અહીંથી છોડી મૂકી બહાર ભટકતો કરી દેવામાં આવે તો એને નજરકેદી-મહેલવાસ કરતાં સુખ લાગે; કેમ કે ભલે એમાં ઇન્દ્રિયોનાં તર્પણ તેવાં ન થાય, છતાં જાતની જકડામણ,



પરાધીન પુરાયા રહેવાપણું, વગેરે તો ટળે ?

આ સૂચવે છે કે ઇન્દ્રિયોને ખુશ રાખવાની વસ્તુ ગૌણ બની જાય અને આત્માની કિંમત, આત્માનું સ્વાતંત્ર્ય, મુખ્ય બની આત્માને એ દૃષ્ટિએ શાન્ત-સ્વસ્થ રાખવાનું મુખ્ય બને, તો એકલી ખાનપાનાદિ વિષયોની મધુરતા-સુંદરતા કોઈ કિંમતની નહિ લાગે.

**તત્ત્વજ્ઞને કર્મની વિટંબણા ખટકે :-**

હવે જુઓ કે સામાન્યથી સાંસારિક જીવોને અમુક હદના જ આત્મસ્વાતંત્ર્ય-સ્વમાન પસંદ છે, એટલે એટલું ટકીને વિષયોની મજા મળે તો તે લેવા ખુશી છે; ત્યાં ઇન્દ્રિયોનાં તર્પણ ગમે છે; પરંતુ જેને તત્ત્વબોધ હૈયે સ્પર્શ્યો છે, એને તો મૂળ કર્મની ગુલામી અને વિટંબણા જ ખાસ ખટકે છે. એમાં આત્માનાં સ્વાતંત્ર્ય-સ્વમાન હણાઈ ગયેલાં દેખાય છે. એટલે પેલા નજરકેદી રાજાની જેમ પાંચે ઇન્દ્રિયોના મનગમતા વિષયો પણ કડવા લાગે એમાં નવાઈ શી ?

વાત આ છે કે ઇન્દ્રિયોને ખુશ રાખવી છે કે આત્માને ? કર્મનાં અપમાન, કર્મની વેઠ-વિટંબણા એ જો મનને ડંખતા હોય, કરડતા હોય, તો તો સમજી રાખો કે એ લાવનાર કોણ છે ? ઇન્દ્રિયો ને મન. કેમ કે ઇન્દ્રિયો વિષયમસ્તી અનુભવીને અને મન કષાયપાવરધું રહીને એવાં ઠમઠોક કર્મ સર્જે છે કે જે પછી ઉદયમાં આવીને જીવનાં ઘોર અપમાન, ઘોર નાલેશી, ઘોર વિટંબણા કરે છે ! સુમાર વિનાની વેઠ જીવ પાસે કરાવે છે !

**ઇન્દ્રિયો અને મન ક્યાં રાખવાં ? :-**

એમ તો ઇન્દ્રિયો આત્મહિતકારી વિષયોમાં મસ્ત બનીને અને મન સંવેગ-વૈરાગ્ય-ક્ષમાદિ ભાવો તથા તત્ત્વચિંતન વગેરેમાં તન્મય થઈને એ જ કર્મોના ભૂકા ઉડાડે એમ છે. પરંતુ માલિક જીવનો પક્ષપાત વિષય-કષાયો તરફ હોય ત્યાં બિચારી ઇન્દ્રિયો અને મન એવી નોકરી ભરે એમાં શી નવાઈ ? એટલે ઇન્દ્રિયો અને મનનાં કાર્ય તો બે જાતનાં, એક મારક બીજા તારક; પરંતુ વિચારવાનું આ છે કે કેવાં કાર્ય પસંદ છે ? આત્માને જો પોતાના હિતની જ પડી હોય તો તો ઇન્દ્રિયો અને મન પાસેથી તેવું કામ ન લે ? પણ જીવ વિષયોનો લાલચુ છે, અને એને કર્મનાં અપમાન ખટકતાં નથી, એટલે એને ઇન્દ્રિયો વિષયોથી ખુશ ખુશ રહે એ ગમે છે, ઇન્દ્રિયોનાં તર્પણ ગમે છે, પોતાના આત્માનાં તર્પણ નહિ ! તો વિચારો,

**ઇન્દ્રિય ગુલામી સામે વિચાર :-**

આ લુચ્ચી ઇન્દ્રિયોને તૃપ્ત કર્યે જવાનું ક્યાં સુધી ચાલશે ? કોઈ દિવસ એ વિચાર જ નહિ કે 'મારે તે આ પારકી એવી ઇન્દ્રિયોનાં જ તર્પણ કર્યે જવાનાં ?

આ મહામૂલો રત્નચિંતામણિ જેવો મનુષ્યભવ મળ્યો છે તે શું એમાં મેં ઇન્દ્રિયતર્પણનો ભેખ લીધો છે ? બસ ! રાત ને દિવસ બીજી કોઈ શુધ્ધબુધ્ધ જ નહિ ? માત્ર એક જ લક્ષ, એક જ લેશ્યા કે ઇન્દ્રિયોને ઇષ્ટમિષ્ટ વિષયો કેમ મળે ! એની જ અનુકૂળતા રાખવા અને પ્રતિકૂળતા હટાવવાનો જ એકમાત્ર ધંધો ! એનું પરિણામ કેવું ભયાનક આવશે ? આ જગતમાં લગભગ બધા જીવોમાં આ દેખાય છે કે એમને ઇન્દ્રિયોના કેઈ રકમના વિષયોની પ્રતિકૂળતા છે, અનુકૂળતા નથી, અને તેથી એ બિચારા દુઃખ દુઃખ, સંતાપ સંતાપનો અનુભવ કરે છે. કેમ આમ ?' પૂર્વે ઇન્દ્રિયતર્પણના જ ભેખ લીધેલ એસ્તો ! માટે એવાં દુઃખદ ફળ દેનાર ઇન્દ્રિયોને રાજી રાખવાનું શા માટે અને એની જ ચિંતા કરવાનું શા માટે જોઈએ ? માટે ઇન્દ્રિયોને ખુશ કરવાની જરૂર નથી.'

**રાગની ગરમી ઍંજિનસ્ટીમ :-**

આવો બધો વિચાર કરાય, અને 'મારે ઇન્દ્રિયોની વિષયતૃપ્તિ કરાવવાની જરૂર નથી' એવા નિરંતર જાગતા નિર્ધારપૂર્વક ઇન્દ્રિયોને નિવેદ ધરવાથી પાછા હટતા રહેવાય તો એક સુંદર અભ્યાસ પડે. એ તો વારે વારે જાગૃતિ જોઈએ કે 'મારે આ ઇન્દ્રિયને ખુશ કરવાનો ધંધો હવે જોઈએ નહિ.' એ પ્રમાણે પ્રયત્ન ચાલુ જોઈએ. એ થાય ત્યારે ખરેખર લાગે કે ઇષ્ટ વિષયોના રાગનો તપારો છે, તાપ છે, જીવને એ તાપના ઉકળાટમાં ઇન્દ્રિયોને દોડાવવાનું મન થયા કરે છે. ઍંજિનની ગરમી પૈડાને ફરતું રાખ્યા કરે છે. એમ આ ગરમાગરમ રાગ ઇન્દ્રિયોની વિષયપ્રવૃત્તિ ચાલુ ને ચાલુ રાખ્યા કરે છે.

જેમ દ્વેષનો તાપ છે તેમ રાગનો પણ તાપ છે. એથી તપી ઊઠેલો જીવ વિહ્વળ રહે છે, વ્યાકુળ રહે છે, ને સ્વહિત તરફ આંખમીંચામણાં કરી ઇન્દ્રિયોની તૃપ્તિ કરવા તરફ દોડે છે. નહિતર ભવ્ય તીર્થાધિરાજ શત્રુંજય મળ્યા પછી આ શાનો જોયા કરે કે 'પથરા બહુ તપી ગયા !'

**એક જ સંયોગમાં બંધ યા નિર્જરા :-**

ઊંધે માર્ગે જઈ રહ્યો છે : સાવચેતી પણ નથી, 'આ તો તે ગિરિરાજ છે કે જ્યાં પાંચ ક્રોડ મુનિવરોએ અનશન કરી ચૈત્રી પૂનમે મોક્ષ મેળવ્યો છે.' એ વાત પણ ભૂલી જવાય ? ચૈત્રી પૂનમ એટલે ઉનાળો ને ? કેવો તાપ ! એ કાળે મુક્તિ હતી, અનશન હતાં, આજે મુક્તિ નથી, અનશન નથી; પણ કર્મ નિર્જરા તો છે ને ? મુક્તિ નહિ પણ વચલું સ્ટેશન છે ને ? મુક્તિનો માર્ગ ? મોજૂદ છે. પવિત્ર ગિરિરાજ પર થોડું સહન કરાય તો કર્મની કેવી નિર્જરા થાય ? શું કામ આકૂલ-વ્યાકૂલ થાય છે ? અંતરમાં જો, બહિરાત્મ ભાવનો નાચ મૂકી દે. અનાદિની



સંજ્ઞાનું પ્રમાણ એવું જોરદાર છે કે જગતને જોવા મૂકવામાં જ રચ્યોપચ્યો રહે છે, એટલે કર્મની નિર્જરાના સ્થાને બંધની ભૂમિકા રચે છે ! અવસર એવો અપૂર્વ છે કે જ્યાં જગત કર્મબંધ કરે તેમાં પોતે કર્મની વિપુલ નિર્જરા કરી શકે. પણ એ ક્યારે બને ? જિનનો માર્ગ જોતાં આવડે તો.

શ્રી સુધર્માસ્વામીજીએ શ્રી જંબુસ્વામીજીને શ્રી આચારાંગ સૂત્રમાં એ કહ્યું : **'જે આસવા તે પરિસવા'** જગતના જીવો પાપ કરે છે ત્યાં જીવ જાગ્રત હોય તો કર્મની નિર્જરા કરે. મોહનિદ્રામાં પડેલા બીજા એમ કહે, 'બહુ તાપ, તૃષ્ણા લાગી, પગથિયાં ઠીક નથી,' તેઓ કેવળ જડનું સારું જુએ છે, આત્માનું સારું જોતા નથી. ત્યારે જાગ્રત આત્મા એ જુએ છે કે 'વાહ, કેવું સરસ સહવાનું મળ્યું ! સહવાનું કર્મથી જ મળે, અને સહીએ એટલે કર્મ ખપી જાય. આત્માનું સારું જુએ તો કર્મ-બંધનના બદલે કર્મની ખૂબ નિર્જરા કરે, કેમ કે ત્યાં સંયમની કિલ્લેબંધી ઊભી કરે છે. એ ગરમી લાગવાનું ન જુએ, પણ પાંચ કરોડ મુનિવર સિદ્ધિ ગયા તે જુએ. આંતરતાપને જુએ, પૂર્વે બાંધેલા કર્મને જુએ, નરકની સ્થિતિ નિહાળે.'

**એક જ સંયોગમાં બે ધ્યાન :-**

એક જ અનિષ્ટ સંયોગ પણ એમાં આર્તધ્યાન પણ થાય, ને ધર્મધ્યાન પણ થાય. 'હાય રે હાય' કરે, 'ક્યારે ઠંડક થાય,' એવું ધ્યાન કરે તે આર્તધ્યાન. પણ કર્મવિપાકના વિચારે ચઢે તો એ ધર્મધ્યાનના પાયે ચઢ્યો. 'અહો ! આત્માના અસંખ્ય પ્રદેશ પૈકી એકેક પ્રદેશે કેટલી કર્મવર્ગણા ! અનંતાનંત ! તેય શંભુમેળો ! જ્ઞાનાવરણીય કર્મની ય ખરી ! વેદનીય, મોહનીય... યાવત્ અંતરાય કર્મની દરેકની અનંતી વર્ગણા ! એવી અસંખ્ય આત્મપ્રદેશે ! એમાંથી પ્રતિસમય ઉદયમાં આવ્યા કરે ! એ કઈ કઈ દુર્દશા ન કરે ? એની શિરજોરીમાં જીવનું શું ચાલે ? તો પછી 'હાય' શા માટે ? જોયા કરવું.' આ કર્મવિચારકની વિચારણા. અનિષ્ટ સંયોગે થતા રાગદ્વેષ તો મફતના છે. વળશે કાંઈ નહિ, જે ભોગવવું પડવાનું છે તે પડવાનું જ છે, એમાં છૂટકો નથી. જે અશાતા ઉદયમાં આવી પહોંચી છે તે માન કે ન માન, સ્વીકાર કે ન સ્વીકાર, લમણે લખાયેલી જ છે. રાગદ્વેષ કરવાથી નવાં ઊપજનાર કર્મના વિપાકને આગળ આગળ ભોગવવા તૈયાર થવું પડશે. આમ રાગદ્વેષના અપાય (અનર્થ)ની વિચારણા એ પણ ધર્મધ્યાનનો પાયો છે. આર્તધ્યાનથી તો નીચે જવાનું છે, ત્યારે ધર્મધ્યાનથી ઉપર ચઢવાનું છે.

**જડને દુશ્મન સંઘર્યા સમજીને રાખીશ :-**

આશ્રવના સ્થાને એ જ સંયોગ દ્વારા આત્મા વિપુલ નિર્જરા કરે. આર્તધ્યાન તથા રૌદ્રધ્યાનની કોટિમાંથી વિચારણાને ધર્મધ્યાનની કોટિમાં લઈ જવી. એ કોનાથી

બને ? જડ પદાર્થ તરફથી જેની દૃષ્ટિ ખસે, અને એને અંતરાત્મા તરફ સ્થપાય તો એને થાય કે 'આ કથીર કાયા તે હું નથી-એ મારી નથી. હું તો સનાતન કાળથી ચાલ્યો આવતો પવિત્ર આત્મા છું. ભૂતકાળમાં રાગ દ્વેષની ઘોર રમત રમીને આવ્યો છું. વિષય-કષાયની આંધીએ ચડીને આવ્યો છું, કર્મના ઉદયે કંગાળ બન્યો છું, તેથી આ રીતે પીડાઉં છું; ફરી એમ જ ચાલુ રહેશે તો પાછી સ્થિતિ એ જ ! ઈષ્ટ મળો કે અનિષ્ટ ચાલી જાઓ. તો બહુ લહેવાઈ જવાની જરૂર નહિ : અનિષ્ટ આવે અને ઈષ્ટ ખોવાઈ જાય તો, 'હાય-હાય લૂંટાઈ ગયો.' એમ દુઃખ ધરવાની જરૂર નહિ. માનવાનું કે 'આવ્યું છે તે ય જડ છે, ગયું એ પણ જડ હતું. જડ ત્યાં જગત; જગતમાં જડની વિટંબણા છે. જડની માયામાં જગતના ફેરા છે, જડની માયા જેમ વધારે, તેમ જગતના ફેરા વધારે. બહુ દરકારની જરૂર નથી. સંપૂર્ણ એને લાત મારવાનું કૌવત નથી આવ્યું તો એને રાખીશ, એ રખાશે, પણ દુશ્મન સંઘર્યા સમજીને !'

**સમકિતી કિંમતી જડ વસ્તુને મોટા દુશ્મન માને :-**

સમકિત એટલે શું ? જિનકથિતની સચોટ માન્યતા. મોટાં દેવલોકનાં વિમાન પણ એને દુશ્મન રૂપ દેખાય ! હજી ઝૂંપડું દુશ્મન ન દેખાય, પણ વિમાન દુશ્મન દેખાય. નકલી મોતીની માળા કદાચ દુશ્મન ન દેખાય, પણ સાચા મોતીની માળા દુશ્મન રૂપ દેખાય. નકલી મોતીની માળા ખોવાઈ ગઈ હોય, ઘરના માણસ રોતા હોય, તો તમે શાંત પાડો છો,- 'પાંચ રૂપિયાની માળા ! વિસાત શી, તે રડો છે ? એકની ત્રણ લાવીશ.' પણ સાચા મોતીની માળા ખોવાઈ હોય અને ઘરના તમને સામેથી આશ્વાસન આપવા આવે તો સામે ઠોકોને 'કંઈ ભાન છે ? ત્રણસોની માળા ખોઈ બેઠા ! પૈસા કમાતાં લોહીનું પાણી થાય છે ! વગેરે વધારે ગુસ્સો તથા વધારે દ્વેષ ક્યાં બને ? સ્નેહીને ટોણા મારી દબાવવાનું ક્યાં બને ? વધારે દિવસો સુધી જાળવેલા પ્રેમ પર અગ્નિનો પૂળો મૂકવાનું ક્યાં બને ? વધારે કલહ, વધારે આક્ષેપ, અભ્યાખ્યાન, ચાડીચુગલી પૈશુન્ય એ બધું ક્યાં ? જ્યાં કિંમતી ચીજની વાત હોય ત્યાં. કોઈ બૈરાંના વખાણ કરતું આવે કે તરત બોલો છો,' 'બેસો બેસો ! વખાણ ન કરો ! સાવ ભાન વિનાના છે એ ! શેઠાઈ છે ! લોહીનું પાણી થાય ત્યારે પૈસા પેદા થાય છે ! ત્રણસોની મોતીની માળા, લ્યો બેઠા ગુમાવી !' આ ક્યાં બને ? સાચા મોતીની માળામાં. અઢાર પાપસ્થાનકના ઘોર ગંજના ગંજ ખડકાતા હોય તો જગતમાં સારી ગણાતી કિંમતી વસ્તુઓ માટે. સમકિતી એને મહા દુશ્મન માને.

આ જો બરાબર સમજાઈ જાય અને મન એ પ્રમાણે જડને દુશ્મન તરીકે



દેખતું થઈ જાય તો જીવનમાંથી કેટલા બધા દોષો રવાના થઈ જાય ? કેમ કે મન સહેજે કહે 'આવા ઘોર દુશ્મન જડની ખાતર દોષોથી મારા આત્માને કાળો મેશ કેમ કરું ? જીવન વિશિષ્ટ પ્રાણથી ધબકતું છે. પ્રાણ તો કીડા-મકોડાને ય મળ્યા છે અને પશુ-પંખીને ય મળ્યા છે, પરંતુ એ કાં તો બિચારા અલ્પ ચૈતન્યથી સંપન્ન છે, યા વિશિષ્ટ વિવેક-શક્તિથી અલંકૃત નથી; માટે એ સામાન્ય પ્રાણ છે.'

વિશિષ્ટ વિવેકશક્તિ એટલે આત્મહિતની દૃષ્ટિએ હેય અને ઉપાદેય, ત્યાજ્ય અને ગ્રાહ્ય યાને હાનિકારક અને લાભકારક વચ્ચેનો ભેદ સમજવાની શક્તિ, 'ચોરીને ખાવું એ આત્મ-હિતનું ઘાતક છે માટે ત્યાજ્ય છે.' આ સમજવાની હલકા જીવોમાં શક્તિ નથી; એમ 'દુઃખીને દઈને ખાવું એ આત્માને હિતકારી છે' એ સમજવાની શક્તિ નથી. આપણને એ શક્તિ પ્રાપ્ત છે. એવી શક્તિ સહિતના પ્રાણ એ વિશિષ્ટ પ્રાણ. એનાથી ધબકતું આ જીવન છે એમાં દોષો ને આવકારવાના, મ્હલાવવાના ? કે ધક્કે ચઢાવવાના ? પુષ્ટ કરતા જવાના, કે દાબતા-કચરતા જવાના ?

તપાસ કરશો તો દેખાશે કે ધંધો શાનો ચાલી રહ્યો છે અને તે શાની ખાતર ? માણસને જડ પદાર્થો મીઠાં લાગે છે, તે એટલા બધા વહાલા કે પછી એની ખાતર મિથ્યા ધોરણો અને મિથ્યા માન્યતાઓ નક્કી કરી રાખી હોય છે. ત્યાં પછી પાપનો ડર નથી રહેતો, એટલે હિંસા, જૂઠ, ચોરી વગેરે પાપ છૂટથી સેવે છે ! કોઈ એને કહે 'રાત્રે ન ખવાય,' પણ એને ધંધો ખૂબ વહાલો છે તેથી અથવા સહેજે રાતના ખાવું ગમે છે તેથી ધોરણ ઘડી રાખે છે કે 'બપોરે બાર વાગે તો ખાધું હોય, પછી સાંજે પાંચ વાગ્યામાં ખાઈ લેવાનું ? ના, આંતરું મોટું પડવું જોઈએ. એટલે રાત્રે ખાઈએ તો શરીર સારું રહે. અને ખાસું વીજળીનું અજવાળું હોય પછી રાત્રે ખાવામાં પાપ શું ? શું છે એ ? મિથ્યા ધોરણ, મિથ્યા માન્યતા.' 'અરે પણ જિનેશ્વર દેવો ના કહે છે, રાતના ન ખવાય.' ત્યારે વળી આ કહેશે 'એ વખતનો જમાનો જુદો હતો.' એનો અર્થ એ કે ભગવાનનું કહેલું આજે સાચું નહિ, એવું હૈયે બેઠું છે. એ જ મિથ્યાત્વ. આવું એક બાબતમાં નથી જ્યાં જ્યાં આસક્તિ છે ત્યાં ત્યાં બધે પોતાનું માનેલું સાચું અને શાસ્ત્રોએ કહેલું બરાબર નહિ. એવું મિથ્યાત્વ ઊભું રાખે છે. પૈસા બહુ વહાલા છે, તો એના અર્થે મિથ્યા સિદ્ધાન્તો ઘડી રાખે છે. દા.ત. કહે છે 'આજે ખોટા ચોપડા એ અનીતિ નથી.' છોકરા પર આંધળો રાગ છે અને છોકરો કદાચ વિરાગી થશે અને વ્રત કે ચારિત્ર લેવાની વાત કરશે ત્યારે આ ભાઈસાહેબ મિથ્યા સિદ્ધાન્ત રજૂ કરશે, કહેશે, 'નાની ઉંમરમાં વ્રત ન લેવાય, કોઈને દુઃખ થાય એ રીતે દીક્ષા ન જ લઈ શકાય.' -આ મિથ્યાત્વના ચાળા છે. અરે ! તમે જોયા હશે કે પોતાને પૈસા નથી દેવા માટે

દાન-પ્રભાવનાની આખી ટીપ ઉડાવે છે ! તે ય મિથ્યા સિદ્ધાન્ત રજૂ કરીને ! બસ, જડની આસક્તિ પાછળ ભયંકર એવા મિથ્યાત્વ-દોષને પોષે છે. ત્યારે કહો આવી ગોઝારી આસક્તિ કરાવનાર જડ કેવા દુશ્મન ?

એમ ઈર્ષ્યા કેમ થાય છે ? 'પોતાને વહાલું જડ મનમાન્યું નથી મળ્યું તે બીજાને કેમ મળે ?' અથવા પોતાને મળેલું તો છે, પણ પોતે એકલો જ અનન્ય તરીકે પૂજાતો હતો, ત્યાં હવે 'બીજો શા માટે પૂજાવો જોઈએ ?' જડ પૈસા, જડ પ્રતિષ્ઠા કે જડ સત્તાધીશતા, આ કોઈના આંધળા આવેશ છે માટે ઈર્ષ્યાનો ભયંકર દોષ સેવે છે. એનું ફળ મરીને કદાચ ઈર્ષ્યાળુ કૂતરો થાય ! આ સ્થિતિ કરનાર જડ એ કેવા દુશ્મન ?

દુનિયાના દુશ્મનની તાકાત નથી કે કૂતરા બનાવે પણ જડની તાકાત છે કે ઈર્ષ્યામાં લપેટી કૂતરા બનાવે ! તો તે ભયંકર દુશ્મન ખરા ને ?

મનુષ્યભવ તો કેટલો ઊંચો મળ્યો છે ! એમાં વિશિષ્ટ વિવેકશક્તિના સદુપયોગ તરીકે કમમાં કમ વીતરાગ-સર્વજ્ઞ ભગવાનના સિદ્ધાન્તને મંજૂર તો કરવા જ જોઈએ. એના બદલે એની સામે બળવો કરે છે ! બીજાનું ભલું ન કરી શકીએ તોય કમમાં કમ બીજા પર પ્રમોદભાવના તો રાખવી જ જોઈએ; એના બદલે ઈર્ષ્યામાં બળે છે ! કેમ વારુ ? કહો જડ માયા ભૂંડી છે. એનો રાગાવેશ, મિથ્યાત્વ, ઈર્ષ્યા વગેરે દોષો અને હિંસાદિ પાપો એ જેટલા ન સેવરાવે એટલા ઓછા ! જીવનમાં જો જડ વસ્તુને વધારે પડતું મહત્ત્વ આપ્યું તો મર્યા ! ઠેઠ મિથ્યા સિદ્ધાન્ત પકડાવી જીવને અપાર ભવસાગરમાં રૂલતો કરી દે છે ! જડ એ મહાદુશ્મન છે.

**જડની અવળચંડાઈ : તમારું નિચોવવું છે :-**

માયા-મમતા કોની પ્રત્યે રાખી છે ? મહાદુશ્મનભૂત પરાયા જડ પ્રત્યે કે મહામિત્રભૂત પોતાના આત્મા પ્રત્યે ? ભૂલશો નહિ, જડ તો આત્માનું મહાદુશ્મન છે. જડ એવી પોતાની કાયા શું, કે સ્નેહી-કુટુંબીઓની કાયા શું, એને તો એના સ્વાર્થે તમારું પુણ્ય નિચોવવાનો ખપ છે, તમારા હિતાર્થે ધર્મ-પુરુષાર્થ કરવાનો નહિ ! જડ વસ્તુઓ જાણે કહે છે કે 'મારા મોહની પાછળ ઘેલા ઘેલા થઈ પરમાત્મ-ભક્તિ ચૂકો, ગુરુસમાગમ ભૂલો, સાધર્મિક-વાત્સલ્ય વિસારો, ધર્મમાં સિદાતાને સ્થિરીકરણ કરવાનું યાદ ન રાખો, દુઃખી જીવોની દયા અને પાપી યા ભૂલ કરનાર જીવ પર વિશેષે કરી ભાવદયાને ધ્યાનમાં જ ન રાખો, ઊલટું એનાથી વિપરીત દેવ-ગુરુની આશાતના કરો, ચાલતું હોય તો દેવભક્તિનાં નાણાંમાં ઘાલમેલ કરો, પાપીઓનાં ભરપૂર સમાગમ રાખો, સાધર્મિકના અપમાન-અવગણના-નિંદા કરો, ધર્મમાં બીજાને સ્થિરીકરણ તો દૂર રહ્યું પણ સ્થિરને ભળતી વાતો-શિખામણથી



અસ્થિર બનાવો, દુઃખીના તિરસ્કાર અને ભૂલતા પર દ્વેષ કરો.' -આવું આવું તમારી પાસે જડ કાયાને કરાવવું છે, જડ લક્ષ્મીને કરાવવું છે. માત્ર તમે તમારી જાત તમારો આત્મા જોવા અંધ હો એટલું બસ, પછી એ જડના જૂથ બેહદ દુષ્કૃત કરાવ્યા કરે છે.

**મહા ખરાબીની ચોંકામણ પણ નહિ ? :-**

મોહમૂઢતા તે કેટલી બધી છે કે આપણું પુણ્ય વેડફી નાખીને ઉપરથી જડની ખાતર અવળા પુરુષાર્થ કરવામાં અનેક જાતના તામસી અંધકારમય દોષ-દુર્ગુણો સેવ્યે રાખીએ છીએ ! એટલું જ નહિ, પણ એની ચોંકામણ પણ નથી કે જીવન તો પાણીના રેલાના માફક વહ્યું ચાલ્યું છે અને આ મારા આત્માની જ મહા ખરાબી શા માટે વહોરી રહ્યો છું ? આ જડ પદાર્થો તે કેવા કે એની ખાતર હું જાલિમ દોષો સેવી રહ્યો છું !' આટલી દૃષ્ટિય પડતી નથી !' જડ પદાર્થોનો કેટલો બધો વ્યામોહ લાગ્યો છે કે એની પાછળ હોંશે હોંશે સુમાર વિનાનાં અપકૃત્યો તો કરાય જ છે, પરંતુ એટલું ય થતું નથી કે 'મને આવો પાપી બનાવનાર આ જડ પદાર્થ મારા કેવા કરપીણ દુશ્મન ?' જડ એ દુશ્મનભૂત ન લાગે પછી પોતાનો આત્મા અને આત્માના તારણહાર એ મિત્રરૂપ ક્યાંથી લાગે ? ધ્યાન રાખજો આ આવા ઉચ્ચ બુદ્ધિ-શક્તિના માનવભવે થઈ રહ્યું છે એ જેવો તેવો જવાબદારીભર્યા હોદ્દાનો દ્રોહ નથી હોં ! જડ પ્રત્યે દુશ્મન તરીકેની દૃષ્ટિ ઊભી કર્યા વિના એનાથી પાછા હટવાનું અને દોષ-દુષ્કૃત્યો ઓછા કરવાનું નહિ બને.

**બહિરાત્મા તથા અંતરાત્માની સહેલી વ્યાખ્યા.**

સમકિતમાં વાત દૃષ્ટિની છે એ ય નહિ તો અમલની શી વાત ? ચક્રવર્તી રાજ ફેંકી દે છે ક્ષણમાં ! ભિખારી ચપ્પણિયું ફેંકે ? ના, ભિખારીએ ચપ્પણિયાને દુશ્મન નથી માન્યું, સમકિતી ચક્રવર્તીએ મહારાજ્યને દુશ્મન માન્યું છે. અમલની વાત દૂર, પણ દૃષ્ટિ તો આ થવી જોઈએ ને ? બહિર્ભાવનો નાચ ન થાય તો આત્મા અંતરાત્મા બનતો જાય, નહિ તો બહિરાત્મા બનતો જાય. બહિરાત્મા બહાર (કાયા વગેરે)માં 'હું' ને 'મારું' માને છે : અંતરાત્મા અંતરાત્માને 'હું' ને એની જ્ઞાનાદિ સંપત્તિને 'મારું' માને છે. સહેલી યાદ રહે તેવી વ્યાખ્યા છે. બહિરાત્મા એટલે બહારના પદાર્થોમાં 'હું' ને 'મારું' માનનારો. કાયા બહારની છે. દુનિયા પણ દેખે છે. આત્મા નીકળી ગયો એટલે બાપને (બાપની કાયાને) સગો દીકરો આગ મૂકે છે ને ? સગાંવ્હાલાં બધાં એની પાસે આગ મુકાવે છે. 'બાપને આગ ?' બાપ છે ક્યાં ? ગયો એ તો ! આ તો કાયા છે. બહારની ખરી ને ? તો જગત પણ એને બહારની માને છે. જિનના બન્યા પછી, જગત જેને બહારનું

માને છે એને ય બહારનું માનવા તૈયાર ન હોઈએ તો જગતથી ય નીચી કોટિના અદના છીએ. બહિરાત્મા તે કે જે બહાર (બાહ્ય)માં 'હું' ને 'મારું' માને : અંતરાત્મા તે કે જે, અંતરમાં 'હું' ને 'મારું' માને.

**એ રૂપિયા પાંચ હતા મારા આદીશ્વર દાદાના !**

પુણ્યાનુબંધી પુણ્ય એ ઉત્તમ કોટિનું પુણ્ય છે : એ આત્માની અંતરની વસ્તુ છે. આત્મા કમાયો છે, કાયા કમાઈ નથી. હા, કાયાએ સહાય કરી છે.

**પ્ર.**- પુણ્ય તો આત્માના પુરુષાર્થની વસ્તુ છે. એમાં કાયાની સહાય ?

ઉ.- હા, ૧૦૬ ડિગ્રી તાવ હોય તો સમોસરણમાં શી રીતે જવાય ? પક્ષાઘાત હોય, બોલાતું-લખાતું ન હોય, પાસે પૈસા છે દેવાની પૂરી ભાવના છે, પણ શું દઈ શકે ? પુણ્યની કમાઈ પૂર્વની કાયાની સહાયની છે. પણ આ ભવની હરામખોર કાયા, બધું પોતે માગે છે, ને બહિરાત્મા એને નિવેદ ધર્યે રાખે છે ! અંતરાત્મા તો કહે- 'પુણ્યાનુબંધી પુણ્ય મારી વસ્તુ, તે એને અપાય કેમ ? એવા પુણ્યે મળેલ કાયા વગેરેનો સદુપયોગ કરી લઈશ પુણ્યે પાંચ પૈસા કમાયો, કાયાને સુંદર કપડાં-આભૂષણ પહેરાવું, એમાં મારું શું વળ્યું ? હિંગોડા !'

**જીવ અને કાયા : કોણ કોને નિચોવો ?**

અંતરાત્માને તો પોતાન કાયા સાથે ઝગડો ચાલતો હોય, અને એમાં કેટલી ય વાર ડાંડ કાયાને હારવું પડતું હોય. શાનો ઝગડો ? શાની લડાઈ ? લડાઈ પુણ્ય અને પુરુષાર્થની.

જીવને કાયા કહે છે કે 'લાવ લાવ, મારે તારા સારા પુણ્યનો ખપ છે.'

કાયા જીવને કહે છે, 'લાવ મારે તારા ધર્મ પુરુષાર્થનો ખપ છે.'

બેમાંથી કોના પક્ષમાં ઊભા છો ? કોણ કોને નીચોવે એવું જીવન છે ? કાયાથી દાન, શીલ, તપસ્યા, સેવા, સદ્અનુષ્ઠાનો, સદ્આચારો વગેરેના પુરુષાર્થ થાય તો જીવનું પુણ્ય વધે, સદ્ગતિ નક્કી થાય, ભવભ્રમણ કપાય માટે જીવને એ માનવદેહના પુરુષાર્થનો ખપ છે. પણ દેહને એની પડી નથી; કેમ કે એમાં એને ઘસાવું પડે છે, ભોગ દેવો પડે છે, સ્વાર્થ કાપવો પડે છે. એને તો ટેસ, અમનચમન, અને સુખશીલતા તથા સન્માન જોઈએ છે. એ પુણ્ય વિના મળે નહિ. પુણ્ય આત્માની મૂડી છે. એટલે કાયાને આત્માના પુણ્યનો ખપ છે. 'વટાવ વટાવ તારું પુણ્ય હોય તે વટાવ, મને મનગમતુ મળે' આ ચાલુ ઉઘરાણી છે કાયાની. ત્યારે જીવને કાયા પાસે સત્પુરુષાર્થ કરાવવો છે.

**પુરુષાર્થ માટે વિચારણા :-**

હવે તમે કોની દલાલીમાં છો ? કોનું તાણો છો ? કોની વકીલાત કરો



છો ? ધર્મનો પુરુષાર્થ કરવાનો મોકો આવે ત્યારે કાયાના દલાલ બની જીવને કહી દો છો ને કે એ હમણાં નહિ બને. હમણાં તો શરીર ઠીક ચાલતું નથી માટે એને આરામ અને તુષ્ટિ-પુષ્ટિની જરૂર છે. પછી ? એ જ કામ ! જીવનાં પુણ્યને નિચોવવાની વાત ! વટાવવાની જ વાત ! ક્યાં સુધી ? જીવનના છેલ્લા છેડા સુધી ! ત્યાં પણ શું એમ થવાનું છે કે 'હવે તો આ કાંઠે બેઠો, જોતજોતામાં ઊપડી જઈશ ! અને ધર્મનો પુરુષાર્થ નહિ કર્યો હોય તો પરભવે ક્યા કાકાને ત્યાં જઈ ઊભો રહીશ ? પુણ્ય વિના ત્યાં કોણ મને સગવડ, સાહ્યબી અને સન્માન પરખાવવાનું ? એ તો અહીં પાપના જ પુરુષાર્થ કરી ઊભી કરેલ પાપરાશિથી અગવડ-દરિદ્રતા અને અપમાન જ અપમાન મળવાના ! માટે હજી પણ બાજી હાથમાં છે, કાયાને માટે જીવનાં પુણ્ય તો બહુ બહુ કામે લગાડ્યાં; હવે જીવને માટે કાયાના સત્ પુરુષાર્થ કામે લગાડું.'

આવું જિંદગીના પાછલા ભાગે પણ થવાનું છે ? મૂર્ખાઈ તો કેટલી હદ સુધીની કે પોતે કેઈકને બાળી આવ્યો છે, બાળ્યા જોયા-સાંભળ્યા છે, એ ધન પરિવાર કશું જ અહીંનું લઈ ગયા નથી એવી નક્કી ખબરે ય ખરી, એટલે પોતાને પણ એવો દિવસ આવવાનો ખબર છે, છતાં એમ નથી થતું કે 'મારે અંગત રીતે તો બધું જ ખોવાઈ જવાનું છે, તો પછી આ કાયાએ દાનના પુરુષાર્થ કરી મારા માટે પુણ્યનું ભાતું તો બાંધી લઉં. કાયાથી કુટુંબને હિત શિક્ષા આપી ધર્મના માર્ગે તો ચઢાવી દઉં. કોઈ પુત્ર વગેરેને બને તો તૈયાર કરી ચારિત્ર માર્ગે જરૂર સ્થાપિત કરું. કાયાથી કોઈ ત્યાગ, તપસ્યા કરું; સેવા-પરોપકાર કરું.' આવું કાંઈ મનમાં ન આવે એ કેટલી બધી મોહમૂઢ દશા !

**પુણ્યે દીધી સગવડનો ઉપયોગ ? :-**

મોહમૂઢતામાં સીધાં લેખાં ને બદલે ઊંધાં લેખાં મંડાય છે. પુણ્ય તો સગવડ એવી આપે છે કે 'આમાંથી નક્કર આત્મહિતનો પુરુષાર્થ કરી લે,' પરંતુ ઊંધાં હિસાબ માંડી જીવ એ જ પુણ્યના આધાર પર કેઈ પ્રપંચો રચે છે ! વિષયલુબ્ધ ઇન્દ્રિયોને મ્હલાવે છે ! કષાય-પ્રવીણ મનને કૂદવા દે છે ! મોટા ચક્રવર્તી પણ નરકમાં કેમ ઝીંકાય છે ? પુણ્યની સગવડ પર ઊંધાં લેખાં માંડીનેસ્તો. સવળા માંડનારા દેવલોક કે મોક્ષમાં ચાલ્યા જાય છે. ભરત ચક્રી મોક્ષે સિધાવ્યા. સનત્કુમાર સ્વર્ગે પહોંચ્યા, સીધા હિસાબથી. અવળા હિસાબે સુભૂમ અને બ્રહ્મદત્ત નરકમાં પટકાયા. તેત્રીસ સાગરોપમ-ત્રણસો ત્રીસ કોડાકોડી પલ્યોપમ ભયંકર સાતમી નરકની વેદનામાં સબડવાનું ! કેમ એમ ? ચક્રવર્તીનું પુણ્ય જ ભોગવ્યા કર્યું. એમ તો ભરતાદિ ચક્રવર્તીઓએ પુણ્ય નથી ભોગવ્યાં ? પરંતુ.

**'પુણ્ય છે ત્યાં સુધી જ ધર્મ પુરુષાર્થને સાધી લેવાનો અવકાશ છે.'**

એ સૂત્ર સમજી ઠેઠ સુધી પુણ્યની સગવડમાં એકલા વિષયભોગ અને કષાયરમત કરતા ન રહ્યા, પણ પુણ્યની સગવડમાં માનવ આયુષ્ય, ખખડધખ કાયા, બુદ્ધિ શક્તિ વગેરે જે મળેલું તેને ચારિત્રધર્મના પુરુષાર્થમાં લગાડી દીધું. સમજતા હતા કે 'પુણ્ય ખૂટ્યે પુરુષાર્થ નહિ થઈ શકે. હજી પુણ્ય હાથમાં છે ત્યાં સુધીમાં પુરુષાર્થ અજમાવી લેવો જ જોઈએ.'

**દૃષ્ટિ સુધારો :-**

અલબત્ત કેટલીક વાર એવું દેખાય કે પુણ્યને બદલે પાપનો ઉદય વર્તતો હોત ત્યાં ધર્મપુરુષાર્થ શી રીતે થાય, એમ લાગે પણ આ જોવામાં સુધારો કરો. પાપના ઉદયનાં સાધનને જોતાં આવડે તો પુણ્યના સ્થાન તરીકે જોઈ શકશો; લાગશે કે આ તો એક પ્રકારના પુણ્યનો ઉદય છે, પૂછો શી રીતે ? આમ,

**મનાતા પાપોદયની પરિસ્થિતિમાં છૂપી પુણ્યાઈ છે :-**

દા.ત. બજાર જોરદાર ચાલ્યો હતો, રોજ ત્યાં સોદા કરી મલકાતા હતા, એમાં એક વાર એકદમ જ સણસણતો તાવ આવ્યો ને બજારમાં ન જઈ શક્યા. મનને શું લાગે ? 'અરે ! કેવો પાપોદય !' પણ સાંજે સાંભળવા મળે કે 'આજે એકાએક અણધાર્યા પરદેશના એવા સમાચાર સાંભળવા મળ્યા કે એમાં કેટલાય વેપારીઓએ માર ખાધા !' હવે પોતાને શું લાગે ? એ જ ને કે 'હાશ ! આજ તાવ આવવાથી ખરો બચી ગયો, નહિતર મારો ય રોટલો થઈ જાત ! કેવું મારું પુણ્ય જાગતું કે આજે જ તાવ આવ્યો ! કહો જો, આ શું કરી રહ્યો છે ? પાપોદયની પરિસ્થિતિમાં પુણ્યાઈનાં દર્શન કરી રહ્યો છે ને ? તમે કહેશો.'

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ''　　વર્ષ-૧૧,અંક-૪૭,૪૮,તા.૩૧-૮-૧૯૬૩**

**પ્ર.-** પણ એમ તો એ જ દહાડે બીજા ય બહુ કમાયા હોય તો પોતાને 'પુણ્ય ભારે કાચું !' એમ પણ થાય ને ? ત્યાં લાભની શી દૃષ્ટિ રહે ?

**ઉ.-** ના; આ તો તમને લૌકિક દાખલો આપ્યો તે તમે લૌકિક દૃષ્ટિમાં જ બેસી ગયા. આ દૃષ્ટાન્તથી તો માત્ર એટલું સૂચવવું હતું કે પાપોદયમાં પણ કોઈ છૂપી પુણ્યાઈ તરફ દૃષ્ટિ નાખવી હોય તો નાખી શકાય, પછી ચાહે તે ગમે તે પ્રકારની હોય. હવે તમારા પ્રશ્ન અંગે જુઓ. દેખીતી રીતે એમ દેખાઈ રહ્યું છે કે આજ મારે બીજાઓની જેમ સારા પૈસા કમાઈ લેવાનો અવસર ચૂક્યો; પરંતુ એમ કાં ન વિચારી શકાય કે ''આવા સમયે બીમારી આવી એમાં કુદરતનો એવો



સંકેત કાં ન હોય કે 'ભાઈ ! બેસી રહે આજે ઘરમાં બેસી રહે, નહિતર બીજા કમાયા છતાં તું માર ખાશે.' 'આમ બચાવી લેવા માટે જ બીમારી આવી હોય એમ કેમ ન સંભવે ?''

**સંજ્ઞા દબાવવાનો અવસર ક્યાં ? :-**

બીજી વાત, લોકોત્તર દૃષ્ટિએ આ ધન-મૂર્ચ્છા, લોભ, પરિગ્રહ ને સંજ્ઞા વગેરેને દબાવવાનો અવસર ક્યારે, જો જ્યારે જ્યારે સંયોગ હોય ત્યારે ત્યારે વેપાર કરી જ લેવાનો હોય અને પૈસા આવવાના જ હોય ? એ તો અહીં તક લઈ આ પરિગ્રહસંજ્ઞાને દબાવવાનો અવસર છે. આહારાદિ સંજ્ઞાઓ અને ક્રોધાદિ કષાયો એમ ને એમ નથી ઘસાતા;

(૧) એ તો એનો મોકો ઊભો થયો હોય, અને ત્યાં એની ખણજ ઊઠવા જતી હોય, એ વખતે મન મારીને પણ એ આહારાદિનું સેવન કે કષાય-સેવન કરવાનું અટકાવીએ, તે પણ ધર્મની સમજથી, તો ઘસારો લાગે; અથવા

(૨) એ સેવાઈ-કરાઈ ગયા, એના પર ભારોભાર પશ્ચાત્તાપ અને હૃદય-રુદન થતાં હોય, તો એ સંજ્ઞાદિને ધક્કો લાગે.

એટલે કહેવાય કે બજારમાં ન જઈ શકાયું અને કમાવાનું રહી ગયું, તો બનવાનું બની ગયું, હવે ખુશી માનવાની કે આમ સાજો સારો હોત તો ઝાલ્યો રહેવાનો નહોતો; બજારમાં જઈને પરિગ્રહસંજ્ઞા સારી રીતે પોષત. આ બીમારીથી બજારમાં ન જવાનું થયું એ એક પ્રકારની પુણ્યાઈ માનું કે સંજ્ઞા પોષવાનું અટક્યું; તો એટલા પ્રમાણમાં સંજ્ઞાને ઘસારો પડશે. આ દૃષ્ટિ હોય તો પાપોદયમાં પુણ્યાઈ જોઈ કહેવાય.

**હાયબળાપામાં નુકસાનનો માર :-**

**પ્ર.-** સંસાર માંડીને બેઠા એટલે પૈસાની જરૂર તો રહે છે જ. પછી આવો વિચાર કેવી રીતે આવે ?

**ઉ.-** ઓહો એમાં શી મોટી વાત છે ? અહીં તો જ્યારે એક નિશ્ચિત હકીકત બની ગઈ છે કે બજારમાં જઈ શક્યા નથી અને પૈસા લાવી શક્યા નથી, ત્યારે આવકના નુકસાન ઉપર કમમાં કમ હવે હાયબળાપાનું નવું નુકસાન તો ન ઊભું કરીએ ? બળાપાથી વળવાનું કાંઈ જ નથી એ નક્કી વાત છે. ઊલટું, દુર્ધ્યાન, અસમાધિ, કર્મબંધ, લોહીનું પાણી, ખેદ-શોકના કુસંસ્કારની વૃદ્ધિ, ધર્મ-ધ્યાનને ગુમાવવાનું...વગેરે કેટલાં ય નુકસાન ઊભાં થાય છે, પછી શા સારુ હાયબળાપો ? ત્યારે પાપોદયમાં પુણ્યાઈ દેખવાથી એ નુકસાનો ટળી સારા આત્મિક લાભોનું કારખાનું ખૂલે છે.

**સુખનાશ કે દુઃખાગમનમાં પુણ્યાઈ :-**

આવડત હોય તો દેખાય કે દુનિયાની લપ જેટલી ઓછી, એટલું ધર્મધ્યાન વધારે. દુનિયાનું સારું સારું ઓછું મળ્યું છે કે સારું મળવું રહી ગયું યા ગુમાવાઈ ગયું છે, તો એની ચિંતા એટલી ઓછી થવાથી શુભ ચિંતાને મોકળાશ મળે છે, શુભ ધ્યાનને અવકાશ મળે છે. આ માનીએ તો પુણ્યાઈ કહેવાય. ત્યારે દુઃખના પ્રસંગોમાં પાપ ખપી જવાનો અને કાષાયિક વૃત્તિને કસી ક્ષમાદિ આત્મગુણોનો અભ્યાસ કરવાનો સુંદર મોકો મળે છે. માનીએ તો પાપોદયમાં આ પણ પુણ્યાઈ છે.

બસ આ રીતે પાપોદયમાં આત્મ-અહિતના નિવારણ અને હિતસાધનની પુણ્યાઈનાં દર્શન કરતાં આવડે, એને એક પ્રકારના પુણ્યોદયરૂપે જોવાનું કરાય, તો જીવનના ગમે તેવા સંયોગોમાં ખોટું બહાનું ન નીકળે કે 'શું કરીએ, સરખાઈ નથી તેથી ધર્મપુરુષાર્થ નથી થતો.' પાપોદયને એક પ્રકારની પુણ્યાઈરૂપે જ જોવાનું કરવાથી 'સરખાઈ નથી' ની પોક જ નહિ રહે. સરખાઈ જ છે એમ લાગશે. એટલે પછી ધર્મપુરુષાર્થ કરવાથી આઘા ભાગવાને બદલે એ કરવાની ભારે ધગશ અને જહેમત રહેશે.

પાપોદય ગમે તેવા જાગ્યા હોય છતાં માનવ દેહ, આયુષ્ય, પાંચેય ઈન્દ્રિયો, તંદુરસ્ત મન, બુદ્ધિ શક્તિ, વિવેક શક્તિ, દેવ-ગુરુ-શાસ્ત્ર-તીર્થના સંયોગ...વગેરે વગેરે પુણ્યાઈ તો ઊભી જ છે ને ? બસ પુણ્ય છે માટે ધર્મ-પુરુષાર્થ કરી જ લેવાના. કાયા એકલું પુણ્ય ખાઈ જાય અને પુરુષાર્થમાં ન ઊભી રહે એ કેમ ચાલે ? કાયા આત્મા માટે છે, આત્મા કાયા માટે નહિ. તો પછી, જો કાયા આત્મા માટે હોય, તો કાયાએ આત્માનું પુણ્ય ખાઈને તો આત્માના ભલાનો પુરુષાર્થ કરવો જોઈએ કે નહિ ? કાયા જડ છે, એને સૂઝ નહિ પડે, આત્માએ જ સમજવાનું છે અને કાયા પાસે સત્પુરુષાર્થ કરાવવાનો છે. કાયાને અવળું વેતરતાં તો ઘણું આવડે છે, ના, ના જીવ કાયા પાસે અવળું વેતરાવે છે, પણ હવે જો જાગ્યો હોય, અંતરાત્મા ખૂલ્યો હોય, તો

વારે વારે કાયાના લાભનું જોયા કરવાને બદલે આત્માનો લાભ શેમાં છે એનું મુખ્ય ધ્યાન વારે વારે રાખવું પડશે, એટલું જ નહિ, પણ

કાયાના લાભમાંથી કાપકૂપ કરી આત્માના લાભમાં વધારે ઉતારવું પડશે.

આત્માના લાભમાં ઉતારવા દેવ-ગુરુની ભક્તિ, સંઘ-સાધર્મિકની સેવા, પરોપકાર, વ્રત-નિયમ, સામાયિક-સ્વાધ્યાય વગેરેમાં તન-મન-ધનનો ખૂબ ઉપયોગ કરવાનો; -ભોગ વિલાસમાં કાપકૂપ કરીને, ને મફતિયા ખર્ચ બંધ કરીને કરવાનો. એવું જીવન જ બનાવી દેવાનું; દા.ત. 'હું દૂધ ઓછું પીશ, પણ પરમાત્માને



અવશ્ય ચઢાવીશું;' 'છાપાં ઓછાં ખરીદીશ, પણ સમ્યગ્જ્ઞાનનાં પુસ્તકમાં ખાસ ખરચીશ.' પહેરવેશમાં સાદાં કપડાં પહેરીશ. રૂ. ૧૫૦ ને બદલે રૂ. ૨૫નાં જ કપડાં પહેરીશ, અને રૂ. ૧૨૫ આદીશ્વર દાદાના કરીશ !'

**મારવાડી ભાઈ :-**

સંભળાય છે, એક મારવાડી ભાઈ સિદ્ધગિરિની યાત્રાએ અખાત્રીજના પારણા પર આવ્યો; સાથે એની બુઢ્ઢી માને લાવ્યો હતો. ડોશી બહુ તપસ્વી હતી. વર્ષી-તપ હતો, ઉપર અઠ્ઠાઈ કરેલી ! કાયા ઓગળી ગઈ હતી. એનું ગિરિરાજ પર ચઢવાનું ગજું નહોતું. ડોળીવાળા આવ્યા. મારવાડીએ ભાવ ડોળીનો પૂછ્યો. ડોળીવાળાએ દશ રૂપિયા કહ્યા. મારવાડીએ પાંચ કહ્યા. ડોળીવાળાએ નવ કહ્યા, હશે 'આઠ.' પણ મારવાડી પાંચથી આગળ ન વધ્યો એટલે એ સોદો ન થયો.

એની કાયા હતી લઠ્ઠ જેવી. ડોશીને કહ્યું : 'માડી ! આવી જા ખભા પર !' ડોશીને ખભે બેસાડી માંડ્યો ચઢવા; ચાલવાનું આવ્યું ત્યાં ડોશી ચાલી. એમ કરતાં પહોંચી ગયો ઉપર.

મારવાડી શું કૃપણ ? ના, ઉપર જઈને માને કહે છે : 'તારી જે ઈચ્છા હોય તે બોલ.' ડોશીએ ભગવાનના પહેલા પખાળની ઈચ્છા જણાવી. આજે મોટો દિવસ, મોટા મોટા શેઠ શાહુકારો આવ્યા હતા. એમાં આણે મોટી ઉછામણીનો ચઢાવો બોલી, ડોશીને પહેલો પખાલ કરાવ્યો ! ઉપર દાદાની ખૂબ ભક્તિ કરી, પૂજારીઓને ખુશ કર્યા, અને નીચે ઊતરીને કહ્યું, 'આજ આપણા તરફથી નોકારશી.' રૂપિયા દશ હજાર ખરચ્યા ! ડોળીવાળા જોઈ રહ્યા; પાંચ રૂપિયાથી આગળ ન વધનારાએ દશ હજાર ખરચ્યા ! ડોળીવાળાએ પાંચ રૂપિયા ન વધવા માટે પૂછતાં એણે એમને કહ્યું : 'એ રૂપિયા મારા નહોતા : મારા આદીશ્વર દાદાના હતા, તે એમના જ ખોળે જાય ને ?' શું ? ધન મારું નહિ, મારા ભગવાનનું. જૈન એટલે ? એને મળેલું જિનનું હોય.

**તમારે ત્યાં પરમાત્માનું કાંઈ છે ? કાયા ? ધન ?**

દીકરો ? કાંઈ નહિ ? કૈંક સુખી માણસો ફરિયાદ કરે છે : 'ગામમાં દેરાસર નથી !' ઘરમાં રાખને ! જગ્યા ક્યાં ? બંગલો છે, એમાં જગ્યા નથી ? પાંચ લાખની આસામી શું એને કોડ ન થાય કે -આખા ઘરમાં તો પરમાત્મા નહિ પણ ખૂણેય નહિ ? છતી શક્તિએ જે ઘરમાં પરમાત્માનો વાસ નહિ, એ તે ઘર છે ? એ મરીને ભૂતની યોનિમાં કેમ ન જાય ? એ જ ઘરનું ભૂત ! એ ઘર ભૂતિયું ઘર થાય ! ભૂતબૂત કાંઈ ન માનનારાને આજે એવા ભૂતોએ લમણામાં ચખાડેલ છે, તમારું ઘરનું કેસરે ય પરમાત્માનું છે ? ના ! પોતાની વાટકી કેસરની ભરાણી

હોય, ડબ્બીમાં કેસર હોય, બાજુમાં કોઈ એકલું સુખડ ઘસીને જતો હોય 'લ્યો ભાઈ ! વાપરો કેસર. એ પ્રભુનું જ છે, ચઢાવો પ્રભુને, સાથે શું બાંધી જવું છે?' જેટલું પ્રભુચરણે ગયું એ જ તારશે. બાકી તો મારનારું છે-' આ કહેવાની જિગર છે? કહેવાની જિગર નથી. થોડું કેશરે ય પરમાત્માનું નથી. મારવાડીના પોતાના રૂ. પાંચ ! અને રૂ. દશ હજાર દાદાના હતા ! પરમાત્મા ભક્તિ, એના માર્ગની-સાધનોની ભક્તિ, એના સંઘની ભક્તિ, ઉપરાંત બીજાનાં સુકૃત્યોની પેટ ભરીને અનુમોદના, આ તમામ જીવનને એવું મસ્ત બનાવે કે અંતપર્યંત સુવાસ આવે.

**આપણી દરેક વસ્તુ ઉપર પરમાત્માનું લેબલ :-**

પણ આ ક્યારે બનવાનું છે ? આપણને મળેલું, આપણા કબજાનું એ ખરેખર આપણું નહિ પણ પરમાત્માનું માન્યું હોય, હૈયે લખી રાખ્યું હોય ત્યારે. જ્યાં આપણી ગણાતી વસ્તુ પર નજર પડે, ત્યાં જાણે ઉપર લેબલ વંચાય 'આ પરમાત્માનું છે.' હસી કાઢવાની આ વાત નથી, બહુ મહત્ત્વની અને જૈનપણું ઉજાળવા, સફળ કરવા માટેની અતિ જરૂરી બાબત છે.

**દાનવીર જગડુશા :-**

કચ્છ દેશના દાનવીર જગડુશાને જાણો છો ને ? અનાજના કોઠાર પોતાના, છતાં ઉપર તકતી બીજાના નામની ચઢાવેલી ! ચૌદમી સદીની આ વાત છે. કચ્છનો એ મોટો વેપારી. કોઈ મહાત્માએ એક વાર એને કહ્યું, 'જગડુશા !...પાપની લક્ષ્મી લેખે લગાડવાનો અવસર આવી લાગ્યો છે.'

જગડુશા હાથ જોડી પૂછે છે, 'બાપુ, શી રીતે ?'

મહાત્મા કહે છે 'બચ્ચા ! ત્રણ વરસ લાગટ દુકાળ પડવાનો છે ! ગરીબો શું, મોટા રાજાને પણ ભારે તંગી પડવાની છે...'

જગડુશા કહે છે, 'સમજી ગયો, સમજી ગયો, મહાત્માજી ! મારા પર મોટી કૃપા કરી.'

જગડુશાએ દેશાવર પોતાની પેઢીઓ ઉપર આજ્ઞાપત્ર મોકલી દીધા, 'અનાજ મળે તેટલું ખરીદી મોટા કોઠારો ભરી લો. બજાર બગાડતા નહિ.'

શું ? ખરીદી કરવામાં બજારના ભાવ બગડવા દેવાના નહિ; નહિતર અત્યારે જ બિચારા ગરીબોનો મરો થાય ! એ કાળે અનાજ બહુ પાકતું. આજે પણ પાકે તો છે જ; પરંતુ સરકારી આંકડાજાળ, અનહદ કરવેરા ને કંટ્રોલ, કાળાબજાર, વગેરે કારણે બહાર પ્રકાશમાં ઓછું આવે છે. અલબત્ત વરસાદ-ઋતુની અવ્યવસ્થા, કારખાનાઓની નોકરીનાં પ્રલોભન, વગેરે કારણે કદાચ પાક થોડો ઓછો ઊતરતો હોય એ સંભવિત છે. જગડુશાએ દેશાવર અને સ્વદેશમાં અનાજના મોટમોટા



કોઠાર ભરાવ્યા, સુરક્ષિત રખાવ્યા; સડે નહિ એટલા માટે.

**સાચો આનંદ ક્યાં ? :-**

વેપાર નથી કરવો હોં. સુકૃત કરવાં છે. વેપારથી મળેલ ધનલક્ષ્મીના ભાર તો જીવને અધોગતિમાં પટકનારા અને દુઃખની ખાણ ભેટ કરનારા છે ! **'પરિગ્રહ-ભારભર્યા પ્રાણી, પામે અધોગતિ દુઃખખાણી.'** આ ધનલક્ષ્મી ! ત્યારે સુકૃતથી કમાયેલ ધર્મલક્ષ્મી અહીં પણ મહાન નક્કર સુખશાંતિ અને ભવાંતરે સદ્ગતિ અને સુખના ભંડાર આપે છે !

એક સારું ત્યાગ, તપસ્યા, દાન, દયાનું કાર્ય કર્યું હોય તો અનુભવ છે ને કે વર્ષોના વર્ષો એની કેવી સારી અનુમોદના થઈ થઈને આનંદનો અનુભવ થયા કરે છે ! પણ સારું ધન કમાયા એમાં એ નથી થતું, કેમ કે એમાં તો એના પર કેટલીય ચિંતાઓ ખડી થાય છે ! ખરચાઈ જાય, ગુમાવવાનું થાય, ઘરમાં રગડો થાય, ધીરેલા-કરેલા જલદી પાછા ન વળે,...તો સંતાપ થયા કરે છે ! કોઈની વધુ કમાઈ પર ઈર્ષ્યા થાય, કે બીજાં લફરાં ઊભાં થાય તો ય બળાપા. આ બધામાં આનંદ ક્યાં ઊભો રહે ? સાચો આનંદ સુકૃતના સેવનમાં છે. સુકૃતના સેવનનો છે. જગડુશાને સુકૃત કરવું છે. અનાજના કોઠાર ભરાવ્યા !

હવે અહીં દુકાળી આવી. વરસાદ બિલકુલ થયો નહિ; અનાજ પાક્યું નહિ. લોકો ત્રાસ ત્રાસ પોકારવા માંડ્યા ! ભારે ભૂખમરો ! બસ, અહીં જગડુશાએ પોતાની પેઢીઓ ઉપર હુકમો મોકલી દીધા કે ગરીબોને આપવા માંડો. ચાલ્યું કામ. જાતવાન માણસ માગે નહિ, પણ આવા દુકાળમાં શું કરે ? જગડુશાની પેઢીએથી માગવું પડ્યું. એ આપ્યે રાખે છે. લોકોને રાહત મળવા લાગી. બીજી સાલ પણ વરસાદ આવ્યો નહિ. લોકોમાં ત્રાસ વધ્યો. પણ જગડુશાનું દાન ચાલુ છે. ત્રીજા ચોમાસે પણ એમ જ. હવે તો ગુજરાતનો રાજા પ્રાયઃ વીસળદેવ પણ તંગ થઈ ગયો. એના ય અનાજના ભંડાર ખૂટવા આવ્યા. ભારે મૂંઝાયો 'શું કરવું ?'

કોઈકે સુઝાડ્યું 'મહારાજ પાટણમાં જગડુશાના અનાજના કોઠાર છે, એમાંથી મંગાવી લો.'

રાજા એ આ સાંભળી કંઈક રાહત અનુભવી, માણસ મોકલ્યો; પણ પેલા કોઠારના સંભાળનારા કહે છે, 'માફ કરજો સાહેબ ! જગડુશા શેઠના હુકમ વિના અમારાથી કાંઈ જ આપી શકાય નહિ.'

પેલો કહે 'પણ અમારે મફત નથી જોઈતું. પૂરા પૈસા લઈને આપવાનું છે.'

આ કહે છે, 'અમને તો માત્ર ગરીબોને આપવાનો અધિકાર છે, વેચવાનો નહિ.'

હવે શું કરે ? રાજા ન્યાયી છે, ધાડપાડુ નથી. માણસે આવીને આ ખબર આપ્યા એટલે તરત એણે કચ્છમાં જગડુશા પાસે માણસ મોકલ્યા. અન્ન તો પ્રાણ જેવા છે, એના વિના કેમ ચાલે ?

માણસો જગડુશાને કહે છે, 'ગુજરાતના મહારાજને અનાજની જરૂર છે. તો પાટણના તમારા ભંડારમાંથી અનાજ અપાવો; નાણાં જે લેવાં હોય તે લો.'

જગડુશા ઉત્તરમાં શું કહે છે જાણો છો ?

અહીં આપણી એ વાત આવે છે કે

**તમારી પાસે પરમાત્માનું શું છે ?**

**તમારા કબજાની કઈ વસ્તુ ઉપર પરમાત્માનું લેબલ છે ? અહીં પૂછો,**

**પ્ર.-પણ પરમાત્માની માનીએ તો તે વસ્તુ પછી અમારાથી ભોગવાય કેમ ?**

ઉ.- જુઓ સારો મુનીમ હોય, શેઠનો માનીતો હોય, તો અવસરે કોઈ હવા ખાવાના સ્થળે આવેલા એ જ શેઠના બંગલામાં જઈને હવા ખાવા માટે એને રહેવાનું મળે છે. ત્યાં શેઠનો બધો સંરજામ, યાવત્ અનાજપાણી પણ વાપરવા મળે છે. રોજ વાપરે છે, છતાં મનમાં બરાબર સમજી રાખ્યું છે કે આ બધું શેઠનું છે; એટલે વચમાં શેઠ કે શેઠના છોકરા આવી ત્યાં રહે છે તો પોતાના કરતાં વધારે સગવડથી એમને એ સાચવે છે ને ? બસ, આ રીતે બધું પરમાત્માનું સમજી, પરમાત્માની કૃપાએ મળેલું સમજીને વાપરવાનું છે. એમાંથી અવસરે અવસરે આપણા કરતાં વધારે સગવડથી પરમાત્માની ભક્તિ કરવાની છે. તે એમ સમજીને, કે 'હું કાંઈ મારું આપતો નથી, પરંતુ આ પરમાત્માનું જ છે તે એમની ભક્તિમાં જાય છે. એમનું જ છે તે એમની ભક્તિમાં જવું જ જોઈએ; સારા પ્રમાણમાં જવું જોઈએ.' મુનીમ શું વિચારે છે ? આ જ કે 'શેઠનું જ છે તે શેઠની સરભરામાં સારી રીતે વપરાવું જ જોઈએ.' એમ અહીં પણ કેમ ન બને ?

મંદિરમાં ભક્તિ માટે દૂધ, કેશર, ફૂલ, ચોખા લઈ ગયા, ત્યાં બીજા ભાઈને જોયા કે ખાલી પાણીનો જ પખાલ કરે છે, યા કોરું સુખડ ઘસી રહ્યા છે, કે ફૂલ કે અક્ષતની પૂજા વિના જ ચૈત્યવંદન કરવા બેસી જાય છે, તો કહેવાય કે 'લો ભાઈ ! લો. આ ભગવાનનું જ છે, ચઢાવો ભગવાનને, વાપરો.' ક્યારે કહેવાય ? મનમાં વસી ગયું હોય કે **'મારી પાસેનું બધું મારું નહિ પણ ભગવાનનું જ છે.** છોકરો ને પત્ની પણ ભગવાનના જ છે, એટલે એમની ભાવના ભગવાનના સંપૂર્ણ શરણે જવાની થાય, તો હું ખુશીથી એમને સોંપી દઉં.' એટલું જ શું ? ભગવાનનું જ હોવાનો દૃઢ નિર્ણય હોય તો એમને પ્રેરણા કરાય કે જુઓ 'આપણે ભગવાનના છીએ, ભગવાનની કૃપાએ જ આ ઉત્તમ ભવ, ઉત્તમ કુળ વગેરે



પામ્યા છીએ, માટે આપણે તો ભગવાનના જ ચરણ પકડવાના. એ જ એક તારણહાર છે. સુખદાતા છે, સાચું શરણ-રક્ષણ આપનારા છે માટે દુનિયાના મોહમાં ફસાતા નહિ. મોહ સંપૂર્ણ છોડવાની તાકાત ન હોય તો પણ ભગવાનના ચીંધેલા માર્ગે જ શક્તિ હોય તે બધી ખર્ચીને, ચાલવાનું કરો.'

મૂળ વાત આ છે કે વસ્તુ ઉપર 'આ ભગવાનનું છે.' એવું લેબલ વાંચી શકો છો ? શોધી કાઢો તમારા કબજાની કઈ વસ્તુ પરમાત્માની હોવાનું મનમાં બેઠું છે ? પરદેશ બેઠેલા મિત્રના ઘરનું ફરનિચર રીતસર વાપરે છે પણ મનમાં ચોક્કસ વસેલું છે કે 'આ આપણું નહિ, મિત્રનું જ છે;' એમ અહીં કઈ વસ્તુ પરમાત્માની જ લાગે છે ? વિચારો.

**જગડુશા શું કહે છે ? :-**

જગડુશા રાજાના માણસોને કહે છે 'મહારાજને મારા પ્રણામ સાથે કહેજો કે પાટણના કોઠારમાં મારું કશું અનાજ નથી; અને તે ત્યાં જઈને તપાસ કરી શકો છો કે એના પર કોનું લેબલ લાગેલું છે ? અલબત્ત અહીં મારી પાસેનામાંથી આપી શકું.'

આ સાંભળીને માણસો ચકિત થઈ ગયા અને રાજાને જઈને આ બધી વાત કરી એટલે રાજાને પણ આશ્ચર્ય થયું કે 'વાહ ! દુકાળમાં પ્રાણરૂપ થાય, વેચે તો મોટા પૈસા ઊભા થઈ શકે, એવા અનાજના મોટા સંગ્રહ પર કહે છે 'મારા નથી !' લાવ જોઉં કોના નામ પર છે ? તપાસ કરાવી રાજાના માણસો જઈ જુએ છે તો જગડુશાના જંગી કોઠારમાં તકતી લાગેલી છે કે'

**'આ ગરીબોનું છે.'**

રાજા વિચારે છે, 'દુકાળના અવસરમાં જેની લાખો રૂપિયા કિંમત થાય, વેચે તો લાખોનો નફો કરી શકાય, એનું કોઈ જ મમત્વ નથી ? કોઈ લોભ નથી ? બસ બધું ગરીબોનું ? વાહ, ધન્ય જીવન ! ધન્ય હૃદય ! ધન્ય ધર્મ-શ્રદ્ધા ! કેવી ધન્ય માતાનો સોભાગી પુત્રરત્ન ! આ જગતમાં માટીની માયા તો કોને નથી મળતી ? રાફડો બનાવનારી જીવાતને પણ મળે છે. પરંતુ એ માટીની માયા પોતાની નહિ પણ બીજાની કરવી, તે ય કોઈ સ્વાર્થ કે બદલાની આશા વિના, પોતાની ખુશીથી, એમાં જ જીવનની વિશેષતા છે; નહિતર તો માત્ર કીડાનું જીવન જીવવા જેવું થાય. જગડુંને ધન્ય છે કે આજે બહુ કિંમતી ગણાતું પોતાનું અનાજ ગરીબોનું કરી દે છે !'

રાજાએ માણસો કચ્છમાં મોકલ્યા, અને જગડુશા પાસે અનાજની માગણી કરાવી. આ દાનવીર તો ગરીબોની અનુકંપાની જેમ ઔચિત્યને પણ સમજનાર

હતા; તેથી પોતાના સંગ્રહમાંથી અનાજ કાઢી આપ્યું.

કેવી અદ્‌ભુત ઉદારતા ! કેટલું ભારે ઉમદા દિલ ! આમ તો અનાજ પોતાનું જ હતું, છતાં એના પર તકતી લગાડી કે 'આ ગરીબોનું છે.' દુકાળમાં એકલે હાથે દુઃખીઓનાં દુઃખ સામે ઝઝૂમ્યો ! એણે શ્રીમંતોની કોન્ફરન્સ-મીટિંગ ન બોલાવી; ફંડફાળો ન કર્યો, 'લખો ફાળામાં મારા પાંચસો એક'-એવો ધંધો ન કર્યો. મહાત્માએ પહેલેથી જરા ઈશારો કર્યો કે એકલાં પોતાનાં જ ધનના ઢગલા લેખે લગાડ્યા; જગતના દુઃખ એકલે પંડે ફેડવા કમર કસી ! પુણ્યકમાઈ વખતે બીજા સામું શું કામ જુઓ ?

**વાત સાચી છે કે પુણ્યના ઉદયમાં જો બીજાની ભાગીદારી નથી ગમતી તો પુણ્યના ઉપાર્જનમાં ભાગીદારી શા માટે ઝંખવી ?**

દુકાનમાં તમારી મૂડી અને તમારી અક્કલ આવડત પર તમે સારું કમાવા માંડ્યા, હવે જો એમાં કોઈ બહારનો બીજો ભાગીદાર હોય તો મનને ખૂંચે છે ને ? મનને એમ થાય છે કે આ સારી કમાઈમાંથી ક્યાં ભાગ લઈ જાય છે ? તમારું ચાલે તો ભાગીદારી છોડી પણ નાખો છો. પછી કમાઈના એકલા માલિક બનવામાં કેટલી બધી હોંશ અને હર્ષ અનુભવો છો ? બસ, આ ન્યાય પુણ્યના ઉપાર્જનમાં કેમ નહિ લગાડવાનો ? પુણ્ય કમાવવામાં શા માટે એમ થાય છે કે 'ભાઈ ! આપણે એકલા નહિ; બીજાની સાથે ઊભા રહીએ. આપણો ફાળો આપીએ.'

આવા મુફલિસ વિચાર કેમ આવે છે ? શક્તિ ન હોય તો જુદી વાત; બાકી શક્તિ તો છે, સંસારના મોટમોટા ખર્ચ કરવાનું ચાલુ છે, દીકરો દીકરી બીમાર પડે તો જરૂર પડ્યે હજાર રૂપિયા ખરચી નાખવા તૈયાર છો, ખરચો ય છો, આત્મ-કમાઈ કરવાનો અવસર આવે ત્યાં ગલોચિયાં લો છે ? પુણ્ય-ઉપાર્જન વખતે એમ લાગે છે કે 'મારા એકલાનું થોડું જ કામ છે ?' કેમ આમ ? કહો, મમત્વ નથી, પોતાનું માન્યું નથી.

**ઉદારતાની ૩ ચાવી :-**

માટે જ પહેલું તો આ કરવા જેવું છે કે દેવ-ગુરુ અને ધર્મસ્થાનો પર ગાઢ મમત્વ ઊભું કરો, જેથી મનને એમ થાય કે આ કામ તો મારું જ છે. જગડુશાને એ હતું.

એટલે બે વાત આવી-એક તો **ધર્મવસ્તુ પર ગાઢ મમત્વ,** અને બીજું એ કે **પુણ્યોપાર્જનમાં ભાગીદારી નહિ ઝંખવી.** ઉદારતાની આ બે ચાવી છે. ત્રીજી ચાવી જુઓ.

એ સમજતા હતા કે 'અસંખ્ય જીવોના સંહાર અને થોક પાપસ્થાનકોના વેપલાથી આવેલી લક્ષ્મી એ આમ તો અવળો વેપાર, ભોગવટો, ચોરી, કોઈનો ભાગ હિસ્સો વગેરે રસ્તે ચાલી જાય છે. એના કરતાં આવા સદુપયોગને અવસર મળે છે, હજારો માણસોનાં કલેજાંને ઠારવાનો મોકો મળ્યો છે, પછી શા માટે એ



જતો કરું ? અસંખ્યના સંહારથી આવેલી લક્ષ્મી હજારોને શાતા આપવામાં જાય, તો જ લેખે લાગી ગણાય.' આ આ સમજ હોય એટલે બીજા દાન દેવા તૈયાર છે કે નહિ એવું શા માટે જુએ ? જાતે જ પૂર્ણ લાભ લેવા ઊછળી પડે ને ?

**સંહારથી આવેલું શાતામાં ન જાય ? :-**

સીધો હિસાબ છે ષટ્કાય જીવોના સંહારથી ભેગું થયું તો હવે જીવોને શાતા, અભયદાન આપવાનું પહેલું કરવું જ જોઈએ. દેવાધિદેવ અને સદ્‌ગુરુની ભક્તિ શા માટે છે ? એટલા માટે કે પરમાત્માએ અનંતા જીવોને અભયદાન દીધાં છે, અને જગત પર અભયદાન દે એવો માર્ગ બતાવી ગયા છે; ગુરુઓ પણ સર્વને અભય દેનારા છે, તેમ જ દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ ધર્મમાં કોઈને ભય પમાડવાની વાત નથી અભયદાનની જ વાત; તેથી એમની ભક્તિ અવશ્ય કરાય એ સ્વાભાવિક છે. તો જ લક્ષ્મી કમાઈ લાવતાં થયેલા ષટ્કાય જીવોના સંહારનાં પાપની સામે કાંઈક રક્ષણ મળે. આવું સંરક્ષણ ઊભું કરવું હોય એ એવાં સુકૃત કરવાની તક મળતાં શું કામ બીજા એમાં ભળવાની રાહ જુએ ? શા માટે અપેક્ષા રાખે ? એ તો પોતાની શક્તિનો ઉપયોગ કરી જાતે સારામાં સારો લાભ લેવા ઉત્સુક હોય.

બધું પરમાત્માનું માની પોતાનો વ્યવહાર ઉચિત રીતે સંભાળે તો આ ભક્તિમાં જરાય વાંધો ન આવે. પોતે તો ટ્રસ્ટી-વહીવટદાર, પણ માલિક નહિ, શેઠ નહિ. માલ બધો પરમાત્માનો. દુનિયામાં આબરૂ-લાગવગ જમાવી, તો તે પણ પરમાત્માની; એટલે અવસર મળ્યે એ આબરૂ-લાગવગનો ઉપયોગ હોંશથી શાસનસેવામાં સંઘસેવામાં કરવાનું થાય. માટે પ્રશ્ન મોટો આ છે કે,

પરમાત્માનું તમારી પાસે શું છે ? કઈ વસ્તુ એવી રાખી છે કે જેના તમે તો માત્ર ટ્રસ્ટી હો, બાકી માલિકી પરમાત્માની હોય. તમે કહેશો.

**પ્ર.**- એમ તો પ્રભુની પૂજામાં ચીજ વસ્તુ વાપરીએ છીએ, પૈસા ખરચીએ છીએ, એ બધું પરમાત્માનું થયું ને ?

**ઉ.**- પણ અહીં સવાલ તો એ છે કે શું એ પરમાત્માનું હતું માટે લઈ ગયા ? કે હતું તો તમારું, પણ તમારે પુણ્ય જોઈતું હતું તે માટે વસ્તુ સોદામાં આપી ?

હું મારી ચીજ પરમાત્માને ધરું છું એ ભાવના અને પરમાત્માનું પરમાત્માને ધરું છું એ ભાવના, બેમાં મોટું અંતર છે. 'મારી ચીજ ધરું છું' -એની પાછળ દિલમાંઆ રહેલું છે કે 'મારી ઈચ્છા થાય ત્યારે ચઢાવું, ઈચ્છા ન હોય ત્યારે નહિ.' ત્યારે 'પરમાત્માનું જ એમને ધરું છું.' -એની પાછળની વૃત્તિ તો એવી છે કે 'જ્યાં પ્રભુભક્તિનો મોકો હોય ત્યાં બને ત્યાં સુધી પ્રભુનું પ્રભુને ધરવું જ; કેમ કે એમનું

જ છે તે એમની સેવા-શોભામાં જવું જ જોઈએ.' કહો બેમાં કેટલો ફરક છે ?

**સેવાની નાની બાબતોમાં બેદરકારી કેમ ? :-**

પોતાનું જ છે એ માન્યતામાં દેખાય છે કે અવસરે પ્રભુ-પૂજાની કે પખાળ, આરતિ, વગેરેની ઉછરામણીમાં મોટી રકમ બોલી નાખશે. પરંતુ પ્રભુનાં અંગે કરવાનાં અંગલૂંછણાં મંદિરના જાડા ખરસટ અને કાળાં પડી ગયેલાં વાપરશે ! પખાળ પાણી જેવા દૂધથી કરશે ! આરતિનું ઘી કે અગરબત્તી મંદિરની વાપરશે ! કેમ વારુ ? કારણ કે પોતાના ઘરમાં પડેલું તો પોતાનું છે માટે પોતાની ઈચ્છા હોય તો જ વાપરવાનું છે, ન હોય તો નહિ, એ ભાવ ક્યાંથી લાવે કે 'અરે ! પ્રભુને આવું રોબ્બડ-ક્લાસ ? મારે ઘેર પ્રભુનું જ પડ્યું છે તે શું કામ ન લાગે ?' બધું પરમાત્માનું છે એ ભાવ જાગતો રહે તો ઝીણી ઝીણી ભક્તિની વસ્તુ તરફ લક્ષ જાય; એ મંદિરમાં જ્યાં જ્યાં વસ્તુની ખામી દેખાય ત્યાં ત્યાં ઝટ પોતે સારી વસ્તુ લાવીને હાજર કરે. મંદિરમાં કાજો કાઢવાની સાવરણી ઘસાઈ ગઈ હોય તો જુઓ મોટી બોલીઓ બોલનાર કે આંગી રચાવનાર કે જાતે રોજ રચનાર યા પૂજા-ઓચ્છવ કરનારમાંથી કેટલા એનું લક્ષ રાખી ઝટ સારી સુંવાળી સાવરણી નવી લાવીને હાજર કરનારા હોય છે ? કેમ નહિ ? 'મારી પાસેનું બધું મારું નહિ, પણ પરમાત્માનું છે,' એવી ભાવના મનમાં રમતી નથી. સ્વપ્નમાં ય એ આવતું નથી. એ ભાવ જો દિલમાં બેઠો હોય તો વિસાત શી મોટી હતી ?

એમ, મંદિરમાં સરખો કળશ નથી, પાટલો કાળો ચીકણો પડી ગયો છે. અંગલૂંછણાં કાળાં બરછટ કડક થઈ ગયાં છે, ત્યારે ચંદરવો સરખો બાંધ્યો નથી, ભીંતો પર કેસરના ડાઘા પડેલા છે, પાટલા વચમાં પડ્યા ઠેબે ચઢે છે, અગરબત્તીના બહુ ઝીણા ટૂકડા છે,...આવી કેટલીય બાબત છે કે જે સુધારવી સહેલી છે.

**પોતાનું શું અને પરમાત્માનું શું ? :-**

ખરી વાત એ છે કે પોતાનું બધું પરમાત્માનું છે, અને પરમાત્માનું મંદિર, મૂર્તિ તથા મંદિરનાં સાધનો કે કામકાજ એ પોતાના છે, એ માન્યતા, એ ભાવના, સચોટ મગજમાં બેઠેલી જોઈએ.

**મંદિર વગેરે પોતાનું માન્યા પછી એની કાળજી પોતાના ઘર કરતાં વધારે રહે; અને પોતાની વસ્તુઓ પરમાત્માની છે એ નક્કી ધર્યા પછી એને પ્રભુભક્તિમાં વધુ ને વધુ લાવવાની ધગશ રહે.** આંખ મન એવા ચકોર બની ગયા હોય કે જ્યાં ક્યાંક કંઈ જોવા મળે, સાંભળવા મળે, કે વિચારમાં સ્ફુરી આવે, ત્યાં પરમાત્મા કે પરમાત્માના વચનની સાથે ઝટ કડી જોડે. પણ આ કોને ? જેને આંખ, મન વગેરે ઇન્દ્રિયો અને મન યાવત્ આખું શરીર બધું જ પરમાત્માનું માન્યું હોય,



પોતાની નહિ પણ પરમાત્માની માલિકીનું ગણ્યું હોય. પરમાત્માનું છે, એટલે એનું કાર્ય સરવાળે પરમાત્મા અને એમના શાસનની સેવામાં ઊતરવું જોઈએ. આવી લગની લગાડી દીધી હોય.

કહો તમારે ય બધું પરમાત્માનું જ છે ને ? તમારા છોકરા પરમાત્માના ને ? ના, સાફ ના, 'નામ મારું લખાય છે;' કહી દેશે ! ઘરની એકાદિ વાટકી ય પરમાત્માની ખરી ?

**પ્ર.**- પરમાત્માને શું કરવું છે ?

**ઉ.**- ખરું, પરમાત્માને કશું જોઈતું નથી. તમારા દર્શને ય જોઈતા નથી. તો હવે એમ કરો પરમાત્માનાં દર્શને ય કરવાનું માંડી વાળો !

**પ્ર.**- ના, દર્શનનો પરમાત્માને ખપ નથી, પણ અમારે તો અમારા કલ્યાણ માટે ખપ છે ને ?

**ઉ.**- તો પછી એ જ રીતે સમજી રાખો કે ભલે આપણી એક પણ વસ્તુનો પરમાત્માને ખપ નથી, પણ આપણને આપણા કલ્યાણ માટે આપણી બધી વસ્તુ પર પરમાત્માની માલિકી માનવાનો ખપ છે, જેથી આપણા પોતાના વસ્તુ મમત્વે આપણાં મોત થાય નહિ, અને આપણે એ વસ્તુને પ્રસંગે નિસ્વાર્થભાવે, કૃતજ્ઞ ભાવે, નિરભિમાનપણે, પરમાત્મા અને એમના શાસનની સેવામાં અર્પિત કરી શકીએ. વહાલામાં વહાલો દીકરો હોય તો ય અવસર આવ્યે એને પ્રભુચરણે સોંપી શકીએ.

સાચા જિનભક્ત-જૈન બનવા માટે આ ઉપાય છે કે આપણું બધું જિનની માલિકીનું છે એવું આપણા દિલમાં પક્કું ઠસાવી દઈએ.

**બુંદીકોટાની ભાવના :-**

જો આપણને મળેલું ધન, માલ, પરિવાર, પ્રતિષ્ઠા, ઇન્દ્રિયો, મન અને કાયા વગેરે બધું આપણું પોતાનું જ માનવું છે, પરમાત્મા અને એમના શાસનની સેવામાં આપણી ઈચ્છા થાય તો જ એમાંનું કંઈક આપણે મોટા દાતારપણાની અદાથી આપવું છે, આપણું છે માટે આપવું ન આપવું એ આપણી મરજીની વાત રાખવી છે, તો શું પરમાત્માને આપણી આખી જાતના નાથ માન્યા છે, માલિક માન્યા છે તે બુંદીકોટાની ભાવનાથી માન્યા છે ? પણ સમજી રાખજો કે તો તો અભવ્યને ય એવું ઘણું આવડે છે. દેવલોકનાં સુખ લેવા માટે ભગવાનને બુંદીકોટાની ભાવનાએ પોતાના માલિક બનાવી કષ્ટમય ચારિત્ર એવાં પાળે છે કે એના યોગે ઠેઠ ઊંચે નવગ્રૈવેયક દેવલોક સુધી પહોંચી જાય છે ! છતાં પણ એનું કલ્યાણ નથી થતું હોં. કેમ ? એણે સાચી ભાવનાથી જિનને ખરેખર પોતાના નાથ નથી માન્યા,

એટલે પોતાની કાયા વગેરે ય પુણ્ય સામગ્રી પર પણ પરમાત્માની માલિકી માનતો નથી. પોતાની જાત જ ભગવાનની નહિ, તો બીજી વસ્તુની શી વાત ? વિચારસરણી પર પણ એ ભગવાનનો થોડો જ હક માને ? માને તો તો મિથ્યાત્વ જાય ભાગ્યું ! અને સમકિત દોડતું આવે.

**જૈનનું હૃદય :-**

**જૈન તે કે જે પોતાની જાત, મન અને વિચારણાના-ધોરણ પર જિનનો હક માને.** કાયા પણ જિનની માલિકીની. એ જિનની ભક્તિમાં ન ખરચાય એ બદલ કપાળ કૂટે અર્થાત્ મનને એમ કલ્પાંત થાય કે હું તે આ કેવો કપાળફૂટો કે જિનની સેવાને જ યોગ્ય મળેલી અને જિનના પ્રભાવે જ પ્રાપ્ત થયેલી આ ઉત્તમ માનવકાયાને એ નાથની સેવાને બદલે દુષ્ટ ઇન્દ્રિયોની અને જડ માયાની ગુલામીમાં ખરચી રહ્યો છું !'

**'માનવકાયા-માનવભવ તો ચોવીસે ય કલાક જિનની સેવા માટે જ સરજાયેલ છે,'-એ જૈનની સજ્જડ માન્યતા હોય,** પછી એમાં કાપ પાડીને ઇન્દ્રિયોની વિષયપ્રવૃત્તિ, અર્થોપાર્જન, હિંસા-આરંભ-સમારંભાદિ પાપકૃત્યો, તૃષ્ણા-મદ-માયા, ગર્વ-ગુસ્સો વગેરે બધા જેટલી એને તાણી જાય એનો એને પારવાર ખેદ હોય. 'અરેરે ! જિનની માલિકીની આ પવિત્ર કાયાને ગંદા પાપ અને ગંદા વિષયો કેવા અભડાવી નાખે છે !' એમ નિરાશા હોય.

**દેવો કેમ ચોવીસે કલાક જિનની સેવામાં નહિ ? :-**

**તમે જૈન છો ને ?** જૈન એટલે જિનના; જિનના એટલે આ માનવકાયા ચોવીસે ય કલાક જિનની સેવા માટે જ સરજાયેલી છે એવું માનનારા ! મોટા દેવની પણ કાયા એવી નથી; કેમ કે,

એક તો એ મૂળ કાયાથી અહીં મોટા ભાગે આવતા નથી;

બીજું એ, કે વિકુર્વેલી કાયાએ અહીં આવે તો પણ ચોવીસે કલાક જીવનભર સેવામાં રહેતા નથી, રહેવા ધારે તો ભલે એકેક દેવ કે ઈન્દ્ર કદાચ ન રહે પણ કલાક કલાકના વારા કરે તો ય દેવો તો શું ઇન્દ્રોય એટલી અસંખ્યની સંખ્યામાં છે કે ભગવાનના જીવન સુધીના કલાકો ખૂટે પણ ઇન્દ્રો ન ખૂટે. છતાં કયાં એમ બને છે ? ત્યારે જઘન્યથી ક્રોડ દેવતા સાથે રહે તેમાં પણ બદલા બદલી થતી હશે. એટલે કોઈ એક દેવતાની ય કાયા ચોવીસે ય કલાક જિનની સેવામાં ક્યાં રહી ?

ત્રીજું મહત્ત્વનું તો એ કે જિનની સેવા ખાસ મુખ્ય તો જિનના આદેશાનુસાર પ્રતિજ્ઞા સાથે પોતાના તરફથી સર્વ જીવોને ત્રિવિધ ત્રિવિધે જીવનભર અભયદાન દેવાપૂર્વક પાપમાત્રના ત્યાગનું જીવન જીવવું એ છે. દેવતા આ વાતમાં હાથ જોડે છે.મોટા અનુત્તરવાસી દેવ કે જેમને બહારથી કોઈ હિંસાદિ નથી કરવાના, તેત્રીસ



સાગરોપમ તત્ત્વચિંતનમાં પસાર કરવાના છે, છતાં પ્રતિજ્ઞાબદ્ધ ત્યાગ એમને પણ નથી. હવે દેવની કાયા ચોવીસે ય કલાક જિનની સેવા માટે ક્યાં રહી ?

ત્યારે ચોવીસે ય કલાક જિનની સેવામાં જીવનભર રહી શકે એવી કોની કાયા ? ગણધર ભગવાનની, આચાર્ય મહારાજોની, ઉપાધ્યાય અને મુનિ મહારાજોની, -એટલે કે માનવની કાયા !

આવી જિનની સેવા માટે જ સરજાયેલી આ મહા કિંમતી કાયાને પણ જાતમાલિકી અને વિષયોના કચરા-ઉકરડામાં ઘાલતાં કોઈ વિચાર ? કોઈ શરમ ? કોઈ ઘૃણા ? બસ, મૂઢતા, બેશરમી અને સૂગતામાં જ દિવસોના દિવસો, મહિનાના મહિના અને વરસોના વરસો યાવત્ આખી ય જિંદગી ચાલી જવાની ? જીવનમાંથી પળ પળ સરકતી, દિવસ-રાત્રિઓ વહી ચાલી છે. જીવ બહારની ને બહારની વસ્તુમાં જ 'હું' અને 'મારું' માની માનીને રચ્યો પચ્યો રહે છે, થોકબંધ એક ધારાએ વિચારો એના ને એના જ કર્યા કરે છે, એની સાથે એકરસ જેવો થઈ ગયો છે, એટલે પછી કચરા-ઉકરડામાં માનવ જિંદગી અને મહામૂલી મન-વચન-કાયાની શક્તિઓ વેડફાઈ રહેલી ઉપર હૈયે યાવત્ આઘાત ક્યાંથી લાગે ? પરમાત્માનો માલ લેભાગુઓમાં લૂંટાવી નાખતાં તો, જો હૈયે નફટાઈ ન હોય તો, કારમું દિલદર્દ થાય.

**જુગારી છોકરો** બાપનું ધન લૂંટવામાં જ સમજે છે, બાપના વેપારમાં સહાય કરવાની વાત નથી; તેમ આ કાયા-માયાને આત્માનું પુણ્ય લૂંટવાની જ વાત છે, આત્માનાં ધર્મવેપારમાં ઊભા રહેવાની કોઈ પરવા નથી; એ ઉંધાઈ પર જીવને કાળો કકળાટ થાય.

પણ આ કકળાટ ક્યારે ? બહિરાત્મા મટી અંતરાત્મા બનાય ત્યારે; બહારનામાં હું-મારું છોડી અંતરનામાં હું-મારું' ગોખાય ત્યારે. એ ભાવ આત્મસાત્ કરાય એટલે તો પછી અંતરનાં સગાં દેવાધિદેવે, ગુરુમહારાજ, સાધર્મિક, તીર્થો, શાસ્ત્રો અને મંદિર-ઉપાશ્રય તથા વિશેષ નિકટનાં સગાં ક્ષમા-મૃદુતા-સરળતા-નિસ્પૃહતા, દયા-દાન, વ્રત-નિયમ, ત્યાગ-તપસ્યા વગેરેમાં જીવ લાગ્યો રહેવાનો. એમાં આગળ વધતાં નિષ્પાપ ચારિત્ર, અપ્રમાદ અને અકષાય અવસ્થા પર મમત્વ સાથે એનો ભગીરથ પુરુષાર્થ થાય ત્યારે પરાકાષ્ઠાએ પહોંચતાં પરમાત્મદશા પમાય ત્યાં પછી હું-મારું કશા ઉપર નહિ. વિશુદ્ધ અનંત જ્યોતિ પ્રગટ થઈ ગઈ, એટલે નિરાસક્તપણે જગત નિહાળવાનું.

આવા પરમાત્મા સ્વયં ન બનીએ ત્યાં સુધી બીજા પરમાત્મા બનેલા પર એટલું બધું મમત્વ જોઈએ કે રૂપાળા દેખાતા પણ જગતને છોડી ચોવીસે ય કલાક એમની સેવાનાં લયલીન રહેવાના કોડ થાય, પ્રયત્ન થાય. આપણે પરમાત્મા બનવું

છે ? આપણી સામે આદર્શ કેવો જોઈએ ?

**કેવા પરમાત્મા, નજર સામે તરવરે તો આપણું ચિત્ત પરમાત્મપણાના ભાવને અનુકૂળ ભાવમાં રમતું રહે ?** કહો એ જ પરમાત્મા કે જેમનો આત્મા શુદ્ધ સ્વરૂપમાં ઝળહળી ઊઠ્યો છે, જેમને કોઈ હુંકાર-મમકાર નથી, એ કરાવનાર કોઈ મોહ નથી. રાગદ્વેષનો રંચ-અંકુરો નથી; જે જગતને ય ભવમાં ફસાવનારા કષાયોનું કાંઈ જ પ્રોત્સાહન કરતા નથી. એવા જ પરમાત્મા પરમાત્મભાવ તરફ લઈ જાય ને ? **પરમાત્મા એટલે સ્વયં જડથી તદ્દન અલિપ્ત, અને જગતને અલિપ્ત થવાનું કહેનારા.**

ત્યારે આ પંચસૂત્ર 'સત્' એટલે કે સત્ય અને સુંદર છે, કેમ કે એ વીતરાગ-સર્વજ્ઞ પરમાત્માનાં વચનને અનુસારે રચાયેલું છે. વીતરાગ પરમાત્મા અને સરાગ છતાં કહેવાતા પરમાત્મા વચ્ચે કેટલું બધું અંતર છે ! અને તેથી જ સરાગ ભગવાનનાં વચન એકાંતે સત્ય અને સુંદર કેમ હોઈ શકે નહિ ? એ વિચારણા આપણે ચાલે છે. વાત એ હતી કે ગીતામાં પરમાત્મા ગણાતા શ્રી કૃષ્ણે કેવા અર્જુનને શું કહ્યું ? પરમાત્મા હોય એ બીજાને સંસારના રગડા કરવાનો ઉપદેશ આપે ? એ તો સ્વયં જડથી અલિપ્ત અને જગતને જડથી અલિપ્ત થવાનો જ ઉપદેશ દેનારા હોય; પણ જડ માટે ઝગડવાનું અને ખૂનખાર લડાઈ મચાવવાનું કહે જ શાના ? પરંતુ ગીતામાં આ ઊંધું જોવા મળે છે !

**અર્જુનનો વૈરાગ્ય :-**

અર્જુન યુદ્ધભૂમિ પર શું જુએ છે ? 'આ સામે અમારા ભીષ્મ પિતામહ છે ! ગુરુ દ્રોણાચાર્ય છે ! દુર્યોધન વગેરે ભાઈભાંડુઓ છે ! એમની સામે મારે શસ્ત્ર ચલાવી હોશિયારી હોય તો એમને યમસદન પહોંચાડવાના છે.' એ જોઈ એનું હૈયું કકળી ઊઠે છે, મનને પારાવાર ખેદ થાય છે કે 'અરે ! શું આમનો કચ્ચરઘાણ કાઢીને અમારે રાજ્ય પાછું મેળવવાનું છે ? ધિક્કાર છે મને કે હું અહીં લડવા આવ્યો ! નથી લડવું મારે.' એમ વિચારી એણે શસ્ત્ર હેઠાં મૂકી દીધાં, એને આ લડાઈ પ્રત્યે અને એના દ્વારા મળતા રાજ્ય પ્રત્યે વૈરાગ્ય આવી ગયો.

ભલે એના એ વૈરાગ્યને હૃદયદૌર્બલ્ય અને પુરુષાર્થહીનતા તરીકે ચીતરવામાં આવે, પરંતુ જુઓ એ ત્યાં શ્રી કૃષ્ણને શું કહે છે;-

'આ રીતે આ કુટુંબીઓ વગેરેને મારી નાખીને રાજ્ય લેવાનો શો અર્થ છે ? રાજ્યમાં સુખોય કુટુંબીઓની સાથે રહીને રીતસર ભોગવાય તો શું મારે આ લડાઈમાં એમનો જ કચ્ચરઘાણ કાઢવાનો અને રાજ્ય લેવાનું ? રાજવી સુખનાં સાધનનો પહેલો જ નાશ ? વળી આ પૂજ્ય ઉપકારી અને સગાંનો વિનાશ કેમ



થઈ શકે ? ઉત્તમ પુરુષોને મારી નાખવાનું કેમ થાય ? એથી તો પછી આગળ જતાં પ્રજા વર્ણસંકર પાકે અને ધર્મનો ધ્વંસ આવીને ઊભો રહે માટે મારે આ લડાઈ લડવી નથી. રાજ્ય નહિ મળે તો ચિંતા નહિ. ભીખ માગીને પેટ ભરવું સારું, પણ આ રીતે રાજ્ય લેવું ખોટું.'

કુરુક્ષેત્ર પર પાંડવ-કૌરવો વચ્ચે જે ખૂનખાર યુદ્ધ મચ્યાં, તેની પૂર્વ ભૂમિકામાં આ હતું, એમ ગીતા કહે છે. એ હિસાબે તો જો અર્જુનને એ વૈરાગ્યમાં સમર્થન મળ્યું હોત તો સંભવ છે યુદ્ધ રદ થઈને કોઈ જુદો જ મામલો રચાયો હોત ! પરંતુ શ્રી કૃષ્ણે જે શાસ્ત્ર ઉપદેશ્યું એની પાછળ લોહીની નદીઓ વહી ! અને કેટલાય ઉત્તમ પુરુષોનો નાશ થયો !

**રામ-રાવણનાં યુદ્ધ કરતાં આ યુદ્ધ જુદું :-**

**પ્ર.-** એમ તો રામ-રાવણના યુદ્ધમાં ય લોહીની નદીઓ વહી અને કેટલાય ઉત્તમ પુરુષોનો નાશ થયો, તો તે શું અયોગ્ય યુદ્ધ હતું ?

**ઉ.-** એ યુદ્ધમાં ફરક છે. એક તો એ, કે રામ-રાવણના યુદ્ધમાં સતીની રક્ષાનો સવાલ હતો. ત્યારે અહીં તો પાંડવો દ્યૂતના ચડસે રાજ્ય હારી બેઠેલા તે પાછું મેળવવા લડાઈ હતી. એટલે આ એક અંગત સવાલ થયો, સતી સીતાની રક્ષા જેવી ધર્મરક્ષાની વાત નહિ.

**પ્ર.-** આમાં ય કૌરવો અનાડી હતા, લોકને પીડતા હતા એની સામે ધર્મરક્ષાનો ઉદ્દેશ કહેવાય ને ?

**ઉ.-** આ ક્યાંથી લાવ્યા ? જુઓ ઇતરોના જ કિરાતાર્જુનીય કાવ્યમાં આવે છે કે યુધિષ્ઠિરે વનમાંથી તપાસાર્થે વનચર માણસને મોકલેલ; તે આવીને અહેવાલ આપતાં કહે છે, દુર્યોધનની રાજ્યપદ્ધતિ એટલી બધી કુનેહભરી છે કે નોકરવર્ગ ખૂબ સંતુષ્ટ બનવાથી વફાદારી ભારે ધરાવે છે ! અને પ્રજાજનમાં ખૂબ સુખશાન્તિ પ્રવર્તે છે ! આ હિસાબે પ્રજાને પીડવાની વાત ક્યાં રહી ? પછી શી ધર્મરક્ષા પાંડવોને કરવાની હતી ? સવાલ અંગત સ્વાર્થનો હતો.

બીજી વાત પાછી એ છે કે રામ-રાવણના યુદ્ધમાં પરમાત્માએ તત્ત્વોપદેશ આપ્યો અને તેથી વિરાગીઓ રાગી બનવાથી યુદ્ધ થયું એવું નથી. ત્યારે અહીં તો વિરક્ત બની યુદ્ધ ટાળવા તૈયાર અર્જુનને તત્ત્વોપદેશ આપી લડાઈ કરતો કરવામાં આવે છે. કહેવાતા પરમાત્માના હાથે આ વિરાગીને રાગદ્વેષી બનાવી યુદ્ધ માટે ઉશ્કેરવામાં આવે છે. આ ફરક છે. આમ તો દુનિયામાં ઘણી ય લડાઈઓ થઈ અને થાય છે. પરંતુ પરમાત્મા ગણાતા એ યુદ્ધના અનિચ્છુકને એવો ઉપદેશ આપે ખરા કે જેથી ખૂનખાર લડાઈ મચે ? અને એ ઉપદેશના શાસ્ત્રને સત્ એટલે કે સત્ય

અને સુંદર કહી શકાય ખરું ?

**પાપની કાયરતા શી ખોટી ? :-**

અર્જુન વિરાગી હતો એ એના શબ્દ કહે છે. કેમ કે એમાં એણે કુટુંબીઓ અને ગુણિયલ પુરુષોને મારવાનું ન થાય એટલી જ વસ્તુ રજૂ કરી હતી, પણ 'આમાં પોતાને કદાચ મરવાનું થાય તો ?' એવો પોતાનો ભય દેખાડ્યો નહોતો. કે લડાઈ ન લડવામાં કોઈ માનાકાંક્ષા બતાવી નહોતી. આમ છતાં શ્રીકૃષ્ણ એને કાયર કહે છે ! આ કાયરતા જો પાપનાં ઘરની હોય તો તો ખોટું શું છે ? રખે મારાથી પાપ થઈ જાય તો ?' આવી પાપની કાયરતા તો સારી જ છે. હવે એને એવો ઉપદેશ આપવો કે જે તત્ત્વનો હોવાનું દેખાડવું અને એના ઉપર એની લાગણીઓ એટલી હદ સુધી ઉશ્કેરવી કે એ ખૂનખાર યુદ્ધ મચાવે ! આ ઉપદેશ, આ શાસ્ત્ર સત્ય અને સુંદર શી રીતે કહી શકાય ?

**પ્ર.**- અર્જુન વિરાગી ક્યાં હતો ? હોત તો વનમાંથી ઊઠીને અહીં સુધી લડવા શા માટે આવત ?

**ઉ.**- વાત સાચી પહેલાં એવો વિરાગી નહોતો. પરંતુ અહીં આવીને સામે જે દૃશ્ય જોયું તેથી શું વૈરાગ્ય ન જ થાય ? અને પહેલાં ખોટા માર્ગે કદમ ઉઠાવવાનું કર્યું ય હોય, પણ પછી વચમાં શું સદ્બુદ્ધિ ન જ જાગે ? અને એ જાગે તો ખોટી જ કહેવાય ? વિચારી તો જુઓ કે એની વિચારસરણી અહીં કેવી ઉમદા બની ગઈ છે !

'એક રાજ્ય માટે ભાઈનો સંહાર ?'

'પણ ખબર છે શું થશે ?'

'રાજ્ય નહિ મળે, એ જ ને ? ભીખ માગીશ, એમ પેટ ભરીશ પણ આવી નીચતા નહિ કરું ! આવી અધમતા સરાસર નહિ કરું; આ ભયાનક અધર્મ છે.'

શી ખોટી વાત છે એની !

ત્યારે એમણે માનેલા પરમાત્મા શ્રીકૃષ્ણ પાસે અર્જુનને કહેવરાવે છે -તજી દે હૃદયદૌર્બલ્યને ! કાયર ન થા ! અભિમાન ન કર કે હું મારું છું. આત્મા અમર છે, કોઈથી મરતો નથી.'

કેવી વિરુદ્ધ વાત ? એક બાજુ કહે છે, 'આત્મા મરતો નથી,' બીજી બાજુ કહે છે, 'ઉઠાવ તીર કામઠું !' આ શેના જેવું ? કહે કે પથ્થરમાં કમળ ન ઊગે' પણ પણ સાથે કહેવું કે, લે બીજ, રોપ પથ્થરમાં !' કૃષ્ણ અર્જુનને તીર કામઠાથી કર્તવ્ય બજાવવાનું કહે છે. અર્જુનના શીતલ થયેલા હૃદયમાં કૃષ્ણ લાકડાં નાખી, ઘી હોમી ભડકો પ્રજ્વલિત કરે છે, કુરુક્ષેત્રનાં યુદ્ધ જગાડે છે. મહાભારત મંડાય છે.



માણસો મરાય છે. કૃષ્ણના ઉપદેશનું શાસ્ત્ર એ ગીતા; એ મોક્ષનો માર્ગ !

કલિકાલ સર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્રાચાર્ય કહે છે : હિંસાથી જો મોક્ષે જવાતું હોય તો નરકે કોણ જશે ? શું સંત સાધુ જાય ? કેમ કે એ હિંસા કરતાં નથી ! ઇતરનું શાસ્ત્ર આ રીતે 'સત્' એટલે સત્ય અને સુંદર નથી. એણે બતાવેલા મોક્ષમાર્ગ સત્ય નથી. જ્યાં હિંસા હોય, વૈરાગ્યનું ખૂન હોય, રાગ-દ્વેષ-કષાય ભારોભાર હોય, કાપાકાપી હોય એ મોક્ષમાર્ગ ? એ સુંદર નથી. હવે જૈન ધર્મનો આવો જ એક પ્રસંગ જુઓ.

**કષાયમગ્ન અઠાણું પુત્રોને ભગવાને વિરાગી બનાવ્યા :-**

અઠાણું પુત્રો પિતા ભગવાન ઋષભદેવ પાસે આવ્યા હતા. બાંહ્ય ચઢાવીને ! 'એ ભરત સમજે છે શું ? એને ખુમારી છે ?' રાજ્ય બાપે દીધેલું છે; આજ્ઞા બાપની મનાય. પણ ભરત આજ્ઞા મનાવવા માગે છે ? એ ય ઋષભદેવનો દીકરો છે : અમે ય એમના દીકરા છીએ. ભરત લડવા આવે તો લડી લેવું.' આમ કષાયમાં ધમધમતા હતા. પણ 'ચાલો બાપાજી પાસે. એમને જણાવી દઈએ !' માટે ભગવાન પાસે આવ્યા હતા. આ ૯૮ રાજ્યના ભારે રાગી અને ભરતના ભારે દ્વેષી થઈને પરમાત્મા પાસે આવ્યા છે. કૃષ્ણ પાસે અર્જુન તો વિરાગી થઈને આવ્યો હતો, કે લડાઈ ન જોઈએ. ત્યાં કૃષ્ણે લડાઈ બતાવી. આ અઠ્ઠાણું તો ભરત પર દ્વેષથી ધમધમતા અને પોતાના રાજ્ય પર રાગથી રંગાયેલા હતા; બાપાજીને પૂછવા આવ્યા છે. એ અઠ્ઠાણુના રાગદ્વેષના અગ્નિને ભગવાને ઉપશમ રસની દેશનાથી ઠારી દીધા ! ગજબ કોટિના વિરાગી બનાવ્યા ! ભગવાને કહ્યું આ જીવની તૃષ્ણા કેટલી ? અંગારવાણિજ્યવાળા વેપારીના દૃષ્ટાંતે સમજાવ્યા.

**અંગારવાણિજ્યવાળાનું દૃષ્ટાન્ત.** આ,-એક કોલસાનો વેપારી હતો. એકવાર ઉનાળાની ઋતુમાં જંગલમાં કોલસા પાડવા માટે ગયો. સાથે પાણી પણ ગાડામાં લેતો ગયેલો. ત્યાં જઈને લાકડાં ભેગાં કરી સળગાવ્યાં. જેમ જેમ એ અડધાંપડધાં બળી રહે એટલે પાણી છાંટી બૂઝવતો જાય; વચમાં ધરતી તપે એટલે ઊભા રહેવા પાણી જમીન પર છાંટે; પોતે ય તપે એટલે શરીર પર પાણી છાંટે અને પીએ પણ ખરો. એમ કરતાં પાણી ખલાસ થઈ ગયું અને હજી અહીં કામ અધૂરું છે. તેથી આ બાજુ પાણીની તપાસ કરે છે. પાણી દેખાયું નહિ પણ તરસ ભારે લાગી છે, તેથી આગળ શોધ કરવા ચાલ્યો. રસ્તો તપે છે, ઉપરથી સૂર્ય તપે છે અને અંદરથી પણ તૃષાએ શરીર તપ્યું છે. એટલે ઝાડની છાયા આવતાં જરા સૂતો. એમાં એને ઊંઘ આવી ગઈ. ઊંઘમાં સ્વપ્ન આવ્યું.

સ્વપ્ન શાનું ? જેવું લક્ષ, લગની અને લેશ્યા હોય એવું જ ને ? ફરિયાદ

કરાય છે સારાં સ્વપ્ન કેમ નથી આવતાં ? ખરાબ કચરાપટ્ટી કેમ આવે છે ? પણ આખો દિ, એવાં જ લક્ષ, એવી જ લગની અને એવી જ લેશ્યા રાખી હોય પછી સારાં સ્વપ્ન આવે શી રીતે ? વાત વાતમાં જડ પુદ્‌ગલ તરફ જ દૃષ્ટિ, એના જ વિચાર, એની જ ગડમથલ, આવું ચાલ્યા કરે, એની પાછળ આ ગમતું આ અણગમતું, આ સારું પેલું ખરાબ એમ રાગદ્વેષ, હર્ષ-ખેદ અને અધીરાઈ અસહિષ્ણુતા, રોષ, તૃષ્ણા, મમતા, આસક્તિ વગેરે ચાલુ ને ચાલુ જ રહેતા હોય, એટલે એના કુસંસ્કારોનો પર્વતભાર માથે હોય પછી એ જ ઊઠી ઊઠીને સ્વપ્નામાં દેખા દે ને ? માટે આ બહુ જરૂરી છે કે,

**દિવસની ગડમથલ સુધારો;**

**વિચારણા, લેશ્યા, લગની, લક્ષ બધું જ ફેરવી નાખો. એ બધું જડને ઝૂકતું છે એમાંથી એને વારંવાર પાછું વાળ્યા કરો, અટકાવ્યા કરો, અને આત્માને ઝૂકતી ગડમથલ, વિચારસરણી, લક્ષ, લગની, લેશ્યા કેળવ્યા કરો.**

પેલા વેપારીને સ્વપ્નું આવ્યું એમાં એણે એક પાણીનું તળાવ જોયું ! બસ, સ્વપ્નમાં ય તરસ્યો હતો એથી, જાણે ઊઠ્યો, દોડ્યો તળાવ તરફ અને મંડ્યો પાણી પીવા. પણ ખોબે ખોબે શા માટે ? સાષ્ટાંગ દંડવત્ પડ્યો ઊંધો અને જનાવર પાણી પીએ એમ મોઢું તળાવને લગાડી ગટક ગટક પાણી પીવા માંડ્યું ! તે પણ એટલી બધી તીવ્ર ઝડપથી કે જોતજોતામાં આખું તળાવ પી ગયો ! છતાં તરસ મટી નહિ !

ભગવાન અઠ્ઠાણું પુત્રોને કહે છે. 'જો જો મહાનુભાવ ! તમને કદાચ આશ્ચર્ય લાગશે કે 'હેં ! આવું ઊંધા પડીને જનાવરની જેમ પાણી, ગટગટાવવાનું ? હેં ! આટલું બધું તળાવભર્યું પાણી પી જવાનું ? અને વળી છતાં તરસ ઊભી ?' પણ આશ્ચર્ય મોટું તો જીવની અંદર છે. જુઓ જીવની તૃષ્ણા કેટલી બધી છે ? એમાં ક્યાંય ભરપૂર મળે એવું લાગતું હોય અને મળેલું ભોગવવા તૈયાર થાય ત્યારે એના પર કેવો તૂટી પડે છે ? કોઈ ધરપત ખરી ? અને તૃષ્ણા છે ત્યાં સુધી એમાં શું કશું બાકી રાખે ? તેમ બધું ય ઓમ્ સ્વાહા કરી જાય પછી ય તૃષ્ણા શાંત કે ઊભી ? હજી ય જુઓ છો ને તમારી તૃષ્ણા કેટલી ઊભી છે ?'

પેલાએ એક તળાવ ખતમ કર્યું, પછી ઊઠ્યો, દોડ્યો આગળ ! ત્યાં વળી બીજું તળાવ જોયું, બસ તૂટી પડ્યો એના પર ! થોડી વારમાં આખું તળાવ પી ગયો ! પણ તરસ ? ઊભી ને ઊભી ! વળી ચાલ્યો આગળ; મોટું સરોવર જોતાં ખુશ ખુશ ! હૈયું નાચી ઊઠ્યું ! નીચો સૂતો ઊંધો સલેપાટ ! મંડ્યો પીવા ! તરસ જોરદાર છે, માલ તૈયાર છે, ઉપાડ કેટલીવાર ? સપાટાબંધ સરોવર આખું પી



નાખ્યું ! તો ય તરસ ઊભી !

હે ભગવાન ! જીવની તૃષ્ણા કેટલી ? **'ઇચ્છા હુ આગાસસમા અણંતા.'** જ્યાં મોટું લૂંટવા-ચપાટવાનું મળે ત્યાં ખુશ ખુશ ! હૈયું નાચે કૂદે છે ! સપાટાબંધ ચપાટી જાય કેમ જાણે હવે એવું મળી ગયું છે કે બસ બધી ઇચ્છા પૂર્ણ થઈ જશે ! રાંક જીવને ક્યાં જોવું છે કે અહીં તો શું મળ્યું છે, પણ ભૂતકાળમાં મળવામાં-ભોગવવામાં કમીના નથી રહી, છતાં આજે તૃષ્ણાળુ જ છે ને ? કે તૃષ્ણા મટી ગઈ ? તો હે સુબુદ્ધો ! અહીં ગમે તેવું અને ગમે તેટલું મળે એમાં નાચવું-રાચવું'તું શું ?

પેલો તરસ્યો ઊઠ્યો, વળી દોડ્યો, નદી મળી તો નહિ, તળાવ-સરોવર મળ્યું તો તે, આખા જગતભરનાં નદી-સરોવર પી ગયો ! પણ તરસ મટી નહિ ! હવે શું કરવું ? તરસથી આકુળવ્યાકુળ છે; તે ફાંફાં મારે છે. એમાં હવે તો એક ખાબોચિયું, પણ કાદવ ભરેલું જુએ છે ! 'ફિકર નહિ,' કરી પછેડીનો એ છેડો એના પર પાથર્યો. પછેડી ઉપરના કાદવિયા પાણીથી ભીંજાઈ પછી એ હાથમાં લઈ છેડો મૂઠીમાં દબાવી ઊંચો કરી મોંની ઉપર એને નિચોવી મોમાં ટીપું પાડે છે. ખુશ થાય છે. ચાલો ઠીક થયું, તરસ મટશે !' મટે ? કેટલો પાગલ ! કેવો મૂઢ ! જગતભરની નદીઓ-સરોવર-તળાવોના ચોખ્ખા પાણી પીધ્યે જે તૃષા નથી મટી એ કાદવિયા મેલાં પાણીના ટીપે મટી જવાનું માને છે ! માટે એ પીવાની ક્રિયામાં યોગીનાં ધ્યાન કે વિદ્યાસાધકની સાધનાની જેમ લયલીન બને છે !

બોલો બુદ્ધિમાન ! તરસ મટાડી દેવાની આશાએ ટીપાં ટેસથી એમાં ગરકાવ થઈ પીએ છે તે બરાબર કરી રહ્યો છે ?

અઠ્ઠાણું પુત્રો બીજું શું કહે ? એ જ 'ના પ્રભુ ! એ તો તદ્દન એની મૂર્ખતા છે !'

**ભોગની તૃષ્ણા નહિ શમે :-**

ભગવાન કહે છે 'તો પછી તમારું વિચારો. દેવતાઈ સુખસાધનની અપેક્ષાએ તો અહીં તમને મેલાં ટીપાં જેવું મળ્યું છે, તેમાં ગરકાવ થઈ ભોગવો છો એ મૂર્ખતા નથી ? જીવનભર ભોગવશો એટલે તૃષ્ણા શમી જવાની છે ? જો નથી શમવાની, તો આ વિષયોનો સંગ્રહ અને ભોગવટાથી તૃષ્ણા શમાવવા-શાંત કરવાનો ઊંધો ધંધો ક્યાં સુધી ચાલુ રાખવો છે ? ભવચક્રમાં ભટકતાં અનંતીવાર ઊંચા દિવ્ય પણ વિષયો મેળવ્યા ને ભોગવ્યા છતાં જે તૃષ્ણા નથી મીટી, એ અહીંના ગટરિયા વિષયોથી મિટાવવા એના સંગ્રહ અને ભોગવટાની ક્રિયામાં યોગીના ધ્યાન અને વિદ્યાસાધકની સાધનાની જેમ એકતાન બનવાનું હોય ? જીવન તો જાણે પલકારામાં પૂરું થઈ જશે ! પણ તૃષ્ણા શમાવવાનો એકમાત્ર ઉપાય વિષયત્યાગ, એ સાધવાનો રહી જશે. પછી એવા ભવમાં ચાલ્યું જવું પડશે કે જ્યાં ત્યાગની સમજ સરખી

નહિ મળે, તો સાધવાની વાત શી ? ઊલટું ત્યાં તો તૃષ્ણા ગાઢ હશે, અને પુણ્યના અભાવે મળવાના વખા હશે, વિચારો જીવની કેવી વિટંબણા ?'

પરમાત્માના ઉપદેશથી અઢ્ઢાણુંય પુત્રોનાં હૃદય કકળી ઊઠ્યાં ! લડાઈમાં જાણે ભગવાનનું, મતું મરાવવા આવેલા એ વિચારમાં પડી ગયા. 'અરે ! આ આપણે ક્યાં ચાલ્યા ? આ ભરતને બિચારાને દુશ્મન કાં માની બેઠા ? દુશ્મન તો પ્રભુ કહે છે તેમ અંતરમાં કૂદી રહેતા રાગ-દ્વેષ-તૃષ્ણા-અહંકારાદિ છે. કેમ કે એ જ લુચ્ચાઓ આપણી પાસે કાળાં કામ કરાવે છે લડાઈ-ઝગડા, આરંભ-સમારંભ-હિંસાદિ પાપો કાળાં પાપવાહી કામો એ જ કરાવે છે ! વળી માનવજીવનનાં ઉચ્ચ કર્તવ્ય દર્શન-જ્ઞાન ચારિત્ર-તપની આત્મસંપત્તિ સાધી લેવાનું ભુલાવનાર સાધનાથી દૂર ને દૂર રાખનારા એ દુશ્મનો છે. ભગવાનને વહાલા કરવાનું શિખવાડનાર એ ભામટાઓ છે. શું એવા નપાવટ શત્રુઓ થાબડ્યા કરવામાં જ આ કિંમતી જીવનકાળ અને કિંમતી મન-વચન-કાયાની શક્તિઓને વેડફી નાખવાની ! કોને ખબર કુટિલ કર્મોનો હલ્લો ક્યારે કેવો આવી ચડશે ? તો કોને ખબર મૃત્યુનો પંજો એકાએક ક્યારે આવી પડે ? અને ત્યારે તો બધી સાધનાયોગ્ય પુણ્યાઈથી ભ્રષ્ટ જ થવાનું! પછી કર્મ આ મોટા ચૌદ રાજલોકના ધરામાં ક્યાંય ફેંકાઈ-ફેંદાઈ જવાનું ! તૃષ્ણા-અહંકારના માર્યા ભ્રષ્ટ થયેલા અનંતા જીવો સૂક્ષ્મ પૃથ્વીકાયાદિપણે ચૌદે રાજલોકમાં ફેંદાઈ રહ્યા છે. એક તલમાત્ર જગા ખાલી નથી કે જ્યાં આ જીવો ન હોય. કર્મસત્તા એને પીસી રહેલ છે. એવી કર્મસત્તાથી પિસાઈ રહેલા અમારે પણ માથું ઊંચું રાખી ફરવાની શી લાયકાત છે ! કર્મની લોખંડી બેડીઓ ન તોડી નાખીએ, તૃષ્ણાદિની પરાધીનતા ન ફગાવી દઈએ ત્યાં સુધી છાતી ઊંચી રાખી ફરવામાં શા માલ ? શી શોભા ? માટે બસ હવે તો પ્રભુનાં ચરણનું જ એક શરણ.'

નિર્ધાર કરીને અઢ્ઢાણું સંસાર તજી અણગાર બન્યા. ભરત સાંભળી લજ્જા પામ્યો, આવીને અઢ્ઢાણુંની ક્ષમા માગે છે ! કોઈ યુદ્ધ નહિ, લોહીનું એક ટીપું ય રેડાયું નહિ.

પરમાત્માનું આ કાર્ય, કે જડને મુકાવી જીવનું જતન કરાવે. આ પ્રસંગ અને ગીતાનો અર્જુન શ્રીકૃષ્ણનો પ્રસંગ સરખાવી જુઓ એટલે શ્રીકૃષ્ણમાં પરમાત્માનું સ્વરૂપ છે ? કે ભગવાન શ્રી ઋષભદેવમાં છે ? ગીતા એ સત્-સત્ય અને સુંદર છે કે તીર્થંકર ભગવાનનો ઉપદેશ ?



મોક્ષમાર્ગમાં લડાઈ પણ હોય; પરંતુ તે કોની સાથે ? તૃષ્ણા, અહંકાર, દ્વેષ, દીનતા વગેરેની સાથે. એ લડાઈ, સિદ્ધ ન બનાય ત્યાં સુધી ચાલવી જોઈએ. ભગવાન તીર્થંકરના આત્માઓ, મહાપુરુષોના આત્માઓ સંયમ જીવનમાં અદીન મનથી વિચારે છે. એમને ય કર્મબંધ થતા, પણ તેઓ અડગ નિશ્ચયવાળા હતા, 'બસ ! કર્મોને આજ ખતમ કરું !' **મનુષ્યજીવન એટલે કર્મ સામે છેવટ સુધીની લડાઈ.** એ આત્મા આવી લડાઈ માટે ખુલ્લી છાતીએ ફરતા-કાનમાં ખીલા ઠોકાય તો ભલે ઠોકાઓ ! અશાતા સહેવાથી અનેક કર્મોનો સંહાર થશે ને ?' એમની પાસે સમતાનું પ્રબલ શસ્ત્ર હતું, 'મને ગમે તેમ થાય પણ સમતાને વેગળી મૂકું નહિ,' એ નિર્ધાર. આ અઢ્ઢાણું તો રાગીદ્વેષી થઈને આવ્યા હતા. જગતની દૃષ્ટિએ ન્યાયી પણ હતા, એ ક્યાં લડવા માટે પિતાની સંમતિ લેવા ગયા હતા ? બાપાજીએ ન્યાય આપવો જોઈએ એમ સમજતા. પણ ભગવાને તો મોક્ષમાર્ગ બતાવ્યો. ત્યાં જગતનો પંથ ન જોઈએ. કર્મોને ખતમ કરવામાં અજ્ઞાનીની વાતો ન સંભળાય. અજ્ઞાનીની વાતો અજ્ઞાનીને હવાલે કરવી. આ અઢ્ઢાણુંને ભગવાને જ્વલંત વિષય-વિરાગ, કષાયત્યાગ, અને ચારિત્ર આપ્યું : કેવળજ્ઞાની બનાવી દીધા ! એક લોહીનું ટીપું ન પડવા દીધું. ભરતે આ સમાચાર દૂત પાસેથી સાંભળ્યા. રોતો આવ્યો-માફ કરો ! બંધુઓ ભૂલ્યો ! પધારો, સુખેથી રાજ્ય કરો' કહે છે આ પરમાત્માના ઉપદેશનું ફળ.

**અંગત વિરોધની લડાઈ અનુચિત :-**

કૃષ્ણે વિરાગી બની આવેલા અર્જુનને જે ઉપદેશ આપ્યો તેથી કેવી સ્થિતિ થઈ ? બચાવમાં કહે છે, જગત પર અન્યાય થતો હોય ત્યારે જગતની દયા હોવી જોઈએ ને ? પણ એમના જ ગ્રંથ કિરાતાર્જુનીય કાવ્યમાં દુર્યોધનના રાજ્યનું વર્ણન આવે છે, જણાવે છે, 'કેટલું સુખ ? ટંટો નહિ, ચિંતા નહિ. એવી વ્યવસ્થા કે પ્રજાને કોઈ ફરિયાદ નહિ. યુધિષ્ઠિરને કોઈ યાદ ન કરે ! અનર્થ-અન્યાયની કોઈ વાત નહિ.' પાંડવો સાથે અંગત સ્વાર્થથી વિરોધ અંગત હતો. જ્યાં અંગત વિરોધ ખાતર ખૂનખાર લડાઈ કરાવાય કે જેમાં ભાઈભાઈનાં માથાં કાપે એ કેવો મુક્તિ માર્ગ ? માટે એ માર્ગ સત્ય ને સુંદર નથી.

આંતર શત્રુના નાશનો માર્ગ સત્ય અને સુંદર કહેવાય. પંચસૂત્રમાં એ છે માટે પંચસૂત્ર સત્ય અને સુંદર છે. તેથી શાસ્ત્ર વિવેચનકાર એને સત્ પંચસૂત્ર કહે છે.

**શ્રી પંચસૂત્રની પાંચ વસ્તુઓ :-**

પરમ ઉપકારી શાસ્ત્રકાર મહર્ષિએ જે પંચસૂત્ર ગ્રંથની રચના કરી છે તે મહાન ગ્રંથમાં પાંચ મુખ્ય વસ્તુઓ કહી છે, તેનો નિર્દેશ કરતાં ટીકાકાર મહર્ષિ આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ ટીકાના પ્રારંભમાં કહે છે. એ પાંચ વસ્તુઓ કઈ ? (૧) પાપપ્રતિઘાત-ગુણબીજાધાન (૨) સાધુધર્મ-પરિભાવના (૩) સાધુધર્મ-ગ્રહણવિધિ. (૪) પ્રવ્રજ્યા પરિપાલન (૫) પ્રવ્રજ્યા-ફલ.

પ્રથમ પાપપ્રતિઘાતની સાથે જ ગુણબીજનું આધાન-ગુણરૂપ બીજનું આધાન થાય, તે બીજ આવે, એટલે એ આત્મા સાધુધર્મનો અભિલાષી બને. એણે હવે સાધુધર્મની પરિભાવના અર્થાત્ એ માટે આત્માની યોગ્યતા કેળવવા જે કરવું જોઈએ તે અધિકાર બીજા સૂત્રમાં છે. પછી સાધુ ધર્મને યોગ્ય થાય એટલે તે ધર્મ ગ્રહણ કરવાની વિધિનો અધિકાર પછી સાધુધર્મ લીધો તેનું પાલન કેમ કરવું તેનો ચોથા સૂત્રમાં અધિકાર છે. સાધુપણાનું ફળ મોક્ષ-એના સ્વરૂપનું વર્ણન પાંચમાં સૂત્રમાં છે.

આ ક્રમ આ રીતે જ કેમ ? કહે છે, આ ક્રમ આ રીતે જ છે. સૂત્રમાં જે રીતે ક્રમ કહ્યા છે તેજ રીતે પદાર્થની પ્રાપ્તિ થાય છે. કોઈ કહે એમાં શું ? પાપ-પ્રતિઘાત ન થાય તો ન ચાલે ? સાધુ ધર્મની પરિભાવનાય શા માટે ? સીધું સાધુપણું ન લેવાય ?' શાસ્ત્રકાર સાફ ના કહે છે. એ રીતે વિના ક્રમે ન મળી શકે. કહેલા ક્રમે મેળવવામાં આવે તો જ વસ્તુ પ્રાપ્ત થાય. ક્રમનું ઉલ્લંઘન કરી અતીત અનંત કાલમાં આ વસ્તુ કોઈને મળી નથી. ભવિષ્યમાં કદી મળવાની નથી. શાસ્ત્ર કહે છે, એમ તો વિના ક્રમે, ગમે તે રીતે આ જીવે અનંતીવાર સાધુપણું લીધું, આ ક્રમની દરકાર કર્યા વિના મનમાની રીતે પ્રાયઃ અનંતી વાર બાહ્ય સાધુપણું પાળી નવ ગ્રૈવેયક સુધી પ્રાયઃ અનંતીવાર જઈ આવ્યો. નવગ્રૈવેયકમાં જવાનું સાધુપણા વિના ન બને. ગ્રૈવેયકમાં જવા માટે કમમાં કમ દ્રવ્યલિંગ-સાધુવેશ, જૈનમુનિપણું જોઈએ. એથી ઉપર (અનુત્તર વિમાનમાં) જવા માટે ભાવ લિંગ જોઈએ. અંતરમાં સમ્યગ્દર્શન પૂર્વક સાધુધર્મની સ્પર્શના (છટ્ઠું ગુણઠાણું) જોઈએ. આપણે લગભગ કહી શકીએ કે આપણે અનુત્તરમાં જવાનું નથી કર્યું; કેમકે ત્યાં વચલા (સર્વાર્થ સિદ્ધ) વિમાનમાં તો એક જ ભવઃ ત્યાંથી મનુષ્ય થઈ તરત મોક્ષ. આજુબાજુના અનુત્તર વિમાનમાં ત્રણ ભવ, પણ ત્રણ ભવનો નિયમ નહિ. કોઈ એક ભવે પણ જાય. ત્યાં તો નથી ગયા, લગભગ મનાય. પણ હા, શાસ્ત્ર કહે છે કે નવ ગ્રૈવેયકે ગયા,



તે ય પ્રાયઃ અનંતવાર ! છતાં એનું કાંઈ મૂલ્ય ? કાંઈ નહિ; અનંતવાર ચારિત્રનું કષ્ટ સહન કરવા છતાં મુક્તિ હજી આપણાથી દૂર છે. એ વાત જરૂર વિચારવાની રહે છે કે ક્યાંક ખામી છે. ખામી એ કે માલ શાહુકારીથી લીધો નથી; તફડંચીથી લીધો છે. જ્યારે શાસ્ત્રે પાંચેયનો ક્રમ બતાવ્યો કે પાપપ્રતિઘાત અને ગુણ બીજાધાન થાય પછી જ સાધુધર્મ-પરિભાવના આવે; તે આવ્યા પછી જ સાધુધર્મ-ગ્રહણની પૂર્વ વિધિ પાળવાનું બને; એ પળાય એટલે કાયદેસર સાધુધર્મ લઈ એનું વાસ્તવિક પાલન બને; અને એ થવા પર જ અંતિમ ફળરૂપે મોક્ષ થાય; જ્યારે આ ક્રમ બતાવ્યો, તો એ પરથી સૂચિત થાય છે કે એ ક્રમે એ પ્રાપ્ત કરવા એ તો શાહુકારીથી પ્રાપ્ત કરવાનું બન્યું; અને જો એ ક્રમની પરવા ન કરી, ને એમ જ પૂર્વ પૂર્વનું ઉપાજર્યા વિના સાધુધર્મ લઈ લીધો, તો એ તફડંચી કરી કહેવાય.

આજ સુધીના સંસાર કાળમાં આવી તફડંચીથી માલ ઉપાડ્યો છે માટે જ એની ખરી અસર, ખરું પરિણામ દેખવા મળતું નથી. ક્રમિક ભૂમિકાઓમાં તો પૂર્વપૂર્વની ભૂમિકા એ પછી પછીની ભૂમિકા, માટે ઉપાદાન આત્માને તૈયાર કરે છે. ઉપાદાન યોગ્ય બને પછી જ એમાં ઘાટ ઊતરે. માટી મુલાયમ માખણ જેવી થાય પછી જ એના પર ધાર્યા ભાજન બનાવી શકાય છે. અહીં પણ પૂર્વ પૂર્વની ભૂમિકામાં આત્મામાં ઉપરની ભૂમિકાના ઘડતર માટે જરૂરી મુલાયમતા આવે છે, એ ન કરવામાં આવે તો આત્મા કઠણ પત્થર જેવો હોય, એના પર શી રીતે ઉપરની સ્થિતિ સર્જી શકાય ?

પરંતુ જીવને બીજે પણ તફડંચી કરવાની ટેવ છે એટલે અહીં ધર્મની બાબતમાં ય તફડાવવાનું કરે એમાં નવાઈ નથી, સારો માલ મફતમાં જ ઉઠાવી લઉં',- આ વૃત્તિ સહજ જેવી બની ગઈ છે. જરાય જોવું નથી કે 'અલ્યા પણ તારો હક પહોંચે છે ?' જો હક જોવાનું થાય તો ખરું ઠેકાણું પડે. શું દુનિયાદારીમાં કે શું ધર્મમાં, હક, અધિકાર, લાયકાત ઊભી કરવા માટે પહેલો પ્રયત્ન જરૂરી છે.

**દુનિયાદારીમાં** દેખાય છે કે માબાપ સંતાન ખાતર સ્વાર્થત્યાગ, વાત્સલ્ય, સંરક્ષણ-સંવર્ધન વગેરે દ્વારા પોતાની લાયકાત ઊભી કરે છે, તો જ એ સંતાન તરફથી હાર્દિક સદ્ભાવ-વિનય-સેવા-ભક્તિ વગેરે સહેજે પ્રાપ્ત કરે છે. એમ સંતાન પણ પોતાની ખાસ યોગ્યતા કેળવે છે તો માબાપ તરફથી પૂર્ણ ચિંતા સાથે સંભાળ મેળવે છે. એવું જ શિક્ષક અને વિદ્યાર્થી, વેપારી અને ઘરાક વગેરે પણ પોતપોતાની યોગ્યતાની કેળવણી પર સામા તરફથી વ્યાજબી મેળવવાના હકદાર બને છે.

ધર્મના ક્ષેત્રમાં પણ એવું જ છે. સાધુ અને શ્રાવક, ગુરુ અને શિષ્ય,

સાધર્મિક અને સાધર્મિક, વગેરે પણ પોતપોતાની યોગ્યતા કેળવવા પર સામા પાસેથી સારું મેળવી શકે છે, એટલું જ નહિ, પણ પોતાને ધર્મની વિવિધ કક્ષાઓ મેળવવાનો અધિકાર, યોગ્યતા કેળવવા ઉપર મળે છે. સાધુપણું મેળવવા માટે એની યોગ્યતા સોળ ગુણો પહેલાં કેળવવા જોઈએ છે, અને શ્રાવકના બાર વ્રત લેવા હોય તો એ માટે પણ એકવીસ ગુણ મેળવવા જરૂરી કહ્યા છે, દિલમાં સમ્યગ્દર્શન ફરસાવવું હોય તો પણ સંવેગ-નિર્વેદ (મોક્ષની ઇચ્છા અને ભવનો વૈરાગ્ય) પહેલો કેળવવો જોઈએ છે. જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો ગુરુનો વિનય, બહુમાન પહેલો જ જોઈએ. કોઈ પણ ધર્મસાધના કરવી હોય તો પ્રણિધાન બરાબર હોવું અત્યંત જરૂરી છે. અહીં પણ પંચસૂત્રમાં બતાવેલ પછી પછીના કાર્ય માટે પૂર્વ પૂર્વનું કાર્ય એ યોગ્યતા ઘડવા રૂપ હોઈ, એ સાધવું પહેલું જરૂરી છે. એ સાધ્યા વિના પછીનું કાર્ય વાસ્તવિક સિદ્ધ થાય નહિ.

**ધર્મ કરે તો વધુ ફસાવા માટે ? :-**

પ્રથમ પાપ પ્રતિઘાતનું કાર્ય, એ શી રીતે બને ?

કહે છે : **જીવને ભયંકર કોટિનાં બે પાપ વળગ્યા છે,- (૧) સંસારનો દૃઢ રાગ, ને (૨) અતત્ત્વનો આગ્રહ.** સંસારનો દૃઢ રાગ એટલે સંસારમાંના મનગમતા પદાર્થોની આંધળી આસક્તિ, અતત્ત્વની રુચિ એટલે મિથ્યામતની વાતો, જમાનાવાદીની વાતો, નાસ્તિકવાદની વાતો હૃદયમાં સારી રીતે બેસી જવી તે. અતત્ત્વની રુચિ કલ્પિત ખોટા તત્ત્વોનો રાગ કરાવે. સંસારનો રાગ જડ પદાર્થો પર નિર્ભય આસક્તિ કરાવે. આસક્તિ તો ત્યાં સુધી કે તફડંચીથી સાધુપણું પણ લેવરાવે. તફડંચીથી ઉક્ત ક્રમ વિના જ માત્ર દેવલોક આદિના સુખ માટે અહીં શાહી સુખો છોડ્યાં સાધુ થયા, અહીં જડનો ત્યાગ કર્યો, પણ વધુ સારા જડને લેવા માટે, સાબિતીમાં જ્ઞાનીના સર્ટિફિકેટની જરૂર નહિ, કોઈ પાસે પ્રમાણ લેવાની જરૂર નહિ, સ્વાનુભવ પ્રમાણ છે. ચિત્તવૃત્તિ પર એનું માપ છે. પૂછો પોતાને-

**જગત ગમે છે કે જિન ?**

**હૃદય તત્ત્વમાં ઠરે છે કે અતત્ત્વમાં ?**

**હૈયાનો પક્ષપાત સંસારની વાતો પર કે આત્મહિતની વાતો પર છે ?**

નવગ્રૈવેયક સુધી જવાયું ખરું, ચારિત્ર પાળીને, પણ શા માટે ? વધુ જડમાં ફસાવા માટે ! ત્યાગ કર્યો વધુ રાગમાં ફસાવા માટે ! તપ પણ વધુ સારું ખાવા માટે કર્યો, દાન પણ કર્યું, વધુ પરિગ્રહ માટે ! શાસ્ત્ર કહે છે, માટે આ બધી ક્રિયા છાર પર લીંપણ જેવી થઈ; એ શું કરી આપે ? ધર્મ દિલાવર છે, સેવા કરી એટલે દે છે, એટલે જ એનું આપેલ સુખ ભોગવતાં ધર્મ ભાવના થતી નથી. જાણે કહે છે-'લઈ



જા ! લઈ જા ! પણ હવે માફ રાખજે ! અમારે અને તારે હવે મેળ નહિ મળે.'

**મોહનું મહાત્મ્ય : ધર્મ કરી મોહમાં વધુ ફસાય :-**

વિષક્રિયાઓનું એ ફળ કે પુણ્ય બંધાવે અને ધર્મ ખોવરાવે. ચારિત્ર પાળે છે, પણ પાળતાં પાળતાં વિમાનને સામે જુએ છે એટલે કે જે ચારિત્રથી અનાસક્ત અને મહાવિરક્ત બનવાનું હતું, એને બદલે વધારે આસક્ત, વધુ રાગી બનાયું. ધર્મ ખોયો, પુણ્ય ખોયું નથી. ચારિત્ર લઈને મહાબળ મેળવ્યું. વાસુદેવ થયા, પણ પછી નરકે ગયા; ચારિત્રની ક્રિયાનું ફળ નરક ? ના ! ચારિત્ર તો પુણ્ય બંધાવેઃ લક્ષ્મી, બળ, રાજપાટ અપાવ્યું, એનું કામ ખતમ થયું, પણ સાથે પુદ્ગલની આશંસા જોરદાર કરી હતી ને ? ચારિત્ર એ ધર્મ છે, અને પૌદ્ગલિક વાસના એ મોહ. એક હૃદયમાં ધર્મ અને મોહ બંને ફળ પેઠા. બે ય પોતપોતાનું કામ કરે ને ?

**ધર્મક્રિયાનું કામ પુણ્ય બંધાવી ફળમાં સારી સામગ્રી આપવાનું : મોહનું કામ ચીકણું મોહનીય કર્મ બંધાવવાનું.**

ભગવાન મહાવીરદેવના જીવ વિશ્વભૂતિ (રાજકુમાર) મુનિએ ચારિત્ર સુંદર પાળ્યું, લબ્ધિઓ પ્રાપ્ત કરી, એવી કે જેના યોગે, કાયા ગાયની હડફેટે ચઢી પડેલી, એટલી દુર્બલ છતાં, ગાયને એમણે શિંગડેથી ઝાલી ઉંચકી આકાશમાં ગોળ ફેરવી ઉછાળી ઉંચે ગગનમાં ! અને પાછી પડતાં એના ભૂકા ન થાય માટે આમ હાથ લંબાવી ઝીલી લીધી ! કાયામાં એ કૌવત નહોતું, પણ લબ્ધિ હતી. તપ અને ચારિત્ર સુંદર હતા, પણ પિતરાઈએ કરેલા અપમાનના પ્રતાપે અભિમાનમાં ચઢી અનેક પર સત્તા જામે એવું અખૂટ કાયિક બલ માગ્યું. પૌદ્ગલિક બલની ઘોર આશંસા કરી ચીકણું મોહનીય કર્મ બાંધ્યું. ચારિત્ર અને તપસ્યાએ શુભનામ કર્મ આપ્યાં, વાસુદેવ થયા, બળવાન થયા, કેવા બળવાન ? સિંહના ડાચામાં હાથ ઘાલી બે ફાડચાં કરી શકે એવા બળવાન ! તીવ્ર મોહનીય કર્મે શું કરાવ્યું ? સિંહના ફાડિઆં-કરાવ્યાં ! શય્યા-પાલકના કાનમાં ગરમ કડકડતું સીસું રેડાવ્યું ! વિષય રંગમાં ઘોર ડૂબાડ્યા ! ચારિત્ર ધર્મનો રંગ નષ્ટ થઈ મોહનો રંગ વધી ગયો, એટલે મોહ થયો અનુબંધવાળો, એટલે કે પરંપરા ચાલે એવો અને ચારિત્ર ધર્મ થયો રેંગડા-પેંગડા જેવો; એટલે એની આવરદા એક ભવે પૂરી, અને ફળ, એક બે ભવ; જ્યારે મોહનું ફળ ભવોભવ ! ધર્મની સાધના કરતાં જડની કામનાનું ફળ કેટલું ભયંકર ! એનાં હિસાબ-લેખાં નથી. ચારિત્ર વાસુદેવ બનાવે, એક ભવ બળ સંપત્તિ અપાવે; પણ સેવેલા મોહ એનાથી બંધાયેલ મોહનીય કર્મ દ્વારા એ ઋદ્ધિ પર, એ બળ પર વિષય કષાયની એવી ભયંકર રમત રમાડે કે જીવન ખૂટે પણ એ રમતનો અંત ન આવે. અને પછી ? નરકમાં ન સાંભળી શકાય તેવાં કારમાં દુઃખ વેઠ્યે રાખવાના ! છતાં કષાય કર્યે જવાના ! પછી

યે પાછા સિંહનાભવમાં ! પાછી મોહનીયની રમત ચાલુ ! શું કરવાનું એ સિંહના ભવમાં ? વાસુદેવના ભવમાં મોહની રમત, સાતમી નરકમાં કષાય-મોહની ભયંકર રમત, સિંહના ભવમાં ઘોર હિંસાની રમત ! એટલે પાછા ચોથી નરકે ! એક પૂર્વભવમાં ચારિત્ર સાથે મોહ કેળવ્યો, જડની વાસના મજબૂત કરી, ચારિત્ર કરતાં એને જડસંપત્તિને વહાલી ગણી, જડની પ્રાપ્તિમાં ચારિત્ર સફળ માન્યું, પરિણામે ચારિત્રની જે સિરા આત્મ-જમીનમાંથી પાતાળ કૂવાની સિરની જેમ ફૂટવાની હતી, તે એક ભવે સુકાઈ ગઈ અને મોહની સિરા અખંડ ચાલુ રહી ! સામાન્ય નિયમે બેય અટકવી જોઈતી હતી અગર ચાલુ રહેવી જોઈતી હતી, પણ એમ કેમ ન બન્યું ? પક્ષપાત ચારિત્ર પરથી જડ પર બેઠો માટે. 'આ તપનાં ફળમાં આવું બળ જ મળો'- માગ્યું, તેથી મોહ વધી ગયો, સંસાર-વૈરાગ્યમૂલક ધર્મભાવના નષ્ટ થઈ ગઈ.

**ભાવધર્મના પાયામાં ભવવૈરાગ્ય :-**

આ ખૂબ સમજી રાખવાનું છે કે કોઈપણ ધર્મસાધનાના મૂળમાં ભવવૈરાગ્ય તો જોઈશે જ. તો જ એ ધર્મસાધનાથી અંતરમાં ધર્મની પરિણતિ આવશે, ભાવધર્મ સિદ્ધ થશે. નહિતર ખાલી દ્રવ્યધર્મ જ થવાનો. બહારથી ધર્મક્રિયા ધર્મરૂપ દેખવાની એટલું જ, અંતર કોરું ધાકોર, કોઈ જ ધર્મ તરીકે ધર્મનો પરિણામ નહિ. ભવવૈરાગ્ય નથી, જડ પુદ્ગલ પ્રત્યે ભારે આસક્તિ છે, એટલે એની મુખ્યતામાં ધર્મબુદ્ધિ તો એના એક માત્ર સાધન તરીકે જ ધર્મને દેખવાની. **ધર્મ એ અંતરાત્માનો નિર્મળ પરિણામ છે એ ઈન્દ્રિયોના જડ વિષયોની લંપટતાની અને એની પાછળ સેવાતા અનેકાનેક પ્રકારના કષાયોની મલિન પરિણતિનો વિરોધી છે.** એવો નિર્મળ પરિણામ, જો અંતરમાં સંસારરસિકતા ને પુદ્ગલાનંદિપણું રમતું હોય તો ક્યાંથી ઊભો રહી શકે ?

**ભવવૈરાગ્ય કેમ પાયામાં ? :-**

જીવનમાં ધર્મની જરૂર જ શા માટે છે ? શું પૈસા કમાવવા ? શું દુનિયાનાં સુખો સારા મળે એટલા સારુ ? ના, કેમકે એ લક્ષ્મી અને વિષયાનંદ, એ અર્થ અને કામ, એ તો જીવને પાપી બનાવી ભવચક્રમાં ભમાવનારા છે, દુર્ગતિની ભઠ્ઠીઓમાં દુઃખની આગોથી બાળનારા છે. તો શું ધર્મ કરી કરીને એની જ તૈયારી કરવાની ? ધર્મથી જો અર્થ અને કામ જોઈએ છે તો એનો અંજામ જ એ છે કે પછી દુઃખદ ભવમાં ભટકો. 'ના, એ તો ન પાલવે,' તો તો પછી અર્થ-કામ માટે ધર્મની જરૂર જ ન માનો. ધર્મને તો આ ભયંકર ભવની ભાવઠ ભાંગવા માટે જ જરૂરી માનવાનો. એ જરૂરી માન્યું એના પેટામાં 'ભવ આવકારવા લાયક નહિ, ભવ તો નિકાલવા લાયક' એવી બુદ્ધિ રહી; ભવનાં બંધન પ્રત્યે ખટકો ઊભો થાય; એ જ ભવવૈરાગ્ય,

**અંતરમાં વિહ્વળતા કેમ ? :-**



ભવવૈરાગ્ય જો નથી, તો જડની આસક્તિમાં ચિત્ત વિહ્વળ રહે છે. ધર્મક્રિયા કરે ખરો પણ ચિત્ત જડ પદાર્થો માટે આકુળવ્યાકુળ. એ વ્યાકુળતા-વિહ્વળતામાં સીધી વિચારણા પણ ન રહે. ઈન્દ્રિય-વિષયોનો આવેશ ચીજ જ એવી છે કે મન અશાંત, અસ્વસ્થ, ઉકળતું રહે. એમાં આડાઅવળા અને ફજૂલ વિચારો ચાલે એમાં નવાઈ નથી.

## • શ્રીકાન્ત શેઠનું દૃષ્ટાંત •

રાજા શ્રેણિકના વખતમાં એક શ્રીકાન્ત નામે શેઠ રહેતો હતો. ધનસંપત્તિ અને હોશિયારી બહુ, એટલે રાજાના દરબારમાં અંગત સલાહકારોમાં એને સ્થાન હતું. હંમેશાં રાજ્યકાર્ય વગેરે અંગે કંઈક ને કંઈક વિચારણા નીકળતી. બીજી પણ પ્રસંગવશ ગોષ્ઠી ચાલતી. એમાં શ્રીકાન્ત પોતાની બુદ્ધિનો પડચો ઠીક દેખાડતો ! બીજા ચકિત થઈ એની પ્રશંસા કરતા ત્યારે આ કહેતો રાજાને, 'મહારાજ ! આમાં મારી કોઈ જ હોશિયારી નથી. આ તો એક સહજ સ્ફુરણા છે. શાંત ચિત્તે વસ્તુ પર ધ્યાન કેન્દ્રિત કરવાથી ગમે તેવી ગૂંચ કે ભયના પ્રસંગમાં પણ માર્ગ સૂઝી આવે છે.'

વાત પણ સાચી છે કે ચિત્ત જો વિહ્વળ ગભરાયેલું કે આકુળવ્યાકુળ થઈ જાય છે, તો લાઈન ઊંધી પકડાઈ જવાનો સંભવ રહે છે. એવું બને ત્યારે મોટો અનર્થ નીપજે છે. એના બદલે જો શાંત રીતે વિચાર કરાય તો સીધો રસ્તો હાથ લાગે છે.

**ભરત ચક્રવર્તીને** ચક્રરત્ન ઉત્પન્ન થયું. અહીં બીજી બાજુ ઋષભદેવ ભગવાનને કેવળજ્ઞાન પ્રગટ થયેલું; એટલે બંનેની વધામણી ભરત પાસે એકી સાથે આવી. ભરતને સહેજ વિચાર તો આવ્યો કે 'પહેલો ચક્રનો ઉત્સવ કરું ? કે કેવળજ્ઞાનનો ?' પરંતુ ચિત્ત એટલું અશાંત નહોતું, ચક્રરત્ન પેદા થવાના હરખમાં એવું વિહ્વળ ગાંડુ-ઘેલું થઈ ગયેલું નહિ, એટલે તરત જ મનને થયું, 'અરે ગાંડા ! આ તેં શી તુલના કરી ? જગતના જીવ માત્રને અભય અપાવનાર કેવળજ્ઞાન ! અને ક્યાં જીવોનો સંહાર કરનાર ચક્રરત્ન ? છતાં બંનેને સમાનગણી શું એમ વિચાર્યું કે પહેલાં આ પૂજું કે પેલું ? કેવી મૂઢતા !'

બસ, ચિત્ત વિષયરાગમાં વિહ્વળ બન્યું હતું, તૃષ્ણામાં અસ્વસ્થ બન્યું હતું તેથી ઊંધી લાઈન પર વિચાર આવ્યો હતો, પરંતુ હવે વિવેક પ્રગટવાથી તૃષ્ણા કાંઈક અંકુશમાં આવી એટલે ચિત્ત શાંત થયું સ્વસ્થ થયું ત્યાં ઝટ સીધી લાઈનનો નિર્ણય લીધો કે પહેલાં કેવળજ્ઞાનનો મહોત્સવ ઉજવવાનો. ભલે ચક્રરત્ન ઊભું રહે.

એમ, પછીથી બાહુબળ સાથે યુદ્ધ કરતાં ઠરાવેલ દૃષ્ટિયુદ્ધ, વાગ્યુદ્ધ વગેરે બધા યુદ્ધમાં ભરત હાર્યા એટલે માનહાનિ લાગવાથી ચિત્ત વિહ્વળ થયું, તો અવળી

બુદ્ધિ સ્ફુરી ! નહિ ઠરાવેલ ચક્રશસ્ત્ર,- કે જેની સામે બાહુબળ પાસે એવું શસ્ત્ર નથી,-તે બાહુબળ પર છોડ્યું. અન્યાયના યુદ્ધે ઊતર્યા.

બાહુબળજીને પણ ગુસ્સો આવ્યો. અભિમાનથી ચિત્ત વિહ્વળ થયું એટલે ચક્ર પાછું ફરવા પાછળ ભરતને ઠોકી પાડવા મુઠ્ઠિ ઉગામી દોડ્યા ! આ પણ કષાયવિહ્વળ ચિત્તના ઘરની અનુચિત બુદ્ધિ થઈ કહેવાય.

પરંતુ મુઠ્ઠિ ઉપાડી દોડતાં વચમાં અભિમાન શમ્યું, ચિત્ત શાંત બન્યું, તો સીધી વિચારણા થઈ. અભિમાનાદિ બધા ક્લેશનું મૂળ સંસારના વિષયો લાગ્યા, 'ક્લેશ જો ન જોઈએ તો એના મૂળભૂત સંસાર જ શા માટે જોઈએ ?' એમ વિચારી એ જ મુઠ્ઠિથી કેશનો લોચ કરી સાધુ બની ધ્યાનમાં ઊભા. એ જોઈ હવે ભરતનો પણ કષાય મોળો પડ્યો વિહ્વળતા ચિત્તની શમી, તો એ ય સીધી લાઈનની વિચારણામાં આવી બાહુબળજીને ખમાવે છે.

શ્રીકાન્ત શેઠ એ સમજાવે છે કે 'આપણું ચિત્ત શાંત હોય તો સહેજે સીધી લાઈનની વિચારણા સ્ફુરી આવે છે. પરંતુ આ જે કહી રહ્યો છે તે સમજાવવા માટે જ; વસ્તુતઃ એના જ દિલમાં ભારે વિહ્વળતા છે. તે એક મહાન દોષને લઈને છે; પરંતુ એ કારીગર એવો છે કે બીજાને એની ખબર પડવા દેતો નથી. પરંતુ કહે છે ને કે પાપ ક્યાં સુધી છૂપું રહે ? ત્યારે જુઓ એ કયો દોષ છે અને કેવી રીતે કોની આગળ પ્રકટ થાય છે.

એક વખત એવું બને છે કે એ નગરમાં બહારથી એક શ્રાવક યાત્રાર્થે આવેલ છે. એ રાજગૃહી નગરીમાં અનેક જિનમંદિરો છે. એમાં એણે એવું ધોરણ રાખ્યું છે કે એકાંતરે ઉપવાસ કરી કરી નવા નવા જિનમંદિરોની યાત્રા-પૂજા કરવી. એના નગરમાં આવ્યાની શ્રાવકોને ખબર પડી ગઈ છે એટલે પારણાના દિવસે એની ભક્તિ કરવા શ્રાવકો હોંશપૂર્વક આગ્રહથી વિનતિ કરીને લઈ જાય છે. ભક્તિની જાણે હરિફાઈ ! -એક કહે 'મારે ઘરે પારણું.' ને બીજો કહે 'ના. મારે ઘરે પારણું.'

હવે એવું બન્યું કે રાજા શ્રેણિકની આભ્યન્તર પરિષદમાં બેસનારા શ્રાવકો પણ પરસ્પર હોંશાંતોંસી કરીને પારણું કરવા લઈ જાય છે; પરંતુ આ શ્રીકાન્ત શેઠ કોઈ દિવસ માગણી મૂકતો નથી કે 'પારણું આજ તો મારા ઘેર.' એટલે બીજાઓના મનમાં થાય છે કે 'આ તે વળી કેવો કૃપણ કે એક પારણું કરાવવુંય મોંઘું પડે છે?' અંદર અંદર નક્કી કરે છે કે આજ તો પારણાનું એના ગળે વળગાડો.' પછી વાત નીકળતાં બીજાઓએ પારણાની હોંસાતોંસી કરવા માંડી. એમાં એક જણ બોલી ઉઠ્યો કે 'ભાઈ ! ઊભા રહો, આ તમે લોકો બહુ ગઠિયા કે શ્રીકાન્તભાઈને



બિચારાને બોલવા જ દેતા નથી ! ને એમને લાભથી વંચિત રાખો છો ! એ કાંઈ કૃપણ છે અને તમે જ ઉદાર છો ?'

શ્રીકાન્ત શેઠના સામે જોઈને પૂછે છે, 'કેમ શેઠ ?'

**શ્રાવક મફતિયું ખાય ? :-**

શ્રીકાન્તનું નામ કાઢ્યું ત્યાં જ એને વસવસો તો ઊભો થઈ ગયેલો. એ કેમ માગણી નહોતો કરતો એ તો એનું મન જાણતું હતું; પરંતુ હવે વાત નીકળી કૃપણતા ઉપર, અને 'શેઠ' કહીને સંબોધન થયું, એટલે વિચાર કરવો પડે એવું થયું. 'ના' કહેવી ઠીક નથી લાગતી, અને હા 'કહેવામાં એને મોટી મુશ્કેલી છે.' ત્યારે શું એમ કહે કે 'આવી રીતે પરદેશ યાત્રાએ જઈ બીજાના રોટલા પર દહાડા કાઢવામાં હું માનતો નથી.' ના, એમ તો એ માને છે કે આ શ્રાવક વ્રતધારી છે, ધર્મિષ્ઠ છે, એની ધર્મની લાગણી કહે છે કે એ કાંઈ બીજાના રોટલા ખાવા બહાર નથી નીકળ્યો; યાત્રાએ નીકળ્યો છે, અને તીર્થની યાત્રા પણ લુખ્ખી નહિ કિન્તુ ભક્તિભાવથી ભીની કરવા યાત્રાના દિવસે ઉપવાસ કરે છે. હવે ત્યાં કોઈ સાધર્મિક તરીકેની, પાછો તપસ્વી તરીકે અને વળી યાત્રાની અનુમોદનાર્થે ભક્તિનો લાભ ઉઠાવવા ઇચ્છે, અને આગ્રહભરી વિનંતિથી માનપૂર્વક પારણું કરાવવા લઈ જાય, તો એમાં એ ય શું ખોટું કહે છે ? અને યાત્રિક પણ શું અજુગતું આચરે છે ? હા, આશા રાખીને બેઠો હોય કે ક્યારે કોઈ જમાડવાનું કરે ?' તો એ વૃત્તિ અજુગતી છે. અહીં તો પોતે એવો લાલચું નથી, બીજા પર જીવનારો નથી. આ તો આગ્રહપૂર્વક એને બોલાવી જાય છે માટે જાય છે. નિમંત્રણ કરનારા પણ એનામાં વિશેષતા દેખે છે. નવી નવી યાત્રાનો ઉપવાસ, પોતાના ઉત્તમ દ્રવ્યથી પ્રભુભક્તિ, શ્રાવકપણાના કેટલાય અનુકરણીય સુંદર વ્રતો, નિયમો અને ગુણો તથા ચર્યા ! હવે એની ભક્તિ કરવા ખેંચીને લઈ જાય અને એ જાય એમાં ન છાજતું કેમ કહેવાય ? એમ તો પછી ભરત ચક્રવર્તીના રસોડે લાખો સાધર્મિક જમતા હતા, એ બધાયને ગેરવ્યાજબી કરનારા કહેવા ? દેવગિરિમાં જગસિંહ શ્રાવકે ત્રણસો સાઠ સાધર્મિકને પોતાના જેવા સમૃદ્ધિમાન કરી દરેકના તરફથી વર્ષમાં એકેકવાર હજારોના ખર્ચે આખા નગરનાં સાધર્મિક વાત્સલ્ય, નવકારશી-જમણ ગોઠવ્યાં હતાં. એટલે ? નગરમાં વરસની ત્રણસો સાઠે નવકારશી ! તો શું એ જમનારા નાલાયકગણાય ? અલબત્ત અહીં પ્રશ્ન થાય,

**પ્ર.**- શું શ્રાવકે મફતિયું જમવું વ્યાજબી છે ?

**ઉ.**- મફતિયું બે રીતે જમાય છે- એક તો બીજા પાસેથી માંગી માંગીને ભોજન નિર્વાહ ચલાવવો, અને બીજું એ, કે સાધર્મિકવાત્સલ્ય વગેરેમાં આમંત્રણ

હોય અને જવું પડે. આમાં પહેલું ગેરવ્યાજબી છે, બીજું નહિ. પહેલામાં ભલે ને પોતે આખો દિવસ ધર્મધ્યાન કરે, પણ જો આજીવિકા માટે બીજા પાસે માંગણી કરે, કહે કે 'ધંધાનો સમય બચાવીને હું સામાયિક કરું છું માટે મારે ખાવા જેટલો ખર્ચ મને આપો,' એમ ભીખ માગીને જીવન-નિર્વાહ કરે એ ખોટું છે, અનુચિત છે. એમાં ધર્મ નિંદાય. લોક કહે 'જુઓ આમનો ધર્મ ! ભીખ માગીને મફતિયું ઝાપટવાનું શીખવે છે.' ત્યારે આ વસ્તુ બીજા પ્રકારમાં નથી. ત્યાં તો સામાનું આમંત્રણ છે એટલે ભીખ માગવાની વાત જ નથી. વળી જમાડનાર હોંશથી સાધર્મિકભક્તિનો લાભ લેવા પોતે નોંતરે છે. માંગી માંગીને જમવું એ જુદું, અને આમંત્રણથી જમવા જવું એ જુદું.

હવે પોતાને લાગે કે રોજ ને રોજ એમ મફતિયું જમવામાં હાડકાં હરામ થાય છે, બુદ્ધિ બગડે છે, તો બહેતર છે કે એમ ન કરવું. પણ તેથી બીજા જે આમંત્રણથી સાધર્મિકભક્તિ સ્વીકારે છે એ મફતિયું ખાનાર અને અજુગતું કરનારા કેમ કહેવાય ?

એટલે શ્રીકાન્તને એવું તો કંઈ લાગતું નથી, છતાં એ યાત્રિક તપસ્વી શ્રાવકને પારણાનું નિમંત્રણ કરતો નથી. એની પાછળ મહત્ત્વનું કારણ છે. પણ બીજા એને હવે ઉંચકે છે, 'ગમે તે રીતે શ્રીકાન્ત શેઠના માથે પારણું કરાવવાનું નાખો.'

**'પુદ્‌ગલ' શબ્દ જ અસ્થિરતા સૂચવે છે :-**

આપણી વાત એ હતી કે ધર્મના પાયામાં ભવવૈરાગ્ય, વિષયવૈરાગ્ય જરૂરી છે. જો એ નથી તો ચિત્ત વિષયોના આકર્ષણથી વિહ્વળ રહે છે, ને અવસરે એનો આવેગ વધી જતાં ધર્મ તરીકે ધર્મની બુદ્ધિ મંદ પડી જાય છે, નષ્ટ થઈ જાય છે. પછી ધર્મનીય સાધના કરશે ખરો, પણ તે વિષયસુખની સિદ્ધિના એક સાધન તરીકે. વિહ્વળ ચિત્તમાં સીધી લાઇનની વિચારણા ક્યાંથી ચાલે ? 'એને તો બધું પુદ્‌ગલની સારી સારી અનુકૂળતાની દૃષ્ટિએ જોવું છે, અને 'પુદ્‌ગલ' શબ્દ જ કહે છે કે જેમાં પૂરણ-ગલનનો જ સ્વભાવ હોય, અર્થાત્ ઊંચા-નીચી થવાની, એટલે પછી એમાં મનના પરિણામ સ્થિર ક્યાંથી રહેવાના ? અસ્થિર જ ભાવ રહે; અર્થાત્ વિહ્વળતા જ રહ્યા કરે. ક્ષણભર રાગ અને રતિ-આનંદનો ભાવ દેખાય એ પણ એક પ્રકારની વિહ્વળતા જ છે. જો હૃદયમાં આ છે, તો પછી એની ખાતર ચારિત્ર પણ એકાદિ વાર લઈ લે અને પાળે તો પણ વાસ્તવિક ચારિત્રનો ભાવ દિલમાં સ્પર્શી શકે નહિ. એ તો પાપ પ્રતિઘાત-ગુણબીજાધાન વગેરેના ક્રમ વિના ચારિત્ર થયું.





માટે તો શાસ્ત્ર કહે છે કે એ રીતે તો ઠેઠ નવ ગ્રૈવેયક સુધી લઈ જાય એવાં ચારિત્રપાલન પ્રાયઃ અનંતા ભવોમાં થયાં ! ત્યાં પાછી સુખશાતા એટલી ઊંચી કે ઇન્દ્રિયોના વિષયવિકારની અશાતા નહિ, નિર્વિકાર સ્થિતિ ! છતાં આજે એવા આપણા જીવની કઈ સ્થિતિ છે ? એવા અનંતી વારના ચારિત્ર-અભ્યાસ પછી ચારિત્ર તો શું, પણ થોડા ય ધર્મનું પોતાનાપણું છે ? અને પુદ્‌ગલસુખનું તથા કામક્રોધાદિનું પરાયાપણું ખરું ? ઝટ હા કહેવાય એમ નથી; કેમકે વર્તમાન અનુભવ એ છે કે ધર્મના વિચાર બળાત્કારે લાવવા પડે છે, મનને સમજાવીને શાસ્ત્રે દેખાડેલા ભયને સામે જોઈ જોઈને લાવવા પડે છે, ત્યારે પુદ્‌ગલના વિચાર, પાપના વિચાર સહેલાઈથી ટપકી પડે છે, ભૂલ્યા ભૂલાતા નથી ! ક્ષમા-સમતાભાવ રાખવો હોય તો કેટલો ય પરલોક વગેરેનો વિચાર કરીને રખાય છે પણ એમ સહજભાવે નહિ કે 'ભાઈ ! આપણો તો ક્ષમા-સમતાનો જ સ્વભાવ છે, એટલે એને કાઢવા માગીએ તો ય ખસતો નથી.' જેમ ચંદનને ગમે તેટલું ઘસો તો ય તે ગરમ થાય નહિ, શીતલ તે શીતલ જ છે ! ગમે તેટલું બાળો તો ય સુગંધ મૂકે જ નહિ, મઘમઘ તે મઘમઘ જ કરે ! એવો આપણો ક્ષમા-સમતાનો સ્વભાવ બન્યો છે ? ના, અને ક્રોધ-ઉકળાટ-મમતાનો સ્વભાવ ? એ તો જાણે પોતાનો જ છે ! જરા પ્રતિકૂળ થયું કે અરુચિ-અણગમો-દ્વેષ ભભુક્યો જ છે ! અનુકૂળ મળ્યું કે મમતા થઈ જ સમજો. તેડવા ન જવું પડે, વિચાર કરીને એ ભાવ ન લાવવા પડે, હાજર જ છે સ્વપ્નમાં પણ એ જ હાજર ! કેમ કે અંદરમાં ભર્યાં પડ્યા છે. એના પર આદર પણ છે. ત્યારે ક્ષમાને બહારથી લાવવી પડે. સમતાને બહારથી તાણવી પડે. તોય પરાણે અને લાવેલી ય પાછી છટકી જતાં વાર નહિ. સામો અમુક હદનું બોલ્યો ત્યાં સુધી તો ક્ષમા-સમતા, પણ એ જરા આગળ વધ્યો કે આપણી ક્ષમા સમતા, ડૂલ ! ગૂમ ! દ્વેષ-અરુચિ હાજર ! કેમ ? ક્ષમાદિ બિચારા પરાયા હતા તે કેટલા ઊભા રહે ? ક્રોધ-દ્વેષાદિ તો પોતાના મિત્ર જેવા, તે ઝટ આવીને ઊભા !

'હું ધર્મી, હું પ્રભુનો ભક્ત' એવો દાવો રાખીને ફરીએ ખરા, પણ કયા મોઢે આ રાખી શકીએ ? શાના પર ધર્મીપણાની અને પ્રભુના ભક્તપણાની ખુમારી રાખી શકીએ ? માપો, માપવા જેવું છે, જીવને પરિચિત કોણ અને અપરિચિત કોણ ? દા.ત. પોતાનો દીકરો આવ્યો એ પરિચિત, એની સાથે કોઈ બહારનો છોકરો આવ્યો એ અ-પરિચિત; ઘરમાં પુત્ર ઝટ પેસે, ને બીજો ? વિચાર કરીને. એમ, જ્યારે કાંઈ બગડે, કાંઈ પ્રતિકૂળ આવી પડે ત્યારે મનમાં ઝટ કોણ પેસે ? દ્વેષ; અને

શાંતિ-સમતા ? એને પેસવું હોય તો વિચાર કરવો પડે કે 'ઊભા રહો ભાઈ ! શાંતિ રાખવામાં ફાયદો છે ?' ક્રોધ પેસાડવામાં તો વિચાર જ નથી એ તો સહેજે અંદરમાં ભભૂકી ઊઠે છે. માટે જ કહેવાય કે આપણા પરિચિત એ; અને ક્ષમા-સમતા અપરિચિત ! જાણે ઓળખ જ નથી ! પિછાણ જ નથી ! ક્યાં ગઈ નવ ગ્રૈવેયક દેખાડનારા ચારિત્રોની અસર ? કહો, અસર તો છે જ પણ તે જેવું ચારિત્ર તેવી જ અસર હોય ને ? ચારિત્ર અંતરમાં પૌદ્‌ગલિક સુખના રસ સાથે પાળેલાં, એટલે એ જ રસની અસર હોય. ક્ષમા-સમતા-વૈરાગ્યના રસથી થોડું જ પાળ્યું હતું ? 'મારે જીવન ક્ષમાદિનું જીવવું છે, ઘરવાસમાં એ બનતું નથી માટે લાવ ચારિત્ર લઉં અને એ ક્ષમાદિનો અભ્યાસ કરતાં કરતાં એને આત્મસાત્ કરી દઉં, સહજ સ્વભાવરૂપ બનાવી દઉં જેથી ભવવાસની બલા જાય અને મોક્ષવાસ સિદ્ધ થાય,' આવા રસથી ચારિત્ર પાળેલાં નહિ, એટલે એની અસર આજે ક્યાંથી જોવા મળે ? વિષય-કષાયના રસથી પાળેલ, એટલે એની અસર આજે પણ હાલતાં ને ચાલતાં દેખાય છે.

**પ્ર.**- તો પછી આજે શાસન મળી ગયું છે, ગમે છે એ શું ?

ઉ.- એ તો પૂર્વે કોઈ આડા હાથની કરેલી પુણ્યાઈ હશે એટલે મળી ગયું. સાધના તો કરેલી, પણ શાસનને હૈયે સ્પર્શાવવાની મહેનત નહિ. નહિતર પરિચિત-અપરિચિતની આ સ્થિતિ હોય ?

**કોણ પિછાણવાળું ? દુબળો કલ્પનાથી :-**

પરિચિત એટલે આપણા પિછાણવાળા; અપરિચિત એટલે પિછાણ વિનાના, બહારના, પરાયા. શું પરિચિત ? ઉપવાસ કે ખાવાનું ? એકાશનમાં બાકીના ટંકના અશનનો ત્યાગ પિછાણવાળો ? કે એક વાર ભોજન એ પિછાણવાળું ? હોંશ, હેત, હર્ષ કઈ બાજુ ? 'ઠીક થયું આજ ખાવાની બલા છૂટી ! આહારની સંજ્ઞા પર કાપ પડ્યો !' મનને આવું કંઈ થાય છે ? કે 'આજ ખાવાનું નથી મળવાનું' એમ મોઢું ઊતરી જાય છે ? કોઈ પૂછે 'કેમ ભાઈ ! આજે સુસ્ત છો ?' તો રોતડ અવાજે કહે છે 'આજ મારે ઉપવાસ છે.' આમાં ખાવાનું છૂટ્યાનો આનંદ છે ? કે દુઃખ છે ? દુઃખ તે કેવું કે હજી તો સવારના દસ જ વાગ્યા છે, એટલામાં પેલા પિછાણ વિનાના ઉપવાસની કલ્પનામાં દુબળો થાય છે ! શું સવારની ચા નથી મળી માટે ? ના, આમ તો ક્યારેક સવારે ઊઠીને કોઈ ભરાયો હોય તો દશ શું, બાર વાગ્યા સુધી ય ચા ન મળી હોય, છતાં દુબળો નથી પડતો, રોતડ સૂરત નથી હોતી; તો પછી અહીં ઉપવાસમાં શા માટે ? આ જ કારણ કે 'આજે આખો દિવસ ખાવા નહિ મળે હાય ! પોતીકું ગયું !'- એની કલ્પના દુબળો કરે છે. હા જો ખાવાનું એ પરાયું બનાવ્યું હોત તો ઉપવાસમાં વધુ તેજી આવત, હોંશ હોત, પરાક્રમ લાગત કે આજે ઠીક



આહાર-સંજ્ઞાને કચરી શક્યો !

ત્યારે એકાશનમાં શું છે ? બે ટંક ખાવા નથી મળવાનું એનો વસવસો હોય તો જ એનું સાટું વાળવા મજેથી પોણો કલાક, કલાક અને તે પણ સવાર-સાંજનાય બધાં દ્રવ્યમાંથી એક પણ ન ચૂકવાનું કરાય ને ? અલબત્ત ત્રણેય ટંક ઝૂડનાર કરતાં એ ઘણે દરજ્જે ઊંચે છે, પરંતુ એણે પોતે વિચારવા જેવું છે કે પેલો તો બિચારો પામર છે કે એકેય ટંક નથી છોડતો. ત્યારે મેં તો બે ટંક છોડ્યા, તો પછી મારે પરાયું શું ગણવાનું, બે ટંક છૂટ્યા એ ? કે એક ટંક પણ હજી ખાવાની વેઠ ઊભી છે એ ?

ત્યાગ પોતીકો, અને ભોગ પરાયો; આ વૃત્તિ ઘડાઈ હોય, તો ચોંટ એ પ્રમાણે રહે, હોંશ-ઉલ્લાસનો ઢાળ ત્યાગ તરફ રહે.

આવું જ દાન અને સંગ્રહ, વ્રત અને છૂટાપણું, બ્રહ્મચર્ય અને અબ્રહ્મ, સાધર્મિક ભક્તિ અને કુટુંબ-વેઠ, અર્હદ્‌ભક્તિ-ખર્ચ અને જાત-ખર્ચ, શાસ્ત્રસ્વાધ્યાય અને વાતોચીતો,-બધેય માપ કાઢવા જેવું કે પોતીકા કોણ લાગ્યા છે, અને પરાયા કોણ ?

જોજો પરાયાની સાથે તો લડાઈ ચાલે છે કે આને સંભાળું કે કેમ ? અહીં કોની સાથે લડવાનું ચાલે છે ? 'આજ ખાઉં કે નહિ, ખાઉં કે નહિ ? શું આ રોજ રોજ ખાવાનું,'- એમ થાય છે ? કે 'આજ કાંઈ તપ કરું કે નહિ ? તપ તો હમણાં કર્યો હતો, હવે આજે ક્યાં અનુકૂળતા છે ?... '-આવા કોઈ લોચા મનમાં વળે ખરા ?

જેની સાથે લડવાનું થાય એ પરાયા; જેને વગર વિચાર્યે વધાવી લેવાતા હોય તે પોતીકા. ત્યાગ, તપસ્યા, ક્ષમા સમતા, નિસ્પૃહતા નિર્વિકારતા... આ બધાને સહેજે વધાવવાનું નથી બનતું એ સૂચવે છે કે એને પોતીકા બનાવ્યા નથી. ત્યારે ખાનપાન, રૂપરસાદિ પદાર્થોના ભોગ, કામ, ક્રોધ, લોભ, મમતા વગેરે સહેજે વધાવાય છે. પર્વતિથિ આવે તો 'આંબેલ કરવું પડશે, ઉપવાસ કરવો પડશે' એમ થાય છે. જાણે પરાણે મન મનાવવાનું. **તપના દહાડે ખાવાના રંગમાં ભંગ પડશે એ સાલે છે, પણ ખાવાના દહાડે તપમાં, ત્યાગમાં ભંગ પડશે એ સાલતું નથી. કેવી દુર્દશા !**

ગુસ્સાનો-અભિમાનનો પ્રસંગ થયો પણ ત્યાં કોઈએ વાર્યા, તો પછીથી મનને એમ થાય છે કે 'ક્યાં ગમ રાખી ? ક્યાં ભલમનસાઈ કરી ? ભલાની દુનિયા નહિ. ભલાનો જમાનો નહિ.' શું આ ? જાણે ભલાઈ એ આપણી ચીજ નહિ, રોષ અને રોફ એ આપણી પોતીકી વસ્તુ ! કોરટમાં કે બીજે જૂઠું બોલવું'તું પણ સાચું બોલાઈ ગયું તો ખેદ થાય કે 'ક્યાં સાચેસાચું બોલાઈ ગયું ?' કેમ જાણે સત્ય

આપણી પોતીકી વસ્તુ નહિ, જૂઠ એ પોતીકી ચીજ ! જમણવારની વાત હોય તો હોંશ અને હોશિયારી ! પણ તપની ત્યાગની વસ્તુ નીકળે ત્યાં જાણે મોતિયાં મરી ગયાં ! વાત સાંભળવા જેટલીય હોંશ નથી પછી આદરવાની તો વાતે ય શી ? પ્રાયઃ અનંતી વાર ચારિત્ર પાળ્યાં છે ખરાં, પરંતુ પાપપ્રતિઘાત-ગુણબીજાધાન કરીને નહિ.

**ઉપાય ઉપાયરૂપ ક્યારે બનશે ? :-**

પંચસૂત્ર બતાવે છે ક્રમશઃ પગથિયાં ચડો તો આત્મા ઊંચો આવશે. પહેલો પાપ-પ્રતિઘાત કરવો જ જોઈશે. પાપમાં મોટું પાપ વિષયાસક્તિ, કષાયાવેશ, વગેરે પાપોને પાપરૂપ ન દેખવા, પરાયા ન લેખવા, પોતીકા માનવા, એ છે. એનો પ્રતિઘાત કરવાનો છે. શી રીતે થશે ? સૂત્રકારે ઉપાય બતાવ્યા છે. પરંતુ ઉપાયેય આપણા માટે ઉપાયરૂપ ક્યારે બનશે ? જે કાર્યના એ ઉપાયભૂત બતાવ્યા છે એ કાર્ય સિદ્ધ કરવાનું લક્ષ્ય બંધાશે, ધગશ આતુરતા રહેશે તો ને ? 'ના એ કાંઈ સાધવું કરવું નથી, અમારે તો ચાલે છે તે બરાબર છે સંસાર લઈ બેઠાં એટલે બધું ય કરવું પડે;'-આવાં જ લેખાં માંડી રાખ્યાં હશે તો ઉપાયેય બિચારા શું કરી શકવાના ? ઉપાયમાં પહેલું બતાવ્યું છે **'ચઉસરણ-ગમણ'**- અરિહંતાદિ ચારનાં શરણનો સ્વીકાર. 'લ્યો એ તો સાવ સહેલું કામ; કરીશું,' એમ માન્યું અને કર્યું પણ ખરું, એટલા માત્રથી કાર્ય સીઝશે ? કે ઉદ્દેશ પહેલો નક્કી કરવો જોઈશે ? લક્ષ્ય કોઈ પણ ભોગે સિદ્ધ કરવાની તમન્ના અને તે વિના ચેન ન પડે, મુંઝવણ રહ્યા કરે, એવું કાંક કરવું પડશે ?

પહેલું લક્ષ્ય આ છે કે કેમ પાપ-પ્રતિઘાત સિદ્ધ થાય. એ સિદ્ધ કરવાની તમન્ના હોય તો પહેલાં અંતરમાં જુઓ કે

જે કલ્પના પાપસ્થાને દેખાય છે તે આત્મગુણ તરફ કદી દેખાય છે ખરી ?

**ભલાઈ શા માટે ? :-**

પાપસ્થાનના ત્યાગની વાત તો બહુ વધી છે, પરંતુ એની ઓળખેય થતી નથી ! વાત સમજમાં ય નથી આવતી ! નહિતર શું મનનો ઝોક એકધાર્યો પાપસ્થાન તરફ રહ્યા કરે ? ત્યાગ કરવાનો આવવાથી ભોગમાં ભંગ પડે એ સાલે ? ગુસ્સામાં કાંઈ બોલવા-કરવા જતા હતા અને કોઈએ રોક્યા તો શું પછીથી એમ થાય કે 'ભલાની દુનિયા નહિ.' એટલે ? શું મારતે-મિંયાની દુનિયા ? દુનિયામાં રહેવું હોય તો 'મારતે-મિંયા' બનવાનું એમ ને ? વાહ ? કેવું કારમું અજ્ઞાન ! ખાસ માનવ જીવન મળ્યું એનું આ કર્તવ્ય ?

**પ્ર.**- પણ સામા ભલા ન વર્તે તો ?



ઉ.- અરે ! બીજાએ ભલાઈ ન કરી તો ય શું ? આપણને તો આપણી ભલાઈનો સુંદર લાભ મળે જ છે, મળવાનો જ છે. પૂછો,

**પ્ર.**- આપણે ભલાઈ રાખીએ અને સામો ડાંડ બન્યો રહેતો હોય તો એમાં શો લાભ ?

ઉ.- લાભ તો રોકડો છે; જોતાં આવડવું જોઈએ. લાભ એ, કે જન્મ જન્માંતરથી આપણે ક્રોધાદિ કષાયોને જે આપણા પોતીકા તરીકે બનાવી રાખ્યા છે અને તેથી જ મોક્ષમાર્ગનો સંસર્ગ થવામાં જે અંતરાય થઈ રહ્યો છે, એ હવે ભલાઈનો અભ્યાસ કરતાં કરતાં એ કષાયો પરાયા જેવા કરવાનો અદ્ભુત લાભ મળે છે. શાસ્ત્ર કહે છે, **'मुक्खमग्गसंसग्गविग्घभूयाइं...अट्ठारस पावठाणाइं ।'** હિંસાદિ અઢાર પાપસ્થાનક એ મોક્ષ-માર્ગનો સંબંધ થવામાં વિઘ્નભૂત છે. એમાં જ કષાયો અંતર્ભૂત છે. એ જો પોતીકા નહિ પણ પારકા બની જતા હોય તો તો જીવને એની સહજ લગની છૂટી જઈ મોક્ષમાર્ગ હાથમાં આવી જાય. ભલાઈથી એ કામ થાય છે. આ શું કમ લાભ છે ? એનાથી તો ભવની પરંપરા સુધરી ગઈ. સદ્ગતિ અને ત્યાં સારું જીવન સસ્તું થાય. પરંતુ વાત એ છે કે ઇંદ્રિયના વિષયો અને કષાયોનો ત્રાસ લાગવો જોઈએ, કેમ એ પરાયા બને, સહેલાઈથી ઊઠે એવા ન રહે, એવી તમન્ના જોઈએ.

**વિષયો પરાયા કરવા શું કરવું ? :-**

ધ્યાન રાખજો ઇન્દ્રિયોના વિષયો અને કષાયોને પરાયા, અપરિચિત અને બહારના બનાવવા માટે થોડો ભોગ પણ આપવો જોઈશે. કેવળ ભાવના ભાવવાથી એ નહિ બને. એક બાજુ એનું સેવન તો પોતીકાની જેમ કર્યે જઈએ અને બીજી બાજુ મન મનાવ્યા કરીએ કે 'એ આપણા નથી, પરાયા છે;' મનને એ સેવ્યાનો કોઈ કકળાટ, અફસોસી કે વેદના ન લાગતી હોય તો શું વળે ? ઢોંગ થાય ઢોંગ !

(૧) એક તો મન વલોવાઈ જવું જોઈએ કે આ વિષય-કષાયોને મારા ક્યાં સુધી માન્યા કરીશ ? ક્યાં સુધી એ રોગ રાખ્યા કરીશ ? ગંદવાડ ઉચક્યા કરીશ ? આ વલોવણ હોય; અને

(૨) બીજું અવસરે અવસરે ત્યાગનાં આચરણ વહાલાં કરાય, તો વિષય-કષાય પરાયા થાય.

જુઓ પેલો યાત્રિક શેઠ, રાજગૃહીમાં યાત્રાર્થે આવ્યો છે, એકેક દિવસ ઉપવાસ કરી કરીને મંદિર જુહારે છે, 'ભગવાન ! અમે તારી યાત્રાભક્તિ કરવા આવ્યા છીએ,' મફતમાં ? કે કાંઈ જોખવું છે ? યાત્રા નિમિત્તે ઉપવાસ. ઇન્દ્રિયોનાં લટકામટકાં કેમ ઓછા થતાં હશે ? આમ જ, જ્યાં જ્યાં મોકો મળે ત્યાં ત્યાં ઉત્સાહ

રાખીને કાંઈ ત્યાગ કરવો, કાંઈ ને કાંઈ ગમ ખાવી, સહન કરી લેવાનું રાખવું.

**શ્રીકાન્તની મુંઝવણ :-**

રાજગૃહીમાં આવેલ આ યાત્રિક શ્રાવક ત્યાં લોકોના ખાસ આગ્રહભર્યા આમંત્રણથી ઉપવાસનાં પારણાં કરવા જુદે જુદે ઘેર જાય છે. એને એકદમ ખોટું કરનારો નહિ કહેવાય. અહીં રાજા શ્રેણિકના સલાહકારોમાં આ વાત આવીને ઊભી રહી કે 'શ્રીકાન્ત શેઠને આ પારણાનો લાભ લેવા દેવો જોઈએ.' અત્યાર સુધી બીજાઓ તો ખેંચાખેંચ કરીને પોતાને ત્યાં પારણું નક્કી કરાવતા પણ શ્રીકાન્ત કેમ બોલતો જ નહિ એ કોયડો હતો, કિન્તુ હવે તો બીજાએ એના પર જ ઢોળ્યું શું કરે ? ના કહે ? 'મારે ભાવના નથી' એમ કહે ? કૃપણતા નથી પણ ન કરાવવામાં કારણ જુદું છે. શું કહેવું એ વિચારણીય થઈ પડ્યું. હા કહેવામાં મોટી આફત છે, ને ના કહેવામાં ભારે નાલેશી દેખાય છે, અગર મનને એમ થાય છે કે કદાચ વહેમમાં પડે કે 'કેમ આમંત્રણ નહિ દેતો હોય ? મુંઝાય છે.

**શ્રીકાન્તનું આમંત્રણ :-** હવે બહુ વિચાર કરવાને અવસર નહોતો એણે આપત્તિ બદલ મનમાં ઉપાય ગોઠવી લીધો, અને તરત કહે છે કે 'મારાં અહોભાગ્ય કે આવા ધર્માત્માને પારણું કરાવવાનો મને લાભ મળે ! આવતી કાલે એમનું પારણું મારા જ ઘરે રાખો.'

**શ્રીકાન્તની ભક્તિ : શ્રાવકનો નિષેધ :-**

બસ એ પ્રમાણે નક્કી થઈ ગયું. બીજે દિવસે ઘેર પેલા પરદેશી યાત્રિક શ્રાવક પારણું કરવા આવ્યા. અહીં શ્રીકાન્તશેઠ પણ એમનું સ્વાગત કરે છે 'પધારો પધારો, અમ ગરીબનું આંગણું પાવન કરો.' અક્ષતથી એમને વધાવે છે. મકાનમાં લઈ જઈ પાટલે બેસાડી, સમજે છે કે 'આવા ધર્મી શ્રાવકનાં પવિત્ર પગલાં ક્યાંથી ? કોઈ મહા ભાગ્યોદયે મળે ! એટલે એનાં ચરણ ધોતાં આપણાં કર્મ ધોવાઈ જાય,' એમ વિચારી એનાં પગ ધોવા જાય છે; પણ શ્રાવક તો તરત પગ ખેંચી લેતાં કહે છે 'અરે, અરે ! આ શું કરો છો ? મારા જેવા પામર મનુષ્યની આ સરભરા શી ?'

શ્રીકાન્ત કહે 'શેઠ મારા ! પામર તો અમે છીએ કે જે રોજ ખાવા-પીવાનો અને કરમના થોકભેગા કરી રહ્યા છીએ. ત્યારે તમે આ ઉપવાસો તથા આ સ્વાધ્યાય-ધ્યાન કરો છો, અને સુંદર પરમાત્મ-ભક્તિમાં મસ્ત રહો છો ! તેથી આપનાં ચરણ ધોવા એ અમારા જીવનનો એક લહાવો છે.'

પણ પેલો શ્રાવક શાનો મચક આપે ? એ પોતાની લઘુતા, મહાપુરુષોના ઉચ્ચ અનેકાનેક ગુણોને નજર સામે રાખી, હૂબહૂ નિહાળી રહ્યો છે. અંતે પોતાની



જાતે હાથ-પગ ધોઈ લે છે.

હવે જ્યાં પારણું કરવા એમને શ્રીકાન્ત અંદર લઈ જવા માંગે છે, ત્યાં આ શ્રાવક એને કહે છે 'ભાગ્યશાળી મારે જરા પૂછવું છે.'

**ધર્માત્માને ઠગવામાં મહાપાપ :-**

શ્રીકાન્ત કહે છે 'પૂછો ખુશીથી.' કહે છે ખરો પરંતુ અંદર વસવસો છે કે પૂછશે એનો હું જવાબ શું દઈશ ? કેમકે બહારથી સાંભળવા મુજબ એને ખબર પડી હતી કે શું પૂછશે. માટે તો એ પારણાનું નિમંત્રણ કરતો નહોતો પણ હવે માથે લીધા પછી ક્યાં જાય ? ત્યારે એ પણ ઈચ્છા છે કે ઉત્તર જૂઠો નહિ કરવો. કેમકે આવો મહાન શ્રાવક જ્યારે સરળભાવે આટલી સરસ આરાધના કરે છે, ત્યારે એને ઠગાય કેમ ? દંભ સરળ ધર્માત્મા પ્રત્યે કરવો એ તો વળી નીચમાં નીચ કૃત્ય ગણાય. એમાં દંભના સેવનારાનું હૃદય અત્યંત કાળું અને નિષ્ઠુર ગણાય.

**દંભથી આંધળી જડાસક્તિ :-**

આમેય દંભ, કપટ, દ્રોહ એ ભયંકર કોટિના દોષ છે. વિષયોને વહાલા કરવામાં, પોતીકા બનાયા રાખવામાં એનો મજબૂત ફાળો છે. દંભ-કપટ આચરવામાં સંકોચ ન લાગે એટલે તો પછી એના પર કેટલીય વિષયદોસ્તી ફાલીફૂલી રહેવાની. સરળતા રાખીને પણ જો મળેલા કે મળતા સારા સારા પદાર્થો પર મમતા, રાગ-આસક્તિ રહ્યા કરે છે, પછી જ્યાં દંભ આચરવા છે કપટ કેળવવા છે, ત્યાં એ કરીને જડ વિષયોની આંધળી લગની કેટલી બધી જોરદાર કરવાનું થાય ? માણસને વિચાર આવતો હશે ખરો કે આ બધું શા માટે કરવાનું ? ચેતન જેવા મહાન ચેતન મનુષ્ય થઈને શું જડમાં એટલું બધું ભળી જવાનું કે જાતે દંભી-કપટી-માયાવી-જડ જેવા બની જવું ?

દંભ તો ભારે દારુના વ્યસન જેવો છે. એનો નાદ લગાડ્યા પછી હૈયું એટલું બધું કઠોર-નિષ્ઠુર બની રહે છે કે સહેજ સહેજમાં એ સેવવાનું બને છે. કોઈની જોડે જરાક શી વાત કરવામાં ય દંભ કેળવશે ! શા માટે ? ક્ષણિક, તુચ્છ, જરાક જેટલો જશ લેવા. સામાની નજરમાં સારો દેખાવા, યા સામાની લાગણી ખેંચવા. આ લાગણી પાછી કાંઈ વિશેષ કામ કરી દેખાડનારી નહિ હોં, માત્ર ક્ષણવાર શબ્દનો સવાસલો કરનારી. બાઈઓને આ સારું આવડે. પોતે એવી કાંઈ માંદી નહિ છતાં પાડોશણ સાથે વાતમાં મંદવાડનો હુંકારો દેખાડશે !

પેલી કહે 'કેમ બેન ! કેમ છે ?'

કહેશે 'જુઓને આ શરીર ક્યાં સારું રહે છે ?'

'અલી પણ ઘરનો ઢસરડો તો ઘણો ય કરે છે.'

'તે કાંઈ ચાલે છે ? મરી મરીને પૂરું કરીએ છીએ.'

શું છે આ બધું ? દંભથી મંદવાડ દેખાડી સામાની લાગણી જરા પોતાના તરફ મમતાળુ કરવાનો ધંધો. જીવન આમ જ ધૂળધાણી કરાય છે. દંભ, પ્રપંચ, ડોળ કરી કરીને આત્માને કાળોમેશ કરવાનો ! વિશેષ ધર્મ કમાવવો તો દૂર રહ્યો, પણ દંભ, અહંત્વ, ઈર્ષ્યા વગેરે કર્યે રાખી કર્મથી ભારે થવાનું ! ધર્મની ભૂમિકા જ નષ્ટ કરી પરલોક માટે પાપી આત્મા તૈયાર કરવાનો !

શ્રીકાન્ત આટલું સમજે છે કે કમમાં કમ ધર્મી આત્માને તો ઠગાય નહિ. માટે પૂછવા દો એ શું પૂછે છે.

**શ્રાવકનો નિયમ :-**

યાત્રિક શ્રાવક પૂછે છે 'જુઓ ભાગ્યશાળી મારે જાણે ત્રીજા વ્રતમાં કોઈ ચોરી, અનીતિ નહિ કરવાની પ્રતિજ્ઞા છે, તેમજ બીજાને ત્યાં પણ જો ચોરી-અનીતિની કમાઈ હોય તો એનું નહિ ખાવાનો નિયમ છે. એટલે મારે તમને પૂછણું છે કે તમારે ત્યાં એવું કાંઈ નથી ને ?'

કેવો સુંદર ત્યાગ આ ? વિષયો શી રીતે પરાયા થાય. કશું કર્યા વિના ? ચોરી-અનીતિનું ય આવે તે ખપે ! એમ કરવાથી ?

શ્રીકાન્ત શેઠ ક્ષણવાર તો આની કદર કરી રહે છે. 'કેવો મહાન શ્રાવક ! પરદેશ નીકળ્યો છે, રસ્તામાં કેવી ય સગવડ-અગવડ આવે ? પરંતુ બીજાનું ય અનીતિનું નહિ ખાવું એવો નિયમ ! ત્યારે ગામમાં પણ બીજાઓ સાથેના વ્યવહારમાં રહી આ નિયમને પાળવાનું કેટલું મુશ્કેલ ! કેમકે એમાં કોઈને ત્યાંથી કાંઈ **મહોબતનું** આવે, અગર કોઈના જમણમાં નિમંત્રણ હોય, ત્યાં પણ એ અનીતિનું હોય તો ન જ ખવાય ! ધન્ય છે એની જનેતાને કે આવા પુત્રરત્નને જન્મ આપ્યો ! ધન્ય છે આવા આના વ્રત-નિયમભર્યા જીવનને !'

**માયાવી વૃત્તિ ખતરનાક :-**

વાત પણ સાચી છે કે અનીતિનું ન ખપે એવી ટેક ન હોય તો હૃદય પવિત્ર ક્યાંથી બને ? અને અપવિત્ર હૃદયમાં શુદ્ધ ધર્મની સ્પર્શના ય કેવી રીતે થાય ? આત્મા અનાદિ અનંત કાળમાં શુ ધર્મક્રિયાઓ નથી કરી વળ્યો ? ધર્માત્મા તરીકે નથી ઘૂમી વળ્યો ? છતાં આજે કેમ હજીય રાગ-દ્વેષાદિનો અનેક અદનો ગુલામ બન્યો રહ્યો છે ? કેમ ધર્મના સત્ત્વ નથી વિકસી ઉઠ્યાં ? આજ કારણે કે દિલ પવિત્ર નથી કર્યું; મેલા હૃદયે બધું કર્યે ગયો છે. પછી એ મલિનતા ભલે અનીતિની હો, માયા પ્રપંચની હો, યા મિથ્યા માન્યતાની હો, કે વિષયવાસનાના આવેશની હો. આમાંય જો અનીતિની મલિનતા નીકળી જાય તો તો જીવન ઊંચે આવતાં વાર



નથી લાગતી; અને બીજી મલિનતા કાઢી નાખી હોય, પરંતુ જો અનીતિ-અન્યાયની માયાવી વૃત્તિ દિલમાં ઊભી હોય તો ઊંચે ચઢવાનું અશક્ય જેવું છે. એ એક વાર કાઢેલી પાછી ઊભી થઈ, તો તો ચઢેલાને પણ પાડે છે.

**શ્રીકાન્તનો જવાબ :-** શ્રીકાન્ત પેલા શ્રાવકને કહે છે, 'શેઠ ! તમે ચિંતા ન કરો, તમને અનીતિનું નહિ ખવરાવું. પારણું કરવા બેસી જાઓ.'

આ કહે, 'એમ નહિ. તમે મને વાત ચોક્ખી કરો કે તમારા ઘરમાં અનીતિનું નથી આવતું ને ? માફ કરજો, આ મારે પૂછાય નહિ, પણ મારે વ્રત છે એટલે પૂછવું પડે ને ?'

શ્રીકાન્ત કહે છે 'પણ તમારે તો અનીતિનું ન ખાવાનો નિયમ છે ને ? હું તમને અનીતિનું ન ખવરાવું, પછી કાંઈ છે ?'

'અરે ભાગ્યશાળી ! ઘરમાં કાંઈ વસ્તુના ભાગ પાડેલા હોય છે કે આટલું નીતિનું, આટલું અનીતિનું ? જો થોડી પણ અનીતિનું ધન આવેલું હોય તો એ બાકીના નીતિના ધનના ભેગું જ રહી એમાંથી જ ચીજ વસ્તુની ખરીદી થાય છે. એટલે ચીજવસ્તુમાં નીતિ-અનીતિ બંનેયના ધનનો અંશ કહેવાય. માટે મહાનુભાવ ! ચોક્ખું કહો કે ઘરમાં બિલકુલ અનીતિની કમાઈ નથી ને ?'

શ્રીકાન્ત કહે છે 'શેઠ ! આ તત્ત્વજ્ઞાન બહુ ઊંચું છે. હું તમને પારણું કરાવવા માગું છું, ને તે નીતિના ધનથી. માટે બીજી ચિકાશ કરો નહિ. મહેરબાની કરો પારણું કરી લો.'

**પારણું અહીં નહિ :-**

પેલા યાત્રિક શ્રાવકનું મન માનતું નથી. એને વહેમ પડી જાય છે કે ઘરમાં અનીતિનું આવતું હોય, તો હવે ખેંચવું નકામું છે. એ કહે છે, 'જુઓ શ્રીકાન્ત ભાઈ ! એમ તો મારે પારણું નહિ થઈ શકે. કાંઈ ફિકર નહિ. પારણું તો બીજે થઈ રહેશે. લ્યો હું જાઉં છું' એમ કરીને એ ઊઠે છે.

હવે શ્રીકાન્તને ગભરામણ થઈ, 'શું કરવું ? જો આ બીજાના ઘરે પારણું કરવા જાય તો તો બહાર એમ વાયકા ફેલાઈ જાય કે શ્રીકાન્તને ઘરે કાંઈક દાળમાં કાળું છે; ને એમ બને તો તો મારી ઈજ્જત પર મોટો ફટકો જ લાગે.' એ કહે છે, 'મોટાભાઈ ! આમ ન કરો. પારણું મારે ત્યાં ન કરો એમાં તો મને બહુ નુકસાન થાય. તમે તો એક મહાન ધર્માત્મા છો, મારા જેવા ગરીબ શ્રાવક પર દયા રાખો.'

'અરે પણ મારું વ્રત ભાંગીને પારણું કરું ? એ કદિ ન બને. શાસ્ત્ર પોતાનો ધર્મ ચૂકીને દયા કરવા જવાનું કહેતું નથી. અને મારે ક્યાં કાંઈ તમારું બહાર ગાવું

છે ? ધર્મ તો મને એ પણ ના જ કહે છે કે બીજાનું ઘસાતું ન બોલતા. એટલે મારે કાંઈ બીજાને તમારું કહેવાનું નથી.'

'પણ કોઈ પૂછે તો ખરા ને કે કેમ શ્રીકાન્તને ત્યાં પારણું ન કર્યું ?'

'તે એમાં શું ? એનો જવાબ દઈ દેવાય કે હવે પારણાંની તે શી એવી મોટી કિંમત છે કે અમુક ઠેકાણે જ કરવું ? ઠીક છે, જ્યાં ત્યાં દેહને ભાડું આપી દેવાનું છે.'

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"** **વર્ષ-૧૨,અંક-૩,તા.૨૧-૯-૧૯૬૩**

શ્રીકાન્તના મનને આ ખુલાસો જચતો નથી. લાભ ચાલ્યો જાય એના કરતાં આબરૂ જવાનો અને તેના પર બીજો મોટો અનર્થ ઊભો થવાનો એને ભય છે. કહે છે 'પણ તે શેઠ ! એમ કાંઈ પારણું કર્યા વિના જવાય ? પારણા અર્થે ન પધાર્યા હોત તો તો જુદી વાત હતી. પણ આવ્યા પછી હવે એમ ને એમ ન જવાય.'

પેલા કહે 'તો પછી તમે જ કહો મારા વ્રતનું શું થાય ? માટે બોલશો નહિ. હવે હું જઈશ જ.' એમ કહી જ્યાં ચાલવા જાય છે ત્યાં શ્રીકાન્તની આંખ આગળ તો ભયંકર હાઉ સર્જાયો દેખાય છે. એ ગભરાઈ જાય છે, અને કહે છે 'જુઓ શેઠ ! તો પછી મારે તમારી આગળ મારું દિલ ખોલવું પડશે, પેટ-છૂટી વાત કરવી પડશે, માટે જરાક પધારો અંદર એકાંતમાં, હું રાંક છું. મારું સાંભળીને તમારે મારી રક્ષા કરવી પડશે.'

**ધર્મી હૃદયની મુખ્ય વિશેષતા :-**

યાત્રિક શ્રાવક ધર્માત્મા છે, ધર્મનું દિલ ધરાવે છે, એટલે શ્રીકાન્તની માગણી એકદમ ધુતકારી શક્યો નહિ. ઊઠે છે, અંદર જાય છે, એમ ધારીને કે 'જોઉં શું કહે છે ? એ પરથી જો એને ખરેખર નુકસાન થતું હોય તો એને ઉપયોગી થાઉં, શક્ય સહાય કરું.' ધર્મીનાં હૃદય કૂણાં અને સહાનુભૂતિવાળા ન હોય તો શું કઠોર અને સ્વાર્થરસિક જ હોય ? કુણાશ, સહાનુભૂતિ, સહાયવૃત્તિ જુદી, દિલ ધર્મી જુદું. કહે છે હું ધર્મ કરું છું, પણ દિલ કઠોર છે, સ્વાર્થરસિક જ છે, અવસર આવ્યે કોઈને સહાય-સહાનુભૂતિ કરવાની વૃત્તિ જ નથી, તો દિલમાં ધર્મને સ્થાન ક્યાં રહ્યું ? ધર્મ તો જીવને પાયામાં જીવદયા શીખવે છે, દુઃખી જીવો પ્રત્યે આર્દ્રતા, કરુણા, કોમળતા ધરવા કહે છે, એ ન હોય તો પાયો જ ન પડે.

**દુઃખિત પ્રત્યે દયા કેમ પાયામાં જરૂરી :-**

આનું કારણ સ્પષ્ટ છે. ભૂમિ કઠણ હોય એમાં બીજ કેવી રીતે પકડાય ? એમ આત્મા બીજાનું દુઃખ કકળતું દિલ જોવા છતાં 'મારે શું ? હું તો મારું સંભાળું,' એમ કરી જરાય પીગળે નહિ, કઠિન હૈયાવાળો રહે, તો એવા કઠોર આત્મામાં ધર્મનું બીજ કેવી રીતે પકડાઈ શકે ?

(૧) એટલા માટે તો અનાદિનો ચાલ્યો આવતો સહજ-મલ-હ્રાસ પામ્યાનાં લક્ષણમાં દુઃખથી રિબાતા જીવો પર અત્યન્ત દયા, એ એક લક્ષણ મૂક્યું. આ સહજ-મળ અનાદિસિદ્ધ મળ ઉપાન્ત્ય પુદ્ગલપરાવર્ત-કાળ સુધી એવો જોરદાર હોય છે કે જીવને ધર્મ તરીકે ધર્મની કોઈ જ પ્રશંસા, રુચિ, અભિલાષા જાગવા જ દેતો નથી. સંસારકાળના માત્ર છેલ્લા અર્થાત્ મોક્ષ પામવાના પૂર્વના પુદ્ગલ-પરાવર્તકાળમાં જ તેનો એવો નોંધપાત્ર હ્રાસ થાય છે કે ધર્મ તરફ દૃષ્ટિ જાગે છે; બીજાની ધર્મસાધના જોઈ દિલ પ્રસન્ન થાય છે, પ્રશંસા કરે છે; પોતાના માટે ઓરતો જાગે છે કે હું આવો ધર્મ ક્યારે પામું ! આ બધું છેલ્લા પરાવર્ત કાળમાં જ; તે પૂર્વે તો ધર્મની કોઈ દૃષ્ટિ જ નહિ, પ્રશંસા નહિ, ઈચ્છા માત્ર નહિ. એનું કારણ સહજ-મળનું જોર. એ ઘસાતો ઘસાતો છેલ્લા પુદ્ગલપરાવર્ત કાળે નોંધપાત્ર હ્રાસ પામે ત્યાં હવે આંખ જડના ઘેરાવામાંથી ઊંચી થાય, ધર્મ તરીકે ધર્મ ઉપર દૃષ્ટિ પડે, અને આ સહજમળ-હ્રાસનું એક લક્ષણ આ બતાવ્યું કે દુઃખથી પીડાતા ઉપર હૈયે દયા ઊભરાય. આ સહજ ભાવે બને, બીજાનું દુઃખ જોઈને સહેજે હૃદય પીગળે, હૈયું વલોવાય,-'બિચારાને કેવી પીડા !' સહજ મળનો ભાર ઓછો થવાથી હૈયામાં આ કૂણાશ, આ ભીનાશ આવે છે. જો એ નહિ, તો ભાર ઊભો છે ત્યાં ધર્મની છાયા ય ક્યાંથી આવે ?

(૨) બીજી રીતે જોઈએ તો 'જય વીયરાય' સૂત્રમાં મૂકેલી માગણીઓ જુઓ. ધર્મ સદ્ગુરુ પાસેથી પામવાનો છે. એ સદ્ગુરુનો યોગ માગવા પહેલાં 'પરત્થકરણં'-પરાર્થકરણ, બીજાનું ભલું કરવાનું માગ્યું. કેમ વારું ? એટલા જ માટે કે એ જો હોય તો જ સદ્ગુરુ યોગ ખરેખર મળે અને ફળે. એમ તો ક્યાંક ગુરુ ભેટી ય જાય, એમનો ઉપદેશે ય સંભળાઈ જાય, પરંતુ દિલ જ કેવળ બહારમાં છે, તો એ ભેટ્યાનો અને એ શ્રવણનો શો ઉપયોગ ? દિલ કાંક બહારમાંથી પાછું વળે, કાંઈક પણ પોતાની સ્વાર્થરસિકતા મોળી પડે, તો જ શુભ ગુરુનો યોગ વાસ્તવિક અર્થમાં યોગ થાય અને ફળ લાવે. આ સૂચવે છે કે સ્વ વિષયસુખની રાતદિ'ની લગની મોળી પડવી જોઈએ, અને તે પરાર્થકરણથી બને.

જોવાની ખૂબી છે કે આ પરાર્થકરણ યાને બીજાનું ભલું કરવાની માગણી શુભ ગુરુના યોગ પહેલાં મૂકી; અર્થાત્ ગુરુએ શિખવાડ્યા પછી જ એ આવે એમ નહિ, પરંતુ તે પહેલાં ય સહેજે સહેજે ઊભું થાય. ધર્મ તો ગુરુના શિખવાડવાથી

આવશે, પરાર્થકરણ તે પહેલાં ! એટલું એ હૈયું કૂણું બનવાથી, સહેજે ઊભું થયું. ત્યારે તો હવે ગુરુયોગ ફળવાની અને ધર્મ પામવાની ભૂમિકા ઊભી થાય. આ સૂચવે છે કે ધર્મની ભૂમિકાનાં સર્જન માટે પરાર્થકરણ-બીજાનું ભલું કરવાની વૃત્તિ અને પ્રવૃત્તિ પહેલી ઊભી કરો. આમાં દુઃખથી પીડાતાનું કરી છૂટવાની અને એ અશક્ય હોય તો પણ હૃદય પીગળવાની અને સહાનુભૂતિ ધરવાની વસ્તુ પહેલી આવી જ જાય છે; કેમકે પહેલું ભલું તો દુઃખગ્રસ્તનું જ કરવાનું હોય ને ? દુઃખીનું ભલું નહિ કરે એ સુખીનું શું ભલું કરશે ? આ હિસાબે પણ જોતાં પીડિતને જોઈને એની પ્રત્યે દયા, આર્દ્રતા, સહાનુભૂતિ, સમવેદન પાયામાં જરૂરી છે. વાત પણ સાચી છે; કેમકે બીજાનું કરવાની જો વૃત્તિ જ નથી, તો એ દેવગુરુની સેવામાં શો ભોગ આપવાનો ?

(૩) વળી પણ જુઓ કે ષોડશક શાસ્ત્રમાં કોઈ પણ ધર્મસાધના માટે પ્રણિધાન, પ્રવૃત્તિ વગેરે જરૂરી અંગો કહ્યાં છે. એના દ્વારા જ ધર્મ સાધી શકાય, સિદ્ધ કરી શકાય. ત્યાં પ્રણિધાનમાં પરોપકાર પણ એક જરૂરી લક્ષણ કહ્યું છે. એ હોય તો પ્રણિધાનનું પહેલું પગથિયું ચણાય. કહો જો

**પ્ર.**- પ્રણિધાનમાં પરોપકારની શી જરૂર ?

**ઉ.**- પ્રણિધાનમાં તે તે ધર્મસાધનાની ક્રિયામાં એકાગ્ર અને વિશુદ્ધ ચિત્તની જરૂર છે. હવે બને છે એવું કે ત્યાં કોઈ તરફથી કાંઈ વિઘ્ન ઊભું થવાનો, અથવા કોઈની ધર્મક્રિયા ન્યૂન દેખાવાનો યા બીજાઓ ધર્મહીન દેખાવાનો સંભવ છે. એથી પોતાનું ચિત્ત ન બગડે તો જ વિશુદ્ધ રહી શકે. હવે જો પોતાનામાં પરોપકારવૃત્તિ હોય તો એવાઓ ઉપર દયા આવે પણ દ્વેષ ન થાય; અને તેથી ચિત્ત બગડે નહિ, વિશુદ્ધ રહે. અનાદિસુલભ ભાવ તો દ્વેષનો છે, એને ટાળવા માટે, અટકાવવા માટે, નીતરતી દયાની વૃત્તિ યાને પરોપકારની લાગણી જોઈએ,-'બિચારા કર્મવશ ભૂલ કરે છે, મારાથી શક્ય હોય તો એમને બચાવું, એમને ભૂલથી પાછા વાળવા દ્વારા ભલું કરું.'

તેમ એ પણ સાચું છે કે કોઈ પણ શુભ કાર્યમાં જો હૈયું ફોરું હોય, સ્વાથપટુતાથી ભારે ન હોય તો એ કામ સારું થાય. આ ભારેપણું, જો પરોપકારવૃત્તિ જાગેલી હોય, તો અટકી શકે. માટે પરોપકારને પ્રણિધાનમાં જરૂરી કહ્યો, અને પરોપકારમાં બીજાનાં દુઃખ પ્રત્યે સહેજે દયા, આર્દ્રતા, સમવેદન હોય એમાં નવાઈ નથી. એટલે એ દયાની પાયામાં જરૂર આવી ગઈ.

દુઃખી-પીડિત સામે આવ્યો છે, એની બેપરવા કરીને ક્યાં જાઓ ? 'મારે શું ? હું તો મારું સંભાળું. એ એમનાં કર્મે કે અપલક્ષણે દુઃખી છે, ભોગવે;' આવી



નિષ્ઠુર વૃત્તિ રાખીને ધર્મમાં ઘૂસવા નહિ મળે, એવા નિષ્ઠુર દિલમાં ધર્મ ન પેસી શકે. દિલ તો કોમળ બનાવો, કૂણું મુલાયમ બનાવો, જેથી દુઃખીને જોતાં એ દ્રવી જાય. જો બીજાનાં દુઃખ પર દયાર્દ્ર બનવાનો ખપ નથી, તો તમારા દુઃખ પર કોણ દયાર્દ્ર બનશે ? પોતાને દુઃખ આવે ત્યારે બીજાના આશ્વાસનની, સમવેદનની અપેક્ષા રહે છે, તો પછી બીજા દુઃખીને આપણા તરફથી એવી આશા ન રહે ? કુદરતનો નિયમ શો ?

આશ્ચર્ય તો એ છે કે લાખ રૂપિયાનો ધર્મ ગમે છે, ને પાયાની દયા નથી ગમતી ! ત્યાં મન એમ માનવા પ્રેરાય છે કે ધર્મ આત્માના શુદ્ધ-સ્વસ્છ સ્વભાવ તરીકે, ગુણ તરીકે નથી ગમતો, પણ કોઈ દુન્યવી લાલચના એક સાધન તરીકે ગમે છે, અગર ગતાનુગતિકરૂપે ધર્મ થાય છે. ધર્મ કરવાના પવિત્ર ઉદ્દેશ તરફ દૃષ્ટિ જ નથી. તો પછી એમાં પાપનો પ્રતિઘાત નહિ હોય; ધર્મ ઉઠાવ્યો તે ક્રમશઃ અધિકાર મેળવીને નહિ, પણ એમ જ તફડંચી, આ નહિ ચાલે; પાપનો પ્રતિઘાત પહેલો કરવો જોઈશે. જીવનનું આ પહેલું કર્તવ્ય છે.

**હાજતો - ખણજો - ઊર્મિઓના સનેપાત :-**

જીવનમાં સાચું કર્તવ્ય શું છે, એનો ખ્યાલ વારંવાર જોઈએ. એનો જ્યાં ખ્યાલ નથી ત્યાં તો આહારાદિ સંજ્ઞાઓની હાજતો જે ઊઠે છે, ઇન્દ્રિયોની ખણજો જે જાગે છે, ને કષાયોની ઊર્મિઓ જે સળવળે છે, એને જ પોષવાનો ખ્યાલ રહ્યા કરવાનો છે. તો શું અહીં આ બધી હાજતો-ખણજો-ઊર્મિઓ ખાસી પોષાય એમાં મોહ-મૂઢતાથી માની લીધેલી મસ્તીને શાંતિરૂપે સમજી રાખવાનું થાય છે; પરંતુ એ ઉન્માદ છે, સ્વસ્થતા નથી. માટે તેવા કોઈ કોઈ વાંધા ઊભા થતાં એવી ઊંડી વેદના થાય છે ખરી ? કે 'હાય ! આ ક્યાં લોથ માથે લીધી ! ક્યાં આંખ મીંચી દોડ્યો ? શા સારુ આ રોષ કર્યો કે રોફ-ગુમાન કીધું ? આવું થતું હોય ત્યાં એ હાજતો પોષવામાં શું ખરેખર શાંતિ હતી ? ના, કશી જ નહિ, સનેપાત હતો તે ઊતરતાં એનું અશાંતિનું અસલી સ્વરૂપ બહાર આવ્યું.' તમારી નજરે જુઓ જ છો ને કેટલાય મરતા માણસો અશાંતિની તીણી વ્યથા ભોગવી રહ્યા હોય છે ? ત્યારે ઘરઘર કોઈ ને કોઈ ક્લેશો કેવા જામી પડ્યા છે ? તો સમાજમાં પણ પરસ્પર શું છે ? વેર-ઝેર, ઈર્ષ્યા-અસૂયા, મદ-તૃષ્ણાનાં તોફાન જ ને ? શાના પર આ બધું ? સંજ્ઞાઓની હાજતો, ઇન્દ્રિયોની ખણજો અને કષાયોની ઊર્મિઓ જ પોષ્યા કરવાનું એક માત્ર જીવન-કર્તવ્ય નજર સામે રહ્યું છે એના પર. ચોમેર અશાંતિ અશાંતિ અશાંતિનું સામ્રાજ્ય ફેલાઈ ગયું છે !

માટે જ જરા સ્વસ્થતાથી બેસી વિચારો જીવનનું સાચું કર્તવ્ય શું ? વિચારો,

વિચારી નક્કી કરો, અને પછી એને મુખ્યપણે જ નજર સામે વારંવાર લાગ્યા કરો.

**સાચું કર્તવ્ય આ છે,-** કે પાપનો પ્રતિઘાત અને ગુણબીજનું આધાન કરવું. ઘાત કયા પાપનો ? આ ખણજો, હાજતો અને ઊર્મિઓનાં પોષણને કર્તવ્ય માનવાનું પાપ. ખણજો, હાજતો અને ઊર્મિઓને સેવવાનાં પાપ તો દૂર થવાને હજી વાર છે. એ તો ઉપરની ઉન્નત કક્ષામાં થવાનું છે. પરંતુ અહીં પાયાની ભૂમિકામાં જીવને,-જે એ ખણજો વગેરે પોષવામાં આંધળી કર્તવ્યબુદ્ધિ છે, સવારે જાગ્યો ત્યારથી આંખ મીચીને જે એની પૂંઠે પડે છે, આંખ ઊંચી કરીને 'બીજું કાંઈ ઉચ્ચ કર્તવ્ય છે ખરું ?' એ વિચારવાનું જે લક્ષ જ નથી, જાણે એવું કાંઈ છે જ નહિ એવું જે સમજી બેઠો છે,-એ એક મહા પાપ છે, એનો પ્રતિઘાત કરવાનો છે; એમાં પરિવર્તન લાવવાનું છે. આ આવે ત્યારે ગુણોનાં બીજનું આધાન થાય, આત્મક્ષેત્રમાં વાવેતર થાય. એ કરવા માટે પહેલું આ તો મગજમાં મજબૂતપણે ઠસી જવું જોઈએ છે કે આ ઉત્તમ જીવનનું પહેલું કર્તવ્ય આ મહાપાપનો પ્રતિઘાત કરવાનું છે.

**પાપ સાથે સગાઈ :-**

ઇન્દ્રિયોની ખણજો, આહાર-વિષય-પરિગ્રહ-નિદ્રાની હાજતો અને રાગદ્વેષાદિ કષાયોની ઊર્મિઓ એ બધાય આત્માને માટે બલા છે, ઘોર પાપનાં પોટલાં બંધાવનારા છે. એને કર્તવ્ય માનવા, કરવા જેવા લેખવા, એ મહાપાપ છે, આ મનને પહેલું ઠસાવવાનું તે બનાવવાનું કેમ મોંઘું પડે છે ? કહો, જીવે આજ સુધી એની સાથે ગાઢ સગાઈ રાખી છે. પૂર્વ જીવનોમાં ધર્મની સાધનાઓ તો ઘણી ય કરી, પણ સગાઈ પાપની જ સાથે રાખીને કરી ! ધર્મ સાથે નહિ. ચારિત્ર સુદ્ધાં કઠોર પાળ્યાં, પણ હૈયાનો મેળ એ પાપરૂપ ઇન્દ્રિયો વગેરેની સાથે અકબંધ રાખીને ! એમ તો ઘડીભર ઇન્દ્રિયોના વિષયો જતા ય કર્યા, આહારાદિના ત્યાગે ય કર્યા, કષાયોને દબાવ્યા ય ખરા, પરંતુ તે કાંઈ સર્વથા અકર્તવ્ય માનીને નહિ ! 'આગળ પર તો પાછું આ બધું સારું સારું મળે,'-એમ સમજીને જ બાહ્ય ત્યાગ આદર્યો. એટલે **'આ ખણજો-હાજતો ખતરનાક છે, આત્માની અનંત સમૃદ્ધિને રુંધી રાખનારી છે,'**-એવું હૈયે વસ્યું જ નહિ. એનામાં સરાસર કર્તવ્યતા નહિ, ત્યાજ્યતા જ છે, એવી દૃષ્ટિ જ જાગી નહિ. આનું નામ જબરદસ્ત સગાઈ.

**સગાઈ બે,-૧. કર્તવ્યબુદ્ધિ, ૨. અવિરતિ :-**

શાસ્ત્ર તો ત્યાંસુધી કહે છે કે પાપમાં કર્તવ્યબુદ્ધિ એ તો પાપ સાથે એક સગાઈ છે જ, પરંતુ એને દબાવો તો ય આગળ હજી જ્યાંસુધી 'આ પાપ નહિ કરું' એવી ટેક નથી કરી, એની વિરતિ નથી કરી, ત્યાં સુધી પણ એક બીજા પ્રકારની સગાઈ ઊભી જ છે; અને પાપ સાથે સગાઈ છે ત્યાં સુધી કદાચ ક્રિયાથી



પાપ ન સેવો તો પણ અશુભ કર્મનો બંધ આત્મા પર ચાલુ છે. અલબત્ત પાપમાં કર્તવ્યબુદ્ધિરૂપે સગાઈ તો ભારે ભૂંડી છે, એનો કર્મબંધ તો જરૂર પડ્યે નરક ગતિ થવા સુધીનાને યોગ્ય પણ થાય; છતાં એ કર્તવ્યબુદ્ધિને ઉઠાવી લીધી અને પાકી ત્યાજયબુદ્ધિ ઊભી કરી પછી પણ હજી 'આ પાપોનાં મારે પચ્ચક્ખાણ, ત્યાગની પ્રતિજ્ઞા' એ સ્થિતિ ન ઊભી કરાય ત્યાંસુધી પણ પાપ સાથેની સગાઈ ઊભી છે, અને એના અંગે કર્મબંધ પણ ઊભો જ છે. જ્યાંસુધી મન-વચન-કાયાથી કરવા-કરાવવા-અનુમોદવાદરૂપે પાપને વોસિરાવાય નહિ ત્યાં સુધી કર્મબંધ ચાલું.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૨,અંક-૪,તા.૨૮-૯-૧૯૬૩**

**મૂકેલી ચીજનાં પાપ મળે, પુણ્ય નહિ :-**

આ તત્ત્વ જિનશાસન જ આપે છે. પૃથ્વીકાયાદિ જીવોને આચરણમાં કેટલાં ય પાપ નથી આવતાં તેમ આ પાપ કર્તવ્ય કે ત્યાજ્ય એવું વિચારવા જેટલી મનની શક્તિ ય નથી; છતાં એને પાપ સાથે સગાઈ બંને પ્રકારની ઊભી છે; એના યોગે કર્મબંધ સમયે સમયે ચાલુ છે;- એ વસ્તુ સર્વજ્ઞના શાસન વિના બીજું કોણ સમજાવે છે ? અરે ! જીવ મમતા મૂક્યા વિના શરીરાદિ ચીજવસ્તુ છોડીને ભવાંતરમાં ગયો, તો ત્યાંય પેલી ચીજોની મમતાના યોગે પાપ સાથે સગાઈ ઊભી છે તો કર્મબંધ ચાલુ છે. શ્રી ભગવતી સૂત્ર કહે છે લોખંડમાંથી જીવ મરીને ચાલ્યા ગયા, હવે એ લોખંડની એરણ કે હથોડો થયો, લુહારના હાથે એ એરણની ઉપર કે હથોડા વડે કોઈ અગ્નિમય થયેલ સળિયો કૂટાય છે, તો ત્યાં અગ્નિના જીવ મરી રહ્યા છે, એનો કર્મબંધ માત્ર લુહારને લાગે ? કે બીજાને પણ લાગે ખરો ? તો કહ્યું એરણના કે હથોડાના ચ્યવી ગયેલા જીવો જો હજી સુધી પાપ સાથે સગાઈમાં છે તો કર્મબંધ એમને પણ લાગ્યા કરવાનો. આવું ઝાડના ચ્યવી ગયેલ જીવને એ ઝાડમાંથી બનેલ બાણથી થતી હિંસાક્રિયા અંગે કર્મબંધ લાગે છે. ખૂબી એ કે લોખંડ, ઝાડ વગેરેની કોઈ સારી ચીજ બનીને દેવની યા ગુરુની ભક્તિમાં આવી, તો એનો પુણ્યબંધ એ જીવને નહિ મળે. આનું કારણ એ, કે સગાઈ પાપ સાથે ચાલુ છે, ધર્મ સાથે નહિ. હવે આ પાપસગાઈ ગમે છે ? જો ના, તો સગાઈ હોય એની સાથે ન બને તો છૂટાછેડા લેવા પડે, દુનિયાનો આ કાયદો છે. સરકારે એક પત્નીવ્રતનો કાયદો કર્યો, જો પહેલી પત્ની કર્યા પછી ન બને એની સાથે, બીજી પત્ની કરવી હોય, તો પેલીથી છૂટાછેડા લેવા જ પડે, એમ કહે છે. એકવાર બોજ ઉપાડ્યો તે ત્યારે જ છૂટે,-ઝાડના જીવને મરતાં આવડે છે, છૂટાછેડા લેતાં નથી

આવડતું. એટલે પેલાં પાપ સાથે અનાદિની સગાઈ હોવાથી, જ્યાંસુધી પુદ્ગલ ભમતું હોય ત્યાં સુધી એને, ભલે સેંકડો હજારો ભવો સુધી, પણ પાપ લાગ્યા કરે ! ધર્મ સાથે સગાઈ ન હોવાથી, ભલે કાયાની ચીજનો ઉપયોગ થયો હોય ધર્મસાધનામાં, તોય જીવને કાંઈ ન લાગે વળગે !

**અનંતકાળની ભૂલભૂલામણી :-**

પાપ કે ધર્મ ત્રણ રીતે થાય છે,-સ્વયં કરવાથી, બીજાં પાસે કરાવવાથી, કે એની અનુમોદના-સંમતિથી. પાપ સાથે સગાઈ છે, એટલે કાયા મૂકીને જીવ બીજે ગયો પણ સગાઈ છોડી નથી, કાયા 'વોસિરે વોસિરે' કરેલ નથી, 'હાય રે મરી ગયો ! મરણ ક્યાં આવ્યું ?' આમ કાયાની માયા જોડે ચાલી આવી છે, એટલે એ કાયા પછી જેટલો અનર્થ કરે એનું પાપ એ જીવને લાગે. ધર્મ પણ સ્વયં કરવાથી, કરાવવાથી કે કોઈ કરે એની અનુમોદના કરવાથી થાય છે. હવે ધર્મ કર્યો નથી, કરાવ્યો નથી, કે એમાં અનુમોદના-સંમતિ નથી. એટલે એનું ફળ ક્યાંથી મળે ? આ જીવ અનંતો કાલ તો ભૂલ-ભૂલામણીમાં હતો, મનુષ્ય જીવન ભૂલ-ભૂલામણીમાંથી નીકળી માર્ગે આવી જવા માટે છે.

**જિનશાસન હાકલ કરે છે,-** 'ધ્યાન રાખ ! અત્યાર સુધી કુગતિરૂપી રાત્રિમાં રખડ્યો, હવે મનુષ્ય ગતિરૂપી પ્રભાત-સવાર થયું, માર્ગે આવી જા ! કોઈ મોડો નીકળ્યો- ધારેલાં સમયે પહોંચી જઈશું, સાંજ પડી, ભૂલો પડ્યો, રાત્રિ વિતાવી, રાત્રિ વીતી સૂર્યનો પ્રકાશ થયો, સામે માર્ગ દેખાય છે છતાં પાછો વનમાં ભમવા લાગે તો એ જડભરત ઠરે ને ?

**રજની વીતી છે, વિકસી જ્યોતિ છે, વન મત ઘુમજે, હો...વન મત ઘૂમજે.**
**કુગતિ મીટી છે, મનુજ ગતિ છે, કુપથ ન ભજજે હો...કુપથ ન ભજજે.**

કુગતિ એટલે રાત્રિ, એ મટી. મનુષ્યગતિ એટલે પ્રભાતનો પ્રકાશ; એમાં અનંત સુખનો માર્ગ દેખાય. કોઈ પરાધીનતા જ નહિ. સંપૂર્ણ સ્વાધીનતા કોઈ જાતની વિહ્વલતા નહિ, પણ તે માર્ગે ચાલે તો ! કુપથ-કુમાર્ગે ચાલીને નહિ. માટે આ જીવનમા માર્ગે ચાલ. જો ભૂલ્યો છે, તો ફેર રખડ્યો સમજ ! ફરી માર્ગ હાથ નહિ આવે. સાંજે મોડો નીકળેલો મુસાફર કોઈ કેડીએ ચઢી ગયો-ભૂલો પડ્યો, લુંટારે લૂટ્યો, આંખે કસીકસીને પાટા બાંધ્યા, એ છોડે નહિ માટે હાથ છાતી સાથે બાંધ્યા, મૂક્યો રખડતો. પ્રવાસી કોઈ રક્ષકને શોધવાં માર્ગે ચડવા માટે ફરે છે; પણ ઉન્માર્ગે વનમાં જ રાત આખી ઘૂમ્યો ! ચારે બાજુ બિહામણા અવાજ, સિંહ-વાઘ-વરુની ચીસો સંભળાય-કાળું ઘોર અંધારું-'અહીંથી વાઘ આવી ખાશે કે સિંહ ?' એમ થાય. અમાસની રાત વાદળાવાળી, તારાય નહિ, પ્રકાશ ન મળે, ભય એવો



કે રુંવાડાં ખડાં થઈ જાય, કોઈ સારું ઝાડેય મળ્યું નહિ, આખી રાત્રિ મટી. પ્હો ફાટ્યો, પણ આંખે પાટા છે, દિવસની ખબર નથી. એવામાં કોઈ દૈવી પુરુષ ઊંચે ઝાડ કે પર્વત પર આવી ટહુકાર કરે- 'ધ્યાન રાખ ! તારી લૂંટાયેલી સંપત્તિ મેળવી આપીશ પણ આ રજની વીતી છે,-જ્યોતિ વિકસી છે, તો વનમાં ઘૂમવાનું મૂકી દે-જો આ તારા જમણા હાથે માર્ગ. એમ કુગતિ રૂપ રજની વીતી, મનુષ્ય-ગતિરૂપ જ્યોતિ વિકસી, હવે સંસાર વનમાં વિષય કષાયરૂપી કુપંથે પાછો ભમ્યા ન કર; જો આ દર્શન-જ્ઞાન-ચારિત્રનો માર્ગ, માર્ગે આવી જા તો સંપત્તિ પાછી મળશે.'- જિનશાસન આ કહે છે. મનુષ્ય જીવનમાં પૂર્વની ભૂલભૂલામણીમાંથી બહાર નીકળી માર્ગે આવો.

મનુષ્ય ભવમાં પાપનો રાગ તોડવાનો, ધર્મનો રાગ કરવાનો. માટે શું કરવું જોઈએ ? રસ, ઋદ્ધિ તથા શાતારૂપ સંસારને સારી રીતે પિછાણવો, એની ભયંકરતાનો અને નિસ્સારતાનો ખ્યાલ કરવો; અને એના પર ભારે દ્વેષ જગાડવો. એ સંસારની રુચિ અંતરના ઊંડાણમાં ખૂંચી ગઈ છે તે ઉખેડી, ત્યાં ધર્મની રુચિ વાવવી.

રસ એ મારી ચીજ નહિ, રસનો ત્યાગ એ મારી ચીજ. ઋદ્ધિ એ મારી ચીજ નહિ, શાતાનો ત્યાગ એ મારી ચીજ. આ એક ઝંખના ઊભી કરવી જોઈએ; પક્ષપાત ઊભો કરવો જોઈએ, ત્યારે પાપનો, અનાદિની ખણજો-હાજતો-ઊર્મિઓનો વિરાગ જન્મે, ધર્મરાગ આવે. વિરાગ થાય એટલે પાપ પ્રતિઘાતના દરવાજા ખૂલે. અને એ દરવાજા ખૂલે એટલે ગુણબીજ આવે એટલે સાધુધર્મની ભૂમિકાઓ રચે, પછી એ ધર્મની વિધિ અખત્યાર કરે, પછી એ ધર્મ લે અને પાળે, અને પછી ફળ-મોક્ષ, પંચસૂત્રનું ફળ, હાથવેંતમાં છે. ક્રમ આ છે. આ ક્રમે આ વસ્તુ પ્રાપ્ત થાય.

**ભવાભિનંદીના લેખાં જુદાં :-**

છતાં શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ ત્યાં સુધી કહે છે- આ વાત પણ ભવાભિનંદી જીવને કરતા નહિ એને નહિ જચે. એને થાય- 'આવું તે હોતું હશે. સંસાર છોડવો એટલે કપડાં પહેરી લેવાં, બગલમાં ઓઘો ઘાલી દેવો,' એટલે એને આ વાત શી રીતે જચે ? એને તો ભવનો-સંસારનો આનંદ છે, ઇન્દ્રિયોના વિષયનો આનંદ છે. એવાને આ શાનું રુચે ? એ રસ જ જાલિમ છે. જુઓ પેલા શ્રીકાન્ત શેઠને કેવો ચડસ લાગ્યો છે.

**શ્રીકાન્તનો ચાલુ પ્રસંગ :-**

પેલો યાત્રિક શ્રાવક શ્રીકાન્તની સ્થિતિ પર પીગળી જાય છે. ઉપવાસનું પારણું એક બાજું ઊભું છે. ધર્માત્માને એની બહુ ચિંતા નહિ, દયાનો વિચાર

પહેલો. એટલે શ્રીકાન્તનો ખુલાસો જાણવા જાય છે.

**શ્રીકાન્ત ચોર છે :-**

શ્રાવકને શ્રીકાન્ત અંદર લઈ જઈ કહે છે, 'જુઓ શેઠ ! હું એક બડો ચોર છું. મને કુદરતી એમ થાય છે કે આ સુખી માણસોને લૂંટવા જોઈએ. માળા બહુ પૈસા ભેગા કરી ગરીબો પર સરમુખત્યારી કરે છે; તો એમના એ અભિમાન કરાવનારા પૈસાના ભારને હલકો કરવો જોઈએ, ને મારી પાસે કળા, વિદ્યા છે. તેથી અવરનવર એમને ત્યાંથી ચોરીઓ કરું છું. પાછો રાજાના દરબારમાં શાહુકાર તરીકે બેસી ચર્ચા-વિચારણા ય કરું છું. એમાં મારી ચોરીની પણ ચર્ચા ચાલે તો એમાં હું ઠાવકે મોઢે વિચાર બતલાવું છું. હજી સુધી મારા પર લેશ સંશય આવ્યો નથી. પરંતુ જો હવે એવું જાહેર થાય કે મારા ઘરમાં અનીતિનું ધન હોવાથી તમે પારણું ન કર્યું, તો તો સંશય ઊભો થઈ જાય અને પછી મારી ઝડતી લેવાવાનો પ્રસંગ આવે; અને એમાં તો મને ફાંસી જ મળે, તથા મારું બધું જપ્ત થતાં કુટુંબને રખડતા બનવાનો પ્રસંગ આવીને ઊભો રહે ! આ બધું આપ અહીં પારણું ન કરો એના પર સુસંભિવત છે.

શેઠ ! તમે ગંભીર છો, એટલે બધું મનમાં રાખશો એમ ધારી તમને આ મારી સ્થિતિ કહી છે. હવે ભાઈ-સાહેબ ! તમારા પગે પડીને કહું છું કે મારી આબરુ સાચવવી તમારા હાથમાં છે મને બચાવો-બચાવો.' ધર્માત્મા શ્રાવકના પગે પડીને આ કહેતાં કહેતાં શ્રીકાન્તની આંખમાં આંસુ ભરાઈ આવે છે.

**શ્રાવકનો ભવ્ય ઉપદેશ :-**

આ સાંભળીને યાત્રિક શ્રાવક પહેલાં તો ચોંકી ઊઠે છે કે 'અરે ! આ શું ?' પણ પછી એના શુદ્ધ દિલનો ઇકરાર અને કરગરતા બોલ તથા રુદન જોઈને દિલમાં દયા ઊભરાય છે. 'બિચારો ઉત્તમ માનવ-અવતાર પામીને આ કેવા ઘોર પાપમાં પડી ગયો છે !'

એને કહે છે, 'અરે ! આટલી ઊંચી માનવ શક્તિઓનો આ ભયંકર ઉપયોગ ? ખબર નથી કે એનાં પરિણામ ક્યાં જઈને ઊભા રહેવાનાં ? ચોરીઓ કરી કરીને કઠોરપણે કેળવેલી મનની દુષ્ટતા દુર્ગતિઓમાં કેવી કેવી ફાલશે ફૂલશે ? પાછું દુઃખ-ત્રાસ-વિટંબણાનો પાર નહિ ! આનો કોઈ જ વિચાર નથી ? અહીં પણ ચોરી એ કેવું મોટું દૂષણ ગણાય છે ! એની પાછળ ભય કેટલો ?

'અરે, મહાનુભાવ ! તમારા જીવનમાં આ ? ક્યાં તમારી ખાનદાની અને ક્યાં આવો નીચ ધંધો ! આ ચોરીનું ધન ઉપાડવામાં બુદ્ધિ કેટલી બધી ભ્રષ્ટ થાય ! ચોરીના રસથી અધમ સંસ્કારો કેટલા બધા દૃઢ થઈ ભવોના ભવો સુધી



જીવને કેટલા વિડંબે ! ત્યારે જેનું ઉપાડો એનેય કેટકેટલાં દુર્ધ્યાન થાય, દુઃખ પડે, અને જરૂર પડ્યે ચોરને મારી નાખવા સુધીના કેવા દુષ્ટ વિચારો જાગે ? યા હૃદયઘાતથી કેવું મોત પણ થાય ?

**ચોરીના રસનાં દારુણ પરિણામ :-**

'મહાનુભાવ ! ભૂલશો નહિ કે આમ ભેગા કરેલા પૈસા, એના વૈભવ-વિલાસ, અને એના પર જમાવેલી પ્રતિષ્ઠા-ઠકરાઈ,-બધો ય સરંજામ અંતે અહીં રહેવાનો, અને ચોરીનો રસ પરલોકમાં આત્માની સાથે લાગવાનો ! એ રસનું પરિણામ સમજો છો ? અહીં પણ જુઓ છો ને કે આ ચોરી, પરિગ્રહ અને વિષયોનો રસ કેમ આટલો બધો ઊછળી રહ્યો છે ? ભવાન્તરથી એ સાથે આવ્યો છે માટે જ. ત્યારે એને હવે અહીં પણ પડતો નહિ મૂકો, ને ઊલટો પોષ્યે જશો તો આગળ કઈ સ્થિતિ ? કેવા હલકા ભવ ! કેવા ત્રાસ ? કેવાં ઘોર દુષ્કૃત્ય ! અને કેવી અસાધ્ય આત્મદશા ! ત્યારે અહીં પણ કેટલો ભય ! નથી ને પકડાયા, તો કેવી સજા અને કેવી નાલેશી ! મારા સાધર્મિક બંધુની આ દશા ? ભગવાન મહાવીરદેવનો સેવક, એ ભગવાન કરતાં પૈસા, વિષયો કે કુમતિને આવા વધારે વહાલા કરે ?...' બોલતાં બોલતાં આંખમાં આંસુ ભરાઈ આવ્યા.

શ્રીકાન્ત પણ ગળગળો થઈ ગયો એના મનને થાય છે કે 'અહો કેવી નીતરતી ભાવદયા ! ધર્મી બંધુ વિના કોણ આ દયા કરે ? અને કેવો સરસ ઉપદેશ ! શી ભગવાનના શાસનની બલિહારી ! પરંતુ હું જ અભાગિયો છું કે હજી મારા મનમાંથી ચોરીનો રસ જતો નથી !' એને મનમાં લાગે છે તો ખરું, પરંતુ હજી ઝેર ઉતરતું નથી.

**ધર્મ કરીને પાપરસ કાપો :-**

કર્મની વિચિત્ર દશા છે ! જુગજુના કાળથી જીવની ચાલી આવતી કૂડી વિષય-કષાયની રમત કુટિલ કર્મોની પરંપરા ઊભી ને ઊભી રાખે છે; એટલે માનવ જેવા ભવમાં પણ એ કર્મોની ગુલામી ભોગવે છે, અને પાછી એ જ કૂડી રમતમાં રસ તરબોળ રહી આગામી અથાગ ભવપ્રવાસને તૈયાર કરે છે ! આ વિટંબણામાંથી બચાવનાર એકમાત્ર ધર્મશાસન છે. એને માથે ધરવામાં આવે તો આત્માનું સત્ત્વ પ્રગટ થાય અને એ સત્ત્વથી વૈભવ, વિષયો અને કષાયોનાં જોર ઓછાં કરતાં અવાય. ધર્મનાં આ મૂલ્ય છે કે એનાથી સંસાર-દુઃખનાં મૂળ કારણભૂત ધનતૃષ્ણા, વિષયપિપાસા અને કષાયમૂઢતાના ભયંકર આત્મરોગને દૂર ફગાવી દેવાય. ધર્મ કરતાં કરતાં આ રોગ કાપતા રહેવું જોઈએ.

શ્રાવક કહે છે, 'મારી તમને આગ્રહભરી ભલામણ છે કે હવે આ ધંધો બંધ

કરો. લ્યો હવે હું જાઉં.'

શ્રીકાન્ત કહે, 'આ તમે જાઓ તો ખરા, પણ મારી આબરુ જાય અને મારું તો નિકંદન નીકળે એનું શું ? ગમે તેમ કરીને મારી આબરૂ તો તમારે જાળવવી જ પડશે.' આમ કહેતાંક એ પડ્યો પગમાં. દયા આવી જાય એવું થયું. એમાંય દ્રવ્યદયા સાથે ભાવદયાનો ખાસ વિચાર છે. સામાની ભૂખ, તરસ, માર, બેઆબરૂ આદિ દુઃખ પર દયા એ દ્રવ્યદયા; અને પાપબુદ્ધિ, પાપ, અધર્મ અંગે દયા એ ભાવદયા. યાત્રિક શ્રાવકને એક બાજુ શ્રીકાન્તની ચોરી બદલ ભાવદયા અને બીજી બાજુ એની આબરૂ વગેરેના નુકસાન અંગે દ્રવ્યદયા આવી જાય છે. વળી દેખે છે કે આ હવે મોકો ઠીક છે, એટલે રસ્તો કાઢી બતાવે છે; કહે છે,-

'જુઓ, મારું વ્રત તો કેમે ય કરીને ન મૂકું, પરંતુ મારું તમારું બંનેનું સચવાય એનો એક રસ્તો છે. **તમે જો હવેથી ચોરી ન કરવાની પ્રતિજ્ઞા કરો** તો હું આજે બીજે ક્યાંય પારણું કરવા ન જાઉં. હું આજ અને આવતી કાલનો પણ. એમ બે ઉપવાસ કરું. તેથી કોઈને ખબર પડવાનો પ્રસંગ નહિ આવે.'

શ્રીકાન્ત શેઠ વિચારમાં પડ્યો. વાત તો ઠીક લાગી, એને શ્રાવકની ઉદારતા દેખાણી કે પારણાની ધારણા છતાં બે ઉપવાસ કરી લે છે; પરંતુ પોતાની નબળાઈ જુએ છે કે આ ચોરીનું વ્યસન એમ છૂટે એવું નથી. એટલે કદાચ પ્રતિજ્ઞા ભાંગે તો ? ત્યારે શરત એવી મુકાઈ છે કે એ વિના શ્રાવક એની આબરૂ સાચવવા તૈયાર નથી. શું કરવું ?

એ કહે છે, 'જુઓ તપસ્વીજી ! તમે તો ઘણી ઉદારતા બતાવી, પરંતુ હું ભાગ્યનો ફૂટેલો છું. મારાથી ચોરી બંધની પ્રતિજ્ઞા પળે એવું લાગતું નથી ફોગટ તમને કાં ઠગવા ? અને મારે પણ બાધા કાં ભાંગવી ? માટે મહેરબાની કરો, મારું ફૂટેલું ભાગ્ય મારી પાસે રહેવા દો, અને મારી આબરૂને ને પ્રાણ સુધી હાનિ ન પહોંચે એવું કરો.'

શ્રાવક કહે છે, 'માફ રાખો, તમારી ચોરીમાં મને સાગ્રીત રાખવો છે ? નહિ બને.'

'તો શેઠ ! એમ કરો, ચોરી બંધ કરવાની પ્રતિજ્ઞા સિવાય બીજી કોઈ પ્રતિજ્ઞા કહો, એ કરવા તૈયાર છું; પછી છે કાંઈ ?'

શ્રાવક કહે છે, 'તો એમ કરો **કદી જૂઠ નહિ બોલવું એવી પ્રતિજ્ઞા કરો** તો હું બે ઉપવાસ કરી લઈશ. જુઓ હવે આ છેલ્લી વાત છે.'

થયું ? જે માણસ ચોરી કરે છે એ અસત્ય ન બોલવાનું નક્કી કરી એવી શરત મૂકી. બને એ ? શાહુકારને પણ અસત્યત્યાગના સોગન લેતાં હિંમત નથી



થતી, ત્યાં વળી ચોરને આ સોગન !

જૂઠ છોડવું સહેલું છે કે મુશ્કેલ ? મુશ્કેલ જ કહેવાના; કેમ ? જૂઠ બહુ વહાલું છે ? ના, જૂઠ તરીકે જૂઠ વહાલું તો નથી, પરંતુ જેની ખાતર જૂઠું બોલાય છે એ તુચ્છ વસ્તુઓ બહુ વહાલી છે, એટલે પછી જૂઠ બોલીને એ સચવાતી હોય અને આત્માનું નિકંદન નીકળતું હોય તો પરવા નથી. પોતાના સનાતન આત્માની પરવા હોય તો જૂઠ બોલાય ?

**જૂઠું કેમ બોલાય છે ?**

**(૧) કાં તો 'હસા-મશ્કરીમાં;** જરા જૂઠું ફેંકીએ એટલે સાંભળનારમાં હાસ્યનું મોજું ફરી વળે !' અથવા 'આપણા જુટ્ઠાની સામાને થતી અસર ઉપર આપણને હસવાનું મળે !' કે 'જૂઠ બોલવાથી બીજાની જરા મશ્કરી થાય એ જોવાનો ટેસ પડે !' આવું જ કાંક ને ? હવે કહો આ જરા હાસ્ય કે મશ્કરી એ કેટલી બધી તુચ્છ વસ્તુ છે ? ખાસ લાભ વિનાની વસ્તુ ગણાય !

**(૨) અથવા જૂઠ ભયથી બોલાય છે.** એ ભય કાંઈ ચાલું જીવનમાં મરણનો તો નહિ, કે સર્વસ્વ લુંટાઈ જવાનો યા બહુ મોટું નુકસાન થવાનો નહિ, પરંતુ જરા ભોંઠા પડવાનો, કે ગુનાહિત દેખાવાનો, યા કોરટ કચેરી કે વેપાર જેવું હોય તો થોડું નુકસાન થવાનો ભય. શું આ બધું આત્માની આગળ કિંમતી વસ્તુ છે ? ના, તુચ્છ છે. આત્માની કિંમત તો મોટી છે. બહારનું તો છેવટે ભાગ્યને આધીન છે. ગમે તેટલો ભય રાખી જૂઠું બોલો પણ ભાગ્ય રુઠ્યું તે દિ' બધું સાફ છે.

**(૩) ત્યારે ક્રોધમાં પણ જૂઠું બોલવાનું બને છે.** કોઈના પર ગુસ્સો ચઢ્યો હશે તો એને કંઈનું કંઈ સંભળાવતાં એમાં અસત્ય આક્ષેપ, આરોપ કે પ્રતિપાદન કરી નાખશે. ક્રોધ દુર્ગુણ એવો છે કે એ ડાહ્યા માણસનો પણ કબજો લે છે ત્યારે એને ભાનભૂલો બનાવી દે છે. પછી ક્રોધની ગુલામીમાં જૂઠનો ભયંકર ભાર ઊંચકતા વાર નહિ ! અસત્યભાષણનું નિંદ્ય કાર્ય કરતાં સંકોચ નહિ ! ગુલામનું બીજું શું ગજું ? વિચારવું તો એ જોઈએ કે શું હું તે વીતરાગનો સેવક ? કે કષાયનો સેવક ? ક્રોધ ઉઠ્યો છે માટે કરીને જૂઠનું ગંદુ ભાષણ કરું ? એમે ય જૂઠ બોલવાથી કાંઈ બહુ ખાટવાનું નથી મળતું, જૂઠ ન બોલાય તો કોઈ મોટી ખોટ નથી જતી. છતાં નિઃસત્ત્વ માયકાંગલા જીવની કંગાળ દશા એવી કે ધરાસર જૂઠની ગુલામી ઉપાડે છે. એક તો ગુસ્સાનું ઝેર પીવાનું અને ઉપરથી બીજું જૂઠનું વિષ ઉમેરવાનું ?

**(૪) એમ, લોભથી પણ જૂઠ બોલવાનું થાય છે.** લોભ ઘણી જાતિના. જરાક-શી માનાકાંક્ષા, સામાની નજરમાં હોશિયાર દેખાવાનો ય લોભ, એમ કરી સામાનો પ્રેમ મેળવવાનો પણ લોભ, આવા તુચ્છ લોભ ખાતર જૂઠ બોલવાનું

કરાય છે. પૈસાના લોભમાં તો જૂઠ બોલવાનું ક્યાં અજાણ્યું છે ? અરે ! ઘરમાંથી એક આટાની વાડકી ય ન દેવી હોય તો સ્વાર્થના લોભમાં માણસ જૂઠું બોલી નાખે છે. દેરાણી જેઠાણી, નણંદ-ભોજાઈ વગેરેને પૂછો આવું બને છે કે નહિ ? જૂઠે જૂઠું નિમિત્ત કહીને બહાર ચાલી જશે, યા મંદવાડ દેખાડશે, જૂઠ ક્યાં આઘે લેવા જવું છે ? શાની ખાતર ? કોઈ મોટો લાભ નથી થવાનો, તુચ્છ વસ્તુના લોભમાં તણાઈ જુઠાં હંકારાય છે.

**જૂઠના અહીં નુકસાન :-**

આમ, હાસ્ય, ભય ક્રોધ કે લોભના વશ જૂઠના કેટલાય કાળા કૂચડા આ ઉત્તમ જીવનમંદિર પર લગાવતાં સંકોચ નથી થતો ! વિચાર નથી કે આમાં પ્રત્યક્ષમાં લોકની નજરમાં કેવી હલકી કિંમત થાય છે ! અવસરે સાચું બહાર પડતાં કેવું ફજેત થવું પડે છે ! બીજાના વિશ્વાસ ઊડી જતાં કેવી નુકસાની વહોરવી પડે છે ! આનો કોઈ વિચાર નથી. મોટું નુકસાન તો આ છે કે જૂઠ બોલવાનો મોકો દેખ્યો, એ મોકો તો ખરેખર સત્ત્વ કેળવવાનો અવસર છે. પ્રસંગ કહે છે 'જોજે, મુડદાલ ન થતો, સત્ત્વ દાખવજે, નીડરપણે સાચું જ બોલજે.' પણ આ છૂપા શબ્દ સાંભળવા છે કોને ? સત્ત્વ ગુમાવે ત્યારે જ જૂઠમાં પડે. સત્ત્વ ટકાવી રાખે તો તો પ્રસંગને કહી દે કે 'જૂઠ બોલે એ બીજા, બીજું નુકસાન ખમીશ પણ આ જૂઠના મહાનુકસાનનો ખપ નથી.' આ સત્ત્વ ગુમાવે તો તો બીજાં પણ દુષ્કૃત્ય પેસવાના, સુકૃત ગુમાવાના ! સત્ત્વ ગયું તો બધું ગયું. ત્યારે પરલોકમાં જૂઠના ફળરૂપે જે પોતાનું નિકંદન નીકળે છે એ સંબંધમાં નિઃસત્ત્વ તો વિચાર જ શું કામ કરે ?

**જૂઠના પરલોકે નુકસાન :-**

જૂઠ એ વાણીનો ભયંકર દુરુપયોગ છે. તો ફરીથી વાચા મળે ? ન મળે તો કઈ ગતિ ? એકેન્દ્રિયપણાની ! કદાચ વાચા મળે તો ય જીભના ને મોંના કોઈ જાલિમ રોગ ! તોતડા-બોબડાપણું, જીભ પર ચાંદી, મોંમાં છાલાં, દાઢ કળે, છતી જીભે મૂંગાપણું, કેઈ રોગ ! બીજું એ, કે જૂઠ બોલીને બાંધેલાં નીચ ગોત્ર, અશાતા વેદનીય, અપયશ નામકર્મ, દૌર્ભાગ્ય કર્મ, અનાદેય કર્મ,- વગેરેના ફળમાં કેટલી બધી વિટંબણા ! તિર્યંચમાં કે ઢેડભંગીને ત્યાં અવતાર ! શરીરે અનેક રોગો ! અનેક મારપીટ, અપમાન-અપયશ-તિરસ્કાર ! પોતાનો શબ્દ કોઈ ઝીલે નહિ ! લાભમાં, ભોગમાં, વીર્યમાં અંતરાય ! ગરીબી કારમી ! પોતાનું છતું ભોગવી શકે નહિ ! શરીરમાં કૌવત જ ન મળે ! આ તો દુઃખ-ત્રાસની વાત થઈ.

પરંતુ એથી વધુ ભયંકર તો પાપાચરણની વસ્તુ છે. અહીં જૂઠ બોલ્યે ગયા એના કુસંસ્કાર, અને સત્ત્વ ગુમાવી તામસભાવ સેવ્યો એના કુસંસ્કાર, તથા જૂઠમાં



ફાવટ દેખી જે ખોટા હરખ, લોભ, મમતા, ક્રોધ વગેરેમાં રાચ્યામાચ્યા એના કુસંસ્કારો, આ બધાનાં ફળ રૂપે વિચારો, પરલોકમાં કેવું જીવન બને ? અહીં તો મનુષ્ય જન્મ છે એટલે પૂર્વના કુસંસ્કારવશ પણ મર્યાદિત પાપ થાય છે; પરંતુ હવે ભવાંતરે જ્યાં ભવ જ હલકા મળે ત્યાં આ બધા કુસંસ્કારવશ પાપો કેવાં ભયંકર આચરવાનું બને ! હૈયામાં પાપવૃત્તિઓ કેટલી જાલિમ રાક્ષસી રમ્યા કરે ? પછી ત્યાં છે કાંઈ એનાથી પાછું હટવાનું ? ના, અહીં છતે ગુરુઓએ, છતે ધર્મશાસ્ત્રોએ, છતે ધર્મી-સંયોગ અને ધર્મે, જો સત્ય નથી બોલવું, જૂઠ હંકારવું છે, તો પછી એ ગુરુયોગ વગેરે જ્યાં નહિ અને હલકા સંયોગ બહુ, ત્યાં કેવાં કેવાં નીચમાં નીચ પાપો આચરવાનું થવાનું ? એનું ફળ પછી એથી ય વધુ નીચું નરક જેવું સ્થાન કે ઊંચું ? ત્યારે કહો જો, જૂઠ બોલવા પર જાતનું આ નિકંદન નીકળે છે; વાંધો નથી ને ? વાંધો મોટો.

**તો પછી શું સમજીને જૂઠ ખપે છે ?** કરો નક્કી કે 'ગમે તેમ થાય પણ અસત્ય તો નહિ જ બોલવું.' કરવી છે પ્રતિજ્ઞા ? જરા ડાહ્યા થાઓ ડાહ્યા; મૃત્યુની નોબત ગાજી રહી છે, અહીંથી ફરરર ફૂ ઊડી જવાનું છે; શા સારું જીવને બિચારાને જૂઠથી ભારેખમ કરવો ? પરભવે દુઃખ વેઠ્યાં નહિ જાય ! પાપાચરણનો પાર નહિ રહે ! પરિણામ ? દીર્ઘ દુર્ગતિઓની પરંપરામાં ફેંકાફેક અને ફેંદાફેંદ થવાનું ! માટે ડહાપણ એ છે કે જૂઠ તદ્દન બંધ કરી દીધું.

**જૂઠ કેમ બંધ કરાવે છે ? :-**

જો શાહુકારજીવનમાં આ ગળે ન ઊતરે, તો પછી ચોરના જીવને શે ઊતરે ? પેલો યાત્રિક શેઠ શ્રીકાન્ત ચોરને કહે છે 'જુઠ બંધ કરો તો હું બે ઉપવાસ કરી લઈશ, તમારે ત્યાં પારણું નથી કર્યું એવું બહાર નહિ દેખાય, તમારી પર કોઈને કોઈ વહેમ પડવાનો નહિ.' મનમાં સમજે છે કે 'બચ્ચાને એકવાર જૂઠ બંધ કરવા દો ને ? પછી એની પાછળ ચોરી સહેજે બંધ થઈ જશે. સાચું બોલવાનું રાખીને ચોરી કેટલી નભાવશે ? જૂઠ છોડ્યા પછી ચોરી કેટલી ચાલી શકવાની ?' બસ, શ્રીકાન્ત આગળ કોયડો મૂકી દીધો.

**પંચસૂત્રમાં અદ્‌ભુત વાતો છે;** એવી કે જે સાંભળીને એમ થાય કે આ બધું મળે તો કેવું સારું ! બધું ન મળે છતાં જો ભૂમિકા મળે તો ય ભવ ઘણા ઓછા થઈ જાય. એ વાતો એમણે સર્વજ્ઞની વાણીમાંથી વીણી વીણીને મૂકી છે. અક્ષરદેહ એટલો બધો મીઠો અને મનોરમ છે, તેમ અર્થદેહ એટલો બધો ગંભીર અને ચમકદાર તત્ત્વભર્યો છે કે એના શબ્દે શબ્દે રત્ન ખરે છે. અમી ઝરે છે. એ માટે તો શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે વિવેચન લખવાનું કર્યું. એવા આમાં ગંભીર ભાવ

છે. શું જીવે પાપપ્રતિઘાત, ગુણબીજાધાન વગેરેનો ઉપાય નહિ કર્યો હોય ? કર્યો તો કેમ ફળ ન થયું ? એ ઉપાય ઉપાય જ નહોતો. માત્ર આભાસ હતો. સાચા ઉપાય માટે અહીં આલેખેલા વર્ણનના રહસ્યમાં ઊતરો. શાસ્ત્ર નાનું છે, રહસ્ય મોટું છે. ભવાભિનંદી જીવને પંચસૂત્રની વાત સમજવામાં નહિ આવે, એના હૈયે બેસશે નહિ, એને વિશ્વાસ નહિ આવે, વસ્તુ જેટલી ઊંચી, એને ઠરવા પાત્ર એટલા પ્રમાણમાં ઊંચું જોઈએ. સિંહણનું દૂધ કાં એના બચ્ચાંના પેટમાં ટકેઃ કાં સોનાના પાત્રમાં ટકે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"** **વર્ષ-૧૨,અંક-૫,તા.૫-૧૦-૧૯૬૩**

**ભવાભિનંદીપણાનો ત્યાગ કરવો જોઈએ : એના ૮ દોષ :-**

એમ આ સૂત્રમાં કહેવાયેલી વાતો બહુ ઊંચી છે. એને પચાવવા હૃદયનું પાત્ર બહુ ઉંચું જોઈએ. એવા પાત્ર હૃદયવાળા બનવા માટે ભવાભિનંદિપણું જવું જોઈએ. આત્મામાં ભવાભિનંદીપણું નથી તેની ખાત્રી શી ? ભવાભિનંદીપણાના આ આઠ દુર્ગુણ-અપલક્ષણ કહ્યાં છે. **ક્ષુદ્રતા[૧]-લાભરતિ[૨]-દીનતા[૩]-માત્સર્ય[૪]-ભય[૫]-શઠતા[૬]-અજ્ઞાનતા[૭]-નિષ્ફળઆરંભ[૮],** આ જો જીવનમાં ન હોય તો વિશ્વાસ લઈ શકાય કે ભવાભિનંદીપણું નથી. આવો જીવ પંચસૂત્ર આપવા લાયક. એને અપાય. એ જરૂર પચાવે. એ તો પછી સંસારનો રાહ મૂકી મોક્ષનો રાહ લેવાનો. જેને પંચસૂત્ર મળ્યું, માનો પરમાત્મા મળ્યા. પરમાત્માનું ધામ મોક્ષ મળ્યું ! જેના હૃદયમાં પંચસૂત્ર ઊતર્યું, એણે મુક્તિને કંકોત્રી મોકલી,- 'આવું છું, મારે તારી સાથે લગ્ન કરવાનાં છે.' એ કંકોત્રી નક્કી મુક્તિ સ્વીકારે. જાણે કહે, 'આવો, તમારા જેવાના લગ્ન માટે તો હું છું.' આત્માએ એવા પાત્ર બનવા માટે ભવાભિનંદીપણાનો ત્યાગ કરવો જોઈએ.

**'क्षुद्रो लोभरतिर्दिनो मत्सरीभयवान् शठः ।**
**अज्ञो भवाभिनन्दी स्यान्निष्फलारम्भसंगतः ॥'**

**• ભવાભિનંદીપણાનો પહેલો દોષ ક્ષુદ્રતા •**

**ઉદાર દિલવાળો બીજાની ભૂલ પર દ્વેષ ન કરે :-**

ભવાભિનંદી એટલે સંસારનો રસિયો, એટલે કે મોક્ષરસિક નહિ. જે ભવાભિનંદી હોય તેને સંસારનો રસ ભારે. ભવાભિનંદીપણાનાં આઠ અપલક્ષણમાં



પહેલું અપલક્ષણ ક્ષુદ્રતા છે, તુચ્છ સ્વભાવ છે. એટલે કે ગંભીરતાનો અભાવ, ઉદારતાનો અભાવ. વાતવાતમાં એની દૃષ્ટિ તુચ્છ હોય. ગમે તેવી સારી વસ્તુને એ તુચ્છ દૃષ્ટિએ જ જુએ. બીજાનું ગમે તેવું સારું હોય, સો ટકા શુદ્ધ હોય, તોય એને મન કાંઈ નહિ, કેમકે કોઈ સારી વાત એને પચાવવાની હોજરી જ નથી. કોઈ ગુનાને એ સહી ન શકે. ઉદાર દિલવાળાને તો ત્યાં થાય કે 'હોય, જીવ ભૂલકણો છે. હું યે ભૂલું છું; કર્મવશ પ્રાણી છે.' કોઈ અંધકારમાં ખાડામાં પડે ત્યાં પડ્યા પર એને પાટું ન મરાય, એને હાથ ઝાલીને બહાર કઢાય. એમ ઉદાર આત્માને પોતાની ભૂલ જરૂર દેખાય. બીજાની ભૂલમાં પોતાનાં કર્મની ભૂલ દેખાય. એ માને કે 'એને કર્મે ભૂલાવ્યો.' પોતાની ભૂલમાં ય પોતાનું તેવું કર્મ માને. વાતવાતમાં પોતાના કર્મની ભૂલને જુએ, તો બીજાના કર્મની ભૂલ પણ દેખાય. 'કર્મે એને ભૂલાવ્યો હોય !' એમ કરી દયા આવે, ઉદાર બનાય, ક્ષુદ્રતા જાય.

**શિષ્ય તથા ગુરુ-ઉભયને કેવલજ્ઞાન ! શાથી ?**

શ્રી ચંડરુદ્રાચાર્ય સારા સંવિગ્ન સાધુ હતા. આચાર્ય હતા છતાં નવો તાજો કરેલ શિષ્ય ચઢી ગયો, પણ પોતે રહી ગયા ! ગુરુ ઊભા રહ્યા અને એ નવા તાજા કરેલા શિષ્યે કેવળજ્ઞાન લીધું ! શી રીતે ? શિષ્યે ભૂલ જોઈ પોતાની અને પોતાના જ્ઞાનાવરણ કર્મની. ગુરુને કાંધે લઈ જાતે ઉંચકીને જાય છે. જો એમ ન કરે તો ગુરુ પર હલ્લો આવે તેમ છે, કેમકે છાની છપની દીક્ષા થઈ છે, એટલે સગાં-વહાલાં જાણે કે હલ્લો લાવે એટલે રાત્રે ગુરુને ઊંચકીને ચાલે છે. રાત્રે અંધારે માર્ગ દેખાતો નથી. ઊંચા નીચા ખાડા ટેકરા આવે છે, પગ ઊંચે નીચે પડે છે કે કંધે લીધેલા ગુરુની કાયા હચમચે છે, ગુરુ તપે છે, લોચવાળા માથે ટપલી મારે છે- 'ભાન નથી ?'

મધ્ય રાત્રે, મધ્ય જંગલમાં, મધ્ય શબ્દ કહીને ગુરુને નીચે ન ઉતારે ? 'હું તમને બચાવું અને તમે આમ કરો ?' પણ ના ક્ષુદ્ર નથી, પોતાના કર્મની ભૂલ જુએ છે; માને છે કે 'મારું કેવું પ્રબળ જ્ઞાનાવરણીય કર્મ કે જેના યોગે અજવાળા-પ્રકાશ વિના મને રસ્તો દેખાતો નથી, જેથી ગુરુને દુઃખ થાય છે.' 'ગુરુ મને કેમ શિક્ષા કરે છે ?' એમ નહિ પણ 'મેં ગુરુને હેરાન કર્યા. મારા લીધે આ થયું ને ? નિરાંતે એ તો વસતિમાં બેઠા હતા અને સંયમની સાધના કરતા હતા !' શિષ્યે એ ઉદાર વલણમાં પ્રબળ શુભ ભાવનામાં ચઢી જન્મો-જન્મનાં પૂર્વે ક્રોડ પૂર્વનાં ચારિત્રે જે કર્મ ન હણી શકાયા, તે કર્મનો ભૂકો અંતર્મુહૂર્તમાં કર્યો ! લોકાલોક-પ્રકાશક કેવળજ્ઞાન મેળવ્યું ! હવે રસ્તો સરિયામ બરાબર દેખાય છે, ગુરુ કહે છે : 'હવે બરાબર ચલાય છે-હવે કેમ દેખાણું ?' શિષ્યઃ 'જ્ઞાનથી.' ગુરુઃપ્રતિપાતી કે અપ્રતિપાતી ?' શિષ્યઃ 'અપ્રતિપાતી.' ગુરુ સફાળા ઊતર્યા નીચે, પગ પકડ્યો- 'હું પાપી, શી

ખબર આ મહર્ષિને ક્યારે કેવળજ્ઞાન થયું હશે, મેં ક્યાં સુધી કદર્થના કરી ! જગતમાં અડબંગ જેવા જીવને ય કદર્થના કરાય તો ય સંસારે રુલાય; તો મહાપુરુષની એમાં ય કેવળજ્ઞાનીની કદર્થનાથી તો સંસારે રુલવામાં બાકી શી ?' ગુરુ ચઢ્યા હવે પોતાના કર્મની ભૂલ જોવામાં, આત્મનિંદામાં, ભૂલ પર તિરસ્કાર છૂટ્યો. ત્યાં ગુરુને કેવળજ્ઞાન થયું. ક્ષુદ્રતા ન હોય, ઉદારતા હોય, એનું આ પરિણામ કે પોતાના કર્મની ભૂલ પશ્ચાત્તાપથી સળગતા હૃદયે જુએ, ને કેવળજ્ઞાન પામે.

**ચિત્તક્લેશથી બચવા પોતાની ભૂલ જુઓ :-**

જૈન શાસનની કેવી બલિહારી છે કે ભૂલ પોતાની જોવરાવીને કેટલાય ચિત્તક્લેશથી બચાવી લે છે ! પશુના કે અનાર્યના મગજે આ ક્યાંથી બનવાનું ? ત્યાં તો ભૂલ બીજાની જોઈ જોઈ મન દ્વેષ, તિરસ્કાર અને હિંસા બુદ્ધિના મહાતોફાને ચડવાનું ! એમાંય કાળના કાળ વીતે છતાં ક્લેશ મટે નહિ. એ જિનશાસનના પાઠ માથે ધર્યા હોય એ ભૂલ પોતાની જોઈને પહેલેથી જ કષાય ક્લેશને ઊઠવા જ નહિ દે. સામા ઉપર કદાચ દૃષ્ટિ એ જાય તો એ વિચારશે કે 'એ બિચારો શું કરે ? એનાં કર્મ જ એવાં છે કે એને બિચારાને ઊંધું ભરમાવે છે, અને દુઃખદાયી પાપના ખાડામાં ઉતારે છે. માટે એ તો દયાપાત્ર છે, એના પર દ્વેષ ન કરાય. ઇચ્છું છું કે એને સદ્‌બુદ્ધિ મળો.'

શું જાય આ રીતની ઉદાર વિચારસરણી રાખવામાં ? શું મનમાં ક્લેશ, કષાય ન ઊઠે, મન સ્વસ્થ રહે, એ સુખ ? કે ચિત્ત ક્લેશમાં પડે એ સુખ ? ક્ષુદ્ર મનવાળાનો તો મરો છે. એ સામાને કાંઈ સજા-બજા કરવા ધારે તો ય કદાચ ન ય કરી શકે, પણ પોતે તો પહેલી સજા ભોગવી જ રહ્યો છે; પહેલો પોતે દુઃખી થઈ રહ્યો છે. એની પાછળ એ કેટલા ય પાપ કરતાં અચકાતો નથી.

**શિષ્ય પર્વતની ક્ષુદ્રતા :-**

હૈયાની ક્ષુદ્રતા વસ્તુનો ઊંડો વિચાર નથી કરવા દેતી, ઉપલકિયું જોવરાવે છે. આવે છે ને પર્વતના ગુરુએ પરીક્ષા ખાતર કહ્યું 'લે આ કૂકડો જ્યાં કોઈ ન દેખે ત્યાં મારી લાવ.' બસ ક્ષુદ્રમતિવાળા પર્વતે જંગલમાં એકાંતમાં જઈ કામ પતાવ્યું. કૂકડો બનાવટી હતો. હવે બીજા શિષ્ય નારદે કૂકડાને અખંડ લાવી પાછો સોંપ્યો, કહે છે 'ગુરુજી ! એકાંતે ગુફામાં ગયો તો પણ ત્યાં બીજું કાંઈ નહિ તો ય હું તો જોતો જ હતો ? કદાચ આંખ બંધ કરી લઉં તો ય યોગીઓ અને દેવતાઓ તો જોઈ શકે ને ? આપે તો કોઈ જ ન દેખે એમ કહેલું, તો તેવી જગા તો ક્યાંય નથી.' કેવી સુંદર આ ઊંડાણની વિચારણા ! એ ગંભીર ઉદાર દિલવાળો કરે. ક્ષુદ્રને તો ઉપરથી જોતાં આવડે, હૈયું એનું કઠોર હોય.



**ઉદાર મંત્રીનો પરોપકાર :-**

પેલા મંત્રીમાં હતી ઉદારતા, એટલું કહ્યું પેલા શેઠને કે, 'લ્યો આ રત્નનો દાબડો. ઝેર શું કામ ખાઓ ? પતાવો દેવું આનાથી.' ક્ષુદ્ર એમ ન કહે. 'દેવાળું તમે કાઢો અને દાબડો હું આપું ?'-ક્ષુદ્ર તો એમ કહે. શેઠ પણ ઉદાર, 'મારે મરવું ને પારકો માલ રખાય ? ના, લઈ જા ભાઈ !' એ મંત્રી દાબડો રાખી ગયો. પછી તો સૌ સારાં વાનાં થયાં. વહાણ ડૂબ્યાના ખોટા સમાચાર હતા તે સારામાં ફેરવાઈ ગયા; સવાયા થયા ! રાજાની સાથેની ઓળખાણ પણ જોરદાર થઈ. હવે રાજાએ તો મંત્રીને દેશનિકાલ કરેલો એટલે શેઠ એનું કલંક ઉતરાવવા એક વખત રાજાને જઈને કહે છે.

'રાજન્ ! એક વાત કહેવી છે.'

રાજા :- 'જરૂર કહો, તમારા જેવા અમને વાત ન કરે તો થાય શું ? જરૂર વાત કરો.'

શેઠ : 'પણ એ વાત જરા ફરિયાદ જેવી છે.'

રાજા-'ભલે ! તમારા જેવા અમારા ધ્યાનમાં ફરિયાદ ન લાવે તો સુધારા (રાજ્યમાં) થાય શી રીતે ? પ્રજા સુખી થાય શી રીતે ?'

એ વખતના રાજા રાજા જ નહોતા; સૌ પોતપોતાની ફરજ સમજતા. એ વખતે ઘમંડ કરવા રાજા નહોતા, સેવા કરાવવા ગુરુ નહોતા, દુનિયામાં નામ રાખવા બાપા નહોતા બનતા. એ વખતે બાપ-પુત્ર ગુરુ-શિષ્ય રાજા-પ્રજા, એમને ફરજો-ગુણોની કાળજી ભારોભાર રહેતી. એ ફરજ અંગે પૈસાનો, શક્તિનો, સુખસગવડોનો અવસરે ભોગ આપતો.

**ફરજનું ભાન અનર્થથી બચાવે છે :-**

ગઈકાલ સુધી પ્રેમ કરનાર બાપ વહાલો લાગે અને આવતી કાલે જરા ઠપકો આપે એટલે ? પહેલાં પણ એજ બાપ હતો ને ? ગુરુ મીઠી વાત કરે ત્યાં સુધી ઠીક પણ જરા થોડો કડવો ઠપકો આપે એટલે ? ગુરુ તો એજ છે ને ? પણ પોતાને બાપ કે ગુરુ વહાલા કરતાં જાતની પ્રશંસા વધારે વહાલી છે. ખરી રીતે તો ઠપકો વધારે નમ્ર બનીને સાંભળવાની પુત્રની તથા શિષ્યની ફરજ છે. ફરજનું ભાન અનેક અનર્થથી બચાવે; કેમકે એથી પોતે કેમ વર્તવું એનું ભાન થાય. પોતાનું સ્થાન કેમ શોભે એનો ખ્યાલ આવે. પાપની સામગ્રી એવી ચીજ છે કે ફરજને ભુલાવે. સવારે ગાદીએ બેસવાનું નક્કી હોય ત્યાં સંભળાવાય કે, 'ભરતને રાજ્યગાદી આપું છું.' તો શું થાય ? મહાકલહ, તીવ્ર ક્લેશ, વૈર-વિરોધ, કે બીજું કાંઈ ? પણ અહીં તો રામચંદ્રજી એ વાતને વધાવી લે છે ! 'બેસોને હવે બુઢ્ઢા

થયા !' એમ એ સુણાવતા નથી. 'તમે વચન આપ્યું હતું એમાં હું શું કરું ?' એમ નથી કહેતા. એવું સુણાવવાની ભારે અનુકૂળતા હતી, કેમકે એમના ભાઈઓ હતા તો સાવકા, પણ સહોદરથી સવાયા હતા. રામ નગર બહાર જાય; ભરતને રાજા-રાણી રાજ્ય લેવાનું કહે છે : ન લે, અને દોડતા પાછળ જાય, 'બાપાજી-માતાજી મને રાજ્ય લેવાનું કહે છે, ન પાલવે એ મને, આપ રાજવી, રામ મોટા, ભરત નાનો, રામચંદ્ર મોજુદ હોય, ભરત રાજ્ય કરે ? આપણા કુળમાં કલંક લાગે. ઇતિહાસ કાળા અક્ષરે લખાય, સુવર્ણાક્ષરે નહિ.'

રામચંદ્રજી કહે છે, 'પિતાનું વચન પાળવું જ જોઈએ.'

વાત વિચારો. જે પિતા રાજ્ય આપવાનું કહેતા હતા. વનવાસનું પણ કહેનાર એજ પિતા છે ને ?' ભરતે શું કર્યું : 'લાવો પાવડી !' રામચંદ્રના પગની પાવડી લીધી, ગાદી પર મૂકી, પોતે નીચે બેઠો અને દુહાઈ રામચંદ્રની ફેરવી.

ફરજનું ભાન પાપ-સામગ્રીમા ફસાવા દે નહિ. ભરત પોતાની ફરજ સમજતો હતો તો રાજ્ય મળવા છતાં શું કામ મોટાભાઈથી ઉપરવટ થવાના પાપમાં ફસાય ? તો રામની પાસે ગાદીનો હક વગેરે છતાં પિતાની ઇચ્છા અને વચનના ઉલ્લંઘનનાં પાપમાં શું કામ પડે ? કેમકે એક યોગ્ય પુત્ર તરીકેનું ફરજનું ભાન હતું.

**સત્તા જનકલ્યાણ માટે કે સ્વાર્થ માટે ? :-**

આજે જુઓ છો ને કે સરકારી હોદ્દાની ખુરસીઓ હાથ આવી છે તો ફરજનું ભાન ભૂલી કેવા લાંચ-રુશવત અને નાણાંની ગોલમાલમાં ફસાયા છે ? ફરજ ભૂલે એટલે સારી સામગ્રી પણ પાપસામગ્રી બનાવાય છે. સત્તાની સામગ્રી તો જનકલ્યાણ કરવા માટે વાપરી શકાય; પરંતુ ફરજનું ભાન નહિ એટલે એને જ સ્વાર્થ-સાધના, અનીતિ અને પ્રજાને ધોખો દેવામાં વપરાય છે. માટે જ પોતાની આત્મદશા વિચારી લેવી જોઈએ કે આ સામગ્રી મને લોભાવી પાપના માર્ગે તો નહિ ઘસડે ને ? જો એવું દેખાય તો એને પોતાના માટે પાપ-સામગ્રી સમજી એનાથી દૂર જ રહેવું સારું. માટે જ આ હિત વચન છે કે,

**પાપની સામગ્રીથી પણ ડરતા રહો.**

પાપની સંભાવના હોય ત્યાં ખાસ સાવચેતી રાખવી જોઈએ. પાપ સામગ્રી જીવ પાસે કેવી રીતે પાપના દરવાજા ખોલે છે, એ પહેલાં નથી જણાતું ! પણ પછી પાપ થયે સંતાપનો પાર નહિ ! માટે જ્યાં પાપની સહેજ પણ સંભાવના હોય ત્યાં પાપના રસ્તે જવું નહિ, વસવું નહિ. જ્ઞાનીએ જ્યાં ભય સંભળાવ્યો, ત્યાં તો વધારે સાવચેત રહેવું જોઈએ. આંખમિંચામણાં ન કરવાં જોઈએ. 'એમાં શું ભારે થઈ જવાનું ?' એવાં આંખમિચામણાં કરવામાં ભારે જ થઈ જાય છે.



છોકરાઓને દુર્ગુણી એમ જ બનાવાય છે. છોકરો નાનો હોય, એને કહ્યું,- 'આમ આવ,' ન આવે, 'હોય, છોકરું છે, ન આવે' પરિણામ એ આવે કે મામુલી હુકમ આજે ન માને એ કાલે જે ન માનવાથી ભયંકર નુકસાન થાય એવો હુકમ પણ નહિ માને 'કાંઈ નહિ' એ હૃદયને કૂણા નહિ પણ નઠોર બનાવે છે. 'કાંઈ નહિ' એ તો મહાન્ ધર્મીને અવસરે ધર્મ ખોવરાવેલ છે.

**'કાંઈ નહિ' 'એમાં શું,' આ બધા મોહ રાજાના પાઠ છે,** કીમિયા છે, ભોળાઓને ફસાવવાની જાળો છે. મોટા પાપમાં ધકેલવાના એ લપસણાં છે, જુઓ 'આમાં શું ?' એમ કરી રાજકુમારી સુનંદાનું મોઢું જોયા કરવામાં રૂપસેન કેટલું બધું પતન પામ્યો છે ! મરીને એના જ ગર્ભમાં, પછી સર્પ, પછી કાગડો, હવે હંસ થયો છે. ત્યાં

રાજા અને રાણી સુનંદા ઝાડ પાસે છે, રાજા રાણીના ખોળામાં માથું રાખી સૂતો છે. રાણીનું મોં જોઈ હંસ પર તો પ્રેમ થાય, છતાં હંસ પર મરણાંત કષ્ટ ? હા.

**શાતાના મનોરથમાં જે ભૂલે તેને માટે મજબૂત અશાતા ઊભી થાય છે.**

રૂપદર્શનની શાતાની ધૂનમાં જાતિનો તિર્યંચ તે મનુષ્ય જાતિની રાણીના રૂપમાં મૂંઝાણો, જોવાનું શું ? માત્ર મોં ! આ મૂર્ખ જોઈ રહ્યો છે : 'કેવું સારું મોં શું જ્ઞાની ન કહે કે ગમાર રહેવા દે ને ? એ મોંએ તો તારો અનેકવાર કચ્ચરઘાણ કાઢ્યો ! મોં સારું નીકળી જશે !' જોગાનુજોગે ઝાડ પર કાગડો બેઠો હતો. તે ચરક્યો રાજાના અંગરખા પર. ચરકીને પછી 'રાજા શું કરે છે,' તે જોવા કાગડો નીચે જમીન પર આવીને હંસની પાસે બેઠો. રાજાએ આંખ ખોલી, અંગરખું બગડેલું જોયું, આસપાસ જોયું, સામે કાગડો દેખાયો, લાગ્યું. 'આ હરામખોરનું કામ !' પથરો ઉંચક્યો.

**પરસ્ત્રીરૂપ દર્શન પણ એક પ્રકારનો વ્યભિચાર :-**

**કાગડો જોઈ રહ્યો છે કે રાજા 'શું કરે છે !'**

**હંસ જોઈ રહ્યો છે, 'સુનંદાનું મોં કેવું સુંદર !'**

બેમાં કોનો ગુનો વધારે ? પથરો ફેંકાય-માર પડે તો કોને પડે ? કોકવાર દુનિયામાં સામાન્ય કોટિના દેખાતા ગુના વિશેષ કરતાં ભયંકર નીવડે છે.' કહે છે. 'જરા જોયું એમાં શું ? વ્યભિચાર થઈ ગયો ?' હા ! આંખનો એ વ્યભિચાર છે. પરરૂપ જોવાનો અધિકાર નથી. સ્ત્રીએ પર પુરુષને, પુરુષે પરસ્ત્રીને જોવાનો અધિકાર નહિ. શાસ્ત્રમાં સારા સારા નગરનાં વર્ણન આવે છે. લખે છે,-પરસ્ત્રીને જોવામાં અંધ હતા પુરુષો, અને પર પુરુષને જોવામાં સ્ત્રીઓ અંધ હતી. એ ગુણ ગણાવ્યો છે. ઋષિ મહર્ષિઓએ એ જોવામાં વ્યભિચારની ગંધ જોઈ છે. ભલે ને

રસ્તે જતાં કોઈ સ્ત્રી ઓળખવી રહી ગઈ તો શું થયું ? ન ઓળખાઈ એટલું સારું. એ જોઈ જોઈને તો આત્મા કામનો કીડો બન્યો રહ્યો છે.

**વિજાતીયની ઓળખાણ ઓછી, એટલા પ્રેમ (વિષય) વાસનાના વિકારો ઓછા.**

**વિજાતીયની ઓળખાણ વધારે, એટલા પ્રેમ (વિષય) વાસનાા વિકારો વધારે.**

વધારે તે એવા કે એ દૃઢતર થઈ જાય છે, તે તિર્યંચ જાતિમાંય ન છૂટે.

**હવે એ પથરો કોને વાગે છે ?**

રાજાએ પથરો ઊંચક્યો, કાગડાને વાગે કે હંસને ? વધારે ગુનેગાર કાગડો કે હંસ ? હંસનો ગુનો ડબલ છે, કાગડાનો સિંગલ છે. કેમકે હંસ એ એક તો રાણીનું મોં જોઈ રહ્યો છે, અને બીજું કુસંસ્કાર અને પાપકર્મ પૂર્વેથી સાથે લઈને આવ્યો છે. રાજા-રાણીને હંસ પર કાંઈ ગુસ્સો નથી કે 'કેમ સામે તાકીને જોઈ રહ્યો છે !' એમ મનુષ્યને કહેવાય પણ તિર્યંચ માટે કાંઈ શંકા પણ ન આવે. એટલે હંસને મારવો નથી છતાં બેવડો ગુનો હંસને ઝપટમાં લે છે.

**નિર્નામિકા અને લલિતાંગ દેવ :-**

ૠષભદેવ પ્રભુનો જીવ પૂર્વભવે લલિતાંગદેવ પણ પૂર્વ જન્મના તેવા સંસ્કાર અંગે શું કરે છે ? પોતાની કાળ કરી ગયેલી અતિપ્રિય સ્વયંપ્રભા દેવી દુખિયારી બ્રાહ્મણીની સાતમી દીકરી અનામિકા (નિર્નામિકા) થઈ છે. એને ફરી સ્વયંપ્રભા દેવી બનાવવા ઝંખી રહ્યો છે. મોહના સંસ્કાર જીવને નાગચૂડની જેમ જકડે છે. એ જકડામણમાં જુએ છે કે અનામિકાએ ધર્મમાં આગળ વધતાં અનશન તો કર્યું જ છે, તેથી એ બ્રાહ્મણીને, અનશનમાં એણે પૂર્વભવ સમજાવી સ્વયંપ્રભા થવા નિયાણું કરવા કહ્યું.

અનામિકાને જાતિસ્મરણ થયું, પૂર્વભવ દેખાયો, એટલે એણે નિયાણું કર્યું, મરીને સ્વયંપ્રભા થઈ, બેઉને 'હા...શ !' થયું. જીવની કેવી વૃત્તિ ? ધર્મ મળ્યાનો સંતોષ નહિ એટલો ધર્મનું તુચ્છ ફળ મળ્યાનો સંતોષ ! તુચ્છ ફળની પોટકી મળે તો ધર્મને જશ, ઇનામ, ટાઇટલ આપે. ધર્મને ટાઇટલ તો અનંત જિનેશ્વરોએ આપેલા છે : તું શું આપવાનો ? નવાણું પેટી ઊતરતી હતી ત્યાં સંતોષ એ ફળનો નહોતો, પણ ધર્મનો સંતોષ હતો. ઓછો ધર્મ થયો એનો શાલિભદ્રને અસંતોષ હતો, પણ ફળ ઓછું મળ્યાનો નહિ કે 'આને રાજ્ય કેમ ? આને આટલું ધન ? હું રાજ્ય ન ભોગવું ? બહારથી લશ્કર ન મંગાવું ? મારે શી કમી છે ? એમ એ ન મૂંઝાણો પણ 'મેં ધર્મ કમી કર્યો જેથી આ રીતે પરસત્તાની આધીનતા છે ! હવે ભારે ધર્મ કરું !' એમ થયું.



**સમ્યગ્દૃષ્ટિ ધર્માત્મા કેવા હોય ?** એમને ધર્મથી જ સાચો સંતોષ તથા આનંદ હોય, ધર્મના તુચ્છ ફળથી નહિ, ધર્મ ઓછો થાય તો એને કમીના લાગે: ફલ ઓછું મળે એમાં કમીના ન લાગે.

કેમ એમ ? એટલા જ માટે કે પુદ્ગલાનંદીપણાનું ક્ષુદ્ર હૃદય મટીને હવે એમને ઉદાત્ત દિલ, ને વિશાળ સ્વભાવ એવો બની ગયો છે કે ફળ એટલે પૌદ્ગલિક સુખસાધન એમને તુચ્છ લાગે છે અને આત્મસંપત્તિરૂપ ધર્મ એમને બહુ કિંમતી જીવનધન લાગે છે. આવું હૃદય ધર્મને મજબૂત પકડી રાખે છે. એ સમજે છે કે

ધર્મનું સાચું ફળ તો મોક્ષ અને મોક્ષસાધક આત્મશુદ્ધિ છે. કિંમત એની છે. પ્રાપ્ત કરવા લાયક એ છે; બાકી દુન્યવી સુખસંપત્તિની શી કિંમત છે ? આત્મા અંદરથી કબૂલ કરે કે ધર્મ કરતાં કરતાં શુદ્ધિ વધતી આવી; પહેલાં જે મોહમલિનતા હતી તે હવે કાંક પણ ઓછી થતી દેખાય છે; તો એ પરથી લાગે કે ધર્મ અંતઃસ્પર્શી બન્યો છે. પૌદ્ગલિક સુખસંપત્તિ તો બહુય મળે, પણ જો અંતરમાં કચરા જોરદાર પડ્યા છે, કામ-ક્રોધાદિ કષાયો, રાગ-દ્વેષ, તૃષ્ણા-મમતા-આસક્તિ અને જડનાં મૂલ્યાંકન કરવાની મૂઢતા વગેરે,-મલિનતાઓ ભરી પડી છે, તો એ જડ સુખસંપત્તિથી ખીલવાનું નહિ, પણ ઊલટું સાવધ બની જવા જેવું છે; કેમકે એ પેલા કચરા પર કેઈ અનર્થ જગાવશે ! ઊલટું કચરા વધારશે ! એટલે જ એ કાંઈ કિંમતી નથી. ત્યારે જો રાગાદિના કચરા ઓછા થયા છે, તો અર્થાત્ જડ સુખસંપત્તિ પર આકર્ષણ ઘટી જ ગયા છે, અને તેમ હોઈને હવે એને કિંમતી માનવાનું રહેતું નથી. તો પૂછો,

**પ્ર.**- જડની જો કિંમત નથી, તો મળેલા જડને શું કરવાનું ?

**ઉ.**- જડનો ઉપયોગ સ્વાર્થને બદલે પરાર્થ-પરમાર્થના કાર્યમાં વિશેષ વિશેષ કરવાનો. પરાર્થ એટલે પરના ભલાના કાર્ય. બીજા દીન દુઃખીનાં દુઃખ-આપદાનાં નિવારણનાં કાર્ય. પરમાર્થ એટલે પરમ યાને શ્રેષ્ઠ જે આત્મહિત, ધર્મ એનાં હિતનાં કાર્ય, અર્થાત્ જિનેન્દ્રભક્તિ, ગુરુસેવા, તીર્થસેવા, શાસ્ત્રલેખન, જ્ઞાનવૃદ્ધિ-જ્ઞાન પ્રચાર, ઉપાશ્રય, સંઘભક્તિ, વગેરે કાર્યો, આ બધો ધર્મ છે. હવે ધર્મની જ હૈયે ખરી કિંમત છે, જડ સુખોની કિંમત નથી, તો મળેલી પૌદ્ગલિક સંપત્તિનો ઉપયોગ મુખ્યપણે ધર્મ ખાતે કરે છે, તે પણ કોઈ કીર્તિ-આબરુ-પ્રતિષ્ઠા જમાવવા માટે નહિ, કેમકે એ પણ એક જાતની પૌદ્ગલિક જડની રામાયણ જ છે, તો પછી એ જડની લોથ ધર્મ જેવો ધર્મ કરીને પાછી માથે ક્યાં ઊંચકવી, એમ મનને સહેજ થાય.

ભવાભિનંદી જીવનું હૃદય ક્ષુદ્ર છે, એટલે એ કદાચ ધર્મ કરે તો પણ એને ધર્મ કરતાં ધર્મનાં તુચ્છ ફળ વધારે કિંમતી લાગે છે, એને તો ચોટ જ એ ફળની

ઉપર રહે છે. એટલે આંતરશુદ્ધિ કેટલી થઈ, એ ન જોતાં બાહ્ય સુખ-સાહ્યબી, માનપાન, પૈસા-પ્રતિષ્ઠા, વગેરે કેટલા મળ્યા એના ઉપર જ મન ભમ્યા કરે છે. એમાં ન્યૂનતા દેખાય ત્યાં એને મૂંઝવણ થાય છે, પરંતુ મૂળ ધર્મ જ ન્યૂનતાવાળો, ખામીવાળો કર્યો, એ કાંઈ લક્ષમાં નથી. એટલે જ હવે અહીં જડસામગ્રી ઓછાશવાળી મળી છે, તો લાવ ધર્મ વધારું એવી બુદ્ધિ થતી નથી, અને પાપ વધાર્યે જાય છે. આ પરથી જોજો કે,

મળેલ વૈભવમાં કમીના લાગ્યા પછી વૈભવ વધારવા પાપારંભોમાં તનતોડ મહેનત થાય છે કે ધર્મ વધારવાની ખરેખર તનતોડ મહેનત થાય છે ? એ તપવાથી આપણાં હૃદયનું માપ નીકળે છે કે આપણને ન્યૂનતા ધર્મની લાગે છે, કિંમત ધર્મની છે, કે ધર્મના તુચ્છ ફળની ? આ માપવાની જરૂર છે, કેમકે એથી ધર્મને જ વધુ મહત્ત્વ આપીએ, અને તુચ્છ જડ સંપત્તિ સુખોને બહુ લેખામાં ન ગણીએ, એ સ્થિતિ ઊભી કરવાનું બને.

**નિર્નામિકાનું નિયાણું કેવું ? :-**

નિર્નામિકાએ નિયાણું કર્યું પરંતુ તે ધર્મનું મૂલ્ય ઘટાડીને કર્યું નહિ હોય; કેમકે એ પછી એને દુર્ગતિના ભવ નથી થયા. જાણો છો ને એ કોણ છે ? ભગવાન ઋષભદેવને પહેલું પારણું કરાવનાર સોભાગી શ્રેયાંસનો જીવ છે, ને એ પોતાના સ્વયંપ્રભાના ભવથી પછી ભગવાનની સાથે સાથે ચાલે છે. જો એ નિર્નામિકાને મન લલિતાંગ દેવ પર આંધળો રાગ હોત, મનને એમ થયું હોત કે 'ધર્મથી જો આ બધી દેવતાઈ લહેર ન મળે તો ધર્મ કર્યો શા કામનો ? માટે મારે તો ધર્મના અંતિમ ફળરૂપે સ્વયંપ્રભા દેવી થઈ દિવ્ય સુખમાં મહાલવાનું જોઈએ,'-આવું જો થયું હોત તો તો એના મનમાં ધર્મ કરતાં ધર્મનાં તુચ્છ પૌદ્‌ગલિક ફળની જે કિંમત વધારે હોવાનું નક્કી થાત અને તેથી એ નિયાણું, એની ધર્મક્રિયાને એવી ગરલક્રિયા બનાવી દેત કે જે એકવાર દુન્યવી સુખ દેખાડ્યા પછી જીવને નરકાદિ દુર્ગતિઓના પલ્લે પાડી દેત ! નિર્નામિકાને આ પરિણામ નથી આવ્યું એ સૂચવે છે કે, અલબત્ત એને લલિતાંગદેવે પૂર્વ ભવનો પરિચય કરાવ્યાથી દેવ પર રાગ જાગ્રત થઈ આવ્યો, પરંતુ અહીં જે ધર્મ પામી છે, અને ધર્મ સેવ્યો છે, એની અસર સ્વાત્મા ઉપર ઊભી છે; તો જ દુર્ગતિના દરવાજા બંધ થઈ ગયા છે. આ અસરના પ્રભાવે સંભવ છે કે લલિતાંગ દેવ પર આત્મરાગ-ગુણાનુરાગ હોય, તીર્થંકર ભગવાનના કલ્યાણક-મહોત્સવો, નંદીશ્વરાદિ તીર્થની યાત્રાભક્તિ, મહર્ષિઓના જ્ઞાનોત્સવો વગેરે ધર્મક્રિયામાં દેવની સાથોસાથ થતી સુંદર સાધનાઓનો ધર્મરાગ હોય. ઉભયને તેવું હોય તો જ ઉભય સાથે સાથે ઊંચે ચડે ને ? એ ગુણરાગ-ધર્મરાગ એવા મુખ્ય કે



એની સામે જડ પદાર્થોના રાગ ફિક્કા.

આ પરથી તમને ય કદાચ એમ લાગે કે 'ત્યારે ઠીક છે, આ રીતે તો દેવતાઈ સુખ માંગી શકાય ને ?' ના, પહેલાં હૈયું માપજો કે વિષયરાગ કરતાં ધર્મરાગ અને વ્યક્તિરાગ કરતાં ગુણાનુરાગ જોરમાં છે ? કમીના ધર્મમાં આવે તો મન દુભાય છે કે ધર્મના ફળભૂત વિષયપ્રાપ્તિ-વિષયભોગમાં આવે તો મન દુભાય છે ? મનને શું વધારે સાલે ? પછી કાયા કોની કમીના પૂરી કરવા દોડે છે ? ક્ષુદ્ર હૃદયમાં ધર્મની કમીના નહિ સાલવાની, એને તો ધર્મનાં ફળભૂત અર્થ-કામની કમીનાનું દુઃખ રહેવાનું. એ તો ભવાભિનંદીપણાની ઊંડી ખાઈમાંથી બહાર નીકળે ત્યારે પોતાનાં જીવનમાં ધર્મની ઓછાશ પર મોટી ચિંતા જાગે, ધર્મ વધારવા પહેલી તમન્ના હોય.

**પેલો યાત્રિક શ્રાવક** આ સ્થિતિનો છે, એટલે પારણું ગુમાવાય છે એની ચિંતા નથી, એમ કરીને ય શ્રીકાન્તને સત્યનો ધર્મ પમાડવો છે; એટલે કહે છે 'જુઓ તમે અસત્ય કદી ન બોલવાની પ્રતિજ્ઞા કરતા હો, તો હું બીજા બે ઉપવાસ કરી લઈશ, ને મારે કોઈને કહેવાનું નહિ રહે કે મારે પારણું નથી થયું.'

**શ્રીકાન્ત ચોર અસત્ય ત્યાગ કરે છે :-**

શ્રીકાન્ત જુએ છે કે હવે આ છેલ્લી વાત છે, ને એ હું કબૂલ કરી લઉં તો મારી આબરૂ રહી જાય છે. સવાલ આગળનો છે, પણ તે તો જોઉં છું કે આગળ હવે ચોરી કેટલી કરવી. તેણે કહ્યું 'ભલે શેઠ ! તમારું એમ મન છે તો મારે મંજુર છે, આજથી હવે જીવનભર અસત્ય નહિ બોલું. આ મારી પ્રતિજ્ઞા.'

યાત્રિક શ્રાવક કહે 'સમજીને કરો છો ને ? ચોરી બંધ કરતા નથી એટલે જો કદાચ ચોરી કરવા જશો તો પણ એમાં પ્રસંગ આવ્યે જૂઠ નહિ બોલાય.'

'હા શેઠ ! મંજુર છે બધો વિચાર કરીને જ કહું છું. અને તમારો મહા ઉપકાર માનું છું કે તમે મારી આબરૂ બચાવી રહ્યા છો. માત્ર તમે પારણું આજે ધારી રાખેલું છતાં હવે બે ઉપવાસ આવી પડે છે, એ તમને મેં પારણાનો અંતરાય કર્યાનું અને મને પારણાનો લાભ ન મળ્યાનું દુઃખ થાય છે.'

'દુઃખ શા માટે ? હું મારી સ્વેચ્છાથી ઉપવાસ વધારું છું; અને આ પ્રસંગે જિંદગીભર યાદ રહેશે કે એક ભવી જીવે જીવનભર અસત્ય છોડ્યું અને મને ધારણા બહાર ઉપવાસ-વૃદ્ધિનો લાભ મળ્યો. આ તો વારે ને વારે અનુમોદના કરાવવાનું થશે એમાં દુઃખ શા માટે કરો ? લ્યો, હવે હું જાઉં છું, પ્રતિજ્ઞા બરાબર પાળજો.' એમ કહીને એ મહાન શ્રાવક રવાના થાય છે.

# ચોરી બંધ કેમ ?

**દુનિયામાં ખરાબ તો ઘણું છે. માત્ર સારું જોવું :-**

શ્રીકાન્તે આ જબરુ પરાક્રમ કર્યું ! આપણે તો એની આ પ્રતિજ્ઞાની અનુમોદના જ કરવાની છે, બાકી 'જોઈ જોઈ પ્રતિજ્ઞા ! ચોરી ઊભી રાખવી છે, કાળું કામ છોડવું નથી, તે બાધા કર્યાના જુઓ એના દેદાર.'-એમ એની ઘૃણા-તિરસ્કાર નથી કરવાના. આનું કારણ એ છે કે દોષોમાં તો આખી દુનિયા ડૂબેલી છે, એમાંથી જે કોઈ જે કાંઈ દોષ ટાળે, એ પર જ નજર રાખવા જેવી છે, દોષ પર નહિ, અનેક વ્યાધિઓવાળા દરદીનો એકાદ રોગ પણ ઓછો થાય એની ખુશી મનાય છે; પરંતુ એમ નથી કહેવાતું કે 'લ્યો ખાંસી મટી કહે છે ! આ તાવ, માથું દુખવાનું, પગતોડ, લોહીની ફિકાશ...વગેરે રોગ તો ભર્યા પડ્યા છે, ને કહે છે ખાંસી મટી !'-આવું નથી કહેવાતું. એ તો ખાંસી મટ્યાની ખુશી જ મનાય છે. બસ આત્માના દોષ અંગે પણ એવું છે. જેટલો દોષ મટ્યો એની ખુશી માનવાની, પણ એ ભૂલીને બાકી દોષ બેઠા છે એથી એ ધણીની ઘૃણા-જુગુપ્સા નહિ કરવાની. માટે જ શ્રીકાન્તનું બીજું કાંઈ ન જોતાં એના સત્ય વ્રતની અનુમોદના જ કરવાની; બાકી માટે તો દયા જ વિચારાય.

શ્રીકાન્ત પોતે પણ હવે જાતને ધન્ય માને છે. દહાડા પર દહાડા જાય છે, એમાં ક્યારેક અસત્ય નહિ બોલવાનું હોવાથી અગવડ પડવા જેવું દેખાય છે ખરું, પરંતુ પોતે ખુશી છે કે 'સારું થયું જૂઠ છૂટ્યું !' આ પ્રતિજ્ઞા છે તો બચાય છે. એટલું પાપ તો જીવનમાંથી ટળ્યું ? અગવડ તો કર્મસંજોગ આવવાની હોય તો એક નહિ ને બીજા રસ્તે ક્યાં નથી આવતી ? પરંતુ આટલો ધર્મ તો સિદ્ધ થયો !'

**ધર્માત્માની અસર : ચોરી બંધ :-**

પેલા યાત્રિક શ્રાવકની શ્રીકાન્તના મન પર ઘેરી અસર પડી ગઈ. એને વિચાર આવે છે કે, 'અહો ક્યાં એ મહાન આત્મા ? અને ક્યાં હું અધમ જીવ ? કેટલું એનું ધન્ય જીવન ? કેવાં સુંદર વ્રત, ને કેવી સુંદર ધર્મચર્યા ! માનવનું જીવન તો આને કહેવાય કે જે ધર્મથી મઘમઘાયમાન હોય ! દોષ-દુર્ગુણો અને પાપોથી બદબો મારતું તે જીવન છે ! મૂલ્ય કસ્તૂરીનાં ગવાય છે, લસણનાં નહિ, આશ્રય બગીચાનો લેવાય છે, ઉકરડાનો થોડો જ લેવાય ?' યાત્રિક શ્રાવકના જીવનની ઘેરી અસરે શ્રીકાન્તના જીવનમાં ભારે પલટો આણ્યો ! અને જૂઠ તો બંધ થયું જ હતું પરંતુ પોતાના મનથી જ ચોરી પણ લગભગ બંધ જેવી કરી દીધી.



**જીવન એ મૂંગો નક્કર ઉપદેશ છે :-**

એક ધર્માત્માના ધર્મથી એને પોતાને તો લાભ છે જ, પરંતુ બીજાઓને પણ કેવો સુંદર ધર્મનો લાભ મળે છે ! ગૃહસ્થના ઉપદેશ કરતાં સાધુના ઉપદેશની કેમ વધારે અસર પડે છે ? **પરોપદેશે પાંડિત્યં** હોય તો એવી અસર ન પડે. સાધુ ય પ્રખર ત્યાગી વિરાગી હશે તો એની વધુ અસર પડશે. જીવન એ તો મૂંગો ઉપદેશ છે, મૂંગો પણ નક્કર ! મહાત્માઓના સંસર્ગથી વંકચૂલ વગેરે ચોર-ડાકૂ જેવા પણ સુધરી ગયાના દાખલા બને છે. સારા વર્તનવાળા માબાપની છોકરા પર જબ્બર અસર પડે છે. આપણું ય સુધરે અને બીજાનું ય સુધરે. જો આપણે કાંઈ સુધરવું છે નહિ, ને બીજાને શિખામણ આપ્યા કરીએ, તો એમાં શું વળે ?

**સંન્યાસીનું દૃષ્ટાન્ત :- એક સંન્યાસી** એક ગામમાં ચોમાસું રહી ઉપદેશ કરે છે. ત્યાં બન્યું એવું કે એક શ્રોતા રોજ સાંભળવા આવતો, તે એકવાર સંન્યાસી પાસે જઈ બેઠો, કહે છે,-

'મહાત્માજી ! તમારો રસના ત્યાગનો ઉપદેશ તો સચોટ લાગે છે, અમારે કાનની બૂટ પકડવી પડે છે. પરંતુ ભાઈસાબ ! આપણને મીઠાઈ ખાવાની બહુ આદત છે તે કેમ હજી છૂટતી નથી ?'

સંન્યાસી મનમાં વિચાર કરે છે કે આને શો જવાબ દેવો ? પેલો ફરી પૂછે છે, એટલામાં વિચાર કરી લઈ કહે છે 'તમે પંદર દિવસ પછી મને પૂછજો.'

'પણ મહારાજ ! હમણાં જ કહી દો ને.'

'ઉતાવળ ન કરો, પંદર દિ' બાદ પૂછજો.'

દરમિયાન સંન્યાસીએ ઉપદેશનો વિષય બદલ્યો. પંદરમે દિવસે પાછો રસના-ઈન્દ્રિયના સંયમનો ઉપદેશ છેડ્યો. પેલો શ્રોતા સાંભળતા ઊભો થઈ કહે છે, 'મહારાજ ! મને જીવનભર મીઠાઈ-ત્યાગની પ્રતિજ્ઞા કરાવી દો.'

સંન્યાસી કહે 'પછી મળજો.'

કથા પૂરી થઈ. લોક વેરાઈ ગયા. પેલો આવીને બેઠો સંન્યાસી પાસે; પ્રતિજ્ઞા માગે છે, 'કરાવી દો વ્રત.'

'પણ તમે મન પાકું કર્યું છે ?'

'હા મહારાજ ! આજ તો નિર્ધાર થઈ ગયો છે; કે આ ઘોર પાપ ન જોઈએ.'

'પણ જીવન છે, કેઈ પ્રસંગો આવે. ત્યાં ટકશો ?'

'અરે ! એમાં શું ટકવું છે ? થોડું જ કાંઈ મીઠાઈ વિના મરી જવાય છે ?'

'પણ લાલચ તો લાગે ને ?'

'આજનું તમારું સાંભળ્યા પછી હવે મનને એના પ્રત્યે એવી ઘૃણા થઈ ગઈ છે કે કદી લલચાઉં નહિ. કહો ના કહો પણ ઉપદેશ તો આપે પંદર દિવસ પહેલા ય ખૂબ વરસાવેલો, પરંતુ આજે કોણ જાણે કેમ, પણ ઉપદેશથી હૈયું ભેદાઈ ગયું છે. શું કારણ મહારાજ ?'

સંન્યાસી કહે છે 'કારણ કહું ?'

'કહો જરૂર કહો, ગંભીર રાખવા જેવું હશે તો ગંભીર રાખીશ.'

**સંન્યાસીનો ઉપદેશ :-** 'જુઓ ભાઈ ! વાત એમ છે કે તે દિવસે જ્યારે તમે પૂછ્યું કે ઉપદેશ સચોટ યુક્તિસર છતાં અસર કેમ થતી નથી ? ત્યારે મેં તમારી દૃષ્ટિ પડતી મૂકી મારી દૃષ્ટિથી વિચાર કર્યો કે મારામાં કોઈ કસૂર છે ? ઉપદેશમાં તો કસૂર હતી જ નહિ, પૂર્વ મહર્ષિઓનું કહેલું કહેવાનું હતું, એમાં શી ખામી કહેવાય ? પરંતુ મેં મારા જીવન પર દૃષ્ટિ નાખી. મેં જોયું કે મહર્ષિઓ પહેલાં તો મને જ કહી રહ્યા છે કે,-

**અસ્થિરમાં ઠરે એ સ્થિરમાં ન ઠરી શકે :-**

'હે જીવ ! વિચાર તો એ કર કે **જીવન એટલે શું ?**

જીવવું અર્થાત્ ખાલી શ્વાસોચ્છ્વાસ લેવા, શું એનું નામ જીવન છે ? એટલું જ હોય તો ધમણમાં ને તારા જીવનમાં શો ફરક છે ?

અથવા ખાવું-પીવું એ શું જીવન છે ? એમ હોય તો તો કીડા-મકોડાના જીવવા અને તારા જીવવામાં શો ફરક ?

## • મીઠાઈ ત્યાગ માટે વિચારવા ૯ મુદ્દા •

ત્યારે જો માનવજીવન એ કોઈ ઉચ્ચ ક્રિયામાં જીવવાનું છે, તો પછી ખાવાપીવાની ક્રિયાને એવું મહત્ત્વ શા માટે આપે છે કે જેથી ખાવાપીવાનું અમુક તો સામાન્ય, ને અમુક તો ઠીક; અમુક સારું, પણ અમુક વધારે સારું-આવા હિસાબમાં હરહંમેશ અટવાય છે ?

જે વસ્તુ મોંમાં પડ્યા બરાબર પરિવર્તન પામે છે, ગળે ઊતરતાં વિકૃત થઈ જાય છે, એવી મહા અસ્થિર રૂપવાળી ખાનપાનની ચીજ પર તું કાં મોહી પડે ?

(૧) તારે તો સ્થિર જ્ઞાનાદિગુણમાં, સ્થિર પરમાત્મ-વસ્તુમાં અને ત્રિકાળસત્ય શાસ્ત્રપદાર્થોમાં મહાલવાનું ? કે અસ્થિર, વિનશ્વર અને તુચ્છ ખાનપાનાદિમાં ?

(૨) કિંમત કોની આંકવાની ? કિંમત વિનાનાની કે કિંમતવાળાની ?

(૩) કયાં ઠરવાનું ? ઠર્યા રહેવા દે ત્યાં ? કે તું ઠરવા જાય, ને એ અલોપ થઈ જાય ત્યાં ?

(૪) ધ્યાન રાખજે મહા અસ્થિર અને તુચ્છમાં મહાલવા જઈશ તો એ



મહાલવાનું અસ્થિર જ રહેશે; તથા સ્થિર અને ઉમદા ચીજમાં મહાલવાનું ગજું જ નહિ રહે. ચીજમાં ઠરવા જતાં જ ચીજ ઊપડી જાય એમાં જો ઠરવાનું ગમશે, તો એ ઠરવાનું ચંચળ હશે, પછી ઠરવા દેનારી શાશ્વત ચીજમાં ઠરવાની આવડત જ નહિ રહે. કિંમત વિનાનાની કિંમત આંકવાનું કરવું હશે તો કિંમતવાળી ચીજ કિંમતી લાગી રહી !

અનુભવ કહી રહ્યો છે કે સ્થિર એવી તપોલક્ષ્મીમાં ચિત્ત ક્યારે ઠરે છે ? અસ્થિર એવી ખાનપાનની વસ્તુ કે ક્રિયામાં હૈયું ન ઠરતું હોય, જીવ ઊંચો રહેતો હોય ત્યારે.

(૫) વિષયોમાં રસ માણ્યા કરવો છે પછી વૈરાગ્યનો રસ ક્યાંથી આવે ? મીઠા મીઠા પદાર્થ સારા માની જીભડીના આનંદને જીવંત રાખ્યા કરવાનો હોય, પછી ત્યાગના સ્વાદનો અનુભવ ક્યાંથી થાય ?

(૬) એ પણ વસ્તુ છે કે કોઠામાં નાખેલા એ મીઠા પદાર્થ શરીરની ધાતુઓ સાથે એકમેક થઈને આત્માની સાથે એકમેક થાય છે. એ એને એવો નિઃસત્ત્વ કરી મૂકે છે કે પછી જો ફિક્કું સાદું ભોજન મળે તો આકુળવ્યાકુળ થાય છે. પાછું જરા મીઠું મળે કે તેજી અનુભવે છે. આ સ્થિતિમાં ત્યાગનું સત્ત્વ ક્યાંથી રહે ?

(૭) વિષયોના આનંદ પડતા મૂક્યા વિના ભગવાન સાથે મેળ નહિ ખાય; કેમકે ભગવાન રહ્યા નિરંજન-નિરાકાર, ત્યાં કોઈ ઇન્દ્રિયને વિષય મળે એવો નથી, ત્યાં તો મનને મસ્તી મળે, પણ મીઠાં મીઠાં વિષયોના ભોગવટાના આનંદમાં ઇન્દ્રિયો દ્વારા તણાઈ ગયેલું મન વિષયરહિત ભગવાનમાં મસ્તી શે અનુભવે ? શ્રદ્ધા હોય એટલે ભગવાનનું ભજન તો થાય, પરંતુ ત્યાં સંગીત વગેરેના આનંદને જો લૂંટવો છે, ઇન્દ્રિયોની ખુશીમાં મનને ત્યાં બેસાડવું છે, તો ઇન્દ્રિય-વિષયોના પેલે પારના ભગવાનના નિરાકાર રૂપનો અનુભવ નહિ થઈ શકે.

(૮) વળી મીઠા વિષયની ગુલામી તો એવી ખતરનાક છે કે કદાચ જીવે કોઈ તપસ્યા કરી અને એમાં કંઈક ત્યાગ પણ રાખ્યો, પરંતુ તે પછી મીઠા પદાર્થનો સંયોગ મળતાં જાણે પેલા ત્યાગ-તપનો કોઈ જ સ્વાદ અનુભવમાં નથી એવી સ્થિતિ દેખાય છે. એટલે પાછો ત્યાગ કે તપ કરવાની વાત આવે ત્યાં મનને કચવાટ થાય છે. તો પછી શા સારુ આવી વિષયગુલામી, રસનાની ગુલામી ઉપાડે છે કે જે તારા આત્મહિતને રુંધે ? જે તને નાટકિયો ઉપદેશક બનાવે ?

આ વિચારતાં તરત મને દેખાયું કે તને ઉપદેશ ન લાગે એમાં ભૂલ તો મારી જ મોટી છે. હું ચોંકી ઉઠ્યો કે 'અરે ! આ શું ? લોકોને હું ઉપદેશ આપું છું કે રસના ઇન્દ્રિય જેવી દુષ્ટ ડાકણ બીજી કોઈ નથી, ને બીજી બાજુ મારે મીઠું-

મીઠું ખપે છે ! પછી એવા બોગસ ઉપદેશની શ્રોતા ઉપર શી રીતે અસર પડે ? ભલે બુદ્ધિચાતુર્ય અને શાસ્ત્રબોધ હોય એટલે તમને યુક્તિસર ગોઠવેલું કહીને હાજી ભણાવીએ, કાનપટ્ટી પકડાવીએ, પણ તેથી એ તમારા દિલ વીંધીને અંતરના ઊંડાણમાં થોડું જ જાય ?

(૯) અને તમને અસર થાઓ યા ન થાઓ પણ જો અમારે એવો મહાન ત્યાગ-વૈરાગ્યનો ઉપદેશ આપવા છતાં અમારા જ વર્તનમાં મોટી પોલ ચલાવ્યે રાખવાની હોય તો તો તમારા કરતાં અમારું હૃદય વધારે ધિટ્ઠું, કઠોર અને નઠોર થઈ જાય. આ જિંદગીમાં સંસાર ત્યાગવા ઉપર પણ જો એવી ધિટ્ઠાઈ કેળવી કેળવીને જ મરવાનું હોય તો તો નાહી નાખ્યું ! ચોરાશીના ચક્કરમાં એ ધિટ્ઠા હૃદયથી ચલાવેલી પોલના પ્રતાપે કૂતરા-બિલાડીના જ અવતાર કરી કરી મરવાનું !

પાપ ધરાસર છોડવું નથી ને બોલવાની સફાઈ છે, તો પાપની ઘૃણા ક્યાં રહી ? સાચી ઘૃણા હોય, હૈયું પાપ સેવતાં બળીને ખાખ થતું હોય તો એ પાપ કેટલું ચાલે ? ખુશમિશાલ શાનું સેવાય ? ભાગ્યવાન ! એ જ વખતે મેં સંકલ્પ કર્યો કે ગોળ કે ગોળની ચીજ જ ન ખાવી. પછી એનો પંદર દિવસ અભ્યાસ પાડ્યો. એથી અંતરમાં પરિણમ્યું. એના પર બોલતાં મને જ લાગ્યું કે બોલવામાં મને કોઈ રસ જ ઓર આવ્યો ! પછી તમારા પર અસર હૃદયવેધી થાય એમાં નવાઈ શી ?'

સંન્યાસીની ઈકરારે પેલા પર ભારે અસર કરી ! એની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં, કહે છે,

'મહારાજ ! શું કહો છો આ ? અમારા જેવા સંસારની ગટરમાં બેઠેલા પાપાત્મા આગળ આપ મહાન ધર્માત્માએ આવું ખુલ્લું શાનું કહેવાનું હોય ? મોહ-માયા બધાને તિલાંજલિ આપી ત્યાગના કપરા માર્ગે ચાલનારા આપને વળી ગોળ તે શી મોટી દોષની વસ્તુ ગણાય તે આટલું બધું મારા જેવા એક અધમાત્મા આગળ કહી રહ્યા છો ?'

**નાનો દોષ ભયંકર ક્યારે સમજાય ? :-**

સંન્યાસી કહે છે 'જો ભાઈ ! આ નાના દેખાતા પણ દોષ કેવા ભયંકર છે તે તને એમ નહિ સમજાય. એ તો જેમ જેમ દોષોનો ત્યાગ કરતા ચાલીએ તેમ તેમ ઝીણા દોષની દોષરૂપતા નજરે ચઢે. નહિતર તો એ દોષરૂપજ ન દેખાય. મોટા દોષોના સેવનમાં નાના દોષ તો બિચારા જાણે ગુણરૂપ દેખાય છે ! બીજું એ છે કે **ભીતરકી કૌન જાને ? ભગવાન.** અમારા દિલની દોષગુલામી તને ક્યાંથી સમજાય ?'

પેલો મુગ્ધ થઈ ગયો, મીઠાઈના ત્યાગની વાતમાં વધારે મક્કમ બની પ્રતિજ્ઞા



લઈને ગયો. પછી તો ઊલટું સાદા ભોજનમાં વધારે સ્વસ્થતા અનુભવવા લાગ્યો. હવે એને ને એને પોતાની મૂર્ખાઈ પર ઘૃણા થવા લાગી, 'આ તે હું કેવો મૂર્ખ ! સાદા ભોજનની આટલી બધી મજા પૂર્વે મેં જોઈ નહિ, ને મીઠાઈથી ખોટે ખોટી મજાની ભ્રમણામાં કુટાયો.'

**સારા ઉપદેશની અસરનાં બે કારણ :-**

**(૧) ઉપદેશકનું તેવું જીવન :-**

વાત એ હતી કે પહેલાં તો આપણે જાતે સુધરીએ, સુધરવા મથીએ અને પછી ઉપદેશ શિખામણ કોઈને દઈએ તો એ અસર કરે છે. સંન્યાસીના ત્યાગની અસર પડી, એમ પેલા યાત્રિક શ્રાવકની પણ શ્રીકાન્ત પર અસર પડી, ને જીવનમાંથી ચોરીઓ ઓછી થઈ ગઈ.

**(૨) એક ધર્મના સ્વાદથી બીજા ધર્મનો રસ :-**

બીજું પણ એનું કારણ એ હતું કે એણે એક અસત્યત્યાગનું વ્રત લીધું એનાં પાલનના સ્વાદની પણ એના પર સારી અસર પડી, એટલે હવે ચોરીઓ પણ સ્વેચ્છાએ ઓછી કરી નાખી.

**એક સારા ધર્મપાલનની આ અસર પડે છે કે એ બીજા ધર્મપાલનને પ્રેરે છે.**

આજે દેખવા મળે છે કે કેટલાક લઘુકર્મી જીવ પહેલાં થોડી બાધાથી શરૂઆત કરે છે, પછી એનો સ્વાદ આવવાથી જાણે આ ધંધો માંડી બેસે છે કે નવા નવા ત્યાગ વગેરેના અભિગ્રહો લીધ્યે જવા અને પાળ્યે જવા ! સાધુ પાસેથી કાંઈ ને કાંઈ કમાવવું, તે લાંબા નહિ તો ટૂંકા સમયનો પણ કોઈ નિયમ લેવો. એક ધર્મથી બીજા ધર્મની પ્રેરણા મળી. થોડું દાન કર્યું એનો સ્વાદ લાગવાથી વળી નવું દાન કરે. કાંઈક શાસ્ત્ર ભણ્યો એટલે રસ ઊભો થવાથી વધુ ભણવાનું ચાલુ થઈ ગયું. થોડી સાધુસેવા અને દેવભક્તિ કરવા માંડી. એક દીપકમાંથી અનેક દીવા પ્રગટ્યા ! એક બીજ વાવવાથી અનેક દાણા પાક્યા. માત્ર એવી કોઈ સારી ધર્મની શરૂઆત કરવી જોઈએ; સારી એટલે કે જેમાં જીવને-એનો સ્વાદ લાગે. પછી સ્વાદ ચીજ એવી છે કે અધિક માટે તલસાટ ઊભો થાય, પ્રયત્નમાં રહેવાય, વિઘ્નોની પરવા ન કરતાં એની સામે પોતાની સ્વીકૃત સાધનામાં ઓતપ્રોત થવાય.

શ્રીકાન્ત શેઠને એક સત્ય-વ્રત હાથમાં આવ્યું એની અસર પડી કે ચોરી ઓછી થઈ ગઈ.

**પાછો ચોરીનો તરંગ :-**

આમ છતાં એક વાર મનને કોઈ મોહનીય કર્મના ઉદયે એવો તરંગ જ આવી ગયો કે રાજા શ્રેણિકના જ ખજાનામાંથી માલ ઉપાડવો. મોહનીય કર્મ

વિલક્ષણ છે, ઉદયમાં આવ્યું કે પછી ડાહ્યા ડાહ્યાને દિવાના-મૂર્ખ બનાવે, માટે જ નંદીષેણ મહામુનિ જેવા પણ ચારિત્રથી પડ્યા, પતિત થયા !

**પાપ ખોટું લાગવા છતાં કેમ થઈ જાય છે ? :-**

શ્રીકાન્તશેઠને તરંગ તો આવ્યો પરંતુ પાછું મનમાં એમ પણ થયું કે 'અરે ! કેમ મને આ ખોટો વિચાર આવે છે ? પેલા યાત્રિક શ્રાવકના રૂડા પ્રતાપે ચોરીનો ચડસ ઊતરી તો ગયેલ, તે પાછો ક્યાં આ ચોરીનો વિચાર આવ્યો ? ના, ત્યારે, વિચાર માંડી વાળું.' મન મુંઝવણમાં પડ્યું પરંતુ ચિત્તે માંડવાળ ન કરી; એનું કારણ હતું.

**એ પાપ અને પાપી વિચાર તો ખોટો લાગ્યો, પરંતુ અંતરના જે ભાવ ઉપર આ પાપ કરવાનો વિચાર સ્ફુર્યો તે મલિન ભાવ ઉપર ચોંકી ઊઠવાનું ન બન્યું.** હવે જ્યાંસુધી મૂળ સલામત, ત્યાં સુધી ઉપરનું શી રીતે નિવારી શકાય ? આવું બને છે. દા.ત. અંતરનો મૂળ વાસનાના મલિન ભાવ ઉખેડી નાખ્યો ન હોય, તો તેવો સંયોગ ઉપસ્થિત થતાં ખોટો વિચાર ઊભો થાય છે, અને તે દબાવ્યો દબાતો નથી, પણ અમલી બને છે. સ્ત્રી સામે આવી કે દૃષ્ટિ ઊંચી થાય છે, એકવાર નહિ. બે ચાર વાર જોઈ લે છે. ભલે એમ લાગ્યું હોય કે આ કાર્ય ખોટું, પરંતુ એના મૂળમાં રહેલ વાસનાને નિર્મૂળ કરવા કમર નથી કસી અને એ અંદરખાને સલામત બેઠી છે એટલે આ અકાર્ય સંયોગ મળતાં શે રોકાય ? અલબત્ત એવા પાપપ્રેરક સંયોગથી જ દૂર રહેવું એ જરૂરી છે, પરંતુ સાથે મૂળ મલિન ભાવ દબાવવો એ ય ખૂબ જરૂરનું છે.

**અભિમાન પર ચોરીનો વિચાર :-** શ્રીકાન્ત શેઠને ચોરીનો વિચાર સ્ફુરવામાં અહીં કારણ એ બન્યું છે કે એકવાર રાજા શ્રેણિકના આભ્યન્તર સલાહકારોની બેઠકમાં વાત પર વાત નીકળતાં શ્રેણિકે પોતાની તકેદારી અને ચોકસાઈની વાત કરેલી. એ પર આને મનમાં અભિમાન ઊછળી આવ્યું અને લાગ્યું કે 'આ રાજા શાનો સફાઈની વાત કરે છે ? એની તકેદારી અને ચોકસાઈ બધી ભુલાવી દઉં એમ છું. એના જ ભંડારમાંથી માલ ઉઠાવી બચ્ચાને બતાવી દઉં કે ચોકસાઈ ક્યાં રહી !' આમાં અભિમાનનો મલિન ભાવ છે. રાજા શાનો હોશિયાર ? હોશિયાર તો હું એને શી ખબર છે કે ભેજાબાજની આગળ બધી તકેદારી અને ચોકસાઈ ડૂલ છે.'

બસ હવે આ અભિમાનના મલિન ભાવ ઉપર એના ભંડારમાંથી માલ ઉપાડવાનો વિચાર આવ્યો. વિચાર ચોરીનો છે માટે ખોટો, એવું મનને લાગવા છતાં વિચાર પડતો નથી મૂકી શકતો. ત્યાં નિદાન તપાસવું જોઈતું હતું કે શાના ઉપર વિચાર સ્ફુરે છે ? નિદાન તપાસતાં જો એમ જોયું હોત કે 'અરે ! આ મારું



ખોટું અભિમાન છે કે રાજાની તકેદારી ભુલાવી દેવાનું મન થાય છે. એ બિચારો તકેદારી અને ચોકસાઈ રાખે, તો એમાં શું ખોટું છે. ના, પણ એના પર એ ખુમારી રાખે છે' એમ જો કહે, તો તું ય ક્યાં એ ભુલાવી દેવાની ખુમારી નથી કરતો ? અને જગતમાં તેં શું ઈજારો રાખ્યો છે કે બધાની ખુમારી ભુલાવતાં ફરવું ?

**અભિમાનથી પુણ્યલાભ કે આત્મહિત છે ? :-**

શું કરવું છે આ અભિમાનને ? માનને કે કદાચ સામાની ખુમારી ભુલાવીય દીધી, પરંતુ તેથી શું ? શું કોઈ તને આત્મગુણનો કે પુણ્યનો લાભ મળ્યો ? શા સારુ અભિમાન કરી રહ્યો છે ? એ ખતરનાક છે, જીવનના અનેક ક્ષેત્રોમાં ને અનેક પ્રસંગોમાં એ અહંત્વ તને પીડ્યા કરશે, માર્ગ ભુલાવશે, ઉન્માર્ગે ચઢાવશે ! અનેકવિધ પાપની રમતો કરાવશે ! શો સાર ?

**ગર્વ કરવા પૂર્વે આટલું વિચાર,-**

(૧) અત્યારે તારી પાસે ઉત્કૃષ્ટ પુણ્યવાળા પૂર્વ પુરુષોની અપેક્ષાએ શી એવી મોટી શક્તિઓ મળી છે કે ગુમાન થાય છે ?

**(૨-૫) જીવનમાં શા એવા કોઈ જબરદસ્ત પરોપકારનાં કાર્ય, શા એવાં સુકૃત, શા એવા ગુણનાં આચરણ અને શો એવો ધર્મ કરતો રહ્યો છે કે આ ગુમાન રાખવા અધિકાર હોય ?**

(૬) તો મૃત્યુ પર વિજય ક્યાં મેળવ્યો છે કે ગર્વ કરતો ફરે ?

(૭) ત્યારે તારો પરલોક એટલો તેં સદ્ધર ક્યાં કર્યો છે કે અભિમાન રાખી રહ્યો છે ? **જો બિનસદ્ધર પરલોકમાં રોળાઈ જવાનો છે તો અહીં ગુમાન શોભે છે ?**

(૮) અહીં પણ વિચાર તો કર કે આહાર-વિષય-પરિગ્રહ-નિદ્રાની તો શું, પણ એની સંજ્ઞાઓની ભારે ગુલામીમાં જકડાયો છે, કર્મનો કચરાયેલો છે, અને કાયાની કેદમાં ફસાયેલા તારે એ કેદની કોટડીની કેટલીય ચાકરીઓ કરવી પડે છે, આવી બધી વેઠ, વિટંબણા અને ગુલામી જો ઊભી છે તો માથું ય ઊંચું કરવાની તારી લાયકાત શી ?

(૯) અભિમાન તો આત્માનો ઉન્માદી રોગ છે, ઊંધું વેતરાવે, પરમાત્મા, ગુરુઓ, શાસ્ત્રો વગેરેને ક્ષણભર પણ માથેથી ઊતરાવી નાખે ! એ ઉતારી નાખ્યા પછી જીવની કઈ દશા ? કેવો પાગલ થાય ? કેવાં દુષ્કૃત્યોમાં પડે ? કેવા અને કેટલા કુવિકલ્પ કુવિચારો અને દુર્ભાવનાઓમાં ચડે ?

(૧૦) આ અભિમાન સેવવું છે ? ખબર છે ખરી કે એનાથી નીચગોત્ર ઊભું થયે ભવાંતરે હલકી ગતિ, અધમ સ્થિતિમાં મુકાઈ ગયે કેવી કેવી દુઃખમય અને પાપમય દુર્દશા ? પછી કોણ ત્યાં બચાવનાર ? પાપથી કોણ પાછો

વાળનાર ? એ જો નહિ, તો દુર્ગતિઓની પરંપરા જ ને ? અભિમાનમાં ચઢે છે તે આ બધાં દુષ્પરિણામ તને ખપે છે ?

(૧૧) અને અભિમાન કરવું જ હોય તો એ અભિમાન કાં નથી રાખતો કે 'હું જિનનો સેવક છું, અભિમાન ન જ કરું. દોષ-દુષ્કૃત્ય કરે એ બીજા, હું ન કરું. જગતના સંયોગો માણસને ભગવાન ભુલાવે છે, પણ મને શું ભુલાવે ? હું ભગવાનને પળવાર ન ભૂલું. રાગદ્વેષ વગેરે આંતર શત્રુને કચર્યા વિના રહું નહિ. એ મને શું કચરતા હતા ?' આવું કોઈ અભિમાન સૂઝતું નથી, અને અસત્ અભિમાન કરવા છે ? અસત્, તુચ્છ, વિનશ્વર પ્રાપ્તિ પર અભિમાન કરવા છે ? શી વડાઈ ?'

શ્રીકાન્તશેઠના મનમાં આવી કોઈ વિચારણા આવતી નથી. મૂળ દોષ અભિમાનનો મલિન ભાવ, એના પર ઘા કરવો નથી, ને ઉપર ઉપરનો વિચાર આવે છે કે 'અરે ! કેમ આ ચોરીનો વિચાર કરું છું ?' એમાં શું વળે ? અભિમાનને દબાવ્યું હોત કે 'મારે શા સારું ગુમાન રાખવું ? રાજા તકેદારી અને તકેદારીની ઉપર ગર્વ રાખતો હોય તો ભલેને રાખે; હું તે ક્યાં જગતની પંચાત માથે લેવા નવરો છું તે એકે એકનાં ઘમંડ હેઠાં ઉતારતો જાઉં !' એમ પોતાનું અભિમાન અટકાવ્યું હોત તો ચોરીનો વિચાર બાજુએ મુકાત, પણ તે આવડ્યું નહિ, ને અંતે નક્કી કર્યું કે 'રાતના ભંડાર પર છાપો મારવો.'

આમાં એ પણ એક કારણ છે કે આમ તો હવે ચોરી લગભગ બંધ કરી હતી, પરંતુ ચોરી નહિ કરવાની પ્રતિજ્ઞા નહોતી કરી, એટલે મન પર બંધન નહિ હોવાથી આજે કોક દિવસે પણ ચોરી કરવાનું નક્કી કર્યુ. પ્રતિજ્ઞા અહીં કામ કરે છે કે પ્રલોભને પાપનો વિચાર જાગે તો પણ પાપમાં પગલું ન માંડવા દે. મન ઝટ ખચકાય મારે બાધા છે.'

**પ્ર.-** પણ એમ તો બાધા હોય તો એવું પણ થાય ને કે 'હાય ! બાધા ક્યાં લીધી ?'

**ઉ.-** તો તો વિના બાધાએ પણ કોઈને એમે ય થશે કે 'હાય ! ચોરી ન કરવી, દુરાચાર ન કરવો એવા નીતિનિયમ કાં બંધાયા ?' એટલે શું એ સામાજિક નિયમ નકામા ગણવા ? ના, તો પછી બાધાને નકામી કેમ કહેવાય ? વળી જેને 'હાય ! બાધા ક્યાં લીધી ?' એવું થાય છે, એ પણ હજીય બાધાને પાળવા પાપ કરવાથી પાછો હટશે; પણ જો બાધા જ ન હોય તો પાપથી કેટલો આઘો રહી શકે ? નાનો પણ અભિગ્રહ રાખ્યો હોય છે તો બચાય છે. દા.ત. પ્રતિજ્ઞા કરી કે 'કલાક મૌન રાખીશ,' પછી કોક આવી ચઢ્યું યા ઘરમાં બીજાઓ વાતે ચઢ્યા, તો પોતે વાતમાં ભળશે નહિ, બોલશે નહિ. પણ એમ ને એમ મૌનનો વિચાર



રાખ્યો હોય તો બચવું મુશ્કેલ છે. એમ જો બાધા છે કે 'એંઠા મોંઢે નહિ બોલું,' તો બરાબર એ સચવાશે; પણ જો બાધા નથી તો તો સમજવા છતાં વારંવાર એંઠા મોંઢે કે ખાતાં ખાતાં બોલવાનું થશે. એમ જો નિયમ છે કે 'રોજ પહેલાં શુભ ખાતાની પેટીમાં કાંઈ પણ નાણું નાખી પછી દુન્યવી નાણાકીય વ્યવહાર શરૂ કરવો,' તો એ સુંદર અભ્યાસ ચાલુ થશે, ઉપરાંત દિવસમાં પછી પણ શુભની પેટીમાં નાખવાનું મન થશે. જીવનમાં આવા આવા તો કેઈ નાના મોટા નિયમો રાખી શકાય, અને એ કેટલાય પાપોથી બચાવે છે તેમજ સુકૃત પ્રવાહ ચાલુ રાખે છે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૨,અંક-૭,તા.૨૬-૧૦-૧૯૬૩**

**શ્રીકાન્ત-ચોરી કરવા જાય છે :-**

શ્રીકાન્તશેઠને ચોરીની બાધા તો હતી નહિ તેથી રાજા શ્રેણિકને ત્યાં ચોરી કરવાનો તરંગ સ્ફુર્યો તે શમ્યો નહિ. એક દિવસે નક્કી કર્યું કે આજ રાતે કામ કરવું. રાત પડી એટલે વેશપલટો, સ્વરભેદ વગેરે કરી ઊપડ્યો ચોરી કરવા !

**રાજા નગર ચર્ચાએ :-**

હવે અહીં એવું બન્યું છે કે એ જ દિવસે શ્રેણિક અને મંત્રી અભયકુમારે નક્કી કર્યું છે કે આજે રાતના નગરચર્યા જોવા નીકળવું. એટલે એ પણ રાત પડી એટલે નગરમાં ફરવા માટે નીકળી પડ્યા ! જુઓ મઝા શ્રીકાન્તની !

**પદાર્થની પ્રાપ્તિનો ક્રમ :-**

પરમ ઉપકારી શાસ્ત્રકાર મહર્ષિએ જે ભવ્ય કોટિના શ્રી પંચસૂત્ર નામના શાસ્ત્રની રચના કરી છે, એ શાસ્ત્રની ભૂમિકા કરતાં સમર્થ શાસ્ત્રકાર શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ એ વાત ફરમાવે છે કે આ સૂત્રમાં બતાવેલ પદાર્થોમાં ખાસ કરીને મોક્ષના માર્ગનો જે ક્રમ બતાવ્યો છે,- તે પદાર્થો જીવને તે જ ક્રમે પ્રાપ્ત થાય છે. પાંચ સૂત્રમાં પહેલું પાપપ્રતિઘાત અને ગુણબીજાધાન : બીજું સાધુધર્મ-પરિભાવના કરવાનું પ્રાપ્ત થાય. એ બે પછી જ ત્રીજા સૂત્ર મુજબ, પ્રવ્રજ્યાગ્રહણની વિધિ બને. આ ક્રમે એક પછી એક અધિકારથી તે વસ્તુ પ્રાપ્ત થાય. પૂર્વના આ ત્રણ પદાર્થો ક્રમસર મેળવ્યા વિના પ્રવ્રજ્યાપાલન (ચોથા સૂત્રમાં કહેલ) થાય નહિ; અને તે વિના પાંચમાં સૂત્રનો અધિકાર મોક્ષ આ જીવને મળે નહિ. 'આ જીવે પ્રાયઃ અનંતી વખત ચારિત્ર લીધાં છે,' એમ કહેવાય છે, એમાં એ ભાવ છે કે-એ ચારિત્રો આ ક્રમ વિના યથાકથંચિત્ લીધા છે. જો આ ક્રમથી ચારિત્રો પ્રાપ્ત કર્યા હોય તો આવું દીર્ઘ પરિભ્રમણ હોઈ શકે જ નહિ, એમ

આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ ભારપૂર્વક કહે છે **જ્ઞાન-ક્રિયાભ્યાં મોક્ષઃ** એ જ્ઞાન અને ક્રિયા બન્નેની વાત શ્રી પંચસૂત્રમાં બતાવી છે, પણ વાત એ કે એ મૂળ પાયો 'પાપ-પ્રતિઘાત' નખાઈને સિદ્ધ કરવો જોઈએ.

**પાપના પ્રતિઘાત વિના જ્ઞાન પરિણામ ન પામે :-**

**જ્ઞાન-ક્રિયાભ્યાં મોક્ષઃ** માં જ્ઞાન તે પરિણતિ રૂપ અને ક્રિયા નિરવદ્ય (નિષ્પાપ) જોઈશે. પરિણતિરૂપ જ્ઞાન અને નિરવદ્ય ક્રિયા એ બેથી મોક્ષ થાય. હવે સમજી લ્યો, જીવનમાં જેણે પાપ પ્રતિઘાત ન કર્યો હોય તે કદાચ નવ પૂર્વ ભણી જાય તોયે તે જ્ઞાન પરિણત નથી. મુક્તિના ઉપાયભૂત જ્ઞાન માટે પાપનો પ્રતિઘાત પ્રથમ થવો જોઈએ. પાપના પ્રતિઘાતમાં ઉચ્છેદ પ્રથમ કયા પાપનો ?- (૧) ભવરુચિ અને (૨) અતત્ત્વનો આગ્રહ, આ બે પાપનો જ્યાં સુધી પ્રતિઘાત અર્થાત્ ઉચ્છેદ ન થાય ત્યાં સુધી જ્ઞાનનો અધિકાર ન હોઈ, કોઈ પણ હિસાબે પરિણતિરૂપ જ્ઞાન ન થાય.

**પરિણત જ્ઞાન તે કે જે આત્મામાં જ્ઞાનને અનુરૂપ પરિણતિ જગાડે.** બચ્ચું અગ્નિને લાલચોળ દેખે છે, પણ એને લેવા એમાં હાથ ઘાલે છે ! એટલે કે અગ્નિ અંગે જે જ્ઞાન જોઈએ તે એને પરિણત નથી, 'અગ્નિ બાળનારો છે,' એમ એને મનમાં નથી ઊઠતું. પરિણતિરૂપ જ્ઞાન નવ પૂર્વ સુધી ભણવા છતાં, ન આવે એમાં દોષ કયો ? એ જ કે આ જીવે પાપનો પ્રતિઘાત નથી કર્યો.

મૂળ પાપ અકબંધ ઊભું હોવાથી કદાચ કાંઈ ભણે કરે, તો ય એની અસર આત્મહિતની તરફેણમાં નથી થતી. ભણ્યાની અસરમાં અભિમાન થાય, માનપાનની લાલસા થાય, પ્રપંચ કરતાં આવડે. દુન્યવી સુખ-સગવડો ધાબડવા તલસાટ રહે, એ તો બધું ભવની પરંપરા વધારનારું થાય છે. શાસ્ત્ર કહે છે,

**ધનીનાં પુત્રદારાદિ યથા સંસારવૃદ્ધયે ।**
**તથાધ્યાત્મવિહીનાનાં પાંડિત્યં પ્રચુરં હ્યપિ ॥**

જેવી રીતે ધનવાન માણસોને પુત્ર, સ્ત્રી વગેરે સંસારની વૃદ્ધિ માટે થાય છે, તેવી રીતે અધ્યાત્મભાવ વિનાના માણસોને ભલે ઘણી ય પંડિતાઈ પણ સંસારવર્ધક બને છે. કારણ એ જ કે એનો ઉપયોગ સંસારના મૂળરૂપ કષાયોને વધુ પુષ્ટ કરવામાં જ કરે છે. પંડિતાઈના આધાર પર જ એ કષાયોને વધુ પોષે છે ! કષાયોને બહેકાવા સાધન મળી ગયું ને ? આશ્ચર્ય છે કે શાસ્ત્રજ્ઞાન તો કષાયોને પોષે કે શોષે ? પરંતુ અધ્યાત્મભાવ નથી, આત્મહિતની દૃષ્ટિ નથી, જડ પુદ્ગલનાં સુખ ને પૌદગલિક કીર્તિની જ કામના છે, એટલે અમૃત જેવાં શાસ્ત્રજ્ઞાનના પણ પ્રવાહને કષાયની ગટરમાં વહેવડાવે, એમાં શી નવાઈ ?



દૃષ્ટિ આત્મહિતની જાગે, 'મારા આત્માનું શું ? એના રાગદ્વેષાદિ મહાશત્રુઓ, મહાખરાબીઓ, મહાકલંકો કેમ ઓછા થાય ! કેમ હું ક્ષમાદિ પવિત્રભાવોમાં ઝીલતો બનું ! કેમ આ પુદ્ગલની કારમી વેઠ છૂટે !...' આવી ઝંખના રહ્યા કરે, તો જે જ્ઞાન મળે એની તેવી તેવી અસર હૈયે ઊભી થાય. જીવને કેવાં કેવાં પાપ કેવી રીતે બંધાય છે, પીડે છે, એનું જ્ઞાન થાય ત્યાં એ પાપો પ્રત્યે ચોંકામણ થાય, કેમ એનાથી બચાય એવી તકેદારી રહે. એમ જીવને પાપભાવોમાંથી છોડાવનાર કયા કયા સાધન છે, કેમ એ આરાધાય, વગેરેનું જ્ઞાન મળે તો એના તરફ આકર્ષણ થાય, એ પામવા ઉત્કંઠા રહે. આનું નામ જ્ઞાનની તેવી તેવી અસર. જ્ઞાન પરિણામ પામ્યું કહેવાય. પરંતુ આ લાવવા માટે પાપપ્રતિઘાત પહેલો ઊભો કરવો જોઈએ. મૂળ પાપ બે, ૧. ભવરુચિ, અને ૨. અતત્ત્વનો આગ્રહ.

**મનગમતા મેળા-પદાર્થ-સન્માન પર ભવરુચિ :-**

ભવરુચિ અને અતત્ત્વનો આગ્રહ એ બે પાપ. ભવરુચિ શું કામ કરે ? સંસારના મનગમતા પદાર્થો, સંસારના મનગમતાં મેળા, સંસારના મનગમતા માન-સન્માન, આ ત્રણમાં જીવને મૂંઝવે. મનગમતા મેળામાં સારા સ્નેહી-કુટુંબીઓ, મનગમતા પદાર્થોમાં સંસારની સુંદર વસ્તુઓ, અને મનગમતાં માન-સન્માન, આ ત્રણ વાત મૂંઝવનારી છે; સંસારની-ભવની રુચિનું કારણ આ. જેની પાછળ દોડવા લાયક (માન્યું) તે આ ! ૨૪ કલાક નહિ, ૨૪ દિવસ નહિ, ૨૪ વરસ નહિ, ૨૪ જીવન નહિ, એની પાછળ અનંત જીવન આપી દીધાં ! તોય એમાં કાંઈ ખોટું થયું હોય એમ દેખાય નહિ તે આ ! કોઈ દિવસ જરા ઊભો રહી, કોઈ પવિત્ર પ્રભાતે જાગી, વિચારમાં કદી પડ્યો (કદી વિચાર કર્યો) કે શું આ ત્રણ ચીજો ? શું મનગમતા માનસન્માન એ એવી ચીજો છે કે એની ખાતર અનંતા જીવનો આપી દેવાય ? શ્રી વીતરાગ પ્રભુના શાસનની ઉત્તમ કોટિની રત્નત્રયીની સાધના ખાતર એક જીવન પણ આપવાનું મનમાં જચતું નથી ? અને પણે અનંત જીવનો આપવા છતાં કંટાળો ય આવતો નથી ? છોકરીને પરણાવી ચાર-છ-બાર મહીના તો આવે અને માલ લઈ જાય, પણ જો ચાલુ જ રાખે, વર્ષો વીતવા છતાં માગવાનું જ ચાલુ રાખે તો બાપ કહી દે છે,- 'રહેવા દે હવે આવવું ! તું તારે ઘેર રહે ! મારાથી તારું પૂરું નથી થતું,' અને સંસારને અનંતભવ અપાય છે ! કંટાળો ય નહિ ! વિચાર તો કરો કે-

**માન-સન્માન પાછળ કેટકેટલી ગુલામી ?**

'મારામાં અનંતસુખ ! અનંતજ્ઞાનમય હું ! અદ્ભુત કોટિની મારી આ સ્થિતિ પ્રગટ કરવાની મહેનત જતી કરી, અનંતભવ આ ત્રિપુટીને આપ્યા !

છતાંય નવી માંગ (માગણી) ચાલુ ! મનગમતા મેળામાં કુટુંબીઓ કહે છે- 'આ લાવો-તે લાવો, આમ કરો તેમ કરો,' મનગમતી ચીજો કહે છે- 'આમ મેળવો-આમ વાપરો' મનગમતાં માન સન્માન કહે છે-'આમ વર્તજો-આમ ચાલજો.' વગેરે માન-સન્માન એ કચકડાનું રમકડું નહિ, પણ જાપાનીસ કાચનું રમકડું છે. ફૂટી જશે ! છતાં માન જોઈએ છે, તો 'કપડાં ઠસ્સાબંધ ! ધોતીઆંની પટ્ટી (પાટલી) બરોબર બટન-ટોપી તમામ બરોબર જોઈએ-જેમ તેમ ન ચાલે ! ગમે તેમ શબ્દ ન બોલાય ! ભલેને ઘેરથી લડીને-ધમાધમ કરીને-બફારે બફાઈને નીકળ્યા હોઈએ પણ માન ખાતર-સન્માન ખાતર ચૂપ !' કેટકેટલી ગુલામી ? મનમાં કાંઈ કાંઈ થતું હોય પણ માન સાચવવા બધું દાબીને રહેવું પડે !

**'રત્નત્રયીની મજૂરી કાં ન કરું ? :-**

મનગમતા મેળા, મનગમતા પદાર્થો, અને મનગમતાં માન સન્માન ખાતર અનંતા જીવન આપી દીધાં છતાંય જો નિત્ય નવા દિવસે કહે, 'લાવો !' એક પણ દિવસ માગતાં થાકેય નહિ ? જેને કંઈ ધરપત ધરામણ નહિ ! જેને આપણી કંઈ દયા નહિ ! જેને આપણી મજૂરીની કંઈ કદર નહિ-એની સેવા ચાલુ ! અનંતકાલ મજૂરી કરી છતાં પરિણામમાં જીવને પીડા-કદર્થના જ મળી અને તેની કંઈ જેને દયા નહિ, એવા સંસારની વેઠ કરવી તેના કરતાં રત્નત્રયી-પ્રભુની આપેલી જેને આપણી અલ્પકાલની મજૂરીની ભારે કદર, સહેજ દુઃખ આત્માને થાય તો આત્મા માટે ભારે દયા, આપણા ભવિષ્યના અનંતકાળના સુખસગવડની ભારે ચિંતા, એ રત્નત્રયીની મજૂરી કાં ન કરું ? મનને આવું ન થાય ?

**સભામાંથી**-બરાબર.

એ શબ્દમાં છે, હૃદયમાં બરાબર નથી.

**ક્યાં વહાલ છે ? ક્યાં વેઠ લાગે છે ?** આપણામાં અક્કલનો છાંટોય છે કે દેવાળું છે ? જેણે આપણા આવા હાલહવાલ કરી નાખ્યા તે ભવ પર ભારે વહાલ ! અને જે અલ્પ પણ સેવવામાં આપણને ન્યાલ (નિહાલ) કરી નાખે ત્યાં કોઈ આકર્ષણ-ઓરતો નથી ? અને કદાચ હોય તો ફટાકિયો-હળદરિયો ? શાસ્ત્ર કહે છે, ભવરુચિ મીટે નહિ ત્યાં સુધી પાપ પ્રતિઘાત થાય નહિ. આ પહેલું પગથિયું. ઠીક છે-એ વિના ધર્મની દોડાદોડી કર્યા બદલ જરા મજૂરીજોગ મળે, પણ પછી ખેલ ખલાસ ! મજૂરને રોજે રાખ્યો-જોયું વેઠ કરે છે-બાર આના રોજના આપી દે, કહી દે-'ચાલતો થા, હવે કાલે ન આવતો !' મનુષ્યગતિ પણ કહે છે-'ધર્મની સાધના વેઠરૂપ કરે છે લે એનું ઈનામ, પણ ફરી અહીં ન આવજે !' એટલે ? પછી મનુષ્ય ગતિ ન મળે.



**પરિણતિરૂપ અને નિરવદ્ય ક્રિયાથી મોક્ષ મળે**

મુક્તિએ જેને જવું હોય તેણે પંચસૂત્રમાં બતાવેલા પદાર્થો એ જ ક્રમે પ્રાપ્ત કર્યા વિના છૂટકો નહિ. માનો કે શ્રી પંચસૂત્ર સાંભળ્યા પહેલાં ચારિત્ર લીધું,-પગથિયા માંડ્યા વિના જ ચારિત્રે પહેલાં પહોંચ્યા, હવે પંચસૂત્ર સાંભળ્યું, તો શું એણે ઘેર પાછું જવું ? ના ! પાછા જવાની જરૂર નથી. ત્યાં રહીને પાપ પ્રતિઘાત, ગુણ-બીજાધાન અને સાધુધર્મની પરિભાવનાના જે ઉપાયો બતાવ્યા છે તે ઉપાયોમાં લાગી જવું; કેમકે એમાં કાંઈ સંસારની વાત આવવાની નથી. માર્ગાનુસારીના જીવનમાં હજી એ વાત આવે, કે 'ઘર આવું બાંધવું, લગ્ન કરવાં હોય તો આવા સાથે કરવાં,' પણ આમાં તો આત્માને કેળવવાની જ માત્ર વાત છે, એ વાત તો ગમે તે સ્થિતિમાં આદરી શકાય, એ કેળવણીમાં ભવરુચિ તોડી પરિણતિરૂપ જ્ઞાન બનાવવાનું અને નિરવદ્ય ક્રિયા આરાધવાની. ક્રમે વસ્તુ મેળવવા યત્ન થાય તો વસ્તુ પ્રાપ્ત થાય.

**એ તુચ્છ ભોગનું બહુમાન ન કરે :-**

શાસ્ત્રકાર કહે છે, આ વાત ભવાભિનંદી જીવને ન કરો. એ જીવ સંસારનો રસિયો છે, એટલે એને આ ભવરુચિ તોડવાની વાતથી કંટાળો આવશે, એના હૃદયમાં મોક્ષનો પક્ષપાત નહિ આવે, કારણ એનામાં આઠ લક્ષણ, આમ તો અપલક્ષણ પણ એનાં ભવાભિનંદીના લક્ષણ છે : આઠ દુર્ગુણ છે. એમાં પહેલો દુર્ગુણ-ક્ષુદ્રતા-તુચ્છતા, તુચ્છતા એટલે છીછરું હૈયું, ટૂંકી બુદ્ધિ. તુચ્છ શબ્દો, હલકી વિચારણા, નિઃસાર પ્રવૃત્તિ, આ તમામ ક્ષુદ્રતાના રૂપકો છે. ક્ષુદ્ર હૃદયનો માનવી વિચાર કરે તો હલકા કરે, ત્યારે તો આપણને સમરાઇચ્ચ કહામાંથી જાણવા મળે છે કે ઊંચી સાત્ત્વિક વૃત્તિના મનુષ્યની વાત તો પછી, પણ ભલે સંસારમાં છતાં એથી જરા નીચી એટલે મધ્યમ કોટિના માણસોય તુચ્છ ભોગોનું બહુમાન ન કરે : એ એમનામાં ગુણ છે. કદી વાત નીકળે તો એ કહી દે- એનું એ પીંજણ ? એની એ વાત શી ? જીવનમાં બીજાં ઘણાં કાર્યો કરવાનાં છે. આ વાત કરતાં મોં લાજે !' હા ! જીવ લાલચિયો છે, કદી ઉદાર ભોગનો વિચાર આવે, બોલીય જાય, 'આજે જમણ-પકવાન્ન સારું થયું છે,' ઠીક છે, સુંદર ભોજન કોક વખત, એટલે બને; પણ રોજની સામાન્ય વસ્તુમાં 'ખીચડી હાઇક્લાસ, રોટલી ફુલકું' એમ તુચ્છ ભોગનું બહુમાન કરવાનું ન કરે : ભલે લાત ન મારે, પણ માથે ન ચઢાવે. ગંભીર શેઠ નોકર પાસે કામ લે, એને લાત ન મારે પણ એનું બહુમાન ન કરે, કેમકે એ માથે ચઢી જાય. નોકરને કામ બતાવ્યું, એ કામ કરીને આવ્યો, કહે, 'કામ કર્યું,' તો શેઠ કહે : 'ઠીક બેસો !' પણ એની ઉપર એનું બહુમાન ન કરે, કેમકે નોકર એ

તુચ્છ-માથે ચઢી જાય. જેને ભવનો આનંદ નહિ, એને તુચ્છતા ન ગમે; એ જેને ન ગમે તે તુચ્છ ભોગનું બહુમાન ન કરે, ભવાભિનંદી મટે એની આ વાત છે.

સમકિત પામવાની આ બધી ચાવીઓ છે. આ ઉપાયોથી સમકિત સસ્તુ થાય છે. નિકટ આવે છે. 'શ્રી સર્વજ્ઞ ભગવાને કહ્યું તે સાચું, સંસાર ખારો ઝેર' એમ બોલવાથી સમકિત ન આવે. સમકિત આવે એટલે તો માનો એ આત્માના પ્રદેશે પ્રદેશે ફરસી જાય, પછી તો આખા આત્મદ્રવ્યનો દેદાર ફરી જાય ! એ તો કહી દે સંસારને,-"તું મને શું કંગાળ કરે ? હે સંસાર ! તું ભલભલા આત્માને કંગાળ કરે, તને હું કંગાળ કરું ! તું કહે ત્યાં 'ઠીક' ન રાખું : જ્યાં 'ઠીક' રાખવાનું જ્ઞાની કહેતા હોય ત્યાં રાખું." એ જીવને ભવાભિનંદીપણું જીવનમાંથી પરવારી ગયું હોય. કહી દે મનગમતા મેળા, મનગમતા પદાર્થો, મનમાન્યા માનસન્માનને વગેરેને તથા ક્ષુદ્રતા આદિને કે, 'ચૂપ બેસો ! તમે કોને મૂંઝવવા આવ્યા છો ?' વારંવાર એના ચિત્તમાં સંકલ્પ ઉઠ્યા કરે કે 'હવે એ મનગમતા મેળા, પદાર્થો અને સન્માનને મહત્ત્વ આપું નહિ;' ત્યારે હૈયે ક્ષુદ્રતા અડે નહિ, ક્ષુદ્ર-તુચ્છ વસ્તુ કે બાબતને બહુ માને નહિ.

**જડ પૈસા કરતાં આત્માના શુભ પરિણામ વધારે કિંમતી :-**

પેલા શેઠમાં ક્ષુદ્રતા નહોતી, ઉદારતા હતી, એટલે બાળવિધવા પુત્રીની ચિત્તસમાધિ ખાતર રળી આપનાર મુનિમને રવાના કરી દીધો. 'તારું દુર્ધ્યાન મટશે ને ? ઉદ્વેગ ટળશે ને ? જો તારું દુર્ધ્યાન ટળતું હોય, ઉદ્વેગ મટતો હોય, તો આ શી મોટી વાત ?' મુનિમને ઉપરથી કોથળી આપી પરદેશ મોકલ્યો, કેમ બન્યું ? ક્ષુદ્ર નહોતો માટે. ક્ષુદ્ર નહિ, તે જડ પૈસા કરતાં જીવના પરિણામની કિંમત વધારે સમજે; પોતાના આત્મામાં તથા બીજાના આત્મામાં સચવાતા શુભ પરિણામની કિંમત જગતના પદાર્થો કરતાં વધારે આંકે. બીજી રીતે કહીએ તો એ આત્મા જગતની કિંમતી વસ્તુઓને પણ આત્માના શુભ પરિણામ કરતાં તુચ્છ ગણે. 'આત્માના શુભ પરિણામ જાળવી શકાતા હોય, સાચવી શકાતા હોય, વૃદ્ધિ પમાડી શકાતા હોય, તો લાખો રૂપિયાની કોઇ કિંમત નહિ. એ ધોરણ પર લાખોને જતા કરે ! શાલિભદ્રના જીવને થાળી ખીરની બહુ કિંમત નહોતી : એને તો થયું, આવા મહર્ષિ આંગણે ક્યાંથી ? જગતની વસ્તુની કિંમત કરતા એના મનમાં દાન ધર્મનું મૂલ્ય વધી ગયું : ઘણું વધ્યું : હરખભેર સાધુને બોલાવી, આખી થાળી વહોરાવી દીધી ખીરની ! અને ઠાલવી દીધા પછીયે હર્ષથી ખૂબ નાચ્યો ! ક્ષુદ્ર જડ કરતાં ધર્મનું મૂલ્ય મનમાં લાખો, કરોડો, અબજો ગુણું વસી જાય, તો ક્ષુદ્રતા ચાલવા માંડે.

**ક્ષુદ્રતા કિંમત કરાવે જગતની : ઉદારતા કિંમત કરાવે ધર્મની.**

**ક્ષુદ્રતા હોય ત્યાં ફૂટેલ કોડિયાંની યે કિંમત અને ઉદારતા હોય ત્યાં મહેલોની**



**કિંમત નહિ !** ત્યાં કિંમત આત્મગુણની-આત્મધર્મની-પરમાર્થની. ક્ષુદ્રતા કેમ છે ? સ્વાર્થનું જોર, સાથે જડનું મહા આકર્ષણ, જડનાં મૂલ્યની બહુ આંકણી-આ બે વસ્તુઓ જીવને ક્ષુદ્ર બનાવી દે છે.

**લલિતાંગ રાજકુમાર-દાન એ તો સોનેરી ઘડી !**

લલિતાંગ રાજકુમાર પર પિતા ખુશ થયા : સવારના પહોરમાં ઊઠતાં જ બોલાવ્યો 'લે આ નવી ભેટ.' એમ કહી ગળામાં હીરાનો હાર પહેરાવી દીધો. હીરા કેવા ? ઝગમગતા ! એવો હાર પહેરીને એ કુમાર બહાર નીકળ્યો. એની ખ્યાતિ દાનવીર તરીકેની હતી, એટલે યાચકોનું ટોળું ફરી વળ્યું. આસપાસ જોયું ખીસામાં ! કાંઈ નથી ! ક્યાંથી કશું ય હોય, કેમકે સવારે જાગતાં જ, આંખો ચોળતાં જ ઊઠેલાને બાપાજીએ બોલાવ્યો છે, ને હાર પહેરાવ્યો છે અને પછી એ બહાર નીકળ્યો ત્યાં ખીસામાં શું હોય ? યાચકોએ પણ જોયું કે રાજકુમાર પાસે (ખીસામાં) કાંઈ નથી. રાજકુમારને થયું-પ્રભાતે યાચકો દાન-ધર્મ કરાવવા આવ્યા છે તો (એ ધર્મને) લાત કેમ મરાય ? દાન-ધર્મ સાચવવા હીરાના હારને લાત મારવી પડે એ તો સોનેરી ઘડી !

**અનુભવનું માપ.** હાર ઉછાળ્યો કહીને કે 'જાઓ વહેંચી લ્યો !' શું ? હીરાનો હાર ! ઈમિટેશનની કંઠી નહિ ! ક્ષુદ્રતા હોય એને તો ઈમિટેશનની કંઠીની કિંમત ભગવાન કરતાં ય વધી જાય ! પરમાત્માના દર્શને ગયો હોય, પરમાત્માની ભવ્ય આંગી રચાઈ હોય, આખું ગામ દર્શને ઉલટ્યું હોય, અને ધક્કાધક્કીમાં ખબર પડી કે, ઈમિટેશનની કંઠી ગઈ ! તો ભગવાનને જાય ભૂલી, કંઠીના દર્શને દોડે ! અને એ મળે તો, એની સલામતીથી જે ટાઢક અનુભવે તે ટાઢક પરમાત્માના દર્શને નહિ ! તુચ્છ કંઠીની કિંમતનો આવો અનુભવ, તે ક્ષુદ્રતા. આપણો અનુભવ કઈ કોટિનો છે, કઈ કોટિને બંધ બેસતો છે, એનું આ માપ, જીવને પૂછો તને જાણવા, નિરખવા, તપાસ કરવા યોગ્ય શું લાગે છે ? સ્વાર્થ કે પરમાર્થ ?

લલિતાંગ કુંવરે હાર ઉછાળ્યો, યાચકોએ હર્ષના જયનાદ સાથે ઝીલી લીધો. કુંવરનું હૈયું પણ હરખમાં ઉછળ્યું કે 'બિચારા યાચકો કેવા પ્રસન્ન થયા !' ક્ષુદ્રતાના સકંજામાંથી બહાર નીકળી ગયાનો આ પ્રતાપ ! ક્ષુદ્રતા જડને વધારે કિંમતી માનવા પ્રેરે છે. ક્ષુદ્ર આદમી જડને બહુ કિંમતી માને અને મારું એમ કરીને જડ જગત એને માને તેથી વધારે કિંમતી માને છે. આપણી ચાંદીની વીંટી ખોવાણી હોય, કોઈની હીરાની વીંટી ખોવાઈ હોય એ આપણા દેખતાં શોધતો હોય, પણ એની હીરાની વીંટી શોધવામાં મદદને બદલે આપણે ત્રેવડમાં હોઈએ આપણી ચાંદીની વીંટી ગોતવાની ! પેલો મદદ કરવાનું કહે તો ય કહીએ- 'તમારી હીરાની વીંટી ખોવાણી છે તો મારીયે ચાંદીની ખોવાણી છે. મારું સંભાળું

(ગોતું) કે તમારું ?' ક્ષુદ્રતા પોતાની ગણાતી જડ વસ્તુની કિંમત જગત માને તેથી વધુ મનાવે છે. એ ક્ષુદ્રતા ન હોય પણ ઉદાર મન હોય, તો પોતાની કિંમતી વસ્તુ ખોવાઈ હોય તો ભલે પોતાની ચીજને શોધે પણ બીજાની ચીજને શોધવામાં ખાસ મદદ કરે.

**અંતે કર્મ ઠગવાનું !**

ધર્મના સ્પર્શના, મોક્ષનો રસ, પ્રભુનો પ્યાર એના કોઈ કાળા, લીલા, પીળા રૂપરંગ નથી. એની કોઈ બાહ્ય દેખાવો નક્કી સાક્ષી પૂરે તેમ નથી. આત્માને હૃદયથી એ પરખાય. પહેલું જે હૃદય છીછરું હતું એ હવે પહોળું પરમાર્થી બન્યું, જે છીછરા હૃદયમાં પહેલાં પરમાર્થની કોઈ વાત સ્થાન જ પામતી નહોતી, હવે પરમાર્થની વાતો એવી એમાં પેસવા-સમાવા લાગી છે કે જેથી સ્વાર્થની વસ્તુ બહાર નીકળી જાય છે. પોતે ભરી સભામાં પહેલો આવ્યો હોય, પછી બીજો આવે તો પગ ઊંચો કરીને બોલાવે, કહે- 'આવો ! આ જગત છ ખંડના રાજા ચક્રીની ય સાથે નથી ગયું તો આ અઢી ફૂટની જગા ક્યાં સાથે થવાની છે ? અને આ જગા મારી છે ક્યાં ? એ પણ કોઈ દાનવીરે બંધાવેલી. બધું મૂકીને મરવાનું છે; કર્મ મુકાવ્યા વિના રહેવાનું નથી, અંતે કર્મ ઠગે એના કરતાં કર્મને ઠગવું શું ખોટું ? અંતે કર્મ ઠગવાનું છે ! સ્વાર્થ ભૂલી પરમાર્થ કરનારો કર્મને ઠગે છે.

**પરમાત્માને કેવા તરીકે ઓળખશો :-**

આપણે પરમાત્માને ઓળખ્યા નથી. પરમાત્મા એટલે જગત પર મહાપરમાર્થ કરનારા, અને જગતને મહાપરમાર્થ શીખવનારા. શું આપણે પરમાત્માને સ્વાર્થી માનીએ છીએ ? જરાય નહિ ! રાજ્ય છોડીને નીકળ્યા છે ! કેવળજ્ઞાન થયા પછી પણ જગતમાં દેશે-દેશ વિચર્યા છે, ઉપદેશ સતત દીધો છે. કેવો પરમાર્થ ! કેવળજ્ઞાન થયું એટલે એ નક્કી છે કે અઘાતિ કર્મ જવાનાં છે. મોક્ષ નક્કી છે તો પછી બબ્બે પહોર સમવસરણમાં કેદ પૂરાવાની જરૂર શી ? એકધારું બોલવાની જરૂર શી ? એ અનંતબલીને વીર્યાતરાય સર્વથા નથી, છતાં કાયાને આહાર-વિહાર-આરામ જરૂરી હોય છે. પ્રભુ દેવચ્છંદામાં આરામ લે છે. રાત્રે ઊંઘે તો નહિ પણ આરામ લે છે, દર્શનાવરણીય છે નહિ એટલે ઊંઘ તો નથી પણ વિશ્રાંતિ હોય. જગત ખાતર વિહાર કરે છે, કલાકો સુધી દેશના દે છે ! અને તેમાં શ્રી મહાવીર પ્રભુએ તો, કેમ જાણે શાસનમાં ઘણા વાંધા-વચકા આવવાના છે માટે ન હોય તેમ મોક્ષે જતાં પહેલાં સોળ પહોર,-૪૮ કલાક, એકધારી દેશના દીધી ! બે દિવસ અન્ન-પાણી વિના ! ત્યાં રાત્રિ જ નહિ કેમકે દેવતાઓ ત્યાં મોજુદ છે એટલે પ્રકાશ છે. વળી કોઈને ય ન થાક ! ન ભૂખ ! ન તરસ ! પ્રભુની અમૃત-મીઠી વાણી એવી વરસી રહી છે કે સાકરના ટૂકડા એની પાસે કૂચા ! મહા



આરામી આપનાર ભગવાનની વાણીની આગળ મખમલની પથારી તો કોઈ વિસાતમાં નહિ ! ઘેબર જેવાના ભોજનથી ય આત્માને તૃપ્તિ ન થાય એવી મહાતૃપ્તિ પ્રભુની વાણીથી થાય. એવા એ પરમાત્મા એટલે જગત પર મહા પરમાર્થ કરનારા અને જગતને મહાપરમાર્થ શીખવનારા. પરમઅર્થ બે-એક, સ્વાત્માના હિતની પ્રવૃત્તિ; અને બીજો, પરમાત્માની દ્રવ્યદયા અને ભાવદયા. પરમાત્મા શીખવે છે :- 'કરવો હોય તો પરમાર્થ કરજો-ડાયરીમાં નોંધવો હોય તો પરમાર્થ નોંધજો, ખુશી થાઓ તો પરમાર્થથી થજો પૌદ્ગલિક સ્વાર્થ ન કરતા, એ સ્વાર્થને ન નોંધતા, એ સ્વાર્થ પર ન ફૂલાતા !'

**દાનનો બદલો દેશવટો ? કબૂલ ! એ તો યશકલગી ! :-**

લલિતાંગકુમારે સ્વાર્થ કરતાં પરમાર્થને માન્યો એટલે એણે હાર હીરાનો ઉછાળ્યો. કોઈ દુર્જન મંત્રીએ રાજાને ભંભેર્યો.

રાજાએ એને બોલાવી કહ્યું : 'કેમ અલ્યા ! બહુ ઘમંડ આવ્યો છે ? રાજકુમાર થયા એટલે કોઈ વસ્તુની કિંમત નહિ ! ગમે તેમ ઉડાવો, એમ ? ભાન છે ? રાજ કેમ ચલાવશે ? આવું નહિ નભે.'

**કુમાર :-** 'બાપાજી ! મેં કાંઈ કલંક લાગે એવું નથી કર્યું. આર્ય દેશને શોભે એવું કર્યું છે.'.

વાત એ છે કે એને જગતના જડ પદાર્થ કરતાં પરમાર્થની કિંમત મોટી હતી. એ સમજતો હતો કે દાન એ ગુનો નથી. દાન તથા પરમાર્થ જો ગુનો ગણાતો હોત તો સ્વાર્થી જગત વહેલું મોક્ષે જાત. અહીં રાજા ગુસ્સે થયો. કુંવર ઉછાંછળો-ઉચ્છૃંખલ, અવિનીત કે ઉદ્ધત નથી પણ 'મેં ઠીક કર્યું છે,' એમ વિનયથી જણાવી દીધું. ધર્મની વાતની આડે આવતું વચન ભલે પિતાનું હોય તો પણ તે માન્ય કેમ થાય ? નહિતર તો ચોર બાપ છોકરાને ચોરી શીખવે. ત્યારે શું શાહુકાર થવા ઈચ્છનાર છોકરાએ બાપની આજ્ઞા માનવી ? **પરમાત્માના વચનને બાધ કરનારું વચન ગમે તેનું હોય, ન મનાય.**

રાજાએ કહ્યું. 'ચાલ્યા જાઓ દેશવટે !'

અબી ! વાર ક્યાં છે ? જેટલો ઉલ્લાસ પરમાર્થ કર્યામાં હતો તેટલો જ ઉલ્લાસ સ્વાર્થ ખોવામાં ! સ્વાર્થ ખોવામાં જરાય આંચકો નહિ. દાનનો બદલો દેશવટો ? કબૂલ ! ચોરી, અસત્ય, લુચ્ચાઈ, લબાડી પર સજા થાય તો કલંક; પણ ધર્મ, વ્રત, સત્ય, પ્રતિજ્ઞા, દેવગુરુની ભક્તિ વગેરે ખાતર સજા ભોગવવી પડતી હોય તો પ્રાણ આપે છે. ભલે હાથી નીચે કચરાયા પણ પોતાના દેવની શ્રદ્ધાથી નથી ડગ્યા. આવી પ્રસન્નતા સાથે શૂરવીરતા ક્યાં હોય ? જ્યાં ક્ષુદ્રતા ન હોય ત્યાં.

**ભવનો ભેદ, તો દૃષ્ટિનો ભેદ નહિ ? :-**

આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે ઠીક જ નિદાન કાઢી આપ્યું છે કે જે સ્વભાવમાં એકલો તામસ કે રાજસ અંશ છે, ને સત્ત્વનો લેશ માત્ર અંશ નથી, એ જીવો બિચારા ક્ષુદ્ર ભોગ, ક્ષુદ્ર વસ્તુ અને ક્ષુદ્ર બાબતના બહુમાની હોય છે, એને મહત્ત્વ આપનારા હોય છે. એ તો કંઈક પણ સત્ત્વ અંશ સ્વભાવમાં પ્રગટે તો જ ક્ષુદ્ર ભોગ, વસ્તુ અને બાબતનું બહુમાન ઊતરે, એની બહુ કિંમત આંકવાનું ન રહે. જીવનમાં જડ પદાર્થો વિના ચાલતું નથી એ વાત સાચી, પરંતુ આપણું આ કીડાજીવન કે પશુજીવન નથી પણ મનુષ્યજીવન છે, એ ફરકના હિસાબે કીડામંકોડા અને જનાવર કરતાં આટલો તો દૃષ્ટિનો ભેદ પડવો જોઈએ ને, કે જડ પદાર્થોમાં ક્ષુદ્રને તુચ્છ એવી વસ્તુનાં બહુ લેખાં ન માંડીએ ? ઠીક છે એનો ઉપયોગ કરવો પડતો હોય એટલે કરીએ, પરંતુ એને માથે તો ન ચઢાવીએ ?

વ્યવહારમાં જુઓ કે પગે જોડા પહેરી બહાર નીકળ્યા, રસ્તામાં એ ડંખવા લાગ્યા; હવે પહેર્યા રાખીને ચલાય એવું નથી, તો પગમાંથી કાઢી નાખી હાથમાં પકડીને ચલાય છે, પરંતુ માથે થોડા જ મૂકાય છે ? એનું એટલું મહત્ત્વ નથી. એમ આત્મિક દૃષ્ટિએ ક્ષુદ્ર વસ્તુને બહુ મહત્ત્વ કેમ અપાય ? એની કવિતા ગાવાનું કેમ જ કરાય ? દા.ત. રોટી-દાળ-શાક રોજની ખાવાની વસ્તુ છે, પકવાન્ન કોક દિવસની વસ્તુ છે, તો રોટી-દાળ એ ક્ષુદ્ર ગણાય, પકવાન્ન એ મોટી વસ્તુ ગણાય. હવે એ ક્ષુદ્ર વસ્તુના શા બહુ ગુણગાન કરવા ? કે એવું એનું શું મહત્ત્વ માનવું કે એના ભોજન વખતે બહુ આરામ અને ઠીક ઠીક સમય-વ્યય કરાય ? ઠીક છે હજી રાજસ તામસ અંશ સર્વથા નીકળી ગયા નથી, સાત્ત્વિક અંશ પૂરેપૂરો ખીલ્યો નથી એટલે ઈન્દ્રિયોના ઉદાર ભોગ ઉપર જીવને ખેંચાણ રહે છે; પરંતુ જેમ ભૂંડ તુચ્છ-ગંદી વિષ્ઠામાં રાચે, ગધેડો તુચ્છ ઉકરડામાં મસ્તાન બને, ઊંટ ક્ષુદ્ર બાવળ-લીંબડામાં મોહી જાય, એમ માણસ જેવા માણસ થઈને ક્ષુદ્ર-તુચ્છ ભોગમાં રાચવાનું ? એના એજ ચીથરા વારંવાર ધોઈ-ધોઈને પહેર્યા કરવાના છે, એના પર પણ એવું હરખવા-ખીલવાનું કે 'વાહ કેવા કેવા સરસ ધોવાયા છે ? કેવા સારા શોભે છે !' એની ટાપટીપમાં ખાસો સમય બગાડવાનો ? ને મન વારે વારે એના પર લઈ જવાનું ?

**ક્ષુદ્ર પદાર્થ, ક્ષુદ્ર બાબતો અને ક્ષુદ્ર ભોગોનું બહુમાન જીવને કેટકેટલો રાંક બનાવે છે ! ઉત્તમ આત્મહિત માટે સર્જાયેલી મોંઘેરી સેંકડો-હજારો ને લાખો માનવ ક્ષણોને કેવી બરબાદ કરી નખાવે છે !**

મહાકિંમતી આ મનુષ્ય-મનની લાખો ક્ષણોને તુચ્છ વાતોમાં રગદોળી નાખતાં



હૈયે અરેરાટી નથી થતી કે 'હાય ! કેટલી ઉચ્ચ ચીજ કેવી હલકી ક્ષુદ્ર અને તદ્દન નિષ્ફળ વસ્તુમાં સરાસર વેડફાઈ રહી છે !' દિવ્ય અમૃત કાદવ-ખરડ્યા પગ ધોવામાં વાપરવાનું ? કિંમતી કસ્તૂરી કાળી શાહી બનાવવામાં ખરચવાની ? ગોશીર્ષ ચંદન વાસણ માંજવાની રાખ બનાવવા બાળી નાખવાનું ? વિચારી જુઓ કે તુચ્છ પદાર્થો, તુચ્છ ભોગો અને તુચ્છ માન મનને કેટલું રોકી રાખે છે ? મનમાં એ બધું કેટલો સમય ચાલ્યા કરે છે ? દિવસના ચોવીસ કલાકમાંથી કેટલા કલાક ? કલાકોના કલાકોને ? રોજની ૧૪૪૦ મિનિટમાંથી કેટલી મિનિટ ? સેંકડો મિનિટને ? હંમેશની ૮૬૪૦૦ સેકંડોમાંથી કેટલી સેકંડો ? હજારો ! એમાંથી સરવાળે શું મળે છે ? કશું જ નહિ, સમય બેકાર ગયો ! મનની કિંમતી શક્તિ વેડફી નાખી !

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૨,અંક-૮,તા.૨૬-૧૦-૧૯૬૩**

**ક્ષુદ્ર બાબતને મહત્ત્વ ન આપો તો જ ક્ષુદ્રતા મટે :-**

કેમ એમ ? સ્વભાવમાં સારા સાત્ત્વિક અંશના વાંધા છે, ખરાબ તામસ-રાજસ અંશ ભર્યા પડ્યા છે માટે. જીવને એ ક્ષુદ્ર બન્યો રાખે છે, ક્ષુદ્રતાના જ સ્વભાવમાં રમતો-ભમતો રાખે છે, પછી ત્યાં ભવના જ આનંદ, ભવાભિનંદીપણું હોય એમાં શી નવાઈ ? ભવાભિનંદીપણાને કાઢવું હોય તો ક્ષુદ્રતા દૂર કરવી જોઈએ; અને એ માટે ક્ષુદ્ર વસ્તુના બહુ આદર ન કરાય. ક્ષુદ્ર બાબતોનાં મૂલ્યાંકન અને રસ સ્વભાવને ક્ષુદ્ર રાખે છે.

ક્ષુદ્ર સ્વભાવ વિચારો હલકા, બોલી તોછડા યા માયાવી-મીઠી, અને આચરણ તુચ્છ, ફળ વિનાના, માલ વિનાનાં હલકાં રખાવે છે. પછી ત્યાં સારા ઉદાત્ત વિચાર, ઉચ્ચાર અને આચરણને જગા જ શાની મળે ? આ જગા કરવી હોય તો તુચ્છ વાત-વસ્તુને મહત્ત્વ આપવું રહેવા દ્યો. તોજ ઊંચા આવી શકાશે.

**શ્રીકાન્તનું આગળ શું ? :-** પેલો યાત્રિક શ્રાવક પોતાનાં પારણાંને મહત્ત્વ નથી આપતો. ઉપવાસનું પારણું કરવાનો સમય થઈ ગયો છે, પરંતુ શ્રીકાન્તને ત્યાં ગૂંચ ઊભી થઈ તો પારણું કરવાની વાત માંડવાળ કરી પણ મહત્ત્વની વસ્તુ શ્રીકાન્તને જીવનભરના અસત્યત્યાગની પ્રતિજ્ઞા લેવરાવીને ઉપરથી બીજા બે ઉપવાસ કરવાનું માથે લઈ લીધું. માલ વિનાના મૂલ્ય શા આંકવા ? માલવાળી બાબતને જ મહત્ત્વ આપવું.

હવે જુઓ શ્રીકાન્તને પ્રતિજ્ઞાની કેવી કપરી કસોટી થવાનો પ્રસંગ આવે છે. રાજા શ્રેણિકની તકેદારી રાખવાની એને ખુમારી દેખાય છે. તેથી એ ખુમારી

ઉતારવા રાજાના ભંડારમાં જ ચોરી કરવાનું નક્કી કરે છે.

બસ, શ્રીકાન્ત, કળા-વિદ્યાનો ઉપયોગ કરી રાતના નીકળ્યો ચોરી કરવા. હોંશમાં ને હોંશમાં ચાલ્યો જાય છે રાજા શ્રેણિકના ખજાના તરફ. હવે ભોગજોગે એવું બન્યું છે કે આજ રાત્રે શ્રેણિક અને અભયકુમાર નગરદર્શને નીકળ્યા છે તે બરાબર આને રસ્તામાં ભેટ્યા. આના કપડાં વગેરેના જુદા દેખાવથી ઉપરનું રૂપ જુદું એટલે એને ઓળખી શકે એવું નથી. પણ હજી તો દૂરથી દેખાય છે. ત્યાં કોણ છે ?

**અભિમાન ક્યાં કર્યું ? :-** શ્રીકાન્ત ચોંકી ઊઠે છે ! આ કોણ ? ખુદ રાજા શ્રેણિક ! અને વળી અભયકુમાર જોડે ! માર્યા !' અભિમાન તો કર્યું હતું કે રાજાની તકેદારી ભુલાવી દઉં પરંતુ એ ભારે પડી ગયું લાગે છે ! ક્ષણભર લાગે છે કે 'ક્યાં મેં આ ગુમાન કર્યું ! હવે શો ઉત્તર દેવો ? મૂંગા રહેવાય નહિ કેમકે તો તો વધારે વહેમ પડી જાય રાજાને. ત્યારે ઉત્તર જુટ્ઠો અપાય નહિ, કેમકે અસત્ય ન બોલવાના બાધા છે.' ગભરામણ ભારે થઈ ગઈ ! હવે લાગે છે કે 'અભિમાન કર્યા વિના ઘરે બેઠો સુખી હતો. આ જો અહીં પકડાઈ ગયો તો આજ સુધીની ચોરીઓના પત્તા નથી લાગવા દીધા તે હવે બધી જ ખુલ્લી પડવાની ! પછી તો સામે રાજા શ્રેણિક છે, કડક શિસ્ત અને ગુનેગારને કડક શિક્ષા દેનાર. ત્યારે શું કરવું ?'

**કષાયની વિટંબણા :-**

માણસને અભિમાન વગેરે કષાયમાં ચડતાં વિચાર નથી આવતો, હોંશે હોંશે ચડે છે ! પરંતુ કપરું પરિણામ આવીને ઊભું રહે ત્યારે પસ્તાવાનો પાર નથી રહેતા. પસ્તાવો તો એટલો બધો કે પહેલાં હોંશમાં જે લોહી ચડેલું, તે તો ઊડે તો ઊડે પણ સાથે બીજું ય કેટલું ય લોહી સુકાઈ જાય ! ત્યારે શું એવો પ્રસંગ આવ્યા વિના રહે છે ? આજ નહિ તો કાલે. છેવટે પરલોકમાં તો નિશ્ચિત જ; અને તે તો એવો કે ચારે બાજુથી મહાવિટંબણા ઘેરી લે ! કેમકે કર્મ સિદ્ધાન્ત બતાવે છે કે જ્યાં કષાયમાં જીવ ચઢે છે, ચાહ્ય પછી ગુસ્સામાં કે ગર્વમાં, દંભમાં કે લોભમાં, રાગમાં કે દ્વેષમાં, ત્યાં તરત જ જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય, નામકર્મ ગોત્રકર્મ અને અંતરાય, એ સાતે પ્રકારના પાપકર્મ બંધાય છે. એના ફળમાં અજ્ઞાન દશા, ઈન્દ્રિય-હાનિ, અશાતા વેદનીય, મોહ મૂઢતા, કાળી લેશ્યા, હલકી કુળ-જાતિ, દરિદ્રતા, પરાધીનતા, ઈત્યાદિનો હલ્લો એટલે ચારે બાજુની વિટંબણા આવીને ઊભી રહે છે, આ જોઈએ ત્યારે એમ થાય કે 'આના કરતાં કષાય ન કર્યા સારા. કદાચ પુણ્ય પહોંચતું હોય તો કષાય કરવા પર અહીં શાબાશી-શિરપાવ મળતા દેખાય, પણ તે આ આગામી વિટંબણાઓ સામે અતિ તુચ્છ લેખાય. તો પછી શા સારું કષાયની બાલિશ રમત રમવી ?



**કષાય કેમ કરે છે ? :-**

ખૂબી તો એ થાય છે કે કષાય કરે તો કરે, પણ ઘેલો જીવ પાછો એને વ્યાજબી માને છે ! એમાં એને પાસા પોબાર પડે એટલે કશું ખોટું લાગતું નથી. પણ એ વિષને વઘારવા જેવું થાય છે, અનાદિ અનંત કાળથી ચાલી આવતા કષાયના સંસ્કાર દૃઢ કરવાનું બને છે ! જીવન માનવનું જીવીને શું આ જ સાર કાઢવાનો છે ? પણ ખબર છે આ લત કેમ છૂટતી નથી ? મને માની લીધું છે કે 'જીવન જીવવું છે એટલે એના માટે એ વિના ચાલે નહિ.' અથવા કદાચ એટલું માનવાનું ડહાપણ હોય કે 'ચાલે તો ખરું,' તો પણ મન કહે છે કે 'એમ કાંઈ કષાયો છૂટી જાય ? ધીરે ધીરે છૂટશે.' કિંતુ આ બંને માન્યતા ખોટી છે.

સંસાર ચલાવવામાં કષાય વિના ન ચાલે એમ નહિ, કિન્તુ એમ કહો કે કષાયથી ચલાવવામાં તો ઊલટું બગડે છે; કેમકે અંદરની સાચી શાન્તિ એથી લોપાય છે. ક્રોધ-લોભ વગેરેની જાત જ એવી છે કે એને ઊભા કરો ત્યાં અશાન્તિ ઊભી થઈ જ જાય; વાર નહિ. પછી એમાં નિષ્ફળતા મળતાં અશાંતિ વધી જાય છે, અને કદાચ સફળતા મળે તો એનાં પર ખોટા હિસાબ માંડવાની મૂઢતા વધે છે. એમાં ય પાછી અશાંતિ જ છૂપાયેલી છે. એટલે તો માત્ર ભાગ્ય પર જોર આપનાર ભાગ્યશાળી જીવો ક્રોધ-લોભાદિથી દૂર રહી ઘણી શાંતિભર્યું જીવન અનુભવી શકે છે. એ સમજે છે કે ભાગ્ય વાંકું હશે, તો ક્રોધ કરવાથી ય કાંઈ ઊપજે એવું નથી, ને લોભ-તૃષ્ણામાં ડૂબાડૂબ રહ્યે ય કાંઈ વળે નહિ. એ તો ભાગ્ય જોરદાર હોય તો બધું અનુકૂળ બની આવે. માટે ભાગ્ય પર જ આધાર રાખવો સારો, કષાય ઉપર નહિ.

કષાય કર્યા પાછળ તો જીવનમાં કેટલીય વાર પસ્તાવા થયા હોય છે. લોભમાં જરા વધારે ખાધું ને પડ્યા માંદા, ત્યાં પસ્તાવો થશે,- 'હાય ! ક્યાં ખાધું ?' ચારની વચમાં ક્યાંક અભિમાન કરવા ગયા કે 'આ કામ ન કેમ થાય ? હું કરી આવું,' પણ કામ થયું નહિ, ને ભોંઠા પડ્યા ! વળી ક્યાંક ગુસ્સો ઠાલવવા તો ગયા, પણ પછી સામેથી એવી લપડાક આવી યા રીસામણું થયું, કે પસ્તાયા ! એમ ક્યારેક માયા રમવા ગયા પણ ગળે ટાંટિયા ભરાયા જેવું થયું હશે. એમ જરાક-શી પ્રાપ્તિમાં બહુ હરખ્યા તો ખરા, પણ હરખ સુકાવી નાખે એવું પોકળ નીકળ્યું ત્યારે અંતે હૈયું બાળવાનું જ થયું. કષાયો કર્યા માટે જ આ પસ્તાવા હોં. કષાય ન કર્યા અને સીધેસીધું ભલેને પ્રતિકૂળ બન્યું છતાં ખેદ નહિ થાય, કેમકે એવો આગ્રહ જ હતો નહિ. કષાય જ આગ્રહ કરાવે છે.

લોભ છે માટે વસ્તુ મળવી જ જોઈએ, સચવાવી જ જોઈએ, કોઈએ એમાં

દખલ ન નાખવી જોઈએ, ઈત્યાદિ આગ્રહ રખાય છે. એવો જો લોભ નથી તો તો મેળવવા ગયા ને ન મળી, મળી હતી પણ બગડી ગઈ કે ઊપડી ગઈ, તો 'ભલે એમજ ભાવી નિર્માણ થયું હશે' એમ કરી મન સ્વસ્થ રખાય, કોઈ પસ્તાવો નહિ થાય.

એમ અભિમાન-અહંત્વ રાખ્યું હોય એટલે આગ્રહ પકડાય છે કે 'આ આમ જ હોય, મારું સાચું જ છે, ફલાણાને બતાવી આપ્યા વિના કે દબાવ્યા વિના રહું નહિ.' પછી એમાં પાછા પડતાં પસ્તાવો થાય છે ત્યાંય વળી **'હાર્યો જુગારી બમણું રમે'** એમ અહંત્વનો બીજો જ કોઈ દાવ શોધાય છે ! જો અહંત્વ પહેલેથી રાખ્યું જ નથી, તો આવો કોઈ આગ્રહ નથી. એટલે પ્રસંગ આવ્યો ને કોઈને સમજાવવા ગયા કે કાંઈ સાચું કહેવા ગયા, ને સામાએ માન્યું નહિ તો 'કઈ નહિ, આપણે કાંઈ એવો અધિકાર થોડો જ રાખ્યો છે કે બીજાએ આપણું માનવું જ જોઈએ ? કે સામાએ આપણાથી દબાવું જ પડે ? ના, ન ય માને.' એમ હક-દાવો જ નથી રાખ્યો એટલે મન સ્વસ્થ રહેવાનું; કોઈ પસ્તાવો નહિ.

તાત્પર્ય, સંસાર લઈ બેઠા એટલે કષાય કરવા જ જોઈએ એના વિના ન જ ચાલે એવું નથી.

(૨) ત્યારે 'ચાલે તો ખરું, પણ કષાય થઈ જ જાય છે, તે એકદમ કેમ છૂટે ? ધીરે ધીરે છૂટશે'-આવી ગણતરી પણ ઠીક નથી; કેમકે જેવી રીતે ચોર કાઢવા હોય તો નિર્ધાર થાય છે કે 'કાઢું ! બહાર કેમ ન જાય ?' એવી રીતે કષાય ખરેખર હટાવવા જ હોય તો નિર્ધાર જોઈએ કે હટાવું જ, હટાવ્યા વિના રહું નહિ. આવો નિર્ધાર હોય પછી પ્રયત્ન પાકો રહે.

**કષાયો કેમ હટે ?** કષાયો કાંઈ એમ ને એમ જાય એવી વસ્તુ નથી. એ તો ક્રોધની સામે ક્ષમા; માનની સામે નમ્રતા; માયાની સામે નિખાલસતા, પ્રામાણિક્તા, લોભની સામે નિસ્પૃહતા-નિર્મમતા, હર્ષ-ઉદ્વેગની સામે ઉદાસીન ભાવ, શોકની સામે ધીખતી તત્ત્વદૃષ્ટિ,...વગેરે વગેરેના પ્રયત્ન જોરદાર ચાલુ રાખવામાં આવે તો એ કષાયો દબાતા આવે. મોક્ષે જનારા આત્માઓ શી રીતે મોક્ષે ગયા હશે ? શું આવા કોઈ પ્રયત્ન વિના ? મનની સાથે એકમેક-એકરસ થઈ ગયેલા કષાયો વિના-પ્રયત્ને એમ મંદા પડી જાય ? તો તો કશું કર્યા વિના મોક્ષ પામવાનું કેમ ન બને ? પણ ના, એ તો એ ઊઠવા જાય ને એની સામે ભારે ઝઝૂમવું પડે છે, ક્ષમાદિના આલંબને એને દબાવવા પડે છે; ત્યારે એ ઘસારે પડે છે, અને ઘસારો જરૂર લાગે છે.

માટે આ બધો વિચાર કરીને પાછળથી પસ્તાવું પડે એના કરતાં પહેલેથી



જ કષાયોને અટકાવવા જોઈએ. શ્રીકાન્તને મનમાં પસ્તાવો થાય છે કે 'આ અભિમાન ક્યાં કર્યું કે રાજાની તકેદારી ભુલાવી દઉં ? હવે આ તો રાજા પોતે જ સામે આવી ઊભો છે, શું કરવું ?'

પરંતુ જવાબ દેવામાં વિલંબ કર્યો પાલવે એમ નથી, નહિતર વહેમાઈ જાય. વળી જૂઠો જવાબ કરવો નથી એટલે હિંમત રાખીને કહે છે. 'હું ચોર છું.'

શ્રેણિક આ જવાબ સાંભળી આશ્ચર્ય પામે છે કે ચોર વળી પોતે એમ કહેતો હશે કે હું ચોર છું ? છતાં ખેર ! પૂછવા દે કે એ ક્યાં જાય છે. એટલે પૂછે છે,

'ક્યાં ચાલ્યો ?'

લ્યો, એક આપદામાંથી છૂટ્યા ને આ વળી બીજી આપદા આવી. જૂઠું બોલવું નથી, ને મૌન રખાય એવું નથી. તેમ વિલંબ પણ થાય એવો નથી, 'કાંઈ નહિ જે થવું હોય તે થાઓ,' એમ વિચારી જવાબ ઠોક્યો,

**'રાજા શ્રેણિકનો ભંડાર ચોરવા.'**

બસ, ઘણા વખતથી ચોરીઓ પકડાતી નહોતી, ચોરનો પત્તો નહોતો મળતો, આજે મધરાતે બરાબર માર્ગ ઉપર માણસ મળે છે, કહે છે 'હું ચોર છું, રાજાનો ભંડાર ચોરવા જાઉં છું,' હવે ક્યાં શોધવા જવું પડે એમ છે ? ઝટ પકડીને એની ઝડતી લેવાય, એ જ શિરસ્તો દુનિયાનો ને ? અને સામોસામ આવી ગયા પછી તે વળી કાળી અંધારી રાત્રે એકલદોકલ સ્થિતિમાં ! એના પર ચોર તરીકેનો વહેમ ન જાય ? પાછો આવ્યો છે ખુદ રાજાની જ નજરમાં. શ્રીકાન્તને અંદરખાને તો ગભરાટ ભારે છે; આખા ય જીવનની કાળી કાર્યવાહીનો કરુણ અંજામ નજર સામે તરવરી રહ્યો છે; આ એક પ્રસંગ ન બનાવ્યો હોત તો જૂનું બધું પચી ગયું અને મસ્ત જીવન જીવતો રહેત એમ લાગે છે. હવે આ ક્યાં ભૂલ કરી ? એવો સળગતો સંતાપ છે.

પ્રત્યક્ષ આ લોકના ભય માણસને કેવો ગભરાવી મૂકે છે ! કેવા ભૂલના સંતાપ કરાવે છે ! આવું જો પરલોકના ભયે ગભરાવાનું થયા કરે તો નવી ભૂલો, નવાં પાપ, નવા દુર્ગુણ-દુષ્કૃત્યો સેવવાથી કેટલોય પાછો હટે. પરંતુ અફસોસ કે પરલોકનો વિચાર માત્ર નથી, અગર છે તો એનાં દુઃખોનો તેવો ભય નથી. પરલોકનાં દુઃખો તો મહાભયંકર છે એ નજર સામેના ઝીણા કીડા-મંકોડા તથા મોટા પશુપંખીના જીવનમાં પ્રત્યક્ષ દેખાય છે. એ દુઃખ, ત્રાસ ને વિટંબણા પાપનાં જ ફળ છે. તો 'જો હું પાપ કર્યે જઉં તો પરલોકમાં એવાં દુઃખ આવીને ઊભા રહેતાં મારું શું થાય ?' આ ભય જોઈએ. પરલોકના ભય વિના માણસ પાપથી શે પાછો હટે ? અહીંના ભયની સામે તો આડા ને અવળા ઉપાય શોધી લે છે,

જેમકે ચોરીથી પકડાઈ જવાનું થાય તો દુઃખ આવે; માટે પકડાઈએ જ નહિ એવી હોશિયારી પહેલેથી જ રાખવી. પકડાયા તો ય નિર્દોષ છૂટી જઈએ એવી સાક્ષી એવા પુરાવા બરાબર તૈયાર રાખવા,' આવું આવું કરતાં આવડે છે પછી ચોરીથી શાનો પાછો હટે ? એવું બીજા પાપોથી ય શું કામ બચે ? એ તો પરલોક બગડી જવાનો ભય ભારે હોય તો પાપથી અટકે. ત્યાં સમજ રહે છે કે પરલોક સામે કોઈ પ્રપંચ ચાલે એવો નથી. માટે અહીં જ પાપ કરતાં પહેલાં વિચાર, થોભ, પાપ રહેવા દે, નહિતર પછી પરલોકમાં તો કોણ જાણે કેવી ય દુર્દશામાં મુકાવું પડે ? ને વળી પાપ છોડવાના સંયોગ કે બુદ્ધિ તો ત્યાં હલકા ભવમાં ન જ મળે, એ મોટી વાત !

આજે દુઃખની વાત છે કે પરલોકની દૃષ્ટિ જ ભુલાવી દેવામાં આવી છે, જાણે પરલોક જેવી કોઈ વસ્તુ જ નથી ! પછી માણસને જો એનો ભય ન હોય તો પાપથી શું કામ પાછો હટે ? એટલે જ દેખાય છે ને કે પહેલાં હલકા માણસ જ ચોરીઓ કરતા, આજે સારા ગણાતા કરે છે ! નેકી તો નેવે મુકાઈ ગઈ ! જેના હાથમાં એના બાથમાં. અને પાપ તે કાંઈ એક જ જાતનાં વધ્યાં છે ? ના, કેટલીય જાતનાં પાપ ફાલ્યાફૂલ્યા છે ! નિશાળે ભણતા નિશાળિયામાં ય જૂઠ, ચોરી, દુરાચાર, ઉદ્ધતાઈ વગેરે બદીઓ ભારે પેસી ગઈ ! આ ભાવી નાગરિક કેવા થવાના ? આની સામે કાનૂની તંત્ર પણ કામ કરે એમ નથી, અને ભાષણો ય નકામા છે. એ તો પરલોકદૃષ્ટિ જગાવવામાં આવે તો પાપ ઓછાં થાય; પાપ થઈ ગયું તો સંતાપ થાય.

શ્રીકાન્ત શેઠ પરલોક જોવા તરફ એટલા બેપરવા હતો, એટલે છતે પૈસે ચોરીઓ કર્યે રાખતો. એમાં યાત્રિક શ્રાવકનો ભેટો થયા પછી ફેર પડ્યો ખરો; પરંતુ પાછી ચોરીની વૃત્તિ સળવળી એટલે શ્રેણિકના ભંડારમાં ચોરી કરવા ઊપડ્યો. પગ જોરમાં હતા, પણ અહીં તો બરાબર સામોસામ રાજા જ ભેટ્યો ! દૂરથી જ રાજાએ પૂછ્યું અને શ્રીકાન્તને કહી દેવું પડ્યું કે 'ચોર છું ને રાજાનો ભંડાર ચોરવા જાઉં છું.' હવે રાજા શું કરશે એની ગભરામણ મોટી છે. છતાં બહારથી જરાય ગભરાટનું ચિહ્ન ન દેખાડતાં જે ચાલ્યો આવે છે તે જ પ્રમાણે મક્કમ પગલે રાજાની સામે આગળ વધી રહ્યો છે.

પરમ ઉપકારી શાસ્ત્રકાર મહર્ષિ ચિરંતનાચાર્યના અદ્ભુત કોટિના શ્રી પંચસૂત્ર નામના શાસ્ત્ર પર વ્યાખ્યા લખતાં શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ પ્રારંભે એ વાત કહે છે કે આ ગ્રન્થ ઘણો ગંભીર છે અને તેને ભવાભિનંદી જીવો ગ્રહણ કરવાનું તો શું પણ એના પર શ્રદ્ધા ય કરવાનું નહિ કરી શકે; કેમકે એ બિચારા જીવો



ક્ષુદ્રતાદિ દોષોથી હણાઈ ગયેલા છે.

**પાપ એટલે અકુશળ આશ્રવ :-**

આ ક્ષુદ્રતા વગેરે દોષો એવા છે કે પંચસૂત્રમાં કહેલા પાપપ્રતિઘાત, ગુણબીજાધાન, સાધુધર્મપરિભાવના વગેરેને બુદ્ધિમાં ન બેસવા દે. ક્ષુદ્રતા તો જીવની મતિને પાપો, દુર્ગુણો અને સાંસારિક સુખોની ગાઢ આસક્તિ તરફ લઈ જાય છે, પછી એ મતિ પાપપ્રતિઘાત વગેરે તરફ ક્યાંથી જાય ? પાપપ્રતિઘાતમાં તો પાપ એટલે અકુશળ આશ્રવો, એની પરંપરા તોડવાની છે; એ સંસારની-વિષયોની ગાઢ આસક્તિ ઊભી રાખવી હોય ત્યાં શે તૂટે ? ના, ગાઢ મિથ્યાત્વ, ભવની નિર્ભયતા, અતત્ત્વનો આગ્રહ, અનંતાનુબંધી રાગદ્વેષ, પુદ્ગલરસિકતા, આ બધા અકુશળ આશ્રવો છે. એ જો દુન્યવી આરંભ-સમારંભ, પરિગ્રહ, વગેરે પાપો સાથે ઊભા હોય, તો અશુભ કર્મબંધ જે થાય, તેને અનુબંધવાળો બને છે; અર્થાત્ પછી જેની પરંપરા ચાલે; કેમકે એનો જ્યારે ઉદય થવાનો, ત્યારે બુદ્ધિ એવી પાપરક્ત, મિથ્યા અને મૂઢ રહેવાની કે નવાં અશુભ સર્જન ચાલુ ! એક નાગણમાંથી સો સાપોલિયાં ! અને એમાંની એકેક નાગણમાંથી પાછા સો સો સાપોલિયાં ! ચાલી પરંપરા !

માટે જ એ અનુબંધદાયી મૌલિક અશુભ આશ્રવોને એટલે કે પાપના દરવાજાને બંધ કરવા જોઈએ. કર્મના બંધનું કારણ અવિરતિ-કષાય-યોગ. અને કર્મના અનુબંધનું કારણ આ અકુશળ આશ્રવો-મિથ્યા મતિ, ભવરુચિ, અતત્ત્વનો આગ્રહ અને વિષય-કષાયનો આવેશ. અવિરતિ, કષાય આદિ તો કર્મ બંધાવે, પણ સાથે આ મિથ્યામતિ વગેરે ભળેલા હોય તે પેલા બંધાતા કર્મને રસાળ ક્ષેત્ર જેવા કરી દે છે; જેથી એમાં નવા કર્મપાક સહેલાઈથી થાય. માટે આ અશુભ આશ્રવનો પ્રતિઘાત કરવાનો છે. ઘાત એટલે નાશ, પણ પ્રતિઘાત એટલે મૂળગો, સર્વથા નાશ. બિચારા ક્ષુદ્ર-તુચ્છ-છીછરી મતિવાળા ભવાભિનંદી જીવને આ ગળે જ શાનું ઊતરે ? મતિ પહોળી-વિશાળ અને ઊંડી-ગંભીર બન્યા વિના જડનાં હિત ભુલાઈ આત્માનાં હિતની વાત એમાં પ્રવેશ પામતી નથી. માટે તો એમાં ગુણબીજનું આધાન થતું નથી.

**ગુણબીજ એટલે ?** ગુણો તરીકે મુખ્યતયા સર્વથા વિરતિગુણ, સૂક્ષ્મ અહિંસા ગુણ, સત્ય ગુણ,...પ્રાણાતિપાતવિરમણ ગુણ, મૃષાવાદવિરમણ ગુણ, વગેરે ચારિત્રધર્મના ગુણો. એનાં બીજનું સ્થાપન એ ગુણ બીજાધાન. એ ગુણબીજ આત્મક્ષેત્રે પડવા માટે પાપ-પ્રતિઘાત પહેલો કરવો જ પડે. ત્યારે બીજ શું ? બીજ એ ધર્મગુણોની વાસ્તવિક પ્રશંસા, આકર્ષણ, રુચિ. આ હિંસાવિરમણ આદિ ધર્મ ગુણ ક્યારે રુચે ? એના તરફ ચિત્ત ક્યારે આકર્ષાય ? પ્રશંસા ક્યારે થઈ આવે ? પાપ

પ્રતિઘાત કર્યો હોય ત્યારે જ એ ધર્મગુણોની ઉપાદેયતા લાગે, દિલ એને ઝંખે કે ક્યારે પ્રાપ્ત થાય ! પરમ સુખનું એ જ સાધન દેખાય. 'એ જો પ્રાપ્ત છે તો બધું પ્રાપ્ત છે; અને એ જો પ્રાપ્ત નથી તો કશું જ પ્રાપ્ત નથી.,-એમ લાગે; બીજું પ્રાપ્ત પણ નકામું ! શું કરે એને ? અભવ્યને ઠેઠ દ્રવ્ય ચારિત્ર-સાધુપણું મળે છે, પણ એ પ્રાપ્તિ અંતે ફુજૂલ નીવડનારી.

**ગુણબીજનું ફળ સાધુ ધર્મ :-**

ગુણોનું બીજ પડે એટલે હવે ગુણોનો પાક તૈયાર કરવાની પ્રક્રિયા શરૂ થાય. ગુણોના પાક રૂપે શું તૈયાર કરવું છે ? સાધુધર્મ; કેમકે એ અવસ્થામાં અહિંસા-સત્ય વગેરે ગુણો, ક્ષમા-મૃદુતા આદિ ગુણ, જ્ઞાનાચાર આદિ પંચાચારના સુંદરગુણ, એમ ગુણસમૂહ જ પ્રગટ રહે છે; એની સાથે થોડા પણ હિંસા વગેરે દોષો નહિ ! શ્રાવકને સ્થૂલ અહિંસા ઈત્યાદિ ગુણોની સાથે અમુક હિંસાદિ દોષ બેઠા છે. પણ સાધુને છે એ ? ના, એમને તો ત્રિવિધ હિંસાદિ ત્યાગ ! એકલું જ્ઞાનાચાર-દર્શનાચાર વગેરેનું જ જીવન. પણ કોઈજ આરંભ-પરિગ્રહના પાપ-આચારનું નામ નહિ ! ક્ષમા એટલે બસ ક્ષમા. નામ જ ક્ષમાશ્રમણ ! કોઈ ક્રોધ નહિ, અભિમાન નહિ...! ગૃહસ્થને બિચારાને સંસાર-ઘરવાસના હિસાબે આરંભ-વિષય-પરિગ્રહના પાપાચાર, ને ક્રોધ, લોભ વગેરે સેવાઈ જાય છે. એટલે કહેવાય કે ગુણોનો પૂર્ણ પાક સાધુધર્મમાં છે. શ્રાવક ધર્મમાં સ્થૂલથી અહિંસાદિ લેવાય એ ગુણબીજ પર અંકુર, થડ, છોડ વગેરે પાક થવાની અવસ્થા છે.

**અન્ય ધર્મમાં આ ન મળે :-** તીર્થંકર ભગવાને કેવું અદ્ભુત લોકોત્તર ધર્મશાસન બતાવ્યું કે એમાં આવા સાધુધર્મના માત્ર ગુણોને જ અવકાશ છે ! એ અહિંસાદિ મહાવ્રતો અને એ પંચાચાર બીજા ધર્મશાસનમાં ન મળે, ભલેને બધું છોડી જંગલમાં જઈ તાપસ બની બેઠાં, પણ આ ગુણોનું જ જીવન નહિ, એ તો અગ્નિ ય સળગાવે, નદીમાં ન્હાય પણ ખરા, અને ગૃહસ્થને 'તું શ્રીમંત થા, પુત્રપરિવારાદિવાળો થા' વગેરે આશીવાર્દય આપે. બલિહારી છે જિનશાસનની કે એમાં આ મળે છે. બીજે એ પાળવાની વાત તો દૂર, પણ એના તરફ દૃષ્ટિ ય નથી 'આવો કોઈ લોકોત્તર માર્ગ છે,' એની ખબરે ય બિચારાને નથી પડતી ! દોષ હજી સેવાતા હોય છે, છતાં એને દોષરૂપ દેખવા જેટલી ય સ્થિતિ ત્યાં નથી. તમને, મહાન ભાગ્યોદય છે કે આ દેખવા-સમજવા મળે છે, તાકાત હોય તો પાળવા મળે છે !

**સાધુ ધર્મ પર પ્રેમ ક્યારે ? :-** તો પછી આ વસ્તુની કદર કેટલી ? કહો ને 'કદર છે માટે તો નમો લોએ સવ્વાસાહૂણં કરીએ છીએ;' પણ જરા ઊભા રહી



વિચારવું પડશે કે સાધુને નમસ્કાર ખરેખર અસાધુધર્મરૂપ ઘરવાસ અકારો લાગી ગયો છે માટે સાધુને નમી પડો છો ? કે એમ જ બોલવારૂપે ? યા સાધુતા ય બરાબર, ને ઘરવાસે ય બરાબર,' એમ માનો છો ? શું બંને બરાબર માની શકાય ? સાધુધર્મ એટલે જરાય હિંસા નહિ, પરિગ્રહ નહિ, દુન્યવી સંબંધ-વ્યાપાર નહિઃ અને ઘરવાસ એટલે એ બધુંય ખરું. જો આમાંથી એક સારું તો બીજું ખોટું જ ઠરે. સત્ય સારું તો જૂઠ ખોટું. દયા સારી તો ખૂન ખરાબ જ કહેવાય. કપડા પર જો ઉજ્જવળતા સારી, તો મેલ પણ સારો કેમ કહેવાય ? એમ જો સાધુધર્મ બરાબર, તો પછી ઘરવાસના આરંભ-પરિગ્રહાદિ શાના બરાબર ? સાધુધર્મ પર પ્રેમ ત્યારે જ સાચો મનાય કે હિંસારંભ-પરિગ્રહાદિભર્યા ઘરવાસ પ્રત્યે અણગમો-અકળામણ હોય. આનો અર્થ જ એ કે પાપનો પ્રતિઘાત કરી હૈયે ગુણબીજનું આરોપણ કરો, ગુણ સાધુધર્મ પ્રત્યે હૃદયની કાંક્ષા ઊભી કરો.

**સાધુધર્મની પરિભાવના એટલે ? :-**

સાધુધર્મના ગુણો પર ચાહના ઊભી થયા પછી હવે એ પામવા માટે એ ગુણબીજનું સિંચન-વર્ધન કરવું પડે. એ સિંચનની પ્રક્રિયાને અહીં 'સાધુધર્મની પરિભાવના' કહેવામાં આવે છે. ભાવના એટલે ભાવભરી વિચારણા, અને પરિભાવના એટલે એ ભાવભરી વિચારણાના વારંવારના અભ્યાસથી એનો વિષય પામવાની પુષ્ટ થતી યોગ્યતા, શક્તિ અને લગની. પ્રસ્તુતમાં વિષય સાધુધર્મ છે એટલે સાધુધર્મની શક્તિ, યોગ્યતા અને ઝંખના વધે એવી પરિભાવના કરવાની છે. એ કાંઈ એમ જ માત્ર મનોમન ભાવવાની વસ્તુ નથી, પરંતુ એમાં સાથે ચોક્કસ પ્રકારની પ્રક્રિયા આચરવાની છે. સૂક્ષ્મ કોટિના પંચ મહાવ્રત, પંચાચાર, દશ પ્રકારની સામાચારી અને પાંચ સમિતિ-ત્રણ ગુપ્તિ વગેરેનો સાધુધર્મ એ કાંઈ સહેલી વસ્તુ છે કે જીવન ગમે તેવું રેઢિયાળ અને મોહમય પ્રવૃત્તિઓથી જ ભર્યું ભર્યું રાખ્યે જવા પર પણ ખાલી ભાવનાના બળે પ્રાપ્ત થાય અને પળાય ? ના, એ માટે તો જીવનને પલટવું જોઈએ, ચોક્કસ માર્ગે ઘડવું જોઈએ કે જે સાધુધર્મને યોગ્ય ભૂમિકા રૂપ હોય, આ પરિવર્તન અને ઘડતર એ છે સાધુધર્મની પરિભાવના.

એ કર્યા વિના એમ જ તફડંચી રૂપે તો સાધુધર્મ પ્રાયઃ અનંતી વાર ઊંચક્યો, પણ વળ્યું શું ? કાંઈ જ નહિ; કેમ એમ ? કહો વાસ્તવમાં આભ્યન્તર સાધુધર્મ શું છે એનો સ્વપ્ને ય ખ્યાલ આવ્યો નહોતો. પછી એ માટે તો રીતસર ઘડતર કરવું જોઈએ એ ભાન જ ક્યાં ? ધર્મને તો આત્માના સહજ સ્વભાવમાં ઉતારવાનો છે, સહજ સ્વભાવરૂપે આરાધવાનો છે. સાધુધર્મમાં મુખ્ય સંયમ અને તપ, અને સહજ સ્વભાવે આરાધવાનું ક્યારે બને ? ઘરવાસમાં રહ્યો ત્યાંસુધી એ માટેની કશી

ભૂમિકાનો પ્રયત્ન કર્યો નહિ, તે હવે એકદમ જ ઘર છોડતાં શું તરત જ સંયમ અને તપને સહજ સ્વભાવના બનાવી દેશે ? ઘરમાં છે ત્યાં સુધી સહેજે સહેજે જો અસંયમની ધૂમવૃત્તિ મનમાં ઊઠે છે અને અમલમાં આવે છે, તો હવે એકાએક સંયમ જ મનમાં સહેજે ઊઠવાનું ? સહજ પ્રવૃત્તિ એની જ રહેવાની ? એમ જ્યાં સહેજે સહેજે ખાવાની, ભોગવવાની, અને મોહઘેલી વાતો કરવાની જ વૃત્તિઓ ઉઠ્યા કરતી હતી તે કપડા બદલવા માત્રથી એકદમ જ તપસ્યાની ત્યાગની અને શ્રુતસ્વાધ્યાયની જ વૃત્તિ જાગતી રહેશે ? કહો, એ માટે તો પહેલાં ઘરમાં રહ્યા કેટલું મથવું પડે. ક્રોધ-લોભના કેટલાય પ્રસંગોમાં મન પર અંકુશ મૂકી મૂકી ક્ષમા અને નિસ્પૃહતા કેળવ્યે જવાય, પાછું એ માટે કેટલીય ભાવનાઓમાં રમતા રહેવાય ક્રોધ-લોભાદિના ભયંકર અનર્થો પર હૃદયવેધી ચિંતવનો કર્યે રખાય, ત્યારે ભૂમિકા સર્જાય છે.

આવું કાંઈ બનતું નથી, એક પૈસા માટે મરૂકે જવાય છે, એક રૂપાળી ચીજ જોતાં આંખ મલકે છે, સહેજ માન મળતાં છાતી ફૂલે છે, આવી ગુલામીમાં ટેવાયેલો હવે સાધુનાં કપડાં પહેરી લેવા માત્રથી શું પૈસાને ભયંકર સમજશે ? વિષયોના રૂપરંગ પ્રત્યે ઘૃણા કરશે ? માનસન્માનથી ભડકી ઊઠશે ? ભગવાન ભગવાન કરો ! જડની જ માયામાં ઓતપ્રોત થયેલાને ચેતન આત્માના ગુણો ફરસી શકે નહિ. એ માટે તો અનાદિ અનંતકાળના અભ્યાસના રાહેથી ઊલટા રાહે ચાલવું પડે. ત્યારે સંસાર-સમુદ્રના મધ્યમાંથી કિનારા તરફના માર્ગમાં અવાય. કહે છે ને,

**'એક અચરિજ પ્રતિસ્રોતે તરતાં, આવે ભવસાયર-તટમાં'**

-અર્થાત્ એક આ આશ્ચર્ય છે કે પ્રતિસ્રોત યાને ઊલટા વહેણે, વહેણથી ઊલટા તરતાં જીવ ભવસમુદ્રના કિનારાના પ્રદેશમાં આવે છે. આ ઊલટું વહેણ એટલે ઇન્દ્રિયો અને મન માંગે તે કરતા હતા એના બદલે હવે ઊલટું કરવાનું; અર્થાત્ એને પસંદ હોય તે છોડવાનું અને ના પસંદ આચરવાનું. મનને ઈષ્ટમાં રાગ કરવા જોઈતો હતો તે હવે વૈરાગ્ય જ કરવાનો; અનિષ્ટમાં અરુચિ, દ્વેષ કરી એનાથી દૂર રહેવા જોઈતું હતું, તે હવે અનિષ્ટને વધાવી લેવાનું, અને લેશમાત્ર અરુચિ-અણગમો નહિ કરવાનો. આવું કરતાં કરતાં ભવસાગરના તટ પાસે અવાય. એવી સંપૂર્ણ સ્થિતિ ઊભી કરવા માટે ભગીરથ અભ્યાસ જોઈએ, એજ સાધુધર્મની પરિભાવના.





સાધુ મહાત્માના વારંવાર સમાગમ કરવાથી આ શક્ય બને છે. એમ જીવનમાં જો ક્યાંક ધક્કો લાગી ગયો અને તેના પર જીવ સીધી લાઈનના વિચાર પર ચઢી જાય તો પણ અનાદિનો વિપરીત રાહ પલટવાનું કરે છે. જુઓ પેલા શ્રીકાન્તશેઠને કેવો ધક્કો લાગે છે.

ચોરી કરવા નીકળેલા શ્રીકાન્તને રસ્તામાં રાજા અને મંત્રી જ ભેટી પડ્યા છે. કેવી મુશીબત !

**ભાગ્યનો ચમત્કાર :-** ત્યારે ભાગ્ય કેવું વિચિત્ર કામ કરે છે ! શ્રીકાન્તને રાજા પકડી રખાવવાને બદલે એનો ઉત્તર વિચિત્ર માની અને પાછો બેધડક સામો આવતો જોઈ અભયકુમારને કહે છે, 'આ કોઈ પાગલ લાગે છે ! લ્યો કહે છે હું રાજાનો ભંડાર ચોરવા જાઉં છું ! પાગલતા નહિ તો બીજું શું ? જવા દો એને. ચાલો આપણે આગળ.'

અભયકુમારની બુદ્ધિ પણ અહીં અટકી ગઈ. 'ચોર તો સંતાતો રહે; અને નથી ને પકડાય તો તો કાંઈ બીજા-ત્રીજા જ ગલ્લાતલ્લાં કરે, બસ આવું અહીં નથી માટે આ ખરેખર ચોર પણ નહિ, ને કોઈ શાણો ય નહિ,'-આ હિસાબે માંડી પાગલમાં ગણી કાઢ્યો.

થયું, બંનેની પાસે થઈને શ્રીકાન્ત બેધડક રીતે ચાલ્યો આગળ. બંનેએ એને જોવા સરખો કે વધુ પૂછવા સારુ ય ઊભો ન રાખ્યો કે 'કોણ છે ? કેવો માણસ છે ?'

**ભાગ્ય અને ભવિતવ્યતા સામે ધારણા શું કરે ? :-**

કહો આમાં માણસની યોજના ક્યાં કામ લાગે ? આવી અંધારી મધરાતે એકલો માણસ મળે અને પાછો પોતે કહે 'હું ચોર છું' ત્યાં કૌતુકની ખાતર પણ મનને શું એટલું ય ન થાય કે 'લાવ જોવા તો દે એની પાસે શું શું છે ? પૂછવા દે ક્યાં રહે છે ? એનાં સગાં-સ્નેહી કોણ છે ?' ના, અહીં તો રાજાને વિચાર જ નથી આવતો ત્યારે શ્રીકાન્તની પણ એ કાંઈ ચોક્કસ ધારણા નથી કે 'અહીંથી હું છૂટી જ જઈશ.' બસ, વગર અડચણે સીધો ચાલ્યો જાય છે. કહેવું પડે કે એમાં ભાગ્ય અને ભવિતવ્યતા કામ કરી રહી છે. એ સૂચવે છે કે જે માણસ એમ ઓરતા રાખે કે 'બસ આ રીતે આ કામ કરું અને ધાર્યું બની જ આવવાનું,' એ વધારે પડતા ઓરતા છે. કદાચ એમ ન પણ બને, ભવિતવ્યતા કોઈ જુદી જ હોય તો ધાર્યું તો ન બને પણ ઉપરથી અણધાર્યું કાંઈ જુદું જ બની આવે. એમ ભાગ્ય વાંકું હોય તો ધાર્યું કરવા જતાં લેવાના જ દેવા થાય. માટે અનુચિત ધારવા-

આચરવાની લત ખોટી છે; તેમજ ઉચિત પણ આગ્રહ સાથે ધારવું કે 'આમ થવું જ જોઈએ' એય ખોટું છે; કેમકે ભાગ્ય યોગે તેમ ન બની શક્યું તો પછી પસ્તાવો ઊભો થવાનો; આગ્રહ નથી રાખ્યો તો પસ્તાવાને અવકાશ નથી. ફળ ભાગ્ય પર અવલંબિત છે. સારો પુરુષાર્થ કરવો એટલો જ આપણો અધિકાર; પરિણામ જે આવવું હોય તે આવે; અને ધાર્યું ન બન્યું તો ચિંતાય શી ? સત્પુરુષાર્થનું આંતરિક શુભ ફળ તો નિશ્ચિત ઊભું થઈ જ ગયું છે.

**બીજી આપત્તિ :-** શ્રીકાન્ત રાજાની નજરમાંથી આબાદ ક્ષેમકુશળ છૂટી ચાલ્યો જાય છે. ભાગ્યશાળી ને ? પણ હજી ખીલવાની જરૂર નથી. કેમકે જુઓ, શ્રીકાન્ત રાજાના ભંડાર સુધી પહોંચી તો ગયો, કળા-કૌશલ્યથી ઝવેરાત ઉપાડ્યું ય ખરું, અને વસ્ત્રમાં છૂપું લપેટી પાછો ય વળે છે; પણ ત્યાં રસ્તામાં પાછા વળતાં એને ફરી રાજા શ્રેણિક અને અભયકુમાર મળ્યા ! શ્રીકાન્ત ચોંકી ઊઠે છે 'આ શું ? પેલી વખત તો ભાગ્ય જોગે છૂટ્યો, પાછા એ જ આ સામે આવી રહ્યા છે ? હવે ક્યાં પાછો વળું ? અગર ગલીમાં ય ક્યાં ઘૂસી જાઉં ? એમ તો વહેમ પડી જાય. પછી એ કાંઈ પીછો ન છોડે ! અને આજુબાજુ બીજા કોટવાળો ય...કાંઈ નહિ; ચાલવા દે એમ જ; જોયું જાશે !'

**જીવનમાં સટ્ટા :-** શું જોયું જાશે ? હવે તો ચોરીનો માલ સાથે છે, ત્યાં બે જમના દૂત જેવા સામે દેખાય છે ! જાણે જમરાજે તેડવા મોકલ્યા ! પણ બીજું કરે શું ? અને જિંદગીમાં આવા સટ્ટા કેટલાય ખેલાય છે ને ? એમાં લપડાક પણ પડે, છતાં જીવ-સટોરિયાને આવા જોખમી સટ્ટાભર્યા પાપજીવન પર આશ્ચર્ય છે કે, કંટાળો નથી ! એટલે જન્મથી માંડીને નવનવા સટ્ટા ખેલે છે. અને પાપમાં હોંશે હોંશે ઝંપલાવે છે !

જન્મીને જુઓ, બચપણમાં બાળક ખસતું સીડીના નાકે કે ઓટલાની કિનારે પહોંચી જાય છે. જોવાનો મોહ છે કે નીચે શું છે. આ સટ્ટો છે, કદાચ પડે !

મોટું થયું શેરીમાં ખેલવા જાય છે; સટ્ટો છે, કદાચ કોઈ છોકરો કે જનાવર તોફાન કરી મારે ! પણ રમવાનો મોહ લઈ જાય છે.

પછી નિશાળિયો થયો. ભણવામાં બાર મહિના માથે છે, પણ પરીક્ષામાં પાસ થવાનો સટ્ટો છે. ભલે સટ્ટો પણ ખેલવો છે. આખું ય ભણતર સટ્ટો છે, કોને ખબર આગળ નોકરી-ધંધો મળે કે નહિ, યા કેવો ય મળે ?

પછી લગ્ન કરે છે એ પણ સટ્ટો ! ખબર નથી કે 'પત્ની કેટલું જીવશે ? સાજી રહેશે કે માંદી ? કેવી નીકળશે, સુશીલ ? પ્રેમાળ કે ડંખીલી ? સેવા કરનારી કે સેવા લેનારી ?' એવું જ સ્ત્રીને માટે પતિનો સટ્ટો.



આગળ એમ સંતાનના માબાપ બનવામાં ય સટ્ટો. ખબર નથી કે એ કેવા નીવડશે ? સંતાનને પરણાવવામાં ય સટ્ટા ! શી ખબર પુત્રવધૂ કેવી નીકળશે ? જમાઈ કેવો નીવડશે ?

ધંધો ભલે કાપડનો, પણ એય સટ્ટો; ખબર નથી ધંધો બરાબર ચાલશે કે કેમ ? કોઈ શરાફ, વેપારી, ઘરાક નવરાવી તો નહિ નાખે ?

નોકરી ય સટ્ટો છે. કોને ખબર શેઠનું બરાબર ચાલશે કે કેમ ? અથવા નોકરી કાયમ ટકશે કે કેમ ?

સારાંશ, જ્યાં માથે કર્મની સત્તા બેઠી છે, એ ગમે ત્યારે ગમે તેવા ઉદય દેખાડી શકે છે, ત્યાં ભરોસો નથી કે કેવા ય બનાવ બને ! કર્મસત્તા જે પ્રવૃત્તિના ફળ ઉપર વિચિત્ર રીતે ત્રાટકી શકે છે, તે બધી ય સટ્ટા જેવી છે. એના પર શા નિશ્ચિત ધોરણ અને આસક્તિ રાખી ચાલવું ?

**સટ્ટાનું કારણ :-** જીવનમાં આવા સટ્ટા ખેલવાનું કેમ ચાલે છે ? કારણ, જીવ આશાભર્યો છે. કરોળિયો જાળું બાંધતાં કેટલીય વાર નીચે પડે છે; છતાં પાછો હટતો નથી, ઘર બાંધી જંપે છે. એમ આ સંસારમાં અનંત-અનંત કાળ વહી ગયા, જીવ કેટલીય વાર પાછો પડ્યો, છતાં પાછો હટતો નથી. આશાઓ તૃપ્ત કરવા મથ્યો રહે છે; કેટલુંક ધાર્યું બનાવી જંપે છે. પાછો સર્વસ્વ લૂંટાઈ જતાં ફરી એકડે એકથી સટ્ટા ખેલવા મથે છે. નવા જીવનમાં નવા સટ્ટા ! શું લાગે છે ખરું કે આમ જ ચલાવ્યે રાખવામાં આવી જહેમતનો અંત આવે ? જો ના, તો પછી આવું ને આવું ચાલે એમાં વાંધો નથી લાગતો ?

**પ્ર.-** વાંધો તો લાગે છે, પણ લાલચ મુકાતી નથી ને ? **મૂર્ખ સાહસ : ઘાંચીનો બેલ :-**

**ઉ.-** આ કોણ બોલે છે ? બુદ્ધિમાન અને સ્વાધીન મનુષ્ય કે મંદબુદ્ધિ પરાધીન પશુ ? કોણ બોલે છે ? જે મહાપુણ્યોદયે વિશિષ્ટ બુદ્ધિશક્તિ અને સત્ પુરુષાર્થની સ્વાધીનતા મળી છે, એની કદર છે ખરી ? ઉત્તમ પ્રાપ્તિની કદર નહિ કરાય તો તો પુનઃપ્રાપ્તિની નાલાયકી ઠરાવા સાથે એ ખૂંચવાઈ જ જવાની છે. એટલું ય મૂર્ખ સાહસ કરી અહીં સટ્ટા ખેલ્યે જવામાં પણ મનમાની પૂર્ણપ્રાપ્તિ ક્યાં છે ? નિશ્ચિન્ત સુખશાંતિ છે ખરી ? ઘાંચીના બેલની જેમ રોજ એની એ મોહ-માયારૂપી ઘાણીને આંટા માર્યા કરવાનું કેમ ગમે છે ? તાત્ત્વિક સુખ કશું નહિ, ઊલટું વારંવાર ઈષ્ટ વિયોગ અને અનિષ્ટ સંયોગના શોક, ઉદ્વેગ, ચિંતા, સંતાપ, સ્નેહીઓનાં રિસામણાં, કોરા સ્વાર્થીઓ તરફથી લૂંટ, આપણે ઉપકાર કરેલાના પણ અસદ્ભાવ-દુર્ભાવ, આ બધું અનુભવવું પડે ! બોલો ખરું કે નહિ ? છતાં લાલચ

મૂકવી નથી ? સટ્ટા ખેલ્યે જવા છે ? સટ્ટો લગાડે બટ્ટો એ જાણો છો ને ?

**નક્કર વેપાર કયો ? :- પ્ર.-** સટ્ટો મૂકવા શું કરાય ?

ઉ.- સટ્ટો મૂકી નિશ્ચિત નક્કર લાભનો વેપાર કરાય. છે એવો વેપાર. એ વેપાર ધર્મનો છે. એમાં સટ્ટો નથી, જોખમ નથી, લાભમાં શંકા નથી. ખાવાનું કર્યું તે તો શરીર બરાબર ચાલે એ માટે; પણ એ ઉદ્દેશ સરવાનું હંમેશ માટે નક્કી નથી; કેમકે કાયા બરાબર ન ચાલે એવું ય બને છે. માટે એ સટ્ટો. ત્યારે તપસ્યાધર્મ એ નિશ્ચિત લાભનો વેપાર છે. પહેલા નંબરમાં એટલું આહાર સંજ્ઞાનું પાપ છૂટે એ નિશ્ચિત્ત લાભ છે. એમ કર્મની નિર્જરા પણ અવશ્ય સધાય જ છે.

દુનિયામાં વેપાર કરાય છે કમાણીના ઉદ્દેશથી; પણ કમાણી નક્કી નથી; માટે એ વેપાર એ સટ્ટા. ત્યારે દાનધર્મ કરાય, બે પૈસા પરમાર્થના માર્ગે ખરચાય, એમાં એટલી મૂર્ચ્છા કપાવાનો, તથા એટલું પાપમાર્ગે જતું બચવાનો નિશ્ચિત લાભ છે. એમ શુભ ઉદ્દેશથી સત્ પાત્રમાં કરેલ સમ્યગ્દાનથી પુણ્યાનુબંધી પુણ્યનો નિશ્ચિત લાભ છે. માટે દાનધર્મ એ સટ્ટો નહિ પણ નક્કર શાહજોગ વ્યાપાર છે.

ઇન્દ્રિયોના વિષયોની પ્રવૃત્તિ એ સટ્ટો છે, કેમકે એમાં લાભરૂપે સુખ શાંન્તિનું નક્કી નથી. ત્યારે શીલધર્મ વ્રત-નિયમો, ઇન્દ્રિયનિગ્રહ ત્યાગ વગેરે એ નક્કર લાભનો વ્યાપાર છે. મન એટલું અંકુશમાં આવે, પાપબંધથી બચાય, પુણ્ય મળે, પાપ ખપે, વિષયસંજ્ઞા ઘસાય, આ બધા નક્કર નિશ્ચિત લાભ છે. ત્યાં કર્મસત્તા ત્રાટકી શકે નહિ, માટે એ સટ્ટા નહિ, નક્કર વેપાર છે.

આમ, જીવનના દરેક સટ્ટાની સામે નક્કર ધર્મવેપાર ગોઠવી શકાય. સટ્ટાની ધૂમ પ્રવૃત્તિઓની વચમાં વચમાં ય જો એ ગોઠવાય તો બચાવને અવકાશ છે; નહિતર તો અંતે એકલી પાયમાલી છે ! બાકી જેટલો જેટલો ધર્મવેપાર આદરાશે એટલા પ્રમાણમાં બચાવ મળશે; સારો આદરતાં આવડશે તો સટ્ટાખોરી પર એની કાતિલ અસર પડશે. એ ઓછી અને ઓછા રસવાળી બનતી જશે. આટલું વિચારતા રહેવાનું કે આપણા અનંત ઉપકારી જગતદયાળુ સર્વજ્ઞ ભગવાન જિનેશ્વર દેવોએ આ અનેકવિધ ધર્મવેપાર બતાવ્યો છે, તો એ નાથના જો સાચા સેવક હોઈએ તો એને ખૂબ આદરીએ એમાં જ શોભા છે, કલ્યાણ છે.

શ્રીકાન્ત સટ્ટો ખેલે છે. રાજાના હાથમાંથી આબાદ છૂટ્યો છતાં ચોરી કરવા ગયો જ; ઝવેરાત ઉપાડ્યું; અને હવે પાછો વળે છે. પરંતુ નસીબ બે ડગલા આગળ તે ફરી રાજા અને અભયકુમાર રસ્તામાં ભેટી પડ્યા ! હવે તો બગલમાં ચોરીનો માલ છે, અને પહેલાં રાજાને કહ્યું છે કે 'ભંડાર ચોરવા જાઉં છું,' તે જ રાજા અહીં સામેથી આવી રહેલ છે ! હવે શું એ જડતી ન લે ? અને લે પછી



શ્રીકાન્તની કઈ દશા ?

હવે શ્રીકાન્તને ગભરામણ મોટી થઈ. પહેલાં તો ખાલી હાથે હતો, હવે ચોરીના માલ સાથે છે. રાજાની નજર સામે છે એટલે ઝવેરાતને ક્યાંક ફેંકી દેવા જેવી પણ સ્થિતિ નથી. બસ હવે તો ભાગ્યના આધારે ગબડાવવું રહ્યું.

રાજા પૂછે છે 'કોણ છે એ...?'

શ્રીકાન્ત કહે છે, 'એ જ હું ચોર.'

રાજાને એની પાગલતાનો ખ્યાલ છે એટલે હસીને પૂછે છે 'કેમ ? ચોરી કરી આવ્યો ?'

આને સત્યનું વ્રત છે એટલે સીધું જ કહે છે 'હા કરી આવ્યો.'

હવે તો જરાક એટલું જ પૂછવાનું હતું કે 'બતાવ, શું ચોરી આવ્યો ?' પણ શ્રીકાન્તનો નજીકના કાળમાં મહાન ભાગ્યોદય છે, એ રાજા અને મંત્રી બંનેની બુદ્ધિ પર એવું અંજામણ કરી દે છે કે એવું કશું પૂછવાનું દિલ જ નથી થતું. વળી ચોર અને સાચું કબૂલે એ જગતની અસંભવિત વસ્તુ છે, એવો મદાર બાંધ્યો એટલે આ કોઈ અસાધારણ પ્રસંગ હોવા તરીકે કલ્પના જ ન થઈ, પરિણામ ? રાજા ફેર એને પાગલ તરીકે જ ગણી કાઢે છે. પાછો પોતાને ગર્વ પણ છે કે 'મજબૂત ચોકી પહેરા નીચેના મારા ખજાનામાંથી વળી ચોરી શેની થાય ?' આ પણ એક સટ્ટો જ છે ને ? ખબર નથી કે 'મહા ઉસ્તાદો ખજાનામાં ય કાણું પાડી દે ! ભરોસે અને અભિમાનમાં રહેનારા કેઈ ઠગાઈ ગયા ! અડધા નહિ આખા ને આખા ખજાના ઊપડી ગયા ! રાજ્યના રાજ્ય ઝૂંટવાઈ ગયા !' પણ અભિમાન અને ભરોસો આ સમજવા દેતા નથી. જીવ એમ જ કુટાય છે. આયુષ્ય, આરોગ્ય અને અનુકૂળતાઓના ભરોસે જ ધર્મની મહાકિંમતી તકને જતી કરો છો ને ? દૈવને એ ભરોસો જ ભાંગતાં શી વાર ? પછી શું કરો ? પછી તો ધર્મની તક ગઈ !

માટે જ ચેતવા જેવું છે કે 'આયુષ્ય, આરોગ્ય અને અનુકૂળતાઓ એ ભરોસો રાખવા લાયક નહિ. એને તો કહેતા રહીએ કે 'તમારો કોઈ ભરોસો કરું નહિ, તમે ક્યારે તૂટો શો પત્તો ?' માટે જ એ જ્યાં સુધી હાથ પર છે ત્યાં સુધી એને આત્માના લાભમાં ઉતારવાના; પણ કાયા અને ઇન્દ્રિઓના લાભમાં ઉતારવા જેવા નહિ. જેટલો બને તેટલો એનાથી ધર્મનો વેપાર કરી લેવો જોઈએ. રાજા પોતાના મજબૂત ખજાનાના ભરોસે રહ્યો, અને શ્રીકાન્તને એમ જ ચાલી જવા દીધો.

**ભાગ્યનો માર, અને કાળું હૃદય, બે શા માટે ? :-**

શ્રીકાન્ત બીજી વાર પણ રાજાની નજરે જ ક્ષેમકુશળ ચાલી ગયો. આ એક

અકસ્માત્ ઘટના બની. એની શ્રીકાન્તના મન પર ભારે અસર પડી ગઈ. વાઘના પંજામાંથી શાનું છૂટાય ? અને જો છૂટાય તો એ અછેરું જ ને ? માણસ લાખ યત્ન કરી મૂકે, પણ છેલ્લું જજમેન્ટ ભાગ્ય બહાર પાડે છે. ત્યારે તો આ વિચારવા જેવું છે કે જીવ જે હદ બહાર લોભનો માર્યો, યા ખોટા અભિમાનમાં ચઢીને, કે ઝેરી ઈર્ષ્યાવાળો બનીને દોડાદોડ કરવા જાય છે, ને અયુક્ત પ્રવૃત્તિમાં ચડે છે, પણ ત્યાં નસીબના અંતિમ ફેંસલા સામે કેટલું ઊપજવાનું ?

ઊંધા વેતરણમાં તો કેટલીય વાર ભાગ્યનો માર ખાવો પડે છે ! તો માર બી ખાવો અને હૃદય કાળું ય કરવું, આ ક્યાંનો ન્યાય ? બહેતર છે કે હૈયું નિર્મળ રાખી ભાગ્ય કરે તે જોયા કરવું.

ભાગ્યે કોઈને યારી આપી એને અનુકૂળતા કરી દીધી. હવે આપણે એના પર ઈર્ષ્યા કરવાની શી જરૂર ? શા સારુ આપણું જ હૈયું બાળવાની મૂર્ખાઈ કરવી ? એથી શું મળવાનું ? ભાગ્ય તો એનું પોતાનું કામ કરતું રહેવાનું છે, ત્યારે આપણે મફતમાં પરમાં માથું મારીને હૃદયદાહ, કડવા બોલ, ચિત્તની અસમાધિ અને કર્મના ભાર વહોરવાના થાય.

પરનો જ વિચાર કરવો હોય તો જગતમાં સારા માણસો ક્યાં નથી, કે એમનું સારું જોઈએ ? તો હૈયામાં આહ્લાદ પણ થાય, ગુણાનુરાગનો મહાન ધર્મ થાય, અને આપણા પુણ્યની વૃદ્ધિ તો થાય. ભાગ્યતત્ત્વ પર અટલ શ્રદ્ધા જોઈએ કે જગતમાં કેઈ પ્રકારના જબરદસ્ત ખેલ જમાવવામાં ભાગ્ય પાવરધું છે. એમાં કોઈની દખલ એ બરદાસ્ત કરતું નથી. સાવ નિર્બળને મહાધનાઢ્ય બનાવે છે, અને મહા પાપીને સત્તાધીશ બનાવે છે. તો ધનવાનને રંક અને સત્તાવાળાને ગુલામ પણ કરી નાખનાર ભાગ્ય છે. જીવને હમણાં મોટો દેવ અને પછી વળી જનાવર બનાવનાર પણ ભાગ્ય છે. જીવનમાં અનેક ઘટનાઓ એ સર્જે છે. એ જ અઘટતું ઘડે છે અને ઘટતું ફોડી નાખે છે.

**જીવન-કર્તવ્યો :-** આ બધો યથેચ્છ નાચ ભાગ્યનો ચાલતો હોય, ત્યારે ડહાપણ તો એ છે કે એનો ખ્યાલ રાખી,

- આપણે આડીઅવળી લપછપમાં ન પડવું. વેરઝેરમાં ન ઊતરવું.
- બીજાની ઉપર દુર્ભાવ-તિરસ્કાર-વિરોધ નહિ કરવા,
- જાતના અહંત્વ-બડાઈ અને દુરાગ્રહમાં ન તણાવું.
- લોભ, તૃષ્ણા, મોહ મમત્વને વોસિરાવવા,
- જ્યાં કોઈ અસદ્ ભાવ હૈયે જાગે કે તરત આપણા કે સામાના ભાગ્ય પર દૃષ્ટિ લઈ જવી, ભાગ્યની બલવત્તા વિચારવી,



- ભાગ્યનાં ચમકારા સામે આપણે શાંત-સ્વસ્થ બન્યા રહેવું.
- **'અવધુ સદા મગનમેં રહના.'**

જેથી આપણા જ માથે પછી નવાં અશુભ ભાગ્યની સત્તા ન ઊભી થાય.

**સત્યની ટેક :-** શ્રીકાન્ત બચી તો ગયો, પરંતુ એણે જ્યારે સાચો ઉત્તર દીધો ત્યારે એને ધારણા નહોતી કે બચી જવાશે. એમાંય બીજી વાર તો બગલમાં ચોરીનો માલ હોય અને કહેવું કે 'હા ચોરી કરી આવ્યો' ત્યારે તો સહેજે મનમાં લબુલબુ હોય કે આ પછી કહેશે 'બતાવ ત્યારે ! શું ચોરી આવ્યો ?' અને એ વખતે માલ બતાવવો પડે ત્યારે કઈ દશા ? આવા સંયોગમાં એણે સત્યની પ્રતિજ્ઞા બરાબર સાચવી એ એની પ્રતિજ્ઞા પ્રત્યે કેટલી બધી દઢતા !

**નર વીરોને યાદ કરો :-** એની ચોરીને આપણે જરા ય સારી ન માનીએ, પરંતુ ચોરીના મહાજોખમની વચ્ચે પણ સત્યને જાળવી રાખવાનું કાર્ય કેટલું બધું કપરું કર્યું ! આજે માણસને વગર જોખમની સ્થિતિમાં ય જુઠ્ઠાં બોલવાં જોઈએ છે. કોઈ એવી મોટી નુકસાનીનો ભય નથી છતાં ય અસત્ય બોલવા સુધી હૈયું ધિટ્ઠું હોય છે. વિચાર નથી કે 'મહાભયંકર આપદા સામે પણ નરવીરો સત્ય ચૂક્યા નથી; તો તદ્દન સામાન્ય સંયોગોમાં ય હું શા સારું નરાધમ બની જુટ્ઠું બોલું ? ભાગ્યને જે સર્જવું હોય તે સર્જવા દો, મારે જૂઠનો ખપ નથી.'

**રઘુકુલ નીતિ :-** સાચું બોલવામાં શ્રીકાન્તનું પરાક્રમ ભારે હતું. પ્રતિજ્ઞા એ કેવી મહત્ત્વની વસ્તુ છે એનો ખ્યાલ હોય તો પરાક્રમ ઊભરાઈ આવે છે. પ્રાણ કરતાં પ્રતિજ્ઞા વધુ કિંમતી લાગવી જોઈએ. કહે છે ને,

**'પ્રાણ જાઈ અરુ વચન ન જાઈ, રઘુકુલ-નીતિ સદા ચલી આઈ.'**

-રઘુકુળમાં એ રીત હંમેશા ચાલી આવી કે પ્રાણ ભલે જાઓ પણ વચન ભંગ ન થાઓ. દશરથે કૈકેયીને વચન આપેલું તે એણે અણીના અવસરે માંગ્યું, કલ્પના બહારનું ભારે માગ્યું, પણ દશરથે ક્ષણવારમાં તે મંજૂર કર્યું ! ત્યારે રામચંદ્રજીએ 'ભરત રાજ્ય લે જ એ માટે હું વનવાસ કરીશ' એ વચન ઉચ્ચાર્યું, પછી ભરત અને ખુદ કૈકેયી પોતાની માગણી પાછી ખેંચી લઈ રામને પાછા ફરવા કરગરે છે, છતાં રામે પોતાનું વચન પડતું ન મૂક્યું. વચન-પાલનના મહાન આત્મધર્મની કમાઈ આગળ વનવાસના કષ્ટ કોઈ કષ્ટ ન લેખ્યા !

આત્માના ગુણ, આત્માનું સત્ત્વ, આત્મામાં જળવાતી શુભ ભાવની વિશુદ્ધિ, એની કિંમત નથી સમજાતી એટલે જ જૂઠ, વચનભંગ, માયા કપટ વગેરે અધમતા સેવાય છે.

**મૂકવાનું મૂકવું જ પડશે, કમાવવાની ચીજ રહી જશે :-**

વિચારવાનું તો એ છે કે જે જડ પદાર્થ, જડ કીર્તિ, તુચ્છ માન-સન્માન વગેરેની ખાતર અધમ દોષ સેવાય છે, એ બધા તો એક દિવસ એકદમ જ મૂકી દેવા પડશે ! અને પરભવમાં મહાન ઉદય દેખાડે એવા સ્વાત્માના ગુણ, સત્ત્વ અને વિશુદ્ધિ કમાવવા રહી જશે ! ઊલટું દીર્ઘ દુઃખદાયી દોષ-દુર્ગુણો, નિઃસત્ત્વતા અને મલિન ભાવ આત્મામાં કૂદાકૂદ કરશે !

**સત્ત્વનાં મૂલ્ય :-** શ્રીકાન્તે પ્રતિજ્ઞા બરાબર પાળી, એમાં સામેથી ભારે આપત્તિના ભયથી ડર્યો નહિ. સત્યવ્રત જાળવવા ભારે પરાક્રમ, ભારે સત્ત્વ દાખવ્યું. જીવનમાં પરાક્રમ અને તે પણ સત્ પરાક્રમ ખેડવાના અવસરે પાછી પાની શું કામ કરવી ? એમાં તો પોતાના સત્ત્વનો નાશ થઈ જાય આત્માને ઊંચા ગુણસ્થાનકે ચઢાવનાર સત્ત્વ છે. એ જો હણી નાખ્યું તો પછી બીજી મનમાની ધર્મક્રિયા કરીએ પણ ઊંચે શાનું ચઢાય ?

**રાજા કુમારપાળને** કંટકેશ્વરી દેવીએ એક બોકડાનો ભોગ આપી દેવા કહ્યું. ત્યાં કુમારપાળને એ વિચાર ન આવ્યો કે 'આટલો ભોગ આપી દઈને જો હું જીવતો રહીશ તો પછી ઘણો ધર્મ કરી શકીશ.' કેમ આવો વિચાર નહિ ? કારણ કે એમાં સત્ત્વ હણાઈ જતું હતું. સત્ત્વને હણી નાખી પછી મુડદાલપણે કરેલ ધર્મથી શો બહુ ભલીવાર વળે ? પછીના બધાય ધર્મ કરતાં અત્યારના મરણાન્ત કષ્ટ સામેના સત્ત્વયુક્ત એક અહિંસા-દયાધર્મના પાલનમાં કુમારપાળને આરાધનાનો વેગ દેખાયો, ઉત્કૃષ્ટતા દેખાઈ ! માટે તો,

**રાજા હરિશ્ચંદ્રે** સત્ત્વ જાળવીને રાજ્ય-ત્યાગ વધાવી લીધો, ભંગીની ગુલામી વધાવી લીધી, પણ સત્ત્વ મૂકી વચનભંગ કરી રાજા બની રહીને બહુ ધર્મ સાધવા-સધાવવાનું પસંદ ન કર્યું. મંત્રીની એ વાત ઠોકરે ચડાવી દીધી, અને તાપસને રાજ્ય સોંપી દીધું.

**સત્ત્વ વિના પણ ધર્મ સાધવાનો :-**

આનો એ અર્થ નથી કે 'તો પછી ઘણો ધર્મ એમ જ કરવા કરતાં કોઈ એકાદ જ ધર્મ સત્ત્વ સાથે કરવો.' ના, એવો અર્થ નથી; કેમકે ધર્મની બધી જ વાતોમાં સત્ત્વ કાંઈ એકદમ પ્રગટતું નથી; છતાં શક્ય ધર્મના અંગોનો અભ્યાસ તો કરતાં જ રહેવું જોઈએ દા.ત. કોઈનામાં દાન કરવાનું સત્ત્વ હોય અને તપ કરવાનું સત્ત્વ ન હોય, છતાં દાનની સાથે સાથે શક્તિ અનુસાર તપસ્યા ગુરુના દાક્ષિણ્યથી ય કરતો રહે, તો તપનો અભ્યાસ પડતાં તપનું સત્ત્વ ખીલે છે. એમ જેનામાં દાનનું સત્ત્વ નથી પરંતુ એ ચારની શરમા-શરમીથી ય યથાશક્તિ દાન કરતો રહે, તો એનામાં દાનનું સત્ત્વ પ્રગટે છે. કુમારપાળમાં દયાધર્મનું જે સત્ત્વ હતું કે એની



ખાતર પોતાના પ્રાણ પણ આપી દેવાનો અવસર આવે તો આપીને પણ દયા પકડી રાખે, એવું સત્ત્વ બીજામાં ન હોય, તો શું એણે દયાધર્મ નહિ સાધવો ? ના, એવું નથી, દયાનો અભ્યાસ તો કરતાં જ રહેવાનું, એથી એક દિ' જરૂર સત્ત્વ પ્રગટ થશે, નહિતર એ મૂકીને તો સત્ત્વ ક્યાંથી પ્રગટવાનું ?

**સત્ત્વ કેમ પ્રગટે ? :-** માટે તો દાક્ષિણ્યથી, કુલાચારથી, ચારની સાધનાની પ્રેરણા મળવાથી, ઇત્યાદિ કારણે ધર્મ-પ્રવૃત્તિ કરતાં કરતાં માણસ આગળ વધે છે, અને સત્ત્વ ખીલતું જાય છે. બાળપણામાંથી સારા માબાપનો યોગે એમ જ સંસ્કાર ખીલે છે. નહિતર બધા બાળકમાં પહેલેથી એવું સત્ત્વ ક્યાં હોય છે ? રોજ દેવદર્શન કરાવતાં છતાં ક્યારેક જરા કષ્ટ કે વિઘ્ન આવતાં સત્ત્વના અભાવે દેવદર્શનને પડતું ય મૂકે છે, પરંતુ જો પ્રવૃત્તિ ચાલુ છે, તો એક દિવસ એવો આવે છે કે સહન કરીને પણ દેવદર્શન ચૂકતો નથી.

**(૧) સત્ત્વ ખીલવવાનો આ એક રસ્તો છે કે પ્રવૃત્તિ ચાલુ રાખો.**

**(૨) સાથે આ પણ લક્ષ બરાબર રાખો કે ધર્મ-પ્રવૃત્તિ કરતાં કરતાં સત્ત્વ ખીલતું આવે છે ને ?** એ માટે આ કરવું જોઈએ કે ધર્મપ્રવૃત્તિ વખતે ક્ષુદ્ર પ્રલોભનો કે નજીવા વિઘ્ન આવે ત્યારે એમાં તણાઈ જઈ ચાલુ ધર્મપ્રવૃત્તિ ખંડિત ન કરવી. મન એકાગ્ર અને ભાવભર્યું રાખવા ખાસ પ્રયત્ન કરવો. એટલા અંશમાં સત્ત્વ ખીલશે.

**પ્રભુદર્શનમાં સત્ત્વ માટે :-**

ભગવાનનાં દર્શન કરવા ઊભા, કે ચૈત્યવંદન શરૂ કર્યું, ત્યાં પછી આજુબાજુ કાંક જોવાનું આવ્યું છતાં એમાં મન ન લઈ જવું, આંખ ભગવાન પરથી ખસેડી ત્યાં ન લઈ જવી. તણાઈ ગઈ તો તરત પાછી ખેંચી લઈ, ફરીથી ન તણાય એ માટે પાકો નિર્ધાર અને મનોબળ કેળવવું. આવો પ્રયત્ન તો રાખવો જ પડે; નહિતર વર્ષોના વર્ષો વીતે, અને રેઢિયાળ ક્રિયા થયે જાય, વચમાં વચમાં ડાફરિયાં મારતાં રહેવાય, વાત પણ કરતાં રહેવાય, કે સહેજ સહેજમાં ક્રિયા અધૂરી છોડતાં જવાય, તો સત્ત્વ ખીલે નહિ. એવી મુડદાલિયા ક્રિયાથી મનમાં આંતરિક ધર્મના સ્થાપન-પોષણ થાય નહિ, વર્ષોની ક્રિયાના અંતે પણ જીવ ઠેરનો ઠેર ! માટે જ થોડું થોડું પણ સત્ત્વ વાપરીને ધર્મક્રિયામાંના વિક્ષેપ ટાળવા જ જોઈએ. ચલચિત્તત્તા, બીજા-ત્રીજા વિચાર, ક્રિયા-ભંગ વગેરે ઓછા કરતાં જ રહેવું જોઈએ.

**ક્રિયાના સન્માન-અપમાન :-** આ માટે એક ઉપાય આ, કે મનમાં ભાવવું કે 'મન, આંખો વગેરેને આવી સુંદર ધર્મક્રિયાથી વધીને બીજે લઈ જવાનું જરાય કિંમતી નથી, તો શા સારું એમાં મન ઘાલું ?'

ક્રિયાનાં તો એમાં તન-મન તન્મય રાખી સન્માન જાળવીએ તો સારુ ફળ આપે; પરંતુ ડાફરિયાં કે બીજી ત્રીજી વચમાં ક્રિયા, યા બીજા ત્રીજા વિચારો, કરે એ તો ક્રિયાનું અપમાન કરે છે, સન્માન ભંગ કરે છે. તો છતો ક્રિયાનો સમય-પરિશ્રમ ખર્ચાય, અને એનું અપમાન થાય એવું શા માટે કરવું ? આવો કોઈ વિચાર રખાય, તો વિક્ષેપ ઓછા થતા આવે, ક્રિયામાં સ્થિરતા-એકાગ્રતા વધે, સત્ત્વ વિકસતું રહે. આ વિઘ્ન વિના એમ તુચ્છ વિઘ્ન આવે ત્યાં પણ એની દરકાર ન કરતાં ક્રિયામાં સ્થિર રહેવું જોઈએ. સન્માર્ગની સાધનામાં અડગ પ્રવૃત્તિ રાખવી જોઈએ. આટલું ય સત્ત્વ ન દાખવવામાં આવે એનો તો અર્થ એ થાય કે ધર્મનું અર્થીપણું તેવું જાગ્યું નથી.

ધર્મની પાકી ગરજ ઊભી થઈ ગઈ હોય તો મામુલી વિઘ્ન, પ્રલોભન વગેરેને તો તુચ્છકારતા ચાલીએ. 'તમે કોણ મારા લાખ રૂપિયાના ધર્મને બાજુએ મુકાવનાર ? તમારી કિંમત કેટલી ને મારા ધર્મની કિંમત કેટલી ? તમને તુચ્છને આવકારું ને મહામૂલા ધર્મને ભૂલું ? હરગીઝ નહિ.' આ જાગૃતિ જોઈએ; ધર્મની ભારે ગરજ જોઈએ, મૂલ્યાંકન જોઈએ; સત્ત્વ જીવંત જોઈએ.

શ્રીકાન્તમાં સત્ત્વ હતું, લીધેલા સત્ય વ્રતની ગરજ હતી. મહાવિકટ સંયોગ સામે આવી ઊભો છતાં સત્ય ન છોડ્યું. ત્યારે આશ્ચર્યકારક રીતે ક્ષેમકુશળ પસાર થઈ ગયો. એને ઘેર જતાં વિચાર આવે છે કે

**શ્રીકાન્તની ઉચ્ચ વિચારધારા :-**

અહો ! આ શું ? સત્યનો આ કેવો પ્રભાવ ! બંને વખતે અધરાત્રે હું એકલો ખુદ રાજાને ભેટું છું, ચોર તરીકેની ઓળખ આપું છું, છતાં રાજા જેવો પણ મને એમ જ જવા દે છે ! એમાં ય બીજી વારના પ્રસંગમાં તો કહું છું કે હા ચોરી કરી આવ્યો, ચોરીનો માલ મારી પાસે છે, છતાં મને પાગલ ગણી જતો કરે છે ! સત્ય બોલવાનો પહેલો તો આ જ સાક્ષાત્ પ્રભાવ ! ત્યારે પરલોકમાં તો એનો કેટલો ય ઊંચો પ્રભાવ ! પરંતુ જો મારે સત્યની પ્રતિજ્ઞા ન હોત તો હું ક્યાં બચવાનો હતો ? કાંક જુટ્ઠું જ ગબડાવત અને એમાં તો બંદાનું આવી જ બન્યું હોત ! ભલું થજો એ યાત્રિક શ્રાવકનું કે એણે મને આ સત્યની પ્રતિજ્ઞા કરાવી !





**હિતશત્રુ તો ઘણા મળે :- શ્રીકાન્તની વિચારણા આગળ ચાલે છે,-**

કેવોક એ કલ્યાણ મિત્ર ! જીવને પરલોકમાં દીન-દુખિયારો અને ભટકતો કરી દે એવી ભેટ કરનારા અને એવું શીખવનારા તો ઘણા મળે, પરંતુ એ આપણા હિતમિત્ર નથી, હિતશત્રુ છે. એક ધર્મ ચીજ એવી છે કે જે માણસને કલ્યાણમિત્ર બનાવે, કેમકે એ એની રૂએ હિતની સલાહ આપે છે. બાકી તો **ધર્મહીન સગો બાપ પણ પાપની સલાહ આપીને હિતશત્રુનું કામ કરે છે !** બીજાની શી વાત ? પાપને રવાડે ચઢાવનાર તો ઠામ ઠામ મળે. ધર્મ માર્ગે સ્થાપિત કરે, સ્થિર કરે, આગળ વધારે એવા કલ્યાણમિત્ર જગતમાં જૂજ ! લાખો ધન્યવાદ એ શ્રાવકને !

**મરતાં પહેલાં પાપરસ ન છોડ્યો તો :-**

ત્યારે જો સત્યનો આટલો બધો ચમત્કાર છે અને અસત્યની મહા ભયંકરતા છે, તો એવું બીજા ગુણ દોષોમાં કેટલું ? શા સારું મેં મૂર્ખાએ ચોરી પકડી રાખી છે ? જીવનભર કરેલા આ પાપ-ધંધા મને ભવાંતરમાં ક્યાં અને કેટલા ભયંકર દુઃખમાં લઈ જઈ પટકવાના ? ત્યાં પછી એકલું પાપમય જ જીવન કે બીજું કાંઈ ? અહીં પાપથી પાછા વળવાના છતે સંયોગે જો પાપથી પાછા ન વળાય, મરતાં પહેલાં પાપનો રસ નષ્ટ ન કરાય, તો તેવા સંયોગ વિનાનાં જન્મોમાં તો એ આશા જ શી ? અને પછી તો ત્યાં પાપના રસે પાપના ગુણાકાર જ થાય એમાં નવાઈ નથી.

ત્યારે અહીં એક પાપના ત્યાગે આટલો ચમત્કાર દેખ્યો, તો સર્વ પાપના ત્યાગે તો કેટલું ય ઊંચુ ફળ આવે બસ હવે તો ચોરી જ શું, સંસારના સર્વ પાપ બંધ કરી દઉં !'

**જડ જીવનમાં પલ્ટો કેમ આવે ? :-**

સત્ય બોલવા પર દારુણ દુઃખમાંથી છૂટી જવાના પ્રસંગે શ્રીકાન્તના જીવનને જબરો ધક્કો લગાવી દીધો ! ઘરે આવતાં સત્યના પ્રયોગથી આવા કપરા સંયોગમાંથી છૂટવાનું મળ્યું એના પર એને બહુ બહુ વિચારો આવ્યા; મન એકદમ સ્વચ્છ થઈ ગયું, અને સ્વચ્છ ચિત્તમાં પછી ઉમદા વિચારોનો પ્રવાહ ચાલે એમાં શી નવાઈ ?

**મન મેલા છે માટે જ પ્રવાહ હલકા વિચારોનો આવ્યા કરે છે.** અને

**ધર્મના મૂલ્ય ન સમજી એના કરતાં જગતની વસ્તુઓનાં અને જાતની અહંત્વ-બડાઈનાં મૂલ્ય વધારે અંકાય છે, માટે મન મેલું જ રહે છે.**

દેવદર્શનાદિ ધર્મ વરસોથી કરવા છતાં એની કિંમત જગતની વાત-વસ્તુ કરતાં અધિક ન આંકીએ, ઊલટું જગતની વાત-વસ્તુનું જ ખાસ મહત્ત્વ જોયા

કરીએ, એની આગળ ધર્મને ગૌણ, પરાધીન અને સગવડે કરવાનો બનાવી રાખીએ પછી મન ક્યાંથી સ્વચ્છ થાય ? પછી એમાં હલકા વિચારો ચાલ્યા કરે, પૈસા ટકા અને ઇન્દ્રિય સુખોનાં જ વિચારો ચાલ્યા કરે, એ સહજ છે. જ્ઞાનીઓએ ગાયેલા ઊંચા માનવ જીવનનું આ કેવું લિલામ ! આવું જીવન રાખવાથી ઊંચા ન અવાય; જડ જીવનમાં પલટો લાવવો જોઈએ.

**ઊંચે ચઢવું હોય તો આ કરો,-**

(૧) પહેલું તો મન સ્વચ્છ કરો.

(૨) એ માટે જગતની વસ્તુનાં મહત્ત્વ આંકવાનું ઓછું કરી ધર્મ અને ધર્મના અંગોનું મહત્ત્વ આંકવાનો અભ્યાસ પાડો,

(૩) સાથે સાથે જ્યારે જ્યારે જડ-કાયા, જડ-પદાર્થો અને જડનાં સગાં-સ્નેહીના વિચાર આવે ત્યારે ચોંકો કે 'આ લપ કરતાં કરતાં અનંતા કાળ વહી ગયા ! હવે ક્યાં સુધી આ ? હવે તો એનાં સ્થાને આત્મા, આત્માનાં હિત અને આત્મહિતકારીના વિચાર ગોઠવવા દે.'

(૪) જીવનમાં ધર્મને અને ગુણોને મુખ્ય, સ્વાધીન અને ગમે તે સંયોગમાં પણ અવશ્ય કરવાના રાખો. દુનિયાદારી તો ધર્મની આગળ ગૌણ, ધર્મને પરાધીન અને ધર્મની સગવડે જ કરવા જેવી રાખવાની.

**ધર્મમાં મન કેમ ચંચળ ? :-** દુનિયાદારી અને જડ પદાર્થોનું મહત્ત્વ સમજી એની ખૂબ ખૂબ ઉત્સુક્તા-આતુરતા રહે છે, એથી જ ધર્મસાધના વખતે પણ એના વિચાર મનમાં ઘૂસી જાય છે, મનને ડહોળી નાખી ચક્રાવે ચઢાવે છે, જાણે ધર્મભાવમાંથી આખા ને આખા ખોવાઈ ગયા ! સામે વીતરાગ પરમાત્માની સુંદર મૂર્તિ હોય, એમનાં દર્શન-પૂજન કે સ્તોત્ર-ગુણગાન કરતા હોઈએ, અને મનમાં બહારના કચરા ઘાલીએ એ કેટલું બધું હલકટ કામ ! એવું જ હાથમાં પવિત્ર માળા પર પરમાત્માનો જાપ ચાલતો હોય યા આંખ કે કાન જિનવાણીનાં શાસ્ત્ર પર હોય અને મનમાં કચરા પેસે, એ સૂચવે છે કે કચરાની કિંમત આંકીએ છીએ. કચરાની કિંમત ન આંકીએ તો એ મનમાં ઝટ શાના પેસે ? દા.ત. ધૂળને કચરો સમજીએ છીએ તો દુન્યવી વાતોમાં પડ્યા ક્યાં એના બહુ વિચારો આવે છે ? ધર્મ આગળ દુનિયાના રંગરાગ કે મોટા હીરા-માણેકના વૈભવને પણ કિંમત વિનાના કચરા જેવા સમજીએ અને એની એવી ગાંડી ઉત્સુક્તા ન રાખીએ, તો પછી એના વિચાર ધર્મ-સાધના વખતે દખલ નહિ કરે.

**દુનિયાદારી મુખ્ય કરવામાં પુણ્ય રડે છે :-**

માનવજીવનમાં મુખ્ય શું ? કહેવા માટે કહેતા નહિ, ખાલી શબ્દનું બોલતા



નહિ, તમારું અંતરનું દિલ શું કહે છે ? દુનિયાદારી મુખ્ય અને ધર્મ ગૌણ એમ જ ને ? અને છતાં એ મનુષ્ય જીવનની વાત છે, પશુજીવનની નહિ ! વાહ ! ઠેઠ આર્ય માનવ કુળમાં જન્મ અને ભગવાન જિનેશ્વરદેવનાં શાસન સુધી આવી ગયા પણ હિસાબ સારો માંડ્યો ! પુણ્ય રડી રહ્યું છે કે 'મેં આ અભાગીની સોબત ક્યાં કરી ? ક્યાં આને અહીં ઘાલ્યો ? જો, એ આટલે ઊંચે ચડ્યા પછી પણ કીડાપણામાં સુલભ જે પાપની મુખ્યતા, જડની મુખ્યતા, એ આને એમ જ રાખવી છે, તો આના કરતાં આ કીડાપણામાં શું ખોટો હતો ?' તમારા પુણ્યનું આ રુદન સાંભળવું છે ?

**દારુડિયા જેવી દશા :-**

કોઈ દારુ પી ગટરના ખાડામાં પડેલાને બીજો સારો માણસ ઉઠાવી કપડા-શરીર સાફસૂફ કરી પછી ક્યાંક બગીચામાં સારા માણસોની બેઠકમાં લઈ આવે, પણ ત્યાં પાછો પેલો બાજુના પાણીના કીચડમાં પડી આળોટે અને હસે તો એને અહીં લઈ આવનારનું હૃદય રડે ને કે આ અભાગિયાને હું ક્યાં અહીં લઈ આવ્યો ? એમ અહીં જો આપણે જનાવર કે કીડા-મંકોડાની જ જડની રમતને મુખ્ય બનાવવાના ખેલ ખેલીએ તો આપણને અહીં માનવભવે લઈ આવનાર પુણ્ય રડે કે નહિ ? 'ભલે રડે,' એમ કહેતા નહિ. રડ્યા પછી એ દૂર ભાગી જશે તે સામું ય નહિ જુએ ! એનો અર્થ એ કે માનવ ભવ ખલાસ; બેસો પશુ-યોનિમાં !

પુણ્ય તો જ ન રડે, ન રીસાય, કે જો આપણે જીવનમાં ધર્મને મુખ્ય બનાવીએ, દુનિયાદારીને તો સાવ ગૌણપણે જ રાખીએ, તે એવી કે એક દિ' બિચારી સમૂળગી ભાગી જાય, અને એકલું ધર્મસામ્રાજ્ય પ્રવર્તે.

**ધર્મની સગવડે દુનિયાદારી :-**

ધર્મને મુખ્ય બનાવાય તો પછી દુનિયાદારી બિચારી ધર્મની સગવડે ચાલે. તે તે કાળે તન-મન-ધન અને સમય ખર્ચી બજાવવાના ધર્મકૃત્યો પહેલાં; અને દુન્યવી બાબતો પછી. એણે એમ જ ગોઠવાઈ જવું પડે; કે ટૂંકુંય થવું પડે. દા.ત. સવારે મોડા ઉઠ્યા. તો પણ રોજનું કરવાનું પ્રતિક્રમણ અને સામાયિક તો ચૂકવાનું જ નહિ; ભલે પછી સમય ઓછો છે તો નવકારશી નાસ્તો બંધ રહે. નાસ્તાએ ધર્મની સગવડે રહેવાનું, પણ ધર્મે નાસ્તાની સગવડે નહિ.

એમ ધર્મનું કોક ટાણું આવ્યું, બે પૈસા ખર્ચ્યા, પછી તંગી જેવું લાગે છે તો દુનિયાદારીના આઇટેમ (બાબત)માં ખર્ચ ઓછો કરવાનો. દુનિયાદારીએ ધર્મની સગવડે ટૂંકાવાનું, પણ ધર્મે દુન્યવી વાતની સગવડે ટૂંકાવાની વાત નહિ.

હજી ધર્મસાધનામાં રંગ આવી ગયો ને વધુ જોડાયા, પછી કાયા થાકી, તો દુન્યવી બાબત પડતી મૂકાય એ બને, પણ દુન્યવી બાબતમાં વધુ જોડાઈ કાયાને

થકાડી અને પછી કોઈ ધર્મસાધના પડતી મૂકી એ ન બને.

દેવ-ગુરુ-ધર્મ અને સંઘની સેવા ધન ખર્ચી સાચવી, પછી દુનિયાદારીમાં કરકસર રાખવાની; પરંતુ એથી ઊલટું દુનિયાદારીમાં લાંબા-પહોળા થઈ સારી રીતે ખર્ચ્યું, અને ધર્મસુકૃતો પર કાપ મૂક્યો, એ ન બનવું જોઈએ. આજે આ મૂર્ખાઈ વધી ગઈ છે. વ્યવહારના એટલા બધા ખર્ચા વધારી દીધા છે કે રોજીંદા ખર્ચ કરીને કરવાના દેવ-ગુરુ-ધર્મ-સંઘની સેવાના સુકૃતમાં લગભગ દેવાળા જેવું થઈ ગયું છે.

**વેશ્યાની સેવામાં પત્ની :-** લબાડ ધણી જેમ સુશીલ પત્નીને કહે કે 'તારે આ વેશ્યાની સગવડે રહેવું હોય તો રહે, નહિતર જા બાપના ઘરે.' એમ ઘેલો જીવ ધર્મને કહે છે 'અહીં તો દુનિયાદારીની સગવડે તારે રહેવું હોય તો રહે, નહિતર જા !' મોટા ખર્ચા ઘરના, દુકાનના, ઓફિસના, મોટર-ગાડીના, છોકરાને ભણાવવાના, વટવ્યવહારના વગેરે વગેરે થાય છે, દેવ-ગુરુ-ધર્મની રોજીંદી સેવાના નહિ ! આ શું સૂચવે છે ? જીવની લબાડગીરી જ ને ? દુનિયાદારીરૂપી વેશ્યાને મહલાવવા-મહેકાવાની ? અને ધર્મસતીને સીદાતી રાખવાની ?

**ધર્મ અને દુનિયાદારી, બેમાંથી**
**કોને કોની સગવડે રાખો છો, કોને કોની સેવામાં મૂકો છો,**
**કોની બોલબાલા અને કોની સીદામણ ચલાવો છો,**
**એ પરથી માપ નીકળે છે કે તમે કોના છો તમારું દિલ કોનું છે.** જૈનનું દિલ શું ધર્મનું હોય કે દુનિયાદારીનું ?

શ્રીકાન્ત ચોરીના માલ સાથે ઘરે પહોંચી ગયો, પણ હવે એનો આનંદ કે અભિમાન નથી કે હું રાજાનું ઠીક ઉપાડી લાવ્યો, કેમકે રાતની રસ્તાની ઘટનાએ વિચારસરણી બદલી નાખી છે, આખી મનની વૃત્તિને ધક્કો લગાડી દીધો છે ! એટલે જ હવે સવારે સત્‌પરાક્રમ કરવાનો છે. જીવનમાં આવો કોઈ ધક્કો લગાડવાની જરૂર છે; ચાહ્ય પોતાના કોઈ બનાવથી, યા બહારના જોવા-સાંભળવા મળેલા બનાવથી, પણ જીવનને એવો ધક્કો લગાડવો કે વૃત્તિ-પ્રવૃત્તિ ફરે. જુઓ હવે શ્રીકાન્ત શી રીતે સત્પરાક્રમ કરે છે. સવારે ચાલુ નિયમ મુજબ એ ગયો રાજાની આભ્યન્તર પર્ષદામાં. ત્યાં વાતો-ચીતો ચાલી એટલામાં ખજાનચીએ આવીને પોક મૂકી મહારાજ ! ખજાનામાં ચોરી થઈ છે.'

રાજા ચોંક્યો ! પૂછે છે 'શું ખરેખર ? આપણા ખજાનામાં ચોરી ?'

'હા મહારાજ ?'

'શું ચોરાયું ?'

'બે ઝવેરાતના ડબા.'



રાજાના મનને એક બાજુ ભારે ખેદ થયો અને બીજી બાજુ પોતાની મૂર્ખાઈ પર ભારે શરમ લાગી ! એના મનને થયું કે 'આ હું કેવો મૂરખ કે રાતના ચોર સામે મળેલો છતાં જવા દીધો ! જરૂર રાત્રે મળ્યો એ સાચો જ ચોર પણ હવે કેમ પકડાય ?'

શ્રી પંચસૂત્રમાં પાપપ્રતિઘાત અને ગુણબીજાધાન પછી સાધુધર્મની પરિભાવના કરવાની અર્થાત્ સાધુધર્મની ભાવના પુષ્ટ કર્યે જાય એવી ચર્યા અને દિલ બનાવવાની વાત કરી. સાધુપણું લેવાને માટે આત્માને બહુ જ યોગ્ય બનાવવો જોઈએ. આ જીવે અનંતકાળ અવળી ચર્યા બહુ આદરી, પણ સાધુ ધર્મ શું માગે છે તેનો એ અવળી ચર્યાને વશ પડેલાં જીવને સ્વપ્ને પણ ખ્યાલ આવ્યો નથી.

**વિચારો આજે સાધુ ધર્મ કે શ્રાવક ધર્મ આપણા આત્માને સ્વભાવમાં હોય તેવું ભાસે છે ?**

દા.ત. સાધુધર્મમાં તપ અને સંયમ આવે છે, શ્રાવકધર્મમાં દાન-શીલ આવે છે. ત્યારે જીવને પૂછો કે તારો સ્વભાવ તપનો કે ખાવાનો ? પૈસા દેવાનો કે લેવાનો ? તારામાં સહજભાવે સંયમની વૃત્તિ જાગે છે, કે વિષય-કષાયની ? સંયમી એટલે તો ગમે તેવા રળિયામણાં વિષયો આંખ સામે આવે પણ મન વિષયમાં ન ભળવા જાય, આવો સ્વભાવ હજી સ્વપ્ને પણ નથી અનુભવ્યો ! જીવના સ્વભાવમાં જાણે વિષયોની ઓતપ્રોતતા થઈ ગઈ છે. આહાર સહેજે યાદ આવે છે, તપ નહિ ! પરિગ્રહમાં સહેજે આબાદી ભાસે છે, નિષ્પરિગ્રહિતામાં નહિ ! ઇન્દ્રિયોના વિષયોનો ભોગવટો નિર્ભય લાગે છે; ત્યાગ નહિ ! જીવને તૃપ્તિ-નિસ્પૃહતાની સાથે નહિ પણ અર્થ કામની તૃષ્ણા અને તાલાવેલી સાથે એકરૂપતા જાણે સ્વભાવમાં કાં ન હોય ! સાધુ-ધર્મમાં આવા ઊલટાભાવ ન નભે. એવા ઊલટા ભાવ ટાળવા માટે આત્મામાં કોઈ તેવા પ્રકારની યોગ્ય તૈયારી કરવી જ પડે. તે કર્યા વિના સાધુધર્મની સ્પર્શના ન થાય. પ્રતિપક્ષી જે ચીજો આત્મામાં પેસી ગઈ છે, તે હવે ઊભી ન રખાય.

આત્મસ્વભાવથી વિરુદ્ધ ચર્યા અનંતકાળ આદરી છે, એ સહજ જેવી બની આત્માને નચાવી રહી છે. તેને ઓછી કરવી જ જોઈએ. ઓછી નહિ કરાય તો જીવના હાલબેહાલ થશે. તેને ઓછી કરી ઉચ્ચ સંયમ અને તપોમય જીવન માટે ભૂમિકા તૈયાર કરવાની. એ કેમ બને ? તો જ, કે જડને ભુલાય અને ચેતનને જ યાદ રખાય; અર્થ-કામ વિસરાય અને ધર્મ-મોક્ષ સ્મરાય, વિષય-કષાયનું નામ મુકાય અને અંશે પણ ત્યાગ, વૈરાગ્ય અને ક્ષમાદિમય જીવન હાથ ધરાય.

પણ અફસોસ ! કે જે ચીજો ભૂલવાની છે, તેનું વારંવાર સ્મરણ સ્હેજે થઈ

જાય છે; અને જે યાદ કરવાનું તે યાદ કરાતું નથી; અને કદાચિત્ યાદ કર્યું હોય તો ભૂલતાં વાર નથી લાગતી !

**રત્નચિંતામણિના સમાન માનવ ભવમાં યાદ કરવા લાયક શું ?**
**અહિંસા, સંયમ અને તપ. ત્યાગ, વૈરાગ્ય અને ઉપશમ.**
**સ્વપરિણતિ, વિરતિ અને અપ્રમાદ, દર્શન, જ્ઞાન અને ચારિત્ર**

આ વગર ખ્યાલે પણ સહેજે સહેજે યાદ આવે, આજ મગજમાં રમ્યા કરે, ભૂલ્યું ભુલાય નહિ, એ સ્થિતિ ઊભી કરવી જોઈએ. એ માટે ભૂમિકારૂપે છેવટે આંશિક તપ, આંશિક સંયમ, આંશિક ક્ષમા અહિંસાદિ એ અંશે પણ સ્વભાવમાં રમતા થઈ જવા જોઈએ. એ જ પોતાની ચીજ લાગે અને તેના પ્રતિપક્ષી હિંસાદિ પાપસ્થાનકો, આહારાદિ સંજ્ઞાઓ, કાયા-કંચન-કુટુંબ વગેરે હૃદયથી પારકા લાગે, વેઠરૂપ લાગે, નુકસાનકારી ભાસે. સ્વભાવમાં પેસી ગયેલી અનાદિની અવળી ચર્યા સહજ ભાવે ઊઠી-ઊછળી શકે નહિ, તેવું થવું જોઈએ. ઊઠે તો બળાત્કારે ઊઠતી હોય તેવી સ્થિતિ કરવી જોઈએ, સંયમ લીધો હશે, ત્યાં ભૂખ તો લાગશે. પણ હવે આહાર અને રસની સંજ્ઞા એટલી ઉત્કટ નહિ ઊઠે. તપ અને સંયમ તો જીવને શુભ ધ્યાન તરફ લઈ જાય, આહારાદિ સંજ્ઞા તરફ નહિ ઘસડતાં આત્માના અનાહારી-અવિકારી સ્વરૂપની રમણતા તરફ વાળે. સાધુધર્મની પરિભાવના ન થાય ત્યાં સુધી એમ જ સાધુધર્મ લીધો કારગત ન થાય તેથી સાધુધર્મ લેતાં પહેલાં કરવાની જે પ્રાથમિક વિધિ, તેના અધિકારની તજવીજ થવી જોઈએ. અધિકાર અને વિધિપૂર્વક સાધુધર્મ લીધો નહિ હોય, તો સાધુધર્મ પાળવા માટે શો પ્રયત્ન કરશે ? માટે અધિકાર અપાવનારી સાધુધર્મની પરિભાવના માટે ખાસ પ્રયાસ થવો ઘટે. આત્મા અને પર્યાયની કોરી વાત કર્યે કાર્ય ન સરે પણ તે પ્રમાણે પ્રવૃત્તિ કરવી જોઈશે.

**સાધુપણાનો સોલરાઈટ ફક્ત મનુષ્યને છે.** માટે એ ખાસ યોગ્યતા માગે છે. અસંખ્ય તિર્યંચો સમકિતિ અને વ્રતધારી દેશવિરતિ અત્યારે મોજુદ છે, પણ એમને છટ્ઠું ગુણસ્થાનક નથી. નરકમાં સમકિતિ અને દેવભવમાં પણ સમકિતી છે. પણ વિરતિધરપણું નથી. સાધુધર્મના અધિકાર સાથેના પાલન સિવાય અંતિમફળ મોક્ષની પ્રાપ્તિ શી રીતે થશે ? પહેલાં સાધુધર્મનું સાધિકાર પાલન અને પછી પાલનનું ફળ મોક્ષ ક્રમ આ જ પ્રમાણે છે. આ ક્રમે જ આ પદાર્થ આત્મામાં પ્રગટ થાય છે. દ્વાદશાંગી પ્રવચનનો આ સાર છે.

દ્વાદશાંગીમાં અગણિત પદાર્થો કહ્યા છે. શ્રુતનો એ મહાસાગર છે, ને એ બધાનો સાર આ પંચસૂત્રમાં છે. **જેણે પંચસૂત્ર ભણીને આત્મામાં પરિણમાવ્યું, તેણે**



**દ્વાદશાંગીનું નવનીત પરિણમાવ્યું,** કેમકે દ્વાદશાંગી ભણીને આત્મામાં જે ઉતારવાનું છે, તે પંચસૂત્રમાંથી સારભૂત તત્ત્વરૂપે મળે છે. આખી દ્વાદશાંગી જુઓ, બે વાત નજરે તરે છે,- એક જ્ઞાન અને બીજી ક્રિયા. કોઈ પણ વાત જુઓ, એ કાં જ્ઞાનની હશે અથવા ક્રિયાની હશે. તે પરસ્પરના સહકારવાળી અર્થાત્ જ્ઞાનસહિત ક્રિયાની અગર ક્રિયા-સહિત જ્ઞાનની. એકલાં જ્ઞાનની અથવા એકલી ક્રિયાની વાત નથી. **જ્ઞાન વિના ક્રિયા આંધળી છે, ક્રિયા વિનાનું જ્ઞાન લૂલું પાંગળું છે.**

દ્વાદશાંગીના પહેલાં અંગ આચારાંગમાં મુખ્યપણે આચારની-ક્રિયાની વાત છે, પણ પહેલાં અધ્યયનમાં ષડ્જીવનિકાય અને એનાં ઘાતક શસ્ત્રનાં જ્ઞાન સાથે વાત. કેમકે એ જાણે તો જ અહિંસાપાલન વગેરે કરી શકે, બારમાં અંગ દૃષ્ટિવાદમાં દ્રવ્યાનુયોગ છે. એ જ્ઞાન શુદ્ધ ક્રિયાની સાથે આત્મસ્વરૂપની નજીક લઈ જાય છે. ષડ્દ્રવ્યની વિચારણા શું કરે ? જડની વાસના ભુલાવે. અને સાધુપણાના આચારનું પાલન ચેતનનો પક્ષ મજબુત કરે. સમ્યક્ક્રિયા આત્માની મિથ્યા પ્રવૃત્તિનાં કુઅભ્યાસરૂપી ચકડોળને અવળું ફરતું અટકાવી સવળું ફેરવે; દા.ત. આ જીવનાં અનાદિનાં લાવ, લાવ'ના અવળા સંસ્કારને અટકાવી સવળા સંસ્કાર 'લે, લે'ના ઊભા કરે; 'આવ, આવ'ની વાત મુકાવી 'જા, જા'ની, ભેળું કરવાનાં સંસ્કાર જતા કરાવી, છોડવાના સંસ્કાર સિંચે. આ બધું સમ્યક્ ક્રિયા કરી શકે. સમ્યક્ ક્રિયા અને જ્ઞાનની વાત જ દ્વાદશાંગીનો આ સાર, એકલાં જ્ઞાનવાળો તો વાત કાંઈ કરે અને આચરણ વિરુદ્ધ જ ! કરે છે ને આજે શુષ્ક જ્ઞાનીઓ ? વાત કરે છે આત્માની શુદ્ધ પરિણતિની, અને આચરણમાં પર પુદ્ગલની પરિણતિની લીલા !

ત્યારે કોરી ચારિત્રની ક્રિયાવાળાને હૃદયના ઉંડાણમાં વિષયસુખનું જ્ઞાન અને તાન બેઠું છે. ક્રિયામાં કાયા ઘણી ય ઘસી કાઢે, પણ લેશ્યા ઇન્દ્રિયોના ભારે સુખ લેવાની રાખે !

શુદ્ધ આત્મા-સુખની ઊંચી મજાનાં જ્ઞાન વિના સાધુધર્મક્રિયા પણ પાળી હોય તો તેય ગુણકારક નથી થતી; કેમકે તે ચારિત્ર-ગુણરૂપ નથી પણ ગુણાભાસ છે.

ચારિત્ર ક્રિયાનું ફળ શું ? મુખ્ય ફળ આત્માની શુદ્ધિ, અને ગૌણ ફળ સુદેવપણું, પછી સુમનુષ્યપણું, પુણ્યાનુબંધી પુણ્યાઈવાળું દેવત્વ-મનુષ્યભવ. એવું પુણ્ય એટલે ત્યાં સમ્યગ્જ્ઞાન ઝળહળતું હોય,

પાપાનુબંધી પુણ્યવાળાને તો બુદ્ધિ મિથ્યા રહે. એવા પુણ્યનું દેવપણું અનેકવાર મળ્યું, અનંત વાર મળ્યું; પણ એ મિથ્યાજ્ઞાનથી પાછા ભવમાં ભમાવનારું ! દેવપણું ચારિત્રના ગુણ વિના અજ્ઞાન કષ્ટથી પણ મળે. જૈન ચારિત્ર લે અને નવમા ગ્રૈવેયક દેવલોક સુધી ઉત્પન્ન થાય. દ્રવ્ય ચારિત્ર વિનાં ગ્રૈવેયક તો ન જ મળે.

સાધુક્રિયા વિના ગ્રૈવેયકમાં ન જવાય. જીવે પ્રાયઃ અનંતીવાર કષ્ટમય સાધુક્રિયા પાળી પણ મુક્તિ ન મળી. એ બતાવે છે કે સમ્યગ્જ્ઞાનવાળી સાધુક્રિયા પાળી નહિ; સાધુધર્મ-પરિભાવના કરીને જ્ઞાનદશા વિકસાવી આત્મામાં કોઈ મહત્ત્વનો પલટો કરવો જોઈએ એ વાત જ ન જાણી, સહન કરેલું કષ્ટ એળે ગયું. દેવલોક મળ્યો તેથી તો ઊલટું આત્માનો અનાદિ જડ સ્વભાવ ગાઢ બન્યો, પણ તેમાં પરિવર્તન ન થયું. સાધુ બન્યો, કષ્ટ સહ્યું, છતાં સ્થિતિ કંગાળ ! જ્ઞાનદશા વિનાની ચારિત્રક્રિયા કરવામાં આહારાદિ પાપ સંજ્ઞાઓને જીતી નહિ, પણ સંજ્ઞાઓથી જિતાયો !

પ્રોફેસરે વિદ્યાર્થીને ૨૫ વર્ષ ભણાવ્યો હોય, મહાન ગ્રંથોનું દોહન કરી શિષ્યને આપ્યું હોય, પણ પછી છવ્વીશમા વર્ષે પરીક્ષા લીધી ત્યારે સામાન્ય ગણિતના હિસાબમાં ય ચૂકે, સામાન્ય નિબંધ વગેરે ય ન આવડે, તો એ કેવો કરુણ અંજામ ? તેવી જ રીતે સાધુ ક્રિયાઓ કરી, પણ તેનાં પરિણામમાં સંસારનું પરિભ્રમણ મળે એ કેવો કરુણ અંજામ ! હિંસાની ઘેલછા, અસંયમની અહર્નિશ કુટેવ, ખાવાપીવાની લાલસા, વિષયોની લંપટતા, કષાય અને પ્રમાદની પરવશતા આત્માને દયાર્દ કોટિમાં મૂકે છે. સાધુક્રિયા કરી, પણ ફળ ન મળે તો સમજવું કે વિધિ અને પૂર્વ ભૂમિકાના ક્રમમાં ખામી રાખી છે. એ ક્રિયા નિર્બીજ ગણાય. બીજ વિનાની કોઈપણ કરણી યાવત્ ચારિત્ર પણ આગામી સંસારે-સ્થિતિની કોઈ કાળની ખાતરી નથી આપતું કે હવે આટલો જ સંસાર બાકી. બી નહિ હોય તો ફળ થવાની આશા જ નથી. દરેક ક્રિયા અને ચારિત્રમાં બીજ એટલે તત્ત્વ શ્રદ્ધા અને મોક્ષરુચિ હોવી જ જોઈએ. બીજવાળી ક્રિયા સબીજ ગણાય, અને સબીજ ક્રિયાથી ફળની પ્રાપ્તિ થાય. સબીજ ક્રિયા આવ્યા પછી દીર્ઘ સંસાર ન હોય. આત્માના પ્રદેશે પ્રદેશે તત્ત્વની શ્રદ્ધા અને મોક્ષરુચિ હોય તો છતી ક્રિયાએ તેને સંસારમાં રખડવું ન પડે. નહિતર બિચારો કષ્ટમય તપ-ચારિત્રની ક્રિયાઓ કરે છતાં બીજના અભાવે ભવમાં ભટકતો રહે છે.

ભવાભિનંદી જીવની આ કરુણ દશા છે. ભવનો આનંદ એને કોટે વળગ્યો છે, ભવ પર અનહદ રાગ છે, મોટા મોટા દેવતાઈ સુખ મળે એમાં જ મહેનતની સફળતા માને છે, ત્યાં બીજ આવતું નથી. હવે એ વર્ષોના વર્ષો ચારિત્ર પાળે, તપસ્યા કરતો જાય, પણ અંતરમાં પડેલા પુદ્ગલાનંદનાં ઝેર, જડરુચિનાં વિષ આત્માને એક ડગલું પણ શાનો આગળ વધવા દે ? એ તો એને એની એ આહાર-વિષય-પરિગ્રહની સંજ્ઞાઓ, ક્રોધાદિ દુર્ગુણો, અને સ્વચ્છંદાચાર-સ્વેચ્છાચારમાં જકડી રાખનારી હોય છે.



ખરી રીતે તપ અને સંયમની વધુ કે થોડે અંશે પણ આરાધના થાય એટલે આત્મા ગુણસ્થાનકમાં આગળ વધતો જાય. આત્મા જેમ જેમ આગળ વધે, તેમ તેમ ક્ષમાદિ આત્મગુણો વિકસતા જાય, શ્રી અરિહંત ને શ્રી અરિહંત દેવ પ્રત્યેની પરતંત્રતા વધતી જાય, અને અનાદિની સંજ્ઞાઓ કપાતી જાય. ભવાભિનંદીને આ ત્રણમાંથી એકે ય વાત પાલવે નહિ. બળજબરીથી કાંઈ પરતંત્ર બનાવાય ? મગજમાં બેસે તો ને ? એને આ પરતંત્રતા જચે નહિ. અને અનાદિની સંજ્ઞા ! ભવાભિનંદી જે સંસારને આવકારનારો ને એનું બહુમાન કરનારો છે, એનાથી અનાદિની આહારાદિની સંજ્ઞા શી રીતે કપાય ? અનાદિની આહારાદિની સંજ્ઞાઓનું જોર એનું નામ સંસાર. સંસાર એટલે અનાદિની સંજ્ઞાઓનું જોર. ઊંઘવું બહુ ગમે, જાગવું ઓછું ગમે, એનું નામ સંસાર. ખાવું બહુ ગમે તપ પસંદ ન પડે એનું નામ સંસાર. પરિગ્રહ બહુ ગમે, ત્યાગની વાત ન ગમે એનું નામ સંસાર. આ બધામાં આનંદ એ ભવનો આનંદ, ભવાભિનંદીપણું.

**ભવાભિનંદી દુશ્મનને જોરદાર બનાવે છે :-**

સંસાર પર દૃઢ રાગ એનું નામ ભવાભિનંદીપણું. એને સંસાર પર બહુમાન હોય : એને આહાર ખાન-પાન, પરિગ્રહ, નિદ્રા ઓછા કરવા ગમે ? એ તો કહી દે-'અમે કંઈ સાધુ થોડા થયા છીએ ? સંસાર લઈને બેઠા છીએ, બધું કરવું પડે. 'આ ન કરો ને તે ન કરો' એમ તે કેમ ચાલે ?' સંસાર પર બહુમાન હોવાથી એના હૃદયમાંથી અનાદિની સંજ્ઞાના, સ્વતંત્રતાના અને આત્મદોષોના વિપાકનો ભય નીકળી ગયો છે. એ સંસારસુખની બહુ આવકને દેખે છે, પણ ખબર નથી એને કે ઘડીઓ, કે બહુ તો વર્ષો ગણાઈ રહેલ છે, પછી કર્મ કઈ સ્થિતિમાં મૂકશે ? વાત એ છે કે એ હૃદયમાંથી ભય જ નીકળી ગયો છે. એ દુશ્મનને ઓળખતો નથી એટલે પોતાના હાથે એને જોરદાર બનાવે, એના હાથમાં શસ્ત્ર મૂકી દે, દુશ્મન સારી રીતે ફાવે એવું કરે, એવી એને સારામાં સારી સગવડ કરી આપે, એમાં નવાઈ નથી. આંતર શત્રુને પોતાના જીવનમાં પાવરધા કરી દે એ ભવાભિનંદીની વિશેષતા છે.

**ક્ષુદ્રતા ક્યાં સુધી ? :-** ભવાભિનંદીને સંસારનો પક્ષપાત હોય છે; કેમકે એને એ સાચવવો છે. આઠ જાતિના એના ગુણો (દુર્ગુણો), એના જોરે એનો સંસાર પરનો પક્ષપાત નભે છે તેમાં પહેલા નંબરે-ક્ષુદ્રતા. એનાથી કોઈનું કાંઈ સંખાય નહિ. એવો એ ક્ષુદ્ર કે જરા કોઈની ભૂલ થાય તો ચડભડી ઊઠે ! ક્ષુદ્રતા ક્યાં સુધી ? જરૂર પડ્યે હોંશપૂર્વક એવું હલકું કામ કરે કે ન પૂછો વાત ! 'આવું કામ થાય કે નહિ,' એ વિચારે પણ નહિ. 'કઈ સ્થિતિનો હું માણસ ! મારાં જ્ઞાન-માન કેવાં !' એ વિચાર જ નહિ !

**ક્ષીર કદંબક ઉપાધ્યાય :-** ક્ષીરકદંબક ઉપાધ્યાય બ્રાહ્મણ હતા. એમને ત્યાં

ત્રણ વિદ્યાર્થીઓ ભણતા હતા. એમાં એક તો પોતાનો પુત્ર પર્વત, એક રાજાનો પુત્ર વસુ, અને એક બહારનો તે નારદ. પોતે અગાશીમાં બેઠેલ અને ગગનગામી મુનિ ચાલ્યા જતા હતા. એમની વાત સાંભળી કે : 'આ ઉપાધ્યાયના ત્રણ વિદ્યાર્થીમાંથી બે નરકગામી છે, એક સ્વર્ગગામી છે.'

**માનવહોદ્દાને બરબાદ કરનારી વિદ્યા :-**

ઉપાધ્યાય આ સાંભળી વિચારમાં પડી ગયા- 'અરે ! આ શું ? હું આર્ય વિદ્યા ભણાવું, અને મારા બે વિદ્યાર્થી નરકમાં જનારા ? આ જૈન મુનિઓ મહાવ્રતધારી હોય છે. અસત્ય બોલે નહિ, તો શું મારી વિદ્યા ફોક ? તો પછી આવી વિદ્યા ભણાવ્યા કરીને મારે મારા જીવનનુંય શું કરવું છે ?' ઉપાધ્યાય ચોંક્યા ! જે વિદ્યા એ તે શું શિક્ષણ છે કે વિદ્યાર્થીનું ભક્ષણ ? વિદ્યાર્થીને ખાઈ જનારી જ એ વિદ્યા બની ને ? આજની વિદ્યાઓમાં શું છે ? પરલોક સુધારનારું કોઈ તત્ત્વ એમાં ખરું ? આજના કાળના જીવન-નિર્વાહ માટે એ કેળવણી લેવી-લેવરાવવી જરૂરી માનતા હો એ જુદી વાત, પરંતુ એને ઝેર સમજીને કે અમૃત ? અસંખ્ય જન્મોની પુણ્યાઈ વધતાં મહામુશીબતે મળેલ આ માનવહોદ્દાને બરબાદ કરી, કેવળ જડવાદ-વિલાસવાદ અને નાસ્તિકવાદને પોષવા દ્વારા ફેર પાછો જીવને અધમ યોનિઓમાં ખોસી ઘાલે એવી અધ્યાત્મ વિહોણી આજની કેળવણી એ ઝેર નથી તો બીજું શું છે ? એનાં માન સન્માન હોય ? બી.એ.બી.કોમ. અને એલ એલ બી. વગેરે ડિગ્રીઓ પર ઓવારી જવાનું ? કે ભડકવાનું ? ખુશખુશાલ થવાનું કે નીસાસો નાખવાનો કે 'અરેરે ! આ વિષયાવેશ, અભિમાન અને ઉન્માદ પોષનારી વિદ્યા પર આ બિચારા જીવની કઈ ગતિ થશે !' એટલો નીસાસો પડે, ભડક લાગે, તો પણ કાંક બચાય. પરંતુ એ નથી એટલે નિરાંત અનુભવો છો. ધાર્મિક શિક્ષણ-સંસ્કરણના ભોગે એને પોષો છો ! મહાપ્રકાશ આપનારું જિનશાસન મળવા છતાં અંધારી ગુફામાં અટવાઈ મરવાનો એ ધંધો છે.

ઉપાધ્યાય ક્ષીરકદંબક ચોંકી ઊઠ્યા, 'મારી વિદ્યા પામનારા બે વિદ્યાર્થી નરકગામી !' શું કરવું છે આવી વિદ્યાના અધ્યાપનનું શરણું લઈને ?

એને વિચાર આવ્યો કે 'પણ જરા તપાસ તો કરું કે કોણ નરકગામી છે, ને કોણ સ્વર્ગગામી છે ? આ ત્રણ જણા છે, એમાં વસુ એ રાજપુત્ર હોવાથી રાજા થવાનો; અને રાજ્ય તો મહાભોગવિલાસ, મહાઆરંભ, મહાપરિગ્રહ, પ્રપંચ-ખટપટ, સત્તા-ઠકરાઈ, મદ-મિજાજ વગેરેમાં જીવને તરબોળ રાખનાર હોવાથી નરકે લઈ જનારું હોય એમાં નવાઈ નથી. હવે રહ્યા બે, એક પર્વત અને બીજો નારદ.'





**દાનો દુશ્મન સારો : મૂર્ખ મિત્ર ખોટો**

જુઓ એની વિચારસરણી. પહેલું તો મુનિઓના વચન પર શ્રદ્ધા કરી લીધી કે બે જણ નરકગામી છે. મુનિઓનો ભક્ત નથી, પોતે બ્રાહ્મણ છે, મુનિઓ જૈન છે. પણ એમના છતા ગુણોનો વિશ્વાસ કરનારો છે, એટલે એમના સત્યવ્રત પર શ્રદ્ધા કરી લઈ એમનું કહેલું માની લે છે. મુનિઓનાં જીવન કેવા ઉચ્ચ હશે, એની લોકમાં ખ્યાતિ કેવી અખંડ હશે, કે એક વિદ્વાન બ્રાહ્મણ પણ આ શ્રદ્ધા કરી લે છે !

આપણા સારા જીવનની તો દાના દુશ્મન ઉપર પણ અસર પડે છે. દુર્જન પર અસર ન પડે એ જુદી વાત, પણ સજ્જન ઉપર તો અસર પડે ને ? એ તો મનમાં સમજે ને ? ભલે કદાચ આપણે ને કોઈ સજ્જનને કોઈ વાત અંગે વિરોધ પડી ગયો હોય, તેથી એ આપણો દુશ્મન બન્યો હોય; પરંતુ જો એ દાનો હોય, ઉદાર સમજદાર સજ્જન હોય તો આપણી લાયકી મનમાં તો સમજતો હોય. માટે તો કહે છે ને કે **દાનો દુશ્મન સારો પણ મૂરખ મિત્ર ખોટો.** મૂર્ખ મિત્ર પર એવો વિશ્વાસ ન રખાય કે એના તરફથી કોઈ વાર આપણે આપત્તિમાં નહિ મુકાઈએ. કારણ એ છે કે પ્રસંગ આવ્યે એ મૂર્ખતા એવી કરી બેસે કે, આમ તો આપણા ભલાને જોનારો હોય છતાં તેઓની મૂર્ખતામાં આપણને નુકસાનમાં ઉતારે.

**મૂર્ખ મિત્રનો દાખલો :-**

એક વેપારી સાંજ પડ્યે દુકાનેથી નોકરને સાથે લઈ મોડેથી ઘરે જઈ રહ્યો હતો. રસ્તામાં ગલીની અંદર એક હલકી જાતનો દેવાદાર મળ્યો.

વેપારી એને ઊભો રાખી કહે છે 'કેમ ભાઈ ! આપણા પૈસા ?'

પેલાએ મનમાં શું આવ્યું તે વેપારીની પાઘડી જ ઉછાળી, કહે છે 'બેસો બેસો હવે પૈસા જ પૈસા કરો છો તે ?' કહી ચાલતો થયો,

વેપારી અવસર જોઈ ગમ ખાઈ ગયો. નોકર પેલાને મારવા જતો હતો પણ શેઠે એને રોક્યો; કહે છે 'જવા દે એને; અવસરે વાત.' ઝગડો કર્યા વિના પાઘડી પહેરી લઈ ઘરે આવ્યા. નોકર એના ઘરે ગયો.

બીજે દિવસે આ નોકર, સમજદાર નહિ, તે બીજાને કહે છે કે 'ફલાણા માણસે અમારા શેઠની પાઘડી ઉછાળી...' લોકો હસવા લાગ્યા,- 'આ વેપારી કેવો માલ વિનાનો તે પાઘડી ઉછાળનારને જતો કર્યો !' લોકમાં નમાલા તરીકેની ખ્યાતિ થઈ.

કહો, મૂર્ખ નોકરે શું કર્યું ? ડહાપણ કે મૂર્ખતા ? પાઘડી ઉછાળ્યાનું બહાર કહેવાય ? પણ નોકર જાણે કે 'હું પેલાને હલકો પાડી શેઠ પ્રત્યે લોકમાં લાગણી

ઊભી કરું,' એમ લાભની બુદ્ધિથી પણ કામ મૂર્ખતાનું કર્યું, શેઠના નુકસાનમાં ઉતાર્યું. આવા મૂર્ખ મિત્ર હોય એ ખોટા. વેપારીએ તો દીર્ઘદૃષ્ટિથી ગમ ખાધી હતી, એટલે જ અવસર આવ્યે પેલા પાઘડી ઉછાળનારને એવો ભીંસમાં લીધો કે બિચારો 'બાપ રે બાપ !' પોકારે. શેઠના નમાલાપણા પર હસનારા હવે સમજ્યા કે ગમ કેમ ખાધેલી, હવે શેઠની બુદ્ધિના વખાણ કરવા લાગ્યા; પણ પેલા નોકરે તો એક વાર નુકસાન પહોંચાડ્યું; કેમકે મૂર્ખ મિત્ર હતો.

**ઘરની વાત બહાર કરનારા મૂર્ખ મિત્ર :-**

ઘરની વાત બહાર ગાનારા પણ આવી જ મૂર્ખતા કરે છે. સાસુ બહાર વાત કરે કે 'મારો છોકરો તો સારો છે પણ બિચારાને આ વહુ બહુ હેરાન કરે છે !' જુઓ એ જાણે 'આમ કહીને લોકોમાં છોકરા માટે સારી લાગણી ઊભી કરું,' પરંતુ લોક માનશે કે 'છોકરો નમાલો લાગે છે તે બાઈડીથી દબાઈ જાય છે...' બીજી બાજુ પેલી વહુની નિંદા કરશે અને કર્ણોપકર્ણ એ સાંભળીને વહુ ગુસ્સે ભરાશે ! તે પછી રોષ ક્યાં કાઢવાનો ? ધણી પર ! એટલે ધણીને જ બિચારાને વધુ હેરાનગતિ. કહો માએ બહાર ગાયું એથી છોકરાનું શું સુધાર્યું ? ઊલટું છોકરાને નુકસાનમાં ઊતરવું પડ્યું. મૂર્ખ મિત્ર ખોટો.

**દાના દુશ્મનની કથા :-** ત્યારે દુશ્મન દાનો સમજદાર હોય તો સારો. આના પર એક દૃષ્ટાન્ત છે.

એક ગામમાં ખીમચંદ અને દયાચંદ નામના બે ભાગીદાર વેપારી રહેતા હતા. બંનેને ભાગમાં દુકાન ચાલતી. પણ વખત એવો આવી લાગ્યો કે વેપારમાં આવક ઘટવા લાગી. ત્યારે દયાચંદ ખીમચંદને કહે છે, 'આપણે આ વેપાર બંધ કરી દઈએ. બીજો વેપાર કરીશું.'

ખીમચંદ કહે 'એમ એકદમ બંધ કરવામાં તો ચાલુ માલ નીચા ભાવે ફટકારી દેવાનું થાય, તો ખોટ આવે.'

પેલો કહે 'એ ચિંતા કરવા કરતાં ભવિષ્યનો વિચાર કરો. ભાવ ઊતરતા જાય છે તેથી ભવિષ્યમાં મોટી ખોટ વેઠવી પડે, એના કરતાં આ ખોટ ઓછી રહેશે.'

**ખીમચંદની મમતા :-**

પણ દયાચંદનું સમજાવવું વ્યર્થ હતું. ખીમચંદ પોતાના નિર્ણયમાં મક્કમ હતો છેવટે દયાચંદે પોતાનો ભાગ બંધ કર્યો. ધીમે ધીમે પોતાની રકમ કાઢી લેવા માંડી. થોડી બાકી રહી એનું નક્કી કર્યું કે મહિને મહિને અમુક અમુક હપ્તે ખીમચંદે આપી દેવી. પરંતુ હવે તો માલ ઓછો રહેતો એટલે ઘરાકી બહુ મંદ પડી



ગઈ, બીજી બાજુ ભાવ બેસતા ગયા ખરચા ઊભા રહી ગયા. પેલો ઉઘરાણી ફર્યા કરે છે, આ વાયદા કર્યે જાય પરંતુ રકમ આપી શકતો નથી. દયાચંદ કહેતો, 'લાવ તારા છોકરાને બીજે લગાડી આપું,' પરંતુ આ એના મમતમાં માનતો નહિ, છેવટે દુકાન કાઢી નાખવી પડી. દયાચંદની રકમ પાછી વાળી નહિ, છોકરાને બહારગામ મોકલી દીધો.

દયાચંદનું મન બહુ ખાટું થઈ ગયું. એને લાગ્યું કે આ કેવો માણસ ! મારું માન્યું નહિ ને દુકાન કાઢી નાખી. છોકરાને બહારગામ મોકલી દીધો, તે જરૂર મૂડી લઈને જ મોકલ્યો હશે. મારી રકમ પાછી વાળી નહિ. કેવો આપમતિ ! કેવો પ્રપંચી !' હવે એ ખીમચંદને દુશ્મન દેખે છે. સંબંધ બંધ થઈ ગયા. વચમાં વચમાં ઉઘરાણી કરે છે, ત્યારે ખીમચંદ ઊલટો તીખાં લે છે. એ ય દયાચંદને દુશ્મન દેખે છે.

**પૈસાનો સંબંધ ભૂંડો :-** દુનિયામાં પૈસાનો સંબંધ મિત્રતા અને સ્નેહને તોડાવે છે, વહાલામાં વહાલા લાગતાને વૈરી બનાવે છે, અનેક પ્રપંચ-વિશ્વાસઘાત અને પાપોની હારમાળા સર્જે છે. માટે નીતિ કહે છે કે **જેની સાથે સ્નેહ રાખવો હોય એની સાથે પૈસાનો સંબંધ બાંધતા નહિ.** નહિતર પ્રપંચ અને વિશ્વાસનો ઘાત કરવાનું બનશે, સામાના ભૂતકાળના ઉપકાર ભૂલી દુશ્મનનું માનવાનું દિલ બનશે, એવાં અનિષ્ટ પરિણામ આવે એનાં કરતાં સીધું સરળભાવે કહેવું સારું કે 'જો ભાઈ આપણી વચ્ચે પૈસાનો સંબંધ રહેવા દે, નહિતર એનું છેવટ દુશ્મનાવટમાં આવશે.

ખીમચંદે આપમતિ, ઊંધી ગણત્રી અને મમતમાં બરબાદી સર્જી. લોક પણ સમજતું થઈ ગયું કે આ બિચારા દયાચંદ જેવા સારા માણસ સાથે હવે એ દુશ્મનાવટ કરે છે તે સારું નથી.

**નાદાન પર અંકુશ ન હોય તો :-**

હવે બન્યું એવું કે ખીમચંદના છોકરાને બહાર ગામ ગયે બાર મહિના થઈ ગયા હશે ત્યાં છોકરાની વહુ કોઈ જુવાનિયાના સંબંધમાં આવી. જુવાન વય, બાપના ઘરમાં લાડકોડમાં ઉછરેલી, આજુબાજુવાળા સાથે બોલવા કરવામાં છૂટ વાળી, એનું પરિણામ આ ન આવે તો બીજું શું આવે ?

નાની વયમાં ઘણા લાડકોડ મનને સ્વચ્છન્દ બનાવે છે. વય નાદાન છે, પોતાના હિતાહિતની ગમ પડતી નથી, પછી માથે વડિલનો ભય, લાજ કે અંકુશ હોય નહિ, તે આપ મેળે શી રીતે સીધી લાઈને ચાલે ?

**પ્ર.-** પણ પછી સમજની વયમાં આવે ત્યારે તો સમજીને સીધું જીવન જીવે ને ?

**ઉ.-** આ કેવી ઊંધી ગણતરી છે ? ખબર નથી કે નાદાન વયમાં વર્ષો સુધી

યથેચ્છ ઊંધા જીવનની કુટેવ પડેલી તે હવે શે મીટે ? સમજ આવે એ જુદી છે અને ટેવ જુદી વસ્તુ છે. અરે ! ઊંધી ટેવોમાં તો પછી ઊંધા આચરણ પર સમજે ય અવળી બની બેસે છે; કેમકે માણસને અહંત્વ બહુ પીડતું હોય છે. તે એને 'હું ખોટું કરી રહ્યો છું' એવું માનવા દેતું નથી. એટલે કુટેવ અને અહંત્વ બે ભેગા થઈ દાટ વાળે છે, માણસને સત્યાનાશના પંથે લઈ જાય છે.

**નાનપણની કુટેવના અનર્થ :-** ઉંમર મોટી થઈ, બુદ્ધિ હોશિયારી આવી, ચારમાં જમાવટ પણ કરી, હવે પેલી સ્વચ્છંદતા અને કુટેવોથી છૂપાં પાપો તો ખેલશે, પણ ઉપરથી અહંત્વનો માર્યો પોતે સારો હોવાનો ડોળ જમાવશે ! હિતૈષીઓનું સાંભળશે તો નહિ, પણ ઉપરથી એમને હલકા પાડશે; અને સાથે મીઠા મીઠા બોલ અને પોતાની હોશિયારીથી લાગતાવળગતાને એવા આંજી દેશે કે એ ભોળા આને શાણો સજ્જન સમજશે ! અને એના હિતૈષિઓને ઈર્ષ્યાળુ, અભિમાની, તેજોદ્વેષી...એવા એવા સમજશે ! નાની વયની કુટેવો અને નિરંકુશ સ્થિતિનું આ ફળ છે. માટે ખબર રાખવાની તે બચ્ચાની નાની વયથી જ, વિદ્યાર્થીની શરૂઆતથી જ, અને શિષ્યની દીક્ષાથી જ. પ્રારંભથી જ એના પર ઓજસ પડી ગયું તે પડી ગયું; પહેલાં લાડ કે ભાઈ-ભાઈ, તો પછી એનાથી છૂટો થઈ ગયેલ તે ઓજસ, છાયા શાની ઝીલે ?

**પતિ પરદેશે વહુને ગર્ભ :-**

ખીમચંદની પુત્રવધૂ લાડમાં ઉછરેલી અને અહીં ધણી પરદેશ છે એટલે છૂટ લે છે. એમાં એ ફસાણી એને ગર્ભ રહી ગયો ! મહિના થતાં સાસુ, સસરો ચોંક્યા 'આ શું ?' અને લોકમાં પણ વાતો થવા માંડી. હવે તો પોતે ય ઘણી પસ્તાય છે, પણ શું કરે ? ઘરની બહાર નીકળવું ભારે છે. સાસુએ પૂછ્યું એટલે કહેવું પડ્યું; છૂપાવે ક્યાં છૂપું રહે એમ હતું ? સ્ત્રીઓના માથે કુદરતનો આ ભાર પણ એને સદાચારના બંધનમાં રાખે છે. આજની વાત ન્યારી છે. એક બાજુ વિલાસવાદ વધ્યો, બીજી બાજુ ગર્ભ જ ન રહે એવો પેંતરા યોજાયા ! પછી સદાચારનાં બંધન શે પળે ? આવા કાળમાં શ્રાવકનાં આચાર-વિચાર અને ધાર્મિક અનુષ્ઠાનો નિયમનો વધારે પળાવા જોઈએ કે ઓછા ? છોકરા-છોકરીને ભણાવવાના મેનિયા પાછળ બહાનું ધર્યું કે 'ધર્મક્રિયા અને ધર્મ-આચારોનો સમય ક્યાંથી મળે ?' પણ પરિણામ સમજો છો ? 'બનવાનું હશે તે બનશે' એવી ધિઠ્ઠી વિચારણા રાખી હોય તો કાંઈ કહેવાનું નથી. શ્રાવક-શ્રાવિકા તરીકે દેવાધિદેવ અને એમના શાસનનો ભાર પહેલો માથે ધર્યો હોય તો ચેતવણી-સુર છે કે સંતાનોમાં ધાર્મિક્તા પહેલી જળવાવો.

**દુશ્મનની સલાહ લેવા જાય છે :-** ખીમચંદ લોકવાયકા વધુ ચાલવાથી વધારે



મુંઝાઈ ગયો. કોની સલાહ લેવી ? દયાચંદને તો દુશ્મન બનાવ્યો છે, પણ હવે બીજો રસ્તો નહિ જડતાં ગયો દયાચંદને ઘેર.

આપણી વાત દાના દુશ્મનની છે. દયાચંદ દાનો છે. ઘણા વખતે ખીમચંદ ઘરે આવ્યો, એને આવકાર આપે છે અને સમજી જાય છે કંઈક ખાસ કામે આવ્યો હશે; એટલે અંદર લઈ જાય છે. બેસાડીને પૂછે છે, 'કેમ આવવું થયું ?'

ખીમચંદ કહે છે 'તમારી એક સલાહ લેવી છે.'

'બોલો, સંકોચ વિના બોલો, શી બાબત છે ?'

'બાબત તો આ તમે સાંભળી હશે ને છોકરાની વહુની લોથ ?'

'હા સાંભળવામાં આવ્યું છે,'

'તો મારે શું કરવું ? આ તો આબરૂના કાંકરા થશે !'

**દયાચંદનું દાતાપણું :-** દયાચંદ દાનો છે, વિચાર કરીને કહે છે,- 'એક કામ કરો, છોકરાને ઘરે બોલાવી લો.'

'પણ હવે બોલાવ્યે શું વળે ? એને ગયે બાર મહિના ઉપર થઈ ગયા અને વહુને ચોથો મહિનો જાય છે.'

'એની તમે ફિકર કરો નહિ, એ ઘાટ હું ઉતારી દઈશ. માત્ર તમારે એક ધ્યાન રાખવાનું કે છોકરો ગુપ્ત રીતે રાતના આવે અને પછી ઘરમાં ભોંયરામાં જ ખાનગી રાખવાનો. કહો આટલું બનશે ?'

ખીમચંદ કંઈક ખુશીમાં આવીને કહે છે, 'એ તો બનાવીશ પણ આબરૂ રહેશે ?'

'જરૂર, તમે તમારે એટલું કરો, છોકરો આવ્યો છે કે ઘરમાં છે, એ કોઈને જરા ય ખબર ન પડવી જોઈએ.'

'ઠીક, ઠીક, તમારો બહુ ઉપકાર,' કહીને ખીમચંદ ગયો ઘરે. ઘરમાં વાત કરીને છોકરાને એ મુજબની ચિઠ્ઠિ મોકલી ગુપ્તપણે બોલાવી લીધો અને ભોંયરામાં રાખ્યો. દયાચંદને જણાવી પણ દીધું.

દયાચંદ હવે બુદ્ધિ લડાવે છે. પણ જો જો બુદ્ધિ એવી કે ઉપરથી જોતાં દુશ્મનની પ્રવૃત્તિ કરાવે એવી લાગે, પરંતુ ગર્ભિત રીતે સામાની આબરૂ સાચવવાની કરામતવાળી છે.

**દાના દયાચંદનો બુદ્ધિ પ્રયોગ :-**

દયાચંદે બુદ્ધિ એવી લડાવી કે એણે બહાર ચાર જણની વચમાં ગળગળો થઈને એવી વાત મૂકી,- 'જુઓને આ ખીમચંદ મારા હજાર રૂપિયા નથી આપતો. એનો છોકરો સારું કમાઈને લાવ્યો છે છતાં એને હજી રૂપિયા આપી દેવાનું સૂઝતું નથી.'

બીજાઓ કહે, 'અરે ! એનો છોકરો તો પરદેશ ગયો છે, આવ્યો જ ક્યાં છે ?'

આ કહે, 'તમને ક્યાં ખબર છે ? મને ચોક્કસ બાતમી મળી છે કે એ છ મહિનાથી ઘરે આવી ગયો છે, પરંતુ રૂપિયા આપવા પડે છે એટલે એને છુપાવી રાખ્યો છે.'

'શું કહો છો !'

'ખરેખર જ કહું છું. આ તો મને એકલાને દાદ દે નહિ એટલે શું કરું ? નહિતર હમણાં જઈને જડતી લઉં. જાણો છો ને દુકાનમાંથી ભાગ કાઢી નાખ્યા પછી જાણે ઓળખે છે જ કોણ ?'

લોકોને ખીમચંદના છોકરાની વહુના બનાવથી એના પ્રત્યે ઇતરાજી તો હતી જ, એમાં વળી દયાચંદ ગળગળો થઈને રૂપિયાની વાત કરે છે એટલે તો એના પર વિશેષ લાગણી ઊભરાઈ આવી, અને ખીમચંદ પ્રત્યે રોષ વધ્યો, તેથી દયાચંદને કહે છે.

'અરે ! એમ હોય તો ચાલો અમે સાથે આવીએ છીએ. એ કેમ જવાબ ન આપે ?'

**ખીમચંદને ત્યાં તવાઈ :-** બસ, નક્કી થયું, ચાર જણા દયાચંદની સાથે ગયા ખીમચંદના ઘરે; એને કહે છે.

'કેમ ભાઈ ! છોકરો કમાઈ લાવ્યો છે, તો પછી આના રૂપિયા આપી દો ને.'

ખીમચંદ કહે છે, 'છોકરો ક્યાં આવ્યો જ છે ?'

'વાહ ખીમચંદ શેઠ ! આ ધંધો ઠીક રાખ્યો છે કે છોકરો છુપાવી રાખી, ઘરે આવ્યો જ નથી એવો દેખાવ રાખવો ! કેમ દયાચંદભાઈ ! છોકરો આવ્યો છે ને ?'

દયાચંદ કહે 'મને એવી માહિતી મળી છે કે છ મહિનાથી ઘરે આવી ગયો છે. ખીમચંદને વાંધો ન હોય તો આપણે તપાસ કરો ઘરમાં ક્યાંક હશે !'

દયાચંદ કહે 'અરે ! ભાઈસાબ ! તમે ક્યાં પારકા છો, મારા સ્નેહી જ છો, જોઈ લો ઘરમાં.' બસ, ખીમચંદ અને બીજાઓ ઘર ફેંદી વળ્યા,-મેડી, માળિયાં જોઈ લીધાં, પત્તો ન લાગ્યો. છેવટે નીચે અંદરના ઓરડામાં જોતાં ભોંયરા જેવું દેખાયું. અંદર ઊતર્યા અને ત્યાં છોકરાને નિરાંતે પુસ્તક વાંચતો જોયો ! ખીમચંદે ખસિયાણો પડ્યાનો દેખાવ કર્યો. પેલા જોઈને ચોંકી ઊઠ્યા, ખીમચંદને કહે 'કેમ ભાઈ ! આ શું ? છોકરાને ક્યારનો અહીં ઘાલ્યો છે ?'

**ખીમચંદનો વિવેક :-** ખીમચંદ કહે 'માફ કરજો શેઠિયાઓ ! હવે તમારાથી શાનું શું રાખું ? પાંચ-છ મહિના થયા એ કમાઈને પરદેશથી આવ્યો છે, પરંતુ આ દયાચંદભાઈ ઝટ રકમ માગે એ બીકે એને ખાનગી રાખ્યો છે. જરા અહીં વેપારની



સગવડ થઈ જાય એટલે આપી દઈશ. તો ભાઈસાબ ! દયાચંદ શેઠ એટલી મહેરબાની વધારે કરે એમ તમે બધા એમને જરા ન સમજાવો ? તમને પગે પડીને આ મારી ગરીબની વિનંતિ છે.'

**લોકવાયકા બંધ પડી :-** ખીમચંદના લાગણીભર્યા બોલ ઉપર આવનારા પીગળી ગયા; વાત સાચી લાગી અને હવે દયાચંદને રકમની થોડી ધીરજ ધરવા આગ્રહ કર્યો. દયાચંદ મનમાં તો સમજતો જ હતો, તેથી એણે કહ્યું 'ઠીક ભાઈ ! જેવો તમારા બધાનો આદેશ. પણ હવે જરા વેળાસર રકમ આવી જાય તો સારું.'

પત્યું, લોકમાં વાત ફેલાઈ ગઈ કે છોકરો તો છ મહિનાથી ઘરે છે, એટલે એની ગર્ભવતી બનેલ વહુની લોકવાયકા બંધ થઈ ગઈ, ફરી ગઈ.

**મુનિ દાના, માટે માન્ય :-**

દાના દુશ્મનની આ સ્થિતિ છે કે અવસરે એ મહાન મિત્ર જેવું કામ આપે, મિત્ર જેવી સલાહ આપે, પણ વિશ્વાસઘાત ન કરે. ક્ષીરકદંબક ઉપાધ્યાય બ્રાહ્મણ હતો, જૈન મુનિનો ભક્ત નહિ, પરંતુ એને એટલો વિશ્વાસ છે કે 'આ મુનિઓ અસત્ય બોલે નહિ, કોઈનો વિશ્વાસઘાત કરે નહિ, વિરોધી પ્રત્યે પણ દાના. એટલે એ કહે છે તે પરથી નક્કી વાત છે કે આ ત્રણ વિદ્યાર્થીમાંથી બે નરકગામી અને એક સ્વર્ગગામી. કોણ નરક અને કોણ સ્વર્ગમાં જનાર એ નામ નથી બોલ્યા, પરંતુ લાગે છે કે એક રાજાનો પુત્ર વસુ. એ રાજ્ય પામીને નરકમાં જનારો હોય એ સમજાય એવું છે.'

**નરકદાયી રાજ્ય પર આકર્ષણ ? :-**

શાસ્ત્રવાચન પર આટલી શ્રદ્ધા કે 'રાજ્ય એટલે અનેક મહાપાપોનું ઘર; અને મહાપાપો સહેજે નરકમાં લઈ જાય.' કહો સમજ કેવી પાકી છે !

જિંદગી સુધી રાજ્ય મળવાનું તો ન હોય, છતાં અજ્ઞાન જીવને નરકદાયી રાજ્ય-પ્રાપ્તિનાય કોડ થાય છે ! કદાચ કોડ ન થાય તો ય બીજાને રાજ્ય કે રાજા જેવી સત્તા ભોગવતો જોઈ મનને થાય છે કે 'આ કેવા ભાગ્યશાળી ! કેવી હોશિયારી અને કેવું પુણ્ય કે એમને રાજ્ય મળ્યું મહાન સત્તા ઠકરાઈ મળી !'

ભાગ્ય કોને ગણ્યું ? સરાસર નરકની વાટસમા રાજ્યને ! પુણ્ય અને ઉપયોગી હોશિયારી ક્યાં માની ? મહા પાપારંભો-જીવહિંસા-પરિગ્રહ-વિલાસ-કષાયો વગેરેથી ભરચક એવી સત્તા-ઠકરાઈ મળવા ભોગવવામાં !

હવે અહીં ભડકની તો વાતે ય ક્યાં રહી કે 'અરે ! આ નરકદાયી સત્તા-ઠકુરાઈ જીવની બિચારાની શી વલે થાય ?' હૃદયમાં આર્યત્વ ઝળકી રહ્યું છે ? કે

કેવળ જડવાદી અને આ લોક સુધી જ નજરવાલા અનાર્યના જેવા જ હિસાબ-લેખાં છે ? એ તપાસવા જેવું છે.

જીવને કદાચ વૈભવ-ઠકરાઈ મળી જાય, પરંતુ એના પ્રત્યે દિલ કેવું હોય ? કાંપતું અને ફડકતું ! મહાપાપોના ઘસારામાં જીવનની મહા બરબાદી જોઈ નિરાશા-નિસાસા અનુભવતું ! સદા ભડક રહ્યા કરે. ભડક હોય એટલે તજવીજ થાય કે આ ફાંસલામાંથી ક્યારે છૂટાય ! અવસરે અવસરે એમાંથી ય સદુપયોગના માર્ગ લેવાય.

આમાં એ જોવા જેવું છે કે જો સત્તા, ઠકરાઈ અને મહાઆરંભ-સમારંભ ભર્યા ઠઠારા પ્રત્યે ભડક પણ નથી, તો હૈયામાં તત્ત્વશ્રદ્ધા, જિનવચનશ્રદ્ધા અને પાપનો ભય ક્યાં ઊભો રહેવાનો ? ધર્મ આત્મામાં શો પરિણામ પામ્યો ? મનને આત્મ-હિતની વસ્તુથી ક્યાં ભાવિત કર્યું ? જીવનને અંતર્મુખ સ્થિતિમાં કેટલું પલોટ્યું ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"　　વર્ષ-૧૨,અંક-૧૨,તા.૩૦-૧૧-૧૯૬૩**

## આવશ્યક ચાર ચીજ

**શાસન પામી કરી લેવા જેવી આવશ્યક ચાર ચીજ :-**

**(૧) જિનવચન તરફ જ વલણ, (૨) ધર્મપરિણમન,**

**(૩) આત્મહિતકારી વસ્તુથી ભાવિતતા, ને**

**(૪) બહિર્મુખતામાંથી અંતર્મુખતામાં જીવનને પલોટવાનું;**

-આ ચાર તો તીર્થંકર ભગવાનનાં શાસન સાથે પ્રાપ્ત થયેલ મનુષ્યભવમાં ખાસ કરી લેવા જેવી ચીજ છે.

**આ ચારનો પ્રભાવ :-** ક્ષુદ્રતાદિ દોષોભર્યા ભવાભિનંદી જીવને શ્રી પંચસૂત્રની વાતો મગજમાં બેસે એવી નથી પછી એને આદરવાની, એનો પ્રયત્ન કરવાની તો વાત જ ક્યાં ? આ ભવાભિનંદિતાની અનંત અનંત કાળની લાગેલી જકડામણમાંથી છૂટવું હોય તો ક્ષુદ્ર સ્વભાવ, છીછરી મનોવૃત્તિ, ટૂંકી દૃષ્ટિ વગેરેને દૂર રાખી આ ચાર વસ્તુ જીવનમાં પહેલામાં પહેલી તકે ઉતારવા જેવી છે. એનો અભ્યાસ પાડવાનો પણ એ પ્રભાવ છે કે ક્ષુદ્રતાદિ દોષોનું જોર ઓછું થતું આવે; અને એ ઓછું થતું જાય તેમ તેમ આ ચાર વસ્તુ સાથે મેળ વધવાનો. ધ્યાન રાખજો કે જીવનમાં બીજા સત્તર ફાંફા મારશો પણ એ બધા બેકાર છે, નિષ્ફળ છે, અંતે શૂન્યમાં આવી રહેનારા છે. ત્યારે આ ચારનો પ્રયત્ન જીવનની મહાન સફળતા દેખાડશે, મનને લગાડશે કે 'વાહ, જીવન કાંક ધન્ય બન્યું !'

**(૧) જિનવચનનું જ વલણ :-**



પહેલી વાત, મનનું વલણ કઈ બાજુનું ? તો કે એક માત્ર તીર્થંકર ભગવાનની શિખામણ બાજુનું જ, એમણે કહેલ તત્ત્વો અને મોક્ષમાર્ગ તરફનું જ. વલણની વાત છે. હો, અમલની વાર છે. વલણ પહેલું, પછી અમલ. વલણ વિનાની અમલની કિંમત નથી. ધણી-ધણીયાણીને ખટરાગ છે, મનના મેળ નથી, પછી જો કે બંને અરસપરસની સેવા બજાવવાનાં કાર્ય તો કરે છે, પણ એક બીજાને કામની કદર નથી, કામથી સંતોષ નથી. વહુને ગાળો દેનારી, ઉતારી પાડનારી, અને બહાર વગોવનારી સાસુ તરફથી બીજી સગવડો વહુ પામતી હોય પણ એને મન એની કિંમત કોડીની છે; કેમકે એ દેખે છે કે સાસુનું વલણ દુશ્મન જેવું છે, પછી એ સારું કરી વાળે તેથી શું ?

**અનુષ્ઠાનની કિંમત ક્યારે ? :-** એમ તીર્થંકર ભગવાનની સેવાનાં કાર્ય પણ કરીએ કિન્તુ એમના તરફ, એમની આજ્ઞા અને એમની શોભા તરફ મનનું ઝૂકતું વલણ ન હોય, વલણ હોય સંસાર તરફ, સંસારનાં કાર્યો બરાબર બજાવવા તરફ, તો એ જિનસેવા અને જિનોક્ત અનુષ્ઠાનો બજાવવાની કિંમત કેટલી ગણાય ?

**જિનવચનનું વલણ એટલે :-**

વલણ જિનવચન તરફનું જોઈએ. જિનવચન જેને પાપ કહે છે, જે ત્યાજ્ય કહે છે, એના તરફ ઘૃણાનું વલણ, અરુચિભર્યું વલણ, તથા જિનવચન જે જે ધર્મ બતાવે છે, જે આદરણીય કહે છે, જેને ઉપાદેય અને કલ્યાણકારી દર્શાવે છે એના તરફ રુચિ-આકર્ષણ-ગ્રાહ્યતાનું વલણ કેળવવું જોઈએ. જ્ઞાનીઓએ વિવેક કરી બતાવ્યો છે કે આ પાપ, આ ધર્મ; દા.ત. હિંસા એ પાપ, અહિંસા એ ધર્મ, ઈત્યાદિ. એમાં પણ પ્રસંગ કે સ્થળ વિશેષમાં દેખીતું પાપ એ ખરી રીતે ધર્મ અને દેખીતો ધર્મ એ ખરી રીતે પાપ એવો પણ વિવેક બતાવ્યો છે. દા.ત. જિનપૂજામાં જલ-પુષ્પાદિની હિંસા છતાં ધર્મ કહ્યો; અને 'ના, હું એ નહિ કરી અહિંસા પાળીશ' એમ ઘરસંસારની ઘણીય હિંસા કરવા છતાં અહીં જિનપૂજા ઉવેખીને એટલી અહિંસા પાળે એ પાપ; આમ વિવેક કરી બતાવ્યો છે. તો એ વહેંચણને અનુસરી ખરેખર પાપો પ્રત્યે ઘૃણાનું વલણ અને ખરેખર ધર્મ પર રુચિનું વલણ ઊભું કરવું જોઈએ.

આ વિવેક સમજવા જેવો છે, નહિતર વાસ્તવિક આત્મહિતની પ્રવૃત્તિને જ સ્થૂલ બુદ્ધિથી પાપ માની એના તરફ અરુચિનું વલણ રાખ્યા કરવાનું થાય; જેમ કે, મૂર્તિપૂજા વિરોધી યા સવસ્ત્ર-ચારિત્ર ધર્મના વિરોધીની આ દશા હોય છે. એ અવિવેક એટલા માટે છે કે આમ પાછા પોતે માનેલ ધર્મમાં દેખીતા હિંસા-પરિગ્રહ પાપ હશે છતાં ધર્મ માનશે ! જેમકે (૧) ઘરે આવેલ સાધર્મિકની યા તપસ્વીની ભક્તિ કરવામાં આરંભ-સમારંભ થવા છતાં એમાં, એમ (૨) ગુરુવંદન-વ્યાખ્યાન

શ્રવણ કરવા જવામાં વચમાં કદાચ વરસાદ નડ્યો ત્યાં જલની હિંસા થાય છે છતાં, એ કરીને ય વંદન-વ્યાખ્યાન શ્રવણમાં ધર્મ માનશે ! અને અહીં જિનપૂજામાં પાપ માને છે ! એમ ચારિત્રમાં વસ્ત્ર રાખવામાં પાપ માનશે પણ મોરપીંછી કમંડલુ રાખવામાં ધર્મ માનશે ! આ અવિવેક છે.

**વિવેક :-** ખરી રીતે પોતાની સ્થિતિ, બળ, સંયોગ અવસ્થા વગેરેના હિસાબે માપવું જોઈએ કે ધર્મની કેટલી શક્યતા છે, એટલે અંશે પાપથી બચવાને અને શુભ ભાવમાં આવવા-ટકવાને અવકાશ છે. એ માપીને મોહમાયાની, ઈન્દ્રિયની અને મોટા આરંભ-સમારંભોની પ્રવૃત્તિથી બચાય એટલા બચવું જોઈએ. નહિતર તો આ સંસારમાંથી ઊંચા જ ન અવાય; અથવા ગજા ઉપરાંતનું વેતરવા જતાં ચિત્તમાં અસમાધિ વગેરે કેઈ મોટાં પાપ ઘૂસી જાય.

ધર્મ કે પાપ પોતાની કક્ષાને અનુસારે હોય, માટે જ જિનશાસન જુદી જુદી કક્ષાવાળાને જુદાં જુદાં ધર્મ-આચરણ બતાવે છે, પાપનો કક્ષાવાર વિવેક ફરમાવે છે.

બસ તો એ વિવેક સમજીને પાપ પ્રત્યે ઘૃણાનું અને ધર્મ પ્રત્યે રુચિનું વલણ કેળવવાનું. પોતાને આચરવું ગમે તે પડતું હોય, કે સામે દુનિયામાં ગમે તે દેખાતું હોય, છતાં એના તરફ દૃષ્ટિ તો જિનવચનના વિવેક મુજબની, ને વલણ એ વિવેકને અનુસરતું જ હોય.

(૨) **ધર્મપરિણમન, :-** બીજી જરૂર કરી લેવા જેવી ચીજ ધર્મપરિણમન છે. ધર્મ પ્રત્યે સારું વલણ કેળવાયું છે એટલે હવે મન અત્યાર સુધી જે પાપપરિણત હતું અને તેથી સવારે જાગ્યો ત્યારથી પાપ, પાપ ને પાપની જ રમતો તરફ દોરાતું, તે હવે મનને ધર્મપરિણત બનાવવાનું; અને ધર્મપ્રવૃત્તિ, સુકૃત-આચરણ, ગુણાભ્યાસ, પાપત્યાગ, દુષ્કૃત-નિવારણ, દોષહ્રાસ વગેરેમાં રમતું કરવાનું. એ માટે મળેલી તન-મન-ધનની શક્તિનો પૂરો ઉપયોગ કરવાનો. દાન, પરોપકાર, દયા, દેવ-ગુરુ-ધર્મ-ધર્મની ભક્તિ, વ્રતનિયમ, ત્યાગ-તપસ્યા, સત્સંગ-શાસ્ત્રાભ્યાસ વગેરે યથાશક્તિ આચરીને હૈયામાં ધર્મ પરિણામ પમાડવાનો.

કોરી બડી બડી વાતો કરવાથી કાંઈ નહિ વળે. આમ મોટી મોટી વાતો કરે કે 'સંઘમાં આમ બગડી રહ્યું છે, ને તેમ બગડી રહ્યું છે. આપણા લોકો આવા થઈ ગયા છે ને તેવા થઈ ગયા છે,' વગેરે, એથી શું વળે ? ઊલટું કેવળ કષાય પોષાય. એના કરતાં ડાહ્યો માણસ પોતાની પહોંચ અને સક્રિયતા વિચારી શક્તિ-અનુસાર આજુબાજુમાં રહેલા કે પરિચયમાં આવતા પાંચ માણસને જીવન-સુધારણાના માર્ગે વાળે, ધર્મના માર્ગે વળે. એ ખરેખરો ધર્મની દાઝવાળો કહેવાય. ત્યાં પોતાને ધર્મ પરિણામ પામ્યો છે ગણાય.



ધર્મપરિણમન શક્ય પ્રવૃત્તિ માગે છે, સક્રિયતા માગે છે, વાતો નહિ. એ પ્રવૃત્તિ જેમ જેમ કરતા જવાય, તેમ તેમ હૈયે ધર્મ વધુ ને વધુ પરિણામ પામતો જાય. જુગારીને જુગાર અને વેપારીને વેપાર જેમ જેમ થતો જાય તેમ તેમ હૈયું વધુ ને વધુ એનાથી ઘડાતું જાય છે, તન્મય થતું જાય છે, રાત દિવસ એના જ વિચાર આવ્યા કરે છે; એ રીતે ધર્મમાં કેમ ન બને ? પણ પ્રવૃત્તિ હોય તો બને ને ? ખાલી વાતો અને નિષ્ક્રિયતાથી શું થાય ? ધર્મભાવના બાજુએ રહે ને ! જીવન બેકાર અને કષાયભર્યું વહ્યું જાય.

આપણા હૈયામાં સક્રિય પ્રવૃત્તિ-આચરણ દ્વારા મોંઘેરો ધર્મ પરિણત કરતા જવા માટે તો આ જીવન છે, એની પ્રત્યેક ઘડી અને પળ છે. માટે એ લાખેણી છે. એને વેડફી ન નખાય, ક્ષણ ક્ષણનો ઉપયોગ શક્ય સારી પ્રવૃત્તિ-સક્રિયતા દ્વારા ધર્મ-પરિણમનના માર્ગે આગળ ને આગળ વધવા માટે જરૂર કરાય, તો એ લેખે પસાર થઈ.

(૩) **આત્મ હિતકર વસ્તુથી ભાવિતતા :-**

ત્રીજી કરી લેવા ચીજ આ, કે જ્ઞાનીઓએ જે જે આત્મહિતકારી વાતો બતાવી છે, એ કરતાં કરતાં હૈયાંને એનાથી ભાવિત કરતાં ચાલવું જોઈએ. ધર્મના વિવિધ પ્રકારોની પ્રવૃત્તિ તો કરીએ, પણ દિલ એનાથી અળગા જેવું રહે, ભાવિત ન બને, એ શું કામનું ? પ્રભુ-દર્શન-પૂજા, સામાયિક, તપસ્યા વગેરે કરાય તો ખરા, પરંતુ વેઠિયા વેઠની જેમ, રખડતા ચિત્તે ને નિરૂત્સાહ-થાક-કંટાળો રાખીને કરાય, તો જન્મારો વીતવા છતાં તો દિલ એનાથી ભાવિત નહિ બને. માટે જ ધર્મની પ્રવૃત્તિ માત્રમાં પૂરો ઉત્સાહ-ઉછરંગ, ધનના અર્થીને સુવર્ણસિદ્ધિ કરવા જેવો આનંદ-હોંશ-ધગશ જોઈએ. ધર્મની પ્રવૃત્તિમાં આવ્યા એટલે જાણે પોતાના ઘરમાં આવ્યા, અને એ મૂકી પાપપ્રવૃત્તિમાં, દુનિયાદારીમાં પેસવું પડ્યું એટલે જાણે પારકા ઘરમાં, દુશ્મનના ધામમાં પેસવું પડ્યું એમ લાગે. આવું કાંઈક થાય તો એ શુભ વસ્તુથી દિલ ભાવિત બન્યું ગણાય. ભાવિત એટલે રંગિત, રંગાયેલું હૈયું જિનભક્તિથી ભાવિત બન્યું હોય, પછી તો એ પોતાના આત્મસ્વભાવ જેવી નૈસર્ગિક વસ્તુ બની જાય; એની સામે મોહાંધોની સેવા-સરભરા કરવી પડે, એ અસ્વાભાવિક લાગે, પરાણે પ્રીત જેવી થાય. જિનભક્તિની વાત આવે ત્યાં હૈયું વિકસ્વર બને. એવું તપની પ્રવૃત્તિ કરતાં કરતાં હૈયાને તપથી ભાવિત કરવાનો. એ ભાવિત, એટલે પછી ખાનપાનના પક્ષપાત મટી જાય, એ વેઠ જેવા લાગે, ખાતાંય તપનો હિસાબ માંડે. ત્યારે ખાનપાનથી ભાવિત દિલવાળો કદાચ તપ કરશે તો ય તપમાં ય હિસાબ ખાનપાનના માંડશે ! પત્નીના પ્રેમથી ભાવિત

થયેલો, એ પિતૃભક્તિ-માતૃભક્તિને ગૌણ કરી દે છે; ઊલટું માતા-પિતાને ય એ પત્નીને અનુકૂળતા કરવામાં જોડે છે ! ત્યારે દિલ માતા-પિતાની ભક્તિથી ભાવિત હશે, તો પત્નીના પ્રેમને ગૌણ રાખી પત્નીને એમની અનુકૂળતા કરવામાં જોડશે, રામચંદ્રજી પિતૃભક્તિથી ભાવિત હતા તો અવસર આવ્યે એની પાછળ રાજ્ય છોડ્યું, પત્નીની અનુકૂળતા છોડી; વનવાસ ગયા. આત્મહિતકર વસ્તુથી દિલને આવું ભાવિત કરવું જોઈએ. આત્માનાં રોમે રોમમાં એનો રંગ લાગી ગયો હોય, એનો નાદ ગુંજે, એનો પમરાટ વ્યાપી રહે ! શ્રેણિક અર્હદ્‌ભક્તિથી, પુણિયાશ્રાવકે સામાયિકથી, નંદીષેણ મુનિએ સાધુવૈયાવચ્ચથી, સીતાએ સતીત્વથી, દમયંતીએ સહિષ્ણુતાથી હૈયાને એવું ભાવિત કરી દીધું કે એ વસ્તુ જાણે પ્રાણભૂત બની ગઈ, સહજ સ્વભાવ થઈ ગયો.

**(૪) બહિર્ભાવમાંથી અંતર્ભાવમાં પલટો :-**

ચોથી આ વસ્તુ કરવાની છે કે ધર્મનો પરિચય જેમ જેમ વધતો જાય તેમ તેમ જેવી રીતે જિનવચન તરફ વલણ વધતું જાય, ધર્મપરિણમન વિકસતું જાય, અને આત્મહિતકર વાતવસ્તુથી દિલ અધિકાધિક ભાવિત બનતું જાય, તેવી રીતે આત્મા બહિર્ભાવમાંથી અંતર્ભાવમાં પલોટાતો આવે. અનંત કાળના કુસંસ્કારોને લીધે જીવ બાહ્યભાવમાં સહેજે તણાઈ જાય છે. વીતરાગ ભગવાનના દર્શન કરતાં વીતરાગના જીવનનું અને ગુણોનું સ્મરણ થાય એ અંતર્ભાવ છે; પરંતુ એ ક્યારે આવી શકે ? બહિર્ભાવ દા.ત. ઘરની રટણા, યા શરીરની ચિંતા, કે 'આ મૂર્તિ પેલી મૂર્તિ જેવી બરાબર માપવાળી નહિ'...વગેરે રમણતામાંથી બહાર નીકળે ત્યારે ને ? નવકારની માળા ગણતો હોય પરંતુ ચિત્ત બહારના વિચારોમાં રખડતું હોય, તો નવકારના અક્ષરો કે પદાર્થમાં રમવાનું ક્યાંથી બને ? એમ, જગત અને જગતની ચીજોને પૌદ્‌ગલિક સુખદુઃખની દૃષ્ટિએ જોયા કરે એ તત્ત્વ-દૃષ્ટિએ અને આત્મહિતની અપેક્ષાએ વિચારવાનું-મૂલવવાનું અને તેવી તેવી યોગ્ય આત્મહિતકર અસર લેવાનું ક્યાંથી કરી શકવાનો હતો ? પેલા બાહ્યભાવોમાંથી મનને હટાવી હટાવી આંતરભાવમાં લઈ આવવાનો પાકો પ્રયત્ન ચાલુ હોય તો જ મન પરિવર્તન પામતું જાય.

**ધર્મક્રિયામાં આંતરભાવ માટે શું કરવું ? :-**

આ બાહ્યભાવ અને આંતરભાવ કોને કોને કહેવાય એ પહેલું તો નક્કી કરી લેવા જેવું છે. ઓળખાણ જ નહિ હોય કે બાહ્યભાવ શું, તો ધર્મનાં નામ હેઠળ બાહ્યભાવમાં રમવાનું થયા કરતું હશે, અને છતાં મન માની લેશે કે હું ધર્મ કરું છું. દા.ત. પોતે પૂજા કે પ્રતિક્રમણ કરતો હોય ત્યાં એ જોયા કરે કે બીજા બરાબર



કરે છે કે નહિ ? પણ પોતાનામાં શી ખામી છે એ ન જુએ, તો એ બાહ્યભાવ છે. પણ પૂજા કરતાં પોતાનામાં ભાવવૃદ્ધિ થાય છે કે નહિ ? અપ્રશસ્ત રાગ મોળા પડે એવો જિનેન્દ્રદેવ પર રાગ વધે છે યા નહિ ? એમ પ્રતિક્રમણમાં પોતાના કષાયને ધક્કો લાગે છે કે નહિ ? પાપની ગર્હા કરતાં કરતાં એ પાપાચરણના સ્ક્રૂ ઢીલા પડ્યા ? ખાસ ચાહીને આવું આવું જ લક્ષ રાખે તો એ આંતરભાવ છે.

**આંતરભાવ એટલે પોતાના આત્માને અનુલક્ષીને હિતાહિતનો ભાવ, વિચાર.** બહારનું કાંઈ દેખાઈ જાય તો ય એમાંથી આત્મહિત તારવવા પર ઝોક, એ આંતરભાવ. ત્યારે,

**સ્વાત્મહિત ભૂલી બહારમાં ને બહારમાં રહે તે બાહ્યભાવ.**

પ્રભુની આગળ સ્તવન સારું ગાય, પરંતુ એનો માત્ર રાગ, આલાપ વગેરે બરાબર આવ્યા કે નહિ એટલું જ જોયા કરે એ બાહ્યભાવ, અને ભાવ સારા જામે છે કે નહિ, એ જુએ એ આંતરભાવ.

એમ પૈસા મળ્યા, એના પર સંગ્રહ કે ભોગવિલાસ આ દુનિયાદારી તરફ જ દિલ જાય એ બાહ્યભાવ; અને સ્વાત્મહિત તેમજ કુટુંબના આત્મહિતનો વિચાર રખાય એ આંતરભાવ.

ફુરસદ મળી અને વિચાર સ્વાત્માના નહિ પણ બીજાના જ આવે છે, તે ય 'આ ફલાણો બગડી ગયો છે, પેલામાં ય ઠેકાણું નથી, આગેવાનો અભિમાની થઈ ગયો છે, શ્રીમંતો કંજૂસ છે...' આવા વિચારો કર્યા કરે, એમાં પાછું સુધારવા કાંઈ જ સક્રિય કરવાનું નહિ, અ બાહ્યભાવના ચાળા છે.

એના બદલે સ્વાત્માના ઉદયના વિચાર કરે, ઉદય થાય એવી નાની પણ પ્રવૃત્તિ યોજવાનું કરે, એ આંતરભાવ.

**આ વિવેક સમજવા જેવો છે.** પોતાના માટે પણ માત્ર નિરાશા-નિસાસાના જ વિચાર કરે, 'મારું આમ બગડી રહ્યું છે, મારામાં કશું નથી, આ જિંદગીમાં કાંઈ બને એવું નથી,...' આવા ને આવા વિચાર કરે, પણ પાછો દુનિયાદારીમાં ખડે પગે હોય, રાગ-મોહ-તૃષ્ણા-ઇન્દ્રિયગુલામી વગેરે બરાબર કામ કરતા હોય, ત્યાં દેખીતા આત્મા અંગેના વિચાર ખરેખર આંતર-ભાવના ઘરના નથી.

આંતરભાવનું વલણ તો થોડું પણ સક્રિય સુધારાના માર્ગે પગલું માંડવારૂપે હોય, પછી ભલે માનસિક સુધારણાનું પગલું.

જુઓ, પોતાના ધન-માલ-કુટુંબ-કાયા અંગે શું બને છે ? એમાં ઘણું ય બગડ્યું હોય તો ય કંઈ ને કંઈ એની સુધારણાના માર્ગે વિચાર અને વર્તાવ હોય છે, કેમકે એની લાગણી છે. શું એવું આત્મા અંગે ન હોય ? લાગણી હોય તો

કંઈ ને કંઈ કરવા જરૂર મથે. કમમાં કમ સાંસારિક જીવનની ઘેરી આસક્તિ, કષાયો વગેરેને મોળા પાડવા મથે. કુટુંબને પણ એ કરવાની સલાહ આપે. જો કરવું કશું નથી તો લાગણી શાની ? સંસારની લાગણી છે તો કંઈ ને કંઈ કરાય જ છે, તો અહીં ન કરાય ? પણ આત્માની સાચી લાગણી થઈ હોય તો ને ? એ ન હોય અને ખાલી રોદણાં દેખાડવાના હોય ત્યાં આંતરભાવ શાનો ? આંતરભાવ અંતરાત્માની લાગણીમાંથી જન્મે છે. એ સાચી લાગણી કંઈક ને કંઈક સક્રિયતા આણે છે. રોદણાં ગાય કે 'મારાથી પ્રભુભક્તિ કાંઈ નથી બનતી, પામર છું હું,' પણ દુનિયાના સગાંની સરભરા પાકી કરતો હોય, એની પાછળ ખાસા પૈસા ખરચતો હોય, માત્ર પ્રભુભક્તિ માટે કાંઈ નથી કરવું, તો એને ભગવાન માટે અને સ્વાત્મા માટે લાગણી શી કહેવાય ? 'અલ્યા ! જાતે પ્રભુભક્તિ નથી બનતી, પણ પ્રભુના દરબારે ભક્તિનાં થોડાં દ્રવ્ય તો મોકલાવી શકે ને ? દોઢ શેર દૂધ અને બાર આનાનું શાક ઘરના માટે લાવી શકતો હોય, તો પાશેર દૂધ અને બે આનાના ફૂલ પ્રભુની ભક્તિમાં મોકલી શકે ને ?' પાછું પહોંચે એવું હોય છતાં જરાય કરવું નથી, એને પ્રભુની ઉપર લાગણી શી ? પછી ત્યાં 'મારાથી કંઈ ધર્મ નથી થતો' એવા રોદણાં ય હોય તો એ ઢોંગ ! બાહ્યભાવનો એક જુદા પ્રકારનો ચાળો !

ત્યારે અંતર્ભાવમાં રમનાર પેલો યાત્રિક શ્રાવક જુઓ એણે જાતે તો ચોરી-અનીતિ ન કરવી, પરંતુ ઉપરાંત બીજાનું ચોરી-અનીતિનું હોય તો ખાવું પણ નહિ એવી સુંદર વ્રતમર્યાદા કડક રીતે પાલન કરવામાં ઉપવાસનું પારણું છે છતાં શ્રીકાન્તને ત્યાં પારણું કર્યું નહિ, ઉપરથી એની અપકીર્તિ ન થાય એ માટે બીજા બે ઉપવાસ વધારવાનું કર્યું; અને શ્રીકાન્તને અસત્ય ન બોલવાની પ્રતિજ્ઞા કરાવી. આંતરભાવ શબ્દમાત્રથી સિદ્ધ નથી થતો, તેવું જીવન જીવવાથી સિદ્ધ થાય છે. જિનવચનાનુસાર વલણ, ધર્મપરિણમન, આત્મહિતકર વસ્તુથી ભાવિતપણું અને આંતરભાવમાં જીવનને પલોટવાનું કેવું કર્યું હશે !

જીવન અજવાળી જવું છે કે કાળું મેશ કરી જવું છે ? પ્રકાશભર્યું બનાવી દેવું છે કે અંધકારભર્યું ? ભૂલશો નહિ કે જિનવચનથી આડા ચાલ્યે અને મનનાં વલણ અજ્ઞાનોના હિસાબ-ધોરણ મુજબના ચલાવે-રાખ્યે જીવનમાં માત્ર તામસભાવના અંધકાર જ છાયા રહેવાના. એમ ધર્મપરિણમનને બદલે આહાર-વિષય-પરિગ્રહની પરિણતિ, રાગદ્વેષ-ઈર્ષ્યા-કષાયોની પરિણતિ, તથા હિંસા-જૂઠ-અનીતિ અને બીજા પાપાચરણોની પરિણતિ નભાવ્યે જવાથી જીવન કાળું મેશ બન્યું રહેવાનું છે. એમ ધન-માલ અને કાયા-કુટુંબથી ભાવિત રહ્યા કરવાથી કાંઈ-ઉજાસ થવાનો નથી. ત્યારે બાહ્ય ભાવમાં જ રમ્યા કર્યું તો એ અંધારે હવાઈ બાચકા ભરવાનું જ



ગણાશે.

શ્રીકાન્ત પર શેઠના ધર્મની અસર પડી ગઈ. સત્યવ્રત સ્વીકાર્યું, અને તે ચોરી કરવા જતાં ભારે આપત્તિ જેવું છતાં બરાબર પાળ્યું. એમાં આપત્તિથી સરાસર બચ્યો એણે તો વળી એનામાં આંતર ભાવ એટલો બધો ખીલવ્યો કે હવે સર્વ પાપોથી મુક્ત થઈ જવાની ભાવના ઊભી કરી ! ક્યાં ખતરનાક ચોરીનું વ્યસન ? અને ક્યાં આ ઉચ્ચ ભાવના ? પણ આંતર ભાવ જાગ્યા પછી એ મુશ્કેલ નથી.

શ્રીકાન્ત હવે રાજાની આભ્યન્તર પર્ષદામાં ગયો છે, અને ત્યાં ખજાનચીએ આવી ધા નાખી કે ખજાનામાંથી બે ડબા ઝવેરાત ચોરાયું છે. રાજાને સાંભળીને વસવસો થયો કે 'આ રાતે પેલાને જતો કર્યો એ ગંભીર ભૂલ થઈ. એ તો કહેતો હતો કે હું રાજાનો ભંડાર ચોરવા જાઉં છું, અને પાછા વળતા પણ એણે કહ્યું હતું કે ચોરી કરી આવ્યો. પણ મેં એને પાગલમાં ગણી જતો કર્યો ! હવે શું થાય ? ગોઠિયાઓને કહે છે કે 'રાતના આમ બન્યું પણ હવે પત્તો લગાડવો જોઈએ. મારા જ ખજાનામાંથી ચોરી થાય એ કેટલું બધું મારા માટે શરમજનક ? માટે હવે ઉપાય શોધી કાઢો કે ચોર કેમ પકડવો.'

પણ કોની બુદ્ધિ ચાલે ? અભયકુમાર જેવાની ય બુદ્ધિ અટકી ગઈ છે. છેવટે શ્રીકાન્ત કહે છે,-

'જુઓ આપની આજ્ઞા હોય તો હું તલાશ કરું. પણ એમાં પછી વચ્ચે આપે કાંઈ જ કહેવાનું નહિ.'

રાજા કબૂલ થાય છે. એટલે ખજાનચીને પાછો બોલાવી શ્રીકાન્ત પૂછે છે, 'કેમ ? કેટલું ઝવેરાત ચોરાયું છે ?'

ખજાનચી જવાબ કરે છે. 'સાહેબ ! કહ્યું નહિ ઝવેરાતના બે ડબા ચોરાયા છે ?'

'કોણે ચોર્યા ?'

'એ તો સાહેબ ! મને ખબર નથી.'

'પણ તમને થોડી તો ખબર હશે ને ?'

'અરે ભાઈસાબ ! ખબર શું ? આ સંદેહ પણ ક્યાંય જતો હોય તો તો અહીં સાથે જ જણાવી દઉં ને ?'

શ્રીકાન્ત કહે 'ઠીક ત્યારે જુઓ, મને ખબર છે એ કહું ?'

'સાહેબ ! જરૂર કહો તો આગળ તજવીજ થાય.'

'એમ ? લ્યો ત્યારે એક ડબો તો તમે જ ઉપાડ્યો છે. પહેલો તે અહીં

હાજર કરો.' શ્રીકાન્તે ઠાવકે મોંઢે કહ્યું.

**શ્રીકાન્ત ખજાનચીની ઝડતી લે છે :-**

ખજાનચી અને બધા સાંભળનારા ચોંકી ઊઠ્યા કે આ શું કહે છે ! ખજાનચી કહે, 'આ શું બોલો છો ? હું ભંડારનો રક્ષક તે ચોર ! પૂછો મહારાજાને આજ સુધીમાં જરાય ક્યાંય કસૂર થઈ છે ? બોલતાં જરા વિચાર કરો.'

શ્રીકાન્તે આના બોલવા વખતે એના મુખ પરની આછી શ્યામતા પરખી લીધી, એટલે વધુ મક્કમ અવાજે કહે છે,-

વિચાર તો મેં કર્યો જ છે. માટે તો તમે બેઉ ડબા ચોર્યાનું નથી કહેતો, એક જ ચોર્યો છે એ ખાતરી પૂર્વક કહું છું. માટે હવે જરાય વિલંબ કર્યા વિના એ ડબો જલ્દી હાજર કરો.'

'નહિતર ?'

'નહિતર શું ? નહિતર તમારી ફજેતી થશે. બળાત્કારે કબૂલ કરાવવું પડશે.' કહીને સિપાઈને બૂમ મારી કહે છે, 'સિપાઈ ! કોટવાલજીને બોલાવો.'

ખજાનચી રાજાની સામે જુએ છે, કહે છે,-

'મહારાજા ! આપના દેખતાં મારા પર આ આક્ષેપ ? અને આટલી જોહુકમી ?'

રાજા શું બોલે ? એને કાંઈ જ દાદ દેતો નથી. મૌન રાખી દેખાડે છે કે એ તો હમણાં તો શ્રીકાન્ત જે કરે તે જ થશે અને શ્રીકાન્ત એને કહે છે,-

'ફાંફા મારો મા. હમણાં તો હું કહું તે જ થશે ડબો હાજર કરો છો કે નહિ ? નહિતર ફટકા શરૂ થશે. એમાંય નહિ માનો તો કેદખાના ભેગા થઈ જુલ્મની ઝડીઓ જોવી પડશે. શું સમજો છો તમારા મનમાં ? ચોરી પર શિરજોરી ?

વાતાવરણ સ્તબ્ધ થઈ ગયું છે. આવો ખજાનાનો મોટો અધિકારી, આજ સુધી બહુ માન્ય, એની આ રીતે જડતી લેવાતી જોઈ સૌ સમસમી ઊઠ્યા ! રાજાને શ્રીકાન્તની બુદ્ધિ પર વિશ્વાસ છે, એટલે એ ઠંડે કલેજે બધું જોયા કરે છે એ કાંઈ ન બોલે, પછી બીજાની ગુંજાયશ શી કે કાંઈ દરમિયાનગીરી કરી શકે ?

ખજાનચી કહે, 'મહારાજા ! મારા પર આવો ભયંકર આરોપ ? રહી આપની નોકરી; લ્યો આ ચાવીઓ, હું છૂટો થાઉં છું.'

શ્રીકાન્ત જોસથી કહે, 'તમે શું છૂટા થાઓ ? બરાબર અહીં ખુલ્લા બદન પર ચાબકા લગાવી માલ કઢાવી પછી કેદમાં જ સબડાવવા પડશે, આવી મોટી ચોરી કરીને શાહુકારી સાથે છૂટા થવું છે ? અને માલ હડપ કરવો છે ?

એક બાજુ શ્રીકાન્તના આ બોલ, અને બીજી બાજુ ખજાનચીની વર્ષોની



પ્રામાણિક્તા, આ બે વસ્તુ પર ત્યાં બેઠેલા વિમાસણમાં પડ્યા છે. મનને એમ વસવસો પણ થાય છે કે 'આ શ્રીકાન્ત ક્યાંક ખોટો ન પડે ?' અને ખજાનચી માટે એમેય લાગે છે કે 'ભાઈ કોને ખબર ? વર્ષો પછી મોટા માલ પર બુદ્ધિ બગડેય ખરી.' બસ શાંત રીતે નાટક જોયા કરે છે. ખજાનચીનું મન આવેશમાં આવી જાય છે કે 'આ બધાનાં દેખતાં કેવી મારી ફજેતી !' ત્યારે શ્રીકાન્તે રોફ તો લગાવ્યો છે પણ મનમાં ઊંડે ઊંડે સહેજ વસવસો છે કે પોતે ખોટો ન પડે.

**દૃષ્ટિબિન્દુ પર આધાર :-** બનાવ એક જ પણ સૌને જુદા જુદા ભાવ જાગે છે; કેમકે પોતપોતાના સંયોગ જુદા જુદા છે. અમુક સંયોગની અપેક્ષાએ જે અમુક દૃષ્ટિબિન્દુ રહે અને તેથી જેવું વસ્તુદર્શન અને કાર્ય થાય, એનાથી જુદું બીજા સંયોગના હિસાબે થાય. અહીં ખજાનચી પર જે રાગના સંયોગમાં છે એનું દૃષ્ટિબિન્દુ એની વર્ષોની પ્રામાણિક નોકરીનું અને તેથી કાર્ય તરીકે ખજાનચીની નિર્દોષતા અને શ્રીકાન્તની જોહુકમી લાગવાનું થાય છે. ત્યારે બીજો વળી શ્રીકાન્તના બુદ્ધિબળ પર વિશ્વાસના સંયોગોમાં છે તો દૃષ્ટિબિન્દુ એનું એ છે કે શ્રીકાન્ત ખોટો હોય નહિ. એ અપેક્ષાએ કાર્ય તરીકે ખજાનચીની ચોરી ખુલ્લી પડવાના વિશ્વાસનું થાય છે. જે દૃષ્ટિબિન્દુ સાચું, તેની અપેક્ષાએ વસ્તુદર્શન સાચું થવાનું એટલા જ માટે કહેવાય કે બહિર્ભાવમાં રાચતા લોકોનું દૃષ્ટિબિન્દુજ ખોટું છે. એટલે એમને થતું વસ્તુદર્શન ખોટું હોય છે. પછી એના આધાર પરની દોડધામના અંતે ઝાંઝવાના નીરની જેમ ધૂળપાટ જ જોવા મળે એમાં નવાઈ નથી,

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૨,અંક-૧૩,તા.૭-૧૨-૧૯૬૩**

## દોષ-બાહ્યભાવ-આંતરભાવ : નિષ્ફળારંભ

**ભવાભિનંદીને નિષ્ફળતા :-**

જીવન સફળતાવાળું કરવું હોય, પ્રવૃત્તિ નિષ્ફળ ન જાય એમ કરવું હોય તો બાહ્યભાવના દૃષ્ટિબિંદુ હેઠા મૂકી દેવા જોઈએ, અને આંતરભાવના દૃષ્ટિબિંદુ ખડાં કરવાં જોઈએ, આંતરભાવ વિના સફળતા નહિ મળે. માટે તો હરિભદ્રસૂરિજી મહારાજ ભવાભિનંદી જીવનાં લક્ષણમાં એનો એક દુર્ગુણ 'નિષ્ફલારંભસંગતતા' બતાવે છે. અર્થાત્ એ બિચારો બહિર્ભાવમાં નાચતો એવી પ્રવૃત્તિ કરે છે કે જેમ અંતે નિષ્ફળતા મળે.

નિષ્ફળતાનું કારણ પ્રવૃત્તિનું દૃષ્ટિબિન્દુ જ ટૂંકું, ઉપલકિયું અને અસત્ લાગણીઓ પર ઊભું થયેલું હોય છે. એટલે એને એવું જ કરવાનું સૂઝે છે.

**આંતરભાવમાં સફળતા કેવી રીતે ?**

ત્યારે આંતરભાવની એવી ખૂબી છે કે આમ કર્મસંયોગે ક્યાંક પ્રવૃત્તિ નિષ્ફળ જતી દેખાય, છતાં એ તાત્ત્વિક રીતે સફળતા મેળવી શકે છે. પૂછો,

**પ્ર.-** નિષ્ફળતામાં સફળતા શી ?

**ઉ.-** સફળતા એ રીતે, કે પહેલાં તો એ પ્રવૃત્તિ કરવા પગલું માંડે ત્યાં શુદ્ધ આંતરભાવ રાખી સંયોગ, પરિસ્થિતિ સાધનસામગ્રી, પોતાનું ગજું અને પરિણામ વગેરે તરફ લક્ષ રાખીને માંડવાનો; પણ એ બધું લક્ષમાં લીધા વિના કેવળ આંધળિયા ને સાહસ નહિ કરવાનો. એમ જોઈ વિચારી પ્રવૃત્તિ કરે તો મોટાભાગે સફળતા જ મળે. પણ ક્યારેક ભાગ્યની તેવી વિચિત્રતાને લીધે ધાર્યું પરિણામ ન આવ્યું, તો ત્યાં હવે એ આધ્યાત્મિક લાભ અને વસ્તુસ્થિતિની દૃષ્ટિએ જોશે. દા.ત. વેપાર કરતાં પૈસા ગયા, તો આધ્યાત્મિક લાભમાં એ ધૈર્ય, વૈરાગ્યબુદ્ધિ, ખામોશ, કરકસર, અધિક દેવ-ગુરુ-ભક્તિ વગેરે પામવાનો. આ પ્રવૃત્તિનું નિમિત્ત પામીને આ વિશેષ લાભ થાય એ પ્રવૃત્તિની સફળતા છે. બાકી એકલી પૈસાની કમાણી થાય એ કાંઈ સફળતા નથી. સફળતા રૂપિયા-આના-પાઈમાં ન મપાય; કેમકે પૈસા વિનશ્વર છે; એની પાછળ અનેક દુર્ગુણો પણ જાગે છે. ત્યારે પૈસા ન મળવા કે જવા છતાં વસ્તુસ્થિતિના દર્શન તરીકે ભવિતવ્યતાના નિશ્ચિત ભાવ જોઈ વિશ્વાવલોકનની દૃષ્ટિ વધુ નિર્મળ કરાય એ જેવી તેવી સફળતા નથી. એના પર તો આગળનો જીવન રાહ વધુ ઉજ્વળ બને છે.

દુન્યવી સંસારિક પ્રવૃત્તિઓ કરતાં કરતાં ય આંતર ભાવ વધુ ને વધુ વિકસાવવાનો છે. એ આધ્યાત્મિક લાભ અને વસ્તુસ્થિતિનાં દર્શનની દૃષ્ટિએ શક્ય છે, ત્યારે ધાર્મિક પ્રવૃત્તિમાં તો વિશેષ કરીને આંતરભાવ વિકસાવતા જવું જોઈએ. એ જ એનો મહાન લાભ છે, સાચું ફળ છે.

**બાહ્યભાવ-આંતરભાવ એટલે ? :-**

ધર્મસાધના કરવાની તે જીવનમાં પલટો લાવે, પરિવર્તન લાવે એવી કરવી જોઈએ. બાહ્યભાવથી રંગાયેલા મનને હવે આંતરભાવમાં પલોટવું જોઈએ. એ પલોટાય એટલે આજ સુધી મન જે જડ દેહ અને ઈન્દ્રિયોની સુખસગવડ તથા દેહના સંબંધી જડચેતન પ્રત્યે જ પક્ષપાતવાળું, મમતાવાળું અને એના જ હિસાબખિતાબ માંડનારું હતું, તે હવે પોતાના સનાતનસિદ્ધ પરલોકગામી અવિનાશી આત્માના હિત તરફ અને એ હિતના સંબંધી જડચેતન પદાર્થ તરફ ઝૂકેલું હોય. એનું જ વલણ, એના જ હિસાબલેખાં અને એનો જ પ્રધાન વિચાર.

**ખાવા બેઠો તો એ જુએ કે,**



(૧) આત્માનું ભારે અહિત થાય એવું અભક્ષ્ય ભક્ષણ તો નથી ને ?

(૨) તીવ્ર રાગદ્વેષ તો નથી થતા ને ?

(૩) મફતિયો વધારે સમય તો નથી વેડફાતો ને ?

(૪) ભોજનની કથા-વિકથા તો નથી ગવાતી ને ? વગેરે,

ભોજન તો ચોર શરીર પાસેથી કામ કઢાવી લેવા માટે ન છૂટકે આપવાની વસ્તુ છે; તે ભોજન સાદું જ હોય, કાયાને તોફાની વિકારી બનાવે એવું નહિ. રંગ-રાગ-એશઆરામી-અસંયમ-પ્રમાદ પોષે એવું નહિ. આ જોયા કરવું પડે. **'જ્ઞાતાધ્યયન'** સૂત્રમાં એક દાખલો આવે છે.

**ચોર-શરીરનો દાખલો :-**

એક શેઠના બે વરસના છોકરાને નોકર બહાર રમવા લઈ ગયેલો, તેને દુશ્મન ચોર નોકરની નજર આઘીપાછી થતાં ઊઠાવી ગયો. પછી નોકરને ખબર પડતાં તરત શેઠને વાત કરી. શેઠ ઝાલ્યા રહે ? શેઠે રાજાને ફરિયાદ કરી, અને રાજાના હુકમથી સિપાઈઓએ ચોરનું પગેરું પકડતાં નગર પાસેના વનમાંથી એને પકડ્યો, ધમધમાવ્યો, ત્યારે ચોરે છોકરાને મારીને કૂવામાં નાખ્યાનો અને ઘરેણાં જાતે લઈ લીધાનો પત્તો મળ્યો. હવે એને પકડીને લાવ્યા રાજા પાસે. અને રાજાએ એને જેલમાં નખાવ્યો.

હવે એકવાર એવું બન્યું કે એ શેઠ પોતે જ કાંઈ ભારે ગુનામાં આવ્યો એટલે રાજાએ ગુસ્સે થઈને એને તે જ ચોરના પગ જકડેલી હેડમાં જ શેઠના પગ જકડાવી એને કેદમાં રાખ્યો !

કર્મ અને ભવિતવ્યતાની કેવી વિચિત્રતા છે કે પોતાના છોકરાના ખુની સાથે એક જ હેડના બંધનમાં કેદ ! આ લોકમાં પણ આવું બને તો પરલોકમાં શું પૂછવાનું ? જેને અહીં દુશ્મન લેખી અબોલડા લીધા હોય, અને એનાથી દૂર ને દૂર રહ્યા હોઈએ, ભલું હોય તો પરલોકમાં એની સાથે જ એક સ્થાન-સ્થિતિમાં જકડાવાનું બને. ત્યાં એક સરખો માર, એક સરખી પીડા, એકસરખી ગુલામી ! કહો જો, અહીંના અબોલડા અને અતડાપણું શું કામ લાગ્યું ? માટે વૈરવિરોધ વગેરે નકામા છે, જીવની એ મૂર્ખતા છે.

**બાહ્યભાવ ટૂંકા કાળની વસ્તુમાં રમાડે છે :-** જીવ બહારમાં ને બહારમાં ભટકે છે, બાહ્યભાવમાં રમ્યા કરે છે એટલે જ આ બધા વૈર ને વિરોધ, અબોલડા ને અતડાપણું, રીસ ને ગાંઠ, વગેરે દોષો પોષાયા કરે છે. અંતરમાં જોતો થાય તો દેખાય કે આ જીવનના જે બહુ ટૂંકા કાળના સંબંધો મળ્યા છે, એમાં ય વળી કોઈ ક્ષણવાર કે દિવસ-માસના જ સંબંધ-સંયોગ હોય છે; એ કદાચ બગડ્યા તો પણ

એની સનાતન કાળના હિસાબવાળા આત્મા આગળ શી બહુ કિંમત છે કે એની ખાતર એવી અકડાઈ ને અતડાપણું, વૈર ને વિરોધ, વગેરે કરવા ?

**આંતરભાવના વિચાર :-** ઊલટું દેખતા રહેવું કે 'અલ્પ કાળના આ દુષ્કૃત્યો આત્મદ્રવ્ય પર દીર્ઘાતિદીર્ઘ કાળની ઘેરી ખરાબ અસર પાડશે ! એવી અસરોની લોથ હું શા સારું માથે લઉં ?

જગતના ભાવો તો સ્વતંત્ર રીતે અને વિચિત્રપણે ચાલ્યા જ કરવાના છે. એથી મારે કાંઈ મારા આત્માનું બગાડવું નથી.

સ્વાત્માને તો હું સૌમ્યભાવ-શાંતતા-ઉદારતાના સરોવરમાં નિત્ય ઝીલતો રાખું. સામા ભૂલનારા પર તો પવિત્ર મીઠી દયા જ વહેવડાવું. ઊલટું,

માનું કે આવા કડવા પ્રસંગમાં મારે સૌમ્યતા કેળવવાને અધિક અવસર મળે છે. માટે સામાનો ઉપકાર માનું. બાકી એના ય કષાય મોળા પડે એવી એવી દિલથી પ્રાર્થના કરું.

અંતરાત્મભાવ-આંતરભાવ જાગતો હોય તો આવા વિચાર આવે.

**ચોરને જમણ :-** પેલા શેઠને બિચારાને પોતાના પુત્રના ખુની ચોર સાથે એક જ હેડમાં ખેદ જકડાવું પડ્યું ! હવે બન્યું એવું કે શેઠને તો ઘરેથી સારા ભોજનની થાળી આવી, શેઠ જમવા તૈયાર થયા ત્યારે પેલો ચોર કહે છે કે 'ભાઈ ! મને ય એમાંથી જમાડો.'

શેઠને તો દિલમાં એના પ્રત્યે ભારે રોષ છે, એટલે કહે છે 'તને ? મારા દીકરાના ખૂનીને અને ઘરેણાંચોરને જમાડું ? હરગિજ નહિ.'

ચોર કરગરતો રહ્યો, ધરાર શેઠે એને ન જમાડ્યો, એકલા જમી લીધું.

પણ હવે પાયખાને જવાનો અવસર આવ્યો, બંનેના પગની બેડી એક છે, એટલે શેઠ કહે 'ઊઠ, ચાલ ઝાડે ફરવા જવું છે.'

પેલો કહે 'શાનો ચાલું ? જમવામાં મને સાથે ન લીધો તે હવે ઝાડે ફરવા જવા સાથે આવું ? ના જરાય નહિ.'

હવે શેઠ મુંઝાયો, પેલાને ભાઈબાપા કરે છે, પણ પેલો માને શાનો ? ત્યારે આ પૂર આવ્યું કાંઈ રોકાય છે ? શેઠને કહેવું પડ્યું 'ઊઠ ઊઠ ભાઈલા ! કાલથી તને સાથે જમાડીશ.' ત્યારે પેલો સાથે ગયો.

બસ, બીજા દિવસથી જમવામાં શેઠને પેલાને સાથે લેવો પડે છે, પણ મનમાં તો કાંઈનું કાંઈ થઈ જાય છે કે આ મારા દીકરાના ખૂની ચોરને ક્યાં જમાડવો પડે છે ? ક્યારે અહીંથી છૂટું ને આ બદમાશ સામું ય ન જોઉં ! ક્યારે આ બલા છૂટે ?'



**શેઠાણીનો કોપ :-**

પછી તો જ્યારે છૂટીને ઘરે આવ્યા ત્યારે શેઠાણીએ મોઢું ચઢાવેલું.

આ પૂછે, 'કેમ આજે તો હું કેદમાંથી છૂટ્યો, ને તમે ખુશી નહિ ?'

બાઈ કહે 'શું ખુશી થાઉં ? આ નોકર કહેતો હતો કે રોજ તમે પેલા ખૂની ચોરને જમાડતા હતા. તે આવા લુચ્ચાને જમાડો ને હું ખુશી થાઉં ?'

શેઠ કહે, 'પણ એમ હું જમાડું ? શું એને હું ઓળખતો નથી ? આ તો મારે પાયખાને જવું પડે ત્યારે એ ઊઠતો જ નહોતો, એટલે ન છૂટકે એને જમાડવો પડતો.'

ખુલાસો થવાથી શેઠાણી રીઝયા.

**દૃષ્ટાન્ત સાધુમાં ઘટાવે છે :- આ દૃષ્ટાન્ત આપીને ઘટાવ્યું છે કે**

**શેઠાણી એટલે આચાર્ય; શેઠ એટલે સાધુ;**

**ખૂની ચોર એટલે સાધુનું શરીર, કેમકે** એ શરીરને રંગરાગ-એશઆરામી વગેરે પ્રમાદો સેવવા જોઈએ છે, તેથી એ સંયમનું ખૂન કરે છે અને આત્માનાં પુણ્ય ઘરેણાં અને ગુણ અલંકાર ચોરી લે છે.

**હવે આચાર્ય સાધુની હાજરી લે છે,** 'કેમ તમે આ શરીરની સરભરા કરો છો ?'

**ત્યારે સુસાધુ ખુલાસો કરે છે,** 'એમ હું એની સરભરા કરું ? હું એને ઓળખું છું કે આ મારા સંયમનું ખૂન અને પુણ્યની ચોરી કરે છે. પણ શું કરું ? એને ન ખવરાવું તો એ એવું ગળિયું થઈને બેસી જાય છે તે મારે પ્રતિક્રમણ-પડિલેહણ, સેવા-સ્વાધ્યાય વગેરેનાં કામ કેવી રીતે કરવા ? મને તો મનમાં કાંઈ ને કાંઈ થઈ જાય કે 'આ લુચ્ચાની સરભરા મારે ક્યાં કરવી પડે છે ? પણ શું કરું ? એની સહાયથી જ મોક્ષમાર્ગની સાધનાના કામ થઈ શકે છે, એટલે એને સંભાળવું પડે છે. બાકી તો એમ થાય છે કે ક્યારે આના સામું ય ન જોવું પડે ! ક્યારે આ બલામાંથી કાયમનો છૂટી જાઉં !'

આ દૃષ્ટિ હોય પછી એ શરીરની સરભરામાં અભક્ષ્યભક્ષણ, માદક પદાર્થો, ભોજન પર રાગદ્વેષ, એની કથા-કવિતા ગાવાનું, વગેરે શાનું જ હોય ? ક્યારેક એમ બન્યું તો દિલને દુઃખ, હાયબળાપો કેટલો બધો થાય ? બહિર્ભાવમાંથી અંતર્ભાવમાં અવાય, આત્મહિતની દૃષ્ટિ પ્રધાન બની જાય, એટલે આ થવું સહજ છે, બહિર્ભાવના ચાળા તો બહુ કર્યા, અનંતા જન્મ કર્યા, તો હવે ય એ નહિ મૂકવાના ? અને જગતમાં જુઓ અસંખ્ય જીવો, ને કરોડો અજ્ઞાન મોહમૂઢ મનુષ્યો એ કરી રહ્યા છે, તો આપણે જૈન શાસનનું મહાજ્ઞાન મળ્યા પછી ય એ જ કરવાનું ચાલુ રાખવાનું ?

**વારંવારની મથામણથી જ અંતર્ભાવ સિદ્ધ થાય :-**

જેવી આ ખાનપાનની બાબતમાં આંતરભાવ-અંતરાત્મભાવની વાત કરી, એવું જીવનની બીજી અનેક બાબતોમાં સમજી લેવાનું. મુખ્ય વાત આ, કે આપણું ઉચ્છૃંખલ મન આત્માને છોડીને બહારની વાતોમાં જ યથેચ્છ રીતે ફરતું, રસ લેતું, અને તરબોળ બનતું રહ્યું છે; એના પર અંકુશ મૂક્યા વિના, એને નાથ્યા વિના ઊંચા નહિ અવાય. એને ફાવે એટલું આપણે કર્યે રાખીએ, બોલ્યે રાખીએ અને વિચાર્યે જઈએ એમાં તો એવી ઉચ્છૃંખલતા પોષાતી જાય છે. અનાદિ કુસંસ્કારવશ એને બહારનો જ રસ અને બહારની જ દૃષ્ટિ છે, માટે તો આપણે અનુભવીએ છીએ કે સહજભાવે મનમાં કયા વિચારો ઊઠે છે ? કેવી વિચારધારા ચાલે છે ? બહારના વિચાર ને ? એમાં પલટો મન એની મેળે કરવાનું છે ? ના, આત્માએ જ જાગ્રત થવું પડશે, વારે વારે આડા ફંટાતા મનને સીધું અંતર્ભાવના માર્ગ પર લાવ્યા કરવું પડશે, બાહ્યના વિચારો બદલી બદલીને અંતરના વિચારો બનાવ્યા કરવા જોઈશે. આવી મથામણ લાંબા સમય સુધી, સતત અને સર્વક્ષેત્રમાં તથા ધગશ સાથે કરતાં કરતાં આત્માનું બહિર્ભાવમાંથી અંતર્ભાવમાં પરિવર્તન થશે.

## • ધર્મ-ગુણસિદ્ધિના ચાર અંગ •

**ધર્મ કે ગુણ સિદ્ધ કરવા માટે આ ચારે ય જરૂરી છે, :-**

(૧) લાંબા કાળ સુધી આસેવન,

(૨) સતત આસેવન,

(૩) સર્વ ક્ષેત્રમાં આસેવન અને

(૪) ધગશ, આદર, વિધિ રાખીને આસેવન,

પંચસૂત્રની ટીકામાં શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે સાતત્ય-વિધિ-સત્કારથી આસેવિત જરૂરી બતાવ્યું છે. એમાં સતતપણે સેવવાનું કહ્યું તે દીર્ઘકાળ પણ સૂચવે છે. અલ્પ સમય બે ચાર દિવસ સતતે ય સેવ્યું પછી મૂકી દીધું તો વસ્તુ સિદ્ધ ન થાય. સાધના લાંબા ગાળા સુધી ચાલવી જોઈએ. નહિતર થોડો વખત સેવ્યું એટલે એના સારા સંસ્કાર તો ઊભા થયા, પરંતુ પછી એ મૂકી દીધું. એટલે કુદરતી છે કે એનાથી વિરુદ્ધનું આસેવન પાછું ચાલું થઈ જવાનું; ને એ પેલા શુભ સંસ્કારોને દુબળા પાડતું જશે; એમ થતાં થતાં સુસંસ્કાર સાવ નષ્ટ થઈ જાય એમાં નવાઈ નહિ. દા.ત. ક્ષમા-ધર્મ સિદ્ધ કરવો છે, થોડો સમય ભલે સતત પણ ક્ષમા રાખ્યા કરી, પરંતુ પછી એ મૂકી દેતાં એનું સ્થાન ક્રોધ, દ્વેષ, ઈર્ષ્યા, અસહિષ્ણુતા વગેરે લેશે. એટલે સહેજે પેલી ક્ષમાના પડેલા સંસ્કારને ક્ષયરોગ લાગુ થતાં એ જમને દ્વાર



પહોંચી જવાના ! માટે ક્ષમા દીર્ઘકાળ સેવવી જોઈએ. અહીં પ્રશ્ન થશે,

**દીર્ઘકાળ એટલે ? :-**

**પ્ર.**- દીર્ઘકાળ કોને કહેવો ? મહાવિદેહ ક્ષેત્ર જેવામાં કંઈક ન્યૂન એવો ક્રોડ પૂર્વ જેટલો કાળ ક્ષમાદિના પાલન માટે મળે છે. એક પૂર્વ એટલે ૭૦ હજાર ૫૬૦ અબજ વર્ષ. એવા ક્રોડ પૂર્વ ! એની અપેક્ષાએ તો અહીં માત્ર ૨૫-૫૦-૭૫ વરસ જેટલો જ સમય મળે; એ તો તદ્દન અલ્પ ગણાય પછી એમાં સેવ્યાથી શું વળે ?

ઉ.- અહીં એક વસ્તુ સમજવા જેવી છે. કાંઈક વિશેષ બનાવને બાજુએ રાખીએ તો સામાન્ય રીતે એમ દેખાય છે કે આયુષ્ય નાનું કે મોટું, પરંતુ જીવનના છેડા સુધી જે સંસ્કાર ટકાવવામાં આવે છે, એની એ પછીના ભવમાં અસર રહે છે, સંસ્કાર અને એની પ્રવૃત્તિ સારી હોય તો પછી એ જાગ્રત થઈ એના માર્ગે આગળ પ્રયાણ ચાલુ થાય છે. દેખાય છે કે કુમારપાળ રાજા જેવા જીવનના પાછલાં ભાગે ધર્મ પામ્યા, પણ પછી એમણે આ જીવનમાંથી બીજા ભવમાં પરિવર્તન થતાં સુધી અર્થાત્ ખોળિયાના પલટા સુધી ધર્મ સેવ્યે રાખ્યો, તો સુસંસ્કારનો સુંદર વારસો લઈને ગયા. પછી દેવભવના હિસાબે ભલે દેશવિરતિ ધર્મ પણ ઉદય ન પામ્યો, પરંતુ તે પછીના ભવમાં તીર્થંકર ભગવાનના હાથે સર્વવિરતિ ચારિત્ર પાળી ગણધર થવાના છે ! આ હિસાબે એમનો અહીં ટૂંકા જીવનના ય ટૂંકા ભાગનો કાળ દીર્ઘકાળ જ ગણાય. એકથી ઊલટું ક્રોડ પૂર્વ જેવું આયુષ્ય મળ્યું હોય, અને એમાં વચમાં લાખો-ક્રોડો વર્ષ ધર્મ સાધ્યો હોય, પરંતુ પછીથી જો એ મૂકી દીધો અને પાપમાં રક્ત બન્યા, તો મોટો સંભવ, કે સાધેલ ધર્મના સંસ્કાર મોળા પડી જવાના. એટલે હવે ત્યાંથી હલકા ભવમાં પ્રયાણ, અને આગળ જ્યારે કોઈ ભવમાં સાધના કરવાની આવશે તે એકડે એકથી માંડવી પડશે, તે ય મુશ્કેલીએ મળશે ! આ હિસાબે ક્રોડ પૂર્વના ભવની લાખો વરસની સાધના પણ અલ્પકાળ જેવી સધાઈ ગણાય.

તાત્પર્ય આ છે કે જીવનના અંત સુધી યાને ખોળિયાના પલટા સુધી સાધના પકડી રાખવી જોઈએ. શરૂ ક્યારે કરી એનો બહુ સવાલ નથી, પણ જાગ્યા ત્યાંથી સવાર, તે મૃત્યુ પર્યન્ત સાધનાનો દિવસ જ રહે, અસ્ત ન થાય, રાત ન આવી જાય. તો એ સાધના દીર્ઘકાળ કરાઈ એમ ગણાય. આ પંચમકાળના ટૂંકા જીવનમાં આ મહાન લાભ છે કે મહાવિદેહની અપેક્ષાએ ૫-૫૦ વર્ષ એ અતિ અલ્પકાળ હોવા છતાં એ ૫-૫૦ વર્ષ ધર્મસાધના બરાબર જમાવી દઈએ, વૈરાગ્ય-ક્ષમા-દયા-દાન-અર્હદ્‌ભક્તિ વગેરે બરાબર સેવ્યે જઈએ, તે જીંદગીના ઠેઠ અંત સુધી, તો એ દીર્ઘકાળની સાધના ગણાય. અને મહાવિદેહની દીર્ઘકાળની સાધના જેવો લાભ

આપે. શરત આ કે થોડો સમય કરી પછી મૂકી દેવાની નહિ.

**વિલંબ કરીને સાધના કેમ નહિ ? :-**

પરંતુ પાછા એવું લેખું નહિ માંડતા કે, 'ત્યારે હજી વરસો જવા દઈએ, પછી જીવનના છેવટના થોડા ભાગમાં સાધના કરીને અંત સુધી પકડી રાખશું એટલે એ પણ દીર્ઘકાળની ગણાશે, અને ભવાંતરે આગળ ચાલશે;' આવો હિસાબ માંડતા નહિ, કેમકે-

(૧) એક તો આયુષ્યનો ભરોસો નથી કે ક્યારે તૂટે. એટલે સાધના માંડતા પહેલાં જ જો તૂટ્યું તો ખેલ ખલાસ ! વિના સાધનાએ જ ઊપડી જવું પડશે, અને તે તો દુર્ગતિ જ દેખાડે. પછી સાધના માંડવા કોને ખબર મનુષ્ય અવતાર ક્યારે મળે ?

(૨) બીજું એ છે, કે સાધના કરીને અસંખ્ય જન્મોનાં એકત્રિત કરેલાં અશુભ કર્મોનાં થોક હટાવવાના છે, તેમજ અનંતકાળની કુવાસના-કુસંસ્કારોનો નાશ કરવાનો છે, તે માટે અહીં સાધનાના કાળનો પટ કેટલો બધો લાંબો જોઈએ ? શું અનુભવ નથી કે આહાર, વિષયો, પરિગ્રહ અને આરામીની વાસનાઓએ કેટલો બધો જીવને પકડમાં લીધો છે ? એમ, રાગ-દ્વેષ-ક્રોધ-લોભાદિ કષાય વાસનાઓ કેવી પળે પળે સહજ ભાવે ઊઠી રહી છે ? ત્યારે હિંસા, જૂઠ વગેરે પાપોની વાસના પણ કેટલી ઝટપટ જાગે છે ? આ બધાનો નિકાલ કરવા કેટલો સાધનાકાળ જોઈએ ?

(૩) ત્રીજું એ છે, કે અત્યારે સમજ તો પડી કે ધર્મ સાધવો જોઈએ, પાપ છોડવાં જોઈએ; ક્ષમા પકડવી અને ક્રોધ દાબવો જોઈએ; ત્યાગ તપ આદરવા અને ભોગ-ભોજન પર પાકા અંકુશ મૂકી દેવા જોઈએ; આની ખબર તો પડી, પણ પછી હવે એ જાણવા છતાં સાધનાનું ઠંડે કલેજે આગળ હડસેલવું, એ મનને ધિટ્ઠું બનાવવા જેવું છે. કોઈ મહાદુઃખી ગરીબ પોતાની સામે આવ્યો હવે છતી શક્તિએ ધન લોભથી માનવું કે 'હમણાં નહિ, વર્ષો પછી એને સંભાળીશ, એનું દુઃખ ટાળીશ, એ હૈયાને ધિટ્ઠું જ બનાવે ને ? અલ્યા પણ એટલામાં પેલો મરી જશે તો ? કાંઈ નહિ, આજે પરવા નથી. એમ શાસન મળ્યાથી ખબર પડી કે આપણો આત્મા આત્મિક દૃષ્ટિએ મહાદુઃખી-મહાગરીબ છે, હવે એનું ભવદુઃખ ધર્મથી ટાળવાની શક્તિ સંયોગો તો છે, પણ ભોગ-ભોજનની લાલસાથી માનવું છે કે 'હમણાં નહિ, જિંદગીના છેડાના ભાગે આત્માની સંભાળ લઈશ, ધર્મસાધના કરીશ,' તો એ માનવામાં હૈયું ધિટ્ઠું નહિ બને ? ધ્યાન રાખજો પછી કદાચ છેડે જઈ ધર્મ સાધવાનું કરાશે, પણ એની સાથે સગાઈ નહિ થાય; કેમકે આ ધિટ્ઠાઈભર્યા દિલે ઉડાવેલા ભોગ-ભોજન અને રળેલી મોહમાયાના ધિટ્ઠા કુસંસ્કાર આત્મા પર પડી



ગયા હશે; તે ધર્મને હૃદયને અડવા નહિ દે, ધર્મનો ભાવ નહિ પામવા દે.

(૪) ચોથો મુદ્દો એ છે કે અત્યારથી ધર્મ સાધવા માંડ્યો તો એનો અભ્યાસ જેમ જેમ વધતો જશે તેમ તેમ એની સાથે વધુ ને વધુ આત્મીયતા થશે, આહ્લાદ વધતો જશે, શ્વાસોચ્છ્વાસમાં પરિણામ પામવા તરફ યોગ્ય બનતો જશે. આ તો ધર્મના રોકડિયા વેપારમાં, પણ વાયદાના સોદામાં શું વળે ? અને કેટલું વળે ?

સારાંશ, જરાય આગળનો ભરોસો રાખ્યા વિના જાગ્યા ત્યારથી સવાર ગણી ધર્મપ્રયાણ ચાલુ કરી દેવાનું, એમાં આગળ આગળ વધતા જવાનું, તે ઠેઠ અંત સમય સુધી. તો એ દીર્ઘકાળની સાધના થઈ ગણાશે એના અપરંપાર લાભ મળશે.

**(૨) સતત આસેવન :-**

કોઈપણ ગુણ, કોઈપણ ધર્મ આત્મસિદ્ધ કરવા માટે જેમ એનું દીર્ઘકાળ આસેવન જરૂરી છે, એમ એનું સતત આસેવન થાય એ પણ જરૂરી છે. 'સતત' એટલે ખાડા પડ્યા વિના નિયમિત આરાધાય, એ આવશ્યક છે. લાંબો કાળ સેવે તો ખરો પણ વચમાં વચમાં સેવવાનું મૂકી દે, એ તો મનની મોજની અનિયમિત આરાધના થઈ. એમાં આરાધનાનો ભાર મગજ પર ન આવ્યો, મનથી બંધન ન રાખ્યું કે 'બીજું બધું પછી, પણ આ આરાધના તો એના સમયે સમય પર કરવી જ જોઈએ.' તો પછી જે ચીજનું મન પર બંધન નહિ એ વસ્તુ સાથે હાર્દિક મેળ કેટલો થાય ? નિયમિત કરવાનો ભાર માથે નથી રાખ્યો એનો અર્થ જ એ, કે મનને ફાવે ત્યારે કરવાનું. એટલે મનને એની સાથે એવી કોઈ આત્મીયતા નથી કે બીજું ભૂલાય, પણ એને ન ભૂલાય. જેમ દુનિયામાં કેટલાક સ્નેહી એવા રાખ્યા હોય છે કે મન ફાવે ત્યારે ક્યારેક એને મળવા જવાનું. એક દહાડો મળવા ગયા, વળી ચાર દહાડા ન ગયા; આ અઠવાડિયે ગયા, વળી બે અઠવાડિયા ન મળ્યા, આવું ચાલતું હોય એની સાથે મમતા કેટલી બંધાય ? હા, નિયમિત સતત મળવા કરવાનું હોય તો તો મમતા જાગે.

એમ વિદ્યાર્થીય ભણવાનું સતત ન કરે, આજે અભ્યાસ કર્યો, વળી ચાર દહાડા રખડે, પાછો વળી એક બે દિવસ મહેનત કરે ને પછી પાંચ સાત દહાડા રમ્યા કરે, તો એને સંગીન બોધ કેટલો થાય ? બુદ્ધિ સતેજ હોય તો યાદ રહી જાય, પરંતુ એ ટકે કેટલું ? માનસિક સહજ વિચારણામાં એ કેટલું ચાલે ? એ તો નિયમિત અધ્યયન, સતત અભ્યાસ ચાલુ હોય તો એના ઊંડા સંસ્કાર પડે.

બસ, આ રીતે ગુણસાધના-ધર્મસાધનામાં સમજવાનું છે. દા.ત. આત્માને બાહ્ય ભાવમાંથી આંતરભાવમાં પલોટવો છે, આંતર ભાવ સહજ સ્વાભાવિક

બનાવવો છે, તો એનો અભ્યાસ નિયમિત ચાલવો જોઈએ. બે દહાડા આંતર ભાવનું ગુંજન રાખ્યું, પાછા ચાર દહાડા બાહ્ય ભાવમાં રમતા રહ્યા. વળી એક દહાડો ગરમી આવી, પાછા પાંચ દિવસ ઠંડગાર ! આમ તૂટક ફૂટક ચાલે એમાં આંતર ભાવ આત્મસિદ્ધ યાને સહજ-સ્વભાવિક ન બને. એ તો એ જ, સતત ચાલ્યા કરે, તો જ એ સિદ્ધ થાય.

**એમ, જિનપૂજા** દાન, પરોપકાર, સામાયિક, શાસ્ત્રસ્વાધ્યાય, તેમ જ ક્ષમા, સમતાદિ ગુણો, એનું આસેવન દીર્ઘકાળની જેમ સતત ચાલ્યા કરવું જોઈએ. ચાર દહાડા જિનભક્તિ કરી, વળી બે ચાર દહાડા ખાડા પાડ્યા, વળી બે દિવસ જિનભક્તિ કરી પાછા ખાડા પાડ્યા, એમાં જિનભક્તિ સિદ્ધ કેવી રીતે થાય ? એ કર્યા વિના ચેન જ ન પડે એવી સહજ સ્વભાવની એ શી રીતે બને ? એમ, એકાદ દિવસ ક્ષમા જાળવી, પછી બે દિવસ ઉકળ્યા, વળી એક બે દિ' જાળવી પાછા ભૂલ્યા, એમાં એ ગુણ શી રીતે સિદ્ધ થાય ? માટે એમ નહિ પણ સતત નિયમિત એનો અભ્યાસ રાખવો જોઈએ.

(૩) **સર્વ ક્ષેત્રમાં આસેવન :-**

ગુણ કે ધર્મની સાધના દીર્ઘકાળ અને સતત કરવાની, એમ સર્વ ક્ષેત્રમાં કરવાની. સર્વ ક્ષેત્રનો અર્થ માત્ર એક જ બાબતમાં નહિ પણ જેટલી બાબતમાં ઘટતી હોય ત્યાં ત્યાં બધે જ, એ સાધના લાગુ કરવાની. દા.ત. ક્ષમા ગુણની સાધના કરવી છે, તો વડિલની પ્રત્યે ક્ષમા જાળવવાનો પ્રયત્ન કરવાનો એટલું જ બસ નથી, પણ સમોવડિયા કે નાનડિયા સાથે પણ ક્ષમાનો અભ્યાસ કેળવવો પડે એમ, બહાર ક્ષમા અને ઘરમાં નહિ, એવું નહિ, ઘરના માણસો પ્રત્યે પણ ક્ષમા દાખવવાનો પ્રયત્ન જોઈએ. એવી રીતે ચીજ વસ્તુ અંગે ક્ષમા રાખવાની માફક આપણું માન, કે આપણાં બોલ ન મનાય ત્યાં પણ ક્ષમા જાળવવી જરૂરી છે તાત્પર્ય, બધી જ બાબતોમાં યાને સર્વ ક્ષેત્રમાં ક્ષમાનો અભ્યાસ કેળવવો પડે.

એમ, જિનભક્તિનો ધર્મ સાધવો છે, તો માત્ર સારા સ્તવન-સ્તોત્ર બોલીએ એટલેથી બસ નથી, આપણાં સારાં સારાં દ્રવ્યોનું પ્રભુને અર્પણ કરીએ, એ પણ જરૂરી છે. આશાતનામાં પણ એમની નજીકમાં ખુલ્લા મોઢે ઊભા રહેવાનું કે વગરધોયા હાથ એમને લગાડવાનું ન કરાય એટલું નહિ, પણ પાછા નીકળતાં એમને પૂંઠ દઈને ચાલવાનું ય ન જ કરાય; એમ એમની હજુરમાં બીજા સાથે ઝઘડવાનું કે મોટા અવાજે બીજાને દબાવવાનું પણ ન કરાય; નહિતર આવા મોટા પુરુષની બેઅદબી કરી ગણાય. જિનભક્તિ એટલે જિનભક્તિ, ચારે બાજુથી કરવી જોઈએ.



ત્યારે, બહિર્ભાવમાંથી આંતર ભાવમાં જીવનને પલોટવું છે, તો સાર્વત્રિક આંતર ભાવનો અભ્યાસ કરવો જોઈએ. ખાનપાનની વાતમાં તો એવો આંતર ભાવ કેળવીએ કે 'ભાઈ ! ભોજનનું મૂલ્ય રસ પર માપવા જેવું નથી, પણ ધર્મસાધનામાં સહાયક દેહને ટકાવવામાં ઉપયોગિતા જેટલું જ માપવા જેવું છે' આવો ખાનપાન અંગે તો આંતર ભાવ કેળવીએ પણ પૈસાની વાત આવે ત્યાં બાહ્ય ભાવમાં સબડ્યા કરીએ તો એ ન ચાલે એમાં ખરેખર આંતર ભાવનો ગુણ સિદ્ધ ન થાય.

**ઘરમાં રાખીને કે આરંભાદિમાં ખર્ચીને પૈસા શું સુધરી રહ્યા છે ? :-**

એવા માણસો જોવા મળે છે કે જે ખાનપાનમાં સાદાઈ રાખે છે, રસનું બહુ મૂલ્ય આંકતા નથી કે ભોજનની કવિતા નથી ગાતા, પરંતુ બીજી બાજુ એક પૈસા માટે મરૂકે જાય છે ! પૈસાનું બહુ મૂલ્ય આંકે છે ! એમાં ય પાછું અંગત કે કુટુંબીની પાછળ જરૂર પડ્યે હિસાબ વિના ખર્ચી નાખશે, પરંતુ આત્મહિતની જિનભક્તિની કે સંઘભક્તિની વાત આવશે ત્યાં ભારે કૃપણતા કરશે ! પાછો એને કરકસર કહેશે. 'મફતિયા પૈસા બગાડવાનું શું કામ છે ?' એમ બોલશે ! 'અલ્યા પણ તારા ઘરમાં રહીને કે આરંભ-સમારંભમાં જઈને પૈસા શું સુધરી રહ્યા છે ?' મૂલ્ય પૈસાનું છે કે સુકૃતનું ? સુકૃત કરવાનું મળે ત્યાં તો એ સુકૃતથી હૈયામાં શુભ ભાવની છોળો ઉછાળવા પૈસાનું જાણે મૂલ્ય નથી એમ ખરચવા જોઈએ. નહિતર પછી પૈસાની જ વધારે કિંમત કરી ગણાશે, અને એ બાહ્યભાવમાં રાચવાનું બન્યું રહેશે.

**ધર્મખાતું સંભાળવામાં ય બાહ્યભાવ ! :-** દુઃખનો વિષય છે કે ધર્મખાતાના પૈસાનો વહીવટ સંભાળવા મળ્યા પછી પણ આમ બાહ્ય ભાવના ખેલ ખેલાય છે. જિનની ભક્તિનાં મૂલ્ય કરતાં જિનભક્તનાં નાણાનું ભંડોળ બરાબર સાચવવા-વધાર્યે જવાની કિંમત વધારે ગણે છે ! 'મંદિર ભલે કાળું પડી ગયું, દેવદ્રવ્યની મૂડી અકબંધ રહેવી જોઈએ,' એવા બાહ્યભાવના ધોરણમાં રમે છે ! જિનભક્તિના ભોગે એનાં નાણાં સાચવવાં, નાણાંને વધારે કિંમતી ગણવાં, એ જડ પુદ્ગલનો જ પક્ષપાત સૂચવે છે, એ શું આંતરભાવ છે ? બાહ્યભાવ તે ક્યાં સુધી પહોંચે છે કે પોતાની વહીવટનું મંદિર ઊજળું હોય, તો ય એમાં વધારે ને વધારે પૈસા ખરચવા તૈયાર છે, પણ બીજાં જીર્ણ મંદિરના ઉદ્ધારમાં આપવાની તૈયારી નથી, કેમ જાણે એ બીજા મંદિરના ભગવાન પોતાના નથી ! સારા, ખોટા મમત્વનાં પોષણ એ બાહ્ય ભાવનો જ ચાળો છે. મંદિરનાં નાણાં પણ સાર્વત્રિક જિનની ભક્તિમાં ન ખર્ચે એ વળી પોતાનું ધન તો શું ય ખરચવા નીકળે ? સમજી રાખજો,

## ગુણનો સાપેક્ષભાવ

શુદ્ધ આંતર ભાવના બળ ઉપર ધર્મ ખાતાનો જે વહીવટ ઠેઠ તીર્થંકર નામકર્મ સુધીનાં પણ મહા પુણ્ય કમાવી આપવા સમર્થ છે, એ જ વહીવટ જો બહિર્ભાવના આધાર પર કરાય તો અનેક મદ, માયા, ધનરાગ, માનાકાંક્ષા વગેરેના દીર્ઘકાળ કનડે એવા કુસંસ્કાર પોષે છે, અને દુર્ગતિના દરવાજા દેખાડે છે, સંસારચક્રમાં રુલાવે છે.

આંતર દૃષ્ટિએ નિરખવું જોઈએ કે આણંદ-કલ્યાણી સંઘ છે એટલે પૈસા તો આવ્યે જવાના છે, જરૂર પડશે ત્યારે ઊભા થઈ જશે; માટે અત્યારે જે નાણાં એકત્રિત થયા છે એનાથી પોતાના અને બીજા મંદિરોમાં જિનભક્તિની રેલમછેલ કરો, કે જેથી વર્તમાન ભવ્ય જીવો શુભ અધ્યવસાયોની, દર્શનશુદ્ધિની અને વૈરાગ્યવૃદ્ધિની કમાઈ કરી જાય. વર્તમાન જીવોમાં જિનભક્તિના ઉલ્લાસ કેમ જાગે, કેમ વધે, એની પરવા કરવી નથી, ને ભવિષ્યમાં દેવદ્રવ્ય કામ લાગશે એ બહાનું આગળ કરવું છે. એમને ભાન નથી કે 'ભવિષ્યમાં તમારા પછી કોને ખબર કેવા વહીવટદાર આવશે ને કેવો વહીવટ કરશે ! કદાચ માનો ને કે દેવદ્રવ્યનો એ નાશ નહિ કરે, પણ એનેય તમારા જેવી માત્ર સંગ્રહી રાખવાની જ બુદ્ધિ રહેશે તો એ કાળના ય જીવો જિનભક્તિના ઉલ્લાસ શું પામશે ? કે શું વધારશે ? આ તમને જ તમારી પહેલાના વહીવટદાર સોંપી ગયા એમાંથી ક્યાં સદુપયોગ કરી જિનભક્તિ પ્રસરાવવાનું મન થાય છે ? તો શું પાછળવાળાને મન થશે ?' ત્યારે દેવદ્રવ્યાદિ ધર્મનાણાં માત્ર સંઘરી રાખવા અને વ્યાજ વધારવા માટે જ સર્જાયા છે ? વિચારવું તો એ જોઈએ કે લોકો ધર્મક્ષેત્રમાં જે નાણાં આપે છે તે કયા ઉદ્દેશથી આપે છે ?

**અવિવેક યા કીર્તિભૂખથી બાહ્યભાવ :-**

ખરી વાત એ છે કે કેટલાકને વિવેક નથી, અને બીજાઓને કીર્તિ ખાટવી છે કે હું મોટી મિલકતનો ટ્રસ્ટી છું. જેને વિવેક નથી અને જડ પૈસાનું જ મૂલ્યાંકન રાખવું છે, એ બહિર્ભાવમાં નહિ તો શું આંતરભાવમાં રમે છે ? તો જેને કીર્તિની ભૂખ છે, નાણાં ખરચાઈ જાય તો પછી શાનો વહીવટ અને કઈ મોટી મૂડીના ટ્રસ્ટીપણાની શાબાશી મળે ? એવો ભય છે, એ પણ બાહ્યભાવના ચાળો નહિ તો શું આંતરભાવની પ્રવૃત્તિ કરી રહ્યો છે ? 'હાય પૈસા જાય તો ?' આ જ એક જોવું છે ત્યાં આંતરભાવ- આંતર દૃષ્ટિને પેસવા જગા જ નથી.

આંતરભાવ સિદ્ધ કરવો હશે તો એ દીર્ઘકાળ અને સતત સાધવાના



અભ્યાસની જેમ સર્વ ક્ષેત્રને લઈને સાધવો જોઈએ. પૈસાના ખર્ચ વિનાની દેવભક્તિની વાત આવે ત્યાં તો આંતર ભાવની વાત કરશે કે 'આશાતના ન કરો, ધમાલ ન કરો,' અને પૈસા ખરચીને દેવભક્તિની વાત આવે ત્યાં બાહ્યભાવનો ચાળો કે 'આટલા બધા ખર્ચની શી જરૂર છે ?' આ ન ચાલે. એમાં ખરેખર આંતરભાવ સિદ્ધ ન થતો આવે. આંતર ભાવની અસર જીવનના બધા ક્ષેત્રો પર જોઈએ.

**સાધર્મિક એ પૂજ્ય સંઘનું અંગ છે :-**

મુનિઓ સાથેના વ્યવહારમાં તો નમ્રતાથી અને સદ્ભાવથી વર્તે, એમ સમજીને કે 'એ મહાવ્રતધારી સંસારત્યાગી હોઈ આપણાથી ઊંચા છે, પૂજ્ય છે.' એટલે એ આંતરદૃષ્ટિનો વ્યવહાર થયો; પરંતુ સાધર્મિક સાથેના વ્યવહારમાં પોતાની શ્રીમંતાઈ અને પ્રતિષ્ઠાના કેફથી રોફ-રુઆબનો વ્યવહાર કરે, તે તે જડ પૈસા-પ્રતિષ્ઠારૂપી બાહ્ય વસ્તુની દૃષ્ટિએ વ્યવહાર હોવાથી બાહ્ય ભાવની રમત થઈ કહેવાય, માટે આંતરભાવ અહીં લાગુ ન થયો, એટલે સર્વ ક્ષેત્ર-વ્યાપી એ ન બન્યો. ખરી રીતે તો એ વિચારવું જોઈએ કે 'આ સાધર્મિકો ભલે સામાન્ય સ્થિતિ-આબરૂવાળા હોય, તો પણ એ મારે પૂજ્ય એવા ચતુર્વિધ સંઘનું એક અંગ છે, માટે એ ય પૂજ્ય જ છે. વળી એમનામાં મારા કરતાં અધિક વ્રત નિયમાદિ ધર્મ અને ક્ષમાદિ ગુણો હોઈ શકે છે કે જે ખરેખર બહુમાનને પાત્ર છે.' આ દૃષ્ટિ રાખી યોગ્ય વર્તે તો આંતરભાવ અહીં ઊભો કહેવાય.

**ગુણવત્તાનો વિવેક :-** વાત આ છે કે કોઈ પણ ગુણ સિદ્ધ કરવો હોય તો સર્વ ક્ષેત્રમાં એને સાધવા તરફ લક્ષ રાખવાનું છે. તો બાહ્ય ભાવમાંથી આંતર ભાવમાં જીવને પલોટવા માટે પણ આ તકેદારી જોઈએ. શ્રીમંત સાધર્મિક પ્રત્યેના વ્યવહારમાં તો એ જોયું કે 'એ ધર્મકાર્યમાં પૈસા સારા ખર્ચે છે, સંઘને શોભારૂપ છે, માટે એ માન-સન્માનને યોગ્ય છે,' પરંતુ સામાન્ય કે ગરીબ સ્થિતિવાળા સાધર્મિક માટે માન સન્માનનો ભાવ ન રાખ્યો કેમકે એ કાંઈ એવા પૈસા નથી ખરચતો, તો આ એકાંગી દૃષ્ટિમાં સાધર્મિકની અવગણના થઈ. ત્યાં આંતર ભાવ ક્યાં જળવાવાનો ? ભલે પેલો દાનધર્મ સારો કરે છે, છતાં આ કોઈ શીલધર્મ, તપધર્મ, જ્ઞાનધર્મ કે છેવટે શ્રદ્ધાધર્મ તો સારો કરે છે ને ? શું જગતમાં ધર્મ એક જ પ્રકારનો છે ? એક જ ધર્મથી માન-સન્માન યોગ્યતા હોય છે ?

ગુણસ્થાનકની દૃષ્ટિથી વિચાર કરશો તો તો એ દેખાશે કે દાન ધર્મ મોટો કરે છતાં જો શ્રાવકનાં વ્રત નથી લીધા, તો એ માત્ર સમ્યકત્વના હિસાબે ચોથે ગુણસ્થાનકે ગણાય; ત્યારે દાન તેવું ન કરી શકનારો છતાં વ્રતધારી હોય તો એ પાંચમા ગુણસ્થાનકે ગણાય. તો એ દૃષ્ટિએ વધુ પૂજ્ય કોણ ?

**આંતરિક ભાવ જાણવા મુશ્કેલ :-**

એકના તરફ બહુમાન-સન્માનનો વ્યવહાર અને બીજાના તરફ અસૂયા-અસહિષ્ણુતા-તુચ્છતાનો વ્યવહાર એ શું સૂચવે છે ? એક ઠેકાણે આંતર ભાવ અને બીજે બાહ્યભાવનો જ ચાળો ને ? બાહ્ય ધન-માલ-પ્રતિષ્ઠાદિની દૃષ્ટિએ ઓછું કે વધારે મૂલ્ય આંકવું એ બાહ્ય ભાવ છે. આંતરિક ગુણવત્તાની અપેક્ષાએ મૂલ્યાંકન થાય એ આંતરભાવ છે. એમાં ય સાવચેતી રાખવાની છે. એક જણ હજાર માણસનો સંઘ તીર્થયાત્રાએ લઈ જાય છે. બીજો તેવી શક્તિ ન હોવાથી પાંચ જ માણસોને તીર્થયાત્રા કરાવે છે. તો એટલા માત્રથી પેલા કરતાં આ બસોમા ભાગે જ સન્માનવા યોગ્ય છે એમ ન કહેવાય. કેમકે આપણને બંનેના આંતરિક ભાવની એવી ખબર નથી કે 'કોના હૈયામાં કેટલા ટકા ઉદારતા છે ? કેટલો નિરાશંસભાવ છે ? કેટલો સાધર્મિક પ્રત્યે ગૌરવભાવ છે ? કેટલા ટકા ખરેખર તીર્થભક્તિ-જિનભક્તિ છે ? શાસનના બીજા પણ અંગ સાથે સાચવવા તરફ કેટલો ભાવ છે ?' ઇત્યાદિ આંતરિક ભાવ જોઈ શકતા નથી પછી એકદમ ઓછા વધતા ટકા કેમ માંડી શકીએ ? આંતરિક ગુણવત્તા અને ઉચ્ચતાના ઘણા પ્રકાર છે. કોઈનામાં એક, તો બીજામાં બીજી વિશેષતા ય હોય. માટે એકાંગી દૃષ્ટિ નહિ રાખવાની; એકાંગી દૃષ્ટિના ધોરણે એકનું સન્માન ને બીજાનો તિરસ્કાર-અવગણના નહિ કરવાની. નહિતર એ બાહ્યભાવનો ચાળો થશે. એક જૈનેતર મિથ્યાદૃષ્ટિનો ય તિરસ્કાર ન થાય, તો જૈનનો તો કેમ જ થાય ?

મદમાં ને મિથ્યા ગુમાનમાં તણાતાં બહુ વિચાર કરવા જેવો છે, નહિતર સારું કંઈક કરેલા ઉપરેય છાર વરી જશે. પોતાની પાસે ધન છે તો દાન કરે છે, બુદ્ધિ છે તો જ્ઞાન મેળવે છે, બળ છે તો તપ કે વૈયાવચ્ચ કરે છે, પરંતુ સાથે અભિમાનમાં તણાઈ બીજા તેવું કરનારની ઈર્ષ્યા કરે છે, ને ન કરનારની અવગણના-અનાદર તિરસ્કાર કરે છે, તો એ પોતાનાં સારું કરેલાનું અજીર્ણ છે. ત્યારે, અજીર્ણમાં તો જાણો જ છો ને સારી પૌષ્ટિક ચીજ પણ ખાધેલીનું શું થાય ? લોહી થાય ? ના, એવું અહીં આધ્યાત્મિક બાબતમાં પણ સમજવાનું છે. ઈર્ષ્યા-તિરસ્કારના અજીર્ણમાં પોતાનું સારું કરેલું એ પુણ્યાનુબંધી પુણ્ય અને નિર્મળ આત્મપરિણતિની પુષ્ટિ નહિ કરે. મદ અને મિથ્યા ગુમાનમાં તણાવાથી આ મૂર્ખાઈ થશે કે સારું ન કરનારો તો હજી બિચારો લુખ્ખો રહે, પરંતુ આ તો સારું કરવા છતાં ભૂખડી-બારસ રહેવાનું થાય ! ઊલટું સારું કરવાની ઉપર જ ઈર્ષ્યા-તિરસ્કાર વગેરે દોષોને પોષવાનું થશે.

**બાહ્ય દાન કિંમતી હોવામાં સ્યાદ્વાદ :-**



બાહ્યભાવનો રંગ આ મદ, મિથ્યાગુમાન અને એની પાછળ ઈર્ષ્યા-તિરસ્કારનાં કાળાં પાપ કરાવે છે. બહારની જ દૃષ્ટિએ જુએ છે કે 'મેં સારું કર્યું; પેલાએ શું કર્યું છે ?' અરે મૂરખ ! જરા અંદરમાં જો કે એ પેલાની પાસે અંતરાત્મામાં કંઈ સારું છે કે નહિ ? ગુણસ્થાનકના ક્રમમાં તો અંતરનું જ લેખામાં આવે છે. બહારથી ઘણું ખરચનારો સંઘવી કદાચ નીચેના ગુણસ્થાનકે રહી જાય, અને બાહ્યથી તેવું ન ખરચી શકનાર યાત્રિક અંતરથી અનુમોદનાના ભાવના ઉછાળા અનુભવતાં ઊંચા ગુણસ્થાનકે ચઢી જાય ! છતાં બહારનું ખરચવું કિંમત વિનાનું નથી, એના પર તો પેલાને અનુમોદના કરવાનું મળ્યું, એને નકામું કેમ કહેવાય ? ઊલટું એ તો ખરચનારને ય ઊંચા ભાવનું સાધન બને છે. બીજા પણ અનેકોને શુભ ક્રિયા અને શુભ ભાવમાં જોડાવા માટે મહાન નિમિત્ત બને છે. વાત એટલી કે ખરચનારે સારું ખરચવા પાછળના એ ઢગલાબંધ ઉચ્ચ લાભો તરફ જ દૃષ્ટિ રાખી ચઢતા ઉચ્ચ ભાવોનો ખપ કરવો જોઈએ. એ ન કરે અને બાહ્ય વટ, ઠસ્સો, આગેવાની વગેરે પર મિથ્યા ગુમાનમાં તણાય, તો સારું કરેલા પર પાણી ફરી વળવા જેવું થાય.

**ગુણનો સાપેક્ષભાવ જોઈએ :-**

વિચાર કરવો જોઈએ કે 'આ તો જૈન શાસન છે. એ આભ્યન્તર ગુણની મહત્તા આંકે છે. માટે જ ગુરુ ગૌતમસ્વામીજીને નીચેની પાયરીએ બતાવે છે, ને તાજેતરના ચેલા પંદરસો તાપસોને ગુણ વધતાં કેવળજ્ઞાન પામ્યાથી ઊંચેની પાયરીએ બતાવે છે ! ગુરુ જો ગુમાન રાખે તો શું કામ લાગે ? આંતરભાવ-આંતર દૃષ્ટિ જાગ્યા પછી તો બાહ્યમાં પણ આ ગુણદૃષ્ટિએ વિચાર કરવાનો છે. પછી ત્યાં બીજા સમોવડિયા પર ઈર્ષ્યા કે નીચે રહેલાને દબામણી યા એમનો તિરસ્કાર-અનાદર કેમ જ થઈ શકે ? કેમકે ત્યાં સામામાં રહેલા આભ્યન્તર ગુણ તરફ નજર હોય, ગુણ પ્રત્યે સાપેક્ષતા હોય. આંતરિક ગુણનો સાપેક્ષભાવ નથી રાખવો તો આંતરભાવ પામી રહ્યા ! બાહ્યભાવની ગટરમાં જ રગદોળાવાનું રહેશે !

બાહ્ય ભાવનાં નાટક તો બહુ વિચિત્ર વિચિત્ર હોય છે. દેખાવ ધાર્મિક પ્રવૃત્તિનો હોય, ઉદારતાનો હોય, સેવાનો હોય, પરંતુ ત્યાં જો અંતરમાં માયા છે, માનની ભૂખ છે, અહંત્વ ટકાવવા શાસ્ત્રાનુસારિતાનું બહાનું છે, તો એ બાહ્ય ભાવનો જ ચાળો થશે. સાફ દિલ, બાળજીવોની ભાવદયા પ્રત્યે સાપેક્ષ ભાવ, પાપનો ભય, મદ-માયાની ભારે ઘૃણા-જુગુપ્સા, અંતરાત્માના વિશુદ્ધિકરણ તરફ પાકી જાગૃતિ, આ બધું આંતરભાવ-આંતરદૃષ્ટિ માટે ખૂબ જરૂરી છે.

આ ત્રીજી જીવનના સર્વક્ષેત્રવ્યાપી સાધનાની વાત થઈ.

**(૪) વિધિ-આદર-ધગશ સાથે સેવન :-**

કોઈ પણ ધર્મ કે ગુણ સિદ્ધ કરવા માટે ચોથી જરૂરી વસ્તુ આ છે કે એની સાધના, એનું આસેવન વિધિ, આદર અને ધગશ પૂર્વક થવું જોઈએ. રસોઈ વિધિપૂર્વક થાય તો જ સિદ્ધ થાય છે. ઔષધ વિધિપૂર્વક સેવે તો જ તે કામ કરે છે. સેવા-નોકરી બજાવવામાં પણ ચોક્કસ રીતો જાળવવી પડે છે. તો ધર્મની બાબતમાં પણ એમ જ છે. શાસ્ત્રે કહેલી વિધિ જાળવીને એની સાધના થાય, દેવદર્શન-પૂજા, સામાયિક, પ્રતિક્રમણ, દાન, ચારિત્રપાલન વગેરે બધે જ વિધિ જોઈએ છે, ગમે તેમ અવિધિથી ચલાવ્યે રાખે કામ ન ચાલે.

**ક્ષમા માટે શું વિચારવું ? :-**

**પ્ર.**- ગુણ સાધવામાં વિધિ શી ?

ઉ.- ક્ષમાદિ ગુણો સિદ્ધ કરવા હોય તો ત્યાં વિધિ એ કે જે પદ્ધતિએ એનો અભ્યાસ કરવાનું શાસ્ત્રે બતાવ્યું હોય એ પદ્ધતિથી એને સેવતાં રહેવું જોઈએ. દા.ત. ક્ષમા કેળવવી છે તો કહ્યું કે એ વિચારવું, કે સામો હલકા શબ્દ બોલતો હોય તો એટલું જ કરે છે ને ? અંગોપાંગ ભાંગવાનું તો નથી કરતો ને ? એ ય કદાચ થતું હોય તો પ્રાણનાશ નથી કરતો ને ? એ પણ બનવા જાય તો ય મારો ધર્મ તો નાશ નથી કરતો ને.' વળી ક્રોધને રોકવા અને ક્ષમા જાળવવા માટે (૧) ક્રોધના કટુ વિપાક વિચારવા. (૨) ક્રોધની સામે ક્રોધ સામાનો ક્રોધ વધારી કદાચ વૈરની ગાંઠ ઊભી કરશે કે જે પછી છૂટવી ઘણી ઘણી મુશ્કેલ હશે, એ વિચારવું. (૩) ક્રોધ આત્માના સ્વરૂપને બગાડે છે. એ આત્માનું સ્વરૂપ નથી, કર્મની વિટંબણા છે એ વિચારવું. (૪) પ્રતિકૂળતાની અટકાયત કે સગવડ-અનુકૂળતા થવાનો આધાર પુણ્ય પર છે, ક્રોધ પર નહિ, એનો વિચાર રાખવો. એમ, (૫) જો આપણી ભૂલ છે તો એના પર ક્રોધની બીજી ભૂલ શા માટે ? જો આપણે વાંક નથી છતાં સામો ગુસ્સે થાય છે તો એની અજ્ઞાનદશા છે. અજ્ઞાનથી અને ક્રોધથી પીડાતા એવા એની તો દયા ખાવી જોઈએ; ક્રોધ શા માટે કરવો ? આવી વિવેકદશા રાખવી જોઈએ.

આ પદ્ધતિએ ક્રોધ પર અંકુશ કરી ક્ષમાને વિકસાવતા જવું.

**બીજું જરૂરી આદર છે.** જે ધર્મ કે ગુણ સાધવાનો તે ખૂબ આદર-સત્કાર-બહુમાન રાખીને. આનો પ્રભાવ વળી ઓર છે. સાધના એની એ જ હોય પણ એક જણ આદર વિના કે અલ્પ આદરથી કરે એ સામાન્ય ફળ પામે; અને બીજો આદર-બહુમાનના ઉછાળા સાથે કરે એ કંઈગુણાં ફળને પામી જાય ! વાત એ છે કે ગુણ કે ધર્મ પ્રત્યે આદર-બહુમાન રાખવાથી એની સાથે સગાઈ થાય છે. એ અંતરની ચીજ બને છે. નહિતર તો પરાયા જેવો સંબંધ રહે. એમાં એ આત્મસિદ્ધ



ન બની શકે. બહિર્ભાવ ટાળી અંતર્ભાવ કેળવવો છે, તો અંતર્ભાવ ઉપર ભારે આદર બહુમાન જોઈશે. મનને એમ થાય કે 'અંતર્ભાવ જ ધર્મનો મૂળ પાયો છે;' પશુમાંથી મનુષ્ય બનાવે છે, અને દેવાધિદેવ-પદ સુધી લઈ જાય છે. આખી આત્મદશા ફેરવનાર અને ઉજ્જવળ કરનાર પ્રથમ નંબરનો ગુણ આંતરભાવ છે.' મનને આ લાગી જવાથી સહેજે એના પર બહુમાન થાય, સાચું આકર્ષણ જન્મે.

**ત્રીજી વસ્તુ ધગશ. એ પણ ગુણસિદ્ધિ ને ધર્મસિદ્ધિ** માટે ખૂબ જરૂરી છે. હૈયામાં બહુમાન તો રાખ્યું પણ એને સાધવાની ધગશ યાને થનગનતો ઉત્સાહ ન હોય તો કાર્યસિદ્ધિ નહિ થાય. કેમકે એવો ઉત્સાહ કોણ નથી થવા દેતું ? પ્રમાદ, આળસ, બીજાં ત્રીજાં આકર્ષણ, કે અશક્તિની કલ્પના. એ બધા ઊભા હોય એ શી રીતે સિદ્ધ થવા દે ? શક્તિ તો આત્મામાં અનંત ભરી પડી છે, ને પ્રગટ પણ ઠીક ઠીક થયેલી છે. માત્ર અજ્ઞાનતા-મૂઢતા એનું ભાન નથી થવા દેતા. આજના માનસશાસ્ત્રીઓ કહે છે કે તમારામાં જે શક્તિ ધારો છો એના કરતાં ડબલ-ચોબલ- આઠ-દસગુણી શક્તિ છે. માત્ર એનો પક્કો વિશ્વાસ ધરી સારી રીતે અને ઈચ્છાપૂર્વક પ્રયત્ન કરવો જોઈએ. આ દૃષ્ટિ આવે તો સહેજે ધગશ-ઉત્સાહ જાગે.

**અંતર્દષ્ટિ જગાડવા વિચારણા :-**

ત્યારે જો બહિર્ભાવ ભૂંસવાનો અને અંતર્ભાવ-અંતર્દષ્ટિ વિકસાવવાનો ઉત્સાહ નહિ જગાડાય, તો માનતા નહિ કે એ એમજ બની જશે. બહિર્દષ્ટિએ તો આખું જગત જુએ છે, વીતરાગ પરમાત્માના શાસનને પામેલો તો અંતરદૃષ્ટિએ જોનારો હોય. કેમકે એની પાસે વિશિષ્ટ બુદ્ધિશક્તિ સાથે સર્વજ્ઞનાં તત્ત્વજ્ઞાનની સમૃદ્ધિ છે; ભારે અનુકૂળતા છે, એ મળ્યા છતાં બુદ્ધુ કોણ બન્યો રહે ? 'કાળનો પંજો વાગતાં બીજા બધાની સાથે આ સમૃદ્ધિ પણ ખોવાઈ જવાની છે, પરંતુ ધન-માલ-પરિવાર ખોવાઈ ગયે બહુ નુકસાન નથી, કેમકે એ તો ફરી પણ બીજા રૂપમાં મળશે; જ્યારે આ બુદ્ધિશક્તિ અને શાસનસમજ ખોવાઈ ગયે ફરી મળવા બહુ બહુ દુષ્કર છે, જો એનો અહીં અંતર્દષ્ટિ-આંતરભાવ કેળવી લેવામાં ઉપયોગ નથી કર્યો તો'- આ વિચારી એ કરી લેવા ભારે ધગશ, ઉછળતો ઉત્સાહ અને પ્રધાન પુરુષાર્થ જોઈએ. મનથી કરવાની આ વસ્તુ છે, તો એમાં શો બહુ ભોગ આપવાનો છે કે ઉત્સાહ ન જાગે ?

**અંતર્દ્રષ્ટિ, આંતરભાવ કેળવવામાં શું કરવાનું છે ?** જીવન નભાવવાની પ્રવૃત્તિ તો જે ચાલુ હોય છે એની એ રહે છતાં માત્ર એને જ કાયા-કુટુંબ-સંપત્તિ-સન્માન વગેરે બાહ્યના લાભની દૃષ્ટિએ નવાજતા હતા, એને બદલે આત્મહિતની દૃષ્ટિએ નવાજવાની છે. અર્થાત્ પ્રવૃત્તિ કે પ્રસંગોમાં બાહ્ય પદાર્થોમાં કેટલું સારું થાય,

કેટલું બાહ્યનું સુખ મળે, આબાદી મળે, એ દૃષ્ટિ નહિ, કિન્તુ 'અંતરાત્માને કેવી રીતે લાભ થાય. એના લાભમાં કેમ ઉતારાય,' એ દૃષ્ટિ રહ્યા કરે.

ત્યારે પ્રશ્ન છે કે,

## • અંતરાત્માના લાભમાં શું આવે ? •

અંતરાત્માના લાભમાં અનેક બાબતો ગણાવી શકાય; દા.ત.

(૧) પહેલું તો અંતરના ભાવ નિર્મળ બને તે.

નિર્મળ એટલે અરિહંત પ્રભુ પ્રત્યે ભક્તિનો ભાવ; એમના અનંત-અનન્ય ઉપકારનો ખ્યાલ કરવા સાથે એના પ્રત્યે દિલમાં ગદ્‌ગદભાવ; પોતાની એ દેવાધિદેવ વિના અશરણ-નિરાધાર સ્થિતિનું દુઃખ ભર્યું સંવેદન; આ અંતરનો-નિર્મળ ભાવ કહેવાય. જાગૃતિ હોય તો એ સહેલાઈથી આવી શકે છે, પૈસા કમાયા, દિલમાં થાય કે 'આ આપણી હોશિયારી નથી, અરિહંત ભગવંતને પૂર્વે ભજ્યા હશે એણે આ સગવડ દેખાડી. અરિહંત જ આધાર છે, એમના વિના તો હું સાવ નિરાધાર છું. આવું બીજા પ્રસંગોમાં પણ થાય,

બીજું જિનોક્ત તત્ત્વ પ્રત્યે શ્રદ્ધાનો, રુચિનો, આકર્ષણ-પક્ષપાતનો ભાવ એ પણ અંતરનો નિર્મળભાવ કહેવાય. પ્રસંગે મનને એમ થાય કે 'વાહ ! પ્રભુએ કેવી સુંદર તત્ત્વવ્યવસ્થા બતાવી છે ! કેવા કેવા જીવોના પ્રકાર, અજીવના ભેદ, અમુક અમુક એ પુણ્ય અને અમુક અમુક પાપ, એમ આશ્રવ અને સંવર...ઇત્યાદિ સચોટ યથાર્થ તત્ત્વો કેટલાં સારાં બતાવ્યાં છે !

એમ દિલમાં વૈરાગ્ય-ક્ષમા-નમ્રતા-ઉદારતા-પરાર્થવૃત્તિ-દયા-મૈત્રી વગેરેના ભાવ ઊઠે એ પણ નિર્મળ આંતરભાવ કહેવાય. જીવનની વિવિધ પ્રવૃત્તિઓ કે પ્રસંગો જોઈએ તો આ નિર્મળ ભાવમાં કોઈ ને કોઈ, એક નહિ તો બીજો, પણ જગાવી શકાય. દા.ત. જાતના ખાનપાનભોગ છે, તો ત્યાં વૈરાગ્ય ભાવ જાગતો રખાય, યા ઉદારતા કે પરાર્થવૃત્તિ જગાવી શકાય. 'મારું બીજાને કામ લાગો' એ પરાર્થવૃત્તિ. 'મારું હું જ કે મારું કુટુંબ જ ભોગવે' એ સ્વાર્થવૃત્તિ. એમ 'આપણે સગવડ ભોગવીએ છીએ, પણ દેવાના અવસર મળ્યે સારી ઉદારતા રાખશું'- આ ઉદારતાનો મનોરથ. એમ ઘરવ્યવહાર કે બહારના વ્યવહાર વખતે ક્ષમા-નમ્રતાનો ભાવ, જીવો પ્રત્યે ભાવદયાનો ભાવ, વિરોધી પ્રત્યે પણ મૈત્રીનો ભાવ યાને શુદ્ધ જીવસ્નેહની લાગણી, આ પણ નિર્મળ આંતર ભાવ છે.

કોઈ પણ પ્રવૃત્તિ કે પ્રસંગ અંતરાત્માના લાભમાં ઉતારવા છે ને ? આવા નિર્મળ આંતર ભાવ જાગતા રાખીએ તો એ લાભમાં ઊતરે છે.

એવો એક ભાવ ઉદાસીનતાનો છે. ગમે તેવી સુખ-સમૃદ્ધિ-સગવડ આવો



કે દુઃખ-આપત્તિ-કષ્ટ આવો, પણ એના પ્રત્યે દિલમાં ઉદાસીન ભાવ રહે, બેપરવાઈ રહે; એ ઇષ્ટ-અનિષ્ટની બહુ ગણના નહિ.

વૈરાગ્યભાવમાં એમ થાય કે 'આ ભૌતિક સુખ-સગવડ બધી અસાર છે, નિર્ગુણ છે, આત્મહિતને ભુલાવનારી છે;' અને તેથી એના પ્રત્યે અરુચિ, આંતરિક અણગમો, એથી પરલોકભય,... વગેરે રહે.

ઉદાસીન ભાવમાં એની પ્રત્યે બેપરવાઈ રહે, એની કોઈ કિંમત નથી એમ મન માને. સમુદ્રતટે ઊભા, સમુદ્રજળના તરંગ ઊંચા ચઢ્યા, નીચા ઊતર્યા દેખાય, ત્યાં જેમ ઉદાસીનભાવ હોય, તરંગ ચઢ્યાની કોઈ સારી કિંમત નહિ ને ઊતર્યાની કોઈ નુકસાની નહિ; એ જ રીતે જીવનમાં ઇષ્ટ-અનિષ્ટની ચડ-ઊતરમાં નફો-નુકસાની ન લાગે, સમુદ્રતરંગો જેવા એ લાગે, મન એની પ્રત્યે લહેવાય નહિ, માને કે 'ઠીક છે, કર્મવાયરાના હિસાબે એ આવે ને જાય, એથી મારે શું ? મારે તો મારા આત્માને સંભાળવાનો. એના કચરા કેમ ન વધે, કચરા ઓછા થાય, શુદ્ધિ થતી આવે, કર્મના ભાર ઊતરે, શુભ ભાવ અને ભાવનાનું જોર વધે, વિષયોનાં આકર્ષણ તથા કષાયો મંદ પડતા જાય, અને આત્માના નિર્વિકાર સ્વરૂપનો અભ્યાસ વધે, આ જ બધું જોવાનું. પરના ગમન આગમન તો સંસાર છે ત્યાં સુધી ચાલ્યા કરવાનાં છે. ચાલવા દો, એ એનું બજાવે, હું મારું બજાવું.' આમ ઉદાસીનભાવનું સંવેદન એ પણ અંતરનો નિર્મળ ભાવ છે. પ્રવૃત્તિ કે પ્રસંગને આત્માના આ લાભમાં ઉતારવાનો.

એવો એક નિર્મળ ભાવ છે પાપના પશ્ચાત્તાપનો. જીવનમાં આરંભ-સમારંભ, પરિગ્રહ અને રાગદ્વેષાદિની કેટલીય પ્રવૃત્તિ ચાલુ હોય છે, એમાં એક બાજુ સમયે સમયે આત્મા પર અનંતા અશુભ કર્મપુદ્‌ગલો ચોંટે છે, અને બીજી બાજુ અનાદિ કાળથી ચાલી આવતી એની વાસનાઓ પુષ્ટ થતી રહે છે. એનો વિચાર નજર સામે રાખી એ આરંભાદિના પાપ સેવવા પર હૈયું સંતાપ અનુભવે, ખેદ થાય, પશ્ચાત્તાપ થાય, એ પણ શુભ ભાવ છે. ત્યાં પાપમાં કંપ અને પરલોકનો ભય રહે એ ય નિર્મળ ભાવ છે.

એમ પોતાની પાપપ્રવૃત્તિ વખતે અથવા બીજા સમયે મહાપુરુષોમાં સુકૃતોનું આકર્ષણ રહે, 'અહો ! કેવા એ ધન્ય પુરુષો કે પાપ છોડી ઉત્તમ ઉત્તમ સુકૃત સાધી ગયા !' એમ પ્રમોદભાવ થાય એ પણ નિર્મળ આંતરભાવ છે.

આવા બીજા પણ ભાવ દા.ત. સંયમ સાચવવાના, જ્ઞાનાદિ-પ્રાપ્તિના, પૂજ્યો પ્રત્યે વિનય-બહુમાનના, આશાતના-વિરાધના ટાળવાના, દાનના, શીલના, તપના, ત્યાગના ઇત્યાદિના મનોરથો જાગે, આકર્ષણ થાય, જીવન એમાં ધન્ય અને

સફળ થવાનું લાગે, એ પણ નિર્મળ આંતર ભાવ છે.

વિચારવા જેવું છે કે જો સાંસારિક પ્રવૃત્તિઓ કરતી વખતે પણ એને આવા કોઈ નિર્મળ ભાવના લાભમાં ઉતારવાની છે, તો ધાર્મિક પ્રવૃત્તિ વખતે તો પૂછવાનું જ શું ? એમ બાહ્ય દુન્યવી પ્રસંગો જોવા-સાંભળવામાં આવે ત્યારે પણ અંતરના નિર્મળ ભાવમાં એને ઉતારવાના છે. તો પછી ધાર્મિક પ્રસંગોને જોતાં કે સાંભળતાં તો એ અવશ્ય કરવાનું હોય એ સહજ છે.

આ એક સુંદર તકેદારી છે કે ધાર્મિક પ્રવૃત્તિ કે પ્રસંગને કોઈ ને કોઈ આંતરિક નિર્મળ ભાવમાં ફલિત કરવી જ જોઈએ. એક ચૈત્યવંદન પણ કરતા હોઈએ. ત્યાં એનો એક પણ અક્ષર એ વિના શાનો નિષ્ફળ જાય ? 'એળે ન જ જવા દઉં. સમય અને શ્રમ લઉં, અક્ષરો પણ બોલું અને નિર્મળ ભાવ અનુભવ્યા વિના એમ જ પસાર થઈ જાય એવી મૂર્ખાઈ શા સારું ?' આ સાવધાની જોઈએ. એમ પ્રભુદર્શનની ક્રિયા, વંદનની ક્રિયા, એવી બીજી પણ ભક્તિની, દાનની, જિનવાણીના શ્રવણની. ઈત્યાદિ ક્રિયા આંતરિક નિર્મળભાવ જગાવવા વધારવામાં ઉતારવી જોઈએ.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"** **વર્ષ-૧૨,અંક-૧૫,તા.૨૧-૧૨-૧૯૬૩**

## સાપેક્ષભાવ - ૫ પ્રકારે

(૨) અંતરાત્માના લાભ તરફ દૃષ્ટિ રખાય ત્યાં લાભ તરીકે આ જોવાનું કે ચાલુ પ્રવૃત્તિમાં જો હૈયામાં અશુભ ભાવ વર્તે છે તો પાપનો લાભ થશે, 'પૈસા વધ્યા તો તિજોરીનાં વધ્યાં, મારે તો આરંભ-તૃષ્ણાદિનાં પાપનો વધારો થયો અને પુણ્યહૂંડી એટલી ભરપાઈ થઈ ગઈ ! માટે હવે એના વળતર માટે સુકૃતોની યોજના કરું' જો આ દૃષ્ટિ રખાય; એમ પુત્ર જન્મ્યો તો 'મ્યુનિસિપાલિટીનું વસ્તિપત્રક વધ્યું, મારે તો એક મોહનું આક્રમણ આવ્યું; માટે હવે એનાથી બચવા પુત્રને ભરચક ધર્મસંસ્કારો પાવાની યોજના કરું,' આ ભાવ જાગે; તો એ એથી શુભ ભાવરૂપ હોવાથી શુભ કર્મનો લાભ મળે. દૃષ્ટિ જ જરા ફેરવવાની છે. અજ્ઞાન માનવી બાહ્ય જડની આબાદી-બરબાદી તરફ જ જોયા કરે છે, આપણે આત્માની આબાદી-બરબાદી લક્ષ સામે રાખવાની છે. આત્મહિત ઘવાતું કેમ અટકાવીએ, નવું હિત કેમ ઊભું કરીએ એના પર ચોંટ રહે. માટે જ,

(૩) મૂઢ જીવો જ્યાં કર્મબંધ કરે છે ત્યાં આપણે કર્મક્ષયનાં કારણ ગોઠવી દઈએ. જમણ જમતાં એમાં લુબ્ધ થાય, રાગ-પ્રશંસા-અભિમાન કરે, ત્યાં કર્મ બંધાય છે. એના બદલે મનઃસંકોચ, વિરક્તભાવ, ઉદાસીન ભાવ, દ્રવ્યસંક્ષેપ, ઉનોદરિકા વગેરે કરે તો નિર્જરાના અંગ હોવાથી કર્મક્ષય થાય. એથી વિશેષ એ વખતે કોઈ સારા ધ્યાનમાં ચિત્ત પરોવી દે, તો વધુ બચાવ થાય. જમણને લેખે લગાડવા, પછી દેવ-ગુરુ-સંઘ-વૈયાવચ્ચમાં જોડાય, વિશેષ સામાયિકાદિ પ્રવૃત્તિમાં જોડાઈ શુભ ધ્યાનમાં રમણતા કરે, કર્મક્ષયાદિ નિમિત્તે કાયોત્સર્ગ કરે, તો મહાન કર્મક્ષયનો લાભ મળે. જમણની જેમ બીજી પણ પ્રવૃત્તિમાં આ કર્મનિર્જરાના લાભ તરફ ખાસ દૃષ્ટિ રખાય. બહારના સારા-નરસા સાથે હજી નિસ્બત તો રહે છે, પરંતુ બહુ નિસ્બત નહિ. થોડી ય નિસ્બત રહેતી હોય તેને ય એક યા બીજી રીતે અંતરાત્માના લાભમાં ઉતાર્યા વિના નહિ જવા દેવાનું. દરેક વખતે વાત એક જ 'મારા આત્માને શું ?'

આંતર ભાવ, આંતરદૃષ્ટિ, અંતર્મૂખતા સિદ્ધ કરવા માટે જેમ એનો સતત અભ્યાસ, દીર્ઘકાળ અભ્યાસ, અને જીવનના સર્વ ક્ષેત્રમાં વ્યાપક અભ્યાસ જોઈએ, એમ આ ચોથો મુદ્દો છે કે આદર અને ધગશ સાથે એનો અભ્યાસ કરતાં રહેવું જોઈએ.

**ઉપસંહાર :-**

વાત એ ચાલતી હતી કે ક્ષીરકદંબક ઉપાધ્યાય પોતાનો વિદ્યાર્થી વસુ, એ રાજા બનવાનો, તેથી એ મુનિઓએ કહેલા બે નરકગામી વિદ્યાર્થીમાંથી વસુને નરકગામી હોવાનું નક્કી કરે છે. એ પર વિચારણા ચાલી કે બીજાના રાજ્ય-વૈભવ જોઈ એ જીવ ભાગ્યશાળી લાગે છે કે રાજ્ય પર ભડક થાય છે ? ધર્મ હૃદય સાથે કેટલો સગાઈ પામ્યો છે એનું આ પરથી માપ નીકળે છે. ધર્મસગાઈ સારી થઈ હોય તો નરકદાયી વૈભવ પર ભડક થાય, નફરત થાય.

ધર્મ સાથે સગાઈને માટે ચાર વસ્તુ બતાવી. ધર્મ કરતા જઈએ એમ (૧) જિનવચન પર રાગ અને શ્રદ્ધા વધતી આવે, (૨) ધર્મ અંતરમાં પરિણમતો જાય; (૩) હૈયું ધર્મપ્રવૃત્તિથી ભાવિત બનતું જાય; અને (૪) જીવ બાહ્યભાવ-બાહ્યદૃષ્ટિમાંથી આંતરદૃષ્ટિ-આંતરભાવમાં પલોટાતો આવે. આ આંતરદૃષ્ટિમાં પરિવર્તન સિદ્ધ કરવા માટે (૧) સતત, (૨) દીર્ઘકાળ, (૩) સર્વક્ષેત્રવ્યાપી, અને (૪) વિધિ-આદર-ધગશવાળી સાધનાનો અભ્યાસ જરૂરી હોવાનું વિચાર્યું.

શ્રીકાન્ત શેઠે ખજાનચીને બરાબર પકડમાં લીધો છે. રાજાની સમક્ષમાં જ રાજાની અદાથી જડતી લે છે, અને રાજા કાંઈ દરમિયાનગીરી કરતા નથી. તેથી ખજાનચી જુએ છે કે 'અહીં કાંઈ હવે બીજું ચાલે એવું છે નહિ. માટે જો કબૂલ ન થાઉં, તો ફજેતી અને માર બંને આવવાના. તો હવે શું કરવું ? આ બધાની વચમાં એમે ય એકદમ કેમ કહેવાય કે 'હા, એક ડબો મેં લીધો છે.' વિમાસણમાં પડી ગયો.

શ્રીકાન્તની વાત સાચી હતી કે ખજાનચીએ ઝવેરાતનો એક ડબો ઉપાડ્યો હતો. હવે એ ફસાયો છે. ચમત્કાર ત્યાં નમસ્કાર. પ્રત્યક્ષ આવી ફસામણી દેખાય

ત્યાં તો માણસ ઊભો રહી જાય છે, પરંતુ પરલોકની ફસામણ દેખાતી નથી એટલે શી રીતે ઊભો રહે ? જીવના જગતમાં પાર વિનાના ગુના અને પાર વિનાના પાપ આમ જ અજ્ઞાનદશાથી ચાલે છે.

જીવ-તત્ત્વની આ પણ એક સાબિતી છે. જડ જગતમાં જુઓ તો દેખાશે કે એ એના નિયમ મુજબ, સ્વભાવ મુજબ કામ કર્યે જાય છે. ચંદન ઠારે એટલે ઠારે જ, બાળવાનું કામ નહિ. આગથી સળગીને બળે ત્યાં પણ બાળનાર તો અગ્નિ જ છે. અગ્નિ ઓલવાઈ ગયો પછી બાળવાનું બંધ એમ ચંદન સુવાસ આપે એટલે સુવાસ જ આપે. પરંતુ જીવની દશા જુદી છે. સીધો ય ચાલે અને ઊંધો ય ચાલે. એ વસ્તુ જડ કરતાં વિલક્ષણ એવા જીવદ્રવ્યનો પુરાવો છે.

અથવા કહો જડ પદાર્થમાં બીજું આવીને ભળે છે એટલે સ્વભાવથી જુદું જ કાર્ય દેખાડે છે. ચંદનમાં અગ્નિ ભળે તો બાળવાનું દેખાય છે; બીજા ડુંગળી જેવા પદાર્થમાં ભળે તો દુર્ગંધ બતાવે છે. એવું જીવતત્ત્વમાં જ્યારે ઊંધુ કાર્ય દેખાય ત્યારે માનવું પડે કે કોઈ બીજું તત્ત્વ માંહી ભળ્યું લાગે છે. દયાને બદલે ક્રૂરતા-નિષ્ઠુરતા બતાવે તો માનવું જ પડે કે માંહી કાંઈ ભળ્યું. શું ભળ્યું ? મિથ્યાજ્ઞાન. એ જડમાં નથી ભળતું, જીવમાં ભળે છે, એ પણ જીવવસ્તુ જુદી હોવાની સાબિતી છે.

આ અજ્ઞાન કેવું ભારી છે કે કરેલા ગુનાનું કેવું ભારે દુ:ખમય પરિણામ ! એ નજર સામે તરવરતું નથી એટલે જીવ ગુનો કરવા પ્રેરાય છે. શાસ્ત્રથી સાંભળ્યું પણ હોય, છતાં મૂઢતા આંખમિંચામણા કરાવે છે. હાં, જો પ્રત્યક્ષમાં ભારે દુ:ખ દેખાય, ભય આવી પડે, તો તો ઊભો રહી જાય છે. જૂઠ બોલતાં સામેથી ફટકો પડે એમ છે એવું લાગે તો તો જૂઠ નહિ બોલે. પરભવે મહાદુ:ખ આવશે એ જોઈ અટકવું નથી. બસ, જો જીવને એ ભાન થઈ જાય કે 'હું આજકાલનો નથી, સનાતન કાળનો છું. પૂર્વ ભવોમાં ઊંધાં આચર્યાં છે માટે તો અહીં કેઈ દુ:ખ વેઠવા પડે છે. માટે અહીં પણ જેવાં કર્મ આચરીશ, જેવી ભાવનાઓ કરીશ, એવા એના પ્રત્યાઘાત આવવાના, અને તે મારે સહન કરવા જ પડશે. જૂઠ, માયા, અહંકાર, ઈર્ષ્યા વગેરેનાં ફળ વેઠવા મુશ્કેલ હશે ! એટલે અતિ દુ:ખદ હોવાના. માટે બહેતર છે કે એવા ગુના જ ન કરું. ક્ષણિક મનતોષ ખાતર શા માટે મારે અજ્ઞાન અને મોહના તણાયા તણાવું ?' તો તો એ દુષ્કૃતથી પાછો ફરે. ભાન જોઈએ કે કરેલાં કર્મનાં ફળ તો મોટા ચમરબંધીને ય વેઠવા પડે છે.

પછી કર્મભાર વધારનારો બીજા પર ગુસ્સો શા માટે કરવો ? મનને લાગે કે એ અમારું બગાડે છે, તેથી ગુસ્સો થાય છે. પરંતુ એ લાગવાનું ઉપલકિયા દૃષ્ટિનું છે. **બગાડનાર આપણાં કર્મ જ છે; સામો તો બિચારો એનો હાથો બને છે.** તેમ એ પણ વિચારવા જેવું છે કે, જેવી રીતે હડેડાટ કરીને ચાલ્યા અને થાંભલે કે બારશાખને માથું ભટકાયું, તો ત્યાં કાંઈ વગાડનાર થાંભલા કે બારશાખને ગાળ



નથી દેતા, એને મારવા નથી જતા, કેમકે ખબર છે કે એ જડ છે, અને એના સ્વભાવ મુજબ કામ કરે છે, ગફલત તો આપણી છે; એવી રીતે જીવ બાબતમાં પણ એ સમજ હોય કે જો સામો ખોટી રીતે આપણું બગાડે છે, તો એ એનો દુર્જન સ્વભાવ છે. એના સ્વભાવ મુજબ એ કામ કરે પછી આપણે ગુસ્સે શા માટે ભરાવું ? ત્યારે જો આપણી ભૂલથી એ કહે છે તો ત્યાંય એના પર ગુસ્સો શો કરવો ? વિવેક કેળવવાની અને અજ્ઞાન તથા મૂઢ દશા ટાળવાની જરૂર છે.

વસ્તુસ્વભાવ તરફ દૃષ્ટિ રાખીએ, તો જીવનની ઘણી સમસ્યાઓ ઊકલી જાય છે; આકળા-ઉતાવળા થવાની જરૂર નથી રહેતી. માત્ર આપણે કોઈ મોહ કે કષાયની લાગણીમાં ખેંચાયા વિના આપણા શુદ્ધ સ્વભાવે કામ કર્યે જવાનું. બાકી સાંયોગિક વસ્તુઓ એના સ્વભાવ મુજબ કામ કરે એમાં હરખ-શોક નહિ કરવાનો, અગ્નિ હશે તો બાળશે જ, અને પાણી હશે તો ઠારશે જ. અગ્નિ પણ પાણીને પરવશ હશે, ગરમ થઈ બાળવાનું કરતું જણાશે. જેની શિરજોરી, જેની પ્રધાનતા, એનું કાર્ય આગળ આવશે. આવા વસ્તુસ્વભાવનાં કાર્ય જેમ જડમાં તેમ ચેતન જીવમાં થાય છે. એ ય જેવી જેવી કષાયની લાગણીને પરવશ હશે, ને કર્મ સંયોગને આધીન હશે, તેવું તેવું એ કાર્ય કરતો દેખાશે. માટે એવા બધાં વસ્તુસ્વભાવનાં કાર્ય દેખી એની સજ્ઞાનદશા રાખીને આપણે સ્વસ્થ ચિત્ત રાખવાનું, સમાધિ જાળવવાની, સમભાવ દાખવવાનો.

અવધુ સદા મગન ! શામાં મગન ? વસ્તુસ્વભાવને ન્યાય આપી પોતાના શુદ્ધ જ્ઞાન-વિવેકમાં મગન. કાંઈ પણ ઊંચું-નીચું કે આઘું-પાછું થતું જોવામાં સાંભળવામાં આવે ત્યાં આ વસ્તુસ્વભાવ, ચાહ્ય સ્વતંત્ર કે પરાધીન, એના પર નજર ઠેરવવાની. એ સ્વભાવે એમ જ હોય, એમ જ બને, એવો પક્કો નિર્ણય રાખવાનો. માટે આપણી દખલ નકામી છે, આપણે મન બગાડવાની જરૂર નથી, હરખઘેલા કે શોકમૂઢ બનવાની આવશ્યક્તા નહિ. આપણે તો આપણા ક્ષમા-સમતા-વૈરાગ્ય અને જ્ઞાનાદિ ગુણો સંભાળવાના; એમાં જ મગ્ન રહેવાનું. આ **'અવધુ સદા મગનમેં રહના'**નો ભાવ છે.

ખજાનચી ઢીલો પડી ગયો. ચમત્કારને નમસ્કાર કરવો પડ્યો. હવે બધા વચ્ચે હલકો ન પડાય માટે એ કહે છે, 'શેઠજી ! જરા ઊભા રહો, હું તપાસ કરી આવું.'

શેઠ સમજે છે કે હજી એને અહીં દબડાવ્યો હોય કે 'તપાસ શાની ? બોલો સાચું બોલો ડબો એક ઉઠાવ્યો છે કે નહિ ?' તો ચોર્યાનું કબૂલ કરી લે, પરંતુ શ્રીકાન્ત માનવલાગણીનો ખ્યાલ રાખીને કહે છે 'સારું, જાઓ બરાબર તપાસ કરી આવો. અને જો મળી જાય તો અહીં લઈ આવજો.'

માનવલાગણી સમજો છો ? માનવલાગણી આ છે, કે 'મારું ખરાબ ન

દેખાઓ. મારો દોષ ન ગણાઓ, મારો અપયશ કે હલકાઈ ન થાઓ. મને અનુકૂળ મળો, પ્રતિકૂલ કાંઈ ન બનો...' આ ભાવ બન્યો રહે છે.

સામાની આ લાગણીનો જો વિચાર રાખી એની સાથે વર્તાવ રાખીએ તો એને આપણા પર સદ્ભાવ રહે, અને આપણાં દિલમાં પણ દયાભાવ જાગતો રહે.

**બીજાનો આપણા પર સદ્ભાવ રહે એ શા માટે ? :-** જીવનમાં બીજાનો સદ્ભાવ મુખ્યતાએ તો એટલા માટે જરૂરી છે કે (૧) એ આપણા પર દુર્ભાવ કરી કરી, યાવત્ ધર્મ પર ઘૃણા કરીને બિચારો કષાયવશ નકામા પાપકર્મ ન બાંધે. (૨) એ માટેની ભાવદયા આપણા દિલમાં ટકી રહે. તેમ જ (૩) આપણા બોલ કે આપણી પ્રવૃત્તિથી એના દિલને દુઃખ ન થાય એવી આપણી અહિંસક વૃત્તિ બની રહે.

માનવ-લાગણી સમજીએ તો આ વિચાર આવે. આપણા પ્રત્યે જો બીજો એવો વર્તાવ કરે કે આપણે હલકા પડીએ, આપણો દોષ કે ભૂલ બહાર ગવાય; આપણું સ્વમાન હણાય, કે આપણને નુકસાની થાય, તો શું તે બરદાસ્ત કરી લેવા આપણું મન રાજી છે ? ના, તો પછી બીજાના માટે પણ આ વિચાર કેમ નહિ ?

ખરી વાત એ છે કે માણસ પોતાના સ્વાર્થની ધૂનમાં બીજાનો વિચાર જ રાખતો નથી. એટલે પછી સામા માનવની લાગણી કેવી છે એ શાનો જુએ ? 'એને ય મારા જેવી લાગણી છે; મારી લાગણી ટકરાય તો હું દુભાઉં છું એમ એનીય લાગણી ટકરાય તો એને દુઃખ થાય છે. માટે એનો વિચાર રાખી એ ન ટકરાય એ રીતે વર્તું, બોલું ચાલું,' આ લક્ષ બરાબર રાખવું જોઈએ. એ લક્ષ વિના તો હૈયું નિરપેક્ષ બની જાય છે. દિલ બીજા પ્રત્યે સાપેક્ષભાવવાળું જોઈએ.

## • સાપેક્ષભાવ •

સાપેક્ષભાવ એ એક મહાન ગુણ છે, જીવનમાં આગળ આગળ વિકાસ સાધવાનું અનુપમ સાધન છે, કેમકે **'ઉપયોગે ધર્મ'** એ સૂત્ર છે. જેટલા પ્રમાણમાં ઉપયોગ સતેજ બને એટલા પ્રમાણમાં ગુણસ્થાનકની ઊંચી ઊંચી પાયરી લાધે છે. આ ઉપયોગ સાપેક્ષભાવ રાખનારને જ વરે છે. નિરપેક્ષ બની ધર્મક્રિયાદિય કરે એમાં પોતાનો માનેલો ઉપયોગ પણ હોય, પણ એ શાસ્ત્રમાન્ય વાસ્તવિક ઉપયોગ નથી, એ ખાસ ધ્યાનમાં રાખવાનું છે. ઊલટું કેટલીકવાર એવો માણસ આરાધનાને બદલે વિરાધનામાં ચાલ્યો જાય છે. દાખલા તરીકે મંદિરમાં પોતે લયલીન બની સ્તવન ગાતો હોય, પરંતુ એવા ઊંચા સ્વરે કે જેથી પૂર્વના બીજા ગાનારનો સુર ઘવાઈ જાય, દબાઈ જાય, અને એના એથી શુભ ભાવ તૂટી જાય; તો એ માનેલી લયલીનતા શુદ્ધ ઉપયોગરૂપ નહિ બને, ઊલટું એની સાથેનો મોટો સુર અન્યના શુભ યોગ-શુભ ભાવ તોડનારો બનશે ! લલિતવિસ્તરામાં આ અને આવી બીજી કેટલીય બાબતો કહી છે. એ સૂચવે છે કે નિરપેક્ષ નિર્વિચાર બનવામાં આરાધના કાંઈ સંપન્ન ન થઈ શકે. આરાધકે સાપેક્ષભાવ રાખવો જ જોઈએ; વિચારવંત



બન્યા જ રહેવું જોઈએ.

**પાંચ પ્રકારે સાપેક્ષભાવ :-**

અમુકનો સાપેક્ષભાવ એટલે એનો વિચાર રાખવો, એની આધીનતા સેવવી, એની અપેક્ષા રાખીને વર્તવુ આ સાપેક્ષભાવના મુખ્ય પાંચ વિભાગ પાડી શકાય.

**૧. બીજા જીવો પ્રત્યે સાપેક્ષભાવ, ૨. પરલોક પ્રત્યે સાપેક્ષભાવ**

**૩. જિનવચન પ્રત્યે સાપેક્ષભાવ, ૪. આરાધનાનો સાપેક્ષભાવ,**

**૫. પાપત્યાગનો સાપેક્ષભાવ.**

(૧) જીવો પ્રત્યે સાપેક્ષભાવમાં એક તો પોતાના પૂજ્યો પોતાના ઉપકારી વડિલો પ્રત્યેનો સાપેક્ષભાવ આવે. જીવન જીવાય તે એમની આધીનતા રાખીને જીવાય.

**વડિલો પ્રત્યે સાપેક્ષભાવનો એક પ્રકાર :-**

કાંઈ કામ કરવું છે તો એમની પ્રત્યે સાપેક્ષ મન ઝટ એમને પૂછવાનું કરે. નિરપેક્ષ મન હશે તો પૂછ્યા-ગાછ્યા વિના એમ જ આપમતિએ કાર્ય કરી લેશે. પરંતુ એમાં અહંત્વ, અતડાઈ, અવિનય પોષાય છે. કદાચ ન પૂછવાને લીધે અનુચિત કરી બેસે છે, નુકસાનમાં ઊતરે છે. નુકસાન ન થાય તો ય પૂજ્યોની કૃપાનજર મોળી પાડે છે, કેમકે એમનું દિલ દુભાય છે. બહાર ભાઈની જ કીર્તિ ગવાવાથી પૂજ્યો અંધારપટમાં પડી જાય છે, જાણે કોઈ એમને ઓળખતું જ નથી ! ઉપકારીઓની આ દશા કરાય એ પાયાના કૃતજ્ઞતા ગુણનો ઘાત કરે છે. વડિલોથી નિરપેક્ષ રહેવામાં આ લોકનાં નુકસાનો તો છે જ, પરંતુ પરલોક માટે પણ અનાદિરૂઢ અહંત્વ-સ્વચ્છંદતા મરણ પછી સાથે ચાલીને દીર્ઘ ભવભ્રમણ સર્જે છે. માટે વડિલો-ઉપકારીઓ પ્રત્યે સાપેક્ષભાવ અવશ્ય રાખવો જોઈએ.

ગણધર ગૌતમ સ્વામીજીનું મહાન દૃષ્ટાન્ત છે. આનંદ શ્રાવકે કહ્યું 'મને આટલું અવધિજ્ઞાન થયું છે,' પણ ગૌતમમહારાજને મનમાં બેઠું નહિ; તો ઝટ ગુરુ મહાવીર પ્રભુને પૂછવા ચાલ્યા. પ્રભુએ કહ્યું 'ખરી વાત, શ્રાવકને એટલું અવધિજ્ઞાન થાય.' ત્યાં ગૌતમસ્વામીએ ઝટ આનંદ શ્રાવક પાસે આવી મિચ્છા મિ દુક્કડં દીધું ! આવા મોટા ગણધર ભગવાનને પણ આ સાપેક્ષભાવ, તો આપણે તો કેટલોય સાપેક્ષભાવ રાખવો જોઈએ ને ?

**વડિલો પ્રત્યે સાપેક્ષભાવનો બીજો પ્રકાર :-**

પૂજ્ય ઉપકારી માતા-પિતા કે ગુર્વાદિક પ્રત્યે બીજો મહત્ત્વનો સાપેક્ષભાવ એ છે કે આપણે જે જે સુખ-સમૃદ્ધિ-સગવડ ભોગવીએ, ત્યાં ત્યાં એ પહેલું યાદ આવે કે આ એમને પહોંચી ગયું છે ને ? દા.ત. જમવા બેસતાં પહેલાં યાદ આવે કે વડિલે જમી લીધું ? 'ના, નથી જમ્યા, તો એમની પહેલાં મારાથી કેમ જમાય ?' એવું મનને થાય. એમ, પોતે કપડું નવું ચઢાવે, તો તે વડિલના કપડાને

યાદ કરીને. નોકરની સેવા લે, તો ય ત્યાં વડિલની સેવા નોકરે કરી ? એ પહેલું જુએ. ક્યાંય પોતાને જશ મળે, માન મળે, તો બનતા સુધી એ વડિલને દેવરાવે. અરે ! કાંઈ બોલવા-ચાલવામાં પોતાની હોશિયારી હોય, છતાં બે-પાંચ વાર એમાં વડિલની વિશેષતા વચમાં લાવે. 'મારા બાપુજીએ આ શિખવેલું, એમનું પુણ્ય ભારે. એ મહાગુણિયલ,...' વગેરે કાંઈ ને કાંઈ ગાય. એમનો પ્રશંસનીય કોઈ પ્રસંગ કહે. આજે પણ કાશીથી વિદ્વાન પંડિતો આવે છે એ પ્રસંગ પ્રસંગે પોતાને માત્ર પ્રારંભિક શિક્ષા દેનારા સામાન્ય ભણેલા ગુરુને પણ યાદ કરી કહે છે, 'હમારે પહલે ગુરુજી ઐસા કહતે થે, વે બડે ગંભીર, પ્રારંભકા શિક્ષણ ઐસા દેનેવાલે, કિ બુદ્ધિ બન જાય !' ઇતરોમાં ય જો આ હોય તો જૈન ધર્મીમાં પૂછવાનું શું ? મનમાં સાપેક્ષભાવ બેઠો હોય તો જ આ બનવાનું છે.

**વડીલ પ્રત્યે ત્રીજા પ્રકારનો સાપેક્ષભાવ એ** છે કે પોતે પગભર થયા પછી એમની સેવા ન લે, ભલે એ સશક્ત હોય, છતાં એમની પાસે ઘર વગેરેનાં કામ ન કરાવે; કિન્તુ પોતે એમની સેવા કરે, એમને ધર્મધ્યાનની સગવડ કરી આપે, કહે, વિનંતિ કરે 'હવે આપ આપની પરલોકહિતકારી પ્રવૃત્તિ જ કરો. અમારું તો આજસુધી આપે ઘણું કર્યું છે, હવે તો આપની સેવા કરવાનો અમારો વખત છે.' એમના પ્રત્યે આવો સાપેક્ષભાવ હોય કે એમનો પરલોક ન બગડે, એ સદ્ગતિ પામે, તો આ મહાન કૃતજ્ઞતા બજાવવાનું જરૂર કરાય. નિરપેક્ષતા હશે તો આ કોઈ વિચાર નહિ રાખે, અને એ મરતાં સુધી એમની પાસે પોતાના સ્વાર્થનો ઢસરડો કરાવશે ! મર્યા પછી ક્યાં મોકલવાના ? તો કે 'એ મારે જોવાનું નહિ.'- કેવી નિષ્ઠુર દશા !

અલ્યા પણ એ અહીં અંત સુધી પાપારંભોમાં સબડી સબડી દુર્ગતિમાં જશે ? તો કહેશે કે 'એ તો કર્મના અનુસાર થવાનું થશે.' આ બધી નિરપેક્ષવૃત્તિ છે. ઉપકારીઓના આત્મહિતની એને પરવા નથી. એવા નિરપેક્ષ માણસો પોતે બિમાર પડ્યા તો માતાપિતાને ઊંચાનીચા કરી મૂકશે. એમની પાસેથી કેટલીય સેવા લેશે, પણ માતાપિતા બિમાર પડ્યા તો ખાટલામાં નાખી મૂકશે ! સાપેક્ષભાવ હોય તો ખાસ કરીને એમની બિમારી તકલીફ વગેરેમાં બીજાં બધાં કામ પડતાં મૂકી એમની સેવા પહેલી કરાય, તન-ધનનો ભોગ આપીને કરાય.

પૂજ્ય વડીલ પ્રત્યે આ સાપેક્ષભાવ માણસાઈ લાવે છે એ પશુ કરતાં ઉચ્ચ જીવનસ્તરમાં સ્થાપિત કરે છે. બાલપણાથી આની કેળવણી જરૂરી છે, જેથી ઉપકારી માતાપિતા પ્રત્યે એ કૃતજ્ઞ વ્યવહાર પાળી શકે. નહિતર એમની પ્રત્યે પણ જે નિરપેક્ષ બન્યો, એ પછી અન્નદાતા શેઠ પ્રત્યે, અને જીવનમાં બીજા ઉપકારી પૂજ્યો પ્રત્યે, યાવત્ ધર્મદાતા ગુરુ પ્રત્યે શી રીતે સાપેક્ષ બનવાનો હતો ? એ તો સ્વાર્થમાં જ રમવાનો. નાનપણથી સંતાનની કેળવણી વિના તો અનાદિરૂઢ નિરપેક્ષ



વૃત્તિના સંસ્કાર શી રીતે દબાવાના હતા ?

આજે 'કેળવણી' શબ્દ તો બોલો છો., પરંતુ એમાં આ કેળવણી છે ખરી ? કે ઊલટી, વિપરીત જ છે ? કે જેમાં એ વિદ્યાર્થી નિરપેક્ષ વૃત્તિવાળા જ ઘડાતા હોય ? શું સ્વતંત્રતાનો આ અર્થ છે કે ઉપકારી માન્ય વડિલો પ્રત્યે નિરપેક્ષ બનવાનું ? એ સ્વતંત્રતા કહેવાય કે સ્વચ્છંદતા ? અને એવા ઊંધા કેળવાયેલા એ પછી દેશને કે ધર્મને શું સાપેક્ષ રહેવાના ? એ તો નિરપેક્ષતાથી પોષાતી પાશવી વિષયાંધતા, સ્વાર્થાંધતા અને હું પદમાં જ રાચ્યા માચ્યા રહેવાના. પછી ત્યાં સદાચારના નિયમ મર્યાદા ય નહિ જાળવે, નિરપેક્ષ એટલે આજુબાજુ જોવાની પરવા નથી; 'કોને શું લાગશે ? વઢશે તો ? ખરાબ દેખાશે તો ? વડિલને ખોટું લાગશે તો ?' ના, આવો કોઈ વિચાર જ નથી, ભય નથી, પછી ઇન્દ્રિયો અને મનની મોજ પૂરી કરવા કાંઈ જ બાકી શું કામ રાખે ? સાપેક્ષભાવ હોય તો બચે. આજની કેળવણીને આ શીખવવું નથી. બાકી સાપેક્ષભાવની ઉપર જ નિયમ, મર્યાદા, સીધી ચાલ વગેરે ટકી શકે. સાપેક્ષભાવ એક મહાન પાયાનો ગુણ છે.

**બીજા જીવો પ્રત્યે સાપેક્ષભાવ :-**

જીવો પ્રત્યેના સાપેક્ષભાવમાં ઉપકારી વડિલો પ્રત્યે સાપેક્ષભાવ વિચાર્યો. એવો ખાસ બીજા પણ સત્પુરુષો પ્રત્યે સાપેક્ષભાવ રાખી ઉચિત વર્તાવ રાખવો જરૂરી છે. એ સિવાયના જીવો પ્રત્યે પણ એવા સાપેક્ષભાવની જરૂર છે કે આપણી જીવનસરણી અને આપણી બોલ-ચાલ એમને દુઃખકારી ન બને. કાંઈ પણ બોલતાં કે વર્તતાં એમનો વિચાર જોઈએ કે એથી એમને દુઃખ, ક્લેશ, દુભામણ થવામાં આપણે નિમિત્ત તો નહિ બનીએ ને ? રસ્તે ચાલતાં ય નીચે જોઈને ચાલવું જોઈશે. જેથી નાના જીવજંતુ પણ આપણી બેદરકારીમાં, આપણી નિરપેક્ષતામાં પગ નીચે કચરાઈ ન મરે.

એમ, મોંમાંથી બોલ પણ બીજાનો વિચાર રાખીને, બીજાની લાગણીને ધ્યાનમાં રાખીને નીકળે, જેથી એ બોલવાનું બીજાના હૃદયમર્મને ન ભેદે; એથી એમનું દિલ દુભાય નહિ. હૈયાના તાર ન તૂટી જાય, નહિતર છરીના ઘા કરતાં શબ્દના ઘા વધુ ભયંકર નીવડે છે. તો પછી છરીનો ઘા કરનારની ક્રૂરતા કરતાં આવો શબ્દનો ઘા કરનાર બને એની નિષ્ઠુરતા ક્રૂરતા કેટલી બધી વધારે ગણાય ? ભલે ઇરાદો ન ય હોય કે હું સામાના દિલને તોડું, પણ એનો જો વિચાર નથી કે 'મારા શબ્દથી બીજાને ઘા જેવું તો નહિ લાગે ?' ના, 'બોલવાનું એટલે હૈયે સળવળ્યું તે બોલી નાખવાનું,' આ જ પદ્ધતિ હોય તો તે નિરપેક્ષતા છે, સાપેક્ષ ભાવ નથી. બીજાનો વિચાર અવશ્ય જોઈએ. અહીં આપણને મળેલી વચનશક્તિ એ બહુ કિંમતી છે, દુર્લભ મળેલી છે. એમાંથી એવા કિંમતી લાભ ઉઠાવવા જોઈએ. સ્વ-પરને આશીર્વાદરૂપ બને એ રીતે જ એનો ઉપયોગ કરવો જોઈએ.

નહિતર હાથમાં તલવાર છે તે બજારમાં ગમે તેમ ઉલાળતો ચાલે એના જેવું થાય.

**ખજાનચી તપાસ કરવા :-**

શ્રીકાન્ત જુએ છે કે ખજાનચી ઝવેરાતના ડબાની તપાસ કરી આવવાનું કહે છે તો આપણે તો કાર્ય સાથે નિસ્બત છે એટલે હવે એને 'એક ડબો મેં ચોર્યો છે એમ ચોક્ખું બોલ,' એવું હમણાં ને હમણાં કબૂલ કરાવવાની જરૂર નથી. કેમકે એથી આવા જવાબદાર અમલદારની બધાની વચમાં હલકાઈ થતાં એના દિલને મર્મભેદી ઘા લાગે. આમાં શ્રીકાન્તનો માનવલાગણી પ્રત્યે સાપેક્ષભાવ છે. ખજાનચી સાથે બીજા માણસોને મોકલ્યા.

ગયો ખજાનચી, ક્યાં ? પહેલાં તો ખજાનામાં. ત્યાં આમ તેમ તપાસવાનો ડોળ કર્યો. પણ ત્યાં ડબો ક્યાંથી મળે ? સમજે છે કે ડબો તો લઈને જ જવું પડશે એટલે ઊપડ્યો ઘરે. જઈને ત્યાંય તપાસનો દેખાવ કરી ડબો લેવો પડ્યો. ખેસમાં ખાનગી સંતાડી આવે છે. રાજા પાસે. માનવલાગણી છે કે ભૂલ પકડાઈ ગઈ છે છતાં બચાય એટલો જાતનો બચાવ કરવો. આ ખાસિયતમાં ભૂલ પ્રત્યે કાળો કકળાટ ક્યાં થાય ?

ખજાનચી ડબો લઈને આવ્યો. રાજાની આભ્યન્તર બેઠકમાં. નમસ્કાર કરીને ડબો રજુ કરતાં કહે છે,-

'લ્યો સાહેબ ! ડબો તપાસ કરતાં મળી આવ્યો છે.'

રાજા ચકિત થઈ ગયો. એને ચોક્કસ લાગ્યું કે 'આ હરામીએ ડબો ઉપાડેલો, પણ શ્રીકાન્તે એ કેવી રીતે પકડી પાડ્યું ?' આશ્ચર્ય થયું પણ એ હમણાં મનમાં રાખી, ખજાનચી પર ભારે ગુસ્સો ઠાલવવા જાય છે, ત્યાં જ શ્રીકાન્તે હાથ જોડી કહ્યું,

'મહારાજ ! ધીરા પડો. હજી આપણે બીજા ડબ્બાનો પત્તો લગાડવાનો છે. બાકી મહારાજ ! આવો ખજાનચી બીજો નહિ મળે. આજે જે ચોર્યું તે તો સંયોગવશ થયું છે. તે હું કહીશ. બાકી ખરું તો આને તો આપે એની વીસ વરસની વફાદાર નોકરીની કદર કરી ઇનામ આપવાનું છે; યા એનો વાર્ષિક દરમાયો વધારી આપવાનો છે. માટે કહી દ્યો જે યોગ્ય લાગે તે.'

રાજાને સૂઝ નથી પડતી કે આ કેમ આમ કહી રહ્યો છે ? પરંતુ એની બુદ્ધિ પર વિશ્વાસ છે તેથી ખજાનચીને વફાદારીનું ઇનામ જાહેર કરે છે.

રાજા ચકિત થાય એના કરતાં તો ખજાનચી વિશેષ આશ્ચર્ય પામે છે કે 'આ શું ? આજ તો મારો ઘડોલાડવો જ થવાનો ઘાટ હતો, એના બદલે ઇનામ !' એને શ્રીકાન્ત શેઠ ઉપર ખૂબ જ સદ્ભાવ થયો, અને જ્યારે રાજા શ્રીકાન્ત અને એ એકાન્તમાં બેઠા ત્યારે ખજાનચીએ રાજાને પગે પડીને કહ્યું,

'મહારાજ ! સાચું કહું, એક ડબો ચોરાયેલો, તેથી મને લાગ્યું કે 'ત્યારે બીજો હું લઈ જાઉં તો વાંધો નહિ; ચોરી એકને બદલે બે ડબાની જાહેર કરીશ.



ચોર કદાચ પકડાશે અને કહેશે કે મેં એક જ ડબો ચોર્યો હતો તો ય એનું કાંઈ માન્યામાં નહિ આવે.' આ ગણતરીએ બીજો ડબો મેં ઉપાડ્યો. પણ આ આપની અને શ્રીકાન્ત શેઠની ઉદારતા જોઈ મારું દિલ પાણી પાણી થઈ જાય છે. મહારાજ ! હું સોગનપૂર્વક કહું છું કે આ જિંદગીમાં હવે કદી ચોરી નહિ કરું...' કહેતાં કહેતાં એની આંખમાંથી પાણી વહેવા લાગ્યું.

રાજા પણ ગળગળો થઈ ગયો, શ્રીકાન્તની બુદ્ધિ ઉપર ઓવારી જઈ કહે છે.

'શ્રીકાન્ત ! તમે તો ભારે કરી ! ખજાનચી પર કેવોક જાદુ કર્યો ?'

આ બધો શાનો પ્રતાપ ? શ્રીકાન્તનો બીજા માણસ પ્રત્યે સાપેક્ષભાવ હતો એનો પ્રતાપ. 'આપણે તો કામથી કામ છે, કામ એમજ થતું હોય તો બધા વચ્ચે ખજાનચીને હલકો પાડવાનું કામ શું છે ? એણે સંયોગના પ્રલોભનથી ચોરી કરેલી, પરંતુ ચોરી પકડાયા પછી હવે એનું ગૌરવ કરવાથી એ ખૂબ જ આવર્જિત થઈ પાકી વફાદારી બજાવશે,' એવી ગણતરી મૂકી.

માણસને ઊંચે ચઢાવવો હોય તો આ કરવું પડે છે કે અવસરે એનું ગૌરવ વધારવું,

એને પણ લાગણી છે ને ? આપણા એનું ગૌરવ વધાર્યાના પ્રયત્નથી એનો આપણા ઉપર સદ્ભાવ વધી જાય. તેમ જ એ પોતાની ક્ષતિની ભારે ઘૃણા કરી એમાં સુધારો કરી દે એ એની ભાવદયા કરી ગણાય.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૨,અંક-૧૬,તા.૨૮-૧૨-૧૯૬૩**

ખજાનચીના ગયા પછી શ્રીકાન્તે રાજાને એ જ કહ્યું કે 'મહારાજ ! આપની નોકરી નીચે ખજાનચીની ગુંજાયશ નહિ કે એ ચોરી કરે. આ તો જે બન્યું, તે પરિસ્થિતિવશ બની ગયું, પરંતુ એની લાગણી ન દુભવવાથી અને ઉપરથી એનું ગૌરવ કરવાથી હવે તો એ આપનો પાકો વફાદાર બની ગયો સમજો. આપણા સ્વાર્થના કાર્યમાં પણ બીજાનો વિચાર રાખવાથી આવા ઉત્તમ લાભ જોવા મળે છે. સાથે સામાના દિલમાં શુભભાવ જન્મવાને અવકાશ રહે છે.'

રાજા હવે પૂછે છે કે 'બરાબર વાત. પરંતુ મારે તમને એ પૂછવું છે કે ખજાનચીએ ડબો ચોર્યાની તમને શી રીતે ખબર પડી ?'

શ્રીકાન્ત કહે છે 'મહારાજ ! કહું ? પણ મને અભયદાન લખી આપો પછી ખુલાસો કરું.'

રાજા પૂછે છે, 'એટલું બધું શું છે ?'

શ્રીકાન્ત કહે 'તે હું તમને બધું કહું છું. પહેલાં અભયદાન લખી આપો.'

**રાજા કહે, 'જાઓ તમને અભયદાન છે.'**

**શ્રીકાન્તનો ઇકરાર :- શ્રીકાન્ત હવે કહે છે,**

'જુઓ મહારાજ ! આજસુધીમાં મેં આ દેવને ય દુર્લભ માનવભવની બરબાદી કરી છે. ભલું થજો પેલા યાત્રિક શ્રાવકનું કે એણે મારે ઘરે પારણું સ્વીકારીને મારો ઉદ્ધાર કર્યો.'

આ બોલતાં બોલતાં શ્રીકાન્તનું હૈયું વલોવાઈ જાય છે. પોતાની ચોરીઓના પરિણામે સર્જાય એવા નરક-તિર્યંચ ગતિના દીર્ઘાતિદીર્ઘ કાળના ભયંકર દુઃખ, અને શ્રાવકે કરેલા ઉદ્ધારથી હવે ઠેઠ ચારિત્રજીવન સુધીની સાધનાઓના પરિણામે થનાર આત્માનો મહાન બચાવ અને ઉન્નતિ, એ બે નજર સામે તરવરવાથી હૈયું ગદ્ગદ થઈ ગયું ! ભરાઈ આવ્યું ! અને આંતર રુદને બહાર આંખમાંથી દડદડ પાણી કાઢ્યું ! એના આ સંતાપે રાજાને પણ ગળગળો કરી મૂક્યો.

રાજા કહે છે, 'શ્રીકાન્ત ! વાત તો કરો; શું કામ આટલું બધું દુઃખ કરો છો ? કાંઈ પણ સંકોચ વિના જે હોય તે કહો. તમે તો એક સજ્જન બુદ્ધિમાન માણસ છો.'

**હૈયું ક્યારે ચોક્ખું થાય ? :-**

શ્રીકાન્ત રોતાં રોતાં કહે છે, 'મહારાજ ! સજ્જન ? મારા જેવો દુર્જન આ જગતમાં નહિ હોય. જગતના દુર્જનોની દુર્જનાવટ તો જણાઈ જાય છે; ત્યારે મારી દુર્જનાવટ હું માયાવી એકલો જ જાણું છું. પરંતુ હવે મારે ચારિત્રના માર્ગે જવું છે, તેથી આજ તમને બધું કહી દેવાનો છું. આપને ન કહું તો આપને ખબર ન પડે, ને આપ મને સજ્જન જ સમજ્યા રહો, પરંતુ એમાં આપનો વિશ્વાસઘાતી અને કેઈ માણસોના હૈયાં બાળતો જ બન્યો રહું ! આ સ્થિતિ જો ઊભી રાખું તો મારું હૈયું ક્યાંથી ચોક્ખું થાય ? અને ચારિત્રના સાચા ભાવ દિલમાં ક્યાંથી જાગે ?'

રાજાના મનમાં આ સાંભળતાં એના પ્રત્યે લાગણીભરી આતુરતા ઊભી થાય છે કે 'આ બિચારા શ્રીકાન્તના જીવનમાં એટલું બધું તે શું હશે ?'

**શ્રીકાન્તની સંક્ષેપમાં કથની :-**

શ્રીકાન્ત કહે છે, 'મહારાજ ! આજસુધી કેટલીક મોટી ચોરીઓનો ચોર નથી પકડાયો કે કોણ ચોર છે કે જે આવી ચોરીઓ કરે ? પણ હું આજે જણાવી દઉં કે એ ચોરીઓ મેં જ કરી છે; અને ગઈ રાતે તમને રસ્તામાં મળેલો ચોર બીજો કોઈ નહિ પણ હું જ હતો. તેમજ ખજાનામાંથી ઝવેરાતનો એક ડબો પણ મેં જ ઉપાડ્યો હતો. રસ્તામાં જતાં અને આવતાં બંને વાર તમે પૂછ્યું અને મેં સાચો ઉત્તર આપ્યો, એ પ્રતાપ પેલા યાત્રિક શેઠનો. અનીતિવાળાના ઘરનું પાણી પણ ન પીવું એવો તેમનો નિયમ; એટલે જ હું તેમને પારણાનું નિમંત્રણ નહોતો કરતો. પણ બધાએ ભેગા થઈ મને પારણું બઝાડ્યું. ખેર બઝાડ્યું તો સારું થયું. શેઠ આવ્યા, અને મારે ત્યાં લેશમાત્ર ચોરી-અનીતિનું નથી એવું કબૂલ ન કરું તો પારણું કરવા તૈયાર નહિ. આવા ધર્માત્માને કેમ ઠગાય ? મેં લોચા વાળ્યા, એટલે એ તો



જવા લાગ્યા, પણ એ જો એમ જ જાય, તો લોકમાં વહેમ પડે કે 'શ્રીકાન્તને ત્યાં પારણું ન કર્યું માટે કંઈક ચોરી-અનીતિનું હશે !' અને એ વાત આપ જાણ્યા પછી આપ પણ વહેમાઓ. પછી ચોરીઓ તો થતી જ હતી તેથી મારે ત્યાં તપાસ કરો, તો મારું તો આવી જ બને. આ ભયથી મેં એમને ખરી વાત કહી દીધી કે 'હું ચોર છું, પણ હવે મને બચાવો.'

ત્યાં જીવનભર અસત્ય નહિ બોલવાની મને પ્રતિજ્ઞા કરાવી યાત્રિકે પોતે બીજા બે ઉપવાસ નક્કી કરી લીધા; જેથી બીજે પણ પારણું કરવા ન જવું પડે અને કોઈ જાણે નહિ.

બસ, એ સત્યના પ્રભાવે ચોરી તો લગભગ બંધ કરી; પણ એક વખતે આપની તકેદારીનું અભિમાન ઉતારવા ચોરી આપના ભંડારમાં જ કરવા નક્કી કર્યું. ત્યાં સત્યવ્રતે આપને અંજામણ કર્યું, અને મેં ચોક્ખું કીધું કે 'હું ચોર છું, રાજાનો ભંડાર ચોરવા જાઉં છું.' અને વળતાં ય 'હું આ ચોરી કરી આવ્યો,' એવું ચોક્ખું કહ્યું, છતાં મને પાગલમાં ગણી બંને વખત આપે મને જતો કર્યો !

મહારાજ ! સત્યનું વ્રત ન હોત તો તો કંઈક લોચો વાળત ! અને એમાં પકડાત એટલે તો આપના હાથમાં આવ્યા પછી કેવી ય વિટંબણા પામત ! એમાંથી એક સત્યવ્રતે મને બચાવ્યો ! એ બચાવે મને જાગતો, વિચાર કરતો કરી દીધો કે 'અહીં તો માત્ર મર્યાદિત વિટંબણા; પણ પરલોકમાં એ ચોરીઓની કેટલી ઘોર યાતનાઓ ? કેટલા દીર્ઘકાળ સુધી ? એમાં ય પાછી ધર્મબુદ્ધિ સૂઝવાની તો વાતે ય શી ? ત્યારે પાપબુદ્ધિની જ આ વૃત્તિનું આગળ પરિણામ કેવું ? ફરી ક્યારે મનુષ્યભળ મળે ? ધર્મબુદ્ધિ ક્યારે આવે ? વગેરે વગેરે મેં ખૂબ વિચાર્યું અને નક્કી કર્યું કે હવે માત્ર ચોરી જ નહિ પણ પાપમય આખો સંસાર જ છોડી દેવો. એટલે હવે હું તમને ઝવેરાતનો ડબો અને બીજો ચોરેલો માલ લાવી આપુ છું, તે જેનો હોય તેને સોંપી દેજો, અને હું આપની સંમતિ હોય તો ધામધૂમથી આપની આગેવાનીમાં પ્રભુનો ભક્તિ-મહોત્સવ કરી ચારિત્ર લેવા ઇચ્છું છું.'

રાજાને આ સાંભળી ભારે આશ્ચર્ય થયું ! પૂછે છે 'શ્રીકાન્ત ! આ શું કહો છો ? તમે તો મારા રોજના જાણીતા; અને મેં તમને રાતે ઓળખ્યા નહિ ?'

'મહારાજ ! એનું જ નામ દ્રોહ. વેશ, અવાજ, ચાલ વગેરે બદલવાની કરામત, અને આપની બેઠકમાં આવી બુદ્ધિ લડાવવાની ચાલાકી ! એના જોર પર આપનો દ્રોહ હું કરતો ગયો. બેઠકમાં ચોર પકડવાના નવનવા ઉપાય નક્કી કરવાના, અને તે જાણીને જ મારે બીજે રસ્તે કામ લેવાનું ! આ ભયંકર દ્રોહમાં ને દ્રોહમાં ઘોર પાપિષ્ઠ હું બન્યો રહ્યો. મારી તે શી કુટિલ કથની કહું ? પકડાવાની બીક નહિ, એટલે એ પાપમાંથી પાછો વળવાની વાતે ય શી ?

**દ્રોહની ભયંકરતા :-** મહારાજા ! દ્રોહ, માયા, દાવપેચ, કૂડકપટ ચીજ જ

એવી છે કે જિંદગીના છેડા સુધી ન છૂટે. ઘોર કૃત્યો કરાવે ! ટૂંકી જિંદગીમાંથી લાખો-કરોડો દુર્ગતિના ભવોમાં ભટકાવે ! યાત્રિક શ્રાવક અને સત્યના પ્રભાવ વિના હું ય ક્યાં પાછો વળવાનો હતો ? અને દ્રોહની શાબાશી તો જીવન પૂરું થવા સાથે પૂરી થઈ જાત; પણ એનાં પાપ અને પાપી વાસના મને ભવચક્રમાં કેવો ય ભમાવત !

**પાપ કરતાં ધર્મ વધુ રસથી કરવાનો :-**

પરંતુ હવે તો મેં નિર્ધાર કર્યો છે કે જેટલા રસ, હોશિયારી અને વેગથી પાપો કર્યા છે, એના કરતાં કેઈગુણા રસ, સાવધાની અને વેગ તથા ધગશથી ચારિત્ર-પાલન અને તપસ્યા કરીશ ! તે વિના એ ઘોર પાપોનો જુમલો શી રીતે હેઠો ઊતરે ? તોડી નાખીશ કાયાને અને મનના છમકલાને ! અહીં જ પકડાત તો પરાધીનપણે કેવી વિટંબણાઓ પામત ? એ નજર સામે રાખી હવે સ્વાધીનપણે જાતે જ ઉગ્ર ત્યાગ, અને કઠોર તપસ્યા કરવાનું, તથા તીક્ષ્ણ પરિસહો સહવાનું કેમ ન કરી લઉં ? મોહના હાથમાં ઘણું રમ્યો, ધર્મ અને ધર્માત્માઓને ઘણું ઠગ્યો, હવે ધર્મના પાકા નિયંત્રણમાં જ રહી મોહના ભૂકા કરીશ ! બસ નામદાર ! હવે મને સંમતિ આપી દો. એટલે બધું ઝટ પતાવી દઉં.' એમ કહીને શ્રીકાન્ત આંખમાં આંસુ સાથે ઊઠી રાજાના પગમાં પડે છે.

**રાજાનો સાપેક્ષભાવ :-**

હવે રાજા શું બોલે છે તે જાણવા જેવું છે; કેમકે એ આમાંથી વિશિષ્ટ તારવણી કાઢે છે. એ કાઢવામાં પ્રભાવ એના દિલમાં રહેલ જીવો પ્રત્યે અને જિનવચન પ્રત્યેનો સાપેક્ષભાવ છે. એટલે જ એ સમજે છે કે 'બનેલ હકીકત ઉપર એવું કાંઈ ન કરી બેસું કે જેમાં બીજા ચઢતા જીવનો અને જિનવચનનો વિચાર જ ન હોય. નહિતર તો એક બાજુ ચઢતાને પાડવાનું, અને બીજી બાજુ જિનવચનની આરાધનાનો મહાલાભ ગુમાવી કેવળ દુષ્ટ કષાયો અને મોહની લાગણીમાં આંધળા બની જણાઈ જ જવાનું થાય.' માટે તારવણી કાઢે છે. આને સાપેક્ષભાવ કહેવાય.

સાપેક્ષભાવની વિચારણા આપણે ચાલે છે. પાંચ વિભાગમાં પહેલો વિભાગ જીવો પ્રત્યે સાપેક્ષભાવનો છે. એમાં પણ એ ઉપકારી પૂજ્ય વડિલ પ્રત્યે વિચાર્યો. બીજો કુટુંબી જન-આત્મીય જન પ્રત્યે રાખવાનો છે, ત્રીજો જીવસામાન્યની, નાના કે મોટા જીવની પ્રત્યે સાપેક્ષ રહેવાનો છે.

**કુટુંબી પ્રત્યે નિરપેક્ષતાનાં નુકસાન :-**

આમાં, આત્મીય જન પ્રત્યે સાપેક્ષ રહેવાનું એટલે કે આપણા સ્વાર્થ-સાધના વખતે પણ એમનો વિચાર રાખવાનો કે 'મારી પ્રવૃત્તિથી એમને દુઃખ તો નહિ લાગે ને ? બાધા નહિ પહોંચે ને ? અન્યાય નહિ થાય ને ? દા.ત. પોતે ઘરમાં વડેરો છે, તો જમવા બેસે ત્યાં પોતાના ભાણામાં સારી રીતે ઘી ઢોળે અને



નાનડિયાને ચમચી ઘસીને લેવું પડતું હોય તો એ વડેરાએ પોતે કુટુંબીઓનો વિચાર રાખ્યો ન ગણાય; 'મારે તો મારું જોવાનું; હું મોટો છું મારે સારી રીતે લેવાનું' આ નિરપેક્ષભાવ છે, સાપેક્ષભાવ નહિ. આ ખોટું છે, કેમકે એમાં પહેલો તો એ કુટુંબીઓનો તેવો સદ્ભાવ ન જામે; કેમકે જગતમાં આ વિચિત્ર વાત છે કે માણસ પોતે સ્વાર્થમાં લીન રહેવા તત્પર રહે છે, પણ પોતાની પ્રત્યે બીજાઓ સ્વાર્થ રમે એ એને ગમતું નથી. આ હિસાબે એ કુટુંબીઓ વડેરાની સ્વાર્થરમતને શાની બરદાસ્ત કરે ?

સ્વાર્થ નિષ્ઠતામય અને એથી કુટુંબીઓની પ્રત્યે પણ સાપેક્ષભાવ નહિ, એનું આટલું જ નુકસાન નથી; કિન્તુ એ નિરપેક્ષતા આગળ વધીને સંઘ-સાધર્મિક પ્રત્યે, યાવત્ દેવ-ગુરુ પ્રત્યે પણ પહોંચી જાય છે. પોતાનો સ્વાર્થ જ ખાસ જોવાનો, એટલે સંઘજમણ વગેરેમાં મારું કેમ પહેલું પતાવું એ જ લક્ષ રહેવાનું દેખાય છે. પોતાના ભાણામાં સારી રીતે પીરસાય છે, પછી બાજુવાળાનું ભાણું હજી સાવ ખાલી છે, એની એને ચિંતા નહિ. બધે જ માત્ર પોતાની સગવડ પર ધ્યાન ! તીર્થયાત્રાના સંઘમાં ગયા હોય, ત્યાં દેખાય છે ને કે માણસો કેવી પડાપડી કરે છે ? કેશર લાલચોળ લઈ લઉં, પછી બીજા ભલે પાછળવાળા ફિક્કું સુખડ જ વાપરે એની એને કોઈ ચિંતા જ નહિ ! ઉપધાનની તપસ્યા, સમૂહ સાધના વગેરેમાં ય આવું દેખાય છે. બીજાનો વિચાર કદાચ કરે તો પણ પોતાનું પૂરેપુરું સચવાઈ જાય પછી જ. ને પોતાનું સાચવતી વખતે 'બીજાને અગવડ ન પડે બાધા ન પહોંચે, અન્યાય ન થાય,' એ જોવું નથી. આ તોફાન ક્યાંથી આવ્યું ? મૂળ પોતાના સગાંકુટુંબીઓ પ્રત્યે જ સાપેક્ષભાવ નથી રાખ્યો, પછી એ નિરપેક્ષભાવનો પડઘો સહેજે બીજે પડે.

**પ્ર.**- દેવ-ગુરુ પ્રત્યે સાપેક્ષભાવ નહિ એમ કહ્યું એ કેવી રીતે ?

**ઉ.**- એવી રીતે કે ભગવાનનો પખાળ કરી રહ્યા બાદ હવે પોતાને નવકારવાળી-નવસ્મરણ ગણવા છે, તો એ સ્વાર્થમાં પ્રભુજીને એમજ ભીના મૂકી રાખશે ! પછી ભલે પૂજારી મોડેથી અંગલૂંછણાં કરે ત્યાંસુધી પ્રભુ ભિંજાયેલા રહે ? શું પોતે અંગલૂંછણાં નથી કરી શકતો ? પણ ના, ભગવાનનો એને વિચાર નથી કે **'અભિષેક કર્યા પછી પ્રભુને ભિંજાયેલા એમ જ ન મુકાય.'** વિચાર પોતાની જાતનો છે, સ્વાર્થ પ્રત્યે સાપેક્ષભાવ છે, દેવાધિદેવ જેવા પોતાના તરણતારણ માટે સાપેક્ષભાવ નથી ! કેટલી ધિઠ્ઠાઈ ? વિચાર કરે તો સમજાય એવું છે કે ભગવાન પ્રત્યે સાપેક્ષભાવ રાખી એમને ભિંજાયેલા ન રાખતાં અંગલૂંછણા પૂજારી કરતાં વિશેષ વિવેકથી કરાય. એ મોટી નવકારવાળી છે, મોટાં નવસ્મરણ છે. કેમકે નવકારવાળી-નવસ્મરણથી જે આત્મવિશુદ્ધિ કરવી છે તે આ સંયોગમાં આમ જ થાય. પણ અહીં કોઈ પૂછનાર નથી કે 'તારે કોને ગણી આપવું છે કે મારે આટલી

સંખ્યામાં નવકારવાળી થઈ, આટલાં નવસ્મરણ પાઠ થયા ? તારે જો શુભ ભાવ અને પુણ્યનો લાભ, અર્હદ્-ભક્તિનો લાભ અને કર્મનિર્જરાનો લાભ લેવો છે, તો સમજી રાખ કે એ ભગવાન પ્રત્યે સાપેક્ષભાવ રાખવાથી જ અને તે પ્રમાણે યથાશક્તિ વર્તાવથી ઉચ્ચ કોટિનો મળશે. ત્યારે નિરપેક્ષ ભાવે કરેલાનું ફળ તુચ્છ મળવાનું, અને ધરાર નજર સામે દેવાધિદેવની આશાતના જોઈ રહેવાથી હૈયું ધિટ્ઠું બને એ સ્વાભાવિક છે.'

સાપેક્ષભાવ સમજવા એક બીજો દાખલો જુઓ. કોઈએ પ્રભુજીની સારી અંગ-રચના કરી હોય, એને પોતે ચૂંથી નાખે અને પોતે મામુલી અંગરચના કરે; તો એ દેવાધિદેવ પ્રત્યે નિરપેક્ષભાવ થયો, સાપેક્ષભાવ નહિ; કેમકે ભગવાનની શોભાનું ગમે તેમ થાઓ એની પરવા ન કરી. ભગવાનની શોભા વધો, પણ ઘટો નહિ, એનો વિચાર ન રાખ્યો.

**પ્ર.**- તો પછી પોતે આંગીનો લાભ શું ન લેવો ? એમ તો શ્રીમંત માણસ સારી આંગી કરી જાય એટલે શું સામાન્ય માણસે પોતાની સામાન્ય શક્તિ મુજબની ભક્તિનો લાભ લેવાની ભાવના દાબી રાખવી ?

**ઉ.**- આ સવાલમાં જ શું માત્ર પોતાના જ લાભની ગણતરીમાં ભગવાન પ્રત્યે નિરપેક્ષભાવની દુર્ગંધ નથી લાગતી ? એમ નહિ કહેતા કે 'ભગવાનની ભક્તિનો વિચાર તો રાખ્યો જ છે એટલે નિરપેક્ષભાવ ક્યાં આવ્યો ?' કારણ, દૃષ્ટિ મુખ્ય પોતાના લાભ તરફ જાય છે. ભગવાનના લાભ તરફ જતી હોય તો તો સવાલ એમ પૂછાય કે 'સુખી માણસે ભગવાનની શોભા કરી તો એ ભગવાનની શોભા માટે સામાન્ય માણસથી કાંઈ ન થઈ શકે ?' વિચાર પોતાના લાભનો આવે છે એના બદલે ભગવાનના લાભનો વિચાર કરો, તો કોયડો ઊકલી જશે. આ વિચાર હોય તો પછી એ જોવાનું રહે કે 'કોઈ સુખી માણસે આ અંગરચના કરી છે, તે તો એમ જ રહેવા દઉં, કેમકે એનાથી ઠીક ઠીક વધુ સારી શોભા હું કરી શકું એમ નથી. છતાં આ શોભામાં વધારો કેમ થાય એવું કરવા દે,' દા.ત. બીજાએ ભગવાનને સોનેરી વરખ કે બાદલું લગાવ્યું છે, હવે પોતાને રૂપેરી વરખ લગાડવા છે, તો તે ભગવાનની પાટલી ઉપર યા પીઠ પાછળ ભગવાનની આજુબાજુની ભીંત પર વરખ લગાડી શોભા કરી શકાય. એમ પ્રભુના અંગ પર ફૂલ સારાં પૂરતા પ્રમાણમાં ગોઠવીને ચડાવેલ છે; તો હવે વિશેષ શોભા માટે એ ભગવાનની ગાદી આગળ ફૂલના ક્યારા જેવું કે રંગોળી જેવું રચી શકાય. એથી પોતાને ભગવાનની શોભા ઓર વધાર્યાથી ભગવાન પ્રત્યે સાપેક્ષભાવ રાખવાને લીધે સાચો સુંદર લાભ મળે.

એમ જુઓ, કે પોતાના વહીવટમાં દેવદ્રવ્યમાં રકમ પહોંચે છે, અને બીજા મંદિરમાં જીર્ણોદ્ધારની આવશ્યક્તા છે હવે જો એ માટે આ દેવદ્રવ્યમાંથી રકમ



આપવાની આનાકાની કરે, તો એને દેવાધિદેવ પ્રત્યે સાપેક્ષભાવ કેટલો ? કેમકે બીજું મંદિરે ય છે તો દેવાધિદેવનું જ. એમની ઉપેક્ષા કરી, તો તે નિરપેક્ષપણું આવ્યું. કેમ ઉપેક્ષા ? અહીંના વહીવટ પર પોતાની સત્તા અને એથી મળતા માનના લાભના સ્વાર્થનું અંધપણું છે. પૈસા ખરચી નાખે પછી વહીવટદાર બનવા મૂડીભંડોળ કસદાર તો ક્યાંથી રહે ? જે પરમાત્માની ભક્તિ માટેના એ નાણાં છે, એમનો વિચાર રાખવો નથી. માટે તો એવું ય બને છે કે પોતાના વહીવટના મંદિરમાં પણ છતે નાણે કેટલીય ખામી, આશાતનાદિ ચલાવ્યે રાખવાનું થાય છે.

**ગુરુ પ્રત્યે નિરપેક્ષ ભાવ :-**

ગુરુની પ્રત્યે સાપેક્ષ ભાવમાં ખામી એ રીતે આવે છે કે દા.ત. પોતાની જ સગવડ, અનુકૂળતા અને માનપાનના લક્ષમાં બરાબર સાવધાન હોય, અને ગુરુની એ સગવડ આદિનો વિચાર જ ન હોય. દેરાસરમાં ગુરુ પ્રભુસ્તુતિમાં એકાગ્ર હોય અને વચમાં પચ્ચકખાણ માગે, ત્યાં પોતાની જરૂરનો જ વિચાર રાખ્યો, પણ એ ન જોયું કે આ એમને સ્તુતિનો ભંગ થશે તેનું કેમ ?

અથવા, સાધુ માટે ચીજ બનાવી રાખી પછી એમને વહોરવા આગ્રહ કરે કે 'લો ને લો જ,' ન લીધું એટલે દુ:ખી થયા. ત્યાં પોતાના લાભનો વિચાર રાખ્યો પણ એ ન જોયું કે 'સાધુને આધાકર્મી દોષ લાગે તેનું કેમ ?'

વ્યાખ્યાન સભામાં મોડા જઈ સભા ખૂંદીને આગળ ગયા, ત્યાં ગુરુનો વિચાર ન રાખ્યો કે 'એમની વિચારપૂર્વકની વાગ્ધારામાં ભંગ થશે,'

એમ, પોતે સાધુ છે, તો પોતે આહાર વાપરવા બેસી જાય અને ગુરુ હજી વાપર્યા વિના જ બેઠા હોય એ ન જુએ, એ ગુરુની પ્રત્યે નિરપેક્ષ ભાવ થયો.

પોતે ઝીણું મુલાયમ કે નવું કપડું-કામળી વાપરે, ગુરુને જાડું કે જૂનું હોય એની ચિંતા ન કરે, એ નિરપેક્ષ ભાવ.

પોતે બોલવામાં હોશિયાર છે, ભગતો એની જય બોલે, પણ સાથે રહેલા ગુરુની નહિ ! અને પોતે એ ઠંડે કલેજે સાંભળી લે, એ ગુરુ પ્રત્યે નિરપેક્ષભાવ નહિ તો બીજું શું ?

**પ્ર.**- ઊંચું સાધુપણું લીધા પછી અને શાસ્ત્રો ભણ્યા પછી આ સંભવે ?

**ઉ.**- મૂળ સાંસારિક જીવનમાં જો માતાપિતા અને વડિલો પ્રત્યે તેવો સાપેક્ષ ભાવ કેળવ્યો નથી હોતો, તેમ જ ચારિત્ર લેવા સુધી પણ એનો ખેદ પણ નહિ, તો આમ બનવું સુસંભવિત છે. માટે જ જાતમાં આ જોવાની, અને નવી પ્રજામાં, નાના સંતાનોમાં આ પૂરવાની ખાસ કાળજી રાખવાની જરૂર છે કે વડિલો પ્રત્યે અને સમોવડિયા પ્રત્યે પણ સાપેક્ષ ભાવ બરાબર સાચવીને જ પોતાની સગવડ અને માનપાનાદિ ભોગવાય. ગળથૂંથીમાંથી આ પાયાના સંસ્કરણ નથી થયા હોતા, પછી આગળ ઉપર બીજી વિશેષતાઓ કદાચ પુણ્યના ઉદયે આવી હોવા છતાં

અનુચિત ખેલ ખેલાય છે. પંચસૂત્રકાર મહર્ષિ તો ત્યાંસુધી કહે છે કે **ગુરુ પ્રત્યે જે નિરપેક્ષ છે એની બીજી આરાધના પણ કુલટા નારીના ઉપવાસ જેવી છે !** કેટલું બધું કહી નાખ્યું ? ધણી પ્રત્યે નિરપેક્ષ બની કુલટાની વ્યભિચારની ભૂખની હરોળમાં ગુરુ પ્રત્યે નિરપેક્ષ બની સ્વાર્થસાધનાની લગનીને મૂકી ! સાપેક્ષભાવ તો જૈન શાસનની જડ છે, જૈનશાસનનું રહસ્ય છે, આરાધનાના પ્રાણ છે. માત્ર દેવ-ગુરુ-સંઘ જ નહિ, જીવો પ્રત્યે પણ સાપેક્ષ બન્યા રહેવાનું છે. 'હું મારું સંભાળું, પણ એથી બીજાને તકલીફ-અગવડ-બાધા ઊભી થશે એ જોવાનું મારે શું કામ છે ?' એ રીતિનીતિ નહિ ચાલે; આરાધક ભાવમાંથી દૂર ફેંકી દેશે.

પોતાને આરામી કરતાં કરતાં જવું છે, તેથી ગાડીમાં લાંબા પડી સૂતા, બીજા ટાઢે થરથરતા ભલે ઊભા એની પરવા ન કરે, એ તરફ નિરપેક્ષ બને, ત્યાં સામાનાં હૈયાં કેવાં ઘવાય ? અને પોતાનું દિલ કેવું નિષ્ઠુર બને ?

**ભલાની પ્રવૃત્તિમાં પણ વિચાર જોઈએ :-**

જીવન જીવીએ છીએ, પણ ચૈતન્યવંતુ જીવન જીવવાનું ? કે મૂઢ ? આપણો સ્વાર્થ સાધતા હોઈએ, અરે ! કોઈના ભલાની પણ પ્રવૃત્તિ કરતા હોઈએ, પરંતુ એનાથી બીજાને નુકસાન થતું હોય, બાધા પડતી હોય, દુઃખ થતું હોય, એનો વિચારસરખો ન રાખીએ એમાં મૂઢતા નહિ ગણાય ? વિચારશૂન્યતા એ મૂઢતા છે. માનવબુદ્ધિ વિચાર માટે મળી છે. વિવેક માટે મળી છે. વિચાર આ રહેવો જોઈએ કે 'મારાથી બીજાને કદાચ સુખ ન અપાય, સગવડ અનુકૂળતા ન કરાય એવું બને, પરંતુ કમમાં કમ ક્લેશ-કષ્ટ તો નહિ જ આપવું જોઈએ, પ્રતિકૂળતા તો ન જ પહોંચાડાય.'

રસ્તે ચાલ્યા, ઉતાવળથી ય જવું છે, રસ્તામાં લોકની અવરજવર બહુ છે. છતાં બીજાને ધક્કો મારતાં મારતાં નથી દોડાતું. કેમકે એમાં બીજાને કષ્ટ થાય એનો વિચાર છે. ઘરમાંથી નીકળેલો કચરો બહાર બીજાનાં આંગણા આગળ નથી ફેંકાતો; કારણ બીજાને કષ્ટ થવાનો વિચાર છે. આવો વિચાર સાર્વત્રિક રહેવો જોઈએ. પોતાનો અવાજ મોટો છે, પણ તેથી એવા અવાજે વાતચીત ન થાય કે જેથી બીજાઓને એમના કાર્યમાં દખલ થાય, કે એમનાં ધ્યાનમાં ભંગ પડે; અથવા એવી જ કોઈ આરંભ-સમારંભની વાત હોય કે જે સાંભળીને ત્રાહિત માણસ પાપની પ્રવૃત્તિ શરૂ કરે.

એક આચાર્ય પોતાના શિષ્યને શાસ્ત્ર ભણાવતા હતા. ખાસ યોગ્ય શિષ્ય પચાવી શકે એવું મંત્રયોગનું શાસ્ત્ર હતું. એમાં કેવા ચૂર્ણનો પાણીમાં યોગ થવાથી માછલાં ઉત્પન્ન થઈ જાય છે, એ વિચારણા ચાલતી હતી. ત્યાં એ ખ્યાલ ન રહ્યો કે બહાર ભીંતની પાસે થઈને જનાર માણસ સાંભળી જશે તો ? આ ખ્યાલના અભાવે બન્યું એવું કે ત્યાં થઈને જતો એક હિંસક માણસ ઊભો રહી ગયો; અને



ભીંતના ઓઠે એ સાંભળી લીધું. પછી તો એ ખુશખુશ થઈ ગયો કે 'ચાલો બહુ મજા થઈ ગઈ ! હવે નહિ જેવી મહેનતમાં સારી માછલાની આવક થશે.' બસ, એણે તો તે પ્રમાણે ચૂર્ણયોગ કરી સરોવરમાં માછલાં પેદા કરી કરીને પકડવા માંડ્યા. સંમૂર્છિમ જીવો એ રીતે ઉત્પન્ન થઈ જાય છે. પેલાએ તો ધમધોકાર કામ ચલાવ્યું. કેટલાક વખત પછી એ જ આચાર્ય ફરીને પાછા ત્યાં પધાર્યા ત્યારે એ માછીમાર એમની પાસે આવી પગે પડી કહે છે,

'મહારાજ ! આપ તો બહુ ઉપકાર કરી ગયા હતા. આપના એ માછલા બનાવવાના પ્રયોગથી મારે સારી આવક થઈ. હવે હું સુખી છુ. ધંધો સારો ચાલે છે.'

**અધિકરણો :-**

આચાર્ય સાંભળીને તરત ખ્યાલ આવી જવાથી ચોંકી ઉઠ્યા ! 'અરે ! આ તો કેવું મોટું અધિકરણ ઊભું થઈ ગયું ?' અધિકરણ એટલે જેમાં જીવોનો ઘાત થાય એવું સાધન કે કાર્ય. એથી જીવ દુર્ગતિનો અધિકારી બને છે, માટે એને અધિકરણ કહેવાય. સળગતો ખુલ્લો ચૂલો એ અધિકરણ છે, કેમકે એમાં ઉપરથી જીવો પડી બળી ખાખ થઈ જાય છે. ખુલ્લી છરી રસ્તા વચ્ચે રખડતી મૂકી, એ અધિકરણ છે; કોઈને વાગી બેસે. રસ્તા પર કેળાનું છોતરું નાખ્યું, અધિકરણ છે; રસ્તે જનાર કદાચ એ પગ નીચે આવતાં લપસી પડે. કોઈની નિંદાનો બોલ એ અધિકરણ છે, એના જાણવામાં આવતાં એને દુઃખ થાય, કષાય થાય, પાપ બાંધે.

શ્રાવક આવા અધિકરણોથી બહુ ડરતો રહે- 'રખેને મારા હાથે કોઈ અધિકરણ થાય તો ?' એ ઘરના રાચરચીલાને પણ અધિકરણ સમજે છે; કેમકે એ ઘસડપસડ થતાં એનાથી પૃથ્વીકાયાદિ જીવો અને ઝીણા કંથવા વગેરે જીવોની હિંસા થાય છે; માટે તો શ્રાવકને જેટલાં ઓછાં સાધનથી જીવન ચાલે એના કરતાં અધિક રાખવાનો અને ઠઠારો કરવાનો મોહ નથી; અને જેટલું રાખ્યું છે એના માટે પણ અવરનવર ભાવના કરે છે કે 'હે પ્રભુ ! આ અધિકરણોથી હું ક્યારે બચીશ ! ક્યારે એ ઓછાં કરીશ, કાઢી નાખીશ !'

શું છે આ ? બીજા જીવોનો વિચાર, કે 'મારો સ્વાર્થ, મારી પ્રવૃત્તિ, મારા બોલ, વગેરેથી જીવોની હિંસા ન વધો.' બજારમાંથી શાક, ફળફળાદિ ખરીદીને આવતો હોય, તો એમ બોલતો બોલતો ન આવે કે 'જુઓ જુઓ ! કેવાં સરસ શાકભાજી, કેવાં સરસ ફળ-ફળાદિ આજે બજારમાં આવ્યા છે !' કેમ ન બોલે વારું ? એટલા જ માટે કે એ સાંભળી બીજાઓ એ ખરીદી લાવી આરંભ-સમારંભ કરે, જીવોની હિંસા થાય, એમાં નિમિત્ત પોતે બને. ગૃહસ્થનો આ ચિત્તોપયોગ, આ સાવધાની હોય, તો પછી સાધુ તો કેટલા બધા જાગતા રહે ? કેટલા ઉપયોગવંતા રહે ? પરોઢિયે પ્રતિક્રમણ કરવું છે, તો એવા અવાજે ન કરે કે જેથી એ અવાજે બીજા જીવો જાગી જઈ આરંભ-સમારંભ કરવા માંડે, અલબત્ત આમ તો જીવો

હિંસાદિ પાપમાં પડેલા જ છે, સ્વયં પાપો કરવાના છે, પરંતુ એ કરવામાં પોતે નિમિત્ત ન બની જાય એ જોવાનું છે, એ સાવધાની, એ તકેદારી રાખવાની છે.

આચાર્ય મહારાજને મનમાં ભારે અફસોસી થઈ કે 'અરે ! આ મેં રહસ્યશાસ્ત્ર ભણાવતાં ખ્યાલ ન રાખ્યો એ પ્રમાદે આ કેવો જીવોનો બિચારાનો કચ્ચરઘાણ શરૂ થઈ ગયો !' જીવો પ્રત્યેના સાપેક્ષભાવે એમના દિલને કકળાવી નાંખ્યું. પછી તો એવો ઉપાય કરવો પડ્યો કે જેથી એ હિંસા અટકી ગઈ.

ગૃહસ્થે પણ આવી જીવો પ્રત્યે સાપેક્ષતા રાખવી જોઈએ. સતત ધ્યાન રહે કે 'કોઈના દુઃખમાં કે પાપસેવન યા મિથ્યાબુદ્ધિમાં હું નિમિત્ત ન બની જાઉં !' ક્યાંક ગફલતમાં આપણાથી કોકને પાપ પ્રેરણા થઈ, તો ત્યાં મનને એમ થાય કે 'મેં બિચારા મૂઢ જીવને ક્યાં મહાપાપમાં પાડ્યો !' સાપેક્ષભાવ હોય તો જીવો મરે, દુઃખી થાય, યા કોઈ પાપમાં પડે એનો વિચાર રખાય, એવું ન બને એવી પ્રવૃત્તિ રખાય. એ સાપેક્ષ ભાવનો વિચાર છે. એના તરફ લક્ષ જ નહિ એ નિરપેક્ષપણું છે.

**આજના નિરપેક્ષભાવનાં તાંડવ :-** રોજીંદા જીવનમાં આ માટે ખાસ ધ્યાનમાં રાખવા જેવી એક વસ્તુ આ છે કે આપણાં બોલ એવા જ નીકળે કે જેથી બીજાનાં દિલ દુભાય નહિ, એમનાં હૈયાના તાર તૂટે નહિ, એમની કોમળ લાગણી હણાય નહિ. આનો વિચાર બોલતી વખતે રહેવો એ જીવો પ્રત્યે સાપેક્ષભાવ રાખ્યો ગણાય, નહિતર તો જાણે બીજાનું દિલ ઘવાય એમાં મારે શું ? મારે તો ચોક્ખે ચોક્ખું બોલી નાખવાનું એવો કોરો કડાક નિરપેક્ષભાવ થાય. પણ આનું પરિણામ સમજો છો ? **બોલી નાખવાનું સહેલું છે પણ એનાં કટુ વિપાક સહવા ઘણા ઘણાં મુશ્કેલ છે, દુઃખદ છે, રાડેરાડ પડાવે એવા આવે છે.**

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૨,અંક-૧૭,તા.૪-૧-૧૯૬૪**

## મા-દીકરાનું દૃષ્ટાંત : પાંચ કારણ

આ તો પોતાના માટેની વાત; પણ સામાને ય એ શબ્દના ઘા કકળાવી ઉઠ્યા પછી જે પ્રત્યક્ષ અનર્થ કરાવે છે, જે કષાય સળગાવે છે, અને જે દારુણ કર્મબંધ સર્જાવી પરલોકમાં દુઃખની ભઠ્ઠીમાં શેકે છે, એ વળી વિપાકની વિશેષ ક્રૂરતા છે. આ બધું સર્જનાર શબ્દના ઘા છે, જે જીવો પ્રત્યે સાપેક્ષભાવ ગુમાવી નિરપેક્ષ બનવામાંથી જન્મે છે.

**ગાળ દેનાર મા-દીકરીનું દૃષ્ટાંત.**

જાણો છો મા-દીકરાએ સામસામે ગાળ દીધી એનું કેવું ભયંકર પરિણામ આવ્યું ? એક નગરમાં એક ગરીબ માતા અને એનો પુત્ર રહેતા હતા. મા બિચારી



લોકોનાં ઘરમાં કૂવેથી પાણી ભરી લાવવા વગેરે કામ કરતી, અને છોકરો લોકના ઢોર ચરાવી આવવાનું કામકાજ કરતો. એમાંથી રોટલો ઊભો થતો.

એક વાર બન્યું એવું કે છોકરો બહારથી આવ્યો, અને ઘરમાં જુએ છે તો મા છે નહિ, એટલે ભૂખ્યો હોવાથી એણે રોટલો ખાવા ઝૂંપડિયા જેવા ઘરમાં આમ તેમ ફાંફા માર્યા. પરંતુ રોટલો હાથ લાગ્યો નહિ. એ ધૂઆપૂઆ થઈ ગયો. મા ઉપર એને ગુસ્સો ચઢ્યો, લાગ્યું કે 'આ તે કેવી કે હજી રોટલો નથી કર્યો ?' એટલામાં મા બહારથી આવી.

**મા-દીકરાની ગાળ :-** છોકરો ઝટ તડૂકે છે 'રાંડ ! શૂળીએ ચઢવા ગઈ'તી ? ભાન નહોતું કે આ તારા સગલાને ભૂખ લાગશે માટે રોટલો બનાવીને જાઉં ?' ઉપકારી માતાનું દિલ ઘવાય એવા શબ્દો એણે ફેંક્યાં. હકીકત યા આવશ્યક્તા કહેવી એ જુદી ચીજ છે. એમાં પરની પ્રત્યે સાપેક્ષભાવ રહી શકે છે ! કહેવાનું સામાનો વિચાર રાખીને કહી શકાય છે. પરંતુ આક્ષેપ કરતાં, ટોણો મારતાં, આવેશભર્યું સુણાવી દેતાં સામા પ્રત્યે સાપેક્ષપણું ગુમાવવાનું થાય; અને સામાનાં દિલને ઘા લાગે, ને પછી એ સમસમી ય રહે તો ય કેટલાય વખત સુધી એ દુભાયા કરે, દુઃખનો અનુભવ કર્યા કરે. અગર તત્કાળ કષાયમાં ચઢી એ ય સાપેક્ષભાવ ગુમાવીને કંઈનું કંઈ બોલી નાખે.

અહીં એવું જ બન્યું. માતાએ સામો ટોણો માર્યો- 'તે તારા કાંડા કપાઈ ગયા હતા ? શીકા પરથી રોટલો લેતાં શું થયું ?'

**કડવા બોલનું પરિણામ ભયંકર કેમ ? :-** બસ, આટલી વાત. પણ એનું પરિણામ ભયંકર ! એ પણ ખાસ તો એટલા માટે કે આવા શબ્દ બોલી કાઢવા એ કોઈ મોટા ગુનારૂપ નથી લાગતું તેથી પછી એનો પશ્ચાત્તાપ કરવાની અને પ્રાયશ્ચિત્ત લેવાની વાત રહેતી નથી. એવું મા-દીકરાને બન્યું. બોલવાનું બોલાઈ ગયું, પછી તો એ જીવનમાં ધર્મ-સાધનાઓ ય કરી, પરંતુ મૃત્યુ સુધીમાં આ પાપનું શુદ્ધિકરણ ન કર્યું. ધર્મના લાભ સાથે આ નિરપેક્ષપણે બોલી નાખેલ ભારે બોલનું પાપ પણ સાથે થયું, અર્થાત્ એનાથી બંધાયેલું ક્રૂર કર્મ આત્માને લાગ્યું રહ્યું.

**પરભવે પતિપત્ની :-**

હવે પેલી માતા આયુષ્ય પૂર્ણ કરીને મરી એક નગરમાં શ્રેષ્ઠિકન્યા તરીકે જન્મી. ત્યારે એના મૃત્યુકાળ લગભગમાં એનો પુત્રે ય મરીને બીજા નગરમાં એક શ્રેષ્ઠિપુત્ર થયો. ભવિતવ્યતા એવી કે એ બંનેની સગાઈ થઈ.

એક વાર એવું બન્યું કે આ યુવક ગામાંતરે જવા નીકળ્યો, પણ દિવસ આથમી જવાથી વચમાં પડતાં સાસરાના ગામની બરાબર ભાગોળે જ આવી ઊભો. તેથી ત્યાં એક દેવના મંદિરમાં જઈ સૂતો.

**કાંડા કપાયાની ગાળનું ફળ :-** ભાવી ભાવની દુર્ઘટ ઘટનાઓ કેવી બને છે

કે બરાબર તે જ દિવસે સંધ્યાકાળ પછી એની પત્ની પેલી શ્રેષ્ઠિકન્યા મકાનની પાછળ બગીચામાં ફરતી હતી, ત્યાં એક ચોર આવ્યો. એણે જોયું કે એકાંતમાં આ કન્યા ફરી રહી છે. ને એના હાથ પર દાગીના છે, એટલે દાવ ઠીક છે. તેથી ત્યાં ગુપચુપ જઈ કન્યાના હાથ પકડી છરો સામે ધરી કહ્યું કે જો બૂમ મારી છે તો આ છરાથી મારી નાખીશ. પછી એના હાથ પરના બલૈયાં એ ખેંચી લેવા જાય છે પણ નીકળતાં નથી, વિલંબ કર્યો એને પાલવે એમ નથી, તેથી છરાથી કન્યાનાં કાંડા કાપી નાખી બલૈયા લઈ ત્યાંથી ભાગ્યો. કન્યાએ પૂર્વે કાંડા કપાઈ જવાનો આક્ષેપ કરી કર્મ બાંધેલું, તે અહીં ઉદયમાં આવી આમ બન્યું.

પછી તો કન્યા પોકેપોક રડી ઊઠી ! બાપ દોડતો આવ્યો, વાત જાણી, ને તરત જ એક બાજુ ચોરને પકડવા કોટવાળો દોડાવ્યા, બીજી બાજુ પાટાપિંડી કરાવી.

ચોર નગરમાંથી ભાગ્યો જાય છે; પણ એણે જોયું કે કોટવાળો 'પકડો ચોરને પકડો,' એવી બૂમરાણ કરતા દોડ્યા આવે છે. એટલે હવે પકડાઈ જવાની પૂરી દહેશત છે. તેથી બીજો રસ્તો ન સૂઝવાથી પકડાતો બચવા માટે એણે ભાગોળના પેલા મંદિરમાં સૂતેલા યુવકની પછેડી નીચે બલૈયાં મૂકી દીધાં, અને પોતે જંગલમાં સંતાઈ ગયો.

**યુવક માથે આળ :-** કોટવાળો પગેરું પકડતાં આવ્યા મંદિરમાં. તપાસ કરતાં બલૈયાં મળ્યાં. એટલે સૂતેલા યુવકને લાત મારી કહે છે, 'ઊઠ ઊઠ લુચ્ચા ! બદમાશી કરીને સૂવાનો ઢોંગ કરે છે ? ઊઠ, હવે તારો કાળ ભરાઈ ગયો છે !'

પેલો ગભરાઈ ગયો કે આ શું ? કહે છે, 'હું તો ભાઈસાહેબ ! પરદેશી છું.'

કોટવાળો કહે છે, 'એટલે જ પેલી બિચારી કન્યાનાં કાંડા કાપી આ બલૈયા ઉઠાવી લાવ્યો ?'

'અરે ! હું તો હમણાં જ પરગામથી સીધો ચાલ્યો આવી અહીં સૂતો છું.'

**શૂળીની ગાળનું ફળ :-** 'એ તારી ઠગબાજી રહેવા દે. આ બલૈયાં સાથે પકડાયો છું, માટે તારા હરામીવેડા પુરવાર થઈ ગયા છે. ઊઠ, ચાલ મહારાજા પાસે. આજ તારું આવી બન્યું છે.' એમ કહીને કોટવાળોએ એના હાથ બાંધી એને લઈ ગયા રાજા પાસે. રાજાને હકીકત કહી, એટલે રાજાના તો ગુસ્સાનો પાર નહિ ! તરત હુકમ કરે છે કે 'એને શૂળી દઈ દો.' બસ, પૂર્વ ભવે માતાને શૂળીની ગાળ દીધેલી તેનું કર્મ અહીં ઉદયમાં આવ્યું. એને શૂળી ભોંકી દેવામાં આવી !

**નિરપેક્ષ ઉચ્ચારણનું પરિણામ ક્યાં સુધી ? :-**

વિચારો, નિરપેક્ષપણે બોલાયેલા શબ્દનું પરિણામ બંનેને ક્યાંસુધી પહોંચ્યું ? એ કાંડા કપાવા, અને તીક્ષ્ણ શૂળીએ વિંધાવું, એ સહન થઈ શકે ? બોલવામાં



કઠિનાઈ નહોતી, સહેલાઈથી બોલી નાખ્યું, પરંતુ અહીં વેઠવાનું એવું આવ્યું કે બંને જણા કારમી કરુણ ચીસોચીસ મૂકે છે ! કેમકે લાયો ઊઠી છે. જીવતા શરીરે સભાન અવસ્થામાં આંગળીએ ચાકુનો સહેજ લસરકો સહવો ભારે પડે છે, તો આ તો સીધો જ મોટો ઘા ! શૂળીવાળો તરફડી રહ્યો છે, અને કાંડાવાળીને ય વેદનાનો પાર નથી. પાછું શૂળીથી તો મોત એટલે મનુષ્ય જીવન જપ્ત ! અને કાંડા કપાઈ ગયે ઠૂંઠા હાથે જિંદગી ગુજારવાની, એ કેટલી બધી કપરી ? આટલું વેઠવાનું છતાં એટલેથી પતતું નથી. એ કષ્ટની સ્થિતિમાં જો સમાધિ ન રહી તો ચિત્તના પરિણામ કેટલા બધા કલુષિત રહે ? એની પરંપરા કેવી નક્કી થાય ? અને પાપ કેવાં બંધાય ? એ પાછા ભવિષ્યમાં કેવી દુઃખદ અને ભયંકર સ્થિતિ સર્જે ? સામા જીવ પ્રત્યે સાપેક્ષભાવ ન રખાય અને જેમ તેમ બોલી નખાય, એનું પરિણામ આ બધું લક્ષમાં લઈને વિચારો.

ખૂબી તો એ છે કે બંને આક્ષેપ કરનાર માતા અને પુત્રને બોલતી વખતે જ કદાચ કર્મે આક્ષેપ મુજબનું દૃશ્ય ત્યાં જ નજરે દેખાડ્યું હોત, તો બંનેયને ગમત નહિ, રાડ પાડી ઊઠત ! પણ દૃશ્ય નજર સામે છે નહિ, એટલે બોલી લીધા પાછળ પણ પસ્તાવો ય નથી. જીવનમાં એવા કેટલાય અનુચિત શબ્દ બોલાતા હશે, કે જેમાં બીજા જીવો પ્રત્યે સાપેક્ષતા નહિ રખાતી હોય, એમાં કેવાં તીક્ષ્ણ કર્મ બંધાતા હશે ? માટે જ બોલતાં-ચાલતાં-વિચારતાં બીજાનો વિચાર ભલે વ્યક્ત નહિ કિંતુ ગર્ભિત પણ રાખવા જેવો છે.

**પ્રમાદ એટલે ? :-** અહીં સવારે વિશિષ્ટ જ્ઞાની ગુરુ પધાર્યા અને રાજા પ્રજા એમની પાસે જઈ ઉપદેશ સાંભળે છે. ત્યાં ગુરુએ પ્રમાદની ભયંકરતા ઉપર ઉપદેશ આપ્યો. પ્રમાદ એટલે રાભસ પ્રવૃત્તિ. જીવો પ્રત્યે, પરલોક પ્રત્યે, જિનવચન પ્રત્યે, ઈત્યાદિ પ્રત્યેનો સાપેક્ષભાવ વિસારી વચન-વર્તાવ થાય એ પ્રમાદ. ગુરુએ એના દૃષ્ટાન્તમાં આ તાજેતરના કાંડા કપાવા અને શૂળી ભોંકાવાનો પૂર્વ ભવના કથનથી ખુલાસો કર્યો. એ સાંભળી પોતાના હાથે કેવો અન્યાય થયો એ જોતાં રાજા ય ચોંકી ઊઠ્યો, અને કન્યાના માબાપ પણ પોતાની ધાંધલથી ખોટી રીતે પોતાના જમાઈને જ શૂળીએ વિંધાવાનું થવા પર ચોંકી ઊઠ્યા ! ત્યારે લોકોય એના પર કકળી ઊઠ્યા કે 'કન્યાના નિમિત્તે જ એના પતિને શૂળી ! એટલા નિરપેક્ષ શબ્દમાત્ર પર આટલું ભયંકર પરિણામ !! કન્યાના બરાબર કાંડા કપાવાના દિવસે જ પતિનું ત્યાં બહાર ગામથી આવી મંદિરમાં સુવું ! કેવો વિચિત્ર યોગ !

ગુરુએ ત્યાં આ વિચિત્ર અને દુઃખદ ઘટના પર ઉપદેશ આપ્યો કે મહાનુભાવ ધ્યાન રાખજો વિચાર વિના જેમ તેમ બોલી નાખવું, પ્રવૃત્તિ કરી નાખવી, એ પ્રમાદ ખતરનાક છે. કેટલીય વાર એના ભારે અનર્થ આ જ જીવનમાં ય જોવા મળે છે, અને પરલોકમાં તો નિશ્ચિત અનર્થ છે જ.'

ઉપદેશ સાંભળી લોકો પીગળી ગયા, શક્તિ ફોરવીને ત્યાં ને ત્યાં કેટલાકોએ વ્રત-નિયમ લીધા, તો કેટલાકોએ સમ્યકત્વ લીધું, પરલોકશ્રદ્ધા અને પાપનો ભય લઈ ઊઠ્યા, શૂળી ભોંકાયેલાએ અનશન કર્યું, અને કન્યાએ શ્રાવક ધર્મ લીધો.

## • ભવિતવ્યતાનો પ્રભાવ :- •

અહીં પ્રસંગવશાત્ એક વસ્તુ એ સમજવા મળે છે કે કર્મ અને ભવિતવ્યતા કેવું પોતપોતાનું કામ કરે છે ! બંને જણાને ગાળના કર્મની વેદના ભોગવવાની હતી, તો કર્મ તો વેદના આપવાનું કામ કરે, પણ આવી વિચિત્ર ઘટના કોણે કરી ? જેમકે, આ બંનેનો જ પતિ-પત્ની સંબંધ, કન્યાનું બગીચામાં એકલા ફરવાનું થયું તે જ વખતે ચોરની ચોટ લાગવી, ચોર ભાગીને ગામ બહાર નીકળે ત્યાં જ મંદિરમાં પેલા યુવકનું આવીને સૂઈ રહેલો હોવાનું બનવું,-આ ઘટનાઓ શાથી થઈ ? કહેવું પડે કે ભવિતવ્યતાના કારણે એમ બનવા પામ્યું. ભવિતવ્યતાના પટ પર એ ઘટનાઓ એ પ્રમાણે અંકિત થઈ ગયેલી એટલે એમ બન્યું. એને કોણ મિથ્યા કરી શકે ? અહીં પ્રશ્ન થાય,

**પ્ર.**- કાર્ય પ્રત્યે તો ભવિતવ્યતા, સ્વભાવ વગેરે પાંચ કારણ હોય છે, તો શું આ ઘટનાઓમાં એકલી ભવિતવ્યતા જ કારણ છે ?

**ઉ.**- ના, બીજાં કારણ તો ખરા, પણ આમાં ભવિતવ્યતા પ્રધાન કારણ છે, એટલે જશ એને અપાય છે. બધાની આગળ એ થાય છે, બાકી સ્વભાવ વગેરે એ અહીં ગૌણ કારણ છે. સ્વભાવ એ રીતે કે દા.ત. બંને મનુષ્ય છે, પાછા એક સ્ત્રી અને બીજો પુરુષ છે, તો જ પતિ-પત્ની બનવાનો સ્વભાવ છે. કાળ પણ અમુક આવી મળ્યો ત્યારે જ આ ઘટના બની, ભાગ્ય પણ એકને પત્ની મળવાનું અને બીજાને પતિ મળવાનું હતું તેથી જ આ સંબંધ થયો. પુરુષાર્થ બંનેના માતાપિતાએ આ સંબંધ જોડવાનો કર્યો તો જ સંબંધ થયો. આ બધું છતાં આ અમુક જ વ્યક્તિઓનો આવો સંબંધ થયો એમાં મુખ્યતાએ ભવિતવ્યતાએ ભાગ ભજવ્યો કહેવાય. એવું જ ચોરના ચોરી કરીને આવવાના લગભગ સમયે જ યુવકનું એ મંદિરમાં જઈ સૂઈ રહેવાનું બનવું એ ખાસ ભવિતવ્યતાના હિસાબે ગણાય.

**પાંચ કારણમાંથી ક્યાં કોણ મુખ્ય :-**

બાકી, જેવું જેવું કાર્ય, તે તે પ્રમાણે તેવું તેવું કારણ મુખ્ય ગણાય છે. અભવ્યને કદી બોધ નથી લાગતો અને ભવ્યને લાગે છે તેમાં બંનેના તેવા તેવા સ્વભાવ મુખ્ય કારણ છે. કેરી ઉનાળામાં જ આવે છે, ગર્ભ નવ મહિને જ તૈયાર થાય છે, ઇત્યાદિમાં કાળ મુખ્યકારણ છે. જગતમાં સગવડ-અગવડ મળે છે એમાં ભાગ્ય પ્રધાન કારણ છે. જીવ ઉદ્યમ કરે તો જ ધર્મ પામે, ધર્મસાધના થાય, ન



કરે તો નહિ; માટે એમાં પુરુષાર્થ મુખ્ય કારણ છે. આ મુખ્યની સાથે બીજા કારણો ગૌણપણે રહેવાનાં. ક્યાં કોણ મુખ્ય અને કોણ ગૌણ, એ નક્કી કરવા વિવેક વાપરવો જોઈએ. વિવેક આ, કે જે કારણનો કાર્ય સાથે મુખ્ય અન્વય-વ્યતિરેક બને, **અર્થાત્ એ હોય તો જ કાર્ય થાય. એના વિલંબે કાર્ય વિલંબાય, તેમજ એ કારણની પ્રબળતા-દુર્બળતામાં કાર્ય પ્રબળ-દુર્બળ બને, એ મુખ્ય કારણ ગણાય.**

**ભાગ્ય-પુરુષાર્થનાં ક્ષેત્ર :-** દા.ત. **પૈસા મળવામાં ભાગ્ય પ્રધાન કારણ છે.** એ એવી સામગ્રી ખડી કરી દે છે કે જેથી પૈસા મળી જાય. તો શું મહેનત કર્યા વિના મળે છે ? ના મહેનત તો થાય છે, પરંતુ એના ઓછાવત્તાપણા પર પૈસા ઓછા કે વધુ મળવાનો આધાર નથી. ત્યારે ભાગ્યની પ્રબળતા-નિર્બળતાના આધારે એ વધુ-ઓછા મળવાનું બને છે. બજારમાં તો એનું એ જવાનું અને મહેનત કરવાનું ચાલું છે, પણ ક્યારેક ભાગ્યોદયે બજારની એવી પીઠ, એવો મોટો ઘરાક, વગેરે આવી મળે છે, તો પૈસા વધુ મળે છે. એના બદલે મંદ ભાગ્યે મંદા સંયોગ હોય તો ઓછું મળે છે. એમ, ભાગ્ય જો જોર કરે છે તો ક્યારેક મહેનત ખાસ કાંઈ નહિ, ને એકાએક કોઈ ફોઈ-માશી વગેરેનો વારસો મળી જાય છે, યા લોટરી લાગી જાય છે, કે દાટેલું નિધાન અણધાર્યું મળી આવે છે. એટલે દુન્યવી સંપત્તિ-વિપત્તિમાં ભાગ્ય પ્રધાન કારણ બને છે. ત્યારે,

**ધર્મપ્રાપ્તિમાં ને પુણ્યોપાર્જનમાં પુરુષાર્થ પ્રધાન કારણ છે.** તો શું ભાગ્ય વિના ધર્મ મળે ? ના, ભાગ્ય જોઈએ. પરંતુ એ જુઓ કે ભાગ્ય કેટલે સુધી પહોંચે છે ? ભાગ્ય મનુષ્ય ભવ, આર્યદેશ-કુળ, ઇન્દ્રિયો-મનની પટુતા, દેવ-ગુરુનો સંયોગ વગેરે સામગ્રી હાજર કરે છે. હવે પુરુષાર્થ કરો તો જ ધર્મ મળે. તે પણ જેવો પુરુષાર્થ, તેના પ્રમાણમાં ધર્મ નીપજવાનો. સામગ્રી જોરદાર, શત્રુંજય ગિરિ ઉપર આદીશ્વર દાદા મળ્યા, કે ઘર આંગણે કોઈ પ્રખર ઉપદેશક મહાસંયમી આચાર્ય મહારાજ મળ્યા, પરંતુ જો જીવનો પુરુષાર્થ મંદો તો ગુણપ્રાપ્તિ, ધર્મપ્રાપ્તિ એવી જ થવાની. એના બદલે સામગ્રી ભલે જરા ઓછી, દા.ત. ગામનું સામાન્ય જિનમંદિર મળ્યું કે સામાન્ય શક્તિવાળા ઉપદેશક ગુરુ મળ્યા, પરંતુ જીવનો પુરુષાર્થ જો જોરદાર, તો ઉચ્ચ ધર્મપ્રાપ્તિ થાય છે. એટલે આ આવ્યું કે,

**જે કારણના જોરમાં ફળ જોરદાર અને જેની મંદતામાં ફળ મંદ, એ કારણ મુખ્ય ગણાશે.**

જગતની સગવડ-અગવડ, સુખ-દુઃખ, સંપત્તિ-આફત વગેરે જોરદાર કે મંદ મળવાનો આધાર પ્રબળ કે મંદ પુરુષાર્થ પર નહિ, કિન્તુ પ્રબળ કે મંદ ભાગ્ય પર છે. તેથી એમાં ભાગ્ય પ્રધાન કારણ છે. **આત્મગુણો અને ધર્મ પ્રાપ્તિ જોરદાર કે મંદમાં તેવો પુરુષાર્થ કારણ છે માટે એમાં પુરુષાર્થ મુખ્ય કારણ કહેવાય.**

**ભાગ્યની મુખ્યતા શું શીખવે છે ? :-**

આ જો બરાબર સમજાય તો સગવડ-અગવડ વખતે મુખ્ય દૃષ્ટિ ભાગ્ય પર રહે, બીજાને દોષ દેવાનું કે આંધળિયા પુરુષાર્થ કરવાનું, યા સંપત્તિના હર્ષથી છકી જવાનું ને વિપત્તિના ખેદથી કરમાઈ જવાનું ન થાય. મન કહે કે 'ભાગ્યના અનુસારે બાહ્ય પ્રાપ્તિ થાય છે, તો બીજા-ત્રીજા વિકલ્પ નકામા છે.' ઊલટું ભાગ્યની જ બળવત્તા હોવાના લીધે સારું ભાગ્ય ઊભું કર્યે જવા તરફ જ મુખ્ય દૃષ્ટિ અને મહેનત હોય. પાંચ પૈસાની કમાઈ ભાગ્યે આપી, પણ એટલું ભાગ્ય સિલિકમાંથી ઘટ્યું એ ભૂલવાનું નથી. માટે જ આ પાંચની કમાઈમાંથી સારું પુણ્યકાર્ય કરો કે જેથી નવું સુભાગ્ય ઊભું થાય. આ ભાગ્યની બલવત્તાની વાત થઈ.

**પુરુષાર્થની મુખ્યતા શું શીખવે છે ?**

ત્યારે ધર્મ અને ગુણપ્રાપ્તિમાં પુરુષાર્થ મુખ્ય કારણ સમજાયા પછી જ્યાં જ્યાં જે જે ધર્મસાધનાની અને ગુણાભ્યાસની સગવડ દેખાય, ત્યાં ત્યાં તે તે ધર્મ સાધવા અને ગુણાભ્યાસ કરી લેવાનું મુખ્ય લક્ષ રાખી તેની મહેનત થાય; પછી ભલે સંયોગ જરા કપરા દેખાય. દા.ત. ક્યાંક જમવા ગયા, ત્યાં પીરસનારની ખામીથી ચીજવસ્તુ ઓછી મળી, હવે જોવાનું કે અહીં કોઈ ધર્મ કે ગુણનો અભ્યાસ કરવાની શક્યતા છે ? જોવું હોય તો દેખાય કે 'ઉનોદરી તપ યા વૃત્તિસંક્ષેપ યાને દ્રવ્યત્યાગ કરવાને અવકાશ છે. એમ ક્ષમા, સમતા આદિ ગુણનો અભ્યાસ કરવાની શક્યતા છે,' પરંતુ આ જોઈને એ માટેનો પુરુષાર્થ થાય, પ્રયત્ન થાય, તો જ સાધી શકાય છે. ભાગ્યે તો તેવા પ્રકારના સંયોગ ઊભા કર્યા, આગળ વધીને આવી સીધી લાઈનની સમજ કરાવનાર જિનશાસન અને ગુરુયોગની સગવડ આપી; પરંતુ ધર્મ કે ગુણાભ્યાસ તો પુરુષાર્થ થશે તો જ સધાવાનો. એમાં ય પુરુષાર્થ જેટલો બળવાન, તેટલા પ્રમાણમાં ધર્મ કે ગુણનું બળ ઊભું થવાનું. માટે અહીં પુરુષાર્થ એ પ્રધાન કારણ ગણાય.

જિનદર્શન, ગુરુવંદન, વ્યાખ્યાન-શ્રવણ, નવકાર-સ્મરણ, વગેરેમાં જુઓ શી સ્થિતિ છે ? એની એ જ ક્રિયામાં અનેકો જોડાયા છે. ભાગ્યે એ બધાને સરખા સંયોગ આપ્યા છે. છતાં અંતરમાં ભક્તિપરિણામ, સેવકભાવ, ભોગ આપવાની વૃત્તિ, સંવેગ-વૈરાગ્યાદિ કે દિલની તન્મયતા, આ બધો ધર્મ તો, પોતપોતાનો આંતર પુરુષાર્થ જેટલો મંદ યા તીવ્ર હોય છે, તેટલા પ્રમાણમાં મંદ યા તીવ્ર સધાય છે.

પૈસાદિ સુખદુઃખ મળવામાં પુરુષાર્થ સમાન છતાં ભાગ્યની બળવત્તા ભાગ ભજવે છે;

અહીં ધર્મ અને ગુણાભ્યાસ થવામાં ભાગ્યસંયોગ સરખા છતાં પુરુષાર્થની બળવત્તા ભાગ ભજવે છે.



એની એ જ પાલકપાપીની ઘાણીમાં પાંચસો મુનિઓએ પિલાઈ જઈને મોક્ષ લીધો ! પણ ગુરુ ખંધકસૂરિ પિલાવા છતાં સંસારમાં અટકી ગયા, કેમ વારું ? શું એમનું ભાગ્ય નહોતું માટે ? ના, પુરુષાર્થમાં ખામી આવી તેથી. એટલે સિદ્ધ થાય છે કે ધર્મ અને ગુણની બાબતમાં પુરુષાર્થ પ્રધાન કારણ છે.

**ઊંધા લેખામાં પાપ શે છૂટે ? ધર્મ શે આવે ? :-**

પરંતુ મૂઢ જીવના ઊંધા હાલ છે. દુનિયાની સગવડ-અગવડ કે સુખ-દુઃખની વાત આવે ત્યાં પુરુષાર્થ પર ઝઝૂમવા જાય છે, એને જ મુખ્ય કારણ ગણીને ચાલે છે, અને ભાગ્ય સામે આંખમિંચામણાં કરે છે ! કહે છે, મહેનત કરીએ તો કેમ ન મળે ?' ધર્મની બાબત આવે ત્યાં કહે છે ભાગ્ય નથી.' દુઃખ આવ્યું તો કહે છે 'આ બીજાઓના અવળા ધંધા (પુરુષાર્થ)થી મારે દુઃખ આવ્યું' ત્યારે એને પૂછો 'કેમ ભાઈ ! ધર્મ નથી કરતા ?' તો કહે છે 'ભાગ્ય નથી.' છે ને બંનેમાં બરાબર ઊંધું લેખું ? આ મૂઢતા મટે નહિ ત્યાં સુધી પાપ શે છૂટે ? ધર્મ શે આવે ?

દુનિયાની સગવડ માટે પુરુષાર્થ પર કૂદવું છે, તેથી પાપના પુરુષાર્થ કરવામાં બાકી નહિ રાખે. ધર્મને ભાગ્યના આધારે રાખવો છે, તેથી એ ધર્મ માટે પુરુષાર્થ કરે જ શું કામ ?

આ પણ મોહનીય કર્મની કરામત છે કે જીવને આવી ઊંધી ભ્રમણામાં રાખ્યા કરે, અને પોતાના જ હિતની વસ્તુથી અવળો જ ધંધો હોંશપૂર્વક કરાવ્યા કરે ! અનંતા ભવ આમ જ બરબાદ કર્યા છે. સ્પષ્ટ દીવા જેવી વસ્તુ પણ મોહના અંધાપામાં દેખાય નહિ. પાછા એ તો ન દેખે એટલું જ નહિ, પણ ન હોય તે જુએ. જન્માંધ-જાતિઅંધ કરતાં ય મિથ્યાદૃષ્ટિ-અંધનો દોષ ચઢી જાય છે કે એ અર્થને અનર્થ અને અનર્થને અર્થ તરીકે જુએ છે ! ઉપાધ્યાયજી મહારાજે કહ્યું છે કે-

**'જાતિઅંધનો રે દોષ ન આકરો, જે નવી દેખે રે અર્થ;**
**મિથ્યાદૃષ્ટિ રે તેહથી આકરો, દેખે અર્થ અનર્થ;**
**શ્રી સીમંધર સાહિબ સાંભળો.'**

આ મિથ્યાત્વના અંધાપામાં પાંચ કારણ પૈકી જેની જેની મુખ્યતા છે, એને જ ગૌણ કરી ગૌણને મુખ્ય તરીકે આગળ કરે છે, અને પાછો કોઈ એને સમજાવે તો એ સમજવા તૈયાર નથી, એવો એનો દુરાગ્રહ હોય છે.

**ભવિતવ્યતાની જેમ ચારે કારણ સ્વતંત્ર છે :-**

મિથ્યાત્વના દુરાગ્રહમાં જેમ ભાગ્યને સ્થાને પુરુષાર્થને, અને પુરુષાર્થના સ્થાને ભાગ્યને મુખ્ય સમજવાનું કરાય છે, એમ ભવિતવ્યતાની જગ્યાએ પુરુષાર્થને, અને પુરુષાર્થની જગા પર ભવિતવ્યતાને મુખ્ય કરવાનું બને છે. પાંચે ય કારણો સ્વતંત્ર છે; કોઈ એક કારણ બીજા કારણનો પેટા અંશ નથી. કાર્ય કરવામાં એક

બીજાનો સહકાર હોય. માટે તો પાંચને 'સમવાય' કહેવાય છે. સમવાય એટલે સાથે રહીને કામ કરનારા. પણ તેથી એક કોઈ બીજામાં ભળી જનાર નહિ. ભવ્યનો સ્વભાવ ભવ્યત્વ એ સ્વતંત્ર કારણ; અને મોક્ષસાધનાનો કાળ, ઉદ્યમ વગેરે પણ સ્વતંત્ર કારણ; અર્થાત્ સ્વભાવ એ જ કાળ, કે કાળ એ જ સ્વભાવ એવું નહિ; એવી રીતે ભવિતવ્યતા એ જ પુરુષાર્થ કે પુરુષાર્થ એ જ ભવિતવ્યતા નહિ. કાર્ય થાય ત્યાં ક્યારેક પુરુષાર્થ મુખ્ય હોય.

**ભવિતવ્યતા કરતાં પુરુષાર્થ ગૌણ કે મુખ્ય ?**

દા.ત, પેલા મા-દીકરાના કથાપ્રસંગમાં જોયું કે બીજા જન્મમાં એ પુત્રયુવકનો ચાલીને કન્યાના ગામ બહાર આવવાનો પુરુષાર્થ હતો ત્યારે જ ચોરની ત્યાં બલૈયા મૂકી જવાની ઘટના બની એ વાત સાચી; પરંતુ બરાબર એ જ દિવસે, એ રાત્રિના સમયે, એ જ બંનેનો એમ જ યોગ થવાનું ભવિતવ્યતાને જ લીધે બન્યું. એથી ઊલટું, પૂર્વ જીવનમાં માએ રોટલી શીકે મૂકેલી, છોકરાએ શોધવા નીચે ફાંફા મારવાનું કર્યું તે અજ્ઞાનતાથી એટલે કે જ્ઞાનાવરણીય કર્મ-ભાગ્યના લીધે; પરંતુ ઊંચે દૃષ્ટિ ન જ ગઈ તે ભવિતવ્યતાથી. ત્યારે પછી માતાને શૂળીએ ચઢવા ગયાની ગાળ આપી તેમાં મુખ્ય કારણ અવળો પુરુષાર્થ. અહીં કોઈ કહે કે 'ભવિતવ્યતાએ આ પુરુષાર્થ થયો,' તો એ કથન બરાબર નથી; કેમકે અહીં પુરુષાર્થનો કારણ તરીકે વિચાર છે, કાર્ય તરીકે નહિ. બીજું, કદાચ કાર્ય તરીકે લો તો પણ એ થવાનાં અનેક કારણ છે, એમાં મુખ્ય કુયોગ જાતે કર્યો એટલે એ થયો. એટલું જ નહિ, પણ ફળ જેવો પુરુષાર્થ જોરદાર, તેવું જોરદાર આવ્યું. એ મંદ હોત તો ફળ મંદ આવત. ભાવી ભારે-હલકા દુઃખફળનો મુખ્ય સંબંધ આ ભારેહલકા પુરુષાર્થની સાથે છે; ભવિતવ્યતા સાથે મુખ્ય સંબંધ નહિ; કેમકે દુઃખને પુરુષાર્થ સાથે ટકાવારી મળે છે.

બસ, જોવાનું આ જ છે કે કાર્યના વધતા-ઓછા ટકા સાથે કયા કારણની ટકાવારી મળે છે.

મરીચિએ જેવા ઉગ્ર અધ્યવસાયે ઉત્સૂત્ર-ભાષણનો પુરુષાર્થ કર્યો તેવા ઉગ્ર પ્રમાણમાં સંસારવૃદ્ધિ થવાનું કાર્ય બન્યું. એથી વધુ જોરદાર પુરુષાર્થ હોત તો તેવું જોરદાર ફળ નીપજત, અને મંદ હોત તો મંદ નીપજત, માટે એ કાર્યમાં મુખ્યતા પુરુષાર્થની થઈ. ત્યાં એમ ન કહેવાય કે ભવિતવ્યતા એટલું કાર્ય થવાની હતી તેથી એટલું કાર્ય થયું. કેમ એમ ન કહી શકાય ? એટલા જ માટે કે અહીં સંસારવૃદ્ધિરૂપ કાર્યની બળવત્તા કે નિર્બળતા સીધી પુરુષાર્થની સબળતા-નિર્બળતાની સાથે સંબંધ રાખે છે. દૂધમાં સાકર વધારે નાખો તો દૂધ વધુ ગળ્યું થાય છે, ઓછી નાખો તો ઓછું ગળ્યું બને છે. તો ત્યાં આ દૂધ વધારે ગળ્યું કેમ થયું ? ત્યાં એમ ન કહેવાય કે 'ભવિતવ્યતાવશ.' એ તો એમ જ કહેવાય કે 'સાકર વધારે નાખી



માટે વધુ ગળ્યું થયું.' એવું, મરીચિમાં સંસારવૃદ્ધિ થવાનું મુખ્ય કારણ તેટલા પ્રમાણમાં પ્રબળ ઉત્સૂત્રભાષણનો પુરુષાર્થ જ કહેવાય, પણ ભવિતવ્યતા નહિ. હવે એમ પૂછો કે,-

**પ્ર.**- તો પછી શું ત્યાં ભવિતવ્યતા કારણ જ નથી ? ન હોય તો પાંચ કારણનો હિસાબ ક્યાં રહેશે ?

**ઉ.**- ભવિતવ્યતા જરૂર કારણ છે, પણ વિવેક કરવો જોઈએ કે એ કયા અંશમાં કારણ છે ? જ્યારે મરીચિ પતિત અને શિષ્યનો લોભી બન્યો છે, પાછો કપિલ એવો નફ્ફટ શ્રોતા મળી આવ્યો છે; આવા નિયત ચોક્કસ પ્રકારના સંયોગમાં એ ઉત્સૂત્રભાષણ કરે છે. એ સંયોગની નિયતતા ભવિતવ્યતાવશ કહેવાય. એવી ભવિતવ્યતાને લીધે અહીં ચોક્કસ પ્રકારનો મામલો ઊભો થઈ ગયો છે. હવે જેટલો ઉગ્ર ઉત્સૂત્રભાષણનો પુરુષાર્થ કરે છે એટલાં ઉગ્ર કર્મ ઊભાં થઈ ભવભ્રમણ સર્જાય છે. એ જોતાં એ કાર્યમાં પુરુષાર્થને પ્રધાન કારણ કહેવું પડે, ભવિતવ્યતાને નહિ. રેલગાડી એના નક્કી કરેલા સમયે ઊપડે છે, પરંતુ ગાડી ચાલવાનો મુખ્ય આધાર સ્ટીમ (વરાળ) પર છે. એના ઓછા વધતા જોર પર ગતિ ઓછી વધતી હોય છે. એવું અહીં આ કાર્યમાં પુરુષાર્થ અંગે છે. પુરુષાર્થ મંદ હોય તો ઉત્સૂત્રભાષણ મંદ હોય છે.

**પ્ર.**- એ ખરું, પણ અહીં ઋષભદેવ ભગવાને તો મરીચિ ચોવીસમો તીર્થંકર થશે એમ પહેલા કહેલું ત્યારે જ કોડા કોડી સંસાર નક્કી થયેલો ગણાય. એમાં એમણે મરીચિનો ઉત્સૂત્ર ભાષણનો પુરુષાર્થ જોયેલો એટલે પુરુષાર્થ થયો. જ્ઞાનીની દૃષ્ટિમાં ન આવ્યું હોય, કેવળજ્ઞાનીએ ન જોયું હોય, એવું કાંઈ પણ બને ખરું ? અગર જોયું હોય, એનાથી વિપરીત બને એ શક્ય છે ? જો ના, તો પછી જ્યારે જે જેવું જોયું હોય એ એવું જ બને છે, એટલે તો પુરુષાર્થ પણ જ્ઞાનીએ જોયો હોય તો જ બને છે, એટલે પુરુષાર્થ પણ જ્ઞાનીએ જોયો હોય તો જ બનવાનો; એનું ફળ પણ એમણે જોયા પ્રમાણે જ આવવાનું; એટલે પુરુષાર્થ અને ફળ નિયત જ થયા ને ? એમાં આપણી હોશિયારી ક્યાં કામ લાગે ? એમણે દેખ્યો હશે તો પુરુષાર્થ થઈ જવાનો.

**ઉ.**- આ પ્રશ્ન આજે કેટલાકને મુંઝવે છે. પરંતુ પ્રશ્ન પાછળનો ભાવ તપાસવા જેવો છે. મનમાં ભાવ એ રમે છે કે 'પુરુષાર્થ નિયત છે.' પણ પુરુષાર્થ જ શા માટે, એમ તો કાળ, સ્વભાવ, કર્મ, એ બધા જ નિયત ! એનો અર્થ એ કે જે કાંઈ કાર્ય બને છે એ નિયત થયા મુજબ જ બને છે, અર્થાત્ નિયતિ જ એટલે કે ભવિતવ્યતા જ એમાં કારણ છે, તો પછી પંચકારણવાદ ક્યાં ટકશે ? અરે ! ભવિતવ્યતા પણ કારણ નહિ રહે. પૂછો એ કેવી રીતે ?

**(ક્રમશઃ)**